Shree Forbes Gujarati Sabha Series No. 15

Historical Inscriptions of Gujarat

(From ancient times to the end of Vaghela dynasty)

PART 2

Edited by:

Acharya Girjashankar Vallabhaji B. A; M. R. A. S.

Curator : Archæological Section

Prince of Wales Museum, Bombay.

Published by

The Forbes Gujarati Sabha

No. 365 Girgaum Back Road, Bombay . 4

V. S. 1992] Rs. 4-8-0 [A. D. 1935

Can be had at

Messrs N. M. Tripathi & Co.

Booksellers and Publishers

Princess Street, Bombay No. 2

પ્રકાશક—શ૦ રા૦ અંબાલાલ બુલાખીરામ જાની, બી૦ એ.
સહાયક મંત્રી : શ્રી ફાર્બસ ગુજરાતી સભા–મુંબઇ
શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર, ૩૬૫ ગીરગામ, મુંબઈ નં ૪.

મુદ્રક—રા. રા. નટવરલાલ ઇચ્છારામ દેશાઈ, બી. એ.
'ગુજરાતી' પ્રિન્ટીંગ પ્રેસ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ નં. ૧.

મળવાનું ઠેકાણું—
મેસર્સ એન. એમ. ત્રિપાઠી
બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨

શ્રી ફાર્બસ ગુજરાતી સભા-ગ્રન્થાવલિ ૧૫

ગુજરાતના ઐતિહાસિક લેખો

પ્રાચીન યુગથી વાઘેલા વંશની સમાપ્તિ પર્યંતના

ભાગ ૨ જો

સંગ્રહ કરનાર

આચાર્ય ગિરજાશંકર વલ્લભજી બી. એ; એમ. આર. એ. એસ.

ક્યુરેટર આર્કીઓલોજીકલ સેકશન, પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમ, મુંબઈ.

પ્રકાશક:

શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ

નંબર ૩૬૫ ગિરગામ બેકરોડ, મુંબઈ નં ૪

[વિ. સં. ૧૯૯૨]   કિંમત રૂ. ૪-૮-૦   [ઇ. સ. ૧૯૩૫

શ્રી ફાર્બસ ગુજરાતી સભા-મુંબઇ

શાળા-પાઠશાળાઓને ઇનામ માટે તેમ પુસ્તકાલયોના
સંગ્રહ માટે અરધી કિમ્મતની ગોઠવણ

સાહિત્યપ્રચારને ઉત્તેજનની યોજના

શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ મુંબઈ ઇલાકાનાં, સરકારી, દેશી રાજયોનાં તેમ જ મ્યુનિસિપાલીટીઓ અને લોકલ બોર્ડોનાં કેળવણી ખાતાંઓ અભ્યાસ તથા વાંચનપ્રસાર દ્વારા તથા વિદ્યાર્થીઓને અપાતાં ઇનામો દ્વારા, તેમ જ તેમના દસ્તકની નિશાળોની તથા સાર્વજનિક લાઇબ્રેરીઓ અને પુસ્તકાલયોમાં ગુજરાતી સાહિત્યનો પ્રસાર બહોળા પ્રમાણમાં સહેલાઇથી ઓછા ખરચે થઈ શકે તે માટે પોતાની માલીકીનાં નીચે જણાવેલાં પહેલાં, દશ સુધીના આંકવાળાં પુસ્તકો (રાસમાળા ભાગ ૧-૨ સિવાય) અર્ધી કિમ્મતે ઉપલી સંસ્થાઓને વેચાતાં લઈ શકવાની અનુકૂળતા કરી આપવાની યોજના કરી છે.

રાસમાળા ભાગ ૧-૨ (સચિત્ર) ઉપલી સંસ્થાઓને ૧૨ાા ટકા કમીશનથી વેચાતી મળશે.

આ યોજનાનો લાભ લેવા તે તે કેળવણી ખાતાં અને સંસ્થાઓ પ્રેરાય તે માટે પોતાની માલીકીનાં પુસ્તકોનો પરિચય તૈયાર કરી પ્રકટ કરેલો છે. જેને તે જોઇતો હશે તેને મંગાવ્યેથી મફત મોકલવામાં આવશે.

આ પુસ્તકો અરધી કિમ્મતે વેચાતાં લેવા ઇચ્છતી સંસ્થાએ નીચેને શિરનામે પત્રવ્યવહાર કરવો.

રા. રા. અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.

સહાયક મંત્રી, શ્રી ફાર્બસ ગુજરાતી સભા.

૩૬૫ ગિરગામ, શ્રીફાર્બસ ગુજરાતી સભામંદિર

લેમીંગ્ટન રોડની બાજુમાં કોંગ્રેસ સ્ટ્રીટ, મુંબઈ નં. ૪

પ્રસ્તાવના

—:*:—

"ગુજરાતના ઐતિહાસિક લેખો" ભાગ બીજામાં ગુર્જર વંશના લેખોથી શરૂ કરી ચૌલુક્ય વંશના અંત સુધીના લેખો દાખલ કરવામાં આવેલ છે. સભાનો વિચાર બે ભાગમાં બધા લેખોનો સમાવેશ કરવાનો હતો પણ તેમ કરવાથી બીજા ભાગનું કદ બહુ વધી જશે એમ જણાયાથી બીજો ભાગ આંહીજ બંધ કરી વાઘેલા વંશના તેમજ પ્રકીર્ણ લેખો ત્રીજા ભાગમાં આપવાનો નિશ્ચય કરવો પડયો. ઉપરાંત મુસ્લિમ કાળના લેખો પણ સંગ્રહીત કરવાની યોજના વિચારાય છે અને તે અમલમાં મુકવાની સગવડતા થશે તો આ લેખમાલા આગળ ચાલુ રહેશે.

બધા લેખોનો સંગ્રહ એકી વખતે તૈયાર કરી સોંપી દેવામાં આવેલ તેથી સંગ્રહ તેમ જ સંકલનાની પદ્ધતિ અગર નિયમો સંબંધી પ્રથમ વિભાગની પ્રસ્તાવનામાં નોંધ કરી છે, તેથી વિશેષ કાંઈ કહેવાનું રહેતું નથી.

પહેલા ભાગ માટે અભિપ્રાયો તેમ જ અવલોકનો જુદાં જુદાં છાપાં તેમ જ માસિકોમાં છપાયાં છે. તેમાં ઉત્તેજક તેમજ સ્તુત્યાત્મક ઉદ્ગારો તેમ જ સુધારા વધારા અને ઉણપો સંબંધી સહૃદય અને રચનાત્મક સુચનાઓ કરવામાં આવેલ છે. તેવી સૂચનાઓમાંથી બની શકે તેવી અને તેટલી ગ્રહણ કરવી અને ન બની શકે તેવી સૂચના માટે કાંઇક ખુલાસો કરવો આવશ્યક ગણાય.

આ કાર્ય કાંઈપણ ઉત્સાહ કે રસવિના સાવ યંત્રવત્ થએલું છે એવો અસંતોષ જાહેર થયેલ છે. નવલકથામાં આગળ પાછળનો સંબંધ જાળવવા માટે તેમ જ તેને રસિક બનાવવાના હેતુથી જે કલ્પનાના ઘોડા દોડાવવામાં આવે છે, તેવી ઘટના આવા સંગ્રહાત્મક ગ્રંથમાં થઈ શકે નહીં. જુદાં જુદાં સ્થળે અને જુદા જુદા પ્રસંગે લખાએલા અગર કોતરાવેલા લેખોમાં રસપ્રવાહ ચાલુ રહે તેવો ઉત્તરોત્તર સંબંધ શી રીતે સંભવે ? તેવા લેખોને કાળક્રમ અનુસાર ગોઠવીને જ સંતોષ માનવો રહ્યો. આવી ઐતિહાસિક સામગ્રી ઉપરથી જે ઈતિહાસ લખવામાં આવે તે રસિક બનાવી શકાય પણ આવા સંગ્રહ તો તેમાં રસ લઇ શકે તેવી કોટિએ નહીં પહોંચેલી વ્યક્તિઓને શુષ્ક જ રહેવાના.

સ્વ. ભાઈ રણજીતરામે આ કાર્ય આરંભેલું ત્યારે એમની મુરાદ હતી તે પાર નથી પડી એમ પણ ફરીયાદ રજુ થઈ છે અને સ્વ. ભાઈ રણજીતરામે કરેલું કામ કેટલું હતું અને સંપાદકે કરેલું નવું કેટલું છે તે જાણવાની જીજ્ઞાસા બતાવવામાં આવેલ છે. આ બન્ને બાબતો માટે ગ્રંથ ૧લાની પ્રસ્તાવનાના પહેલા ત્રણ પારીગ્રાફમાં બધા ખુલાસા મળી શકે તેમ છે તેથી આંહી ફરી તે વિષય ચર્ચવાની જરૂર જોતો નથી. વિશેષ બારીક સરખામણી માટે બન્ને સંગ્રહો સભાના પુસ્તકાલયમાં મોજુદ છે તે જોવાની ભલામણ કરી શકાય.

આ ગ્રંથના સંબંધમાં એક સર્વસામાન્ય અભિલાષા દર્શાવવામાં આવી છે કે લેખના સંગ્રહ માટેનું ક્ષેત્ર વધુ વિશાળ થવું જોઇએ, એટલે કે કુમારપાલ અને સિદ્ધરાજ જેવા રાજાઓ જેની

ગુજરાત બહાર માળવા મેવાડ ઉપર આણ ફરતી તેવાઓએ પોતે કે તેના સામંતોએ ત્યાં લખાવેલા લેખો પણ આમાં સંગ્રહિત થવા જોઇએ. તેમજ દક્ષિણના રાષ્ટ્રકૂટો અને કનોજના પ્રતિહારોની અમુક વખત ગુજરાત ઉપર સત્તા હતી તેઓના લેખોનો અને ગુજરાત બહારના પણ પ્રસંગોપાત ગુજરાતને લગતા લેખોનો પણ આમાં સમાવેશ કરવો જોઇએ. આ સંબંધમાં મારે જણાવવું જોઇએ કે કુમારપાળ અને સિદ્ધરાજ વિગેરેના ગુજરાત બહારના ઐતિહાસિક દૃષ્ટિએ ઉપયોગી લાગ્યા-તેવા લેખોનો પ્રથમથી જ આ બીજા ગ્રન્થમાં સમાવેશ કરવામાં આવેલ છે. તેમ જ દક્ષિણના રાષ્ટ્રકૂટોએ ગુજરાતમાં આપેલાં દાનસંબંધી લેખો તેમ જ ગુજરાત શાખાના રાષ્ટ્રકૂટોના બધા લેખો આમાં સંગ્રહિત કરેલાજ છે. ગુજરાત બહારના પણ ગુજરાતના ઈતિહાસને ઉપયોગી થાય તેવા લેખોનું પત્રક તૈયાર કરી ત્રીજા ગ્રંથની અંતમાં છાપવાનો પણ સભાએ હમણાં ઠરાવ કર્યો છે.

વલભીનાં બધાં તામ્રપત્રો ન છાપવાની ભળામણ માટે મેં મારો અભિપ્રાય ગ્રંથ ૧ લાની પ્રસ્તાવનાના પારીગ્રાફ પાંચમામાં રજુ કરેલ છે તેથી વિશેષ કહેવાનું રહેતું નથી. આમાં બધા લેખો આખા છાપવાથી અગવડતા થવાને બદલે સગવડતા વધે છે તેથી ખાસ બચાવ કરવાની પણ જરૂરીયાત લાગતી નથી.

પૂ. મહામહોપાધ્યાય પં. ગૌરીશંકર ઓઝા, શાસ્ત્રી દુર્ગાશંકરજી તેમ જ પ્રોફેસર એમ. એસ. કોમીસેરીએટ ઈત્યાદિ શુભેચ્છકોએ ગ્રંથ ૧ લા માટે જે સંતોષ પ્રદર્શિત કરતા અભિપ્રાયો મોકલ્યા છે તે ટાંકવામાં આડમ્બર તથા આત્મ સ્તુતિનો આભાસ આવે તેથી આંહી રજુ કરેલ નથી. પ્રો. કોમીસેરીએટે તો આની અંગ્રેજી આવૃત્તિ થાય તો ઇષ્ટ છે, એમ પણ ઇચ્છા પ્રદર્શિત કરી છે. તે બધાઓનો આભાર માનવાની આ તક લઉં છઉં.

આ. ગિ. વ.

સંગ્રહીત લેખોની અનુક્રમણિકા.

ગુર્જર વંશી

રાષ્ટ્રકૂટ વંશી

અ. નં.	લેખની વિગત	સાલ	ક્યાં પ્રસિદ્ધ	હાલ ક્યાં છે	પૃષ્ઠ
૧૨૦	કક્ક ૨ જાનાં આંત્રોલી છારોલીનાં તામ્રપત્રો.	શ. સં. ૬૭૯ આશ્વિ. સુ. ૭	જ. બો. બ્રે. રો. એ. સો. વો. ૧૬ પા. ૧૦૫		૩
૧૨૧	ગોવિંદ ૩ જાનાં વણીનાં તામ્રપત્રો	શ. સં. ૭૩૦ વૈ. સુ. ૧૫	ઇ. એ. વો. ૧૧ પા. ૧૫૬	બ્રિ. મ્યુ. ઓ. વો. ૨	૯
૧૨૨	ગોવિંદ ૩ જાનાં રાધનપુરનાં પતરાં	શ. સં. ૭૩૦ શ્રા. વ. ૧૫	એ. ઇ. વો. ૬ પા. ૨૩૯		૧૮
૧૨૩	કર્ક ૨ જાનું દાનપત્ર	શ. સં. ૭૩૪ વૈ. સુ. ૧૫ ઇ. સ. ૮૧૨–૧૩	ઇ. એ. વો. ૧૨ પા. ૧૫૬	બ્રિ. મ્યુ.	૨૭
૧૨૪	ગોવિંદનાં તોરખેડેનાં તામ્રપત્રો	શ. સં. ૭૩૫ પૌ. સુ. ૭ ઇ. સ. ૮૧૨	એ. ઇ. વો. ૩ પા. ૫૩		૩૭
૧૨૫	કક્ક ૨ જાનાં નવસારીનાં તામ્રપત્રો	શ. સં. ૭૩૮ માઘ. સુ. ૧૫	જ. બો. બ્રે. રો. એ. સો. વો. ૨૦ પા. ૧૩૧	બ્રિ. મ્યુ. ઓ. વો. ૨	૪૧
૧૨૬	ગોવિંદ રાજનું કાવીનું દાનપત્ર	શ. સં. ૭૪૯ વૈ. સુ. ૧૫	ઇ. એ. વો. ૫ પા. ૧૪૪		૫૩
૧૨૭	ધ્રુવ ૨ જાનાં વડોદરાનાં તામ્રપત્રો	શ. સં. ૭૫૭ કા. સુ. ૧૫	ઇ. એ. વો. ૧૪ પા. ૧૯૬		૬૫
૧૨૮	દન્તિવર્માનાં તામ્રપત્રો	શ. સં. ૭૮૯ પૌ. વ. ૯	એ. ઇ. વો. ૬ પા. ૨૮૫		૭૩
૧૨૯	ધ્રુવ ૩ જાનું ભરૂચનું દાનપત્ર	શ. સં. ૭૮૯ જ્યે. વ. ૧૫	ઇ. એ. વો. ૧૨ પા. ૧૭૯		૮૧
૧૩૦	અમોઘવર્ષ ૧ લાનાં સંજાનનાં તામ્રપત્રો	શ. સં. ૭૯૩ પૌ.	એ. ઇ. વો. ૧૮ પા. ૨૩૫		૯૪
૧૩૧	કૃષ્ણ ૨ જાનું અંકુલેશ્વરનું દાનપત્ર	શ. સં. ૮૧૦ ચૈ. વ. ૧૫ ઇ. સ. ૮૮૮	ઇ. એ. વો. ૧૩ પા. ૬૫	બ્રિ. મ્યુ. ઓ.	૧૦૫
૧૩૨	કૃષ્ણ ૨ જાનું કપડવંજનું દાનપત્ર	શ. સં. ૮૩૨ વૈ. સુ. ૧૫ ઇ. સ. ૯૧૦–૧૧	એ. ઇ. વો. ૧ પા. ૫૨	બ્રિ. મ્યુ. ઓ. વો. ૧૧૪	
૧૩૩ } ૧૩૪ }	ઇન્દ્રરાજ ૩ જાનાં બે દાનપત્રો	શ. સં. ૮૩૬ ફા. સુ. ૭	એ. ઇ. વો. ૯ પા. ૨૪		૧૨૨
૧૩૫	ગોવિંદ ૪ થાનાં ખંભાતનાં તામ્રપત્રો	શ. સં. ૮૫૨ જ્યે. સુ. ૧૦	એ. ઇ. વો. ૭ પા. ૨૬		૧૩૭

અ. નં.	લેખની વિગત	સાલ	ક્યાં પ્રસિદ્ધ	હાલ ક્યાં છે	પૃષ્ઠ
૧૩૬	ગોવિંદ ૫ માનાં સાંગલીનાં તામ્રપત્રો	શ. સં. ૮૫૫ શ્રા. સુ. ૧૫ ઈ. સ. ૯૩૩–૩૪	ઈ. એ. વો. ૧૨ પા. ૨૪૭		૧૪૬

ચૌલુક્ય વંશી

૧૩૭	મૂલરાજનું દાનપત્ર કડીમાંથી મળેલું	વિ. સં. ૧૦૪૩ માઘ. વ. ૧૫	ઇ. એ. વો. ૬ પા. ૧૮૦	કડી (વડોદરા સ્ટેટ)ની કચેરી ?	૩
૧૩૮	મૂલરાજનાં બાલેરાનાં પતરાં	વિ. સ. ૧૦૫૧ માઘ. સુ. ૧૫	એ. ઇ. વો. ૧૦ પા. ૭૬	બાલેરાના બ્રાહ્મણ દેવરામ પાસે.	૧૨
૧૩૯	ભીમદેવનું દાનપત્ર રાધનપુરમાંથી મળેલું.	વિ. સં. ૧૦૮૬ કા. સુ. ૧૫	ઇ. એ. વો. ૬ પા. ૧૯૩	—	૧૫
૧૪૦	ભીમદેવનાં તામ્રપત્રો	વિ. સં. ૧૦૮૬ વૈ. સુ. ૧૫	જ. બોં. બ્રે. રૉ. એ. સો. વધારાનો અંક "મુંબઈની ઉત્પત્તિ" વો. ૨૦ પા. ૪૯	પ્રિ. ઓ. વે. મ્યુ. મું.	૧૭
૧૪૧ } ૧૪૨ }	કર્ણદેવના સમયનાં નવસારીમાંથી મળેલાં બે દાનપત્રો	શ. સં. ૯૯૬ માર્ગ. સુ. ૧૧	જ. બોં. બ્રે. રૉ.— એ.સો. વો.૨૬ પા.૨૫૦		૧૮
૧૪૩	કર્ણ ૧ લાનું સૂનકનું દાનપત્ર	વિ. સ. ૧૧૪૮ વૈ. સુ. ૧૫	એ. ઇ. વો. ૧ પા. ૩૧૬	સિદ્ધપુરપાટણના રહીશ મી. નારાયણ ભારતી પાસે.	૨૫
૧૪૪	સિદ્ધરાજ જયસિંહનો ગાળાનો શિલાલેખ	વિ. સ. ૧૧૯૩ વૈ. વ. ૧૪	જ. બોં. બ્રે. રૉ. એ. સો. વો. ૨૫ પા. ૩૨૪	મંદિરમાંજ	૨૮
૧૪૫	માંગરોળમાંની સોઢડી વાવમાંનો શિલાલેખ	વિ. સં. ૧૨૦૨ આશ્વિ. વ. ૧૩	ભા. પ્રા. સં. ઈ. પા. ૧૫૮	તેજ વાવની દિવાલમાં	૩૦
૧૪૬	કુમારપાળનો ચિતોડગઢનો શિલાલેખ	વિ. સં. ૧૨૦૭	એ. ઇ. વો. ૨ પા. ૪૨૧	મંદિરમાં	૩૪
૧૪૭	કુમારપાળના રાજ્યની વડનગર પ્રશસ્તિ	વિ. સં. ૧૨૦૮ આશ્વિ. સુ. ૫	એ. ઇ. વો. ૧ પા. ૨૯૩	અર્જુનબારીના પત્થરમાં	૩૮
૧૪૮	કુમારપાળના સમયનો મારવાડમાં કેરાડુ ગામનો શિલાલેખ	વિ. સં. ૧૨૦૯ માઘ. વ. ૧૪	ભા. પ્રા. સં. ઇ. પા. ૧૭૨	ગામ પાસેના એક ખંડેરમાં	૪૮

અ. નં.	લેખની વિગત	સાલ	ક્યાં પ્રસિદ્ધ	હાલ ક્યાં છે	પૃષ્ઠ
૧૪૯	ગિરનારના લેખો નં.૧૬	વિ. સં. ૧૨૧૫ ચૈ. સુ. ૮	રી. લી. એ. રી. બો. પ્રો. પા. ૩૫૬	નેમિનાથ અને ઘડિયદુકાના મંદિર વચ્ચેના દરવાજાની ભીંત ઉપર.	૫૧
૧૫૦	ગ્વાલીયરના ઉદેપુરમાંથી મળેલા ત્રણ લેખો એ.	વિ. સં. ૧૨૨૦	ઇ. એ. વો. ૧૮ પા. ૩૪૧	મોટા મંદિરના પૂર્વતરફના પ્રવેશ દ્વાર અંદર	૫૨
૧૫૧	,, બી.	વિ. સં. ૧૨૨૨	ઇ. એ. વો. ૧૮ પા. ૩૪૩	,, દક્ષિણબાજુએ	૫૫
૧૫૨	ગિરનારના લેખો નં. ૨૭	વિ. સં. ૧૨૨૨	રી. લી. એ. રી. બો. પ્રે. પા. ૩૫૯	રસ્તાની ઉત્તર બાજુની દિવાલ ઉપર	૫૬
૧૫૩	,, ,, નં. ૩૦	વિ. સં. ૧૨૨૩	,,	ખબુત્રીખાણમાં	,,
૧૫૪	જુનાગઢના ભૂતનાથના મંદિરમાંનો કુમારપાલના સમયનો શિલાલેખ	વલભી. સં. ૮૫૦ વિ. સ. ૧૨૨૫ ઇ. સ. ૧૧૬૯	ભા. પ્રા. સં. ઇ. પા. ૧૮૪	ગામમાં ભૂતનાથનું મંદિર છે તેમાં	૫૭
૧૫૫	પ્રભાસપાટણમાં ભદ્રકાળીના મંદિરમાં કુમારપાલના સમયનો શિલાલેખ	વલભી સં.૮૫૦ વિ. સં. ૧૨૨૫	ભા. પ્રા. સં. ઇ. પા. ૧૮૬	મંદિરના પ્રવેશ દ્વારની જમણી બાજુએ.	૬૦
૧૫૬	ગ્વાલીયરના ઉદેપુરમાંથી મળેલા ત્રણ લેખો— 'સી' અજયપાલદેવનો	વિ. સં. ૧૨૨૯	ઇ. એ. વો. ૧૮ પા. ૩૪૪	મંદિરમાં જ	૬૯
૧૫૭	અજયપાલનાં તામ્રપત્રો	વિ. સં. ૧૨૩૧ કા. સુ. ૧૧	ઇ. એ. વો. ૧૮ પા. ૮૦		૭૩
૧૫૮	ભીમદેવ ૨ જાનું દાનપત્ર પાટણમાંથી મળેલું.	વિ. સં. ૧૨૫૬ ભા. વ. ૧૫ ઇ. સ. ૧૧૯૮	ઇ. એ. વો. ૧૧ પા. ૭૧		૭૮
૧૫૯	ભીમદેવ ૨ જાનું દાનપત્ર	સિંહ સં. ૯૩	ઇ. એ. વો. ૧૮ પા. ૧૦૮	પ્રિ. ઓ. વે. મ્યુ. મું.	૮૧
૧૬૦	ભીમદેવનું દાનપત્ર ચૌલુક્યોનાં અગીયાર દાનપત્રો પૈકી નં. ૩ કડીમાંથી મળેલું	વિ. સં.૧૨૬૩ શ્રા. સુ. ૨ ઇ. સં. ૧૨૦૬	ઇ. એ. વો. ૬ પા. ૧૯૪	—	૮૫
૧૬૧	ભીમદેવ ૨ જાના સમયનો આબુનો લેખ	વિ. સં.૧૨૬૫ વૈ. સુ. ૧૫ ઇ. સં. ૧૨૦૯	ઇ. એ. વો. ૧૧ પા. ૨૨૦	તેજ સ્થળે	૮૯

અ. નં.	લેખની વિગત	સાલ	ક્યાં પ્રસિદ્ધ	હાલ ક્યાં છે	પૃષ્ઠ
૧૮૮ થી ૧૯૨	આબુગિરિના જૈન લેખો લેખ નં. ૧૯ થી ૨૩	વિ. સં. ૧૨૯૦	એ. ઇ. વો. ૮ પા. ૨૨૬	તેજ સ્થળે	૧૫૫
૧૯૩ થી ૨૦૦	આબુગિરિના જૈન લેખો લેખ નં. ૨૪ થી ૩૧	વિ. સં. ૧૨૯૩ ચૈ. વ.૭ તથા ૮	એ. ઇ. વો. ૮ પા. ૨૨૭	તેજ સ્થળે	૧૫૬
૨૦૧	ભીમદેવ ૨ જાનું દાનપત્ર કડીમાંથી મળેલું	વિ. સં. ૧૨૯૫ માર્ગ. સુ. ૧૪	ઇ. એ. વો. ૬ પા. ૨૦૫	—	૧૫૯
૨૦૨	ભીમદેવ ૨ જાનું દાનપત્ર કડીમાંથી મળેલું	વિ. સં. ૧૨૯૬ માર્ગ. વ. ૧૪ ઇ. સ. ૧૨૩૮	ઇ. એ. વો. ૬ પા. ૨૦૬	—	૧૬૨
૨૦૩	આબુગિરિના જૈન લેખો લેખ નં. ૩૨	વિ. સં. ૧૨૯૭ વૈ. વ. ૧૪	એ. ઇ. વો. ૮ પા. ૨૨૯	તેજ સ્થળે	૧૬૫
૨૦૪	વેરાવળમાં ભીમદેવ ૨ જાનો શિલાલેખ		ભા. પ્રા. સં. ઇ. પ. ૨૦૮	ફોજદારના મકાનમાં	૧૬૬
૨૦૬	ત્રિભુવનપાલનું દાનપત્ર કડીમાંથી મળેલું.	વિં. સં. ૧૨૯૯ ચૈ. સુ.૬	ઇ. એ, વોઃ ૬ પા.૨૦૮	—	૧૭૧

श्रीः

ગુજરાતના ઐતિહાસિક લેખ

ગુર્જર વંશના લેખો

ગુર્જર વંશના લેખો

નં. ૧૦૮

દદ્ ૧ લાનું સંખેડામાંથી મળેલું પતરૂં બીજું×

ચે. સં. ૪૪૧ (ઈ. સ. ૫૯૫–૯૬)

આ લેખનું બીજું જ પતરૂં મળ્યું છે. તેનું માપ ૮" × ૩$\frac{?}{?}$" છે અને તે સુરક્ષિત છે. આમાંની દશ લીટીમાં રાજાનું કે દાતાનું કે દેય પદાર્થનું વર્ણનાદિ નથી, પણ માત્ર દાનશાસન અવિચ્છિન્ન કાયમ રાખવા માટેના સ્મૃતિઓમાંના સાધારણ રીતે આપવામાં આવતા આદેશો આપેલ છે. પરંતુ દાતાને ઓળખવા માટે પૂરતાં સાધનો આપણી પાસે છે. લેખક તરીકે સાન્ધિવિગ્રહિક આદિત્યભોગિકનું નામ આપેલ છે. ડા. બુલર જણાવે છે કે ભોગિક એક નાનો માણસ અગર એક અગર થોડાં ગામડાંનો ઠાકોર હોવો જોઈએ. કારણ વખતો વખત હુકમ કરવામાં આવે છે એવાં માણસોની સાથે તે શબ્દ લગાડેલો જોવામાં આવે છે. જેમ કે જયભટ્ટનું કાવિમાંથી મળેલું તામ્રપત્ર (ઇ. એ. વો. ૫ પા. ૧૧૦) દેશી કોષમાં તે શબ્દના પ્રાકૃત રૂપ ભોઈઓનો અર્થ ગ્રામપ્રધાન એવો કર્યો છે અને તેવો માણસ મ્હોટો રાજા હોઈ શકે નહીં. આ પતરાનો ગુર્જર વંશ સાથેનો સંબંધ પૂરવાર કરવા માટે બીજું કાંઈ ન હોય તો પણ એક ભોગિક શબ્દ કે જે સાન્ધિવિગ્રહિક આદિત્યને લગાડવામાં આવ્યો છે તે બસ છે. કારણ કે બીજા કોઈ પણ વંશનાં દાનશાસનોમાં તે શબ્દ વપરાયો જોવામાં આવતો નથી. વળી આ લેખની લિપિ પણ રણગ્રહના સંવત્ ૩૯૧ ના તામ્રપત્ર તેમ જ તે જ વંશનાં પ્રસિદ્ધ થએલાં બીજાં તામ્રપત્રોની લિપિ સાથે એટલી બધી મળતી આવે છે કે તેમાં શંકાને લેશ પણ અવકાશ નથી.

દાનની સાલ શબ્દમાં તેમ જ આંકડામાં આપવામાં આવી છે અને તે ૩૪૬ ની છે. સાધારણ રિવાજ મુજબ આંકડામાં ૩૦૦, ૪૦ અને ૬ નાં ચિહ્નો નથી, પણ અર્વાચીન ઢબ પ્રમાણે ૩, ૪ અને ૬ એમ આંકડા લખેલા છે. છેવટના ગુર્જર રાજાઓ ચેદી સંવત્નો ઉપયોગ કરતા, તેથી ૩૪૬ તે ઈ. સ. ૫૯૫–૯૬ લગભગ આવે છે. આ સાલ દદ્ ત્રીજાની ડા. બુલરે આપેલી* સાલની સાથે બરોબર બંધબેસતી આવે છે. આ રાજાનો બીજો લેખ અગર તામ્રપત્ર હજુ સુધી પ્રાપ્ત નથી, તેથી આ તામ્રપત્ર ઉપયોગી ગણી શકાય.

अक्षरान्तर

१ आचन्द्रार्काणर्वक्षितिस्थितिसमकालीनं पुत्रपौत्रान्वयभोज्यमुदळातिसर्ग्गेण

२ प्रतिपादितं मातापित्रोरात्मनश्च पुण्ययशोभिवृद्धये अतोस्य ब्रह्मदेयस्थित्या क्रिषतःकरि

३ षापयंतो वा न कैश्चिद्व्यासेधे वर्त्तितव्यमागामिराजभिरस्मद्वंश्यैर्व्वा सामान्यं भूमि-

४ दानफलमवेत्यायमस्मद्दायोनुमन्तव्यः पालयितव्यश्चेत्युक्तं च भगवता व्या-

५ सेन ॥ बहुभिर्व्वसुधा भुक्ता राजभिः सागरादिभिः यस्य यस्य यदा भूमिस्तस्य तस्य

६ तदा फलं ॥ षष्टिवर्षसहस्राणि स्वर्ग्गे मोदति भूमिदः आच्छेत्ता चानुमन्ता च तान्ये-

७ व नरके वेसे ॥ विन्ध्याटवीष्वतोयासु शुष्ककोटरवासिनः कृष्णसर्प्पाभिजायन्ते

८ ब्रह्मदेयापहारका[:] यानीह दत्तानि पुरा नरेन्द्रैर्द्दानानि धर्म्मार्त्थयशस्कराणि-

९ निर्म्माल्यवान्प्रतिमानि तानि को नाम साधुःपुनराददीत॥लिखितं चात्र सन्धिविग्रहिकेना

१० दित्यभोगिकेन संवत्सरशतत्रैयं षट्चत्वारिङ्शोत्तरके ॥ ३४६

× એ. ઇ. વો. ૨ પા. ૧૯ એચ. એચ. ધ્રુવ બી. એ. એલએલ બી. * ઇ. એ. વો. ૧૭ પા. ૧૯૧

૧ વાંચો कृषतः ૨ વાંચો कर्षयतो ૩ વાંચો दैवैरन्यैर्वा ૪ વાંચો सगरादिभिः ૫ વાંચો वसेत् ६ વાંચો हि जा-यन्ते ૭ વાંચો त्रये ૮ વાંચો रिंशदुत्तरके

નં. ૧૦૯

દદ્દ ૨ જાનાં કાવીનાં તામ્રપત્રો*

ચે. સ. ૩૮૦ કાર્તિક સુ. ૧૫

ગુર્જર વંશના ત્રણ લેખો આ માસિકમાં પ્રકાશિત થયા છે:— ડૉકટર બ્યુલર દ્વારા (૧) શકે ૪૦૦ ના વૈશાખ [1] સુદ ૧૫ નું દદ્દ બીજાનું ઉમેટાનું દાનપત્ર, (૨) અવ્યક્ત સંવત ૪૮૬ ના આષાઢ[2] સુદ ૧૦ રવિવારનું જયભટ ત્રીજાનું કાવીનું દાનપત્ર, અને (૩) પંડિત ભગવાનલાલ ઇન્દ્રજી દ્વારા અવ્યક્ત સંવત ૪૫૬ ના માઘ માસની પૂર્ણિમા મંગળવારે[3] ચન્દ્રગ્રહણસમયે અપાએલું જયભટ ૩ જાનું નવસારીનું દાનપત્ર.

અને તે જ વંશના બીજા ત્રણ લેખ અન્યત્ર પ્રસિદ્ધ થયા છે. તે પૈકી દદ્દ બીજાનાં બે દાનપત્ર જે અનુક્રમે અવ્યક્ત સંવત્ ૩૮૦ ના કાર્તિક શુકલ પૂર્ણિમા અને તેવા જ સંવત્ ૩૮૫ ની કાર્તિક શુકલ પૂર્ણિમાનાં[4] છે. તે પ્રોફેસર જે. ડૉસને પ્રકાશિત કર્યાં. ત્રીજો લેખ પ્રોફેસર આર. જી. ભંડારકરે પ્રકાશિત કર્યો. તે શકે ૪૧૭ ના વૈશાખની[5] અમાવાસ્યા સહ પ્રતિપદાના સૂર્યગ્રહણસમયનાં તે જ વ્યક્તિનાં આપેલાં ઈલાઓનાં દાનપત્ર વિષે છે.

ચાલુકયવંશના[6] વિજયરાજ અથવા વિજયવર્માના દાનપત્ર તથા એક બીજા દાનપત્ર સાથે (જેની વિગત આપી નથી) દદ્દ બીજાનાં ખેડાનાં બે દાનપત્રો લગભગ ઈ. સ. ૧૮૨૭ માં મળી આવ્યાં હતાં. ખેડાના કોટની વાયવ્ય બાજુમાં નજીક જ વત્રુઆ નદી વહે છે. ત્યાંની ભીંત તથા જમીન ધોવાઈ જવાથી આ શોધ થઈ શકી હતી. અસલ પતરાં બધાં ડૉ. એ. બર્ન્સે રૉયલ એશિયાટિક સોસાયટીને ભેટ તરીકે આપ્યાં હોય એમ જણાય છે. પરંતુ તે પૈકી કેવળ વિજયરાજનું દાનપત્ર હાલ ઉપલબ્ધ છે. તેથી ગુર્જરનાં આ બે દાનપત્રો પ્રોફેસર ડૉસનના લેખ સાથે પ્રસિદ્ધ થએલી પ્રતિકૃતિઓ ઉપરથી ફરીથી હું પ્રકાશિત કરૂં છું.

આ પ્રતિકૃતિઓમાંની પહેલીમાં બે પતરાં બતાવ્યાં છે. તે દરેક ૧૧$\frac{3}{4}$" લાંબું અને ૯$\frac{3}{4}$" પહોળું છે. લખાણના રક્ષણ માટે આ પતરાંના કાંઠા જાડા અથવા વાળેલા હતા કે નહીં તે જાણી શકાતું નથી. પહેલા પતરાની નીચેની જમણી બાજુના ખૂણાનો મોટો ભાગ ભાગી ગયો છે અને બીજા પતરાનો ઉપરનો ડાબી બાજુના ખૂણાનો એક ન્હાનો કટકો ભાગી ગયો છે; તે સિવાય પતરાં સુરક્ષિત છે અને લેખ બહુ સહેલાઈથી વાંચી શકાય તેવો છે. પ્રતિકૃતિ સારી છે, પણ તેમાં ઘણા લોપો અને પુષ્કળ ભૂલો છે. આ ભૂલો અસલની કે લીથોગ્રાફની અપૂર્ણતાની પણ હોઈ શકે, પણ તેનાં કારણો વિષે શંકા હોવાથી તે અસલની જ ભૂલો મેં માની છે. સાધારણ રીતે,

---

* ઈ. એ. વો. ૧૩ પા. ૮૧-૮૭ જે. એફ ફ્લીટ.

૧ જ. કનીંગહામની ગણત્રી પ્રમાણે આ તારીખ ૩ જી એપ્રીલ ઈ. સ. ૪૭૮ ને સોમવારને મળતી આવે છે. (ઈ. એ. વો. ૭ પા. ૬૧) ૨ (ઈ. એ. વો. ૫ પા. ૧૦૯)—ઈ. એ. વો. ૧૨, પા. ૨૯૨–૯૩ માં પ્રસિદ્ધ કરેલા મારા 'રિમાર્કો' સંબંધી, પંડિત ભગવાનલાલ ઈન્દ્રજીએ પોતાની જાતની પતરાની પરીક્ષા ઉપરથી મને ખાત્રી આપી છે કે બીજું સંખ્યાવાચક ચિહ્ન ચોકકસપણે ૮૦ છે અને ૯૦ નથી. ૩ જુઓ. ઈ. એ. વો. ૧૩ પા. ૭૦ ૪ જ. રૉ. એ. સો. ન્યુ. સી. વો. ૧ પા. ૨૪૭—આ બન્ને દાનપત્રનું ભેળસેળ અક્ષરાન્તર આ પહેલાં, જ. બે. એસ. સો. વો. ૭ પા. ૯૦૮ માં મી. જેમ્સ પ્રિન્સેપે પ્રસિદ્ધ કર્યું હતું. પંક્તિ ૨૪ સુધીનું અક્ષરાન્તર ૩૮૦ ના દાનપત્રમાંથી તેણે લીધું તે અને પંક્તિ ૨૫ થી અંત સુધીનું અક્ષરાન્તર ૩૮૫ ના દાનપત્રમાંનું છે, સિવાય કે તારીખ ૩૮૫ ને બદલે ૩૮૦ આપેલી છે. ૫ જ. બો. બ્રા. રૉ. એ. સો. વો. ૧૦ પા. ૧૯ ૬ ઈ. એ. વો. ૭ પા. ૨૪૧

પતરાંઓમાં કડી માટે બે કાણાં હોય છે, પણ પ્રતિકૃતિમાં એક જ કડી બતાવી છે. તે આશરે ૩" જાડી અને વલ્લભીવંશના દાનપત્રોની કડી જેવી બેડોળ છે. કડી ઉપરની મુદ્રા ગોળ છે. તેનો વ્યાસ લગભગ ૧૩" છે. તેની બિંબાકાર સપાટી પર ઉપસેલું એક સાંકેતિક ચિત્ર પણ છે, જેનો અર્થ જાણી શકાતો નથી, પણ તે કદાચ સૂર્યપૂજાનું કંઈક ચિહ્ન હશે. તેની નીચે સામન્ત દદ્દ એ પ્રમાણેનો લેખ દાનપત્રની લિપિમાં[1] જ છે. આદ્યોપાન્ત ભાષા સંસ્કૃત છે.

લેખ દદ્દ બીજો જેને પ્રશાન્તરાગ પણ કહ્યો છે તેના સમયનો છે. તેની ઉપર તારીખ શબ્દ અને અંક બન્નેમાં લખી છે. તે અવ્યક્ત સંવત્ ૩૮૦ ની પૂર્ણિમા છે. આ દાનપત્ર નાંદિપુરી-માંથી અપાયું છે. તે સ્થળને ડૉ. બ્હુલર ભરૂચ[2]ની પૂર્વે જડેશ્વરના દરવાજાની બહાર આવેલા તે જ નામના એક જૂના કિલ્લા તરીકે ઓળખાવે છે. પરંતુ પંડિત ભગવાનલાલ ઇન્દ્રજી તેને રાજપીપળા સ્ટેટના હાલના નાંદોદ તરીકે ગણવાનું વધારે ઉચિત ધારે છે. તેમાં અક્રૂરેશ્વરના પ્રાન્ત કે વિષયમાં શિરીષ પદ્રક ગામનું દાન અપાયાનું લખાણ છે. ડૉ. બુલર અક્રૂરેશ્વરને ભરૂચ[3] જીલ્લાના દક્ષિણ ભાગમાં આવેલા અંકલેશ્વર તાલુકાનું મુખ્ય શહેર અંકલેશ્વર અથવા અંકુલેશ્વર ગણે[4] છે. અને શિરીષપદ્રક અંકુલેશ્વર તાલુકાનું હાલનું સીસોદ્રા હશે, એમ લાગે છે.

---

૧ ઈલાવ દાનપત્રના પોતાના લેખમાં પ્રો. ભાંડારકર બે ખેડા દાનપત્રની મુદ્રાઓની પ્રતિકૃતિઓ વિષે શંકા ઉઠાવે છે. કારણ કે તેમાં 'શ્રી' ના માનવંતા ઉપસર્ગ વિના 'સામન્ત દદ્દ' લેખ છે. પરંતુ આ પ્રમાણે શંકા ઉઠાવવાનું કાંઈ પણ કારણ નથી, કારણ કે તેવું જ વાંચન દદ્દ ૧ લાને વિષે એ બે દાનપત્રોનાં અક્ષરાન્તરની ચોથી પંક્તિમાં આવે છે. ૨ ઈ. એ. વો. ૭ પા. ૬૨ ૩ પા. ૭૩ જુઓ ઈ. એ. વો. ૧૩. ૪ ઈ. એ. વો. ૫ પા. ૧૧૩—ઈલાવ દાનપત્રની પં. ૧૪ માં અંકુલેશ્વર નામ આ જ જગ્યા બતાવતું આવે છે.

अक्षरान्तर

पतरूं पहेलुं.

१ ॐ स्वस्ति नान्दीपुरीतो[।]विविध विमलगुणरत्नसंपा[प]दुद्भासितसकलदि-
ङ्मुखे परित्राताश[े]षसपक्ष[मह]महीभृति

२ सततमविलङ्घितावधौ स्थैर्य्यगा[ं]भि[भी]र्य्य लावण्यवति महासत्त्वतयात्[ि]
दुरवगाहे गुर्ज्जरनृपति वंशमह[ो]दधा[धौ]श्रीसहजन्माक्र-

३ ष्णहृदयाहितास्पदः कौस्तुभमणिरिव विमलयशोदीधितिनिकरविनिहतकलिति-
मिरनिचयः सत्पक्षो वैनतेयइवाकृष्टशत्रु-

४ नागकुलसंततिरुत्पत्तित एव दिनकरचरणकमलप्रणामापजीवाशेषदुरित निवहः
सामन्तदद्द[।]प्रतिदिनमपेतशङ्कं येन-

५ स्थितमचलगुणनिकरकेसरिविरा[ि]जतवपुषा विनिहतारिगजकुम्भविगलितमुक्ता
फलो[ल]च्छलप्रणी[की]र्ण्ण विमलयशोवितानेन रूपानु-

६ रूपं सत्त्वमुद्वहताकेसरिकिशोरकेणेवोपरि क्षितिभृतां[।]यंचातिमलिनकलियुगति-
मिरचन्द्रमसमनुदिवसमन्य[ो]न्यस्पर्द्धय[े]वा-

७ ययुः कलासमूहादयो गुणा विक्रमानीतमदविलासालसगतयोरातिगजघटाः प्रम-
दाश्च[।]यस्यचाविरतदान-

८ प्रवाहप्रीणितार्थिमधुकरकुलस्य रुचिरकीर्त्तिवशासहायस्य सततमस्खलितपदं प्रस-
रतः सद्वंशाहितशोभागौरवस्य

९ भद्रमतंगजस्यवे करघातविनिहतक्षितिभृदुन्नततनूरुहस्यरेवानिर्ज्झरसलिलप्रपात-
मधुरनिनदस्य भगोद्ध-

१० वाः समुन्नतपयोधराहितश्रियो दयिता इव मुदे विन्ध्यनगोपत्यका[।]यश्चोपमीयते
शशिनि सौम्यत्ववैमल्यशोभाकला-

११ भिर्न्न कलङ्केन श्रीनिकेतशोभासमुदयाधः कृतकुलकण्टकतया कमलाकरे न पङ्क-
जन्मवयासत्वोत्साहविक्रमैर्मृगाधिरा-

१२ जेन क्रू[क्रू]राशयतया लावण्यस्थैर्य्य गा[ा]म्भीर्य्यस्थित्यनुपालनतयामहोदधो-
[धौ]नव्यालाश्रयतया सत्कटकसमुन्नतविद्याधरावा-

१३ सतया हिम[मा]चले न खष[शै][१]परिवारतया[।]यस्य च सद्भा[भो]गः शे-
षोरगस्येव विमलकिरणमणिशताविष्कृतगौरवः सकलजगत्साधार-

१४ णो[।]यस्य प्रकाश्यते सत्कुलं शीलेन प्रभुत्वमाज्ञया शस्त्रमराति प्रणिपातेन कोपो-
निग्रहेण प्रसादः प्रदानैर्धर्म्मो देवद्विजा[२]तिगु

---

१ નં. ૧૧૦ પંક્તિ ૧૩ માં પણ 'खष' વાંચન છે. પ્રો. ડૉસનની સૂચનાથી સુધારેલું વાચન મેં લીધું છે. ૨ આંહિ અને પંક્તિ ૨૭ માં 'द्विज' શબ્દમાં 'जा' નો લીટો ज ના ઉપરના લીટા સાથે અપૂર્વ રીતે જોડેલો છે.

१५ रुजनसपर्य्ययेति[।]¹तस्य सूण्ण[नु]: प्रतप्तरुचिरकनकावदातः कल्पतरुरिव[ा]-
विरतमभिक[रु]चित-फलप्रदः सततमृतुगणस्येव

१६ वसन्तसमयो वसन्तसमयस्य[े]व प्रविक[ा]सितानिबिडचूततरुवनाभोगः सरस-
इव कमलनिवहः कमलनिवहस्येव

१७ प्रबोधो महाविषधरस्येव मणिर्म्मणेरिव स्वच्छतारभावो महोदधेरिवामृतकलशो-
मृतकलशस्येवामरणदायित्व-

१८ प्रभावः करिणः इव मदः प्रमदाजनस्येव विलासो विभवस्येव सत्पात्रविनि-
योगो धर्म्मस्येव क्रतुः क्रतोरिव स्वद-

१९ क्षिणाकालः प्रेम्णा इव सद्भावः शशिना इवामलकलासमूहो नियतमलङ्कारभूतः
सकलनिशाकर[ा]भिरु[रू]प-

२० वदनः शक्रो वदान्यः प्रबलरिपुबलानीकसमरसमवाप्तविजयश्रीः श्री वीतरागा-
परनामा श्रीजयभटः[।]कलि-

२१ प्रतिपक्षभया[च्]चरणार्त्थिन इव यम[ा]श्रु[श्रि]ताः सविनया गुणाः[।]
स्फुरितविमलकीर्त्तिसौदामणि[नि]ना येन सकलजीवलो[का]-

२२ नन्दकारिणा कालवलाहकेनेवावन्ध्ये[न्ध्य] फलं गर्ज्जता प्रणयिनामपनीता-
स्तृष्णासंतापदोषाः[।]यश्च शूरोपि[सतत]-

२३ मयशोभि[भी]रुरपगततृण्णो[ष्णो]पि गुणार्ज्जनाविच्छिन्नतर्षः सर्वप्रदान-
शीलेपि परयुवतिहृदयदानपर[ा]ङ्मुखः प[टुरपिपर]-

२४ परिवादाभिधानजडधीः[।]यस्य च न विरोधि रूपं शीलस्य यौवनं सद्वृत्तस्य
विभवः प्रदानस्य त्रु[त्रि]वर्गसेवा प[रस्परापीडन]

२५ स्य प्रभुत्वं क्ष[ा]न्तेः कलिकालो गुणानामिति[॥]तस्य सूनुः सजलघनपटल-
निर्ग्गतरजनिकरकरावबोधित कु[उमुदधवल]-

२६ यशः प्रतानास्थगितनभोमण्डलोनेकसमरसङ्कटप्रमुखागतानिहतशत्रुसामन्तकुल-
वधू व्र[प्र][भातसम]-

२७ यरुदितच्छलोद्गीयमानविमलनिस्त्रिंशप्रतापो देवद्विजातिगुरुचरण न[क]मलप्रणामो
[द्घृष्टवज्र]-

२८ मणिकोटिरुचिरदीधितिविराजितमुकुटोद्भासितशिरा दीनानाथातुराभ्यागतार्त्थि-
जनाक्लिष[द्]अ[परिपूरि]-

२९ तविभवमनोरथोपचीयमान त्रिविष्टपैकसहायधर्म्मस[ञ्चयः]प्रणयपरि[कुपित]-

३० मानिनीजनप्रणामपूर्वमधुरवचनोपपादितप्रसादप्रकाशीकृतविदग्धनागरक-

१ આંહિ 'ક 'નું ૧૫ પૂર્વે નહીં મળેલું એવું છે. નં. ૧૧૦માં તે ઉપલબ્ધ નથી.

बीजुं पतरुं

३१ [सु]वृ[अ]भाव[`] [ि]वमलगुणकिरणपंजराक्षिप्तबहलकलितिमिरनिचयः समधिगतपञ्चमहाशब्द श्री[श्री]दद्दः

३२ कुशली सर्व्वानेव राजसामन्तभोगिकविषयपतिराष्ट्रग्राममहत्तराधिकारिकादीन् समनुबोध-

३३ यत्यस्तु वो विदितमस्माभिरक्कू[कू]रेश्वरविषयान्तर्गत शिरीषपद्रकं[1] एष ग्रामः सोद्रङ्गः सोपरिकरः

३४ सर्वादानसंग्राह्यः सर्व्वदित्यविष्टिप्रातिभेदिकापरिहीणो भूमिच्छिद्रन्यायेनाचाटभट-प्रावेश्य आचन्द्रार्क्कार्ण्णव-

३५ क्षितिस्थितिसमकालीनः पुत्रपौत्रान्वयभोग्यो जम्बूसरोविनिर्गता कक्कू[कूं]रेश्वर-विषयान्तर्गत गि[शि]रीषपद्रकवासि बह्वृच व-

३६ त्ससगोत्राश्वलायनसब्रह्मचारिब्राह्मण भट्ट्याधापक । तथा गोपादित्य । तथाभट्टि-गण । विशाख । अग्निशर्म्म । द्रोण । काश्यपस-

३७ गोत्रभट्टिदाम । तथावत्र । अध्व[र्]य्युवाजसनेयदौण्डकीयसगोत्र- । कण्वे-सब्रह्मचारि ब्राह्मणतापिश[र्]र्म्म । द्वितैतापिशर्म्म ।

३८ दत्तस्वामि । भागिस्वामि । पितृशर्म्म । भट्टि । द्रोण । धूमृआ[म्रा]यणसगोत्र कर्क्काध्यापक । आबुक । कौण्डिन्यसगोत्र वाटशर्म्म । शैल ।

३९ घोष । महादेव । बाव । माठरसगोत्र धर । विशाख । नन्दि । रामिल । हारितसगोत्र धर्म्मधर । च्छान्दोग्यभरद्वाजसगोत्रकौथुम-

४० सब्रह्मचारिब्राह्मणइन्द्रशर्म्म । आदित्यरवि । तापिशूर । इन्द्रशूर । ईश्वर धर । दामधर । द्वि ईश्वर । भरुकच्छविनिर्ग्गत भेरज्जिका-

४१ निवासि अ[आ] थर्व्वण चौलिसगोत्र पिप्पलादसब्रह्मचारिब्राह्मणभद्र । वायु-शर्म्म । द्रोणस्वामि । रुद्रादित्य । पूर्णस्वामि । एभ्यश्चतु-

४२ श्चरण ब्राह्मणेभ्यश्चतुर्विधपरिकल्पनापूर्व्वं बलिचरुवैश्वदेवाग्निहोत्रपञ्चमहायज्ञादि-क्रियोत्सर्प्पणार्त्थं मातापित्रोरात्मनश्च पु-

४३ ण्ययशोभिवृद्धये कार्त्तिक्य[।]मुदकातिसर्गेणातिसृष्टो[।]यतोस्मद्वंश्यैरन्यै-र्वागामिभोगपतिभिः प्रबलपवनप्रेरितोदधिजलतरं-

४४ गचंचलं जीवलोकमभावानुगतानसारान्विभवान् दीर्घकालस्थेयसश्च गुणानाकलय्य सामान्यभोगभूप्रदानफलेप्सु

---

१ 'अनुस्वार' भूलथी छपायुं छे. २ आ विराम चिह्ननी कांई जरूर नथी. ३ द्वितीय नुं ठुंकु रूप छे.

४५ भिः शशिकररुचिरं यशश्चिराय चिचीषुभिरयमस्मद्दायोनुमन्तव्यः पालयितव्यश्च ।
योवाज्ञानतिमिरपटलावृतमति-

४६ राच्छिन्द्याद्[आच्]छिद्यमानकं वानुमोदेत स पञ्चभिर्म्महापातकैः सोपपातकैः
संयुक्तः स्य[ा]दुक्तं च भगवता वेदव्यासेन

४७ व्यासेन ।। षष्टिवर्षसहस्राणि स्वर्गे तिष्ठति भूमिदः आच्छेत्ता चानुमन्ता च
तान्येव नरके वसेत् ।। विन्ध्याटवीष्वतोयासु

४८ शुष्ककोटरवासिनः कृष्णाहयो हि जायन्ते भूमिदायं हरन्ति ये ।। बहुभिर्व्वसुधा
भुक्ता राजभिः सगरादिभिः यस्य य-

४९ स्य यदा भूमिस्तस्य तस्य तदा फलं ।। यानीह दत्तानि पुरा नरेन्द्रैर्द्दानानि धर्म्म-
[ा]र्थयशष्कराणि । निर्भुक्तमाल्यप्रतिमा-

५० नि तानि को नाम साधुः पुनराददीतेति ।। संवत्सरशतत्रये शीत्यधिके कार्त्तिक
शुद्ध पञ्चदश्यां लिखितं सन्धिविग्रहाधिकं-

५१ रणाधिकृतरेवेण स्वमुखाज्ञयेति ।। सं ३८० कार्त्तिक शु. १० ५ [।।]

५२ दिनकरचरणार्च्चनरतस्य श्री वीतरागसूनोः स्वहस्तोयं प्रशान्तरागस्य ।।

ભાષાન્તર

ૐ ! સ્વસ્તિ ! નાન્દીપુરી(શહેર)માંથી[1]:—

(પંક્તિ ૧) વિવિધ વિમલ ગુણુસંપદ્દથી સકલ દિશાઓનાં મુખ, રત્નોથી સાગર મંડિત કરે છે તેમ મંડિત કરનાર, સાગર તેના આશ્રયમાં આવેલા હોવાથી હજુ પણ પાંખ (પક્ષ) ધારણ કરતા પર્વતોની રક્ષા કરે છે તેમ તેના આશ્રયી સમસ્ત મહાન નૃપોને રક્ષનાર, સાગરની માફક અવધિ ન ઉલ્લંઘનાર, સ્થિરતાવાળો, ગંભીર, લાવણ્યમય અને મહા સત્વતાને લઈને ગહન માટે (સાગર મહાસત્વો–પ્રાણીઓ–ને લઈને ગહન માટે કઠિણ છે તેમ) કઠિણ તેવા ગુર્જર નૃપતિઓના[2] મહોદધિ જેવા વંશમાં, શ્રીકૃષ્ણના હૃદય ઉપર રહેલી શ્રી(લક્ષ્મી) સાથે જન્મેલા કૌસ્તુભમણિ માફક વિમલ યશનાં કિરણથી કલિયુગનાં તિમિર દૂર કરનાર, સત્પક્ષથી વૈનતેયની માફક શત્રુ નાગકુલની સંતતિ જડમૂળથી ઉખેડી નાંખનાર : દિનકરના કમળ જેવા ચરણને પ્રણામ કરીને જન્મથી જ સર્વ પાપો દૂર કરનાર સામન્ત શ્રી દદ્દ હતો— અચલ સદ્‌ગુણોના સમૂહથી આભૂષિત હોઈ, કેશવાળીથી વિરાજિત સિંહ જેવા—શરીરવાળો, શત્રુના સંહાર કરેલા ગજોના કુમ્ભમાંથી ઝરતા મુક્તાફલ જેવા વિમલ યશવાળો, પર્વત પર જુવાન સિંહ પોતાનો પ્રભાવ જાળવે છે તેમ તેના રૂપને અનુકૂળ અન્ય નૃપો તરફ પ્રતાપ જાળવીને તે શંકારહિત ઉભો રહ્યો છે. પ્રતિદિન અન્યો અન્ય સ્પર્ધાથી કલા-સમૂહ આદિ ગુણો, તેના વિક્રમથી પ્રેરિત મદ -વિલાસવાળી ગતિવાળી શત્રુની ગજઘટા અને (તેમની) પ્રમદાઓ તે અતિમલિન કલિયુગરૂપી તિમિરના ચંદ્ર સરખાની પાસે ગયાં. જે ઉત્તમ ગજના ચાલુ રહેતા મદ જેવા દાનપ્રવાહથી ભ્રમરનાં (અરજદારોનાં) જુથને આનન્દ આપતો, જે પોતાના ઉજ્જવળ યશથી તેના આશ્રિત ન હતા તેમને પણ નમાવતો, જે નિત્ય અસ્ખલિત ડગ ભરતો, જેની શોભા અને ગૌરવ તેના ઉત્તમ વંશથી જળવાતાં, જેનાં રૂવાં તેના હસ્તપ્રહારથી શત્રુ નૃપોના સંહારથી ઉત્પન્ન થએલા આનન્દથી ઉભાં થતાં, જેનો કંઠ (અવાજ) રેવા નદીના ધોધનાં પડતાં પાણીના અવાજ જેવો મધુર છે, તેના ઉપભોગ માટે, ઉન્નત પયોધર પર સૌંદર્ય ધારણ કરતી લગ્નસુખ દેનાર પત્ની જેવી વિંધ્યાદ્રિની નીચે આસ-પાસની ભૂમિ હતી. સૌમ્યત્વ, વિમલતા, શોભા અને કલામાં શશી સમાન, પણ કલંકમાં શશી સમાન ન હતો, શ્રીનું નિવાસસ્થાન બની, શોભાના મહાયશથી કુલકંટક દૂર કરનાર કમલ આ-કાર સમાન, પણ પંક(કાદવ)માં જન્મથી કમલની સમાનતા વગરનો હતો; સિંહ સમાન બલ, ઉત્સાહ અને વિક્રમમાં, પણ ક્રૂરતામાં નહીં હતો, સાગર સમાન લાવણ્ય, સ્થિરતા, ગાંભીર્ય, ધૈર્ય અને પાલન શક્તિમાં પણ સર્પ જેવા દુષ્ટોના આશ્રય સ્થાનમાં સમાન ન હતો; હિમાચલ સમો ઉન્નત કટક(મ્હોટાં શહેરો)થી અને વિદ્વાનના આવાસસ્થાનથી, પણ હિમાચલની આ-સપાસના પહાડી પ્રદેશ જેવા પડતી પામેલા યોદ્ધાઓથી આવૃત નહીં હોવાથી તેમાં હિમાચલ સમાન તે ન હતો. શેષનાગનાં ગુંચળાં માફક વિમલ કિરણવાળા અનેક (સેંકડો) મણિથી સ્પષ્ટ થતા ગૌરવવાળી તેની શ્રી (લક્ષ્મી) સકલ જગતને સામાન્ય હતી. તેના કુલનો મહિમા તેના શીલથી, તેનું પ્રભુત્વ (તેની) આજ્ઞાથી, તેનાં શસ્ત્રો(નું જ્ઞાન) (તેના) શત્રુ નમાવીને, તેનો કોપ (તેના) નિગ્રહથી, તેનો પ્રસાદ (તેના) દાનથી, તેની ધાર્મિકતા (તેની) દેવ, દ્વિજ અને ગુરૂ જનોની પૂજાથી પ્રકાશિત થએલાં હતાં.

(પંક્તિ ૧૫) તેનો પુત્ર, તપાવેલા ચળકતા સુવર્ણ જેવો શુદ્ધ, વસંતમાં પૂર્ણ ખીલેલી આમ્રઘટા જેવો, સરોવરનાં કમલમંડલ સરખો, કમલ મંડળનાં ખીલતા સૌંદર્ય જેવો, મહા વિષવાળા નાગના મણિ સરખો અને મણિમાં નિર્મલ સ્વચ્છતા જેવો, મહોદધિના અમૃત કળશ જેવો, અને અમૃત કળશના અમરતા દેનાર પ્રભાવ સરખો, ગજના મદ સમાન, પ્રમદાઓના

---

૧ આનો સંબંધ પંક્તિ ૩૧માં "શ્રી દદ્દઃ કુશલી સર્વાન્" સાથે લાગુ પડે છે. ૨ જુઓ ઈ. એ. વો. ૧૨ પા. ૧૫૭ નોટ ૭

વિલાસવૈભવ સરખો, સત્પાત્ર સાથે શ્રીના યોગ જેવો, ધર્મયજ્ઞ જેવો, યજ્ઞદાનના કાળ જેવો, પ્રેમના સદ્‌ગુણસમાન, શશીની નિર્મળ કલા જેવો, (નિર્મળ કૃત્યોના સમૂહ જેવો), નિત્ય અલં-કારોથી ભૂષિત, પૂર્ણિમાના ચંદ્ર જેવા વદનવાળો, સ્નેહાળ, મૃદુવાણીવાળો, પ્રબળ શત્રુઓ સાથે યુદ્ધોમાં વિજયશ્રી પ્રાપ્ત કરનાર, અને શ્રી વીતરાગના અપર (બીજા) નામવાળો શ્રી જયભટ હતો. સદ્‌ગુણોએ પોતાના શત્રુ કલિયુગના ભયથી તેનું શરણ ઇચ્છતા હોય તેમ વિનયપૂર્વક તેનો આશ્રય લીધો. વિદ્યુત્ સમાન પ્રકાશિત કીર્તિવાળો, સકલ જીવલોકને આનન્દકારી, કાળા વાદળની માફક, અવન્ધ્ય ફલ વર્ષાવીને પ્રણયિ જનોની તૃષ્ણા અને સંતાપ દોષ તેણે દૂર કર્યા. તે શૂરવીર હોવા છતાં અપયશ લેવામાં ભીરૂ હતો (અપયશથી ડરતો હતો), તે તૃષ્ણારહિત હોવા છતાં ગુણપ્રાપ્તિનો નિત્ય તરસ્યો હતો, તે પરમ દાની હતો છતાં પર યુવતિઓનાં હૃદય ભંગ કરવામાં વિમુખ હતો. પટુ વાચાવાળો હોવા છતાં તે વાદવિવાદમાં શત્રુઓને દુર્વચનો આપવામાં જડબુદ્ધિ હતો. તેનું રૂપ શીલનું વિરોધી ન હતું. તેનું યૌવન સદ્‌વૃત્ત(સદાચાર)નું વિરોધી હતું નહીં તેનો વૈભવ દાન સાથે વિરોધી ન હતો. તેની ત્રિવર્ગની સેવા, પરસ્પર (ત્રિવર્ગની પરસ્પર) કલેશ કરવાની નિષ્ફળતામાં વિરોધી ન હતી. તેનું પ્રભુત્વ શાન્તિનું વિ-રોધી ન હતું. કલિકાળ(માં તેનું જીવન) ગુણો(ના સંચય)માં વિરોધી ન હતું.

(પંક્તિ ૨૫) તેનો પુત્ર, સજળ ઘન વાદળમાંથી બહાર નીકળતા શશીનાં કિરણથી જાગૃત થએલા શ્વેત કુમુદ જેવી યશની વેલી(લતા)થી નભમંડલ છાયી નાંખતો. અનેક સમર સંકટમાં તેની સામે આવી સંહાર થયેલા શત્રુ સામન્ત કુલની પત્નીઓના પ્રભાત સમયે રૂદનથી પોતાની અસિ(તલવાર)નો પ્રતાપ મોટેથી જાહેર કરનાર, દેવ, દ્વિજ અને ગુરૂઓનાં ચરણકમળ-ને પ્રણામ કરતાં પંક્તિઓ પડેલા કોટી વજ્રમણિનાં ઉજ્જવળ કિરણોથી વિરાજિત મુગટથી મંડિત શિરવાળો, દીન, અનાથ, આજારી, અભ્યાગત, યાચક અને વિપત્તિવાળા જનોના વૈભવ મનોરથ પૂર્ણ કરવાથી વૃદ્ધિ પામતા, સ્વર્ગપ્રાપ્તિના એક જ સહાય ધર્મસંચયવાળો પૂર્વે પ્રણયથી કોપિત થએલી માનિની જનોના પ્રણામ પછી મધુર વચનથી ઉદ્‌ભવેલા પ્રસાદથી પ્રકાશિત થતા વિદગ્ધ અને નાગરક સ્વભાવવાળો, વિમલ ગુણનાં કિરણોના પિંજરમાં કલિનાં ઘન તિમિર-ને નાંખનાર, પંચમહાશબ્દ પ્રાપ્ત કરનાર શ્રી દદ્દ કુશળ હાલતમાં સમસ્ત રાજ, સામન્ત, ભોગિક, વિષયપતિ, રાષ્ટ્રમહત્તર, ગ્રામમહત્તર, આધિકારિક આદિને જાહેર કરે છે કે :—

(પંક્તિ ૩૩) તમને જાહેર થાઓ કે અક્રૂરેશ્વર વિષયમાં આવેલું શિરીષપદ્રક ગામ ઉદ્રઙ્ગ-સહિત, ઉપરિકરસહિત … … … … … કાપવાની સર્વ વસ્તુ, વિષ્ટિ, પ્રતિભેદિકાસહિત ભૂમિચ્છિદ્ર ન્યાયથી, સૈનિકોના પ્રવેશમુક્ત, ચંદ્ર, સૂર્ય, સાગર, પૃથ્વીના અસ્તિત્વકાળ સુધી પુત્ર, પૌત્ર અને વંશજોના ઉપભોગ માટે જમ્બુસરથી આવેલા અક્રૂરેશ્વર વિષયમાં શિરીષપદ્રક-ના નિવાસી, બહ્‌વૃચ શાખાના, વત્સ ગોત્રના, આશ્વલાયનસ સબ્રહ્મચારી, બ્રાહ્મણ ભટ્ટિ અ-ધ્યાપક તથા ગોપાદિત્ય તથા ભટ્ટિગણ, વિશાખ, અગ્નિશર્મા અને દ્રોણ—કાશ્યપ ગોત્રના ભટ્ટિ-દામ તથા વત્ર, અધ્વર્યુ વાજસનેય શાખાના, કૌન્ડકીય ગોત્રના, કણ્વ સબ્રહ્મચારી બ્રાહ્મણ તાપિ શર્મ્મા અને બીજો તાપિશર્મ્મા, અને દત્તસ્વામી, અને ભાગિસ્વામી, અને પિતૃશર્મ્મા અને ભટ્ટિ અને દ્રોણ—ધૂમ્રાયણ ગોત્રના કર્ક આધ્યાપક અને અલ્લક,—કૌણ્ડિન્ય ગોત્રના વાટશર્મા અને શૈલ અને ઘોષ અને મહાદેવ અને બાવ— માઠર ગોત્રના ધર અને વિશાખ અને નન્દિ અને રામિલ—હારિત ગોત્રના ધર્મ્મધર—છાન્દોગ્ય ભરદ્વાજ ગોત્રના કૌથુમ સબ્રહ્મચારી બ્રાહ્મણ ઇન્દ્રશર્મા અને આદિત્યરવિ અને તાપિશૂર અને ઇન્દ્રશૂર અને ઈશ્વર અને ધર અને દામધર અને બીજો ઈશ્વર ભરૂકચ્છથી આવેલા ભેરજ્જિકામાં નિવાસ કરતા અથર્વ વેદમાં નિપુણ ચૌલી ગોત્રના પિપ્પલાદ સબ્રહ્મચારી બ્રાહ્મણ ભદ્ર અને વાયુશર્મ્મા અને દ્રોણસ્વામી અને રૂદ્રાદિત્ય

અને પૂર્ણસ્વામી, આ ચાર ચરણના બ્રાહ્મણોને ચતુર્વેદિ વર્ગનું પહેલાં પાલન કરી, બલિ, ચરૂ, વૈશ્વદેવ, અગ્નિહોત્ર, પંચમહાયજ્ઞ આદિ અનુષ્ઠાન માટે, અને મારાં માતાપિતાના અને મારા પુણ્ય યશની વૃદ્ધિ માટે, કાર્તિક પૂર્ણિમાને દિને પુષ્કળ પાણીના અર્ધ્ય સાથે અમે આપ્યું છે.

(પંક્તિ ૪૩) આથી અમારા વંશના કે અન્ય ભાવિ ભોગપતિઓએ, પ્રબળ પવનથી પ્રેરિત ઉદધિના જલતરંગ જેવો ચંચલ જીવલોક છે, વૈભવ અનિત્ય અને અસાર છે અને ગુણો દીર્ઘ કાળ સુધી ટકી રહે છે એમ મનમાં રાખીને, ભોગ અને ભૂમિદાનના સામાન્ય ફળની અભિલાષવાળા અને શશી જેવા ઉજ્જવળ ચિરકાળ સુધી રહેતા યશની પ્રાપ્તિની વાંછનાવાળાઓએ (ભોગપતિઓએ) આ અમારા દાનને અનુમતિ આપવી અને તેનું રક્ષણ કરવું જોઈએ. અજ્ઞાનના ઘન તિમિરથી આવૃત ચિત્તવાળો જે આ દાન જપ્ત કરશે અથવા જપ્તિમાં અનુમતિ આપશે તે પંચમહાપાપનો અને અન્ય નાનાં પાપનો દોષી થશે.

(પં. ૪૬) ભગવાન વેદવ્યાસે કહ્યું છે કેઃ—ભૂમિદાન દેનાર સ્વર્ગમાં ૬૦ હજાર વરસ વાસ કરે છે પણ દાન જપ્ત કરનાર અથવા તેમાં અનુમતિ આપનાર તેટલાં જ વરસ નરકમાં વસે છે. ભૂમિદાન જપ્ત કરનાર વિંધ્યાદ્રિના નિર્જલ વૃક્ષનાં શુષ્ક કોટરમાં વસતા કાળા નાગ જન્મે છે. સગરના સમયથી ભૂમિનો બહુ નૃપોએ ઉપભોગ કર્યો છે જે સમયે જે ભૂપતિ હશે તેને તે સમયે તેનું ફળ છે. અહીં પૂર્વ નૃપોએ કરેલાં ધર્મ, શ્રી, અને યશનાં ફળ દેનારાં દાન, ભોગ કરેલી માલા જેવાં છે. કયો સુજન તે પુનઃ પાછાં લઈ લેશે?

(પં. ૫૦) સંવત્સર ત્રણસો અધિક એંસી, કાર્તિક પૂર્ણિમાને દિને અમારી મુખઆજ્ઞાથી સંધિવિગ્રહાધિકરણાધિકૃત રેવથી લખાયું સંવત્ ૩૦૦ અને ૮૦. કાર્તિક શુ. ૧૦ અને ૫.

(પંક્તિ ૫૨) દિનકરના ચરણની પૂજામાં આનન્દ લેનાર શ્રીવીતરાગના પુત્ર પ્રશાન્તરાગના આ સ્વહસ્ત છે.

નં० ૧૧૦

દદ્દ ૨ જાનાં કાવીનાં તામ્રપત્રો*

ચે. સ. ૩૮૫ કા. સુ. ૧૫

દદ્દ ૨ જાનાં ખેડાનાં દાનપત્રોની પ્રો. ડોસનની પ્રતિકૃતિઓમાંની બીજી પ્રતિકૃતિમાં બે પતરાં છે. તે દરેક ૧૦½" લાંબું અને ૭½" પોહોળું છે. પતરાંના કાંઠા લખાણના રક્ષણ માટે જાડા અગર વાળેલા હતા કે નહીં તે જાણી શકાતું નથી. પતરાં સુરક્ષિત છે, અને એકંદરે લખાણ સુવાચ્ય છે. લખાણની શુદ્ધિ સંબંધમાં નં० ૧૦૯ ના લેખ ઉપર આપેલી ટીકા[1] લાગુ પડે છે. પતરાંઓ ઉપર બે કડી માટે કાણાં છે, પણ પ્રતિકૃતિમાં એક જ કડી દેખાય છે. તે લગભગ ½" જાડી છે, અને વલભીનાં દાનપત્રોની કડી જેવી બેડોળ છે. કડી ઉપરની મુદ્રા લગભગ ગોળ છે. તેનો વ્યાસ ૧$\frac{3}{16}$" છે. અને તેના ઉપર નં० ૧૦૯ની મુદ્રા જેવી જ ઉપસેલી આકૃતિ છે. તેની નીચે એવો જ "सामन्त–दद्द" લેખ છે. છેવટ સુધી ભાષા સંસ્કૃત છે. અને છેક ૩૧ મી પંક્તિ સુધી લેખ નં० ૧૦૯ ના લેખને અક્ષરશઃ મળતો આવે છે.

લેખ પ્રશાંતરાગના ઉપનામવાળા દદ્દ ૨ જાના સમયનો છે. તેના ઉપર તિથિ શબ્દ અને અંકોમાં લખી છે, તે અવ્યક્ત સંવત ૩૮૫ ના કાર્તિક માસની પૂર્ણિમા છે. ૧૦૯ નં० ની માફક આ દાનપત્ર પણ નાંદીપુરિમાંથી આપ્યું છે, અને અક્રૂરેશ્વર પ્રાંત અથવા વિષયમાંના તે જ શિરીષપદ્રક ગામ આપ્યાનું લખ્યું છે. પ્રથમના દાનપત્ર પછી ફક્ત પાંચ વર્ષે આપેલા આ બીજા દાનપત્રનો હેતુ જાણી શકાતો નથી.

પહેલું દાનપત્ર ૪૦ બ્રાહ્મણોને આપ્યું હતું. તેમાંથી ૩૨ નાં નામ આ દાનપત્રમાં ફરીથી આપ્યાં છે. આ દાનપત્રમાં નહિ આપેલાં નામો આ છેઃ– કૌણ્ડિન્ય ગોત્રના વાટશર્મા અને મહાદેવ (નં० ૧૦૯ પંક્તિ ૩૮–૯) ભારદ્વાજ ગોત્રનો ઇન્દ્રશર્મા (તેમાં જ પંક્તિ ૪૦), ચૌલી ગોત્રના ભદ્ર, વાયુશર્મા, દ્રોણસ્વામિ, રૂદ્રાદિત્ય, અને પુર્ણસ્વામિ (તેમાં જ પંક્તિ ૪૧). અને બે નવાં નામ આપ્યાં છે, તે વત્સગોત્રનો વાડ (પંકિત ૩૭) અને ધૂમ્રાયણ અથવા ધૌમ્રાયણ ગોત્રનો ઇન્દ્રશૂર (પં. ૪૦), આ રીતે પંક્તિ ૪૦ માં લખ્યા મુજબ દાન મેળવનારની સંખ્યા ૩૪ થાય છે. નામો નં० ૧૦૯ની પેઠે ચરણો પ્રમાણે નહીં પણ ગોત્ર પ્રમાણે ગોઠવ્યાં છે, ત્રણ પુરુષો—ધર, ધાધર, અને બીજો ઈશ્વર—જે નં० ૧૦૯ ની પંક્તિ ૪૦ પ્રમાણે ભરદ્વાજ ગોત્રના લખાયા હતા, તે આંહિ (પંકિત ૩૮—૯) લક્ષમણ્ય ગોત્રના હોવાનું જણાવ્યું છે, અને 'चातुर्विद्यपरिकल्पना—पूर्व्वम्' એ શબ્દો નં० ૧૦૯માં પંકિત ૪૨ માં આવે છે તે આ દાનપત્રમાં આપ્યા નથી. બીજી બાબતોમાં, આ દાનપત્ર નં० ૧૦૯માં લખેલાં દાનપત્રના જ માણસોને, તેમાં બતાવેલા હેતુ માટે, અને તેમાં બતાવેલી પરિસ્થિતિમાં જ અપાયું હતું.

* ઈ. એ. વો. ૧૩ પા. ૮૮ જે. એફ. ફ્લીટ. ૧ ઈ. એ વો. ૧૩ પા. ૮૧ ક્ષે. ૪

अक्षरान्तर

पतरूं पहेलुं

१ ॐ स्वस्ति नान्दीपुरीतो[।]विविधविमलगुणरत्नसम्पदुद्भासितसकलदिङ्मुखेपरि-
त्र[ता]शेष सपक्षमहामहि[ही]भृतिसततम[ि]वलङ्घि-
२ त[ा]ब्धौ स्थैर्य्य गाम्भि[म्भी]र्य्यलावण्यवति महासत्वतयातिदुरवगाहेगुर्ज्जर
नृपतिवंशमहोदधौ श्रीसहजन्माकृष्णहृदयाहिता-
३ स्पदः [कौ]स्तुभमणिरिव विमलयशोदीधिति निकरदि[वि]निहत कलितिमि-
मिरनिचयः सत्पक्षो वैनतेय इवाकृष्टशत्र[त्रु]नागकुलसंत[ि]त-
४ रुत्पादित एव दिनकरचरणकमलप्रणामापनि[नी]ताशेषदुरितनिवहस्सामन्त-
दद्दः[।]प्रतिदिनमप[े]त शङ्क[ं]येनस्थितमचल-
५ गुणनिकरकेसरिविराजितवपुषा विनिहतारिगजकुम्भविगलितमुक्ताफलच्छलप्रकी-
र्ण्णविमलयशोवितावे[ने]रूपानुरू-
६ पं सत्वमुद्वहत[ा]केसरिकिशोरकेणेवोपरिक्षितिभृता[।]याश्चातिमलिनकलियुगति-
मिरचन्द्रमसमनुदिवसमन्या[न्यो]न्यस्पर्द्धये-
७ वाययुः कलासमूहादयो गुणः विक्क[क]मानीतमद ति[वि]लासालसगत-
योरातिगजघटाः प्रमदाश्च[।]यस्य चाविरत-
८ [दा]नादि[?]प्रवाह प्रीणितार्थिमधुकरकु[र]कुलस्य रुचिरकीर्त्तिवशासहायस्य
सततमस्खलितपदं प्रसरतः सद्वंशाहितशोभा-
९ गा[गौ]रवस्य भद्रमतङ्गस्येव करघाटविनिहतक्षितिभृदुन्नततनूरु[रुस्]च-
रेवानिर्ज्झरसलिलप्रपातमधुरनिनादस्य
१० भगा[गो]द्भवास्समुन्नतपयोधराहितश्रियो दयिता इव मुदे विन्ध्यनगोपत्यरा-
[का]: [।]यश्चोपमीयते शशिनि सौम्य[त्व] वैमल्यशोभाक-
११ लाभिर्न्न कलङ्केन श्रीनिकेतशोभासमुदयाधःकृतकुलकण्टकतया कमलाकरे न पङ्क-
जन्मतया । सत्वोत्साह विक्क[क्र]मैर्मृ[म्मृ]-
१२ गाधिराजेन क्रूराशयतया । लावण्यस्थैर्य्यगाम्भीर्य्यस्थित्यनुपालनतया महोदधौ न-
व्यालाश्रयतया । सत्कटक प[स]-
१३ मुन्नतविद्याधरावासतया हिमाद[च]लेन खष[श]य[प]रिवारतया । यस्य
च सद्भोगः शेषोरगस्येव विमलकिरणमणिशताविष्कृत-
१४ गौरवस्सकलजगत्सारा[धा]रणो । यस्य प्रकाश्यते सत्कुलं शि[शी]लेन । प्रभु-
त्वमाज्ञया । शत्रुमरातिप्रणिपातेन । कोपा[पो]निग्रहेण ।
१५ प्रसादः प्रदानैर्द्धर्म्मो देवद्विजातिगुरुजनसपर्य्ययेति[॥]तस्य सूनुः प्रतप्तरुचिरक-
नकावदातः कल्पतरुरिवाविरतम-
१६ मिरुचितफलप्रदः सततमृतुगणस्येव वसन्तसमयो वसन्तसमयस्येव प्रविक[ा]-
सित निबिडचूततरुवनाभोगः सरस इव

१७ कमलनिवहः कमलनिवहस्येव प्रबोधो महाविषधरस्येवमणिम्मणोरिव स्वच्छसार-
भावो महोदधेरिवामृतकलशोमृतक-

१८ लशस्येवामरणदायित्वप्रशा[भा]वः करिण इव मदः प्रमचा[दा]जनस्येव वि-
लासी विभवस्येव सत्पात्रविनियोगो धर्म्म-

१९ स्येव क्रतुः क्रतोरिव स्वदक्षिणाकालः प्रेम्ण इव सद्भावः शशिनइवामलकला-
समूहो नियसमलङ्कारभूतः सकल-

२० निशाकराभिरूपवदनः शक्तो वदान्यः प्रबलरिपुबलानीकसमरसमवाप्तविजयश्रीः श्री-
वीतरागापरनामाश्रीजर[य]भ-

२१ ट[ट]ः[।]कलिप्रतिपक्षभयाच्छरणार्थिन इव यमाश्रितः सविनया गुणाः[।]-
स्फुरितदि[वि]मलकीर्त्ति सौदामणि[नि]ना येन सकलजी-

२२ वलोकानन्दकारिणा कालवलाहकेनेवावन्ध्यफलं गर्ज्जता प्रणयिनामपही[नी]-
तास्तृष्णासन्तापदोषाः[।]यश्च शू[शू]रोपि सतत-

२३ मयशोभीरुरपगत तृष्णोपि गुणार्ज्जनाविच्छिन्नतर्षः सर्व्वप्रदानशीलोपि परयुवति-
हृदयदानपराङ्मुखः पटुरपि प-

२४ रपरिवादानि[भि]धान जडधीः[।]यस्य च न विरोधि रूप[-]शीलस्य यौवनं
सद्वृत्तस्य दि[वि]भवः प्रदानस्य तृ[त्रि]वर्ग्गसेवापरस्परा-

२५ पीडनस्य प्रभुत्वं क्षान्तेः कलिकालेगुणानामिति[॥] तस्य सूनुः सजलघनपटल-
निर्ग्गतरजनिकरकरावबोधि

२६ तकुमुदधवलयशः प्रतानास्थगित नभोमण्डलो नेकसमरसंकटप्रमुखागतनिहत-
शत्रुसामन्त-

२७ कुलवधूप्रभातसमयरुदितच्छलोद्गीयमानविमलनिर्स्त्रिंशप्रतापो देव द्विजातिगुरु-

पतरूं बीजुं

२८ चरणकमलप्रणामोद्घृष्टवज्रमणि-[कोटिरुचिर]-दीधितिविराजितमुकुटोद्भासित-
[शि]शरा-

२९ दि[दी]नानाथातुराभ्यागतार्थिजनाक्लिष्टप[रिपूरित]वि[भव]मनोरथोपचि-
[ची]यमानत्रिविष्टपैकस-

३० हायधर्म्मसञ्चयः प्रणयपरिकुपितमानिनि[नी][जनप्रणा]मपूर्व्वमधुरवचनोपपा-
दितप्रसादप्रकाशी-

३१ कृतविदग्धनागरकस्वभावो विमलगुणकिरणपञ्जर[।] [शि]क्षतबहलकलितिमि-
मिरनिचयस्समधिगतपञ्च-

३२ महाशब्द[:] श्रीदद्दः कुशली सर्व्वानेव राजसामन्तभोगिकविस[ष]यपति-
राष्ट्रग्राममहत्तराधिकारिकादीन्स-

३३ मनुबोधयत्यस्तुवो विदितमस्माभि रक्त[कू]रेश्वरविषयान्तर्गत । शिरिषपद्रक ।
पूर्वग्रामस्सोद्रङ्गः

३४ सोपरिकरः सर्व्वादानसंग्राह्य[:]सर्व्वदित्यविष्टिप्रातिभेदिक परिहि[ही]णो भूमि-
च्छिद्रन्यायेनाचाटभटप्रा-

३५ वेश्य आचन्द्रार्कार्ण्णद[व]क्षितिस्थितिसमकालीनः पुत्रपौत्रान्वयभोग्यो जम्बूस-
रोवास्तव्य भरद्वाजस-

३६ गोत्रकण्वसब्रह्मचारि ब्राह्मणादित्यरवि । तथा तापिशु[शू]र । इन्द्रशूर । ईश्वर ।
तथावत्ससगोत्र भट्[ट् *]यि[य]

३६ ध्यापक । गोपादित्य । वाड । विशाख । अग्निशर्म्म । भट्टिगण । द्रोण । माफ-
[ठ]रसगोत्रविशाख । धर । नन्दि ।

३८ राम । दौण्डगी[ठी] [य]सगोत्रतापिशर्म्म द्वितापिशर्म्म[शर्म्म] । द्रोण । भट्टि
पितृशर्म्म । भागिस्वामि । दत्तस्वामि । लाक्ष्म-

३९ ण्यसगोत्रधर । दामधर । ईश्वर । कौण्डिन्यसगोत्र बाव । घोष । शैल । काश्य-
पसगोत्र भट्टिदामि[म] । वा [व ?]त्र[।]-

४० हारीतसगोत्रधर्म्मधर । धौम्र[ा]यन[ण]सगोत्रकर्क्काध्यापक । आवुक । इन्द्र-
शूरादि ब्राह्मणेभ्यश्चतुस्त्रिंशद्भ्यो-

४१ बलिचरुवैश्वदेवाग्निहोत्रपञ्चमहायज्ञादिक्रि[क्रि]योत्सर्प्पणार्थं माता[ता]पि-
त्रोरात्मनश्चपुण्ययशोभि[भि]वृद्धये कार्त्ति-

४२ क्यामुदकातिसर्गेणातिसृष्टो[।] यतोस्मद्वंश्यैरन्यैर्व्वागामिभोगपतिभिः प्रबलपवन-
प्रेरितोदधिजलतरंग-

४३ चञ्चलं जि[जी]वलोकमभावानुगतानसारान्विन[भ]वान् दीर्घकालस्थेयसश्च-
गुणानाकलय्य सामान्यभोगभू-

४४ प्रदानफलेप्सुभिः शशिकररुचिरं यशश्चिराय चिचीषुभिरयमस्मद्दासो[यो]नुमन्त-
व्यः पालयितव्यश्च । यो वाज्ञा-

४५ नतिमिरपटलावृतमतिराच्छिन्द्यादाच्छिद्यमानकं वानुमोदेत सपञ्चभिर्म्महापातकै-
स्संयुक्तस्यादित्युक्तं च भग-

४६ वता वेदव्यासेन व्यासेन ॥ षष्टिं वर्षसहस्राणि स्वर्गे तिष्ठ[त]भूमिदः आच्छे-
त्ता चानुमन्ताच तान्येव नरके वसेत् [॥]

४७ विन्ध्याटवीष्वतोयासु शुष्ककोटरवासिनः कृष्णाहयोहि जायन्त[े]भू[म]
द[ा]यं हरन्ति ये ॥ बहुभिर्व्वसुधा भुक्ता राजभिस्स-

४८ गरादिभिः यस्य यस्य यदा भूमिस्तस्य तस्य तदा फलं । यानि[नी]ह द[त्त]ा
नि पुरा नरेन्द्रैर्द्दानानि धर्म्म[ा]र्थयशस्कराणि । निर्भुक्त-

४९ माल्यप्रतिमानि तानि को नाम साधुः पुनराददि[दी]त ॥ इति[॥]संवत्सर-
शतत्रये पञ्चाशि[शी]त्यां [ध]के कार्त्तिकपौर्णमास्यां

५० लिखितं सन्धी[न्धि]विग्रहाधिकरणाधिकि[कृ]तेरे[व]ेणस्वमुखाज्ञयेति[॥]
सं ३०० ८० ५ कार्त्तिक शु[सु]१० ५ [॥]दिनकरचरणा-

५१ र्च्चनरतस्य श्रीवीतरागसू[नो]ः स[स्व] [हस्तोयं] प्रशान्तरागस्य ॥

ભાષાન્તર

ૐ ! સ્વસ્તિ ! નાન્દીપુરી(શહેર)માંથીઃ—

(પં. ૧) વિવિધ ગુણસંપદથી સકલ દિશાઓનાં મુખ, રત્નોથી સાગર મંડિત કરે છે તેમ મંડિત કરનાર (વગેરે વગેરે નં. ૧૦૯ પ્રમાણે) મહોદધિ જેવા ગુર્જ્જર નૃપોના વંશમાં, શ્રી કૃષ્ણના હૃદય ઉપર રહેલી શ્રી(લક્ષ્મી)ની સાથે જન્મેલા કૌસ્તુભમણિ જેવા વિમલ યશનાં કિરણથી કલિયુગનાં તિમિર દૂર કરનાર, સત્પક્ષથી વૈનતેય માફક શત્રુ નાગકુલની સંતતિ જડ-મૂળથી ઉખેડી નાંખનાર (વગેરે વગેરે નં. ૧૦૯ પ્રમાણે) સામન્ત દદ્દ હતો.

(પં. ૧૫) તેને તપાવેલા ચળકતા સુવર્ણ જેવો શુદ્ધ (વગેરે વગેરે નં. ૧૦૯ પ્રમાણે) શ્રી વીતરાગના બીજા નામવાળો શ્રી જયભટ પુત્ર હતો.

(પં. ૨૫) તેનો પુત્ર, સજળ ઘન વાદળમાંથી બહાર નીકળતા શશીનાં કિરણથી જાગૃત થએલા શ્વેત કુમુદ જેવી યશની વેલીથી નભમંડળ છાયી નાંખતો (વગેરે વગેરે નં. ૧૦૯ પ્રમાણે) પંચમહાશબ્દ પ્રાપ્ત કરનાર, શ્રી દદ્દ કુશળ હાલતમાં સમસ્ત રાજ, સામન્ત, ભોગિક-વિષયપતિ, રાષ્ટ્રમહત્તર, ગ્રામ મહત્તર, આધિકારિક આદિને જાહેર કરે છેઃ—

(પં. ૩૩)તમને જાહેર થાઓ કેઃ—અમારાથી, અક્રૂરેશ્વર વિષયમાં આવેલું શિરીષપદ્રક ગામ ઉદ્રઙ્ગસહિત, ઉપરિકરસહિત ... ... કાપવાની સર્વ ચીજ, વિષ્ટિ, પ્રતિભેદિકાસહિત, ભૂમિ-ચ્છિદ્રના ન્યાયથી, સૈનિકોના પ્રવેશમુક્ત, ચંદ્ર, સૂરજ, સાગર, પૃથ્વીના અસ્તિત્વકાળ સુધી પુત્ર-પૌત્ર અને વંશજોના ઉપભોગ માટે, જમ્બુસરમાં નિવાસ કરતા ભરદ્વાજ ગોત્રના, કણ્વ સબ્રહ્મ-ચારી બ્રાહ્મણ આદિત્યરવિ તથા તાપિશૂર અને ઇન્દ્રશૂર અને ઈશ્વર—તથા વત્સગોત્રના ભટ્ટિ આધ્યાપક અને ગોપાદિત્ય અને વાડ અને વિશાખ અને અગ્નિશર્મ્મા, અને ભટ્ટિગણ અને દ્રોણ--માઠર ગોત્રના વિશાખ અને ધર અને નન્દી અને રામ કૌણ્ડકીય ગોત્રના તાપિશર્મ્મા અને બીજા તાપિશર્મ્મા, અને દ્રોણ અને ભટ્ટિ, અને પિતૃશર્મ્મા, અને ભાગિસ્વામિ અને દત્ત સ્વામિ—લક્ષ્મણ્ય ગોત્રના ધર અને દામધર અને ઈશ્વર---કૌણ્ડિન્ય ગોત્રના બાવ અને ઘોષ અને શૈલ—કાશ્યપ ગોત્રના ભટ્ટિદામા અને વાત્ર—હારિત ગોત્રના ધર્મધર ધૌમ્રાયણ ગોત્રના અધ્યાપક કર્ક અને આવુક અને ઇન્દ્રશૂર. આ ૩૪ બ્રાહ્મણોને બલિ, ચરૂ, વૈશ્વદેવ, અગ્નિહોત્ર, પંચમહા-યજ્ઞ આદિ અનુષ્ઠાન માટે તથા મારાં માતાપિતા અને મારા પુણ્યયશની વૃદ્ધિ માટે કાર્તિક પૂર્ણિમાને દિને પુષ્કળ પાણીના અર્ધ્ય સાથે અપાયું છે.

(પં. ૪૨) અમારા વંશના કે અન્ય ભાવિ ભોગપતિઓએ (વગેરે વગેરે નં.૧૦૯ પ્રમાણે) આ અમારા દાનને અનુમતિ આપવી અને તેનું રક્ષણ કરવું જોઈએ.

(પં. ૪૫) અને ભગવાન્ વેદવ્યાસે કહ્યું છે કેઃ--ભૂમિદાન દેનાર (વગેરે વગેરે નં. ૧૦૯ પ્રમાણે).

(પં. ૪૯) સંવત્સર ત્રણસો અધિક એંસી, કાર્તિક પૂર્ણિમાને દિને અમારી મુખઆજ્ઞાથી સંધિવિગ્રહાધિકરણાધિકૃત રેવથી લખાયું સંવત ૩૦૦ અને ૮૦ કાર્તિક શુ. ૧૦ અને ૫.

(પં. ૫૦) દિનકરના ચરણની પૂજામાં આનન્દ લેનાર શ્રીવીતરાગના પુત્ર પ્રશાન્તરાગના આ સ્વહસ્ત છે.

નં૦ ૧૧૨

સંખેડામાંથી મળેલું રણગ્રહનું તામ્રપત્ર[1]

ચે. સંવત ૩૯૧ વૈશાખ વદ ૧૫ (અમાવાસ્યા)

પતરૂં બીજું.

આ પતરૂં ૯ાા ઇંચ લાંબુ અને ૪$\frac{3}{4}$ ઇંચ પહોળું છે અને તેમાં ઉમેટા, ઈલાવ અને બગુમરામાંથી મળેલાં ગુર્જર તામ્રપત્રોની લિપિમાં જ લખાએલો દશ લીટીનો સુરક્ષિત લેખ છે. ઉપરના ભાગમાં કડીઓની જગા બતાવનારાં કાણાં મોજુદ છે. લેખ અશુદ્ધ સંસ્કૃત ભાષામાં લખાએલો છે.

દાન લેનાર પુરૂષ (પં. ૧) બ્રાહ્મણ આદિત્યશર્મા છે, દૂતક (પં. ૯) ભોગિક પાલકટુજ્ઞાન છે, અને લેખક (પં. ૧૦) સંધિવિગ્રહાધિકૃત માત્રિભટ છે. (પં. ૯-૧૦) અનુસાર દાતા દિનકર કિરણાભ્યર્ચનરત અને શ્રી-દદ્દ-પાદાન્તર્જ્ઞાતિ (દિનકરનો ઉપાસક અને શ્રી દદ્દનો નિકટનો સગો) તરીકે જણાવેલો રણગ્રહ નામનો વીતરાગનો પુત્ર હોય તેમ જણાય છે, કારણ કે દાનપત્રમાં તેના જ હસ્તાક્ષર છે. તિથિ (પં. ૮) સં. ૩૯૧. વૈશાખ બહુલ. ૧૫. એટલે વૈશાખની અમાસ છે.

દાતાના વંશની હકીકત ખોવાઈ છે, છતાં છેલ્લી બે હકીકતોથી આપણે જાણી શકીએ કે દદ્દ ૪ થો--ઉર્ફે પ્રશાન્તરાગ. ૨ જા[2]ના રાજ્યસમયમાં આ દાનપત્ર જાહેર થયું હતું અને દાતા દદ્દ ૪-પ્રશાન્તરાગ ૨ જાનો ભાઈ હતો. કારણ કે દદ્દ ૪ નાં બે ખેડાનાં દાનપત્ર સં. ૩૮૦ અને ૩૮૫[3] માં અપાએલાં તેથી સં. ૩૯૧ની નવી તિથિમાંથી એમ માલુમ પડે છે કે " શ્રી દદ્દ" એવા લખાણથી તે જ પુરૂષ અાંહિ ધારેલો હોવો જોઈએ. વળી રણગ્રહને વીતરાગનો પુત્ર અને દદ્દનો બન્ધુજન એમ બન્ને કહ્યો છે. અને પાછળનો (દદ્દ) જયભટ ૨ જો--એટલે વીતરાગ ૧ લાનો પુત્ર હતો; તેથી રણગ્રહ દદ્દનો ભાઈ કે પીતરાઈ ભાઇ (કાકાનો દીકરો ભાઈ) હોવો જોઈએ. એટલે આપણા દાનપત્રથી જણાય છે કે દદ્દ ૪ નું રાજ્ય સં. ૩૯૧ સુધી અથવા ગુર્જરો ઈ. સ. ૨૪૯ ના ચેદિ સંવત્નો ઉપયોગ કરતા હતા તે પ્રમાણે ઈ. સ. ૬૪૦ સુધી ઓછામાં ઓછું ચાલ્યું જ હોવું જોઈએ.

---

૧ એ. ઈ. વો. ૨ પા. ૨૦ એચ. એચ. ધ્રુવ બી. એ. એલ એલ. બી. ૨ ઈ. એ. વો. ૧૭ પા. ૧૯૧
૩ ઈ. એ. વો. ૧૩ પા. ૮૧ જ. બો. એ. સો. વો. ૭ પા. ૯૦૮ જ. રો. એ. સો. ન્યુ. સી. વો. ૧ પા. ૨૪૭

अक्षरान्तर

१ ब्राह्मणादित्यशर्म्मायां उदकातिसर्ग्गेणोछिष्टं[1] यतोस्यास्मद्वङ्श्यैरन्यैर्व्वीयामिभोग-पतिमि अय-[3]

२ [4]मैस्मादायोनुमन्तव्यं पालयितव्यश्च यो वाज्ञनतिमिरपटला [6]व्रितराच्छिन्द्यादा-च्छिन्द्यमानं[7] वा-

३ नुमोदेत स पञ्चभिर्म्महापातकै[:]संयुक्त[:]स्याँइत्युक्तञ्च भगवता वेदव्यासेन व्यासेन षष्टिवरिष-

४ सहस्राणि[10] स्वर्ग्गे मोदति भूमिर्दां आच्छेत्ता चानुमन्ता च तान्येव नरके वसे[11] विन्ध्याटवीष्वतोयासु शुष्क-

५ कोटरवासिन[:][12]क्रिष्णाहयो हि जायन्ते भूमिदानापहारका[:]यानीह दत्तानि पुरा नरेन्द्रैर्दानानि

६ धर्म्मार्त्थयशस्कराणि निर्मुक्तमाल्यप्रतिमानि तानि को णामं साधु[:]पुनराद-धीति स्वदत्तां परदत्तां वा

७ यत्नाद्रक्ष युधिष्टिर[16] मही[17] महिमर्तां श्रेष्ठ दातातुच्छ्रेयोनुपालनमिति[19]

८ संवत्सरशतत्रये एकनवत्ये वैशाखबहुलपञ्चदश्यां सं. ३९२ वैशाख ब १५

९ दूतकोत्र भोगिकपालकटज्ञान[:]दिनकरकिरणाभ्यर्च्चनरतस्य स्वहस्तोयं श्रीवीं-तरागसूनो

१० रणग्रहस्य श्रीदद्दपादान्तर्ज्ञाति[21] लिखितंमिदं सन्धिविग्रहाधिकित[22] मात्रिभटेन

वांचो १ शर्मणे २ णोत्सृष्टः ३ पतिभिरय ४ मस्मद्दायो ५ मन्तव्यः ६ व्रतमतिरा ७ दाच्छिद्यमानं ८ स्यादि ९ षष्टि वर्ष १० भूमिदः ११ वसेत १२ कृष्णा १३ नाम १४ दधीत १५ दत्तां १६ युधिष्ठिर १७ महीं १८ महीमतां १९ दानाच्छ्रेयो २० एकनवत्यां २१ ज्ञातिः २२ विग्रहाधिकृत.

દદ્ ર જો અથવા પ્રશાન્તરાગનાં બે દાનપત્રો[1]

(ચેદી) સંવત્ ૩૯૨ વૈશાખ સુદ ૧૫

દાનપત્રોનો આશય સૂર્ય બ્રાહ્મણને તેના યજ્ઞોના ખર્ચ માટે— સંગમખેટક વિષયમાં બે ખેતર, એક સુવર્ણારપલ્લિ (નં. ૧) અને એક ક્ષીરસર(નં. ૨)માં આપવાનો છે. આ લેખોમાંથી ભરૂચના ગુર્જરોના ઇતિહાસ માટે વસ્તુલાભ અલ્પમાત્ર છે. તેમની તિથિ (ચેદિ) સંવત ૩૯૨ વૈશાખ પૂર્ણિમા જણાવે છે કે દદ ૪. પ્રશાન્તરાગે ઈસ્વી સન ૬૪૧-૪૨ સુધી તો રાજ્ય કર્યું જ. અને મી. ધ્રુવની ધારણા પ્રમાણે (ચેદિ) સંવત ૩૯૧ નું સંખેડાનું દાનપત્ર[2] ખરેખર શ્રી દદ્દના રાજ્યમાં અપાયું હતું. તેનો દાતા રણગ્રહ, શ્રી વીતરાગનો પુત્ર, જેને મી. ધ્રુવ ખરી રીતે આપણા દદ્દનો ભાઈ લેખે છે, તે તેના ગરાસ તરીકે કેટલાંક ગામનો બહુધા માલિક હતો. વળી આ બે લેખો જણાવે છે કે ગુર્જરોનું રાજ્ય ખાનદેશ અને માલવાની સરહદ સુધી પ્રસરેલું હતું. જે નગરને પાછળ સંગમખેટક વિષય નામ અપાયું તે નગર નિઃસંશય હાલનું સંખેડા છે. શબ્દવ્યુત્પત્તિ પ્રમાણે સંગમખેટક એટલે બે નદીઓના સંગમ પરનું ગામ છે, અને ઉન્છ અને ઓર સંખેડા સમીપમાં મળે છે. સંગમખેટક વિષય કદાચ ગાયકવાડના તાબાનો સંખેડા પ્રાંત તથા હાલ પણ સંખેડા મેવાસ કહેવાતો રેવાકાંઠા એજન્સિનો નજીકનો ભાગ હોય. આ બે જીલ્લાના નામનું કંઈ અંશે મળતાપણું સૂચવે છે કે એક સમયે સંખેડા નામના રાજનગરવાળા એક મોટા પ્રાન્તમાં તેઓ હતા. આ જીલ્લાના ત્રિકોણમિતિ માપણીના નકશા મને મળે તેમ નથી, તેથી બે દાનપત્રમાં જણાવેલાં અટવીપાટક, કુક્કુટવલ્લિકા, ક્ષીરસર અને સુવર્ણારપલ્લિ ગામોના અભિજ્ઞાન(ઓળખ)થી મારો ઉપલો મત પૂર્ણ સાબિત કરવા અશક્ત છું. પણ મારી પાસે ગુજરાતનો જૂનો નકશો છે તે સૌકેરા(સંખેડા)ના અગ્નિકોણમાં કૂકેયલી (કુકેલી) ગામ, જેનું નામ કુક્કુટવલ્લિ સાથે મળે છે તે બતાવે છે.

દાન લેનાર પુરૂષ બ્રાહ્મણ સૂર્ય, ક્ષીરસરમાં વસનાર, ભારદ્વાજ ગોત્રનો, શુક્લ યજુર્વેદના માધ્યન્દિન સબ્રહ્મચારી, દશપુર જે હાલનું પશ્ચિમ માલવાનું મન્દસોર છે ત્યાંથી આવેલો છે. દશપુરના ચતુર્વેદિઓનું મંડળ ધ્રુવસેન ૨ ના શક સંવત ૪૦૦ ના કૃત્રિમ[3] દાનપત્રમાં જણાવેલું છે અને દશપુરના બ્રાહ્મણ જ્ઞાતિના એક પુરૂષે મોકલ અને મેવાડના ચીતોડગઢ[4]ના લેખ રચ્યા છે. હાલમાં દશપુરીઆ બ્રાહ્મણો ગુજરાતમાં નજરે પડતા નથી.

દાનનો લેખક સાન્ધિવિગ્રહિક રેવ છે, જેને આપણે ખેડાનાં દાનપત્રો પરથી જાણીએ છીએ અને દૂતકનું નામ, કર્ક દાનપત્ર નં. ૨ પંક્તિ ૨૭ માં નવું છે. તેનો ભોગિક પાલકનો ખિતાબ જે શબ્દાર્થ પ્રમાણે ભોગિકોનો પાલક અથવા જેનો સાંકેતિક અર્થ મને જાણીતો નથી તે સંવત ૩૯૧ ના સંખેડા દાનપત્રમાં પણ આવે છે, જ્યાં પ્રતિકૃતિમાં પંક્તિ ૯ માં મી. ધ્રુવ વાંચે છે તેમ ભોગિક-પાલકદુ-જ્ઞાન નહીં, પણ દૂતકોત્ર ભોગિક-પાલક-દુજ્જાન છે.

---

૧ એ. ઈ. વો. ૫ પા. ૩૭-૪૧ જી. બ્યુહ્લર ૨ એ ઇ. વો. ૨ પા. ૨૧ ૩ ઈ. એ. વો. ૧૦ પા. ૨૮૭
૪ એ. ઈ. વો. ૨ પા. ૪૨૦

दानपत्र नं. १ अने नं. २ नुं अक्षरान्तरे

पतरुं पहेलुं

१ ओं स्वस्ति नान्दीपुरात्सजलघनपटलनिर्गतरजनिकरकरावनोधितकुमुदधवलयशः-
२ प्रातानास्थगितनभोमण्डलोनेकसमरसंकटप्रमुखागतानिहतशत्रुसामन्तकुलवधूप्रभा-
३ तसमयरुदितच्छलोद्गीयमानविमलनिस्त्रिङ्क्षप्रतापो देवद्विजातिगुरुचरणकमलप्रणा-
४ मोद्घृष्टवज्रमणिकोटिरुचिरदीधितिविराजितमकुटोद्भासितशिराः दीनानाथातुराभ्या-
५ गतार्त्थिजनाक्लिष्टपरिपूरितविभवमनोरथोपचीयमानत्रिविष्टपैकसहायधर्म्मसं -
६ चयः प्रणयपरिकुपितमानिवीजनप्रणामपूर्व्वमधुरवचनोपपादितप्रसादप्रकाशी-
७ कृतविदग्धनागरकस्वभावो विमलगुणकिरणपंजराक्षिप्तबहलकलितिमिरनिचयः
८ समधिगतपञ्चमहाशब्दश्रीदद्द×कुशली सर्व्वानेव राजसामन्तभोगिकविषयपतिराष्ट्र-
९ ग्राममहत्तराधिकारिकादीन्समनुवर्ण्य बोधयत्यस्तु वो विदितमस्माभिः सङ्गमखेटकविषं

दानपत्र नं. १	दानपत्र नं. २
१० *यान्तर्गतसुवर्णारपल्लिग्रामे पूर्व्वसीम्नि ।* तद्विषयमानेन व्रीहिपिटकवापं क्षेत्रं ।	*यान्तर्गतक्षीरसरग्रामोपरदक्षिणसीम्नि* बृह-
११ [य]स्याघाटनानि पूर्व्वतः क्षीरसरग्रामसीमासन्धिः उत्तरतः कुक्कुटवल्लिकाग्रामसीमासन्धिः	१० न्मानेन व्रीहिदशप्रस्थवापं क्षेत्रं यस्य पूर्व्वतस्सन्धौ अङ्कोल्लवृक्षः उत्तरतः शाकवृक्षः
१२ अपरतः ब्रह्मदेयक्षेत्रं वटवृक्षो । तलाइका च । दक्षिणतः सुवर्णारपल्लिग्रामगामी पंन्थाः	११ वटवृक्षश्च[12] ॥ अपरतः खदिरबदरिव्रिक्षौ[14] । दाक्षिणतः शल्वैली । भूतवटश्चेवमेतच्चतु-
१३ अटवीपाटकग्रामसन्धिश्च । एवमेतच्चतुराघाटनविशुद्धं क्षेत्रं सोद्रङ्ग	१२ राघाटनविशुद्धं सशीबरं सोद्रङ्ग-
१४ सोपरिकरं सर्व्वादानसंग्राह्यं	सर्व्वदित्यविष्टिप्रातिभेदिकापरिहीणं[17]

१ डॉ. बुह्लर तरफथी मळेल शाहिनी छापो उपरथी. २ चिह्नरूपे दर्शावेल छे. ३ दानपत्र नं. २ मां पंक्ति १ ली 'स्थगि' थी पूरी थाय छे— नं. २ जामां सङ्कट छे.

४ दानपत्र नं. २ जामां पंक्ति २ जीनो अंत 'च्छलो' थी थाय छे.

५ ,, ,, ३ ,, मणिका(को)थी थाय छे. नं.२जामां मुकुटो वांचो.

६ ,, ,, ४ 'पूरित' थी पूरी थाय छे.

७ ,, ,, ५ 'मानिनी' थी पूरी थाय छे.

८ ,, ,, ६ नो अंत 'विमल' थी थाय छे. नं. २जामां 'पञ्जरा' छे.

९ ,, ,, ७ नो अंत 'कुशली' थी थाय छे.

१० दानपत्र नं. २ मां 'राधिकाधिकादी'— नं. २ जामां पंक्ति ८ नो अंत 'न्समनुदर्शयत्यस्तु' थी थाय छे. ११ वांचो ग्रामेपरदक्षिणसीम्नि. १२ आ अन्दरनुं विराम चिह्न विसर्ग जेवुं लागे छे. १३ वांचो वटवृक्षः १४ वांचो वृक्षौ. १५ वांचो पन्थाः १६ वांचो शल्मलौ. १७ दानपत्र नं.२ जामां पं.१२ विष्टिप्रा थी पूरी थाय छे.

पतरूं बीजुं

१५ भूमिच्छिद्रन्यायेनाचाटभटप्रावेश्यमाचन्द्रार्कार्ण्णवक्षितिस्थितिसमकालीनं[1]

१६ पुत्रपौत्रान्वयभोग्यं दाशपुरविनिर्गतक्षीरसरग्रामवास्तव्यभरद्वाजसगोत्रवाजिसे-

१७ नेयमाध्यन्दिनसब्रह्मचारिब्राह्मणसूर्य्याय बलिचरुवैश्वदेवाग्निहोत्रपञ्चमहायज्ञादिक्रि-

१८ योत्सर्प्पणार्त्थं मातापित्रोरात्मनश्च पुण्ययशोभिवृद्धयेच वैशाखशुद्धपञ्चदश्यामुद-
कातिसर्गेणो-

१९ तिसृष्टं यतोस्यास्मद्वंश्यैरन्यैर्व्वागामिभोगपतिभिः प्रबलपवनप्ररितोदधिजलतरङ्ग-
चञ्चलं-

२० जीवलोकमभावानुगतानसारान्विभावान्दीर्ग्घकालस्थेयसश्च गुणानाकलय्य सामा-
न्यभोगभूप्रं-

२१ दानफलेप्सुभिः शशिकररुचिरं यशश्चिराय चिचीषुभिरयमस्मद्दायोनुमन्तव्यः पाल-
यितव्यश्चं ।

२२ यो वाज्ञानतिमिरपटलावृतमतिशच्छिन्द्यादाच्छिद्यमानकं वानुमोदेत स पञ्चभिर्म्म-
हापातकैः संयुक्तः

२३ स्यादित्युक्तञ्च भगवता वेदव्यासेन व्यासेन । षष्टिं वर्षसहस्राणि स्वर्ग्गे तिष्ठति
भूमिदः [।] आच्छेत्ता चानुमं-

२४ न्ता च तान्येव नरके वसेत् ॥ वन्ध्याटवीष्वतोयासु शुष्ककोटरवासिनः [।]
कृष्णाहयो हि जायन्ते भमिदाय हरं-

२५ न्ति ये ॥ बहुभिर्व्वसुधा भुक्ता राजभिः सगरादिभिः [।] यस्य यस्य यदा भूमि-
स्तस्य तस्य तदा फलं ॥ यानीह तार्दे-

---

१ दानपत्र नं.२ जामां पं.१३ स्थितिस थी पूरी थाय छे. २ वांचो दशपुर नं. २ जामां ज्यां ग्राम शब्द मूकी देवामां आव्यो छे अने जेमां वास्तव्य ने बदले निवासि वांचे छे. नं. २ जामां पं. १४ अने पतरूं १लुं भरद्वाज थी पूरूं थाय छे. वांचो वाजसनेय. ३ नं.२ जामां बलीचरु.
नं. २ जामां पं. १५ वैश्वेदे ,, ,, होत्रहवनपञ्च. ४ नं. २ जामां पं. १६ वृद्धये थी पूरी थाय छे
,, च नथी अने वैशाखपौर्ण्णमास्यामु० छे. ५ ,, ,, १७ भोगपति थी पूरी
थाय छे. वांचो प्रेरितो अने तरंग नं. २ नी साथे. ६ ,, ,, १८ सारान्वीभवा थी पूरी
थाय छे. ७ नं. २ जामां पं. १९ रुचिरं थी पूरी थाय छे. ८ ,, ,, २० पटला थी पूरी थाय छे.
,, वानमोदेत खोटी रीते छे ,, पातकै वांचो जेमां स्वयुक्तस्सा छे
९ ,, पं. २१ त्युक्त थी पूरी थाय छे. ,, व्यासेन अने भूमदः छे.
,, ,, २२ आच्छेत्ता थी पूरी थाय छे. १० ,, श्लोक ब(वि)न्ध्याटवीष्वित्यादि नथी
११ ,, राजभिस्स छे नं. २ जामां पं. २३ यस्य यस्य थी पूरी थाय छे. वांचो यानीह;
दत्तानि नं. २ जामां.

२६ नि पुरा नरेन्द्रैर्दानानि धर्म्मार्त्थयशस्कराणि [।] निर्म्मुक्तमाल्यप्रतिमानि तानि-
को नाम साधुः पुनराददीत ॥ स्वदं-

२७ त्तां परदत्तां वा यत्नाद्रक्ष युधिष्ठिर । महीं महिमतां श्रेष्ठ दानाच्छ्रेयोनुपालन-
मिति[२] [॥]

दानपत्र नं. १

संवत्सरशतत्रये

२८ द्वि[न]वत्यधिके वैशाखशुद्धपञ्च-
दश्यां स्वमुखाज्ञयालिखितमिदं स-
न्धिविग्रहकरणाधिकृतरेवेण

२९ सं ३०० ९० २ वैशाख शु
१० ५ दिनकरचरणार्च्चनरतस्य
श्रीवीतरागसूनोः स्वहस्तोयं श्रीप्र-
शान्तरागस्य [॥]

दानपत्र नं. २

संवत्सरशतत्रये द्विनवत्यधि-

२७ के वैशाखपौर्णमास्यां भोगिकपा-
लककर्क्कदूतकं लिखितं सान्धिविग्र-
हिकरेवेण स्वमुखाज्ञयेति

२८ सं ३०० ९० २ वैशाख शु
१० ५ दिनकरचरणार्च्चनरतस्य
श्रीवीतरागसूनोः स्वहस्तोयं श्रीप्रशा-

२९ न्तरागस्य ॥

१ नं. २ जामा पं. २४ यशस्कराणिथी पूरी थाय छे—नं. २ जामां निर्भुक्त छे. २ नं. २ जामां पं. २५ यत्नाद्र थी पूरी थाय छे.—नं. २ मां महिं छे.—वांचो महीमतां—नं. २ जामां पालनं ॥ इति छे.

નં૦ ૧૧૪

દદ્દ ર જાનાં ઉમેટાંનાં તામ્રપત્રો[1]

(શક) સંવત ૪૦૦ વૈશાખ સુદ ૧૫

નીચે આપેલું ભરૂચના દદ્દ ર જાનું દાનપત્ર ૧૮૭૫ માં બોરસૂદના રેવ. જોસેફ ટેલરને ઉમેટા (ખેડા જીલ્લા)માં એક વાણિઆના ઘરમાંથી મળ્યું હતું. પ્રથમ મી. ટેલરે મને પતરાંઓની છાપ આપી, અને થોડા વખત પછી તેના માલિકને થોડા દિવસ સારૂં અસલ આપવા માટે (બહુ મુશ્કેલીથી) સમજાવ્યો. તે વખતમાં મેં એક "હાફ-સાઈઝ" ફોટોગ્રાફ લેવરાવી લીધો. તે ફોટોગ્રાફ પતરાં સારી સ્થિતિમાં હોવાથી બહુ સ્પષ્ટ આવ્યો. આ સાથે જોડેલો ફોટોઝિંકોગ્રાફ એ ફોટોગ્રાફની નકલ ઉપરથી તૈયાર કર્યો છે.

પતરાંઓનું માપ ૧૨ ઇંચ × ૧૭$\frac{1}{2}$ ઇંચનું છે. ડાબી બાજુનું કડું તેના ઉપરની મુદ્રા સહિત તેની યોગ્ય જગ્યાએ જ કાયમ છે. મુદ્રા ઉપર ડો. બર્નનાં ખેડાનાં પતરાંના "श्रीसामन्तदद्दः"ના જેવો લેખ છે. પણ મુદ્રા ઉપરના અક્ષરો એટલા બધા કટાઈ ગયા છે કે પહેલાંના દાનપત્રોની મદદ સિવાય તે સમજવા મુશ્કેલ પડશે. પતરાં અને મુદ્રા બન્ને બહુ ભારે છે. પતરાંઓ ઉપર કાટ લાગ્યો નથી. તે સંભાળપૂર્વક રાખ્યાં છે અને કદાચ આમલીના પાણીમાં સાફ કર્યાં હશે. પહેલા પતરાની છેલ્લી પંક્તિ, અને બીજાની છેલ્લી પંક્તિના શરૂઆતના અક્ષરો સિવાયના બધા અક્ષરો મોટા અને ઊંડા કોતરેલા છે. કારણકે બીજા પતરાની છેલ્લી પંક્તિમાં माधव શબ્દના છેલ્લા અક્ષરના લીટાઓ એક બીજામાં ભળી જાય છે અને એ નામ ફોટોગ્રાફમાં પણ ચોખ્ખું ઓળખાતું નથી.

દાનપત્ર પોતે પ્રોફેસર ભાંડારકરે જ. બો. બ્રૅ. રો. એ. સો. વો. ૧૦ પા. ૧૯માં પ્રસિદ્ધ કરેલાં દદ્દ ર જાએ આપેલાં ઈલાઓનાં દાનપત્રને અક્ષર અને શબ્દરચનામાં બહુ મળતું આવે છે. તે બન્નેની તારીખની નિકટતા—શક સં. ૪૦૦ અને ૪૧૭—ઉપરથી માની શકાય છે તે મુજબ તે બન્ને એક જ આદર્શની નકલો છે. ઈલાઓનાં પતરાં સંબંધની પ્રો. ભાંડારકરની બધી ટીકા ઉમેટાનાં દાનપત્રોને પણ લાગુ પડે છે.

વંશાવલીમાં કંઈ નવી હકીકત આપી નથી. તેમાં ગુર્જરવંશના પ્રખ્યાત ત્રણ રાજાઓનાં નામ આપ્યાં છે, તેઃ—દદ્દ અથવા દદ્દ ૧ લો., જયભટ તેનું ઉપનામ વીતરાગ, અને દદ્દ ૨, તેનું ઉપનામ પ્રશાંતરાગ. આ નામો પ્રો. ભાંડારકરે પ્રથમથી ખરાં જ આપ્યાં હતાં. જયભટે કાવી દાનપત્રમાં વલભી સાથેની જે લડાઈ વિષે કહેલું છે તેનું સૂચન મારા મત પ્રમાણે, पयोनिधीकृतोभयतटवनलेख विहृतनिरंकुशदानप्रवाह प्रवृत्तदिग्दंतिगुणसमूहः એ વિશેષણમાં કર્યું છે. પરંતુ તે એટલું ધાટું છે કે કાવીનાં પતરાંની મદદ સિવાય તેમાં કંઇ જાણી શકાતું નથી. अधिकगुरुस्नेहसंपल्कविमलदिशोद्भासितजीवलोकः "જે ધર્મગુરૂ પ્રત્યે અધિક સ્નેહસંપન્ન છે અને જે આ જીવલોકને પોતાના ઉજ્જવળ દાખલાથી શોભાયમાન કરે છે,"—આ વિશેષણનો મેં કરેલો અર્થ ખાસ કરીને આગળ પાછળનાં વાક્યો સાથે લઈએ તો એવું અનુમાન થઈ શકે છે કે, દદ્દ ર જો ખાસ કરીને ધર્મિષ્ટ રાજા અને કંઈક ધાર્મિક સુધારક હશે. પરંતુ આ દિશામાં તેણે શું કર્યું હતું તે કહેવું અશકય છે. કારણ કે તે કઈ જ્ઞાતિનો હતો, એ પણ ચોકકસ જણાતું નથી. ગુર્જરનાં પતરાંના નાંદીપુરીની ચોકકસ જગ્યા જણાયાથી આ રાજાઓની રાજધાનીના શહેરની ચોકકસ સ્થળસીમા જાણી

---

૧ ઈ. એ. વૈ. ૭ પા. ૬૧-૬૩ જી. બ્યુલ્હર

શકાય છે, એ વધારે સંતોષકારક છે, પ્રોફેસર ભાંડારકર કહે છે કે “ ગુર્જર વંશનું રાજધાનીનું સ્થળ ભરોચ હતું,” અને વધારામાં કહે છે કે શહેર તથા તેની આસપાસના પ્રદેશનું નામ પણ એ જ હતું.

આમાં પહેલી હકીકત સાવ સાચી અને બીજી લગભગ સાચી છે. તે શહેર તથા પ્રદેશનું આ નામ પ્રાચીન કાળથી ચાલુ છે એ નિઃસંશય છે. પરંતુ ગુર્જર રાજાઓ આ શહેરમાં રહેતા નહોતા. તેઓ દરવાજા બહાર પાસેના જ એક કિલ્લામાં રહેતા હતા. દદ્દ ર જાનાં ખેડાનાં બન્ને દાનપત્રોમાં તારીખ“ नांदीपुरीतः” ‘નાંદીપુરીમાંથી ’ નાંખેલી છે. આ વાક્ય અને વલભીનાં ઘણાં દાનપત્રોમાં આવતાં “वलभीतः” ‘વલભીમાંથી ’ એ વાક્યની સામ્યતા ઉપરથી મેં અનુમાન કર્યું છે કે આ ગુર્જરની રાજધાનીના શહેરનું નામ હોવું જોઈએઃ આ નામવાળા એક જૂના સ્થળ વિષે મારી તપાસ ઘણા વખત સુધી નિષ્ફળ રહી. છેવટે ભરૂચના ડેપ્યુટી એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર રાવસાહેબ ગોપાલજી જી. દેસાઈએ ભરૂચના બ્રાહ્મણો પાસેથી જાણ્યું કે, ભરૂચની પૂર્વ દિશામાં જડેશ્વરના દરવાજા બહાર નજીકમાં આ નામવાળો એક જૂનો કિલ્લો હતો. આ હકીકત, જેને “રેવામાહાત્મ્ય”માંથી પણ ટેકો મળે છે તેને ઇલાઓ અને ઉમેટાનાં પતરાંઓમાંથી દદ્દના રહેઠાણ વિષે મળેલી હકીકત સંપૂર્ણ રીતે મળતી આવે છે.

બન્નેની શરૂઆત “ओं स्वस्ति विजयविक्षेपात् भरुकच्छप्रद्वारनासकात्” એ શબ્દોથી થાય છે. नासकात्, જેનો કંઈ પણ અર્થ નથી, તેને બદલે वासकात् વાંચવું જોઈએ એમાં શંકા નથી. જે લખાણ ઉપરથી આ લેખ કોતરનારે નકલ કરી હતી, તે કદાચ આખો ચાલુ હસ્તાક્ષરોની લિપિમાં લખેલો હશે. આ અક્ષરો તેણે સહિમાં સાચવ્યા છે. આમાંથી वनो આકાર જે स्वहस्तो અને वित्तरागમાં તથા રાઠોડનાં દાનપત્રોમાં આવે છે એવો હતો, એ ચોકકસ છે. એટલે તેણે वा બદલે ना વાંચ્યું અને લખ્યું. પરંતુ આ અનુમાન સિવાય પણ વલભીના પતરાંઓમાં આવતાં जयस्कंधावारात् खुडवेदीयवासकात् અથવા भद्रोपात्तवासकात् જેવાં વાક્યો ઉપરથી ઉપરનો સુધારો યોગ્ય લાગે છે. ખરા વાક્યનો અર્થ “ ओं સ્વસ્તિ ! વિજયી છાવણી જે ભરૂચના દ્વાર પાસે રહે છે. એટલે નાંખેલી છે તેમાંથી” એવો જ થઈ શકે છે. આ અર્થ જડેશ્વરના દરવાજા બહાર નાંદીપુરીના કિલ્લા સાથે બરોબર બંધબેસતો આવે છે. એટલે ગુર્જર રાજ્યનું રાજધાનીનું સ્થળ ભરૂચમાં નહીં પણ તેના પૂર્વ તરફના દરવાજાની નજીકમાં જ હતું, એમ ચોકકસ માની શકાય. વધારામાં હું કહું કે હિંદુ રાજાઓના મહેલો તેઓના રાજ્યનાં મુખ્ય શહેરોના દરવાજા બહાર નજીકમાં જ હોય છે. આનો ખાસ દાખલો બીકાનેરના રાજાનો મહેલ છે. તે શહેરથી તદ્દન જૂદો, ઈશાન કોણમાં કેટલાક વાર દૂર છે.

દાનપત્રની તારીખ, શક સંવત ૪૦૦ ના વૈશાખની પૂર્ણિમા અથવા શુદ ૧૫, કંઈ નવીન જણાવતી નથી, કારણ કે ઇલાઓનાં દાનપત્ર ઉપરથી આપણે જાણીએ છીએ કે દદ્ દ ર જાએ શક સંવત ૪૧૭ સુધી તો રાજ્ય કર્યું હતું. પ્રોફેસર ભાંડારકરે પહેલી વાર બતાવ્યું છે તેમ, આ શક સંવત ઈ. સ. ૭૮–૯ માં શરૂ થતા સન છે અને ઉમેટાનું પતરૂં બરોબર ૧૪૦૦ વર્ષ જૂનું છે, એ વિષે મને જરા પણ શંકા નથી.

દાન લેનાર ભટ્ટ મહીધરનો પુત્ર, કાન્યકુબ્જ અથવા કનોજનો રહીશ, એક બહ્વૃચ એટલે ઋગ્વેદી ભટ્ટ માધવ હતો. તે ચારે વેદ જાણતો હતો. એક અગ્નિહોત્ર તથા બીજી યજ્ઞક્રિયાઓ માટે ખર્ચ કરવા માટે નિગુડ ગ્રામ તેને આપ્યું હતું. મધ્ય અને ઉત્તર ગુજરાતમાં ઘણી તપાસ કરવા છતાં અત્યાર સુધી ‘ ભુક્તિ ’ અને દાનપત્રમાં બતાવેલાં બીજાં સ્થળો ઓળખી શકાયાં

નથી એ શોચનીય છે. હું માનું છું કે, તે ગાયકવાડી પ્રદેશમાં આવ્યાં હતાં. દાનપત્રના લેખક અધિકારી માધવ ભટ્ટનું નામ કંઈક ઉપયોગી છે. કારણ કે, ઇલાઓનાં દાનપત્રનો લેખક માધવનો પુત્ર રેવ હતો. આપણાં પતરાંમાં માધવનું નામ આવે છે એ તેનાં ખરાપણાની મજબૂત સાબીતી છે.

છેવટે જયભટનાં કાવીનાં પતરાં ઉપરના લેખ ઉપરની નોંધમાં મેં જે કહ્યું છે તે ફરીથી આંહિ કહીશ, કે— ઉમેટાનું શાસન બહુ ઉપયોગી છે, કારણ કે, ધરસેન ૨ જાનું કહેવાતું વલભીનું બનાવી કાઢેલું એક દાનપત્ર આ મૂળ ઉપરથી કર્યું છે. આ બનાવટી દાનપત્ર બોંબે બ્રેંચ રોયલ એશિયાટિક સોસાયટીની માલિકીનું છે, અને તેની પહેલી નોંધ ડૉ. ભાઉ દાજીએ લીધી હતી. હું ફક્ત એક વાર થોડી મિનિટ માટે તે મેળવી શકયો છું. પરંતુ પહેલી જ નજરે મને ખાત્રી થઈ કે તે ઉમેટાના દાનપત્રની બરોબર નકલ હતી અને રાજાઓનાં નામો સિવાય તેમાં કંઈ પણ ફેરફાર કર્યો જણાતો નહોતો. લિપિ પણ વલભી નહીં, પણ ગુર્જર છે. આ બનાવટી દાનપત્ર કદાચ પ્રાચીન હશે, એટલે વલભીનાં પતરાંઓનાં સનની શરૂવાતની તારીખ નકકી કરવામાં તે ઉપયોગી થાય. કારણ કે, બનાવી કાઢનારે એવા રાજાનું નામ પસંદ કર્યું હતું કે જેનો સમય ખરા દાતાના સમયથી બહુ દૂર ન હોય, એવું માની શકાય છે.

अक्षरान्तर

पतरूं पहेलुं

१ ओं स्वस्ति विजयविक्षेपात् भरुकच्छप्रद्वारावसकत् सकलघनपटलाविनिर्गतरजं-

२ निकरकरावबोधितकुमुदधवलयशप्रतापस्थगितनभोमंडलोनेकसमरसंकटप्रमु-

३ खगतनिहतशत्रुसमतकुलावधुप्रभातशमयरुदितफलोद्गीयमानविमलनिस्त्रिंशप्रतापोवे

४ वद्विजातिगुरुचरणकमलप्रणमोद्धृष्टवज्रामणिकोटिरुचिरादिधितिविराजितमकुटो-

५ द्भासितशिराः दिनानाथातुरभ्यागतार्थिजनस्लिष्टपरिपूरितविभवमनोरथोपची-
यमानतृ-

६ विष्टपैकसहायधर्म्मसंचयः प्रणयपरिकुपितमानिनीजनप्रणामपुर्व्वमधुरावचनोपपा-

७ दितप्रसादप्रकाशिकृतविदग्धनगरकस्वभावो विमलगुणपंजरक्षिस्पबहलकलितिमि-
रनिचय श्री-

८ मद्दस्तस्य सूनु समदप्रतिद्वंद्विगजगटाभेदिनिस्त्रृंशविक्रमप्रकटितभूगपतिकि-
सोरविर्य-

९ वलेपः पयोनिधीकृतउभयतटप्ररुढघनलेववृिहृतनिरंकुशदानप्रवाहप्रवृतदिद्व-

१० न्तिविभ्रमगुणसमुहः स्फटिककर्पुरपिण्डपण्डुरयशश्चन्दनचर्चिताशसमुन्नतगगन-
लक्ष्मीप-

११ योधरोसंगः श्रीजयभट्टस्तस्यत्मज प्रतिहतसकलजगद्व्यापिदोषाधिकारविजृंभितसं-

१२ ततातमोवृत्त्विरधिकगुरुस्नेहसंपत्कविमलदिशोद्भासितजिवलोकः परमब्रोषसमनुगतो

१३ विपुलगुर्ज्जरनृपान्मयप्रदीपतोमुपगतः समधिगतपंचमहाशब्दमहाराजाधिराजश्री-
मद्ददः

१४ कुशलीसर्व्वानेव राष्टपतिविषयपतिग्रामकुटायुक्तकानियुक्तकाधिकमहत्तरादीन्समा-
ज्ञपयैति

१५ अस्तु वो विदितं यथा मय मातापित्रोरात्मनश्चैवामुष्मिकपुन्ययशोभिवृद्धये-
कान्यकुब्जवा-

१६ स्तव्यतचतुर्विद्यसमान्यवशिष्ठसगोत्रबह्वृचसब्रह्मचारिभट्टमहिधरस्तस्य सुनु भट्ट-
मधव

पं. १ वांचो ओं; वासकात. व चालु हस्ताक्षरोमां छे. पं. २ वांचो यशः प्र. पं. ३ वांचो प्रमुखा; सामंतकुल-वधू – – समय; निस्त्रिंश. पं. ४ वांचो प्रमाणो; वज्र; रुचिरदीधि; मुकुटो. पं. ५ वांचो दीना; तुराभ्याग; श्लिष्ट; त्रिविष्टपै. पं. ६ वांचो पूर्वमधुरवचनो. पं. ७ वांचो प्रकाशीकृत; नागरक; निचयः. पं. ८ वांचो सूनुः; घटा; निस्त्रिंश; किशोरवीर्य्या. पं. ९ वांचो कृतोभय; प्ररुढ; वनलेख प्रो. भांडारकरना सुधारा प्रमाणे; प्रवृत्त उपर प्रमाणे. पं. १० वांचो समूहः कर्पूर; पाण्डुर. पं. ११ रोत्संगः; जयभट; स्यात्मजः. विजृम्भित. पं. १२ वांचो तत; वृत्तिर, (प्रो. भांडारकरना सुधारा प्रमाणे) जीव. पं. १३ वांचो नृपान्वयप्रदीपतामु. पं. १४ वांचो ग्रामकूटायुक्तकनियु कारण के अयुक्त अने नियुक्त दानपत्रोमां वारंवार साथे ज जणावेला छे. समाज्ञापयति. पं. १५ वांचो मया; पुण्य. पं.१६ वांचो तच्चातुर्विद्यसामान्य;- वसिष्ठ;— महीधरसूनुभट्टमाधवाय.

પતરું બીજું

१ बलिचरूवैश्वदेवाग्निहोत्रपञ्चमहायज्ञक्रियोत्सर्पणार्थं कमणीयशोडशतं

२ भुक्त्यन्तः पातिनिगुडग्रामोस्यघटस्थनानि पुर्वस्यं दिशि वग्घोरिग्रामः दक्षि-
णस्यां दिशि

३ फलहवद्रग्रामः प्रतिच्यां दिशि विहाणग्रामः उत्तरस्यां दिशि दहिथलिग्रामः
एवमयं स्वचतुराघट-

४ नविशुद्धो ग्रामः सोद्रङ्गसपरिकर सधान्याहिरन्यादोय सोत्पद्यमानविष्टिक समस्त-
राजकियानमप्रवेश्य

५ अचन्द्रार्कर्ण्णवक्षितिसरित्पर्वतसमकालिन पुत्रपौत्रान्वयक्रमोपभोग्य पुर्वप्रत्तदेव-
ब्रह्मदायव-

६ र्जमभ्यान्तरसिद्धयशकनृपकालातीतसंवत्सरशतचतुष्टये वैशाखपौर्ण्णमास्यां उद-
कातिसर्गेणप्रतिपा-

७ दितं यतोस्योचितय ब्रह्मदायस्थित्या कृषतः कर्षयतो भुंजतो भोजयतः प्रतिदि-
शतो वा न व्यासेध

८ प्रवर्त्तितव्य तथागामिभिरपि नृपतिभिरस्मद्वंश्यैरन्यैर्वा सामान्यभूमिदानफलमवेत्य
बिन्दूल्लोलान्य-

९ नित्यान्यैश्वर्याणि तृणग्रलग्रजलबिन्दुचञ्चलञ्च जीवितमाकलय्य स्वदायनिर्विशेषोय-
मस्मद्दायोनुमन्तव्यः पा-

१० लयितव्यश्च तथा चोक्तं बहुभिर्वसुधा भुक्ता राजभिः सगरादिभिः यस्य यस्य
यदा भूमितस्य तस्य तदा फलं

११ यश्चाज्ञानतिमिरवृतमतिराच्छींद्यादाच्छिद्यमानमनुमोदेत वा स पञ्चभिर्म्महापातकै-
श्चरुपपातकैश्च

१२ संयुक्तः स्यदिति उक्तं च भगवता वेदव्याशेन व्याशेन षष्टि वर्षसहस्त्राणि स्वर्गे-
तिष्ठति भूमिदः आच्छे-

१३ त्ता चानुमन्ता च तान्येव नरेक वसेत् यानीह दत्तानि पुरातनानि दानानि
धर्म्मार्थयशस्कराणि

१४ निर्मुक्तमाल्यप्रतिमानि तानि को नाम साधुः पुनराददीत स्वदत्तां परदत्तां वा-
यत्नद्रक्ष नराधि-

१५ पः महीं महीमतां श्रेष्ठ दानाच्छ्रेयोनुपालनं लिखितं श्चैतत्पदानुजीविश्रीबला-
धिकृतगिलकमू-

१६ निना माधवभट्टेन स्वहस्तोयं मम श्रीवितरागशूनो श्रीप्रसंतरागस्य

પં. ૧ વાંચો बली; यज्ञादिक्रियो; ક્દાચ षोडशत. પં. ૨ વાંચો स्याघाटस्थानानि; पूर्वस्यां. પં. ૩ વાંચો प्रतीच्यां. संभवित विह्राणग्रामः વાંચો उत्तरस्यां; राधाटन. પં. ૪ सोद्रङ्गः; सोपरिकरः सधान्यहिरण्यादेयः विष्टिकः कीयामाम. પં. ૫ વાંચો आचन्द्रार्कार्ण्णव; कालीनः. भोग्यः; पूर्वः પં. ૬ વાંચો आभ्यन्तरसिद्धया; संवत्सर. પં. ૭ વાંચો दितः; तथा. પં. ૮ વાંચો प्रवर्त्तितव्यः सामान्यं. પં. ૯ વાંચો तृणाग्र; चञ्चल અને બીજા શબ્દોમાં ञ ને બદલે બીજું જ ચિહ્ન 'ण'ને મળતું આ તથા ઉનાઓનાં પતરાંમાં આવે છે. વાંચો यमस्मद्दा પં.૧૧ વાંચો राच्छिद्या महापातकैश्च માંથી श्च ઉડાડી નાંખો. પં.૧૨ વાંચો स्यादिति; व्यासेन षष्टिं. પં.૧૪ વાંચો यत्नाद्र. પં. ૧૫ વાંચો नराधिप; लिखितंचै. પં.૧૬ વાંચો मुना; પ્રતિકૃતિ તથા ફોટોમાં माधव ને બદલે मल છે. દેખાય છે. श्रीवीतरागसूनोः श्रीप्रशान्त.

ભાષાન્તર

ॐ સ્વસ્તિ ! ભરૂકચ્છના દ્વાર સમીપ નાંખેલા, વિજયી નિવાસસ્થાનમાંથી, સકલઘનપટલમાંથી બહાર આવેલા રજનીકરનાં કિરણોથી વિકસતાં કુમુદસમ ઉજ્જ્વળ યશના પ્રતાપવાળો, અનેક યુદ્ધમાં તેની વિમુખ આવી સંહાર થએલા શત્રુસામન્તોની પત્નીઓના પ્રભાવમાં રૂદનથી જેની ઉજ્જ્વળ અસિનો પ્રતાપ નિત્ય મોટેથી ગાજતો; દેવો, દ્વિજો અને ગુરૂના ચરણકમળને નમન કર્યાથી ઉદ્દ્ઘૃષ્ટ, દ્યુતિવાળાં કિરણોવાળા, કોટી વજ્રમણિથી પ્રકાશતો મુગટ જેના શિરપર રાજતો હતો : સ્વર્ગમાં એકલા મિત્રસમાન જેનો (પુણ્ય) સંચય દીન, અનાથ, આતુર (આજાર), અભ્યર્થિ, ભિક્ષુક અને દુ:ખી જનોના વિભવ મનોરથ ઉદારતાથી પૂર્ણ કરવાથી નિત્ય વૃદ્ધિ પામતો, મદભરેલી માનિની જનોના, પ્રણામ અને મધુર વચનોથી પ્રણયકલહ શમાવવામાં નય અને વિવેક પ્રકાશિત કરતો અને જેણે કલિયુગનું ઘન તિમિર ઉજ્જ્વળ ગુણોના પિંજરમાં નાંખ્યું હતું તે શ્રી દદ્દ હતો.

હુમલો કરતા અનેક મદવાળા માતંગોને નિર્ભય વિક્રમથી સંહારતા સિંહ માફક મદથી મત્ત થએલા શત્રુગજોના ગણનો સંહાર, તેની અસિના વિક્રમથી કર્યો હોવાથી યુવાનાસિંહ સમાન મદભરેલા પ્રતાપવાળો તેને શ્રી જયભટ નામે પુત્ર હતો. તે, (પશ્ચિમ અને પૂર્વ સાગરના) બન્ને કિનારા પર ઉગતાં વનોમાં ભ્રમણ કરતા ગજો માફક (ખંભાતના અખાત)ના બન્ને કિનારે ઉગતાં વનોમાં ગમન (ચઢાઈ) કરી અને ગજો નિરંતર અતિ મદ ઝરે છે તેમ નિરંકુશ દાનપ્રવાહને લીધે તે દિગ્ગજોના વિભ્રમ ગુણસમૂહસંપન્ન હતો. કર્પૂરના કણ અથવા કટકા જેવા ઉજ્જ્વળ યશના ચંદનલેપથી પોતાનું જ અંગ અને લક્ષ્મી(શ્રી)નાં સમુન્નત પયોધર (ઉંચે ચઢતાં વાદળાં)વાળા ગગન સમાન હતા તે વ્યાપી (ઢાંકી) દીધા.

તેનો પુત્ર, જેણે દુષ્કૃત્યોના પ્રતાપથી ઘટ થએલું અને અખિલ જગમાં પ્રસરેલું ઘન તિમિર દૂર કર્યું હતું, જે ધર્મગુરૂ માટે અધિક સ્નેહસંપન્ન છે, અને જેણે પોતાના શુદ્ધ બોધથી જીવલોકને પ્રકાશિત કર્યો છે, જે મહાન ગુર્જર વંશને પ્રકાશનાર થયો છે અને જેણે પંચમહાશબ્દ પ્રાપ્ત કર્યા છે તે મહારાજાધિરાજ શ્રી દદ્દ હતો.

તે સર્વ કુશળ હાલતમાં, સમસ્ત રાષ્ટ્રપતિ, વિષયપતિ, ગ્રામકૂટ, આયુક્તક, નિયુક્તક, આધિકારિક, મહત્તર, આદિને શાસન કરે છે:—

તમને જાહેર થાઓ કે મેં મારાં માતાપિતા અને મારા, આ લોક તેમ જ પરલોકમાં, પુણ્ય-યશની વૃદ્ધિ માટે, કાન્યકુબ્જમાં વસતા, ચતુર્વેદિ મધ્યેના, વિશિષ્ટ ગોત્રના, બહ્વૃચ સબ્રહ્મચારિ, ભટ્ટ મહીધરના પુત્ર, ભટ્ટ માધવને, બલિ, ચરૂ, વૈશ્વદેવ, અગ્નિહોત્ર અને પંચમહાયજ્ઞ આદિ વિધિ અનુષ્ઠાન માટે કમણીયશોહલાત ભુકિતમાં આવેલું નિગુડ ગામ જેની સીમા:—પૂર્વે-વધૌરિગ્રામ, દક્ષિણે-ફલહવદ્રગામ: પશ્ચિમે—વિહાણગામ, અને ઉત્તરે—દહિથલિગામ: આ સીમાવાળું આ ગામ ઉદ્રંગ તથા ઉપરિ કર સહિત, અન્ન અને સુવર્ણમાં આવક સહિત, વેઠના હક્ક સહિત, પૂર્વે કહેલાં દેવો અને દ્વિજોનાં દાન વર્જ કરી, રાજપુરૂષોના પ્રવેશ મુક્ત ચંદ્ર, સુરજ, સાગર, પૃથ્વી, નદીઓ, અને પર્વતોના અસ્તિત્વ કાળ સુધી પુત્રો, પૌત્રો, અને વંશજોના ઉપભોગ માટે શક સંવત ૪૦૦ વૈશાખ પૂર્ણિમાને દિને, પાણીના અર્ઘથી દાનને અનુમતિ આપી ભક્તિથી આપ્યું છે. આથી તે બ્રહ્મદાયના નિયમ અનુસાર (આ ગામની જમીનની) ખેતી કરે, કે ખેતી કરાવે, ઉપભોગ કરે અથવા અન્યથી ઉપભોગ કરાવે અથવા અન્યને સોંપે ત્યારે કોઈએ તેને પ્રતિબંધ કરવો નહિ ... ... અને આ સેનાપતિ શ્રી ગિલકના પુત્ર, (નૃપના) પદાનુજીવિન ભટ્ટ માધવથી લખાયું છે. આ મારા શ્રીમદ્ વીતરાગના પુત્ર શ્રી પ્રશાન્તરાગના સ્વહસ્ત છે.

દદ્દ ૨ જા અથવા પ્રશાન્તરાગનાં બગુમ્રાથી મળી આવેલાં તામ્રપત્રો*

(શક) સંવત ૪૧૫ જ્યેષ્ઠ વદિ ૧૫

નીચે આપેલો લેખ બે તામ્રપત્રો ઉપર કોતરેલો છે. આ પતરાં થોડાં વર્ષો ઉપર વડોદરા સ્ટેટના નવસારી પ્રાંતના પલસાણા તાલુકાના બગુમ્રા ગામમાંથી મળ્યાં હતાં. તે તથા ઈ. એ વો. ૧૨ પા. ૧૭૯–૧૯૦માં અને વો. ૧૩ પા. ૬૫–૬૯માં પ્રસિદ્ધ થયેલાં બીજાં પતરાંઓ મને તથા ડૉ. ઈ. હુલ્ત્ચને રાવ. સાહેબ મોહનલાલ. આર. ઝવેરી મારફત મળ્યાં હતાં. આની શોધની હકીકત પ્રથમ લખાણમાં આપી છે.

પતરાંઓનું માપ આશરે ૧૦¼"×૭" છે. અને જાડાં ૩/૧૬" છે. વજનદાર કડીઓ સુરક્ષિત સ્થિતિમાં તેની મૂળ જગ્યાએ જ છે. જમણી બાજુની કડીને મુદ્રા લગાડેલી છે. એ જ રાજાનાં પ્રસિદ્ધ થયેલાં ઉમેટા અને ઇલાવનાં પતરાંઓની માફક તેના ઉપર "શ્રી દદ્દ" લેખ અને એક ચોરસ ચિહ્ન છે, જે સમજાતું નથી. કોતરકામ સારૂં છે. અક્ષરો ઊંડા કોતરેલા અને સ્પષ્ટ છે. ફક્ત થોડા ને જ બહુ નુકશાન થયું છે, અગર કાટથી નાશ પામ્યા છે. લિપિ બીજાં બે દાનપત્રોની લિપિને બહુ જ મળતી આવે છે. 'वासकात्' (પં. ૧) શબ્દમાં व નું ઉતાવળથી લખેલું રૂપ લખ્યું છે, તે 'न' જેવું લાગે છે. રાજાની સહિ પ્રાચીન નાગરી અક્ષરોમાં લખેલી છે. આ અક્ષરો ઉમેટાનાં દાનપત્રમાં પણ છે. જોડણી અને વ્યાકરણ બીજાં બે દાનપત્રો જેટલાં જ ખરાબ છે. આનો પહેલો ભાગ તે દાનપત્રો સાથે અક્ષરશઃ મળતો આવે છે.

આ નવા દાનપત્રની હકીકત આ પ્રમાણે છેઃ. મહારાજાધિરાજ શ્રી દદ્દ ૨ જો, જેણે પંચ "महाशब्दो" મેળવ્યા હતા, જે શ્રીજયભટનો પુત્ર અને શ્રી દદ્દ ૧ લાનો પૌત્ર હતો, તેણે એક બ્રાહ્મણને તથ—ઉમ્બરા નામનું ગામ શકે ૪૧૫ ના જ્યેષ્ઠ શુદ્ધ અમાસને દિવસે થયેલાં સૂર્યગ્રહણ વખતે તે દિવસે દાનમાં આપ્યું છે. આ ગામ તથ—ઉમ્બરાના आहाराद्दल्लिका અથવા પ્રાંતમાં આવ્યું છે. તેની સીમાઃ—પૂર્વે ઉબિલઠણ ગામ, દક્ષિણે ઈષિ, પશ્ચિમે સાંક્રિય, અને ઉત્તરે જરવદ્ર. દાન મેળવનાર ભટ્ટ મહીધરનો પુત્ર ભટ્ટ ગોવિન્દ હતો. તે કાન્યકુબ્જના ચતુર્વેદિઓ, એટલે ગુજરાતના કનોજીઆ બ્રહ્મણોની જ્ઞાતિનો, કૌશિક ગોત્રનો અને છન્દોગશાખાના અનુયાયીઓના એક મતનો હતો. આ ગામ તેને પંચમહા યજ્ઞો અને બીજી કેટલીક ધાર્મિક ક્રિયાઓનું ખર્ચ કરવા માટે આપ્યું હતું. દાનની શરતો હંમેશમુજબની છે. દાનપત્રનો લેખક રાજાનો સેવક રેવાદિત,–અથવા તેનું ખરૂં રૂપ,–રેવાદિત્ય–તે દામોદરનો પુત્ર હતો. બીજાં બે દાનપત્રો મુજબ આમાં પણ તારીખ વિજયની છાવણી, અગર 'विक्षेप' જે ભરૂકચ્છના દરવાજા બહાર હતી, તેમાંથી નાંખી છે.

લેખની નવીન હકીકતમાં ફક્ત તારીખ અને ભૌગોલિક નામો એ બે જ છે. તે બાબત વધુ નોંધની જરૂર છે. તારીખમાં માસનાં નામની ભૂલ જણાય છે. ડૉ. શ્રામની ગણત્રી પ્રમાણે શક સંવત ૪૧૫ જેષ્ટ વદ અમાસનો દિવસ ઈ. સ. ૪૯૩ ના મેની ૩૧ મીને મળતો આવે છે. આ દિવસે લેખમાં કહ્યા મુજબનું સૂર્યગ્રહણ નહોતું. પણ બીજી અમાસને દિવસે, જુન ૨૯ મીએ, કુંડલાકાર ગ્રહણ હતું, જે હિંદુસ્તાનમાં દેખાયું નહોતું તે આ ગ્રહણ હશે એમ લાગે છે. માસના નામની ભૂલ લેખકની હોય અથવા તો અધિક માસની ખોટી ગણત્રીને લીધે થયેલી હોય, તે ગમે તેમ હો, પણ દદ્દ ૨ જાના

* ઈ. એ. વો. ૧૭ પા. ૧૮૩—૨૦૦ જી. બ્યુહ્લર

ઇતિહાસ માટે તારીખનું મહત્વ બહુ ઓછું છે. કારણ કે, તેનું જૂનામાં જૂનું દાનપત્ર આપણા દાનપત્ર કરતાં ૧૫. વર્ષ વહેલું છે, અને મોડાંમાં મોડું દાન બે વર્ષ મોડું છે. પહેલાંની તારીખ શક-સંવત્ ૪૦૦ના વૈશાખની પૂર્ણિમા છે, અને બીજાની તારીખ શક સંવત્ ૪૧૭ના જ્યેષ્ટ વદ અમાસની છે.

ભૌગોલિક નામો એથી પણ વધારે જાણવા જોગ છે, ટ્રીગ્નોમેટ્રિકલ સર્વે, ગુજરાત સીરીઝ નં. ૩૪ના નકશાની મદદથી આમાં આપેલાં લગભગ બધાં સ્થળો ઓળખી શકાય તેમ છે. તથ-ઉમ્બરાગામ જ્યાંથી આ પતરાં મળ્યાં હતાં તે અગુઆ છે તેની સીમાઃ—

લેખ મુજબ.	નકશા મુજબ.
પશ્ચિમે સંકિય	પશ્ચિમે સાંક
દક્ષિણે ઇષિ.	દક્ષિણે ઈસની જુની
ઉત્તરે જરવદ્ર.	ઉત્તરે જોલ્વા.
પૂર્વે ઉષિલઠણુ.	પૂર્વે એક નિર્જન સ્થળ તથા એક જૂનું તળાવ.

જોકે ચોથા ગામની મૂળ જગ્યા મળી શકતી નથી. તો પણ બીજાં ત્રણનાં નામો તથ-ઉમ્બરાને બગુઆ તરીકે ઓળખાવવાને બસ છે. આ બે શબ્દોમાં उम्बरा અને उम्रा એ સંસ્કૃત શબ્દ 'उदुम्बरक'નો અપભ્રંશ છે. આ શબ્દ હજી પણ ગામનાં નામ પડવામાં વપરાય છે. અને નકશામાં તાપીની પાસેના પ્રદેશમાં ઉમ્રા નામનાં છએક ગામો છે. તેથી 'તથ' અને 'બગ' એ શબ્દો આ ઉમ્બરા(ઉમ્રા)ને એ નામવાળાં બીજાં સ્થળોથી જૂદું પાડવાને લગાડયાં હશે, એ સંભવિત છે. 'બગ' નો અર્થ શો હશે તેની હું અટકળ કરી શકતો નથી, પણ 'તથ' કદાચ પ્રાકૃત 'तित्थ' અને સંસ્કૃત 'तीर्थ' નો અપભ્રંશ હશે.

अक्षरान्तर[1]

पतरूं पहेलुं

१ ओं स्वस्ति विजयविक्षेपात् भरुकच्छप्रद्वारवासकात् सकलघनपटलविनिर्गतरज-
निकरकरावबोधित-
२ [कु]मुदधवलयशप्रतापस्थगितनभोमण्डलोनेकसमरसंकटप्रमुखगतनिहतशत्रुसामं-
तकुलावधुप्र-
३ भातशमयरुदितफलोद्गीयमानविमलनिस्त्रिंशप्रतापोदेवाद्विजातिगुरुचरणकमलप्रणमोद्धृष्ट
४ वज्रामणिकोटिरुचिरदिधितिविराजितमकुटोद्भासिताशिराः दिनानाथातुराभ्यगतार्थि-
जनश्लिष्टप-
५ रिपूरितविभवमनोरथापचीयमातृविष्टपैकसहयधर्म्मसचयः प्रणयपरिकुपितमानिनीजन
६ प्रणामपुर्व्वमधुरावचनोपपादितप्रसादप्रकाशिकृतविदग्धनागरकस्वभावो विमलगुण-
पंजरक्षि-
७ प्तबहलकलितिमिरनिचयश्रीमद्दस्तस्य सुनु समदप्रतिद्वंद्विगजघटाभेदिनिस्त्रिंशवि-
क्रमप्रक-
८ टितमृगपतिकिसोरविर्यवलेपः पयोनिधिकृतउभयतटप्ररुढघनलेखविहृतनिरंकुशदा-
नप्रवा-
९ हप्रवृतदिग्दन्तिविभ्रम गुणसमूहः स्फटिककर्पुरपिण्डपण्डुरयशश्चन्दनचर्च्चिताङ्गस-
मुन्नतगग-
१० नलक्ष्मिपयोधरोसंगः श्रीजयभट्टस्तस्यत्मज प्रतिहतसकलजगद्व्यापिदोषाधिकार-
विजृंभितसंत-
११ तातमोवृत्विराधिकगुरुस्नेहसंपत्कविमलदिशोद्भसितजिवलोकः परमबोधसमानुगतो
विपुलगु-
१२ र्ज्जरनृपन्मयप्रदिपतोमुपगतः समधिगतपंचमहाशब्दमहाराजाधिराजश्रीमद्दः कुश-
लीस[र्व्वा-
१३ ने]व राष्ट्रपतिविषयपतिग्रामकूटायुक्तकानियुक्तकाधिकमहत्तरादींस्स माज्ञापयति
अस्तु वो विदि-
१४ तं यथा मया मातापित्रोरात्मनश्चैवामुष्मिकपुण्ययशोभिवृद्धयेकन्यकुब्ज-
१५ वास्तव्यतचातुर्विद्यसामान्यकौसिकस्यगोत्रच्छन्दोगसब्रह्मचारि-
१६ भट्टमाहिधरस्तस्य सूनु भट्टगोविन्द बलिचरुवैश्वदेवाग्निहोत्रपञ्चमहायज्ञादिकृ-

---

पं. १ वांचो ओं; वांचो रजनी; वासकात् नो 'व' न जेवो देखाय छे. पं. २ वांचो प्रमुखागत; कुलवधू; कुमुद नो कु अस्पष्ट छे. पं. ३ वांचो समय; प्रणामो पं. ४ वांचो वज्र; दीधिति; मुकुटो; रादीनां; भ्यागता; श्लिष्ट पं. ५ वांचो रथोप; त्रिवि; सहाय; संचयः पं. ६ वांचो पूर्व्व; मधुर; प्रकाशीकृत पं. ७ वांचो निचयः; —दद्द; सुनुः पं. ८ वांचो किशोरवीर्या; निधीकृतो; प्ररुढ; वनलेखा. पं. ९ प्रवृत्त; कर्पूर; पाण्डुर. पं. १० वांचो लक्ष्मी; रोत्संग भट-स्तस्यात्मजः पं. ११ वांचो ततमोवृत्तिर; द्भासित; जीव; समनुगतो. पं. १२ वांचो नृपान्व; प्रदीपता पं.१३ युक्तकनियु-क्तकाधिक. पं. १५ वांचो तच्चातुर्वि; कौशिकसगोत्र पं. १६ वांचो महीधर; गोविन्दाय यज्ञादिकि.

पतरूं बीजुं

१७ योत्सर्पणर्थं तथउम्बराहारद्वलिश अन्तः पातितथउम्बराग्रामोस्याघटनस्थनाने

१८ पुर्वत उषिलथणग्रम दक्षिणत इषिग्राम पश्चिमतः संकियग्रम उतरत जरवद्रग्रम

१९ एवमयं स्वचतुराघटनविशुद्धो ग्रामः सोद्रंग[:]सपरिकर सधान्यहिरन्यादेय[:]

२० सोत्पद्यमानविष्टिक[:] समस्तराजकियनमप्रवेश्यमचन्द्रर्कर्ण्णवक्षितिसरित्पर्वतसमान-
कालीन[:]पु-

२१ त्रपौत्रान्वयक्रमोपभोग्य[:]पुर्वप्रत्तदेवब्रह्मदायवर्ज्जमभ्यन्तरसिद्धया शकनृपकाला-
तीतसंव[च्छ]

२२ रशतचतुष्टये पंचदशाधिके येष्ठ[।]मावास्यर्सुयग्रहे उदकातिसर्गेणप्रतिपादितं
यतोस्योचित-

२३ य ब्रह्मदायस्थित्या कृषतः कर्ष[य]तो भुंजतो भोजयतः प्रतिदिशतो वा न
व्यासेधः प्रवर्तितव्य[:]तथागा-

२४ मिभिरपि नृपतिभिरस्मद्वंश्यैरन्यैर्व[।] सामान्यभूमिदानफलमवेत्यव्रिन्दूल्लोलान्य-
नित्य[।]न्यैश्वयणि तृ-

२५ णाग्रलग्नजलबिन्दुचञ्चलञ्चजीवितमाकलय्य स्वदायनिर्विशेषोयमस्मद्दायोनुमन्तव्यः
पालयि-

२६ तव्यश्च तथा चोक्तं बहुभिर्वसुधा भुक्ता राजभिः सगरादिभिः [।]यस्य यस्य यदा
भूमिस्तस्य तस्य तदा फ-

२७ लं[॥]यश्चाज्ञनतिमिरावृतमतिराच्छिद्याद्दाच्छिद्यमानमनुमोदेता वा स पञ्चभि-
र्म्महापातकैरुपपातकैश्च

२८ संयुक्तः स्यादिति[।]उक्तं च भगवता वेदव्याशेन व्याशेन[।]षष्टिं वर्षसहस्राणि
स्वर्गे तिष्ठति भूमिदः[।]आ-

२९ च्छेत्ता चानुमन्ता च तान्येव नरके वसेत् [॥]यानीह दत्तानि पुरातनानि
दानानि धर्म्मार्थायसस्करा-

३० णि[।]निर्भुक्तमाल्यप्रतिमानि तानि को नाम साधुः पुनराददीत [॥] स्वदत्तां
परदत्तां वा यत्नद्रक्ष न-

३१ राधिपः [।]महीं महीमतां श्रेष्ठ दानाच्छ्रेयानुपालनं[॥]लिखितंश्चैतत्पादानु-
जीविदामोदरसुते-

३२ न रेवादितेन स्वहस्तोयं मम श्रीवितरागसूतो श्रीप्रसन्तरागस्य[॥]

पं. १७ वांचो त्सर्पणार्थं; घाटनस्थानानि. पं. १८ वांचो पूर्वत; ग्रामो; ग्रामः; ग्राम उत्तरतो; ग्राम पं. १९ वांचो राघाट; सोपरिकरः; हिरण्या. पं. २० वांचो कीयानामप्रवेश्य आ, न्द्रार्का. पं. २१ वांचो पूर्व; संवत्स. पं. २२ वांचो ज्यैष्ठामावास्यायां, सूर्य; प्रतिपादित. पं. २३ वांचो या. पं. २४ वांचो श्वर्याणि. पं. २५ 'द्दायो' द्रायो જેવો લાગે છે. पं. २७ वांचो यश्चाज्ञान; मोदेत पं. २८ वांचो व्यासेन पं. २९ वांचो तान्येव; र्थयशस्क पं. ३० वांचो यत्नाद्रक्ष पं. ३१ वांचो राधिप; तं चैत पं. ३२ वांचो श्रीवीत; सुनोः श्रीप्रशान्तः रेवादित्येन ने બદલે रेवादितेन કદાચ વપરાયું હોય.

નં. ૧૧૬

દદ્દ ૨ જાનાં ઈલાવમાંથી મળી આવેલાં તામ્રપત્રો

(શક) સં. ૪૧૭ જ્યેષ્ઠ વદિ અમાવાસ્યા (ઇ. સ. ૪૯૫—૬)

દદ્દ ૨ જાનું ઈલાવનું દાનપત્ર પ્રથમ પ્રોફેસર આર. જી. ભાંડારકરે જ. બો. બ્રે. રો. એ. સો. વો. ૧૦ પા. ૧૯ માં પ્રસિદ્ધ કર્યું હતું. બોંબે બ્રેંચ ઓફ રોયલ એશિયાટિક સોસાયટીની માલકીનાં મૂળ પતરાંઓ ઉપરથી, લીથોગ્રાફ સાથે, તે હું ફરીથી પ્રસિદ્ધ કરૂં છું. તે ભરૂચ ડિસ્ટ્રિકટમાં ઈલાવ નજીક મળ્યાં હતાં.

આમાં બે પતરાં છે. દરેક ૧૧ ૩/૮" લાંબુ અને ૬ ૩/૪" પોહોળું છે. લખાણના રક્ષણ માટે કાંઠા સહેજ જાડા કરેલા છે, અને લેખ આખો સુરક્ષિત છે. બે કડીઓ માટે કાણાં છે, પરંતુ જ્યારે પતરાં મને મળ્યાં ત્યારે ફક્ત ડાબી બાજુની કડી કાપ્યા વગરની રહી હતી. તે લગભગ ૩/૮" જાડી અને વલભીની કડી જેવી સાધારણ ગોળ છે. તેના ઉપરની મુદ્રા એકંદરે ગોળ છે. તેનો વ્યાસ આશરે ૧ ૩/૮" અથવા ૧ ૫/૮" નો છે. તેની ઉપર ઉપસેલી બિંબાકાર સપાટીપર કંઇક ચિત્રામણ છે. તે કદાચ પક્ષી રૂપમાં ગરૂડની આકૃતિ હશે. તેની નીચે લીથોગ્રાફ કરતાં મૂળમાં વધારે સહેલાઈથી વાંચી શકાય તેવા અક્ષરોમાં "श्री-दद्द (द्) अ" લેખ છે. આદ્યોપાંત ભાષા સંસ્કૃત છે. અને છેક ૧૩ મી પંક્તિ સુધી લેખ ઉમેટાનાં દાનપત્રના લેખ સાથે લગભગ અક્ષરશઃ મળતો આવે છે. વળી આ બન્ને દાનપત્રોની પં. ૧ થી ૬ સુધીનું દદ્દ ૧ લાનું વર્ણન ખેડાનાં બે દાનપત્રોની પં. ૨૫ થી. ૩૧ સુધીનાં દદ્દ ૨ જાનાં વર્ણનમાંથી શબ્દે શબ્દ લીધેલું છે.

લેખ દદ્દ ૨ જા ઉર્ફે પ્રશાંતરાગના સમયનો છે. તેમાં તિથિ શકે ૪૧૭ (ઇ. સ. ૪૯૫–૬) ના જ્યેષ્ઠ અમાવાસ્યાને દિવસે સૂર્યગ્રહણ સમયની છે. તે દિવસે જનરલ કનીંગહામની સૂચનાનુસાર બુધવાર તા. ૮ મી જુન ૪૯૫–ઈ૦ હતી તે દિવસે સૂર્યગ્રહણ પણ હતું. પરંતુ તે ગ્રહણ પારિસમાં સાંજના ૬–૩૦ વાગે થયું હતું. એટલે ગુજરાતમાં તે રાત્રે લગભગ ૧૧ વાગે થયું હતું અને દેખાય એવું નહતું. અર્થાત્ આ ગ્રહણ હિંદુ ખગોળવેત્તાઓ ધ્યાનમાં ન લે તેવું હતું. પંડિત ભગવાનલાલ ઇન્દ્રજી, જેણે આ દાનપત્રના ખરાપણા વિરૂદ્ધ આગળ પા. ૭૨ થી ૭૪ માં ટીકા કરેલી છે અને જે ધ્યાનમાં રાખવા લાયક છે તે એમ ધારવા પ્રેરાય છે કે ગુર્જરનાં દાનપત્રોના ખરા સંવતના વર્ષ ૪૧૭ ના જ્યેષ્ઠ અમાવાસ્યાને દિવસે થયેલા સૂર્યગ્રહણની ખરી માહિતી આ ખોટો લેખ બનાવી કાઢનારે મેળવી હશે, અને તેના ખરા સંવતની માહિતી નહીં હોવાથી તેણે વર્ષને શકના સંવત્ તરીકે જણાવ્યું. આ મત પ્રમાણે જનરલ કનીંગહામે કરેલી ગણત્રીનું પરિણામ આગળ પાને ૭૭ માં આપ્યું છે.

ભરૂકચ્છ અથવા ભરૂચના દરવાજા પાસે વિજયી છાવણીમાંથી આ દાનપત્ર અપાયું છે, અને અને દાનપત્રમાં અકુલેશ્વર[1]ના 'विषय' માં આવેલાં રાઈધમ ગામનો ઉલ્લેખ છે. અકુલેશ્વર એ નં૦ ૧૩૯ અને ૧૪૦ના દાનપત્રોનાં અક્રૂરેશ્વરનું, હાલનાં અંકુલેશ્વર અથવા અંકલેશ્વરને બહુ જ મળતું બીજું નામ હશે. આપેલાં ગામની પૂર્વે વારણેરા ગામ, જેને પ્રોફેસર ભાંડારકર ઈલાવની ઈશાન કોણમાં આશેર ૪ મૈલ ઉપર અને અંકલેશ્વરની અગ્નિ કોણમાં આશરે ૮ મૈલ ઉપર આવેલા હાલના 'વાલ્નેર' તરીકે ઓળખાવે છે; દક્ષિણે વરણ્ડા નદી, જેને તે હાલની "વંઢ–ખરી" તરીકે ઓળખાવે છે; પશ્ચિમે શુંઠવડક અથવા શુંઠવાડક ગામ; અને ઉત્તરે અરલૌમ ગામ. શુંઠવડક અગર શુંઠવાડક એ કદાચ સુરત ડિસ્ટ્રિકટમાં 'ચીખલી' તાલુકામાં આવેલું હાલનું 'સુથવાડ' હશે. પરંતુ આ ગામના ચોક્કસ સ્થાન વિષે ખાત્રી કરવા માટે મારી પાસે નકશા નથી.[2] રાઈધમ અને અરલૌમનાં ગામડાંઓનું નિશ્ચિત સ્થળ હજી જાણવાનું બાકી રહે છે.

---

* ઈ. એ. વો. ૧૩ પા. ૧૧૫ જે. એફ. ફ્લીટ

૧ શિવના અકુલ નામ ઉપરથી કદાચ પડયું હશે. ૨: પોતાના ચર્ચાપત્રના મથાળે પ્રો. ભાંડારકર એમ કહે છે કે આ દાનપત્ર સુરત ડિસ્ટ્રિક્ટમાં ગામડાંમાંથી ઉપલબ્ધ હતું, પરંતુ તેના ચર્ચાપત્રના અંતમાં જે પ્રમાણે પોતે જ કહે છે તેમ ઈલાવ કે જ્યાંથી આ દાનપત્ર મળી આવ્યું હતું તે ગામ ભરૂચ ડિસ્ટ્રિક્ટમાં આવેલું છે.

अक्षरान्तरं

पतरूं पहेलुं.

१ ॐ स्वस्ति विजयविक्षेपात् भरुकच्छप्रद्वारना[वां]सकात्[।]सक[जै]लघनपटलविनिर्म्गतरजनिकरका[क]रावबोधितकुमुद-

२ धवलयश[:] प्रताप[नै][।]स्थगितनभोमण्डलोनेकसमरसंकटप्रमुख[।]गतनिहितशत्रुसामंत कुलवधूप्रभातसम-

३ यरुदितफ[च्छे]लोद्रि[द्री]यमान विमलनिस्त्रिंशप्रतापो देवद्विजातिगुरुचरणकमलप्रणामोद्घृष्टवज्रमणिकोटिरुचिरदी-

४ धितिविराजितमुकुटोद्भासितशिराः वि[दी]नानाथातुर[।]भ्यागत[।]र्थिजन[।]च्छि[क्लि]ष्टपरिपूरितविभवमनोरथोपचीयमान तृ[त्रि]विष्ट-

५ पैकसहायधर्म्मसंचयः प्रणयपरिकुपितमानिनीजनप्रणामपूर्व्वमधु [धु]रवचनोपपादितप्रसादप्रकाशि[शी]कृतविदग्धना-

६ गरकस्वभावो विमलगुणपंजर[।]क्षिप्तबहलकलितिमिरनिचयः श्रीमद्दद्दे[द्द]स्तस्य सु[सू]नु[:]समदप्रतिद्वंद्वि गजघटा-

७ भेदिनिस्त्रिविक्रमशप्रकटितमृगपतिकिसो[शो]रवि[वी]र्य[।]वलेपः पयोनिधि[धी]कृतउभयतटप्ररु[रू]ढध[व]न लेख[।]विहतनिरंकुशदानप्रवा-

८ हप्रवृत्तदिग्दन्तिविभ्रमगुणसमूहः स्फटिककर्पु[र्पू]रपिण्डपाण्दु[ण्डु]रयशश्चन्दन चर्च्चितसमुन्नतैगगनलक्ष्मि[क्ष्मी]पयोधरो-

९ [त्]संगः श्रीजयभटस्तस्य[।]त्मजः प्रतिहतसकलजगद्व्यापिदोषाधिकार विजृ[ं]भित संतता[त]तमोवृत्वि[त्ति]रधिकगुरुत्ते-

१० हसंपत्र्कविमलदिशोभासितजीवलोकः परमबोधसमा[म]नुगतो विपुलगुर्ज्जरनृपान्म[न्व]य प्रदि[दी]पतामुपेगतः

११ समधिगतपंचमहाशब्द महाराजाधिराज श्रीमद्दद्दः कुशली सर्व्वानेव राष्ट्रपति विषयपति ग्रामकु[कू]ट[।]यु-

---

१ મૂળ પતરાં ઉપરથી. ૨ ઉમેટાનાં દાનપત્રમાં પણ नासकात् વાંચન છે. ડૅા. બ્યુલ્હર સૂચવે છે वा ને બદલે ना ની ભૂલ અસલ લેખ જે ચાલુ હસ્તાક્ષરોમાં હતો અને જેમાંથી કોતરનારે નકલ કરી હતી તેમાંથી કદાચ થઈ હશે. ૩ વાંચો सजल ૪ ઉમેટા દાનપત્રમાં प्रताप વાંચન છે, પરંતુ અર્થ બંધબેસતો આણવા માટે प्रतान વાંચન આપણે લઈએ છીએ. ૫ ઉમેટા દાનપત્રમાં फल વાંચન છે. ડૅા. બ્યુલ્હર તેનો छल માં ફેરફાર કરવાની જરૂરીઆત માટે શંકા બતાવી છે. પરંતુ બે ખેડાનાં દાનપત્રોમાં छल એ સ્પષ્ટ રીતે વાંચન છે. ૬ વાંચો द्द ઉમેટા દાનપત્રમાં दद વાંચન છે. પરંતુ આ દાનપત્રની પેઠે તેના પૌત્રનું નામ द्द એમ લખેલું છે. ૭ ઉમેટા દાનપત્રની ૧૦ મી પંક્તિમાં चर्च्चितांगसमुन्नत આ પ્રમાણે વાંચન છે. ૮ ઉમેટા દાનપત્રની ૧૨ મી પંક્તિમાં संपत्क એમ વાંચન છે. ૯ પહેલાં तो કોતરવામાં આવ્યો હતો પછીથી ओ નો માત્રાનો થોડો ભાગ ભૂંસી નાંખી ता કરવામાં આવ્યો છે.

१२ क्तका[क]नियुक्तकाधी[धि][कारि]क महत्तरादीं[1] त्[न्] समाज्ञ[ा]-
पयति[।]अस्तु[3] वो विदितं यथा मया मातापित्रोरात्मनश्चैवामुष्मिकपुण्ययशो-

१३ भिवृद्धये अभि[हि ?]च्छत्रवास्तव्य तच्[चा]तुर्विद्यसामान्य क[ा]श[श्य्]
पश[स]गोत्रबह्वि[ह्वृ]चं स ब्रह्मचारि भट्ट गोविन्दस्त·

बीजुं पतरूं

१४ स्य सु[सू]नु[नवे]भट्ट न[ा]र[ा]यण[ा]य बलिचरुवैश्वदेवाग्निहोत्र पञ्च
[श्च]मह[ा]ज[य]ज्ञादिक्रि[क्रि]योत्सर्पण[ा]र्त्थं[ा][5] अकुलेश्वरविषय[ा]
न्तः पाति राइ-

१५ धं ग्रामोस्याघ[ा]ट स्थ[ा]नानि पु[पू]र्वतः वारने[णे]रग्रामः दक्षिणतः
वरण्ड[ा]नदिः[7] पश्चिमतः शुंठव[वा ?]डकग्रामः उत्[त्त]रतः

१६ अरलौम ग्राम । –श्चैं एवमयं स्वचतुराघ[ा]टनविशुद्धो ग्रामः सोद्रङ्ग[:]
स[ो]परिकर[:]सधान्यहिरन्य[ण्य][ा]देय[:]सोत्पद्यमानविष्टिक[:]

१७ समस्त राजकि[की]य[ा]न[ा]मप्रवेश्यम[श्या]चन्द्र[ा]र्क[ा]र्णव क्षिति-
सरित्पर्वतसमानकालीन[:]पुत्रपोत्रान्वयक्रमोपभोग्य[:]पु[पू]र्वप्रत्तदेव-

१८ ब्रह्मदेयवर्ज्जमभ्यन्तर सिद्ध्य[ा]शकनृपकालतीतसंवच्छ[त्स]र शतचतुष्टये
सप्तदशाधिके ये[ज्ये]ष्ठ[ा]म[ा]वास्य[ा]सु[सू]र्ये ग्रा-

१९ दे उदकातिसर्गेण प्रतिपादितं [तः] [।]यतोस्योचितय[ा]ब्रह्मदायस्थित्या
कृषतः कर्षयतो भुंजतो भे[भो]जयतः प्रतिदिश-

२० तो वा न व्य[ा]सेधः प्रवर्तितव्य[:] [।]तथागामिभिरपि नृपतिभिरस्मद्वंश्यै-
रन्यैर्व[ा]सामान्य[ं]भूमिदानफलमवेत्य बिन्दु[न्दू]ल्लोलान्यनित्य[ा]न्यैश्वर्य[ा]

२१ णि तृण[ा]ग्रलग्नजलबिन्दुचण्च[ञ्च]लण्च[ञ्च]जीवितम[ा]कलय्य स्वदाय-
निर्विसे[शे]षोयमस्मदा[द्दा]योनुमन्तव्यः पालयितव्यश्च[।]तथा चोक्तं[।]

---

१ ઉમેટા દાનપત્રની ૧૪ મી પંક્તિની પઠે આંહિ પણ વાચન આધિક છે. પરંતુ બે ખેડાનાં દાનપત્રની ૩૨ મી પંક્તિમાં છે તેમ આધિકારિક એમ સુધારો કરવો જ જોઇએ એ નિઃશંક છે. ૨ અનુસ્વારની ભૂલ છે. ૩ પહેલાં स्तु કોતરવામાં આવ્યો હતો અને પછીથી स्त થોડો ભૂસીને કરવામાં આવ્યો છે. ૪ अत्रि(हि ?)થી આંહિ સુધીનું અક્ષરાંતર એક રદ કરેલા લખાણ ઉપર કોતરવામાં આવ્યું છે. ૫ પ્રો. ભાંડારકર अंकुलेश्वर વાંચે છે, પરંતુ બીજા પદમાં અનુનાસિક નથી તેમ પહેલા પદ ઉપર અનુસ્વાર પણ નથી કોતરેલું. ૬ પ્રો. ભાંડારકર राच्छवम् વાંચે છે અને હાલનું 'રછીદ' સાથે ઓળખાવે છે. પહેલા બે અક્ષરોની નીચે ત્રણ રદ કરેલા અક્ષરોની નિશાની છે, જેમાંના પહેલા બે वरि છે. નામ જે પ્રમાણે છે તેમ પહેલા બે અક્ષરો તો ચોકકસ પણે रा છે. બીજુ પદ નીચેના જમણી બાજુના ખૂણામાં થોડુંક ભૂંસાઈ ગયું છે. પરંતુ શરૂવાતની इ વગરનું છે. ત્રીજું પદ જોકે બરાબર घ નથી તેમ व પણ નથી. પરંતુ व કરતાં घ ને વધારે મળતું છે. ૭ વાંચો नदी ૮ પ્રો. ભાંડારકર अरलौम અથવા सरठौम વાંચે છે. તેમાં પાછળનાને વધારે ઠીક ગણે છે અને તેને વાલ્નેરથી દોઢ માઇલ દૂર હાલના सुरठम् સાથે સરખાવે છે. ૯ શબ્દની વચ્ચે હોવાથી આ વિરામચિહ્નની જરૂર નથી.

२२ बहुभिर्वसुधाभुक्त[ा]राजभिः सगरादिभिः यस्य यस्य यदा भूमिस्तस्य तस्य तदा फलं[॥]यश्च[ा]ज्ञानतिमिरावृतमतिरा-

२३ च्छिद्य[ा]दाच्छिद्यमानमनुमोदेत वा स पञ्च[भ्र]मिर्म्महापातकैरुपपातकैश्च संयुक्त[:]स्यादिति[॥]उक्तं च भगवता वेद व्याशे[से]-

२४ न व्याशे[से]न[।]षष्टिं वर्षसहस्राणि स्वर्गे तिष्ठति भूमिदः आ[ा]च्छेत्ता चानुमन्ता च तं[ा][1] न्येव नरके वसेत् [॥]यानीह दत्तानि पुरा-

२५ तन[ा]नि[2] दानानि धर्म्म[ा]र्थयस[श]स्कराणि निर्भुक्तमाल्यप्रतिमानि तानि को नाम साधुः पुनराददीत[॥]स्वदत्तां परदत्ता[ं]वा य-

२६ त्नाद्रक्ष नराधिपः[3] मही महि[ही]मतां से[श्रे]ष्ठ दानाच्छ्रेयोनुपालनं[॥] लिखितमिदं संधिविग्रह[ा]धिकृतरेवेण म[ा]धवसुतेन[॥ श्रीवि[4][वी]तराग-सु[सू]नो[:]स्वहस्तोयं मम

२७ श्रीप्रशान्तरागा[ग]स्य[॥]

---

१ આ અનુસ્વારની ભૂલ છે. २ આદિ અને ઉમેટા દાનપત્રમાં બે ખેડાના દાનપત્રના વાચન પૂરાનરેન્દ્રૈઃ કરતાં જૂદું જ છે. ३ વિસર્ગની ભૂલ છે. ४ ઉમેટા દાનપત્રથી જૂદું પડે છે. સહિ આંહી ચાલુ હસ્તાક્ષરોમાં નથી.

ભાષાન્તર

ૐ ! સ્વસ્તિ ! ભરૂકચ્છના દ્વાર (દરવાજા) આગળ આવેલા વિજયી નિવાસસ્થાનમાંથીઃ—

(પં. ૧) સજળ ઘન વાદળમાંથી બહાર નીકળતા શશીનાં કિરણથી જાગૃત થએલા શ્વેત કુમુદ જેવી યશની વેલીથી નભમંડળ છાયી નાંખતો, અનેક સમરનાં સંકટમાં જેની સામે આવતાં સંહાર થએલા શત્રુસામન્તકુલની પત્નીઓ પ્રભાત સમયે રૂદનથી જેની અસિનો પ્રતાપ મોટેથી જાહેર કરે છે એવો દેવ, દ્વિજ અને ગુરૂઓનાં ચરણકમળને પ્રણામ કીધેથી પંક્તિઓ પડેલા કોટી વજ્રમણિના ઉજ્જ્વળ કિરણોથી વિરાજિત મુગટથી મંડિત શિરવાળો, દીન, અનાથ, આતુરી, અભ્યાગત, યાચક, અને વિપત્તિવાળા જનોના વૈભવ (લક્ષ્મી) માટેના મનોરથ પૂર્ણ કરવાથી નિરંતર વૃદ્ધિ પામતા, સ્વર્ગપ્રાપ્તિના એક જ સહાય ધર્મસંચયવાળો, પૂર્વે પ્રણયથી કોપિત થએલી માનિની જનોના પ્રણામ પછી મધુર વચનથી ઉદ્ભવેલા પ્રસાદથી પ્રકાશિત થતા વિદગ્ધ અને નાગરક સ્વભાવવાળો, વિમલ ગુણનાં કિરણોના પિંજરમાં કલિના ઘનતિમિરને નાંખનાર, પંચ મહાશબ્દ પ્રાપ્ત કરનાર શ્રી દદ્દ હતો.

(પં. ૬). તેનો પુત્ર શત્રુની મદોન્મત્ત ગજસેનાનો સંહાર નિર્દય ફાળ (ફલંગ) મારી કરનાર જુવાન સિંહ જેવો પોતાની તરવારથી પ્રતાપ પ્રકટ કરનાર, નિરંકુશ દાન પ્રવાહથી અને ઉદધિના બન્ને તટ પર આવેલાં વનોમાં ગમન કરી સતત મદ ઝરતા અને ક્રીડા કરતા દિગ્ગજોના ગુણસમૂહવાળો, ગગનલક્ષ્મીનાં સમુન્નત વાદળાં રૂપી પયોધરોને સ્ફટિક અને કર્પૂર જેવા શ્વેત યશનાં ચંદનના લેપથી સુગંધિત કરતો શ્રી જયભટ હતો.

(પં. ૯) તેનો પુત્ર, સકલ જગત વ્યાપી દેનાર દોષના અધિકારથી ઉદ્ભવેલા ઘનતિમિરને હાંકી મૂકનાર, ગુરૂના અધિકસ્નેહ થએલા વિમલ આદેશથી જીવલોકને પ્રકાશિત કરતો, પરમબોધ પ્રાપ્ત કરનાર, વિપુલ ગુર્જર નૃપોના અન્વયમાં મશાલ જેવો, પંચમહાશબ્દ પ્રાપ્ત કરનાર મહારાજાધિરાજ, શ્રી દદ્દ કુશળ હાલતમાં સમસ્ત રાષ્ટ્રપતિ, વિષયપતિ, ગ્રામકૂટ, આયુક્તક, નિયુક્તક, આધિકારિક, મહત્તર આદિને જાહેર કરે છેઃ—

(પં. ૧૨) તમને જાહેર થાઓ કેઃ—મારાથી માતાપિતાના તથા મારા પરલોકમાં પુણ્યયશની વૃદ્ધિમાટે અહિચ્છત્રમાં નિવાસ કરતા, તે જ સ્થળના ચતુર્વેદિ મધ્યેના, કાશ્યપ ગોત્રના, બહ્વૃચ સબ્રહ્મચારી ભટ્ટ ગોવિન્દના પુત્ર ભટ્ટ નારાયણને બલિ, ચરૂ, વૈશ્વદેવ, અગ્નિહોત્ર, પંચમહાયજ્ઞ આદિ અનુષ્ઠાન માટે અકુલેશ્વરવિષયમાં શાઇધિગામ જેની સીમાઃ પૂર્વે વારણેર ગામ; દક્ષિણે વરન્ડા નદી; પશ્ચિમે શુણ્ડવડક ગામ અને દક્ષિણે અરલૌમ ગામ; આ ચાર સીમાવાળું ગામ ઉદ્રઙ્ગ સહિત, ઉપરિકર સહિત, અન્ન અને સુવર્ણની આવક સહિત, વેઠના હક્ક સહિત, રાજપુરૂષોના પ્રવેશમુક્ત, ચંદ્ર, સુરજ, સાગર, પૃથ્વી, નદીઓ અને પર્વતોના અસ્તિત્વકાળ સુધી, પુત્ર, પૌત્ર, અને વંશજોના ઉપભોગ માટે, પૂર્વે દેવ અને બ્રાહ્મણોને કરેલાં દાનવર્જ્ય કરી અભ્યન્તર સિદ્ધિથી, શકરાજાના સમય પછી સંવત્સર ૪૧૭ માં જ્યેષ્ઠ અમાસ ને સૂર્યગ્રહણના સમયે પાણીના અર્ઘ સાથે અપાયું છે.

(પં. ૧૯) આથી આ માણસ જ્યારે બ્રહ્મદાયના નિયમાનુસાર આ ગામની ખેતી કરતો હોય અથવા ખેતી કરાવતો હોય અથવા ઉપભોગ કરતો હોય અથવા ઉપભોગ કરાવતો હોય, અથવા અન્યને સોંપતો હોય ત્યારે કોઇએ પણ પ્રતિબંધ ન કરવો.

(પં. ૨૦) આ અમારા દાનને અમારા વંશના કે અન્ય ભાવિ નૃપોએ પોતે કરેલા દાન માફક, ભૂમિદાનનું ફળ દાનદેનાર અને રક્ષનારને સામાન્ય છે, શ્રી જલબિંદુ જેવી ચંચલ અને અનિત્ય છે, અને જીવિત તૃણના અગ્રે જલબિંદુ જેવું ચંચલ છે એમ માનીને અનુમતિ આપવી

અને તેનું રક્ષણ કરવું. અને આમ કહેવાયું છે કેઃ—સગરથી માંડીને બહુ નૃપોએ ભૂમિનો ઉપભોગ કર્યો છે. જે જે સમયે જે ભૂપતિ હશે તેને તે સમયે તેનું ફળ છે. અને અજ્ઞાનના ઘનતિમિરથી આવૃત થએલા મનવાળો જે માણસ આ દાન જપ્ત કરશે અથવા તેમાં અનુમતિ આપશે તે પંચમહાપાતકનો અને અન્ય ન્હાનાં પાપોનો દોષી થશે.

(પં. ૨૩) ભગવાન વેદ વ્યાસે કહ્યું છે કેઃ—ભૂમિદાન દેનાર ૬૦ હજાર વરસ સ્વર્ગમાં વસે છે અને તે જપ્ત કરનાર તેટલાંજ વરસ નરકમાં વાસ કરે છે. પૂરાતન, ધર્મ, અર્થ અને યશની ઉત્પત્તિ વાળાં દાનો પ્રતિમાને અર્પણ થએલી નિર્મુક્ત માલા જેવાં છે. કયો સુજન તે પુનઃ પાછાં લઈ લેશે ? તમારાં અથવા અન્યનાં કરેલાં ભૂમિદાનનું, હે નૃપોમાં શ્રેષ્ટ નૃપ ! રક્ષણ તું સંભાળ પૂર્વક કર. દાન દેવા કરતાં દાનની રક્ષા અધિક છે.

(પં. ૨૬) માધવના પુત્ર સંધિવિગ્રહાધિકૃત રેવથી લખાયું છે.

(પં. ૨૭) શ્રી વીતરાગના પુત્ર શ્રીપ્રશાન્તરાગના મ્હારા આ સ્વહસ્ત છે.

નં૦ ૧૧૭

રાજા જયભટ ૨ જાનાં તામ્રપત્રો*

ચે. સંવત્ ૪૫૬ માઘ સુધિ ૧૫

આ લેખ તથા બીજા કેટલાક લેખો નવસારીની સર કાવસજી જાંહાંગીર રેડીમની મદ્રેસા-ના આસિસ્ટંટ માસ્તર મી. શેરીઆરજી દાદાભાઈ ભરૂચાએ મને પ્રસિદ્ધ કરવા માટે આપ્યા હતા. એ લેખો નવસારીમાં કોઈ પાયા ખોદતાં મળી આવ્યા હતા.

આ લેખ બે પતરાં ઉપર છે. તે દરેક ૧૨ " પોહોળું અને ૯ " ઉંચું છે. કાંઠા મોટે ભાગે સ્હેજ જાડા રાખી અંદરની બાજુએ વાળ્યા છે, જેથી લેખનું રક્ષણ થઈ શકે. બીજા પતરાની શરૂ-આતમાં પહેલી પંક્તિનો પહેલો અક્ષર તથા બીજા અક્ષરના થોડા ભાગવાળો ન્હાનો ટુકડો ભાંગી ગયો છે. અને એ જ પતરામાં એજ બાજુએ નીચલા ભાગમાંથી ૪" ૩" અને ૪⅞"ની બાજુઓવાળો એક ત્રિકોણાકાર જેવડો ટુકડો ભાંગી જઈ ખોવાઈ ગયો છે. પરંતુ લગભગ બધાય નાશ પામેલા અક્ષરો પૂરા પાડી શકાય છે. પતરાં જ્યારે પહેલાં મારા હાથમાં આવ્યાં ત્યારે તેના ઉપર તેના જેટલો જ જાડો કાટનો થર જામ્યો હતો અને એક અક્ષર પણ કોઈ સ્થળે જાણી શકાતો નહોતો. પરંતુ તે સાફ કરી આખો લેખ સુવાચ્ય કરવામાં હું ફત્તેહમંદ થયો છું લેખ પતરાંની પોહોળાઈમાં આડો લખ્યો છે. બે કડીઓ માટે કાણાં છે, પણ કડીઓ તથા તેમાના એક ઉપર મુદ્રા હોવી જોઈએ તે ખોવાઇ ગયાં છે. ભાષા આદ્યોપાંત સંસ્કૃત છે. છેલ્લી પંક્તિમાં આપેલી સાખ સિવાય, લિપિ ગુજરાતમાં મળી આવેલાં ચાલુક્ય અને રાષ્ટ્રકૂટનાં સાતમા સૈકાનાં દાનપત્રો જેવી છે. આ જાતની લિપિ ચોથા સૈકાની દક્ષિણ–હિન્દની બાળાક્ષરી ઉપરથી બનેલી છે, અને તે જ સમયની જૂની નાગરીથી ઘણે અંશે જુદી છે. પરંતુ ૪૪ મી પંક્તિમાં સાખની લિપિ દાનપત્રની લિપિ કરતાં તદ્દન જૂદી છે, તે સાતમા સૈકાની નાગરી લિપિ છે. આ લિપિ કદાચ તે વખતે ગુજરાતમાં વપરાતી ચાલુ હસ્તાક્ષરોની હશે.

આ લેખ જયભટ ૨ જાના સમયનો છે. દાનપત્ર કાયાવતારની છાવણીમાંથી કાઢયું છે. આ સ્થળ ભરૂચ ડિસ્ટ્રિકટના જંબુસર તાલુકાના કાવિનું સંસ્કૃત રૂપ માનવાને પ્રબળ ઇચ્છા થાય છે. તેમાં જયભટે કોરિલ્લા ' પથક ' અગર પેટા–ભાગમાં આવેલાં શમીપદ્રક ગામમાં ૬૪ " નિવર્તનો "ના માપનું એક ખેતર દાનમાં આપ્યાનું લખ્યું છે. કોરિલ્લા એ ભરૂચની ઈશાન કોણમાં લગભગ ૧૦ માઈલ પર આવેલું હાલનું ' કોરલ ' જણાય છે. શમીપદ્રક અને ગોલિકા જે ખેતરની સીમાના વર્ણનમાં બતાવ્યું છે,—એ હાલ ઓળખાવવાને હું તૈયાર નથી. દાહદ્ર. જે પણ એ જ સંબંધમાં આપ્યું છે, તે પંચમહાલમાં ગોધરા પાસેનું હાલનું દોહદ હશે. ગિરિ-નગર, જે દાન લેનારના મૂળ વતન તરીકે બતાવ્યું છે, તે કાઠિઆવાડનો હાલનો ગિરનાર છે. શ્રદ્ધિકાનું અગ્રહાર ગામ, જે દાન લેતી વખતે તેનું નિવાસસ્થાન હતું તે હાલ ઓળખી શકાતું નથી.

કોઈ અજ્ઞાત સંવતના વર્ષ ૪૫૬ના માઘની પૂર્ણિમાને દિવસે થયેલા ચંદ્રગ્રહણસમયે આ દાન આપ્યું હતું, અને ૪૩ મી પંક્તિમાં લેખ લખાયો તે દિવસ અને દાન અપાયું તે દિવસનું નામ સોમવાર (અથવા મંગળવાર) લખ્યું છે. આ તારીખ કયા સનની છે તે પ્રશ્ન હવે આપણે વિચારવાનો છે.

મારો અભિપ્રાય એવો છે કે ઉમેટા અને ઈલાઓનાં દાનપત્રો બનાવટી છે, અને તે ધર-સેન ૨ જાનું દાનપત્ર બનાવી કાઢનારે જ તૈયાર કર્યાં છે. કદાચ તેણે દદ ૨ જાનું એક ખરૂં દાનપત્ર જે ખેડા, નવસારી અને કાવીનાં દાનપત્રોની માફક અનિર્દિષ્ટ સંવતવાળું હશે તે મેળવ્યું હશે; અને ત્યાર બાદ સંવત્ ન જાણવાથી તેણે અનુમાન કરીને શક સંવત દાખલ કરી દીધો.

---

૧ ઈ. એ. વો. ૧૩ પા. ૭૦ પંડિત ભગવાનલાલ ઈંદ્રજી

એટલે ઉમેટા અને ઈલાઓનાં દાનપત્રો હું નાકબૂલ કરૂં છું; અને તે સાથે ખેડાનાં દાનપત્રો શક સંવતનાં છે એવું જણાવતો મત પણ જેટલે અંશે તેના ઉપર આધાર રાખે છે તેટલા અંશે નાકબૂલ કરૂં છું. તેથી ખેડાનાં દાનપત્રોના દદ્દ ૨ જાને નવસારીનાં દાનપત્રના પહેલા દદ્દ —જેને આ દાનપત્રમાં 'बिरुद' આપવામાં આવ્યું નથી—તે તરીકે ઓળખાવું છું. અને આ પ્રમાણે આ ચાર દાનપત્રોમાંથી નીચે મુજબ વંશાવલી અને તારીખ નકકી કરૂં છું:—

દદ્દ ૧ લો.
(આશરે વર્ષ ૩૩૦)
|
જયભટ ૧ લો, અગર, વીતરાગ
(આશરે વર્ષ ૩૫૫)
|
દદ્દ ૨ અથવા પ્રશાન્તરાગ, ૩૮૦ અને ૩૮૫.
|
જયભટ ૨ જો,
(આશરે વર્ષ ૪૦૫)
|
દદ્દ ૩ જો, અથવા બાહુસહાય.
(આશરે વર્ષ ૪૩૦)
|
જયભટ ૩ જો, ૪૫૬ અને ૪૮૬.

નવસારીનું આ દાનપત્ર કાયાવતારના 'वासक' અથવા છાવણીમાંથી જાહેર થયું હતું. ઉપર કહ્યા મુજબ આ સ્થળને ભરૂચ ડિસ્ટ્રિકટના જંબુસર તાલુકાનાં કાવી ગામ તરીકે ઓળખાવવાનું મને મન થાય છે. અને 'वासक' શબ્દના ઉપયોગ ઉપરથી લાગેછે કે કાયાવતાર એ જયભટ ૩ જાની રાજ્ય-કારોબારી અગર ચઢાઇ પ્રસંગેની મુસાફરી વખતે થોડા વખત માટે નાંખેલી છાવણી હશે. જે છાવણી અગર શહેરમાંથી ૪૮૬ નું દાનપત્ર કાઢયું હતું તેનું નામ તે દાનપત્રના પહેલા ભાગ સાથે નાશ પામ્યું છે.

જનરલ કનીંગહામે કૃપાપૂર્વક ઉપરની વિગતોની ગણત્રી કરી છે અને આશરે ઈ. સ. ૨૪૫ ના સમય પહેલાં અને પછીની ઘણી તારીખો તપાસ્યા પછી જણાવે છે કે, ગ્રહણ અને વાર બન્ને ને માટે મળતું સન ઈ. સ. ૨૪૯-૫૦ છે અને તે સંવતના પહેલા વર્ષ સાથે ઇ. સ. ૨૫૦-૫૧ વર્ષ મળતું આવે છે.

૨૪૯—૫૦માં ૪૫૬ ઉમેરવાથી ઈ. સ. ૭૦૫-૬ થાય છે. અને માઘ જાનેવારી ફેબ્રુવારી સાથે આવતો હોવાથી આ દાનપત્રની તારીખ ઇ. સ. ૭૦૬ ના શરૂઆતના સમયમાં હોવી જોઈએ. તે વર્ષમાં માઘની પૂર્ણિમા મંગળવાર તા. ૨ જી ફેબ્રુવારીએ હતી, અને તે દિવસે ચંદ્ર ગ્રહણ પણ હતું.

अक्षरान्तर[1]

१ स्वस्ति श्रीकायावतारवासकात् सततलक्ष्मीनिवासभूते । तृष्णासंतापहारिणि दीन[ा]नाथवि-

२ स्तारितानुभावे । द्विजकुलोपजीव्यमानविभवशालिनि । महति महाराजकर्ण्णा-न्वये । कमलाकर इव रा-

३ जहंसः प्रबलकलिकालविलसिताकुलितेविमलस्वभावो गम्भीरोदारचरितविस्मा-पितसकललोकपा-

४ लमानसः परमेश्वरश्रीहर्षदेवाभिभूतवलभीपतिपरि[रि]त्राणोपजातभ्रमदद-भ्रशुभ्राभ्रविभ्रम-

५ यशोवितानः श्री दद्दस्तस्य सूनुरशङ्कितागतप्रणयिजनोपभुक्तविभवसञ्चयोप-चीयमानमनो-

६ निर्वृतिक[र]नेककण्टकवङ्शसंदोहदुर्ल्ललितप्रतापानलो निशितनिस्त्रिङ्शधारा-दारितारातिकरि-

७ कुम्भमुक्ताफलच्छलोल्लसितासितयशोङ्शुकावगुण्ठितदिग्वधूवदनसरसिजः श्रीजय-भट स्तस्यात्मजो म-

८ हामुनिमनुप्रणीतप्रवचनाधिगमविवेकस्वधर्म्मानुष्ठानप्रवणि[4] वर्ण्णाश्रमव्यवस्थोन्मू-लितसक-

९ लकलिकालावलेपः प्रणयिजनमनोरथविलयव्यतीतविभवसंपादनापनीताशेषपार्त्थि-वदाना-

१० भिमानो मदविवशाङ्कुशातिवर्त्तिकुपितकरिनिवारणप्रथितगुरुगजाधिरोहणप्रभावो-विपत्प्रपात-

११ पतितनरपतिशताभ्युद्धरणनिखिललोकविश्रुतपरोपकारकरणव्यसनः प्राच्यप्रती-च्याधिराज-

१२ विजृम्भितमहासंग्रामनरपतिसहस्रपरिवारि[रि]तानेकगजघटाविघटनप्रकटितभुज-वीर्य्यवि-

१३ ख्यातबाहुसहायापरनामा । परममाहेश्वरः समधिगतपञ्चमहाशब्दश्रीदद्दस्तस्य सूनुर-

१४ नेकसमरसंघट्टघनघटितगजघटापाटनपटुरसहिष्णुवनदावानलो दीनानाथा-

१५ तुरसुहृत्स्वजनबन्धुकुमुदाकरकौमुदीनिशाकरः भागीरथीप्रवाह इव विपक्षक्षोभ-क्षमः शान्तनु-

---

१ મૂળ પતરાંઓ ઉપરથી. २ આ વિરામચિહ્નની જરૂર નથી. અને તે જ પ્રમાણે પંક્તિ २२ સુધીનાં બધાં વિરામચિહ્નોની જરૂર નથી. ૩ બંધબેસતો અર્થ લાવવા માટે વાંચો विलासितानुल्ति ४ વાંચો प्रवीणो અથવા प्रवीणो.

१६ रिव समुद्भूत कलकलारावमहावाहिनीपतिः आदिवराह इव स्वभुजबलपराक्रमो-
   द्धृत ध[रणिः प]
१७ रममाहेश्वरः समधिगतपञ्चमहाशब्द श्रीजयभटः कुशली । सर्व्वानेव राजसामन्त
   भो[गिकवि]षय-
१८ पतिराष्ट्रग्राममहत्तराधिकारिकादीन् समनुदर्शयत्यस्तु वः संविदितं । यथा मया
   मातापित्रो त[र]त्म-
१९ नश्चैहिकामुष्मिकपुण्ययशोभिवृद्धये । गिरिनगरविनिर्ग्गत श्रद्धिकाराहारवास्तव्य
   तच्चाभु[तु]र्व्विद्यसामान्य-
२० श्रावायनसगोत्र वाजस[से]नेयमाध्यन्दिनसब्रह्मचारिब्राह्मणदत्तपुत्रे ब्राह्मणदेव-
   स्वामिने । अस्मत्कु-
२१ तप्रकाशनामकल्लुम्बराय । बलिचरुवैश्वदेवाग्निहोत्रातिथिपञ्चमहायज्ञादि क्रियो-
   त्सर्प्पणा-
२२ र्थं । कोरिल्लापथकान्तर्ग्गत शमीपद्रकग्रामे । पूर्व्वोत्तरसीम्नि चतुष्पष्टिभूनिवर्त्तन-
   प्रमाणं

पतरूं बीजुं.

२३ [क्षे]त्र[ं] । यस्याघाटनानि पूर्व्वतो गोलिकाग्रामसीमासन्धिः [।]दक्षिणतो
   यमलखल्लराभिधा-
२४ नतडाकं । तथा महत्तरमाहेश्वरसत्कक्षेत्रं । नापितदेवळस[त]कवापकक्षेत्रञ्च ।
   अपरतः शामी-
२५ पद्रकग्रामादेवधाहद्रग्रामयायी पन्थाः । उत्तरतो वरुटम्बलराभिधाननडाकं । तथा
२६ कोरिल्लावासिब्राह्मण नर्म्मसत्कब्रह्मदेय क्षेत्रञ्च । एवमिदं चतुराघाटनोपलक्षित-
   [ं]क्षेत्रं । सोद्रङ्गं । सोप-
२७ रिकरं । सभूतपा[वा ?]तप्रत्यायं । सधान्यहिरण्यादेयं । सदशापराधं ।
   सोत्पद्यमानविष्टिकं । गृहस्थावरचल-
२८ क । रथ्या । प्रवेश- । निर्ग्गम- । सागर- । चतुष्पादप्रचार- । वापी- । कूप- ।
   तडाकपद्रोपजीव्यसमेतं । सर्व्वरा-

१ आंहि कंइ सुधारानी जरूर छे. मागतुं नाम सूयवतु 'श्रावनायन' छे. २ असलमां, कोतरनार स बीलकुल भुली ज गयो हतो. अने पछी बीजे 'ज' वा अने ज नी वच्चे उमेरी ज नो स करवानी तजवीज करी. पण तेम करतां तेणे ष करी नांख्यो ३ कोतरनारे पहेलां श्रा कोतरी पछीथी त्र करेलो जणाय छे. ४ नियमित रूप तृटाकं अथवा नडागम् छे. ५-६-७ दरेकमां विराम-चिह्ननी जरूर नथी. ८ आ विरामचिह्ननी जरूर नथी. तेम ज पंक्ति ३१ सुधीनां बधां विराम-चिह्नोनी जरूर नथी.

२९ जकीयानामहस्तप्रक्षेपणीयं । पूर्व्वप्रत्तब्रह्मदायरहितं । भूमिच्छिद्रन्यायेनाचन्द्रा-
र्कार्णव-

३० वक्षितिसरित्पर्व्वतसमकालीनं । पुत्रपौत्रान्वयक्रमोपभोग्यमघमाघशुद्धपञ्चदस्यां ।
चन्द्रोप-

३१ रागे । पुण्यतिथावुदकातिसर्ग्गेण ब्रह्मदायत्वेन प्रतिपादितं । यतोस्योचितया । ब्रह्म-

३२ दायस्थित्या भुञ्जतः कृषतः कर्षयतः प्रतिदिशतो वा कैश्चिद्व्यासेधे वर्त्तितव्य-
मागामिभद्रनृ-

३३ पतिभिरस्मद्वंश्यैरन्यैर्व्वायमस्मद्दायोनुमन्तव्यः पालयितव्यश्च । यश्चाज्ञानतिमिरपटला

३४ वृतमतिराच्छिन्द्यादाच्छिद्यमानं वानुमोदेत । स पञ्चभिर्म्महापातकैः सोपपातकैः
संयुक्त स्यादित्यु-

३५ क्तञ्च भगवता वेदव्यासेन व्यासेन । षष्टिं वर्षसहस्राणि स्वर्गे तिष्ठति भूमिदः ।
आच्छेत्ता चानुमन्ता

३६ [च] तान्येव नरके वसेत् ॥ विन्ध्याटवीष्वतोयसु षु[शु]ष्ककोटरवासिनः ।
कृष्णाहयो हि जायन्ते भूमिदा-

३७ [नं ह]रन्ति ये ॥ बहुभिर्व्वसुधाभुक् [त]ा राजभिः सगरादिभिः । यस्य यस्य
यदा भूमिस्तस्य तस्य तदा फलं ॥

३८ [अग्नेर]पत्यं प्रथमं सुवर्ण्णं भूर्व्वैष्णवी सूर्य्यसुतश्च गावः । लोकत्रयं तेन भवेत्तु
दत्तं यः काञ्चनं गां

३९ [च महीं च] दद्यात् ॥ यानीह दत्तानि पुरा नरेन्द्रैर्द्दानानि धमार्त्थयशस्कराणि ।
निर्भुक्तमाल्यप्रतिमा-

४० [नि तानि को] नाम साधुः पुनराददीत ॥ स्वदत्तां परदत्तां वा यत्नाद्रक्ष
युधिष्ठिर । महीं मतिमतां श्रेष्ठ-

४१ [दानाच्छ्रेयोनु]पालनं ॥ संवत्सरशतचतुष्टये षट्पञ्चाशदुत्तरके माघ शुद्ध पञ्च-
दश्यां लिखितमिदं

४२ .... भोगिकपुत्रमहा-
बलाधिकृतकेशवेनेति बलाधिकृत बावुलदूतकं । सं ४०० ५० ६

४३ माघ शु १० ९ सो [?]मवारे । निबद्धम् ॥

४४ स्वहस्तो मम श्री जयभटस्य ॥

---

१ विरामचिह्ननी कोई जरूर नथी. २ आ अक्षर म हतो एम निःशंक बताववा माटे पतरांना भांगेल खूणा उपर अक्षरनो पूरतो भाग मोजुद छे. अलबत्त आगळनो अक्षर सो हतो के मौ हतो ते अटकळपूरतुं ज छे; परंतु एमां सो वधारे संभवित जणाय छे. आगळना अक्षरो पं॰ ३०-३१ नी मददथी अने कावी दानपत्रना तेने मळता लेख भागोनी सरखामणी उपरथी पूरा पाडवामां आव्या छे.

ભાષાન્તર

સ્વસ્તિ ! કાયાવતાર નિવાસસ્થાનથીઃ—

(પં. ૧)લક્ષ્મીનું અહર્નિશ નિવાસસ્થાન, તૃષ્ણાનો સંતાપ હરનાર (શમાવનાર), દીન અને અનાથને સહાય આપી મહિમામાં વૃદ્ધિ કરનાર, બ્રાહ્મણકુલોથી ઉપભોગ થતી લક્ષ્મી-સંપન્ન, મહાન કર્ણ નૃપના મહાન અન્વયમાં, કમલ મંડળમાં હંસ સમાન શ્રી દદ્દ હતો. તેનું પવિત્ર મન કલિયુગની અસર વિનાનું હતું અને તે પોતાનાં ઉમદા ડહાપણભર્યાં કૃત્યોથી સર્વ નૃપોને આશ્ચર્ય પમાડતો. તેનાપર પરમેશ્વર શ્રી હર્ષદેવથી પરાજય પામેલા વલભીનાથના રક્ષણ થી પ્રાપ્ત કરેલા શ્વેત વાદળ જેવા ઝઝુમતા યશનું છત્ર હતું.

(પં. ૫) તેનો પુત્ર, જેનું માનસિક સુખ તેની લક્ષ્મીના સંચયનો ઉપભોગ તેની પાસે ભય વગર આવનાર પ્રણયિજનો કરતા તેમ વૃદ્ધિ પામતું, જેના પ્રતાપનો અગ્નિ અનેક શત્રુ વંશને ભસ્મ કરવાની શક્તિવાળો હતો, અને જેણે દિગ્વધૂનાં વદનકમળ, તેની તીક્ષ્ણ અસિ-ધારાથી ભેદેલાં ગજોનાં કુમ્ભસ્થળોમાંથી નીકળતા મુક્તાફળ રૂપે ચળકતા શ્વેત યશના વસ્ત્રથી ઢાંકી દીધાં હતાં તે શ્રી જયભટ હતો.

(પં. ૭) તેનો પુત્ર, પંચમહાશબ્દ પ્રાપ્ત કરનાર, મહામુનિનાં રચેલાં શાસ્ત્રોમાં, સ્વધર્મ અનુષ્ઠાન અને વિવેકમાં નિપુણ, વર્ણ અને આશ્રમની સુવ્યવસ્થાથી કલિયુગની આણ નષ્ટ કર-નાર, અન્ય ભૂપોનો દાનનો મદ પ્રણયિઓની અભિલાષ પૂર્ણ કરવામાં વપરાતી લક્ષ્મી મેળવી નષ્ટ કરનાર, પોતાનું પ્રબળ હાથી પર આરોહન કરવાનું બળ મદથી ક્રોધિત બની અંકુશ સામે થતા અને નિરંકુશ ગજોને અંકુશમાં રાખી ખ્યાતિવાન કરનાર, વિપદ્‌માં આવેલા અનેક ભૂપતિ-ઓને સહાય આપ્યાથી સમસ્ત પ્રજામાં વિખ્યાત ઉદારતા વાળો, પૂર્વ અને પશ્ચિમના અનેક (હજારો) નૃપોને મહાસંગ્રામમાં આવૃત કરતી ગજસેના ભેદી પોતાનું બાહુબળ દેખાડી, બાહુ-સહાયના બીજા પ્રખ્યાત નામવાળો, મહેશ્વરનો પરમભક્ત શ્રી દદ્દ હતો.

(પં. ૧૩) તેનો પુત્ર, પંચમહાશબ્દ પ્રાપ્ત કરનાર, અનેક સંગ્રામમાં ઘન ગજસેના ભેદ-વામાં ચતુર; ક્લેશી જનોને દાવાનલ સમાન; દીન, અનાથ અને આજારી જનોનો મિત્ર; કમલ-મંડલ જેવા સ્વજન અને મિત્રોને ઇન્દુ સમાન, ભાગીરથી નદીના પ્રવાહની માફક શત્રુઓને ક્ષોભ પમાડે તેવી શક્તિવાળો,—શાન્તનું જેવો કલકલારવ કરતી મહાન સેનાનો નાથ, આદિ-વરાહ માફક પોતાના ભુજ બળના પરાક્રમથી ભૂમિને (દુષ્ટ નૃપતિઓની સત્તામાંથી) ઉદ્ધાર-નાર, અને મહેશ્વરનો પરમ ભક્ત શ્રી જયભટ કુશળ હાલતમાં સમસ્ત નૃપ, સામન્ત, ભોગિક વિષયપતિ, રાષ્ટ્રમહત્તર, ગ્રામમહત્તર, આધિકારિક આદિને અનુશાસન કરે છેઃ—

(પં. ૧૮) તમને જાહેર થાઓ કેઃ આ લોક તેમ જ પરલોકમાં મારાં માતાપિતા અને મારા પુણ્યયશની વૃદ્ધિ માટે, કોરિલ્લા પથકમાં આવેલા શમીપદ્રક ગામની ઈશાન સીમામાં ૬૪ (ચોસઠ) નિવર્તનનું ક્ષેત્ર—જેની સીમા— પૂર્વે ગોલિકા ગામની સીમા; દક્ષિણે યમલખ-લ્લર સરોવર અને મહત્તર મહેશ્વરનું ક્ષેત્ર અને દેવક હજામ(વાપિત)નું વાપક ક્ષેત્ર; પશ્ચિમે શમીપદ્રક ગામથી ધાહદ્ધ ગામ જતો માર્ગ અને ઉત્તરે બરૂટખલ્લર તડાગ અને કોરિલ્લા ગામમાં રહેતા બ્રાહ્મણ અર્મનું બ્રહ્મદાયનું ક્ષેત્ર. આ ચાર સીમાવાળું આ ક્ષેત્ર ઉદ્રઙ્ગ સહિત, અને ઉપરિકર સહિત અને ભૂતવાતપ્રત્યાય સહિત, અન્ન અને સુવર્ણની આવક સહિત, દશઅપ-રાધના ગુન્હાના દંડની સત્તા સહિત, વેઠના હક સહિત, ઘરો, સ્થાવર અને જંગમ, શેરીઓ, પ્રવેશ અને નિર્ગમનનાં સ્થાન, સાગર (?) ચતુષ્પદ પ્રચાર, વાપી, કૂપ, તડાગ અને ગામની હદ પર વસનાર સહિત, રાજપુરૂષોના હસ્તપ્રક્ષેપણમુક્ત, પૂર્વે કરેલાં દેવ અને બ્રાહ્મણોને કરેલાં દાનવર્જ કરી, ભૂમિચ્છિદ્રન્યાયથી, ચંદ્ર, સૂર્ય, સાગર, પૃથ્વી, નદીઓ અને પર્વતોના

અસ્તિત્વ કાળ સુધી, પુત્ર, પૌત્ર અને વંશજોના ઉપભોગ માટે, આજે ચંદ્રગ્રહણના સમયે.—માઘ, શુદી ૧૫ ને દિને બ્રહ્મદાય તરીકે, બલિ, ચરૂ, વૈશ્વદેવ, અગ્નિહોત્ર, અતિથિ, પંચમહાયજ્ઞના અનુષ્ઠાન અર્થે ગિરિનગર શહેરથી આવતા, ચતુર્વેદિ મધ્યેના, ' શ્રાવાયનસ ગોત્રના, વાજસનેય માધ્યનન્દિ સબ્રહ્મચારી, બ્રાહ્મણ દત્તના પુત્ર, અમારાથી કલ્લુબ્બર નામથી બોલાવાતા, બ્રાહ્મણ દેવસ્વામિને પાણીના અર્ધ્ય સાથે આપ્યું છે.

(પં. ૩૧) આથી તે બ્રહ્મદાયના નિયમ અનુસાર તેનો ઉપભોગ કરે, ખેતી, કરે, અથવા ખેતી કરાવે, કોઈને સોંપે ત્યારે કોઈએ પ્રતિબંધ કરવો નહિ. આ અમારા દાનને, અમારા વંશના કે અન્ય ભાવિ નૃપોએ અનુમતિ આપવી અને તેનું રક્ષણ કરવું જોઈએ. જે અજ્ઞાનના તિમિરથી આવૃત થએલા ચિત્તવાળો આ દાન જપ્ત કરશે અથવા જપ્તિમાં અનુમતિ આપશે તે પંચમહાપાપ અને અન્ય ન્હાનાં પાપોનો દોષી થશે.

(પં. ૩૪) અને વેદ વ્યાસે કહ્યું છે કેઃ—ભૂમિ દાન દેનાર ૬૦ હજાર વર્ષ સ્વર્ગમાં વસે છે પણ તે જપ્ત કરનાર અથવા તેમાં અનુમતિ આપનાર તેટલાં જ વર્ષો નરકમાં વાસ કરે છે. જે ભૂમિદાન જપ્ત કરે છે તે વિંધ્યાદ્રિના નિર્જલ વનમાં, વૃક્ષોના શુષ્ક પોલાણ(કોટર)માં વસતા કાળા સર્પનો જન્મ લે છે. સગરથી માંડીને બહુ ભૂપોએ ભૂમિનો ઉપભોગ કર્યો છે. જે જે સમયે જે ભૂપતિ હશે તેને તે સમયે આ હમણાં કરેલા દાનનું ફળ મળશે. સુવર્ણ અગ્નિનું પ્રથમ (પહેલું) બાળ છે; પૃથ્વી વિષ્ણુની છે; ગાયો સૂર્યની પુત્રીઓ છે. જે સુવર્ણ, ગાય, અને ભૂમિનું દાન કરે છે તે અખિલ ત્રણ ભુવન આપે છે. ધર્મ, અર્થ અને યશના ફળવાળાં પૂર્વેના નૃપોએ કરેલાં દાનો, ઉપભોગ કરેલી માલા જેવાં છે. કયો સુજન તે પુનઃ પાછાં લઈ લેશે ? પ્રજ્ઞોમાં શ્રેષ્ઠ ! ઓ યુધિષ્ઠિર તારાથી કે અન્યથી અપાયલી ભૂમિનું સંભાળ પૂર્વક રક્ષણ કર; દાનનું રક્ષણ દાન આપવા કરતાં વધારે સારૂં છે !

(પં. ૪૧)ભોગિકના પુત્ર મહાસેનાપતિ કેશવથી સંવત ૪૫૬ ના માઘ શુ, ૧૫ ને દિને લખાયું. દૂતક—સેના અધિકારી બાલુલ્લ છે. સંવત ૪૦૦ અને ૫૦ અને ૬ માં માઘ શુદિ ૧૦ અને ૫ ને સોમવારે તૈયાર કરવામાં આવ્યું તે આ મારા અર્થાત્ શ્રી જયભટના સ્વહસ્તે છે.

નં० ૧૧૮

જયભટ ૩ જાનાં તામ્રપત્રો*

ચે. સં. ૪૮૬ આષાઢ સુ. ૧૦

થોડા મહીનાઓ પહેલાં ભરૂચના ડેપ્યુટી એજયુકેશનલ ઈન્સ્પેકટર રાવસાહેબ ગોપાલજી જી. દેસાઈએ એ તામ્રપત્રોની છાપો મને મોકલી હતી. આ પતરાં એમને કાવીના પ્રાચીન શહેરમાંથી સરકારી કામે ગયા હતા ત્યારે થોડા વખત માટે મળ્યાં હતાં. કાવી શહેર મહી નદીની દક્ષિણે થોડા માઈલ ઉપર ખંભાતના અખાતની નજીક આવેલું છે.

આ પતરાંઓનો ઇતિહાસ નીચે મુજબ કહેવાય છેઃ— કાવીમાં ગંગેશ્વર મહાદેવના મંદિર પાછળના એક મકાનને જોડેલી એક પાણીની ટાંકી પાંચ અગર છસો વર્ષ પહેલાં સાફ કરી હતી. તેના કચરામાંથી તળીએ પહેલાં સાત લખેલાં તામ્રપત્રો મળી આવ્યાં હતાં. કપિલોની જ્ઞાતિએ આ પોતાના કબજામાં લઈ લીધાં હતાં

જયભટના દાનવાળા પતરામાં તેનો છેવટનો અર્ધો ભાગ આપ્યો છે. મૂળ તે પતરૂં ૧૦ ઉંચ ઉંચાઈ અને ૧૩ ઇંચ પોહોળાઈ વાળું હતું. પણ તેની ડાબી અને જમણી બાજુએથી મોટા ટુકડાઓ ભાંગી ગયા હોવાથી બાજુઓ અર્ધ ગોળાકારની થઈ ગઈ છે. સુભાગ્યે ભાંગી ગએલા ભાગોમાં દાતાના પ્રશંસાયુક્ત વિશેષણો, તથા દાન આપનારને આશીર્વાદ અને લઈ લેનારને શાપના મહાભારતના પ્રખ્યાત શ્લોકો હોવાથી મોટું નુકશાન થયું નથી. પરંતુ તારીખ, લેખકનું નામ તથા દાતાની સહિ એ બગડી ગયાં છે, એ શોચનીય છે. પતરાંમાં ઘણી ખાંચો પડેલી હોવાથી તે બેદરકારીનો ભોગ થયાં હોય એમ લાગે છે. ૨૦ મી અને ૨૨ મી પંક્તિઓના કેટલાક અક્ષરો એટલા બધા દાબીને કોતર્યા છે કે તે પતરાંની બીજી બાજુએ ઉઠ્યા છે. પાછળની બાજુએ થોડાક અસ્પષ્ટ અક્ષરોની થોડી પંક્તિઓ જણાય છે, તે ઉપરથી એમ લાગે છે કે કોતરનારે કદાચ એ બાજુએ પોતાનું કામ શરૂ કર્યું હતું, પણ પછી તે પ્રયાસ છોડી દીધો હતો. પતરાંને કાટ લાગ્યો નથી.

અક્ષરો છેવટના વલભી રાજાઓ, એટલે ધરસેન ૪ થાનાં દાનપત્રો અને પ્રોફેસર ડોસન અને ભાંડારકરે પ્રસિદ્ધ કરેલાં ગુર્જરનાં પતરાંઓની લિપિ સાથે મળતા આવે છે.

જયભટનું દાનપત્ર ભગ્નાવસ્થામાં હોવા છતાં પણ અત્યાર સુધીમાં મળી આવેલા લેખોમાં સૌથી વધારે મહત્વનું છે. કારણ કે, ગુર્જર વંશના આપણા જાણવામાં આવેલા બીજા રાજા વિષે સપ્રમાણ હકીકત આપવા ઉપરાંત તે ગુર્જર રાજ્યનો ઇતિહાસ વલભીના ઇતિહાસ સાથે જોડે છે. તેમાં ભૂગોળની જાણવાજોગ હકીકત આપી છે. તે વિક્રમાદિત્યના સંવત્ વિષેના કેટલાક તર્કો જે હાલના કેટલાક પ્રખ્યાત પુરાતન વસ્તુવિદ્યાના પ્રવીણો પણ કબૂલ કરે છે, તેને અસત્ય ઠરાવે છે, અને હિંદુસ્તાનના મૂળાક્ષરોના ઇતિહાસમાં તે ઉપયોગી ફાળો આપે છે.

પહેલા મુદ્દાની બાબતમાં હું ધારૂં છું કે ઇ. સ. ની પાંચમી સદીમાં ભરૂચ ઉપર રાજ્ય કરતા ગુર્જર વંશમાં જયભટ થયો હતો, એ વિષે શંકા નથી.

જયભટના લેખોની ભૌગોલિક હકીકતો તેના કાલક્રમની હકીકતો જેટલી જ જાણવા લાયક છે. પ્રોફેસર ભાંડારકરના દાનપત્રની જેમ આમાં બતાવેલાં લગભગ બધાં ગામડાં ઓળખાવી શકાય તેમ છે. કેમજ્જુ ગામ હાલનું કિમોજ અથવા કીમજ છે. કીમજથી સીધું પશ્ચિમ દિશામાં પાંચસે છસો વાર દૂર આસમેશ્વર, આપણાં દાનપત્રના આશ્રમદેવનું મંદિર છે. હાલનું મંદિર થોડાં વર્ષો પૂર્વે બંધાવેલું ઈંટનું ન્હાનું મકાન છે, પણ તેમાં એક પ્રાચીન લિઙ્ગ છે, અને તેની

* ઈ એ વો ૫ પા. ૧૦૯ જી. બ્યુહ્લર

પાસે પૂર્વમાં એક જૂનો કૂવો તથા જમીનમાં ખાડો, જે એક ન્હાના તળાવનો અવશેષ જેવો જણાય છે તે છે. ગામની પશ્ચિમે સીગાળ અથવા શીગામ, દાનપત્રનું સીહુગ્રામ છે; નૈરૃત્ય દિશામાં જામડિ ગામ જે સામડી પણ કહેવાય છે તે જમ્બાને મળતું આવે છે, અને ઉત્તરે ગોલેલનાં ખંડેરો (ટ્રીગોનોમેટ્રિકલ નકશામાં ભૂલમાં ગલોલ કહ્યું છે) છે–તે આપણા દાનપત્રમાં ગોલિઆવલિ કહ્યું છે. છીરકહ મળી શકતું નથી. તેને માટે કહેલી જગ્યામાં સોલેપુર સગરી છે. દાનપત્રમાં કહેલા જૂના રસ્તાઓ, અગર તેને બદલે કરેલા બીજા (કારણ દરેક ચોમાસામાં તે તદ્દન ધોવાઈ જાય છે) હજી મોજુદ છે, અને શાસનમાં મંદિરને દાનમાં આપેલાં ક્ષેત્રની સીમા શોધવી મુશ્કેલ નથી. ગોલેલ જે છોડી લોકો દેગામ વસ્યા છે તેમાં અને કાવી, રૂણાદ અને બીજાં ચાર ગામોમાં ખાસ વિશેષ પ્રકારની બાંધણીની ઇંટની વાવોના અવશેષ છે. આ ઈમારતો જેની વિશેષ નિશાનીઓ આગળની બેવડી ભીંતો અને તેના ઉપર લડતા સિંહો, હાથીઓ, મયૂરો વિગેરેની ચૂનાની આકૃતિઓ છે, તે ગામડાંઓની પૂર્વની મહત્તા સાબીત કરે છે. લોકો કહે છે કે તે રાજા મૂંજ અથવા મુંજે બંધાવી છે. આખો પ્રદેશ પ્રાચીન મંદિરો, લિઙ્ગો, અને મૂર્તિઓથી ભરેલો છે, અને હું ધારૂં છે કે આપણા આર્કિઓલોજીકલ સર્વેયરને તે પ્રદેશમાં મુલાકાતનો બદલો જરૂર મળશે.

જયભટનાં દાનપત્ર ઉપરથી એ પણ જણાય છે કે, મહી સુધીનો આખો કાંઠાનો પ્રદેશ ગુર્જર રાજાઓના તાબામાં હતો, અને જેવી રીતે દક્ષિણ અંકુલેશ્વર અગર અકૂરેશ્વર વિષયમાં અંકુલેશ્વર તાલુકો અને પેટા મહાલ હાંસોટ (હંસપટ્ટક) આવી જતા હતા, તેવી રીતે ભરૂકચ્છ વિષયમાં ભરૂચ, વાગ્રા, આમોદ, અને જંબુસર તાલુકાના બનેલા ભરૂચ જીલ્લાનો ઉત્તરતરફનો ભાગ આવી જતો હતો.

अक्षरान्तर

१ ... . द्र ... दलित द्विरदकुम्भस्थलशलितमुक्ताफलनिक.... ....

२ .... [संग्रा]मे चकितदक्षिणबाहुशिखरः पद्माकर इव प्रकटानेकलक्ष ...

३ ... कर इव सकलकलापान्वितो न पुनर्दोषकर सागर इवान्तः प्रवेशितविपक्ष-
भूभृन्मण्डल... ....

४ णइव सुदर्शनचक्रक्षपितविपक्षो न पुनः कृष्णस्वभावः हर इवाङ्गीकृतभूति-
निचयो.... ....

५ ... बालेन्दुबिम्बप्रतिमेन येन प्रबर्द्धमानस्वतनूद्येन प्रणामकामोल्पकरेण लोक-
कृतांज[लि].... ....

६ .... कृतोस्ति असिधाराजलेन शमितप्रासमं वलभीपतेर्युदे यो नशेषलीकुसमा-
पकला पदस्तार्थिकानल ... ...

७ [फल]द एष सविभियंति देववधूकदम्बकैन्नृपशतमकुटरत्नकिंकणावलिरंजित
पादपङ्कजः समधिगतपंचम[हाश]

८ [ब्दोम]हासामन्ताधिपतिश्रीजयभटः कुशली सर्व्वानेव राजसामन्तभोगिकु
विषयपतिराष्ट्रग्राममहत्तराधिकारिकाद[ी]

९ [न]नुदर्शयत्यस्तु बस्संविदितं यथा मया मातापित्रोकात्मनश्चैहिकामुष्मिकपुण्य
यशोभिवृद्धये केमज्जुग्रा[म]

१० [नि]विष्टाश्रमदेवपादेभ्यः गन्धधूपपुष्पदीपप्रदान्तसंशीतकसत्रप्रवतन सस्माज्र्ज-
नोदयेन देवकुलस्य खण्डस्फुटि[त]

११ [प]तितनिसंस्कारनवकर्म्मोत्क्रायुत्सर्पणार्थं श्रीभरुकच्छविषयान्तर्गतकेमज्जु-
ग्रामे ग्रामक्यापरदक्षिणसीम्नि पञ्चाशन्निवर्त्तनप्रमा-

१२ णो भूखण्डः यस्य घाटनानि पूर्व्वटः छीरकह्ग्रामगामिपन्था दक्षिणतः जम्भाग्रा-
मसीमासान्धिः अपरतः जम्भाग्रामएगोलिअवली-

१३ ग्रामगामी पन्था उत्तरतः केमज्जुग्रामसीहुग्गाम क्तामीपन्था वटवापी च एवं चतु-
राघाटनोपलक्षितं क्षेत्रं सोपरिकदर.... ....

१४ सभूतवातप्रत्यायं सधान्याहिरण्यादेयं सदशापरध सोत्पद्यमानविष्टिकं अचाटभट-
प्रावेश्यं सर्वराजकीयनामहस्तप्र-

पङ्क्ति १ वांचो गलित पं. ३–सकलकलाकलाप; दोषाकर; पं.५–लोकः पं.६ शमितं; युद्धे, लोक.–न्थि अस्पष्ट छे. पं. ७ वांचो सर्वेगीयंते. कदम्बकैं; मुकुट; किरण; रंजित; पं. ८–भोगिक;: पं. ९–पित्रोरा, पं. १०–प्रदानसंगीत ... ... प्रवर्तनसंमार्जनो. पं. ११–पतितप्रतिसंस्कार; मस्या; पं. १२–यस्याघाट; पूर्वतः मी; संधि; ग्रामात् गोलि पं. १३–केमज्जुग्रमात्सीहुग्रामगामी पं. १४–सधान्यदि; दशापराधं; राजकीयानाम.

१५ क्षेपणीयं पूर्व्वापरदेवब्रह्मदायरहितं भूमिच्छिद्रन्यायेना चन्द्रार्क्कार्णवक्षितिसरित्सर्व्वे-
तसमकालीनमषाषाढशुद दशम

१६ कर्क्कटकरशौ सक्रान्ते रवौ पुण्यतिथावुदकातिसर्ग्गेण देवदयत्वेन प्रतिपादितं
यतोस्योचितया तपोवनाचारस्थित्या भुंजतः कृ-

१७ षतः कर्षयतः प्रतिदिशतो वा न कैश्चिद्व्यषेधे वार्त्तातव्यमागामिभिद्रनृपतिभिः
अस्मद्वंश्यैरन्यैर्व्वायमस्मद्दायोनुमन्तव्यः परिपा-

१८ लयितव्यश्च यश्चाज्ञानतिमिरपटलावृतमतिराच्छिन्द्यादाच्छिद्यमानं वानुमोदेत स
पञ्चभिर्म्महापातकैस्सोपपातकैः

१९ संयुतिस्स्यादित्युक्तं च भगवता वेदव्यासेन व्यासेन षष्टिवर्षसहस्राणि सर्ग्गे तिष्ठति
भूमिदः आच्छेत्ता चानुमं-

२० ता च तान्येव नरके वसेत् । विन्धयाटवीस्वतोयासुशुष्ककोटरवासिनः कृष्णा-
हयो हि जायन्ते भूमिदयं हरन्ति ये । बहुभि[र्व्व-

२१ सुधा भुक्ता राजभिः सगरादिभिः यस्य यस्य यदा भूमिस्तस्य तस्य तदा फलं अग्ने-
रपत्यं प्रथमं सुव[र्ण्णं भूर्वैष्ण]

२२ [वी सूर्य्यसुता]श्च गावः लोकत्रयं तेन भवेद्धिदत्तं यः कांचनं गां च महीं च
दद्यात् यानीह दत्तानि पुरा नरे.... ....

२३ ... निर्भुक्तमाल्यप्रतिमानि तानि को नाम साधुः पुनराददीत । स्वदत्तां परदत्तां
वा यत्ना.... ...

२४ ... ... नाच्छ्रेयोनुपालनमिति ॥ श्रीकण्डकणकदूतकं ॥ संवत्सरे शतचतुष्टये ५

२५ .... (४८६) अषाढसुदि आदित्यवारे ॥ निबद्धं लिखितं चेतं ...

२६ .... स्वहस्तो मम श्रीजयभट[दे] ... .

પં. ૧૫-કાચ્ચ શુદ્ધ હશે; દશમી અથવા મા હોવાનો સંભવ છે. પં. ૧૬-राशौ संक्रा; देवदाय; પં. ૧૭-व्यासेधे वर्तितव्य; गामिभिर्भद्र; પં. ૧૯-संयुत; वर्ष, स्वर्गे; પં. ૨૦-विन्ध्याटवीष्वतो; भूमिदाय; પં. ૨૩-निर्माल्यवान्त.

ભાષાન્તર

તેનો પુત્ર, મહાસામન્તોનો અધિપતિ જે (તેના શત્રુઓના) ગજોના ભેદેલા કુમ્ભમાંથી વરસતાં મૌક્તિકથી છવાઈ ગયો છે ... ... જેના ઉંચો કરેલો જમણો કર યુદ્ધમાં કંપે છે ... ... જે ખીલેલા ઘણા દશ હજાર ... ... ના કમળ સરોવર સમાન છે, જે સકલ કલા સંપન્ન પૂર્ણ ઈન્દુ સમાન છે પણ કલંકથી મુક્ત છે—વિપક્ષ ભૂભૃતોને રક્ષણ આપી, વિપક્ષ ભૂભૃતો(પાંખ વિનાના પર્વતો)ને રક્ષનાર સાગર સમાન—સુદર્શન ચક્રમાં મૂકેલા સૈન્યથી પોતાના શત્રુઓનો નાશ કરે છે તેથી યુદ્ધના સુદર્શન ચક્રથી શત્રુઓનો નાશ કરનાર કૃષ્ણ સમાન પણ કૃષ્ણસ્વભાવથી મુક્ત—ભૂતિનિચયથી (અલંકારના મહાન સમૂહથી) છવાઈ ભૂતિનિચય-(ભસ્મના મહાન સમૂહ)થી છવાએલા શિવ સમાન ... ... જેના અંગનો પ્રતાપ વૃદ્ધિ પામે છે ત્યારે અલ્પ કરથી અંજલી પ્રજાને પોતાની પૂજા કરતી બનાવે છે તેથી વૃદ્ધિ પામતા અલ્પ કર(મૃદુ કિરણ)થી જનો પાસે નમન કરાવતા નવ ઈન્દુ સમાન ... ... ॥ અને જેણે અસિધારા વડે વલભીનાથની ઉત્સુકતા શાંત કરી હતી—જે અખિલ જગતના મહાન પંડિતોના અભિલાષનો અનલ શાન્ત કરી અને (અભિલાષનાં ફળ તેમને) આપી દેવોની અંગનાઓના સમસ્ત મંડળથી ગીતમાં સ્તુતિ પામ્યો છે—જેના ચરણ કમળ અનેક નૃપોના મુગટના મણિના કિરણોથી રક્ત થયા છે—અને જેણે પંચમહા શબ્દ પ્રાપ્ત કર્યા છે, તે શ્રી જયભટ્ટ ... ... હતો.

તે કુશળ સ્થિતિમાં હતો ત્યારે સમસ્ત નૃપ, સામન્ત, ભોગિક, વિષયપતિ, રાષ્ટ્ર, ગામ, મહત્તર આધિકારિક આદિને આ શાસનો જાહેર કરે છેઃ—

તમને જાહેર થાઓ કે મારાં માતાપિતા અને મારા, આલોક તેમજ પરલોકમાં પુણ્ય-યશની વૃદ્ધિ માટે કેમજ્જુ ગામમાં સ્થાપેલા શ્રી આશ્રમદેવને, ગન્ધ, ધૂપ, પુષ્પ, દીપ, નિત્ય સંગીતસેવા, મંદિર સ્વચ્છ કરાવવા, ખંડિત, ફાટ પડેલા અને પડી ગએલા ભાગના સમારકામના ખર્ચ માટે, શ્રી ભરૂકચ્છ વિષયમાં કેમજ્જુ ગામમાં નૈઋત્ય સીમામાં ૫૦ (પચાસ) નિવર્તનના માપનો ભૂમિખંડ જેની સીમા—પૂર્વે છીરકહ ગામજતો માર્ગ, દક્ષિણે જમ્બા ગામની સીમા; પશ્ચિમે જમ્બાથી ગોલિઅવલિ ગામ જતો માર્ગઃ ઉત્તરે સીહુરગ્રામ જતો માર્ગ અને વડવૃક્ષની સમીપમાં વાપી; આ ચાર સીમાથી અંકિત ક્ષેત્ર, ભૂમિચ્છિદ્રના ન્યાય અનુસાર, ... સહિત, લીલી અને (સુકી) શુષ્ક ઉત્પન્ન સહિત, અન્ન અને સુવર્ણની આવક સહિત, દશઅપરાધના દંડના હક સહિત, ઉદ્ભવતી વેઠના હક સહિત, સૈનિકોના પ્રવેશ મુક્ત, રાજ પુરૂષના હસ્ત-પ્રક્ષેપણ મુક્ત, પૂર્વે દેવો અને બ્રાહ્મણોને કરેલાં દાન વર્જ કરી, ચન્દ્ર, સૂર્ય, સાગર, પૃથ્વી, સરિતાઓ અને પર્વતોના અસ્તિત્વ કાળ સુધી, અષાડ શુદિ ૧૦ ને કર્કટક રાશિમાં રવિએ ગમન કર્યું તે શુભ દિને (દાનને અનુમતિ માટે) પાણીના અર્ઘથી મેં આપ્યું છે.

આથી જ્યારે આ તપોવન આચારની સ્થિતિ અનુસાર ઉચિત રીતે તેનો ઉપભોગ કરે, ખેતી કરે, ખેતી કરાવે, અથવા તે સંબંધી આદેશ કરે ત્યારે કોઈએ પણ નિષેધ કરવો નહિ.

અમારા વંશના કે અન્ય ભાવિ ભદ્ર નૃપોએ આ અમારા દાનને અનુમતિ આપવી અને રક્ષવું જોઈએ. અને જે અજ્ઞાનના તિમિર પટલથી આવૃત થએલા ચિત્તથી તે જપ્ત કરશે અથવા જપ્ત થવા દેશે તે પંચમહાપાપ અને અલ્પ પાપોનો દોષી થશે.

અને ભગવાન વેદવ્યાસે નીચે પ્રમાણે કહ્યું છેઃ—

"ભૂમિદાન દેનાર ૬૦ હજાર વરસ સ્વર્ગમાં વસે છે પણ તે જપ્ત કરનાર અથવા તેમ અનુમતિ આપનાર તેટલાં જ વર્ષ નરકમાં વાસ કરે છે."

" ભૂમિદાન જપ્ત કરનાર વિંધ્યના નિર્જલ વનોમાં શુષ્ક કોટરમાં વસતા કાળા નાગ પુનઃ જન્મે છે. "

" સગર આદિ બહુ નૃપોએ ભૂમિનો ઉપભોગ કર્યો છે. ભૂમિપતિને ભૂમિનું ફલ છે.

" અગ્નિનું પ્રથમ બાળ સુવર્ણ છે, (વિષ્ણુમાંથી પૃથ્વી આવે છે અને સૂર્યમાંથી) ધેનુઓ (જન્મે છે). ધેનુ કે ભૂમિનું દાન કરે છે તે ત્રણ ભુવન આપે છે "

" કયો સુજન પૂર્વેના નૃપોનાં દાન જે ... ... શેષ સમાન છે તે પુનઃ લઈ લેશે ?

" તેણે તેની શક્તિ પ્રમાણે પોતાનાથી કે અન્યથી થએલાં ભૂમિદાન રક્ષવાં જોઈએ ... ... દાનની રક્ષા દાન કરતાં અધિક છે. "

દૂતક શ્રી કન્ડકણુક. સંવત ચારસો છયાસી (૪૮૬) અષાઢ શુદિ રવિવારે. ... ...થી રચાયું અને લખાયું. મારા શ્રી જયભટ્ટ દેવના સ્વહસ્ત.

નં૦ ૧૧૭

જયભટ ૩ જાનાં તામ્રપત્રો

ચે. સં. ૪૮૬ આશ્વિન. વ. ૧૫

અપ્રસિદ્ધ—

આ તામ્રપત્રો બોંબે બ્રેન્ચ રૉયલ એસિઆટિક સોસાઇટીના સંગ્રહમાંનાં છે અને હાલ તે પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝીયમમાં છે. તેની બાબતમાં બીજી કાંઈ પણ માહિતી નથી. આ દાનપત્રનાં બે પતરાં છે અને તેનું માપ ૧૩ ઇંચ×૧૦॥ ઇંચ છે. બન્ને પતરાંના ડાબી બાજુના ઉપરના ખૂણાના ભાગ કપાઈ ગએલા છે. કડી કે સીલ ઉપલબ્ધ નથી. અમુક અમુક ભાગમાં પતરૂં કટાઈ ગએલું છે, તેમજ અમુક જગ્યાએ કાણાં પણ પડી ગએલાં તેથી લેખ વાંચવામાં મુશ્કેલી પડે તેવું છે. કોતરનારે ઘણી ભૂલો કરેલી છે અને એક જ અક્ષર જૂદી જૂદી ઢબથી કોતરેલો છે, તેથી વાંચનારને વધુ મુશ્કેલી નડે છે.

લિપિ ગુર્જર સમયના જેવી છે અને અક્ષરોનું સરેરાશ કદ ⅙ ઇંચ જેટલું છે. ભાષા સંસ્કૃત છે અને છેવટના શાપાત્મક શ્લોકો શિવાય બધો ભાગ ગદ્યમાં છે.

જયભટ ૩ જાનું એક જ બીજું પતરૂં જાણવામાં છે અને તે સં. ૪૮૬ આષાઢ સુદિનું છે. કીલહોર્નના લીસ્ટ(એ. ઈ. વો. ૫ એપેન્ડીક્સ)માંનાં નં. ૪૦૨ વાળાં તામ્રપત્રો સં. ૪૫૬ નાં ને જયભટ ત્રીજાનાં લખ્યાં છે. પણ તે ખરેખર જયભટ ૨ જાનાં છે, જેથી જયભટ ત્રીજાનાં સંપૂર્ણ તામ્રપત્રો આ પ્રથમ જ જાણવામાં આવેલ છે. તેથી તેમ જ જયભટ ૨ જા પછીના રાજાઓની વંશાવળી મળે છે તેથી આ તામ્રપત્રો ઐતિહાસિક દૃષ્ટિએ બહુજ ઉપયોગી છે. વંશાવળી નીચે મુજબ તેમાંથી ઉપજાવી શકાય છે.

પં. ૪ દદ્દ ૧ લો

પં. ૭ જયભટ ૧ લો.

(પં. ૧૨) બાહુસહાય પરમમાહેશ્વર સમધિગત પંચમહાશબ્દ દદ્દ ૨ જો. તેનો દીકરો

(પં. ૧૫) ધરાધર પ. મા. સમધિગત પંચ. મ. મહાસામન્તાધિપતિ શ્રી જયભટ ૨ જો તેનો દીકરો

(પં. ૨૧) પ. મા. સમ. પં. મહા. મહાસા. શ્રીમદ્દ અનિરોલ તેનો દીકરો

પં ૨૩ સમ. પંચ. મહાસામન્તાધિપતિ શ્રી જયભટ ૩ જો. દાન દેનાર

પં. ૨૧ માં શ્રીમદ્દ અનિરોલના નામવાળી જગ્યાએ જરા અક્ષરો અસ્પષ્ટ છે, છતાં તે નામ નિઃશંક વાંચી શકાય છે. ગુર્જર વંશાવલિમાં આ નામ પ્રથમ જ જાણવામાં આવ્યું છે.

પં. ૩૫-૩૬ દાન જે બ્રાહ્મણને આપવામાં આવેલ છે તેની વિગત નીચે મુજબ છે. તે લોહિકક્ષ પથક આહારમાંથી નીકળી આવેલો હતો. તે કૌણ્ડિન્યગોત્રનો અને વાજિ માધ્યન્દિન શાખાનો બ્રહ્મચારિ હતો. તે આદિત્યનાગનો દીકરો હતો. તેનું નામ ચોક્કસ જાણી શકાતું નથી.

પં. ૩૭ બલિ, ચરૂ વિગેરે ક્રિયા કરવા માટે ભરૂચ જીલ્લામાં આવેલું મન્નાથ નામનું ગામ દાનમાં આપવામાં આવેલ છે.

પં. ૪૯-૫૦ દૂતકનું નામ ભટ્ટ શ્રી દેઈય—(પૂરૂં વંચાતું નથી) છે.

સંવત ૪૮૬ આશ્વિન વ. ૧૫ એમ શબ્દ તેમ જ અંકમાં આપેલ છે.

પં. ૫૧ લેખકનું નામ અધૂરૂં—ગુલેન એમ વંચાય છે.

પં. ૫૨ માં સ્વહસ્તો મમ શ્રી જયભટસ્ય એટલા શબ્દો હસ્તાક્ષર સૂચક છે.

अक्षरांतरमांथी अमुक भाग

પં. ૧—૧૪ માટે જુઓ. ઈ. એ. વૉ. પાનુ ૭૭ પં. ૧—૧૬

१५ पराक्रमोद्धत धराधरः परममाहेश्वर समधिगतपञ्चमहाशब्दमहासामन्ताधिपति श्रीजयभट्टस्तस्यसुतः शौर्य्य-

१६ द — — योत्तुंगोत्तमाङ्गाभूपालमौलिमालाचुम्बितचरणयुगलः सकलाभि-गामिकादिगुणानुरागनिर्भ्भरम

१७ नमुस्वयमुपातो राजलक्ष्याकौमुदित्युदीधितिचक्रवालविमलयशः शेखरितमेरुशि-खरो रणाङ्गणागतवरवै-

१८ रिवारणघटाकोटिकुद्दाकदोर्दण्डश्चतुर्विद्याविगमोप ब्रज्जितप्रज्ञातिशयसम्यक्प्रवर्ति-तनीतिमार्गानुरंजितः

१९ प्रकृतिः प्रकृतिकल्याणाशयत्वादस्पृष्टः कलिकालकालिम्ना सन्निहितयौवनोपनता-नन्तविषयापभोगसौख्यै

२० सहजशत्रुतया वशीकृतेन्द्रियः ग्रामः षाड्गुण्यप्रयोगनिपुणः शक्तिर्लयोपचितम-हिमा परममाहेश्वरः सम

२१ धिगतपञ्चमहाशब्दमहासामन्त[ा]धिपति श्रीमदनिरोलस्तस्य सकलभुवनातिलक स्यात्मजोनिजगुणगणमालालं

२२ कृतोनेकनरेन्द्रवृन्दारकवृन्दवन्दितचरणारविन्दद्वयः कुन्देन्दुसितसिन्दुवारकसमध-वलयशः सुधाध-

२३ वलितसकलधरामण्डलप्रचण्डप्रतापानलकचलिताखिल जगद्युपप्लवो दुर्व्वारशरासा-

रसमुसो ि कं

२४ सकलाराति चक्रवालः प्रधान[प्र]धन प्रभावितप्रकटकरि घटापाटनपटुः चटुल-रणाङ्गणधङ्गणरट

२५ णतुरङ्गतुरङ्गमसकरभङ्गभासुरो — तदालित द्विरद मुक्तमुक्ताफलनिकरदनुरासि-लतामरीचिनिचय

२६ मिचकितदक्षिणबाहुशिखरः पद्माकर इ[व] प्रकटाणकलक्षणेन पुन्यपलाशयः क्षपाकर इव पुन

२७ सकलकलापान्वितोनद्दोषकरः सागरइवान्तः प्रवेशितभू-

२८ भृकमण्डलो—कपुनः ग्राहाकुलः नारायण इव सुदर्शनचक

पतरूं बीजुं

२९ (क्षपित)विप[क्षो] [नपु]नः कृष्णस्वभावः हरइवाङ्गीकृत भूतिनिचयोनपु-
नर्भुजङ्गप

३० — — — बालेन्दुबिम्बप्रतिमेनयेन प्रवर्धमानस्वतनुदयेन प्रणामकामोत्प-
करेणलो-

३१ कक्रुतांजलिः कानिमता कृताये[स्ति] असिधाराजलेन शमितः प्रसनवलभीपतेः
पुनर्येनाशेषलोकस

३२ — — कलापदतर्ज्जकानलः जचाभसजलदण्षसविगीयति देववधुकदम्ब(नृ)-
पशतमकुटरत्नकिरणावलि

३३ (र)ञ्जितपादपङ्कजः समधिगतपञ्चमहाशब्द महासामन्ताधिपतिश्रीजयभटः
कुशली सर्व्वानेव राज-

३४ मानविषयपतिराष्ट्रग्राममहत्तराधिकारिकादीन्समनुदर्शयत्यस्तु वः संविदितं यथा-
मयामातापित्रोः

३५ रात्मनश्चैहिकामुष्मिकपुण्ययशोभिवृद्धये लोहिकक्षपकथा[थका]हारविनिर्गततत्रै-
विद्यसामान्य कौण्डिन्यसगोत्र

३६ वाजिमाध्यन्दिनसब्रह्मचारि हेटावुक ब्राह्मणादित्यनाग पुत्र भट्टाखडाय बलिचरुवै-
श्वदवोग्निहोत्रातिथिपञ्च

३७ महायजा[ज्ञा]दिक्रियोत्सर्प्र(र्प)णार्न्थ(र्त्थ) श्रीभरुकच्छविषयान्तर्गत मन्ना-
थग्रामः सोद्रङ्गः

४० .... क्यातिसर्गेण ब्रह्मदायत्वे प्रतिपादितो यातो स्योचितया

४९ भट्टश्रीदेइय—दूतक ॥ संवत्सरशत चतुष्टये षडशीत्यधिके आश्वयुज बहुल पञ्चदश्यां

५० सं ४८६ आश्वयुज ब १५ लिखितश्चैतन्मया बलधिकृता — — तम — —

५१ ∸ गुलेन

५२ स्वहस्तोमम श्रीजयभटस्य

श्रीः

गुजरातना ऐतिहासिक लेख

રાષ્ટ્રકૂટ વંશના લેખો

રાષ્ટ્રકૂટ વંશના લેખો

નં૦ ૧૨૦

કક્ક ૨ જાનાં આંત્રોલી છારોલીનાં તામ્રપત્રો*

શ. સં. ૬૭૯ આશ્વયુજ સુ. ૭

સુરત પ્રગણાના ઓરપાડ તાલુકામાંના કારેલી ગામના પાટીલ ડાહ્યાભાઈ જગદીશ તેમાં શું લખ્યું છે તે જાણવાની ઉત્કંઠાને લીધે આ પતરાં મારી પાસે લાવ્યા હતા. તેણે કહ્યું હતું કે સુરતથી ઈશાન ખૂણે આશરે દસ માઈલ છેટે છારોલી જે આંત્રોલી છારોલી તરીકે મશહુર છે તેમાં પાયો ખોદતાં આ પતરાં મળ્યાં હતાં.

પતરાં બે છે અને તે ૮$\frac{7}{8}$ ઇંચ ઉંચાં અને ૧૩ ઇંચ પહોળાં છે. બન્ને અંદરની બાજુએ જ કોતરેલાં છે અને બે કડી હોય એમ અનુમાન થાય છે, છતાં તેમાંની એક અત્યારે મળતી નથી. જે કડી મોજુદ છે તેના ઉપરની સીલમાં ગરૂડનું ચિત્ર ખંડિત દશામાં આપેલું છે, પતરાં સંભાળપૂર્વક કોતરવામાં આવ્યાં છે અને તે સુરક્ષિત છે. વલભી અને ચાલુક્યનાં તે સમયનાં તામ્રપત્રોના જેવી લિપિ છે. ભાષા સંસ્કૃત છે અને વંશાવળી વિભાગ પદ્યમાં છે, જયારે બાકીનો ભાગ ગદ્યમાં છે. ભટ્ટ રેવિસર(અથવા રવીશ્વર)ના દીકરા કુકકેશ્વર દીક્ષિત જે જાંબુસર(ભરૂચ જીલ્લામાં હાલનું જંબુસર)નો રહેવાશી હતો તેને કાશકુલ વિષયમાં સ્થાવરપલ્લિકા નામનું ગામ દાનમાં આપ્યાની હકીકત આ તામ્રપત્રમાં છે. સ્થાવરપલ્લિકા તે હાલનું છારોલી જ હશે, એમ હું માનું છઉં. તેની સીમા નીચે મુજબ આપેલી છે. ખેરોડાની પશ્ચિમે અને સ્હેજ દક્ષિણમાં, પિપ્પલાચ્છની ઉત્તરમાં અને કાષ્ટપુરી અને વટ્ટારની પૂર્વે.

દાન આપનાર રાષ્ટ્રકૂટ વંશનો કક્ક છે તેની વંશાવલી નીચે મુજબ આપેલી છે:

કક્ક ૧ લાને રાષ્ટ્રકૂટ કુળરૂપી કમળના જથ્થાના સૂર્યરૂપ કહ્યો છે. આવું વર્ણન તે કુટુંબમાં જનમ્યો હોય તેને જ લગાડી શકાય. ત્યાર પછીનો ધ્રુવ સ્પષ્ટ રીતે તેનો દીકરો હતો, એમ વર્ણવ્યું છે. ત્રીજો રાજા ગોવિંદને પણ સ્પષ્ટ રીતે ધ્રુવનો દીકરો કહેલ છે. આમાંના છેલ્લા રાજા કક્ક બીજાને તો નાગવર્માની દીકરીથી ગોવિંદના પુત્ર તરીકે લખ્યો છે

કક્ક
|
ધ્રુવ
|
ગોવિંદ
તે
નાગવર્માની દીકરીને પરણ્યો.
|
કક્ક
દાન આપનાર શ. સં. ૬૭૯

આ તામ્રપત્રોમાંના રાજાનાં નામો પ્રખ્યાત રાષ્ટ્રકૂટ વંશના રાજાઓની સાથે મળતાં આવે છે, પણ તે વંશની જે વંશાવળી પ્રસિદ્ધ થઈ છે (ડીનેસ્ટીઝ ઓફ કેનેરીઝ ડીસ્ટ્રીકટ પા. ૩૨ ઈ. એ. વો. ૧૧ પા. ૧૦૯ અને ઈ. એ. વો. ૧૨ પા. ૧૫૯) તેની સાથે સરખાવતાં આ ચાર રાજાઓનાં નામ બંધ બેસતાં આવતાં નથી. કારણ કે આ દાનની તિથિમાં અને દન્તિદુર્ગ અથવા દન્તિવર્મા બીજાનાં સામનગઢનાં તામ્રપત્રની તિથિમાં ચાર વર્ષનો જ તફાવત છે. આપણે જો એમ અનુમાન કરીએ કક્ક ૧ લા ને ઇંદ્ર બીજા અને કૃષ્ણ ૧ લા ઉપરાંત ધ્રુવ નામે ત્રીજો દીકરો હતો તો કંઈક બંધબેસતું આવે તેમ છે.

વળી આ તામ્રપત્રને બનાવટી માનવાને કંઈ પણ કારણ નથી. લિપિ તે જ સમયની છે અને ગોવિંદની પત્ની તે નાગવર્માની દીકરી હતી તે હકીકત બનાવટી તામ્રપત્ર લખનાર ઉપજાવી શકે નહીં.

અત્યારે તો એમ સમાધાન થઈ શકે કે આ ચાર રાજામાંનો પહેલો કક્ક તે કક્ક ૧ લો માનવો, અને બાકીના રાજાઓ ઇંદ્ર ત્રીજાથી શરૂ થતી ગુજરાત શાખાના પૂર્વજ હોય બીજાં તામ્રપત્રોથી આ હકીકત પૂરવાર થાય ત્યાંસુધી આ એક અટકળ જ રહી શકે.

---

* જ. બો. બ્રૅ. રો. એ. સો. વો. ૧૬ પા. ૧૦૫ સ્વ. ભગવાનલાલ ઇંદ્રજી

अक्षरान्तर

पतरूं पहेलुं

१ श्रीमान्सदा जयति सिद्धसुरासुरेन्द्रवृन्दोत्तमांगमणिचुम्बितपादपद्मः शंभु[म्भु]: समाहितगुण-

२ त्रितयः प्रजानां सर्गस्थितिप्रलयकारणमाविवेश्वः । आसीदनेकसमराप्तजयः क्षितीशः श्रीराष्ट्र-

३ कूटकुलपंकजषण्डसूर्य्यः दुर्व्वारवैरिवनितावदनारविन्दहेमन्तकालपवनो भुवि कक्कराजः । तस्यामलस्य

४ नृपतेर्ध्रुवराजदेवो देव्या बभूव तनयोऽतुलवीर्य्यधामा येनोध्धि[द्धृ]तासि रिपुसैन्यबलं निहत्य नूनं यशो-

५ धवलयद्भुवनं समस्तं । निस्त्रिंशघाटविदलत्करिकुम्भमुक्तमुक्ताफलप्रकरमण्डित-भूतलस्य आवेदयत्स-

६ मरमूर्द्धनि यस्य चित्रं लीलायितं मृगपतेरिव चेष्टितानि । निःप्रा[प्र]श्रयत्वम-तिचापलमुग्धभावं सार्ध्दं विरोध-

७ मुपशान्तिसरस्वतीभ्यां दोषा[न्]समाश्रयवशाद्गुणरत्नकाक्षैः पर्य्यत्यजत्सहजका-नपि यस्य लक्ष्मी[क्ष्मीः] । संत्य-

८ ज्य कातरतृणौघमरीभकुंभपीठस्थलोपलशिलाः शकलीविधाय प्राप्तोपि यस्य चतुर-ब्धिजलौ[लो]र्म्मिमा-

९ लां जज्वाल दग्धरिपुवंशवनः प्रतापः । लक्ष्मीसनाथवपुरब्जसुचक्रपाणिर्न्निर्व्वा-च्यविक्रमनिबध्दबलिं[1] :

१० क्षितीशः गोविन्ददेव इव तुङ्गभुजंगदर्प्पो गोविन्दराज इति तस्य सुतो बभूव । यस्याहवेषु घनगर्जितनाद-

११ धीरं मौर्व्वीनिनादमुपकर्ण्य निरस्तधैर्य्य[:] ॥[2] हंसा भुवनगतप[व]तीर [म]पि जीविताशां दुर्व्वारवैरिण इवामुमुचुः क्ष-

१२ णेन । कल्पद्रुमः प्रणयिषूदयशैलराजो मित्रेषु लोकनयनोत्पलकेषु चन्द्रः यः केसरीमदजलार्द्रकपो-

१३ लभित्तिर्लि[र्लि[3]]नालिनादमुखरेषु मतंगजेषु । संग्राममध्ध्य[ध्य]जितसंय्य[य] तभूभुजेन्द्रशिंजानिनादमुखरीकृतम-

---

१ आहि विसर्ग भूलथी रूपरायो छे. २ पादपूर्तिना चिह्ननी जरूर नथी. ३ वांचो भित्तिर्म

१४ न्दिरस्यः अद्यापि यस्य हरशेखरचन्द्रखंडशुभ्रं यशः त्रि[त्रि]भुवनं विमली-
करोति । तस्मात्परात्तपरतारकमा-

१५ प्तशक्तिः[क्तिं]श्रीकक्कराजमनुरंजितसर्व्वलोकं शंभोः कुमारमिव भूधरराजपुत्री
श्रीनागवर्म्मदुहिता जनयांचका-

१६ र । भूभृच्छिखामणिकरंबितपादशोभो बाल्येपि लोकनयनोत्पलसौख्यहेतुः प्रध्वस्त-
वैरितिमिरो गगनं श-

१७ शीव यः सद्गुणैर्न्निजकुलं समलंचकार । संभ्रान्तमन्दरविलोडितदुग्धसिन्धुसंभूत-
फेणधव-

१८ लि[ली]कृताशं यस्य द्विशामचलकन्दरगर्म्भ[र्भ]भाजामप्याननानि चरित
[तं]म[लिनी]चकार । सत्येन धर्म्म-

बीजुं पतरूं

१९ तनयं विदुरं च मत्या दानेन भास्करसुतं क्षमया सुमेरुं भीमं बलेन चरितेन-
च वासुदे-

२० वं रूपेण संरतिपतिं सममंस्त लोकः[।]सोऽयमनेकसमरसंघट्टपरगजघटाटोपवि-

२१ घटनप्रचण्डदोर्दण्डमण्डितविग्रहो मदनरिपुशिरः शतकशुभ्रयशः प्रवाहधवली-

२२ कृतदिङ्गमुखोऽनेकसामन्तमौलिलालितचरणारविन्दयुगलः परममाहेश्वरः समधि-
गतपञ्चमहाश-

२३ ब्दपरमभट्टारकमहाराजाधिराजपरमेश्वरः श्रीकक्कराजः सर्व्वानेव स्वान्महासामन्त-
सेनाप-

२४ तिबलाधिकृतचोरोद्धरणिकभोगिकराजस्थानीयादीन्यवा [था] नियुक्तानन्यांश्च
समाज्ञामयत्यस्तुवः संविदितं य-

२५ था मया काशकुलविषयांतर्ग्गतस्थावरपल्लिकाभिधानो ग्रामः खैरोदादपरतः पिप्पला-
च्छादुत्तरतः काष्टपुरि[री]वट्टारा-

२६ भ्यां पूर्व्वतः पुनः खैरोदसीध्या[सीममध्या]द्दक्षिणतः एवं चतुराघाटनविशुद्धो
जांबूसरस्थानवास्तव्यतच्चातुर्व्विद्यसामा-

२७ न्यवच्छ[त्स]सगोत्रकण्वसब्रह्मचारिभट्टरेविसरपुत्रायकुक्केश्वरदीक्षिताय बलिचरुवै-
श्वदेवाग्निहोत्रादिक्रियाणां

२८ समुत्सर्पणार्थं मातापित्रोरात्मनश्च पुण्यफलावाप्त्यर्थमाचन्द्रार्कार्ण्णवसरित्पर्व्वत-
वसुन्धरासमकाली-

२९ नः पुत्रपौत्रान्वयोपभोग्योऽभ्यन्तरसिध्या[ध्या]भूमिच्छिद्रन्यायेन विषुवसंक्रान्ता-
वुदकातिसर्गेण प्रतिपादि-

---

१ विसर्ग भूलथी वपरायो छे.

३० तो यतोऽस्यातः प्रबलानिलसमीरितोदधितरंगचञ्चलं जीवलोकमवगम्यानित्याश्च
सा[स]र्व्वसंपदश्चेत्यवधा-

३१ र्य्यागामिभद्रनृ[नृ]पतिभिरस्मद्वंशजैश्च साधारणं भूमिदानफलमवगम्यानुमन्तव्यः
प्रतिपालनीयश्च ।

३२ यतः प्रोक्तमेव भगवता वेदव्यासेन व्यासेन[।]स्वदत्ता[त्तां]परदत्तां वा यत्ना-
द्रक्ष युधिष्ठिर मही[हीं]क्षितिभृतां श्रे-

३३ ष्ठ दानाच्छ्रेयोऽनुपालनं । षष्टिवर्षसहस्राणि स्वर्ग्गे तिष्ठति भूमिदः आच्छेत्ता
चानुमन्ता च तान्येव न

३४ रकं वसेत् । शंखः सिंघा[हा]सनं च्छत्रं व[ा]जिवारणयोषितः भूमिदानस्य
महतः सर्व्वमेताद्विचेष्टितं । विन्ध्या-

३५ टवीष्वतोयो[या]सु शुष्ककोटरवासिनः कृष्णसर्पा हि जायंते ब्रह्मदायापहारकः
[।]बहुभिर्व्वसुधा भुक्ता

३६ राजभिः सगरादिभिः यस्य यस्य यदा भूमिस्तस्य तस्य तदा फलं । शकन्नि
[नृ]पकालातीतसंवत्सरशतषटके एकू[को]-

३७ नाशीत्यधिके आश्वयुजशुद्धा[ध्धां]कृते[तोऽ]पि सं ६७९ तिथि
[।][1] लिखितं च मया आदित्यवर्म्मराजदूतकं बलाधिकृत-

३८ श्रीतत्वसूनुना श्री भो[? तो]डल्लेनेति[।]

[1] આ ચિહ્ન, ગુપ્ત '૯' ના ચિહ્નની સમાન હોવાથી '૯' ના આંકડા તરીકે વાંચી શકાય. પરંતુ તે પ્રમાણે વાંચવાને આપણને બાધ છે, કારણ કે વર્ષની સંખ્યામાં '૯' ને માટે આંહિ જૂદું જ ચિહ્ન આપણી પાસે છે, જેથી આ ચિહ્ન, ગુપ્ત અથવા વલભી '૭' નું અન્ય ચિહ્ન હશે, એમ જણાય છે.

ભાષાન્તર

જેનાં ચરણ કમળ સિદ્ધો, સૂર અને અસુરના અધિપતિઓના મુગટમણિથી ચુંબિત છે, જે (સત્વ, રજસ્ અને તમસ્ ના) ત્રણ ગુણસંપન્ન છે અને જે પ્રાણીઓના સર્જન, પાલન અને પ્રલયના મુખ્ય કારણ રૂપ છે તે શ્રીમાન્ શમ્ભુ સદા વિજયી છે!

(પંક્તિ ૨) અનેક યુદ્ધોમાં વિજય પ્રાપ્ત કરનાર, કમલવૃંદ જેવા શ્રી રાષ્ટ્રકૂટ કુલને સૂર્ય સમાન, અને અતિ પ્રબળ શત્રુઓની વનિતાના મુખકમળને શરદ પવન સમાન, ભૂમિ પર કક્કરાજ નૃપ હતો.

(પંક્તિ ૩) આ વિમળ નૃપને તેની રાણીથી ધ્રુવરાજ દેવ નામનો, અતુલ બળ અને પ્રભાવવાળો પુત્ર જન્મ્યો હતો. શત્રુનાં સૈન્યબળનો નાશ કર્યા પછી, અસિ ઉપર ઉન્નત થઈને તેના યશે સકળ ભુવનને શ્વેત બનાવ્યું. તેની અસિના પ્રહારથી ગજોનાં ભેદેલાં કુમ્ભમાંથી ઝરતાં મૌક્તિકથી ભૂમિ આભૂષિત કરતી તેની રણક્ષેત્રની ચેષ્ટા સિંહનાં ચરિતનું સ્મરણ કરાવતી. લક્ષ્મીએ અવિવેક, ચપળતા, મુગ્ધભાવ, અને શાન્તિ અને સરસ્વતી સાથેના વિરોધના સ્વભાવિક દોષો તે ગુણ રત્નસાગરનો આશ્રય લઈ, ત્યજી દીધા. રિપુના વંશનાં વન ભસ્મ કરી કાતર (બળહીન) તૃણ(બળહીન શત્રુ)ને ત્યજી, અને શત્રુઓના માતંગોની શિલા સમાન પ્રબળ પીઠ ભાંગી નાંખી, તેના પ્રતાપનો અગ્નિ ચાર સાગરનાં જળની ઉર્મિઓ(જળતા તરંગો)ની અવધિ સુધી પહોંચ્યો હતો છતાં શાન્ત થયો નહિ.

(પંક્તિ ૯) લક્ષ્મીસંપન્ન અંગવાળો, સારાં ચક્રનાં ચિહ્નોવાળા કરવાળો (જેમ ગોવિંદ કરમાં ચક્ર અને કમળ ધારે છે) અને પોતાના પ્રબળ નૃપોને અદોષિત વિક્રમથી નમન કરાવનાર (જેમ અસુર બલિ નૃપને [ત્રણ] અદોષિત પદથી ગોવિંદે વશ કર્યો હતો) અને પોતાના સહચરોનો દર્પ હણનાર(જેમ ગોવિંદે સર્પ [કાલ]ના મદને હણ્યો) હોવાથી જે ખરેખર ગોવિંદ દેવ સમાન હતો તે ગોવિંદરાજ તેનો પુત્ર હતો. જેમ તેના અતિપ્રબળ શત્રુઓએ ખોયેલી ભૂમિ અને જીવનની સર્વ આશામૂકી દીધી, તેમ રણક્ષેત્રમાં તેના ધનુષની દોરીનો મેઘના નાદ સમાન ગંભીર નાદ સાંભળી હંસોએ (તેને સાચો મેઘનાદ જાણી) પૃથ્વી અને આયુષ્યની કરમાતી આશા ત્યજી[1] દીધી. તે, પ્રણયિઓને કલ્પતરૂ સમાન હતો; મિત્રોને મહાન ઉદયગિરિ સમાન હતો; જનોનાં નેત્ર કમળને ઇન્દુ સમાન હતો; મદથી ભીના કુમ્ભ પર બેસતા ભ્રમરના ગુંજારવવાળા મસ્ત ગજો તરફ સિંહ સમાન હતો: જેનો મહેલ રણક્ષેત્રમાં બન્ધીવાન કરેલા શત્રુપર નાંખેલી સાંકળોના અવાજથી ગાજતો હતો, તેનો હરના મસ્તક પરની નિર્મળ કળા સમાન યશ, હજુ પણ ત્રિભુવનમાં પ્રકાશે છે.

(પંક્તિ ૧૪) તેનાથી શ્રી નાગવર્માની પુત્રીએ, જેમ પાર્વતીએ શંભુથી પોતાના અરિ-વારક અસુરનો પરાજય કરનાર, શક્તિ (શસ્ત્ર) ધારનાર, સકળ જગને આનન્દ આપનાર કુમારને જન્મ આપ્યો તેમ, પોતાના શત્રુઓના સામન્તોને હાંકી મૂકનાર બળવાન, અને સમસ્ત જનોને આનંદ આપનાર શ્રી કક્કરાજને જન્મ આપ્યો. મહાન પર્વતો પર કિરણો ફેંકતો નવો છતાં જનોનાં નેત્રકમળને આનન્દકારી અને પોતાના રિપુ, તિમિરને હણનાર ઇન્દુ આકાશ શોભાવે છે તેમ, તેણે જે બાળ હતો છતા, નૃપોના મુગટમણિમાં ભળતા રૂપવાળા ચરણ સહિત, જનોના નેત્રકમળને આનન્દ આપનાર અને તિમિર સમાન શત્રુઓને હણનાર હતો તેણે પોતાના કુળને સદ્‌ગુણોથી મંડિત કર્યું. તેના વિક્રમે ચલિત મન્દરગિરિથી મંથન

---

[1] હિન્દી કવિઓની માન્યતા છે કે વર્ષાકાળના આગમન સાથે જ પ્રથમ મેઘનાદ સાંભળતા જીવનનો ભય ઉત્પન્ન થવાથી હંસો હિંદુસ્તાન છોડી તિબેટમાં માનસ સરોવરમાં જઈ રહે છે. શ્લોકનું ખાસ તાત્પર્ય ધનુષનાદને મેઘનાદ સાથે સરખાવવાનો છે.

થયેલા પયોદધિના ફીણ સમાન શ્વેત... ... ...વડે દિશાઓ પ્રકાશિત કરે છે તે સમયે, પર્વતોની ગુફાઓમાં આશ્રય લીધો હતો તે શત્રુઓનાં મુખ શ્યામ કરી નાંખ્યાં.[1] લોકથી તે સત્યતા માટે યુધિષ્ઠિર, મતિમાં વિદુર, દાનમાં (સૂર્યનો પુત્ર) કર્ણ, સ્થિરતામાં સુમેરૂ, બળમાં વાસુદેવ અને રૂપમાં કામદેવ સમાન ગણાયો હતો

(પંક્તિ ૨૦) જેનું અંગ, શત્રુના ગજોની ઘટા ભેદવામાં પ્રબળ, દણ્ડ સમાન કરથી ભૂષિત છે, જેણે શિવના શિર પરની કળા સમાન શ્વેત યશના પ્રવાહથી સકળ દિશાઓ શ્વેત કરી દીધી છે, જેના ચરણની સેવા આશ્રિત નૃપમંડળથી થાય છે, જે પંચમહાશબ્દનો ઉપભોગ કરે છે તે ભટ્ટારક, મહારાજાધિરાજ અને પરમેશ્વર શ્રીકક્કરાજ તેના સમસ્ત મહાસામન્ત, સેનાપતિ, બલાધિકુત, ચોરોદ્ધરણિક, ભોગિક, રાજસ્થાનીય આદિને તેમના અધિકાર પ્રમાણે શાસન કરે છેઃ—

(પંક્તિ ૨૪) તમને જાહેર થાઓ કે, મારાં માતાપિતા અને મારા પુણ્ય યશ માટે કાશકુલ વિષયમાં આવેલું ખૈરાડની પશ્ચિમે, પિપલાચલની ઉત્તરે, કાષ્ટપુરી અને વાટૂરની પૂર્વે અને ખૈરાડની મધ્ય સીમાની દક્ષિણે આવેલું સ્થાવરપલ્લિકા ગામ, આ ચાર સીમાવાળું, જામ્બુસરવાસી, રેવિસર (રવીશ્વર) ભટ્ટના પુત્ર, ચાર વેદમાં નિપુણ, વત્સ ગોત્રના, અને કણ્વ શાખાના કુકકેશ્વર દીક્ષિતને, બલિ, ચરૂ, વૈશ્વદેવ, અગ્નિહોત્ર આદિ વિધિ અનુષ્ઠાન અર્થે, ચંદ્ર, સૂર્ય, સાગર, સરિતાઓ, પર્વતો, અને પૃથ્વીના અસ્તિત્વ કાળસુધી, પુત્ર, પૌત્ર, અને વંશજોના ઉપભોગ માટે અભ્યન્ત સિદ્ધિ અને ભૂમિચ્છિદ્ર[2]ના ન્યાય અનુસાર પાણીના અર્ઘ્યથી શરદ્‌વિષુવ કાળમાં, મેં આપ્યું છે.

(પંક્તિ ૩૦) આથી ભાવિ ભદ્ર નૃપોએ અને મારા વંશજોએ ભૂમિદાનનું ફળ (દેનાર અને રક્ષનારને) સામાન્ય છે અને જગત પ્રબળ પવનથી હંકારાતા, સાગરના તરંગો સમાન ચંચળ અને લક્ષ્મી અનિત્ય છે, એમ માનીને આ દાનને અનુમતિ આપવી અને રક્ષવું.

(પંક્તિ ૩૨) અને ભગવાન વેદવ્યાસે કહ્યું છે કે, નૃપોમાં શ્રેષ્ઠ, હે યુધિષ્ઠિર ! ત્હારાથી અથવા અન્યથી દેવાયેલી ભૂમિનું તું સંભાળથી રક્ષણ કર દાનનું રક્ષણ દાન કરવા કરતાં અધિક છે ! ભૂમિદાન દેનાર સ્વર્ગમાં ૬૦ હજાર વર્ષ વસે છે પણ (ભૂમિદાન) જપ્ત કરનાર અને જપ્તિમાં અનુમતિ આપનાર તેટલાંજ વર્ષ નરકમાં વાસ કરશે. શંખ, સિંહાસન, છત્ર, અશ્વો, ગજો, અને લલનાઓ ભૂમિ દાનના મહાન ફળની સરખામણીમાં ચેષ્ટા સમાન છે. ખરેખર, દ્વિજોને દેવાયેલાં ભૂમિ દાન હરનાર, વિંધ્યાચલના નિર્જળ વનનાં, શુષ્ક વૃક્ષોના કોટરમાં વસતા કાળા સર્પ જન્મે છે. સગર આદિ બહુ નૃપોએ ભૂમિ ભોગવી છે. જે સમયે જે ભૂમિપતિ તેને તે સમયે દાનનું ફળ છે.

(પંક્તિ ૩૬) શક નૃપના કાળ પછી સંવત છસો ઓગણ્યાએંસી, આશ્વયુજ, શુદિ૭ અથવા સંખ્યામાં ૬૭૯. ૭ ને દિને.

(પંક્તિ ૩૭) આ દાન જેનો દૂતક નૃપ આદિત્યવર્મા છે, તે મારાથી, બલાધિકૃત શ્રી તત્તના પુત્ર શ્રી ભોદદ્ધથી લખાયું છે.

---

૧ વિરોધાલંકાર બતાવે છે. ૨ આનો અર્થ ' દાનમા આપેલાં ગામની ભૂમિ અને આકાશ સહિત' એમ થાય છે.

નં૦ ૧૨૧

ગોવિંદ ૩ જાનાં વણી(દિન્ડોરી તાલુકામાં)નાં તામ્રપત્રો[1]

શ. સં. ૭૩૦ વૈ. સુ. ૧૫

આ તામ્રપત્રો જ. રો. એ. સો. (બો. સી.) વો. ૫ પા. ૩૪૩ મે મી. વોથને પ્રસિદ્ધ કર્યાં છે. રો. એ. સો. ની મુંબઈ શાખામાં અસલ તામ્રપત્રો છે, તેના ઉપરથી હું ફરી પ્રસિદ્ધ કરૂં છઉં.

પતરાં ત્રણ છે અને ૧૦ ૩/૪" લાંબાં અને ૭ ૩/૪" પહોળાં છે. વચમાંથી તેનાથી જરા ઓછાં પહોળાં છે. કોર જરા જાડી રાખેલી છે અને પતરાં સુરક્ષિત છે. બીજા પતરાની બીજી બાજુએ મધ્ય ભાગમાં લેખ જરા ઘસાએલ છે. અંગ્રેજી પુસ્તકનાં પાનાંની માફક ફેરવીને વાંચી શકાય એવી રીતે પતરાં કોતરેલાં છે. કડી ૫/૮" ઇંચ જાડી ૪ ૧/૮" વ્યાસવાળી છે. તેના પરની સીલ ગોળ છે અને તેનો વ્યાસ ૨ ૧/૪ ઇંચ છે. દન્તિદુર્ગ અને ગોવિન્દ ત્રીજાનાં બીજાં પતરાંમાં હોય છે તેવી જ બેઠેલી શિવની મૂર્તિ સીલમાં કોતરેલી છે. ભાષા સંસ્કૃત જ છે.

આ પતરાંમાંના ૧૭ શ્લોકો રાધનપુરનાં પતરાંમાં પણ છે. ઉપરાંત આમાંના છઠ્ઠા અને સાતમા શ્લોકની વચમાં રાધનપુરનામાં એક શ્લોક વધુ છે. તે एकत्रात्मबलेनથી શરૂ થાય છે. અને તેમાં એક તરફ પોતાનું લશ્કર અને બીજી બાજુ સમુદ્ર વચ્ચે પલ્લવોને ઘોર અગર પ્રવે ઘેરી લીધાનું અને તેના હાથીઓ પડાવી લીધાનું વર્ણન છે. આમાંનો અગીયારમો શ્લોક પાંચ પાદવાળો હોઈને તેનો તરજુમો બરાબર થઈ શકતો નથી. તે રાધણપુરનામાં ચાર ચાર પાદના બે શ્લોકમાં આપેલ છે. આમાંના ૧૨ મા અને ૧૩ મા શ્લોકની વચમાં રાધનપુરનામાં એક વધુ શ્લોક છે. તે संधायाशुशिलीमुखान् થી શરૂ થાય છે અને તેમાં ગોવિંદ ૩ જા પાસેથી ગુર્જર રાજા નાશી ગયાનું વર્ણન છે. આમાંના ૧૬ મા અને ૧૭ મા શ્લોકની વચમાં રાધનપુરનામાં लेखाहारથી શરૂ થતો એક વધુ શ્લોક છે. તેમાં ગોવિંદે મોકલેલા દૂતે અરધો સંદેશો આપ્યો ત્યાં તો વેંગીનો રાજા આવ્યો અને ગોવિંદ ૩ જાને માટે તેના નોકરની માફક વર્ત્યો અને કિલ્લાની દીવાલ બંધાવી દીધી.

ગુર્જર રાજા અને વેંગીપતિ એટલે કે પૂર્વના ચાલુક્ય રાજા વિજયાદિત ઉર્ફે નરેન્દ્રમૃગ રાજનું વર્ણન આમાં નથી, તેથી એમ અનુમાન થાય છે કે આ બે દાનપત્રોની તિથિઓની વચમાં ગોવિંદ ૩ જાએ તેઓને જિત્યા હશે.

આ દાન રાજધાની મયૂર ખણ્ડીમાંથી આપવામાં આવેલ છે. વણીની ઉત્તરમાંનો મોરખણ્ડનો ડુંગરી કિલ્લો તે મયૂરખણ્ડી હશે, એમ ડો. બુલર માને છે.

દાનની સાલ શ. સં. ૭૩૦ (ઇ. સ. ૮૦૬–૭) છે અને વ્યય સંવત્સર આપેલ છે.

નાશિક દેશના વટનગર વિષયમાંનું અમ્બક ગ્રામ દાનમાં આપેલું છે. અમ્બક ગ્રામ તે વણીની દક્ષિણમાંનું હાલનું અમ્બે છે અને લેખમાંનું પુલિન્દા ઉપરનું વારિખેડ તે ઉનન્દા ઉપરનું હાલનું વરખેડ ધાર્યું છે. બીજાં સ્થળો ઓળખાયાં નથી. વટનગર તે કદાચ હાલનું વણી હોય.

---

1 ઇ. એ. વો. ૧૧ પા. ૧૫૬ ડૉ. જે. એફ. ફ્લીટ
લે. ૧૭

अक्षरान्तर

पहेलुं पतरूं

१ स वोव्याद्वेधसा धाम यन्नाभिकमलं कृतं । हरश्च यस्य कान्तेन्दुकलया कमलं कृतं । (॥) भूपोभवद्बृहदुर[:*] स्थल-

२ राजमानश्रीकौस्तुभायतकरैरुपगूढकण्ठः सत्यान्वितो विपुलचक्रविनिर्जितारिच-क्रोप्यकृष्णचरितो

३ भुवि कृष्णराजः [॥*] पक्षच्छेदनभयाशृ(श्रि)ताखिलमहाभूभृक्(त्)कुल आजितादुर्लंघ्यादपरैरनेकविमलआजिष्णु-

४ रत्नान्वितात् यश्चालुक्यकुलादनूनविवु(बु)धव्रातात्रयो वारिधे र्लक्ष्मीन्(म्)-मन्दरवत्सलीलमचिरादाकृ-

५ ष्टवां(न्)वल्लभः [॥*] तस्याभूत्तनयः प्रतापविसरैराक्रान्तदिङ्मंद(ड)लश्चंडा-[-*]शो[:*] सदृशोप्यं चंडकरताप्र-

६ हादितक्ष्मातलः धोरो[1] धैर्यधनो विपक्षवनितावक्रांवु(बु)जश्रीहरो हारीकृत्य यशो यदीयमनि-

७ शं दिङ्नायिकाभि(र् *)दृतं [॥*] ज्येष्ठोल्(लं*) घनजातयाप्यमलया लक्ष्म्या समेतोपि सन्यो भूनिर्मलमंड-

८ लस्थि(स्थि)तियुतो दोषाकरो न क्वचित्कर्णाथ[:*]स्थित दानसंततिभृतो यस्यान्यदानाधिकं दानं वी-

९ क्ष्य सुलज्जिता इव दिशां प्रान्ते स्थिता दिग्गजाः [॥*] अन्यैर्ण्ण(न) जातु विजितुं[तं]गुरुशक्तिसारमाका-

१० न्तभूतलमनन्यसमानमानं येनेह व[ब]द्धम[ब*]लोक्य चिराय गंगं दूरं[2] स्वनिग्रहभिये-

११ व कलिः प्रयातः [॥*] हेलास्वीकृतगौडराज्यकमलामत्तं प्रवेश्याचिराद्दुर्मा-र्गम्मरुम-

---

१ કોતરનારે ' અપિ ' નો ' ि ' કાપ શરૂ કરીને અધૂરો છોડી દીધો છે ૨ મી. ચોધન, पौरो ' વાંચે છે. પરંતુ પ્રતિકૃતિ દર્શાવશે કે પ્રથમ પદ ચોકકસ પણે ' धो છે—જેવી રીતે ડૉ. બ્યુલ્હરના દાનપત્રમાં પાંચમી પંક્તિમાં છે તેમ—વળી, પંક્તિ ૩૯ માંના पौत्राय ના पौ સાથે સરખાવો અને જરા જૂદા પડતા पौत्र ના पौ (પં. ૪૪) ની સાથે પણ સરખાવો ૩ મી. વોધન ' गाङ्ग पूरम् વાંચે છે. જ્યારે. ડૉ. બ્યુલ્હર તેના દાનપત્રમાં गाङ्गपूरम् વાંચે છે, પરંતુ બન્ને દાનપત્રની પ્રતિકૃતિઓ સ્પષ્ટરીતે दूरम् વાંચે છે. ડૉ. બ્યુલ્હરના દાનપત્રમાં गङ्गना છેલા અનુસ્વારનો લોપ થયો છે. આ દાનપત્રમાં બીજા ग ઉપર એક મીંડું તથા બીજું મીંડું ग પછી છે. તેમ જ લખાણુની ઉપલી પંક્તિમાં પણ છે. આ બન્નેમાંનુ એક કદાચ અનુસ્વાર માટેની નિશાની હોય.
૪ ડૉ.બ્યુલ્હરના દાનપત્રમાં આ શ્લોક પહેલાં एकत्रात्मावहेनथी શરૂ થતો અને पल्लव રાજાની જિત અને તાબે થવા વિષેના વર્ણનવાળો શ્લોક આવે છે.

१२ ध्यमप्रतिब(व)लै[र्*]यो वत्सरो(रा)जं ब(ब)लैः गौडीयं शरदिन्दुपादध-
वलं छ(च्छ)त्रद्वयं को(के)वलं तस्मान्नाहृत त-

१३ द्यशोपि ककुभां प्रान्ते स्थितं तत्क्षणात्[॥] लब्ध(ब्ध)प्रतिष्ठमचिराय कलिं सुदूरमुत्सा[र्*]य शुद्धचरितैर्धरणी-

१४ तलस्य कृत्वा पुनः कृतयुग श्रृ(श्रि)यम[प्य*]शेषं चित्रं कथं निरुपमः कलि-
वल्लभोभूत्[॥*] प्राभूद्वै[र्*]यवतस्ततो निरु

१५ पमादिन्दु[र्*]यथा वारिधेः शुद्धात्मा परमेश्वरोन्नतशिरः संसक्तपादः सुतः पद्मा-
नन्दकरः प्रता-

१६ [प*]सहितो नित्योदयः सोन्नतेः पूर्वाद्रेरिव भानुमानभिमतो गोविंदराजः सतां
[॥*] यस्मिं(न्)सर्वगुणाश्र-

१७ ये क्षितिपतौ श्रीराष्ट्रकूटान्वयो जाते यादववंशवन्मधुरिपावासीदलंध्यः परैः
दृष्टाशावध-

१८ यः कृता[:*] स्यु(सु)सदृशा दानेन येनोद्धता मुक्ताहारविभूषिता[:*]
स्फुटमिति प्रत्यर्थिनोप्यर्थिनां । (॥)आस्सां[1](आस्तां)

बीजुं पतरुं—प्रथम बाजु

१९ तात तवैतदप्रतिहता दत्ता त्वया कण्ठिका किं नाद्यैव मया धृतेति पितरं युक्तं
वचो योभ्यधात्तस्मिं(न्) स्वर्ग-

२० विभूषणाय जनके याते यशः शेषतामेकीभूय समुद्यतान्वसुमतीने(मे)कोपि यो
द्वादश ख्याता-

२१ नप्यधिक प्रताप विसरैस्संवर्तकोर्कानिव । (॥) येनात्यन्तदयालुनाथ निगडाक्ले-
शादपास्यायतात्स्व-

२२ न्देशं गमितोपि दर्प विसराद्यः प्रातिकूल्ये स्थितः यावन्न भृ(भ्रु)कुटीललाट
फलके यस्योन्नते लक्ष्यते विक्षे-

२३ पेण विजित्य तावदचिराद्ब(ब)द्धः स गंगः पुनः [॥*] यत्पादानतिमात्रकैक
शरणामालोक्य लक्ष्मीन्निजान्दृ-

२४ रान्मालवनायकोनयपरो यत्प्राणमत्प्राञ्जलि[:*] को विद्वां(न्)ब(ब) लिना-
सहाल्पव(ब)लकः स्पर्द्धान् (म्)विधत्ते

---

१ આંહિ અંત્ય 'त्' ની કાઇ ચોક્કસ નિશાની હોય એમ જણાય છે. २ આ શ્લોક પાંચ પાદનો છે. આની અંદર ક્રિયાપદના અભાવે તરજુમો કરવો મુશ્કેલ છે અને તેથી મેં ડા. બ્યુલ્હરના દાનપત્રમાંથી અર્થ પૂર્ણ કર્યો છે. ३ ડા. બ્યુલ્હરના દાનપત્રમાં આ શ્લોક પહેલાં सधाया गुणिलीमुखान् શબ્દોથી શરૂ થતો શ્લોક છે અને તેમાં ગુર્જર રાજાની હારનું વર્ણન કરેલું છે.

२५ परां नीतेस्तद्धि फलं[1] यदात्मपरयोराविक्य संवेदनं । (॥) विन्ध्याद्रेः कटके निविष्टकट[क*][2] श्रुत्वा चरै[र्*]य[ं]

२६ निजैः स्वन्देशं समुपागतं ध्रुवमिव ज्ञात्वा भिया प्रेरितः माराशर्वमहीपतिर्द्रुतमगादग्रा-

२७ सपूर्वैः परैः यस्येच्छामनुकूलयं(न्)कुलधनैः पादौ प्रणामैरपि । (॥) नीत्वा श्रीभवने

२८ घनाघनघनव्याप्ताम्व(म्ब)रां प्रावृषं तस्मादागतवां(न्)समं निज व(ब)लैरा तुंगभद्रा-

२९ तटं तत्रस्थः स्वकरस्थितामपि पुनर्नि[:*]शेषमाकृष्टवान्विक्षेपैरपि चित्रमो(ा) नतरि-

३० पुः यः पल्लवाना[ं*]शृ(श्रि)यं । (॥) सन्त्रासोत्परचक्रराजकमगात्तत्पूर्वसेवाविधिर्(धि)व्याव(ब)द्धाञ्जलिशोभि-

३१ शोभि[3] तेन शरणं मूर्धना यदंस्ट(घ्रि)द्वयं यद्यद्दत्तपरार्घ्यभूषणगनैर्नालंकृतं तत्तथा मा भैषीरिति सत्य-

३२ पालित यशः थि(स्थि)त्या यथा तद्गिरा । (॥) तेनेदमनिलविधुत्चञ्चलमवलोक्य जीवितमसारं क्षितिदान-

३३ परमपुण्यः प्रवर्तितो व्र(ब्र)ह्मदायोयं । (॥) सच परमभट्टारकमहाराजाधिराजपरमेश्वरश्रीम-

३४ द्धारावर्षदेवपादानुध्यात् [: [4]] परमभट्टारक महाराजाधिराजपरमेश्वर श्री प्रभूत

३५ वर्षदेवपृथ्वीवल्लभश्रीगोविंदराजदेवः कुशली सर्वानेव यथासम्व(म्ब)ध्यमानकान्रा

३६ ष्ट्रपति विषयपतिग्रामकूटायुक्तकाधिकारिकमहत्तरादीं(न्)समादि-

---

१ કોતરનારે પહેલાં य કોતરીને પછીથી ल કર્યો છે. २ ડૉ. બ્યુલ્હરનાં દાનપત્રમાં આ શ્લોક પહેલાં लेखाहारमुखोदितार्धवचसा શબ્દોથી શરૂ થતો અને વેગિરાજાએ ગોવિંદરાજ માટે કિલ્લો બાંધવાના વર્ણનવાળો શ્લોક છે. ३ शोभि ની પુનરુક્તિ છે. ४ કોતરનારે પહેલાં वि કોતરી પછી जीनो ફેરફાર કર્યો. પણ ' ि ' બરાબર રદ કર્યો નહીં. ५ આખો એક સમાસ તરીકે લઈ શકાય; પરંતુ વિસર્ગના ઉમેરા માટે કાંઈ વાંધો ન લઈએ તો ચાલે. કારણ કે તેથી એક ઘણા મોટા શબ્દના સગવડથી ભાગ કરી શકાય છે.

बीजुं पतरूं बीजी बाजु

३७ शत्यस्तुवः संविदितं यथा मयूरखण्डीसमावासितेन मया मातापित्रोरात्मनश्चै-हिकामुष्मिक-

३८ पुण्ययशोभिवृध्धये ¹ वेंगि¹ वास्तव्यतच्चातुर्विद्यसामान्यभारद्वाजसगोत्रतैत्[त्तिरी]यसब्र[ब्र]ह्मचा-

३९ रिविष्णुभट्टपौत्राय दामोदरदु[द्वि]वेदिपुत्राय दामोदरचतुर्वेद(दि)भट्टाय नासीकदेशीयवटनगरे²

४० विषयान्तरगतः अम्ब[म्ब]कग्रामः तस्य चाघाटाः पूर्वतः वडवुरं³ ग्रामः दक्षिणतः वारिखेडग्रामः

४१ पश्चिमतः पल्लितवांडग्रामः⁴ पुलिन्दानदी च उत्तरतः पद्मनालग्रामः⁵ एवमयं चतुराघा-

४२ टनोपलक्षितः सोद्रंगः स[सो]परिकरः सदंडदशापराधः सभूतोपात्तप्रत्यायः सोत्पाद्यमा-

४३ नविष्टिकः सधान्यहिरण्यादेयः अचाटभटप्रवेश्य[:*]सर्व्वराजकीयानामह-

४४ स्तप्रक्षेपणीयः आचा(च)न्द्रार्कार्णवक्षितिसरित्पर्वतसमकालीन[:*]पुत्रपौत्रान्व-

४५ यक्रमोपभोग्यः पूर्व्वप्रदत्तदेवब्र(ब्र) ह्मदायवर्जितोभ्यन्तरसिध्या भूमि

४६ (च्छि च्छि)द्रन्यायेन शकनृपकालातीतसंवत्सरशतेषु सप्तसु तृं(त्रिं)शदधिके

४७ पु व्ययसंवत्सरे वैशाखसितपौर्णमासीसोमग्रहणमहापर्व्वणि व(ब)-

४८ लिचरुवैश्वदेवाग्निहोत्रातिथिपंचमहायज्ञक्रृ(क्रि)योत्सर्पणार्थं स्नात्वाद्योदकातिसर्गे-

४९ ण प्रतिपादितः[। *]यतोस्योचितया ब्र(ब्र)ह्म(ह्+म)दायस्थित्या भुंजतो भोजयतः कृषतः कर्ष-

५० यतः प्रतिदिशतो वा न कैश्चिदल्पापि परिप[ं*]थना कार्या[।*] तथागामिभद्रनृपतिभिरस्म-

५१ द्वंश्यैरन्यैर्व्वा सामान्यं भूमिदानफलमवेत्य विद्युल्लोलान्यनित्य[आन्य] ऐश्वर्याणि तृणाग्रल-

५२ ग्नजलबिन्दु चंचं(च)लं च जीवितमाकलय्य स्वदायनिर्विशेषोयमस्मद्[द्दा]योनुमन्त-

---

१ आंहि वेंगि वांचे छे, पण बीजा पदनो व्यंजन स्पष्ट रीते ग ज वंचाय छे. अने आंही पहेला अक्षरनी साथे ते वांचवाथी एक समजी शकाय तेवु अने जाणीतुं नाम आपणे जाणी शकीए छीए, तेथी एनाथी उलटुं वांचवानुं कारण नथी. २ मी. वोधन वणनगर वांचे छे; परंतु प्रतिकृति प्रमाणे ते खोटुं छे. ३ मी. वोधन 'वडुर' वांचे छे; परंतु छेल्ला बे अक्षरो चोक्कस पणे वुर छे. ४ मी. वोधन पल्लितवार वांचे छे; परंतु छेल्ला पदनो व्यंजन ड छे अने र नथी ५ मी. वोधन पद्मवाल वांचे छे, परंतु छेल्लो उपांत्य व्यंजन न छे.

त्रीजुं पतरूं

५३ व्यः प्रतिपालयितव्यश्च [।*]यश्चाज्ञानतिमिरपटलावृतमतिराछि(च्छि)
द्याद्वाछि(च्छि)द्यमा-

५४ नकं वानुमोदेत स पंचभिर्महापातकैः सोपपातकैश्च संयुक्तः स्यात् [॥*]इ-

५५ त्युक्तं च भगवता वेदव्यासेन व्यासेन[।*]षष्टिं वर्षसहस्राणि स्वर्गे तिष्ठति
भूमिदः

५६ आछे(च्छे)त्ता चानुमन्ता च तान्येव नरके वसेत् [॥*]व(ब)हुभिर्व-
सुधा भुक्ता राजभि[:*]सगरादि-

५७ भिः यस्य यस्य यदा भूमिस्तस्य तस्य तदा फलं[॥*] सर्व्वानेतां(न्)भाविनः
पार्थिवे[–*]द्रां(न्)भूयो

५८ भूयो याचते रामभद्रः सामान्योयं ध्व(ध)र्म सेतु[र्]नृपाणां काले काले
पालनीयो

५९ भवद्भिः [॥*] इति कमलदलांवु(बु)वि(बिं)दुं (दु)लोलां श्र(श्रि)यम-
नुचि(चि)त्यं (त्य)मनुष्य जीवितं च

६० अतिविमलमनो भिरात्मनैर्न हि पुरुषैः परकिर्तयोपि गोप्याः [॥*]

६१ लिखितं श्रीमद् अरुणादित्येन वत्सराजपुत्रेण भूविराम दूतकं [॥*]

---

१ આ અક્ષર પહેલાંની નની નિશાની માત્ર કોતરનારની ભૂલથી જ છે.

ભાષાન્તર

જેના નાભિકમલમાં વેધસ્(બ્રહ્મા)નો વાસ છે તે અને હર જેનું મસ્તક ઇન્દુકલાથી મંડિત છે તે તમારૂં રક્ષણ કરો.

(પંક્તિ ૧) કૃષ્ણ જેના વિશાલ વક્ષઃસ્થલ પર ઝળહળતા શ્રી કૌસ્તુભ મણિનાં દૂર સુધી પહોંચતાં કિરણોથી કંઠ ઢંકાઇ ગયો છે, સત્યસંપન્ન છે, અને વિપુલ (મોટા) ચક્રથી શત્રુગણનો પરાજય કરેલો હોવા છતાં જે કાળાં કૃત્યોથી મુક્ત છે તે કૃષ્ણ સમાન પૃથ્વી પર તેના વક્ષઃસ્થલને આલિંગન દેતી લક્ષ્મી દેવીના કંઠ વેષ્ટિત આંગળીઓવાળા લંબાયેલા કરોથી ઢંકાએલા કંઠવાળો, સત્ય[1]સંપન્ન, અને શત્રુગણનો મહાન સેનાથી પરાજય કર્યો હતો છતાં કુકર્મો રહિત છે, તે કૃષ્ણરાજ ભૂપતિ હતો. પક્ષ છેદનના ભયથી આશ્રય લેનાર મહાન પર્વતોના સમૂહેથી પ્રભાવાળા, ઓળંગવો દુસ્તર છે તે, અને વિમલ દ્યુતિવાળાં અનેક રત્નોવાળા સાગરમાંથી, દેવોના આશ્રયસ્થાન મન્દરે લીલા સાથે (સ્હેલથી) અને ત્વરાથી લક્ષ્મી ખેંચી લીધી હતી તેવી રીતે સેનાનાશના ભયથી આશ્રય લેવાતા, દુર્વિજયી, પવિત્ર અને પ્રભાવાળા પુરૂષરત્નોથી મંડિત ચૌલુક્ય[2] અન્વય (કુલ)માંથી, વિદ્વાનોના આશ્રયસ્થાન આ પૃથ્વીવલ્લભે[3] લીલાથી સત્વર લક્ષ્મી દેવી ખુંચવી લીધી.

(પંક્તિ ૫) તેને ધોર નામનો પુત્ર હતો જે ધૈર્યધનવાળો, શત્રુઓની વનિતાઓનાં મુખકમલની સુંદરતા નાશ કરનાર, અને અતિ ગરમી પ્રસારતા ચણ્ડ કિરણોવાળા સૂર્ય માફક સર્વ પ્રદેશોમાં પોતાનો પ્રતાપ પ્રસારતો હતો; સૂર્ય, કિરણોની ઉષ્ણતાથી, ત્રાસદાયક છે ત્યારે આ (ધોર) હલકા કર(વેરા)થી ભૂમિને પ્રસન્ન કરે છે અને જેના યશની માલા બનાવી દિગ્નાયિકાઓ નિત્ય ધારણ કરે છે. જેષ્ઠાનું ઉલ્લંઘન કર્યા છતાં વિમલ પ્રભાવાળા, જગતને નિષ્કલંક જણાતા બિંબ (મંડલ)માં સ્થપાએલા અને હવે પછી અંધકાર ન કરનાર ઇન્દુ જેવા (સમાન) જ્યેષ્ઠ બન્ધુનું (ગાદી પર આવતાં) ઉલ્લંઘન કર્યા છતાં, વિમલ શ્રી સંપન્ન જગતના (ભૂમિના) નિર્મલ મંડલમાં સ્થાપિત થએલો, તે કદિ દોષ કરતો નહીં. ફક્ત કર્ણના દાનથી જ ઉતરતા નિત્ય દાનવાળા પણ અન્ય કરતાં અધિક દાન કરતો તેને જોઈ કર્ણ (કાન) નીચેથી મદઝરતા દિગ્ગજો લજ્જાથી શરમાઇને દિશાઓના પ્રાન્તે (કિનારે) ઉભા રહ્યા. અન્યથી અજિત પ્રૌઢ પ્રતાપી, અખિલ ભૂતલના વિજયી, સર્વથી અધિક માનવાળા ગંગને અન્તે હરાવી બન્દીવાન કર્યો જોઈને કલિ કેદની શિક્ષાના ભયથી નાશી ગયો. અન્ય સેના ટક્કર ન લઈ શકે તેવી બલવાન સેનાથી, સ્હેલાઈથી પ્રાપ્ત કરેલા ગૌડ દેશની રાજ્યશ્રીના મદવાળા વત્સરાજને ત્વરાથી મેરૂ(નાં રણો) મધ્યે કમ ભાગ્યના પંથ પર પ્રવેશ કરાવી તેણે તેની પાસેથી શરદેન્દુના કિરણ જેવા શ્વેત બન્ને અનુપમ રાજછત્રો હરી લીધાં, એટલુંજ નહિ પણ તેનો યશ જે દેશોના છેડાઓ પર પહોંચ્યો હતો તે પણ હરી લીધો. તેણે વિમલ કાર્યોથી પૃથ્વી પર સ્થપાઈ ગએલા કલિને હાંકી મૂક્યો અને કૃતયુગનો મહિમા ફરીથી પૂર્ણ કર્યો હતો. આમ હોવાથી, નિરૂપમ 'કલિવલ્લભ' શાથી કહેવાયો, તે આશ્ચર્યભરેલું છે.

(પંક્તિ ૧૪) તે ધૈર્યસંપન્ન નિરૂપમથી સાગરમાંથી શુદ્ધ અને પરમેશ્વરના ઉચ્ચ મસ્તકને સ્પર્શી કરતાં કિરણોવાળો ઇન્દુ પ્રકટ્યો તેમ સજ્જનોનાં માન પામેલો, શુદ્ધ આત્માવાળો તેને નમન કરતા રાજાઓનાં ઉન્મત્ત મસ્તકોથી સ્પર્શિત ચરણવાળો,—રાજ્યશ્રીને પ્રસન્ન કરનાર, મહિમા(પ્રતાપ)વાળો અને પૂર્વના ગિરિ પરથી દિવસમાં વિકાસતાં કમલને સુખકારી,

---

૧ લક્ષ્મી ૨ ચાલુક્ય વંશનો પુનઃ સ્થાપનાર તૈલ ૨ બીજા સુધી જે 'ચાલુક્ય' શબ્દ વપરાસમાં નહતો તે શબ્દ, શયનપૂર દાનપત્રના તે જ શ્લોકમાં છે તેમ આંહિ પણ વપરાયો છે તે ખરેખર વિચિત્ર છે. કારણ કે આ દાનપત્રની તારિખ પછી આશરે ૧૩૦ વર્ષ પછી ચાલુકય વંશની પુનઃ સ્થાપના થઈ હતી. ૩ વિશેષનામ તરીકે અથવા ઉપનામ તરીકે લઈ શકાય અથવા તો પૃથ્વીનો પ્રિયપતિ, મિત્ર યા વ્હાલો એટલે કે રાજા એમ અર્થ લઈ શકાય

ચણ્ડ પ્રતાપવાળા નિત્ય ઉદય પામતા સૂર્ય સમાન ગોવિંદરાજ પુત્ર ઉદ્ભવ્યો:. યદુકુળ મધુરિપુ[1]ના જન્મથી અજિત બન્યું તેમ તે ગુણી સ્થાનના જન્મથી શ્રી રાષ્ટ્રકૂટ કુલ (અન્વય) દુશ્મનોથી અજિત બન્યું. શત્રુઓને સ્પષ્ટ રીતે પોતાના અનુચરો જેવા જ કર્યા; કારણ કે શત્રુઓને મારથી હાંકી કાઢીને દેશની આશા (હદ) બનાવી અને તેમને અન્ન, આભૂષણોનો ત્યાગ કરાવ્યો, જ્યારે અનુચરોને, ઔદાર્યથી, અભિલાષની હદ બતાવીને ઉન્મત્ત બનાવ્યા અને મોતીના હારથી આભૂષિત કર્યા. [કૃષ્ણ સમાન ત્રિભુવનને આપદ્‌માં રક્ષે તેવી શક્તિવાળું તેનું દૈવી રૂપ જોઈ તેનો પિતા તેને પૃથ્વી પર સંપૂર્ણ સત્તા અર્પતો હતો ત્યારે[2]] તેણે તેના પિતાને આ યુક્ત વાણી કહી: " પિતા ! આ તમારે આધીન છે. ઉલ્લંઘન ન કરાય તેવી આજ્ઞા જેવો આ તમારો આપેલો કંઠિક[3] (હાર) મેં નથી લીધો ? " અને જ્યારે તેના આ પિતા સ્વર્ગવાસી થયા અને અહીં ફક્ત તેમની કીર્તિ જ રહી ત્યારે તેણે એકલાએ, અતિ વિખ્યાત પ્રતાપથી, પૃથ્વી પ્રલય કરનાર અતિ ઉષ્ણતા પ્રસરતો અગ્નિ બાર (૧૨) સૂર્યનું તેજ હરે છે તેમ પૃથ્વીનો નાશ કરવા તત્પર ભેગા મળેલા બાર (૧૨) પ્રસિદ્ધ નૃપોનું તેજ સત્વર હરી લીધું. અતિદયાથી લાંબી કેદમાંથી મુક્ત કરી, તેના પોતાના દેશમાં પાછો મોકલેલો ગંગ જ્યારે અતિ મદથી તેના સ્હામો થયો ત્યારે તેની ભવ્ય ભ્રમરોમાંથી ક્રોધ જણાય તે કરતાં પણ ટૂંક સમયમાં, તેણે બાણોના વિક્ષેપ[4] (વરસાદ)થી તેનો સત્વર પરાજય કરી ફરીથી કેદ કર્યો. નયપરાયણ માલવાના નાયકે તેની સંપદ્ તેના ચરણને નમન કરવા ઉપર પૂર્ણ આધારી છે તેમ દૂરથી જોઈ, કરની અંજલિ કરી (બે હાથ જોડી) નમન કર્યું. કયો અલ્પશક્તિવાળો પ્રજ્ઞજન, બલવાન પુરૂષ સાથે સ્પર્ધાના કિનારા પર પ્રવેશ કરે ? કારણ કે રાજનીતિ (નય) ના અધ્યયનનું ફલ, અધિકતા પોતાની કે પોતાના શત્રુની છે તે જાણવાની શક્તિ છે. વિંધ્યાદ્રિના ઢોળાવ પર તેણે છાવણી નાંખી છે એવું દૂતો પાસેથી સાંભળી અને પોતાના દેશમાં આવી પહોંચ્યો છે તેમ માની ભયભીત બનેલો મારાશર્વ રાજા તેની ઇચ્છાને અનુકૂળ કુલધનથી તેનો સદ્ભાવ પ્રાપ્ત કરવામાટે તેમ જ તેના ચરણની નમનથી પૂજા કરવા સત્વર ગયો. ઘનઘોર વાદળથી આવૃત્ત થએલા આકાશવાળી વર્ષા ઋતુ શ્રી ભવનમાં ગાળી, તે ત્યાંથી સેના સહિત તુંગભદ્રાને તીરે ગયો. અને ત્યાં રહી તેણે કે જેને બાણોના વરસાદ વડે શત્રુઓ નમતા તેણે પોતાના કરમાં હોવા છતાં પલ્લવલોકોની સર્વ લક્ષ્મીનું અદ્ભુત રીતે હરણ કર્યું. તેને નમન કરવા જોડેલી અંજલિથી શોભતા લલાટવાળા શત્રુઓએ, " ભય રાખશો નહીં " એ તેની વાણી, જે સત્યપણાથી તેની કીર્તિનું પાલન કરતી, તેનાથી જેટલા શોભતા તેટલા તેમણે (શત્રુઓએ) આપેલાં ઘણાં કિમતી રત્નોના ઢગથી પણ નહીં શોભતા તેના ચરણનો આશ્રય લીધો.

(પંક્તિ ૩૨) પવન અથવા તિ જેવું જીવિત ચંચલ અને અસાર જાણીને તેણે એક બ્રાહ્મણને પરમપુણ્ય ભૂમિદાન આપ્યું.

(પંક્તિ ૩૩) પરમભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર શ્રીધારાવર્ષદેવનો પાદાનુધ્યાત પ. મ. પ શ્રી પ્રભુતવર્ષ દેવ, પૃથ્વીવલ્લભ શ્રી ગોવિંદરાજ દેવ, કુશલ હાલતમાં, રાષ્ટ્રપતિ, વિષયપતિ, ગ્રામકૂટ, આયુકતક, નિયુકતક, આધિકારિક, મહત્તર આદિને તેમના સંબંધ પ્રમાણે જાહેર કરે છે:—

૧ વિષ્ણુ અથવા કૃષ્ણ ૨ જુઓ ઉપર નોટ ૨ પા. ૧૧ મે ૩ યુવરાજની પદવીના ચિહ્નરૂપ આ ' કણ્ઠિક ' હતો, એ ડૉ. બ્યુલ્હરની સૂચના સાચી જણાય છે. એક અપ્રસિદ્ધ પૂર્વ ચાલુક્ય દાનપત્રમાં નીચેનો ફકરો આવે છે કે—तत्सुतं बिजयादित्यं कनकण्ठिकापट्टबन्धाभिषेकम् ૪ વિક્ષેપનો અર્થ ડૉ. બ્યુલ્હરની સૂચના પ્રમાણેનો કર્યો છે અને એ અર્થ વ્યાજબી છે કારણ કે ' विक्षेप ' ના અર્થો 'ફેંકવુ' 'મોકલવુ' "છોડવુ" પાથરવુ', વિગેરે થાય છે. અને વિ+क्षिप નો અર્થ ' બાણ છોડવું ' એવો થાય છે. પરંતુ ડૉ. બ્યુલ્હરે દર્શાવ્યા પ્રમાણે કદાચ વિક્ષેપનો કોઈ પારિભાષિક અર્થ થતો હોય કે જે પારિભાષિક અર્થ હજુ સુધી નક્કી થયેલો નથી; કારણ કે ગુજર દાનપત્રોમાં विक्षेप અન્ય દાનપત્રોના શબ્દ ' [illegible] ' ને બદલે વપરાયો છે.

(પં. ૩૭) તમને જાહેર થાઓ કે મયૂરખણ્ડી શહેરમાં વાસ કરીને, આ લોક અને પર-લોકમાં મારા અને મારાં માતપિતાના પુણ્ય યશ માટે શકરાજાના સમય પછી ૭૩૦ વર્ષ પછી, વ્યય સંવત્સરમાં, વૈશાખની પૂર્ણિમાને દિને ચંદ્રગ્રહણ વખતે નાસિકદેશના વટનગરવિષયમાં અમ્બકગ્રામ જેની સીમાઃ—

પૂર્વે વડવુર ગામ,

દક્ષિણે વારિખેડ ગામ,

પશ્ચિમે પલ્લિતવાડ ગામ અને પુલિન્દા નદી, અને ઉત્તરે પદ્મનાલ[1] ગામ—

આ સીમાવાળું ગામ, ઉદ્રઙ્ગ સહિત, ઉપરિક સહિત, દંડ અને દશ અપરાધની સત્તા સહિત, ભૂતોપાત્ત પ્રત્યાય સહિત, વેઠ કરાવવાના હક્ક સહિત, અન્ન સુવર્ણની આવક સહિત, સૈનિકોના પ્રવેશમુક્ત, રાજપુરૂષોની દખલગિરિ સિવાય, ચંદ્ર, સૂરજ, સાગર, પૃથ્વી, નદીઓ અને પર્વતો-ના અસ્તિત્વ કાળ સુધી પુત્રો અને વંશજોના ઉપભોગ માટે, બ્રાહ્મણો અને દેવોને કરેલા પૂર્વેનાં દાન વર્જ્ય કરી, અભ્યન્તરસિદ્ધિના નિયમાનુસાર અને ભૂમિચ્છિદ્રન્યાય પ્રમાણે, આજે સ્નાન કરી, બલિ, ચરૂ, વૈશ્વદેવ, અગ્નિહોત્ર અને અતિથિના પંચ મહાયજ્ઞની ક્રિયા ચાલુ રાખવા માટે દ્વિવેદી દામોદરના પુત્ર ચતુર્વેદી દામોદર ભટ્ટને અને વેંગિ શહેરના નિવાસી, ત્યાંના ચતુર્વેદી મંડલના, ભારદ્વાજ ગોત્રના, તૈત્તિરીય શાખાના બ્રહ્મચારી વિષ્ણુભટ્ટના પૌત્રોને, મેં પાણીના અર્ઘ્ય સાથે આપ્યું છે.

(પં. ૪૪) આથી જ્યારે તે બ્રહ્મદાય પ્રમાણે આ ગામનો ઉપભોગ કરે, કરાવે, ખેતી કરે, અથવા બીજાને સોંપે ત્યારે કોઇએ લેશમાત્ર પણ પ્રતિબંધ કરવો નહીં. આ મારા દાનને પોતે દાન કર્યું હોય તેમ ભાવિ પવિત્ર નૃપોએ અમારા વંશના કે અન્ય હોય તેમણે,—ભૂમિદાનનું ફલ દાન કરનારને અને તેની રક્ષા કરનાર સર્વેને સામાન્ય છે અને શ્રી વિદ્યુત જેવી ચચલ અને અનિત્ય (નાશવંત) અને જીવિત તૃણના અગ્રજલબિંદુ જેવું ચંચલ છે તેમ માની અનુ-મતિ આપવી અને રક્ષણ કરવું.

અજ્ઞાનના ઘનતિમિરથી આવૃત થએલા ચિત્તથી આ દાન જપ્ત કરે અથવા તેમાં અનુમતિ આપે તે પંચમહાપાપ અને અન્ય અલ્પ પાપોના દોષવાળો થશે.

(પં. ૫૪) વેદકર્તા વ્યાસે કહ્યું છે કેઃ—દાન દેનાર સ્વર્ગમાં ૬૦ હજાર વર્ષ વાસ કરે છે પણ તે જપ્ત કરનાર અથવા તેમાં અનુમતિ આપનાર તેટલાં જ વર્ષ નરકમાં વસે છે. રામભદ્ર ફરી ફરી ભાવિ નૃપોને તેની યાચના આમ કરે છે— "નૃપોનાં પુણ્ય કર્મનો સેતુ સર્વદા તમારે રક્ષવો જોઇએ" અને નિર્મલ ચિત્તવાળા અને આત્મલાભના વિચારવાળા જનોએ, શ્રી અને જીવિત કમળપત્ર પરના જલબિંદુ જેવું ચંચલ માનીને શું અન્ય જનોનો યશ પણ ન રક્ષવો જોઇએ ?

(પં. ૬૧) દાનપત્રનો લેખક વત્સરાજનો પુત્ર શ્રી અરૂણાદિત્યઃ દૂતક-ભૂવિરામ.

---

[1] અન્ય લેખોમાં આ નામ કોલ્હાપુર ઉપર પન્નાલ નામના પર્વતદુર્ગના સંસ્કૃત નામ તરીકે વપરાયું છે પરંતુ આ લેખમાં તે સ્થળ ધારવામાં આવી શકે નહીં

નં૦ ૧૧૨

રાષ્ટ્રકૂટ રાજા ગોવિંદ ૩ જાનાં રાધનપુરનાં પતરાં[1]

શક. સંવત ૭૩૦ શ્રાવણ વદ અમાવાસ્યા

પ્રોફેસર બુલ્હરે આ લેખ ઇન્ડીયન એન્ટીકવેરી, વો. ૬ પા. ૫૯ ઉપર પ્રસિદ્ધ કર્યો છે. એમને મુંબાઇ ઇલાકામાં પાલણપૂરના પોલિટિકલ સુપરિન્ટેન્ડન્ટની દેખરેખ તળે આવેલા રાધનપૂર સ્ટેટના અધિકારીઓ તરફથી તે લેખ આપવામાં આવ્યો હતો. આ લેખની ખરી પ્રતિકૃતિ પ્રસિદ્ધ કરવાની જરૂર જણાયાથી ડૉ. ફ્લીટે મારા ઉપયોગ માટે આપેલી, તે શાહિની છાપો ઉપરથી હું ફરીથી પ્રસિદ્ધ કરૂં છું. ડૉ. ફ્લીટે એ છાપો પાલણપૂરના પોલિટિકલ સુપરિન્ટેન્ડેન્ટ પાસેથી ૧૮૮૪ માં મેળવી હતી. પતરાં વાસ્તવિકરીતે કોનાં છે તે વિષે કંઈ માહીતિ મળતી નથી.

આ લેખ બે તામ્રપત્રો ઉપર છે. તેમાનું એક એક જ બાજુએ કોતરેલું છે. ત્રીજું પતરૂં ખોવાઈ ગએલું હોવાથી લેખ અધુરો છે. તે સાથેની કડી અને મુદ્રા પણ ખોવાઇ ગયાં છે. દરેક પતરૂં લગભગ ૧૧$\frac{3}{8}$" × ૯$\frac{5}{8}$" માપનું છે. લખાણના રક્ષણ માટે કાંઠા જાડા કરેલા છે. પણ સપાટી બહુ કટાઈ ગઇ છે,— આ હકીકત ઇ. સ ૧૮૭૭ માં પ્રો. બુલ્હરના લેખ સાથે પ્રસિદ્ધ થએલા ફોટો લિથોગ્રાફમાં તદ્દન ઢંકાઈ ગઈ હતી— એટલે કેટલાક અક્ષરો અસ્પષ્ટ છે. બન્ને પતરાંનું વજન ૪ પૌંડ ૬$\frac{3}{4}$ ઔંસ છે. અક્ષરો પાછળના ભાગમાં ઝાંખા દેખાય છે, અને કોતરનારના હથીઆરની નિશાનીઓ પણ તેના ઉપર છે, અક્ષરનું કદ લગભગ $\frac{3}{16}$" અને $\frac{1}{4}$" વચ્ચે છે. લીપિ ઉત્તર તરફની છે.

રાષ્ટ્રકૂટ રાજા ગોવિંદ ૩]ના એક દાનનો આ લેખ છે. 'ओं' પછીની શરૂવાતની ૧૯ પંક્તિઓમાં રાજા કૃષ્ણરાજ (૧) તેનો પુત્ર ધોર (ધ્રુવ) નિરુપમ કલિ વલ્લભ અને તેનો પુત્ર તથા આ દાનના દાતા ગોવિંદરાજ(૩)નાં યશોગાન છે. આ લેખના શ્લોકો ૭, ૧૫ અને ૧૯ તથા ૧૨ માનો પ્રથમાર્ધ તથા ૧૩ માંના થોડા ભાગ સિવાય બધા શ્લોકો ડૉ. ફ્લીટે ઇ. એ. વો. ૧૧ પા. ૧૫૭ માં પ્રસિદ્ધ કરેલા વાણીના દાનપત્રમાં પણ આવે છે. અને બધા ૧૯ શ્લોકો—એપિ. ઇન્ડી. વો. ૪ પ્રસ્તાવના પા. ૫ માં બતાવેલા મણ્ણેના દાનપત્રમાં આપેલા છે, અને તેનો ફોટોગ્રાફ મી. રાઈસ પાસેથી મળેલો ડૉ. ફ્લીટે મને આપ્યો છે. ૯ મો શ્લોક પણ ઈ. એ. વો. ૧૨ પા. ૨૧૮ માં શિરૂરના લેખના પાઠની પંક્તિ ૨ અને ૩ માં આવે છે.

ઉપર કહેલી પ્રશસ્તિ, જેનું સંપૂર્ણ ભાષાંતર નીચે અપાશે, તેના પછી પતરાની ૩૮ મી પંક્તિમાં સાધારણ શ્લોક આવે છેઃ-

(શ્લોક ૨૧) "તેણે (ગોવિંદ રાજે) આ જીવિતને અનિલ વિદ્યુત માફક ચંચલ અને અસાર જોઈને જમીનનું દાન હોવાથી અતિ પુણ્યદાયી દાન એક બ્રાહ્મણને આપ્યું છે."

આ શ્લોક પછીના ગદ્યના ફકરામાં રાજા પ્રભૂતવર્ષ રાષ્ટ્રપતિઓ તથા અન્ય અધિકારીઓને હુકમ આપે છે કે, મયૂરખંડીમાં નિવાસ કરીને, એક સૂર્યગ્રહણને સમયે–જેની તારીખ નીચે આપવામાં આવશે'– રાસિયન ભુક્તિમાં આવેલું રંતજ્જુણ (અથવા રત્તજ્જુણ) ગામ પરમેશ્વર ભટ્ટ—વંડિયમ્મગડ્ડિય સાહસનો પુત્ર અને નાગૈય્ય ભટ્ટનો પૌત્ર–જે દિગર્વિમાં રહેતો હતો, અને જે તે સ્થળની ત્રિવેદી જ્ઞાતિનો હતો, અને જે તૈત્તિરીય વેદનો શિષ્ય હતો અને ભારદ્વાજ ગોત્રનો હતો તેને પાંચ યજ્ઞો ચાલુ રાખવા માટે દાનમાં આપ્યું હતું.

---

૧ એ. ઈ. વો. ૬ પા. ૨૩૯ એફ્. કીલ્હોર્ન

રત્તજ્જુણ ગામની સીમાઃ-- પૂર્વે સિંહા નદિ દક્ષિણે વપુલાલા; પશ્ચિમે મિરિયઠાણ; અને ઉત્તરે વરહગ્રામ. અને તે ગામના સંબંધમાં વધુ કહ્યું છે કે, તે કેટલાક બ્રાહ્મણોનું ગામ હતું-જેમાં મુખ્ય અનંતવિષ્ણુભટ્ટ, વિટહુદુવે (જહુ ?) વિગેરે હતા તે ચાળીસ મહાજનો ગાંહેલા હતા. આ હકીકત ઉપરથી જણાય છે કે નિર્દિષ્ટ લોકો ગામમાં સ્થાયી થયેલા હતા.

આમાં બતાવેલાં સ્થળોમાં રાસિયન એ પ્રો. બુલ્હરે અમદાવાદ જીલ્લાનું હાલનું રાસિન તરીકે ઓળખાવ્યું છે. તે ઈંડીયન એટલાસ શીટ નં૦ ૩૬માં લે.૧૮°૨૮' અને લોં ૭૪°૫૯' ઉપરનું 'રસીન' છે. દાનમાં આપેલું ગામ, રતજ્જુણ અથવા રત્તજ્જુણ એ ગેઝેટીઅર' ઓફ ધી બોમ્બે પ્રેસિડેંસી વો. ૧૭ પા. ૩૫૨ માં "રાટાજન ગામ તરીકે ઓળખાવ્યું છે. એ પોસ્ટલ ડીરેકટરીનું 'રાટંજન' અને ઇંડીયન એટલાસ, શીટ નં૦ ૩૯ માં 'રસીન' થી લગભગ ૨૪ માઈલ ઉત્તર ઈશાનમાં આવેલું 'રતુંજન' છે. તે 'સીના' એટલે દાનમાં આપેલી 'સિંહા' નદિના પશ્ચિમ કિનારા ઉપર આવેલું છે. તેની દક્ષિણમાં બરોબર ૩ માઇલ ઉપર 'બબૂલગામ' એટલે દાનનું 'વપુલાલા;' આવેલું છે; અને 'રતુંજુન' થી પશ્ચિમે બે મૈલ ઉપર 'મીરૂજગાંવ' છે, તે મિરિયઠાણ હોવું જોઇએ. છેવટે રત્તજ્જુણની ઉત્તરે આવેલા વરહ ગ્રામનું નામ 'વુરગાંવ' અને 'વુરગાંવ કોટ' એ નામોથી ચાલુ રહ્યું છે. તે ઈન્ડીયન એટલાસ શીટ નં૦ ૩૯ માં 'રતુંજુન' ની ઉત્તર પશ્ચિમે અનુક્રમે આઠ અને પાંચ મૈલ ઉપર આવેલાં છે. તિગવિ એ ડો. ફ્લીટ 'તુગાંવ' હોવાનું સૂચવે છે. તે ઇન્ડીયન એટલાસ શીટ ૩૮ માં આપેલાં 'સુંગુમ્નર,' સંગમ્નેરની ઈશાન ઉત્તરમાં આશરે ૮ મૈલ ઉપરનું ગામ છે. તે 'રતુંજુન' થી વાયવ્ય ઉત્તરમાં આશરે ૮૦ મૈલ દૂર હશે. મયૂરખણ્ડી જ્યાંથી દાન આપ્યું હતું, તેને માટે જુઓ ડો. ફ્લીટનું 'ડાઇનેસ્ટીઝ' પા. ૩૯૬.

આગળ કહ્યું છે તેમ આ દાન એક સૂર્યગ્રહણ સમયે અપાયું હતું, અને તે તિથિ શક સંવત ૭૩૦ (શબ્દમાં જ આપ્યું છે) અને સંવત સર્વજિતના શ્રાવણ કૃષ્ણ પક્ષ પડવાની છે. અગાઉ હું કહી ચૂકયો છું— (જુઓ. ઈ. એ. વો. ૨૩ પા. ૧૩૧, નં૦ ૧૦૮ અને સરખાવો વો. ૨૫ પા. ૨૬૭, ૨૬૯ અને ૨૯૨)—કે શક સંવત ૭૩૦ ગતની આ તારીખ ૨૭ મી જુલાઇ ઈ. સ. ૮૦૮, જે વખતે હિંદુસ્તાનમાં સંપૂર્ણ સૂર્યગ્રહણ દેખાયું હતું, તે દિવસને મળતી આવે છે. સર્વજિત સંવત તારીખ સાથે ઉત્તરની ગણત્રી પ્રમાણે જોડી શકાય છે, કારણ કે ચોક્કસ * સરેરાસ ગણત્રીની પદ્ધતિ મુજબ સર્વજીત ૨૬ મી મે, ઇ. સ ૮૦૮ને દિવસે પૂરૂં થયું હતું, અને દક્ષિણની રીતિ પ્રમાણે સર્વજિત શક-સંવત ૭૩૦ ચાલુની બરોબર થાય છે.

બીજા પતરામાં અન્તે હંમેશ મુજબની દાન મેળવનારને નિર્વિઘ્ને ઉપભોગ કરવા દેવાની આજ્ઞા છે. અને ખોવાઈ ગયેલા ત્રીજાં પતરામાં આવો કંઈ ઉલ્લેખ તથા આશીર્વાદ અને શાપના થોડા શ્લોકો હશે એવું માની શકાય.

२५ वन्न भ्रुकु[कु]टी ललाटफलके यस्योन्नते लथयते विक्षेपेण विजित्य तावद्-
चिराद्ब[ब]द्धः स गंगः पुनः [॥ १४] सं-

२६ घायाशु शिलीमुखां[1] स्वसमयां बा[बा]णासनस्योपरि प्राप्तं वर्द्धितवं [बं]
धुजीवविभवं पद्माभिवृध्द्यन्वि-

२७ तं [।+]सन्नक्षत्रमुवीक्ष्य यं शरदृतुं पर्जन्यवद्गूर्जरो नष्टः क्वापि भयात्तथा न
समरं स्व-

२८ प्नेपि पश्येद्यथा [॥ १५+]यत्पादानतिमात्रैकैकशरणमालोक्य लक्ष्मी [।*]
निजां दूरान्मालवना-

२९ यको नयपरो यं प्राणमत्प्रांजलिः [।*] को विद्वां[3] बलिना सहाल्पव [ब]
लक स्पर्ध्दां विधत्ते परं[4] नी-

३० तेस्ताद्धि फलं यदात्मपरयोराधिक्यसंवेदनं [॥ १६*] विंध्याद्रेः कटके निविष्ट-
कटकं श्रुत्वा चैरैर्थ निजैः स्वं देशं

३१ समुपागतं ध्रुवमिव ज्ञात्व[ा]भिया प्रेरितः [।*] मार[ाश]र्वं महीपति
र्द्रुतम् [अग्]आदप्राप्तपूर्वैः परैः[5] यस्येच्छाम-

३२ नुकूलयं कुलधनैः पादौ प्रणामैरपि [॥ १७×] नीत्वा श्रीभवने घनाघनघन
व्याप्तांव[ब]रां प्रावृषं तस्मा-

३३ दागतवाँ समं निजव[ब]लैरातुंगभद्रातटं [।+] तत्रस्थः स्वकरस्थितामपि
पुनर्न [नि]ः शेषमाकृष्टवां विक्षेपैरपि

३४ चित्रमानतरिपुर्यः पल्लवानां श्रु[श्रि]यं [॥१८*] लेखाक्षरमुखोदिताद्ध-
वचसा यत्रैत्य वेङ्गीश्वरो नित्यं किंकरवद्व्य-

३५ धादविरतः कर्म स्वशर्मेच्छया [।*] वाहृयालीवृतिरस्ययेन रचिता व्योमाग्रलग्ना
[र]चत् रात्रौ मौक्तिकमौलि-

३६ कामिव वृतां मूर्द्धस्थतारागणैः [॥१९+] संत्रासात्परचक्रराजकमगात्तत्पूर्वसेवा-
विधिः[12] व्यावद्धांजलि-

३७ शोभितेक[न]शरणं मूर्ध्ना यदंह्र [ह्रि] द्वयं [।-] यद्यद्दत्तपरार्ध्यभूषण-
गणै[13]र्नालंकृतं [त×]त्तथा मा भैषी-

१ वांचो मुखान् २ वांचो मयान् ३ वांचो विद्वान् बलिना ४ પ્રથમ परामू કોતરેલ હતું, પરંતુ બીજા પંદનો આ પાછળથી કાઢી નાંખવામાં આવ્યો જણાય છે. ५ वांचो परैर् ६ वांचो कुलयन् ७ वांचो तवान् ८ वांचो ष्टवान् ९ वांचो आरचद् (આ પાઠની ચર્ચા વિષે જુઓ નો. १ એ. ઇ. વો. ६ પા. २४५) १० પ્રથમ मौक्तिके એમ કોતરેલ હતું, પરંતુ પછીથી ઉપરની માત્રા ભૂંસી નાંખવામાં આવી છે. ११ પ્રો. બ્યુલ્હર वृता પાઠ વાંચે છે, જે કદાચ સંભવિત છે. १२ વાંચો विधिर्व्यावद्ध १३ णै અને र्ना ની વચ્ચે મૂળમાં કોઈ બીજો અક્ષર કોતર્યો હશે.

बीजुं पतरूं— बीजी बाजु

३८ रिति सत्यपालितयशस्थित्या यथा तद्विरानं [॥२०॥][2] तेनेदमनिलविद्यु[च्च] चंचलमवलोक्य जीवितमसारं [।*] क्षिति-

३९ दानपरमपुण्यः प्रवर्तितो ब्र[ब्र]ह्मदायोयं [॥२१॥] स च परमभट्टारकमहारा-जाधिराजपरमेश्वर श्रीम-

४० द्धारावर्षदेव पादानुध्यात परमभरमभट्टारके[3] महाराजाधिराज परमेश्वर पृथ्वीव-ल[ल्ल]भ श्रीमत्प्रभू-

४१ तवर्ष श्री श्रीवल्लभनरेन्द्रदेवः कुशली सर्वानेव यथासम्बध्यमानकां[4] राष्ट्रपति विषयपति ग्रामकूटाकूंयु[5]-

४२ क्तकनियुक्तकाधिकारिकमहत्तरोदीं महत्तरादी समादिशयत्यस्तु[6] वः संविदितं यथा श्रीमयूरखण्डीसमावासिते-

४३ न मया मातापितरोरात्मनश्चैहिकामुष्मिकपुण्ययशोभिवृद्धये । तिगविवास्तव्यत[8] [ग़] त्रैविद्यसामान्यते [ते]त्तिरीय-

४४ यंसब्र[ब्र]ह्मचारि भारद्वाजसगोत्र नागेय्यभट्ट[9] पौत्राय चंन्दियम्मगद्दियसाह[10]-सपुत्राय परमेश्वरभ-

४५ ट्टाय रासियनभुक्त्यन्तर्गतः रत्तज्जुण[11] नामग्रामः तस्य चाधाटनानि पूर्वतः सिन्हा नदी दक्षीणतः व-

४६ वुलाला पश्चिमतः मिरियठाण उत्तरतः वरंहग्रामः[12] एवमेयं[13] चतुराघाटनोपल-क्षितः तथा अ-

४७ नंन्तविण्णु[ष्णु]भट्ट[14] विड्डुवे [ज्ञं][15] गोइन्द[न्द]मपढंग [वू] इ [त ?[16]] सब्वैभट्ट चन्दडि भट्ट कुण्ठनागैभट्ट माध-

४८ वैरियण्यु विड्डुदेवणैय्यभट्टरेयैय्यभट्टेत्येवमादिप्रमुखानां [णां]ब्रा [ब्रा]ह्मणा-

४९ नां चत्वारिंशद्महाजन समन्वितानां रत्तजुणग्रामः सोद्रंगः सपरिकरः स-

---

१ वांचो तद्विरा २ छंदः आया ३ वांचो परमभट्टारक ४ वांचो संबध्यमानकान् ५ वांचो ग्रामकूटायु ६ वांचो आदीन् समादिशति अस्तु ७ आ चिह्न भूंसी नांखवुं जोईए ८ प्रो. ब्युल्हर आ गामनुं नाम तिगंवि वांचे छे, परंतु छापोमां अनुस्वारनुं चिह्न शब्द उपर मने मालुम नथी पडतुं. ९ य अक्षर भूलथी फरीथी लखायो छे, जे भूंसी नाखवो जोइए. १० आ शब्दना प्रथम य उपर अनुस्वार कोतरवानियमो रवामां आव्युं हशे. प्रो. ब्युल्हर चन्दियम्म नाम वांचे छे. ११ आहि अने पछीनी केटलीक जगाए संधिना पाळवामां आव्या नथी १२ प्रो. ब्युल्हर वदह नाम वांचे छे—परंतु बीजो अक्षर चोकसपणे मों छे. १३ प्रो. ब्युल्हर एवमेव वांचे छे. १४ आ पंक्ति अने पछीनी पंक्तिनां नामोमां प्रो. ब्युल्हर थोड अक्षरो जूदी रीते वांचे छे. १५ हुं खात्रीथी एम कही शकतो नथी, के कांसमानो अक्षर असलमां ज्ञ छे, परंतु चोक्कस पणे ए ज्ञ जेवो लागे छे. १६ कदाच आ अंतनो द (त) पंक्ति उपर वि अने स नी वच्चे कोतर्यो हतो.

५० दशापराधः सभूतोपात्तप्रत्यायः सोत्पद्यमानविष्टिकः सधान्यहिरण्यादेयः अचाट-

५१ भटप्रावेश्यः सर्वराजकीयानामहस्तप्रक्षेपणीयः आचन्द्रार्क्कार्ण्णवक्षितिसरित्पर्वत-

५२ समकालीनः पुत्रपौत्रान्वयक्रमोपभोग्यैः पूर्वप्रत्तदेवब्रा [ब्र] ह्मदायरहितो भ्यन्त-
रसि[द्]ध्या भू-

५३ मिच्छिद्रन्यायेन श[क×]नृपकालातीत संवत्सरशतेषु सप्तसु त्रृं[त्रिं]शदुत्तरेषु
सर्वजिन्नाम्नि संवत[स]-

५४ रे श्रावण वहुलं अमावास्यां सूर्यग्रहण पर्वणि वं [ब]लिचरुवैश्य [श्व] देवा-
ग्निहोत्रपञ्चमहायज्ञै-

५५ क्र[क्रि]योत्सर्पणार्त्थं स्नात्वाद्योदकातिसर्गेण प्रतिपादितः [।] यतोऽस्योचि-
तया ब्र[ब्र]ह्मदायस्थित्या-

५६ भुंजतो भोजयतः कृषतो कर्षयतः प्रतिदिशतो वा न कश्चिदल्पापि परिपंथना कार्या

---

१ અસલમાં क्रमोम्प भाग्यः કોતરેલું હતું. २ વાંચો बहुलामावास्याम् ३ આ શબ્દ પડેલાં વાણી દાન-
પત્રની પેઠે आग्निहोत्रातिथि એમ પાઠની ધારણા રાખી શકાય.

ભાષાન્તર

ॐ (શ્લોક. ૧) જેના નાભિકમળને બ્રહ્માએ નિવાસસ્થાન કર્યું છે અને હર જેનું શિર ઇન્દુકલાથી મંડિત છે તે તમારૂં રક્ષણ કરો !

(શ્લો. ૨) વિશાળ વક્ષઃસ્થળ પરના ઝળહળતા કૌસ્તુભમણિનાં લાંબાં કિરણોથી ઢંકાએલા કંઠવાળો, સત્યસંપન્ન, અને વિપુલ ચક્રથી અરિગણનો પરાજય કરનાર, કૃષ્ણ સમાન ભૂમિ પર કૃષ્ણરાજ, જેનો કંઠ તેના વિશાળ વક્ષઃસ્થળને આલિંગન કરતી લક્ષ્મીદેવીના પ્રસારેલા કરથી ઢંકાએલો હતો, જે સત્યસંપન્ન હતો, અને જેણે મહાન સેનાથી શત્રુઓનો વિજય કર્યો હતો અને જેનાં કૃત્યો કાળાં નહતાં તે હતો.

(શ્લો. ૩) દેવમંડળથી ધારણ થએલા મન્દર પર્વતે, ત્વરાથી અને સહેલાઈથી, પક્ષચ્છેદનના ભયથી આશ્રય લેતા મોટા પર્વતોના સમૂહથી પ્રકાશતા, દુસ્તર અને ઝળહળતાં રત્નોથી પૂર્ણ સાગરમાંથી લક્ષ્મી હરી લીધી તેમ સમસ્ત પ્રજ્ઞ જનોની સહાયથી, પક્ષ છેદનના ભયથીઆશ્રિત મહાન રાજકુલોથી મંડિત, અજિત અને વિમલ પ્રભાવાળા ખજાનાવાળા ચાલુક્ય અન્વય(કુલ)માંથી લક્ષ્મી, તે વલ્લભે ત્વરાથી અને સહેલાઈથી હરી લીધી.

(શ્લો. ૪) તેને, ચણ્ડ કિરણોથી સર્વ દિશાઓમાં ત્રાસ આપનાર સૂર્ય માફક મહાન પ્રતાપથી ભૂમંડલમાં આણ વર્તાવનાર અને તે છતાં માણસોને હલકા કરો(વેરા)થી આનંદ આપનાર, ધૈર્યધનવાળો, અને શત્રુઓની વનિતાનાં મુખ કમલનું સૌંદર્ય હરનાર અને જેના યશની માળા દિગ્નાયિકા નિત્ય ધારતી તે ધોરનામનો પુત્ર હતો.

(શ્લો. ૫) જેષ્ટાનું ઉલ્લંઘન કર્યા છતાં વિમલ પ્રભાવાળા ઇંદુ સમાન જેષ્ઠ બંધુનું (ગાદી પર આવતાં) ઉલ્લંઘન કર્યા છતાં વિમલ લક્ષ્મીથી સંપન્ન, ચોતરફ સર્વને નિષ્કલંક રાખનાર, સ્થિર, અને દોષરહિત હતો તેને સર્વથી (કર્ણ સિવાય) અધિક દાન કરતો જોઈ, કર્ણ નીચેથી મદઝરતા ગજો લજ્જાથી શરમાઇ દિગ્પ્રાન્તે (દિશાઓને છેડે) ઉભા રહ્યા.

(૬) અતિ બલવાન, અજિત અને ભૂતલ પર ફરી વળનાર, અતિ મદવાળા તે ગંગને અન્તે બન્દીવાન થએલો જોઈ, કલિ કેદની શિક્ષાના ભયથી નાશી ગયો.

(૭) પલ્લવમાં એક તરફથી તરવારો ખેંચી રહેલા યોદ્ધાઓની સેનાથી અને બીજી તરફ ક્રીડા કરતા બગલાઓથી ભયાનક સાગરથી, ઘેરી લઈ અને તેને નમન કરતા તેની પાસેથી મદઝરતા માતંગો લઇને પણ, તે કદિ પણ લેશ માત્ર મદ રાખતો નહીં, એ આશ્ચર્ય ઉપજાવે તેવું છે.

(૮) અતુલ સેનાથી ગૌડની રાજ્યશ્રીની સ્હેલાઈથી પ્રાપ્તિ માટે અભિમાન રાખતા વત્સરાજને મરૂના રણમાં હાંકી મૂકી, તેની પાસેથી ગૌડના શરદ્ ઇન્દુના કિરણ જેવાં શ્વેત બે રાજછત્ર લઈ લીધાં, એટલું જ નહીં પણ તેનો સર્વત્ર પ્રસરેલો યશ પણ લઈ લીધો.

(૯) ભૂતલના શુદ્ધ આચારથી પ્રસ્થાપિત થએલા કલિને સત્વર હાંકી મૂકીને કૃતયુગની પુનઃ પૂર્ણ સ્થાપના તેણે કરેલી છતાં નિરૂપમ કલિવલ્લભ કેમ કહેવાયો તે અદ્ભુત છે.

(૧૦) પરમેશ્વરના મસ્તકને સ્પર્શ કરતાં, સાગરમાંથી પ્રકટ થતાં કિરણોવાળા ઇન્દુ તથા પૂર્વ દિશાના ઉંચા પર્વત પરથી નિત્ય ઉદય પામતા કમલને આનંદ આપતા સૂર્ય જેવા તે સદાચારી નિરૂપમ ને, શુદ્ધાત્મા, નૃપતિઓનાં શિર પર ચરણ રાખનાર, અસંખ્ય જનોને આનન્દ આપનાર, પ્રતાપી, સદા ઉદય પામતો, સજ્જનોનો પ્રિય ગોવિંદરાજ પુત્ર હતો.

(૧૧) આ સર્વગુણસંપન્ન નૃપના જન્મથી—યાદવવંશ જેમ મધુરિપુના જન્મથી અજિત બન્યો તેમ— શ્રીરાષ્ટ્રકુટકુલ અજિત બન્યું. તે નૃપે, પ્રતાપી શત્રુઓને દેશના અંત પર કાઢી

મૂકી, અન્ન આભૂષણનો ત્યાગ કરાવી, અને દાનથી તેમની અભિલાષનો અંત પૂર્ણ જોવા અને મૌક્તિક હારથી ભૂષિત યાચકો જેવા જ તેમને (દુશ્મનોને) બનાવ્યા.

(૧૨) ત્રિભુવનને આપદમાં રક્ષે તેવું તેનું અલૌકિક કૃષ્ણ જેવું સ્વરૂપ જોઈ, તેનો પિતા જ્યારે તેને પૂર્ણ સત્તા અર્પતો હતો ત્યારે તેણે તેને આ યુક્ત વાણી કહીઃ " પિતા ! આ તમારૂં છે. તમારી ન ઉથાપાય તેવી આજ્ઞા જેવી આ (યુવરાજની) તમારી અર્પેલી કંઠિકા મેં નથી ધારી ?

(૧૩) જ્યારે તેના પિતા સ્વર્ગવાસી થયા અને માત્ર તેમનો યશ જ અહીં રહ્યો હતો ત્યારે તેણે અન્યની સહાય વગર, પ્રલયાગ્નિ જેમ પૃથ્વીનો સંહાર કરવા એકત્ર થએલા ૧૨ (બાર) સૂર્યનું તેજ હરી લે છે તેમ ભૂમિ પ્રાપ્ત કરી લેવા એકત્ર થયેલા બાર (૧૨) ખ્યાતિવાળા નૃપોનું તેજ પોતાના અધિક પ્રતાપથી સત્વર હરી લીધું.

(૧૪) પછી જ્યારે તેણે અત્યંત દયાથી લાંબી કેદમાંથી મુક્ત કરી, તેના પોતાના દેશમાં મોકલેલો ગંગ તેના અતિમદથી સામે ઉભો રહ્યો ત્યારે તેણે ભવ્ય લલાટ પર કોપ જણાય તે પહેલાં તેને હરાવી અને પુનઃ બન્દીવાન કર્યો.

(૧૫) બાણ અને અસનનાં પુષ્પો પર ભ્રમર મૂકતી, બન્ધુજીવના પુષ્પના સૌન્દર્યમાં વૃદ્ધિ કરતી અને પદ્મની વૃદ્ધિને અનુકૂળ એવી શરદ્ઋતુના આગમનથી વૃષ્ટિ (વરસાદ) બંધ થાય છે તેમ બંધુજનોનાં જીવન અને વૈભવ ખીલવનાર, શ્રીની વૃદ્ધિવાળો, જેની આગળ યોદ્ધાઓ ખિન્ન થઈ જતા તેને પોતાના ધનુષ પર તેને તાકવા માટે મૂકેલાં તીર સાથે આવતો જોઈ ગુર્જર સ્વપ્નમાં પણ યુદ્ધ ન દેખે તેમ ભયથી નષ્ટ થઈ ગયો.

(૧૬) નયપરાયણ માલવનાયકે પોતાની લક્ષ્મી તેનાં ચરણનમન પર આધાર રાખે છે તેમ જોઈને તેણે દૂરથી જ અંજલિ કરી તેને નમન કર્યું. કયો અલ્પશક્તિવાળો પ્રજ્ઞજન બલીઆની સાથે સ્પર્ધા કરશે ? કારણકે નીતિનું પરમ ફલ બલમાં અધિકતા પોતાની છે અથવા શત્રુની છે તેનું જ્ઞાન છે.

(૧૭) તેણે વિંધ્યાદ્રિની ટેકરીઓ પર છાવણી નાંખી છે એમ દૂતો પાસેથી સાંભળી અને તે ધ્રુવ માફક પોતાના દેશ તરફ આવે છે એમ માની મારાશ્વર નૃપ ભયભીત બની ... ... તેના મનની આરાધના કરવા તથા તેના ચરણના નમન માટે સત્વર ગયો.

(૧૮) ઘનઘોર વાદળથી વ્યાપેલા આકાશવાળી વર્ષા ઋતુ શ્રીભવનમાં ગાળી, તે ત્યાંથી તુંગભદ્રાને તીરે સેના સહિત ગયો. અને ત્યાં રહીને, ફરી દઈને પણ તેના હાથમાં હતી તે પલ્લવોની લક્ષ્મી શત્રુઓને નમાવી પુનઃ પૂર્ણ હરી લીધી.

(૧૯) લેખાહારના મૂળમાંથી ફક્ત અર્ધી જ વાણી થઈ હતી ત્યારે વેંગીનાથ નાશી ગયો. અને પોતાના સુખની ઇચ્છા રાખી, નિત્ય કિંકરવત્ એવો શ્રમ કર્યો કે તેની છાવણી આસપાસ ગગને સ્પર્શ કરતી અને રાત્રે તારકગણથી આવૃત બનતી મૌક્તિકમાલા જેવી દિવાલ કરી.

(૨૦) તેને અંજલિથી નમન કરતા, કરોથી મંડિત શિરવાળા શત્રુઓએ, તેનાં ચરણ જે તેમણે ભેટ કરેલાં અતિસુંદર આભૂષણો કરતાં, " ભય રાખશો નહીં " એ શબ્દો જેની સત્યતાનું પાલન તેના યશની રક્ષા કરે છે તે(શબ્દો)થી અધિક શોભિતા થતા હતા તેનો આશ્રય લીધો.

નં૦ ૧૨૩

ગુજરાતના રાષ્ટ્રકૂટ રાજા કર્ક ૨ જાનું દાનપત્ર[૧]

શક સં. ૭૩૪ (ઇ. સ. ૮૧૨-૧૩) વૈશાખ સુદ ૧૫

આ લેખ મૂળ મી. એચ. ટી. પ્રિન્સેપે જ. બેં. સો. વો. ૮ પા. ૨૯૨ માં પ્રસિદ્ધ કર્યો હતો. બ્રિટિશ મ્યુઝીયમના અસલ પતરા ઉપરથી હું એ ફરીથી પ્રસિદ્ધ કરૂં છું. મી. પ્રિન્સેપને તે પતરાં મી. ડબ્લ્યુ. પી. ગ્રાંટે આપ્યાં હતાં, અને તેમને વડોદરાના ' બેનીરામ ' પાસેથી મળ્યાં હતાં. ' બેનીરામ ' તે પતરાંઓની શોધ વિષે એવી હકીકત આપે છે કે, વડોદરા શહેરમાં એક ઘરનો પાયો ખોદાતો હતો તેમાંથી તે મળ્યાં હતાં.

આ ત્રણ પતરાં છે, તે દરેક લગભગ ૧૧" લાંબું અને છેડે ૮" પોહોળું છે, તથા મધ્યમાં ૭૫/૮" પોહોળું છે. લેખના રક્ષણ માટે કાંઠા સહેજ જાડા કરેલા હતા. લેખ એકંદરે સુરક્ષિત અને સુવાચ્ય છે. આ દાનપત્રને બે કડીઓ છે. ડાબી બાજુની કડી સાદી અને આશરે ૧/૨" જાડી અને ૩" વ્યાસની છે. જમણી બાજુની કડી ૩/૮" જાડી અને ગોળાકાર નહીં, પણ વાંકીચૂંકી છે. આ કડી ઉપરની મુદ્રા ગોળ અને ૧૫/૮" વ્યાસની છે. તેની મધ્યમાં ૩/૪" વ્યાસની નાની ઉપસાવેલી જગ્યા છે, તેના ઉપર શિવની મૂર્તિ—(રિવાજ મુજબ)— તથા તે નીચે અસ્પષ્ટ અક્ષરો છે. ભાષા છેવટ સુધી સંસ્કૃત છે.

આ લેખમાં વંશાવલી ગોવિંદ ૧ લાથી શરૂ થાય છે. તેના પુત્ર કર્કનો જયેષ્ટ પુત્ર ઇન્દ્ર ૨ જો આપ્યો નથી. તેના નાના પુત્ર કૃષ્ણ ૧ લા એ તેના સંબંધીઓને કાઢી મૂકયાનું કહ્યું છે. તેણે ચૌલુકયો સાથે લઢાઈ કરી હતી. તેણે એલાપુરના ડુંગર અથવા ડુંગરી કિલ્લામાં પોતાનું થાણું નાંખ્યું હતું. આ સ્થળ ઓળખાયું નથી. પણ હું ધારૂં છું કે તે પશ્ચિમ ઘાટમાં ઉત્તર ઠાનારા ડિસ્ટ્રિક્ટનું એલ્લાપુર હોવું જોઈએ. ડૉ. બર્જેસ આ સ્થળને ઔરંગાબાદ ડિસ્ટ્રિક્ટમાં દૌલતાબાદ પાસે આવેલા હાલના એલ્લુરા, જ્યાં આવાં પ્રખ્યાત શિલ્પકળાનાં ખંડેરો છે તે ગામ તરીકે ઓળખાવે છે.

ગોવિંદ ૨ જો અને તેનો પુત્ર કૃષ્ણ ૧ લો બન્ને વિષે કંઈ પણ કહ્યા સિવાય લેખમાં તેના બીજા પુત્ર ધ્રુવ અને એના બેમાંથી મોટા પુત્ર ગોવિંદ ૩ જાની હકીકત આવે છે. તેમાં કહ્યું છે કે ગોવિંદ ૩ જાએ દૂરના દેશો તથા ગંગા અને યમુનાના પ્રદેશો જિત્યા હતા.

આંહિ સુધી લેખમાં ગોવિંદ ૩ જા સુધી મુખ્ય વંશજો આપ્યા છે. ત્યાર પછી ગોવિંદ ૩ જાના નાના બંધુ ઈંદ્ર ૩ જાના નામથી તે વંશનો ગુજરાતનો વિભાગ શરૂ થાય છે. તે ગોવિંદે આપેલા લાટના રાજાના પ્રાંતનો અધિકાર ધારણ કરે છે. બુલ્હરે જણાવ્યું છે કે " લાટ એ મહી અને કોંકણ વચ્ચેનો પ્રદેશ, જેને હાલ મધ્ય અને દક્ષિણ ગુજરાત કહેવાય છે તે છે. " તેણે એ પણ બતાવ્યું છે કે ગોવિંદ ૩ જાએ લાટ થોડા સમય પહેલાં જ જિત્યો હતો. ગોવિંદ ૩ જાએ ગુર્જર રાજાને જિત્યાની હકીકત વાણિનાં શક ૭૨૮ ના વ્યાસ સંવત્સર ના વૈશાખની પૂર્ણિમાના દાનપત્રમાં આપી નથી, જયારે તે રાધનપુરના શક ૭૨૯ ના સર્વજિત સંવત્સરના શ્રાવણની પૂર્ણિમાના લેખમાં આપી છે. આથી અનુમાન થઇ શકે છે કે ગોવિંદ ૩ જાએ ગુર્જરો, જેનો અર્થ ડૉ. બુલ્હર અણહિલવાડના ચાપોત્કટો અથવા ચાવડાઓ કરે છે, તેને આ બે તારીખો વચ્ચેના સમયમાં જિત્યા હતા, અને તેઓનો બહારનો લાટ પ્રદેશ જોડી દીધો હતો એટલે કે આ લેખની તારીખ પહેલાં પાંચ વર્ષે આમ બન્યું હતું.

આ લેખમાં કહ્યું છે કે ઇંદ્ર ૩ જા એ એકલાએ ગુર્જર રાજાને હરાવ્યો હતો, તે કદાચ તેઓનો એ પ્રાંત મેળવવાનો બીજો પ્રયત્ન હશે. ત્યાર બાદ કર્ક અથવા કક્ક ૨ જા જેને સુવર્ણ વર્ષ ૧ લો પણ કહ્યો છે તે અને ઇંદ્ર ૩ જાનો પુત્ર લાટેશ્વર આવે છે. ડૉ. બુલ્હરે બતાવ્યું છે તેમ કર્ક ૨ જો તથા ગોવિંદ ૪ થો, તેનો ન્હાનો ભાઈ, મહારાજાઓ નહીં પણ રાષ્ટ્રકૂટ રાજાના સામંતો હતા. આ મતને આગળના શ્લોક ઉપરથી પણ પુષ્ટિ મળે છે. ગોવિંદ ૩ જાને માલવાનો રાજા નમ્યાની હકીકત વાણિ અને રાધનપુરનાં પતરાંઓમાં પણ આપી છે. ડૉ. બુલ્હર કહે છે કે, આ લેખમાં આપેલા ગોવિંદ ૩ જાના વર્ણન ઉપરથી જણાય છે કે તે લખાયો તે વખતે એટલે શક ૭૩૪ માં તે મૃત્યુ પામ્યો હતો. પરંતુ કયી હકીકત ઉપરથી આ અનુમાન તેઓ કરે છે તે હું જાણી શકતો નથી. અને વાસ્તવિક રીતે આમ નહોતું. કારણ કે મી. રાઇસે પ્રસિદ્ધ કરેલાં કદંબનાં દાનપત્રો ઉપરથી જણાય છે કે શક ૭૩૫ ના જ્યેષ્ઠ શુકલપક્ષ ૧૦ ને દિવસે તે જીવતો હતો; અને હવે પછી પ્રસિદ્ધ કરવાનો છું, તે બીજો લેખ બતાવી આપશે કે તેનો પુત્ર અને ઉત્તરાધિકારી અમોઘવર્ષ ૧ લો શક ૭૩૬–૭ માં તેના પછી ગાદીએ આવ્યો હતો, એટલે તે પોતે એ તારીખ સુધીતો જીવતો હતો.

આ દાનપત્ર કર્ક ૨ જાના સમયનું છે, અને સિદ્ધશામીમાંથી અપાયું છે. તેમાં તારીખ, શક ૭૩૪ (ઇ. સ. ૮૧૨–૩) ના વૈશાખની પૂર્ણિમા છે. ભાનુ અથવા ભાનુભટ્ટ નામના બ્રાહ્મણને અંકોટ્ટક ૮૪ ગામમાં વડપદ્રક ગ્રામનું દાન આપ્યાનું લખ્યું છે. ડૉ. બુલ્હર અંકોટ્ટક અને જમ્બુવાવિકા જે વટપદ્રકની સીમામાં આપ્યાં છે એ વડોદરાની દક્ષિણે પાંચ છ માઈલ ઉપર આવેલાં હાલનાં અંકૂટ અને જામ્બવા હોવાનું કહે છે. બીજાં સ્થળો ઓળખવાં બાકી છે.

પંક્તિ ૭૦–૭૪ માં તાજા કલમ છે. તેમાં કહ્યું છે કે, આજ ગામ પહેલાંના રાજાએ અંકોટ્ટકના ચતુર્વેદીઓના મંડળને આપ્યું હતું—તેમાં કોઈ દુષ્ટ રાજા અગર રાજાઓએ દખલગિરિ કરી હતી—અને કર્ક ૨ જાએ વિદ્વાન બ્રાહ્મણ તરીકે ભાનુભટ્ટને પસંદ કરી તેને ફરીથી તે આપ્યું હતું.

૧ ઈ. એ. વૉ. ૧૨ પા. ૧૫૬ ડૉ. ફ્લીટ

अक्षरान्तर

पतरूं पहेलुं

१ स वोव्याद्वेधसा ये[धा]न[म]यन्नाभिकमलङ्कृतं । हरश्च यस्य कान्ते-न्दुकलया स [क] मलङ्कृतं ॥ स्वस्ति स्वकीयान्व-

२ यवंशकर्त्ता श्रीराष्ट्रकूटामलवंशजन्मा । प्रदानशूरः समरैकवीरो गोविंदराजः क्षितिपो बभूव ॥ यस्या-

३ ङ्कमात्रजयिनः प्रियसाहसस्य । क्ष्मापाल वेशफलमेव बभूव सैन्यं । मुक्त्वाच शंकरमधीश्वरमीश्वराणां । नावन्दता-

४ न्यममरेष्वपि यो मनस्वी ॥ पुत्रीयतश्च खलु तस्य भवप्रसादात्सूनुर्ब्बभूव गुण-राशिरुदारकीर्त्तिः ।

५ [यो]गौणि[ण]नामपरिवारमुवाह मुख्यं । श्री कर्कराजसुभगव्यपदेशमुच्चैः ॥ सौराज्यजल्पे पतिते प्रसंगा-

६ न्निदेशनं[१] विश्वजनीनसंपत् । राज्यंबलेः पूर्व्वमहो बभूव । क्षितावि‍दानीन्तु नृप-स्य यस्य ॥ अत्युद्ध-

७ तश्चेदममंस्त लोकः कलिप्रसंगेन यदेकपादं । जातं वृषं यः कृतवानिदानीं । भूय-श्चतुष्पादमविघ्नचा-

८ [रं] ॥ चित्रं न चेदं यदसौ यथावच्छके प्रजापालनमेतदेव । विष्णौ जगत् [त्] राणपरे मनस्थे तस्योचि-

९ तं तन्मयमानसस्य ॥ धर्म्मात्मनस्तस्य नृपस्य जज्ञे । सुतः सुधर्म्मा खलु कृष्ण-राजः । यो वंश्य-

१० मुन्मूल्य विमार्ग्गा[ग्ग]भाजं [।] राज्यं स्वयं गोत्रहिताय चक्रे ॥ ब्राह्म-ण्यता तस्य च कापि साभूद्विप्रा यया ।[३] के-

११ वल जातयोपि । श्रेष्ठद्विजन्मोचितदानलुब्धाः । कर्म्माण्यनूचानकृतानि चक्रुः ॥ इच्छातिरेकेण-

१२ कृषीव[व]लानां । पयो यथा मुञ्चति जातु मेघे [।] भवेन्मनस्तद्विरतौ-तथाभूद्यस्मिन्धनं वर्ष्व[र्ष]ति सेवकानां ॥

१३ यो युद्धकण्डूति गृहीतमुच्चैः । सौ[शौ]र्य्योष्मसंदीपितमापतन्तं । महावराहं-हरिणीचकार । प्राज्यप्रभावः

१ અસલ પતરાંઓ ઉપરથી २ કાવીનાં દાનપત્રનો પાઠ निदर्शनं આ પાઠ કરતાં પસંદ કરવા યોગ્ય છે.
૩ આ વિરામચિહ્ન યોગ્ય નથી, તે अभूत् પછી હોવું જોઈએ.

१४ खलु राजसिह्ल[-ह]: । [॥] एलापुराचलगताद्भुतसन्निवेशं । यद्वीक्ष्य विस्मि-
तविमानचरामरेन्दाः एत-

१५ [त् *] स्वयं भुशिवधाम न कृत्रिमे[मं] श्रीर्हष्टे द्दशीति सततं बहु चर्च्चय-
न्ति ॥ भूयस्तथाविधकृतौ व्यव-

१६ सायहानिरेतन्मया कथमहो कृतमित्यकस्मात् । कर्त्तापि यस्य खलु विस्मयमाप शि-

१७ ल्पी । तन्नाम कीर्त्तनमा[म]कार्य्यत येन राज्ञा । [॥] गंगाप्रवाहहिमदी-
धितिकालकू-

बीजुं पतरूं प्रथम बाजु

१८ तैरत्युद्भुताभरणकैष्कृतमण्डनोपि । माणिक्यकाञ्चनपुरस्सरसर्व्वभू-

१९ त्या । तत्र स्थितः पुनरभूष्यत येन शम्भुः ॥ नृपस्य तस्य ध्रुवराजनामा ।

२० महानुभावस्तनयो बभूव । तृणीकृतान्यस्य पराक्रमेण [।*] प्रतापवाह्निर्द्विषतो ददा

२१ ह ॥ लक्ष्मीप्रसाधनविधावुपयोगि कृत्यं । यश्चिन्तयन्स्वयमभूदनिशं कृतार्त्थः । किं
वात्र चित्रम-

२२ नपेक्ष्य सहायमीशः सर्व्वः पुमान्निजध[व]र्धूं स्ववशां विधातुं ॥ यो गङ्गाय-
मुने तरङ्गसु-

२३ भगे गृह्णन्परेभ्यः समं । साक्षाच्चिह्ननिभेन चोत्तमपदं तत्प्रासवानैश्वरं । देहासम्मितवैभ-

२४ वैरिव गुणैर्य्यस्य भ्रमद्भिर्द्दिशो । व्याप्तास्तस्य बभूव कीर्त्तिपुरुषो गोविंदराजः सुतः ॥

२५ प्रदेशवृत्तिव्यवसायभाजां पुरातनानामपि पार्त्थि[र्थि]वानां । यशांसि यो ना-
म जहार भूपो भग्नप्रच-

२६ ण्डाखिलवैरिवीरः । [॥] उन्मूलितोत्तुङ्गनरेन्द्रवंशो महानरेन्द्रीकृततुच्छभृत्यः
स्वेच्छाविधायी चरितानुकारं

२७ चकार यो नाम विधेः क्षितीशः ॥ हिञ्जीरशिञ्जितरणच्छरणानरातीन् [।*]
कुर्व्वन्क्षणेन विदधेद्भुत कर्म्म यश्च ।

२८ चक्रे तथा हि न तथाशु वधं परेषां । पार्त्वो[र्थो]पि नाम भुवनतृ [त्रि]
तयैकवीरः ॥ कल्पक्षयक्षणसमुद्भव-

२९ वातहेलादोलायमानकुलशैलकुलानुकारं । यन्मुक्त चण्डशरजालजवप्रणुन्ना ।
युद्धागता रिपु-

३० गजेन्द्रघटा चकार ॥ भ्राता तु तस्येन्द्रसमानवीर्य्यः । श्रीमान्भुवि क्ष्मापति-
रिन्द्रराजः [। +] शास्ता बभूवा-

३१ द्भुतकीर्त्तिसूतिस्तद[द् *]त्त लाटेश्वरमण्डलस्य ॥ अद्यापि यस्य सुरकिन्नर-
सिद्धसाध्य विद्या-

३२ धराधिपतयो गुण पक्षपातात् । गायन्ति कुन्दकुसुमश्रि यशो यथा स्वधामस्थिता-
[:×] स-

३३ हचरी कुचदत्त हस्ताः ॥ येनैकेन च गूर्ज्जरेश्वरपतिय्योर्द्धं समभ्युद्यतः शौर्य्य-

३४ प्रोद्धतकन्धरो मृग इव क्षिप्रं दिशो प्राहितः भीतासंहृतदक्षिणापथम-

बीजुं पतरूं—बीजी बाजु

३५ हासामन्तचक्र [⁻] यतो रक्षामाप विलुण्ट्य[ण्ठय]मानविभवं श्रीवल्लभे-
नादरात् ॥ तस्यात्मजः प्रथित-

३६ विक्रमवैरिवर्ग्गलक्ष्मीहठाहरण सन्तत लब्ध कीर्त्तिः । श्रीकर्क्कराज इति सांश्रितपू-
रिताशः[३] शास्त्रार्थ बोध-

३७ परिपालितसर्व्व लोकः ॥ राज्ये यस्य न तस्करस्य वसतिर्व्याधेः प्रसूतिमृता
दुर्भिक्षं न च विभ्रमस्य महिमा

३८ नैवोपसर्ग्गोद्भवः क्षीणो दोषगणः प्रतापविनता[तो]शेषारिवर्ग्गस्तथा नो विद्व-
त्परिपन्थिनी प्रभवति क्रू-

३९ रा खलानां मतिः ॥ गौडेन्द्रवङ्गपति निर्ज्जयदुर्व्विदग्धसद्गूर्ज्जरेश्वरादिगर्ग्गलतां च
यस्य ॥ नीत्वा भुजं विहत-

४० मालवरक्षणार्त्थं स्वामी तथान्यमपि राज्यछ[फ]लानि भुङ्क्ते ॥ तेनेदं विद्युच्च-
ञ्चलमालोक्य जीवितं क्षितिदान-

४१ ञ्च परमपुण्यं प्रवार्त्तितोयं धर्म्मदायः[॥÷] स च लाटेश्वरः समधिगताशेषमहा-
शब्दमहासामन्ता-

४२ धिपति सुवर्ण्णवर्ष श्रीकर्क्कराजदेवो यथासम्बध्यमानकान् राष्ट्रपति विषयपति ग्राम-
कूटाधि-

४३ कारिकमहत्तरादीन्समनुबोधयत्यस्तु वः संविदितं । यथा मया श्रीसिद्धशमीस-
मावासितेन मा-

---

१ બહુવ્રીહિ સમાસમાં "श्री નો ઉપયોગ સમાસાન્ત 'क' સિવાયનો અસાધારણ છે. પરંતુ મી. કે. બી. પાઠકે મને કાવ્યપ્રકાશ દશમો ઉલ્લાસ પા. ૪૨૨ કલકત્તા આવૃત્તિમાંથી તેના જેવો જ દાખલો બતાવ્યો છે, જે નીચે પ્રમાણે છે : अवितथमनोरथपथप्रथनेषु प्रगुणगरिमगीताश्रीः । सुरतरु सदृशः स भवान् अभिलाषणीयः क्षितीश्वरो न कस्य ॥ २ આ અનુસ્વારની કાંઈ જરૂર નથી. ३ श्री कर्कराज इति संश्रित पूरिताशाः આ લખાણુ બીજા કોઈ લખાણ ઉપર કોતરેલું છે, જે બરાબર રદ કર્યું નથી. પરિણામે અસલ પતરાંમાં તેમ જ લિથોગ્રાફમાં અક્ષરાન્તરમાં જરા ભેળ થયો જણાય છે. ४ આ શબ્દ ન્ય પહેલાં ભુલાઈ ગયો હતો અને પછીથી પંક્તિના નીચે ઉમેરેલો છે.

४४ तापितोरात्मनश्चैहिकामुष्मिकपुण्ययशोभिवृद्धये श्रीवलभीविनिर्गततच्चातुर्व्विद्य-सामान्य-

४५ वात्स्यायनसगोत्रमाध्यन्दिनसब्र[ब्र]ह्मचारिब्राह्मणभानवे भट्टसोमादित्यपुत्राया-

४६ द्रोट्टकचतुरशीत्यन्त[न्त]र्गतवडपद्रकाभिधानग्रामे[म]: यस्याघाटनानि पूर्व्वतो जम्बु-

४७ वाविकाग्रामस्तथा दक्षिणतो महासेनकारव्यं तडागं । तथा पश्चिमतोद्रोट्टकं । तथोत्त-

४८ रतो वग्घाच्छग्राम एवमसौ चतुराघाटनोपलक्षितः सोद्रंगः स[सो] परिकरः सभूत-

४९ वातप्रत्यायः सदण्डदशापराधः सोत्पद्यमानविष्टिकः सधान्यहिरण्यादेयः सर्व्व-

५० राजकीयानामहस्तप्रक्षेपणीय आचन्द्रार्क्कार्णवसरित्पर्व्वतसमाकालीनः पुत्रपौ-

५१ त्रान्वयभोग्यः पूर्व्वप्रदत्तदेवदाय ब्रह्मदायरहितो भूमिच्छिद्रन्यायेन

५२ शकनृपकालातीतसंवत्सरशतेषु सप्तसु श्च[च]तुस्त्रिं[दधिके]षु महावैशाख्यां स्नात्वोद-

५३ कातिसर्गेण .... बलिचरुवैश्वदेवाग्निहोत्रातिथिपञ्चमहा-

पतरूं त्रीजुं: प्रथम बाजु

५४ यज्ञक्रतुक्रियाद्युत्सर्प्पणार्त्थं प्रतिपादितः । यतोस्योचितया ब्रह्मदायस्थित्या भुञ्जतो भो

५५ जयतः प्रतिदिशतो वा कृषतः कर्ष्व [र्ष]यतश्च न केनचित्परिपन्थना कार्य्या तथागामि-

५६ [नृपति*]भिरस्मद्वंश्यै रन्यैर्व्वा सामान्य [-*] भूमिदान[फल]मवगच्छ-द्भिर्विद्युल्लोलान्यनित्यान्यैश्वर्य्याणि त्रि[तृ]णाग्रलग्नजल-

५७ बिन्दु चञ्चलञ्च जीवितमाकलय्यस्वदायनिर्व्विशेषोयमस्मद्दायोनुमन्तव्यः पालि[लयि]-तव्यश्च । यश्चाज्ञानतिमि-

५८ रपटलावृतमतिराच्छिद्या [दा×] च्छिद्यमानञ्चानुमोद [दे] ते [तै] स पञ्चभि-र्म्महापातकैरुपपातकैश्च युक्तस्या-

५९ दित्युक्तं च । भगवता वेदव्यासेन व्यासेन ॥ षष्टिं वर्ष्व [र्ष] सहस्राणि स्वर्ग्गे तिष्ठति भूमिदः । आच्छेत्ता

६० चानुमन्ता च तान्येव नरके वसेत् ॥ विन्ध्याटवीष्वतोयासुशुष्ककोटरवासिनः कृष्णाहयो हि जायन्ते

---

१ अने २ विरामचिह्नोनी कांई जरूर नथी.

६१ भूमिदायापहारिणः । [॥] अग्नेरपत्यं प्रथमं सुवर्ण्णं भूर्व्वैष्णवी सूर्य्यसुताश्च गावः लोकत्रयं

६२ तेन भवेश्च दत्तं यः काञ्चनं गाञ्च महीञ्च दद्यात् ॥ बहुभिर्व्वसुधा भुक्ता राजभिः सगरादिभिः । यस्य य-

६३ स्य यदा भूमिस्तस्य तस्य तदा फलं ॥ यानीह दत्तानि पुरा नरेन्द्रैर्द्दानानि-धर्म्मार्त्थयशस्कराणि । निर्म्माल्य-

६४ वान्तप्रतिमानि तानि को नाम साधुः पुनराददीत ॥ स्वदत्तां परदत्तां वा यत्नाद्रक्ष नराधिप । मही [-]

६५ महीभृतां श्रेष्ठ दानाच्छ्रेयोनुपालनं ॥ इति कमलदलाम्बुलोलां श्रियमनुचिन्त्य मनुष्यजीवितञ्च

६६ अतिविमल मनोभिरात्मनीने[नै]र्न हि पुरुषैः परकीर्त्तयो विलोप्याः ॥ उक्तञ्च भगवता रामभद्रेण ।

६७ सर्व्वानेतान्भाविनः पार्त्थिवेन्द्रान् भूयो भूयो याचते रामभद्रः सामान्योयं धर्म्म-सेतुर्नृपाणां

६८ काले काले पालनीयो भवद्भिः ॥ दूतकाश्चात्र राजपुत्रश्रीदन्तिवर्म्मा ॥ स्वह-स्तोयं मम श्रीकर्क्कराजस्य

६९ श्रीमदिन्द्रिराजसुतस्य ॥ लिखितश्चैतन्मया महासंधिविग्रहाधिकृतकुलपुत्रकदुर्ग-भटसूनुना-

७० नेमादित्येनेति ॥ अयं च ग्रामोतीतनरपति परीक्षिणां कोट्टकश्रीचतुर्व्विद्यायदत्तो-भूत् [।×] तेनापि

७१ कुराजजनितविलोपविच्छिन्नपरिभोगं विज्ञानवरमन्यस्य वा विशिष्टस्य कस्य चिद्भवतु द्विजन्मन इति निश्चित्य

७२ सुवर्ण्णवर्षे दीप[य]मान [-] वट[पु]रवासिने भानुभट्टायानुमोदितः [।] शालाताप्यं गृहीत्वा तालावारिकादिगणञ् [?] च् [?] ओ [?] द्वि [?]-

७३ श्य ताम्बूल प्रदान पूर्व्वकं यथालो[?]भसे [?] व [?] न [?]-चा भा-श्या[प्या]दिश्य [?] प्र[प्रा]कृतिकमपि पुरं इ [?]ति

त्रीजुं पतरूंः बीजी बाजु

७४ तथा त्रियागेश्वरपरमाधि [धी] शपादमूलं जानातीति ॥

ભાષાન્તર

જેના નાભિકમળમાં વેધસનો વાસ થયો છે તે (વિષ્ણુ) અને હર જેનું શિર રમ્ય ઈન્દુ-કલાથી ભૂષિત છે તે તમને રક્ષો !

(પંક્તિ. ૨) સ્વસ્તિ ! નિજ અન્વયનો કર્તા, વિમળ શ્રી રાષ્ટ્રકૂટોના વંશમાં જન્મેલો, દાનમાં શૂરો, યુદ્ધમાં વીર ગોવિંદરાજ નૃપ હતો. તે એકલો વિજય કરનાર અને સાહસમાં પ્રીતિવાળો હતો તેને નૃપના વેશના ફળ સમાન સૈન્ય થયું. તે જ્ઞાનસંપન્ન હોવાથી દેવાધિપ શંકર સિવાય અન્ય દેવોને પૂજતો નહીં.

(પંક્તિ. ૪) અને જ્યારે તે પુત્રપ્રાપ્તિની અભિલાષ રાખતો હતો ત્યારે—સદ્ગુણસંપન્ન, મહાયશવાળો, શ્રી કર્કરાજનું રમ્ય અને ઉચ્ચ નામ (તેના) મુખ્ય પદ તરીકે અને અન્ય ગૌણ નામનો પરિવાર ધારનાર, ભવની પ્રસાદીથી તેને એક પુત્ર જન્મ્યો. સૌરાજ્યની વાર્તા પ્રસંગે સમસ્ત જનોના કલ્યાણ અર્થે ઉન્નતિવાળું બલિનું રાજ્ય ઉદાહરણ તરીકે પૂર્વે અપાતું પણ હવે પૃથ્વીમાં આ નૃપનું રાજ્ય છે. કલિના પ્રસંગથી એક ચરણવાળા બનેલા વૃષને (ધર્મને) હાલ પુનઃ ચાર ચરણવાળો અને તેની ગતિમાં વિઘ્ન વગરનો તેણે બનાવ્યો તે અખિલ મનુષ્ય જાતે અત્યંત અદ્ભુત માન્યું. અને તે નવાઈ જેવું નથી કે તેણે યોગ્ય રીતે નિજ પ્રજાનું પૂર્ણ રક્ષણ કર્યું. કારણ કે વિશ્વને રક્ષવામાં વિખ્યાત વિષ્ણુ તેના ચિત્તમાં વસતો. આ વર્તન તેને ઉચિત હતું. તેનું મન (આમ) એજ (વિષ્ણુની) સાથે એક જ હતું.

(પંક્તિ. ૯) તે ધર્માત્મા નૃપને પવિત્ર કૃષ્ણરાજ નામે પુત્ર જન્મ્યો હતો. તેણે વિમાર્ગે ગએલા બન્ધુજનને મૂળથી ઉખેડી નાંખીને નિજ ગોત્રના હિતાર્થે રાજ્ય પોતે લઈ લીધું. તે દ્વિજો તરફ મિત્રતા રાખતો તેથી અદ્વિજ પણ દ્વિજ હોય તેમ શ્રેષ્ઠ વિપ્રને ઉચિત દાન ઉત્સુક બની વેદનું ગાન કરનાર જનોથી થતી વિધિઓ કરે છે. વાદળ જ્યારે ખેડુતોની ઈચ્છાથી અધિક વૃષ્ટિ વરસાવે ત્યારે તેમનાં મન તે બંધ થાય તેમાં આતુર હોય છે તેમ તેના સેવકોને મહાન અભિલાષથી અતિ અધિક ધનવૃષ્ટિથી થતું. યુદ્ધની અભિલાષી અને શૌર્યની ઉષ્ણતાથી દીપ્ત થએલા મહાવરાહને તે અતિ બળવાન સિંહ સમા નૃપે હરણ સમાન કરી દીધો. એલાપુર પર્વત ઉપરનો તેનો અદ્ભુત નિવાસ જોઈને વિમાનમાં ગમન કરતા અમરો પણ વિસ્મય પામી અતિ વિચારથી કહે છેઃ—

" આ સ્વયંભુ શિવનો નિવાસ છે, અને કૃત્રિમ સ્થાન નથી. શ્રી જો દેખાય તો આવી જ હોય. " ખરેખર તેના કૃતિકાર જેણે તે બાંધ્યું તે સર્વ (પૂર્ણ) પ્રયત્ન પણ પુનઃ આવી કૃતિમાં નિષ્ફળ થાય! અહો ! તે મારાથી કેમ સિદ્ધ થયું છે ? એમ કહેતાં તે (કૃતિકાર) વિસ્મય પામતો, (અને) તે કારણથી નૃપ તેના નામની સ્તુતિ કરતો. તેનાથી, ગંગાના પ્રવાહ, ઇન્દુનાં કિરણો અને કાલકુટવિષનાં ભૂષણવાળો શંભુ જે ત્યાં નિવાસ કરતો તે રત્ન, સુવર્ણ અને સર્વ લક્ષ્મીથી અધિક મંડિત થતો.

(પંક્તિ. ૧૯) તે નૃપને મહાપ્રતાપી ધ્રુવરાજ નામનો પુત્ર જન્મ્યો હતો. તેના પ્રતાપનો અગ્નિ તેના પ્રતાપથી તૃણ સરખા થઈ ગએલા શત્રુઓને બાળી નાંખતો. લક્ષ્મીને પ્રસન્ન કરવા જે ચિન્તવન કરતો તે નિત્ય કૃતાર્થ થતો. અને તેમાં શું આશ્ચર્ય છે ? કારણ કે દરેક પુરૂષ સહાય વગર જ નિજ પત્નીને પોતાને વશ કરે છે.

(પંક્તિ. ૨૨) તેને સાક્ષાત મૂર્તિમાન્ યશ—ગોવિંદરાજ નામે પુત્ર હતો. તેણે પોતાના શત્રુઓ પાસેથી મનહર ગંગા અને યમુના પડાવી લઈને તે નદીઓથી સાક્ષાત્ ચિહ્નથી સ્પષ્ટ થતા ઉત્તમ પદની પ્રાપ્તિ કરી, અને તેના દૈવી પ્રતાપવાળા ગુણો જે પ્રતિબંધ ન થાય માટે દેહ વિનાના હતા તે સર્વ પ્રદેશમાં પ્રસર્યા હતા. ખરેખર તે નૃપ જેણે સમસ્ત પ્રતાપી વીર શત્રુ-

ઓને વશ કર્યા હતા, તેણે પુરાતન નૃપો જે પરદેશમાં ગમન કરતા તેમનો યશ હરી લીધો. ખરે ! તે નૃપ ભાગ્યનું અનુકરણ કરતો; મહાન્ નૃપોના વંશ ઉખેડી નાંખતો, દીન સેવકોને મહાન ભૂપ બનાવતો અને ઇચ્છા અનુસાર સર્વ કરતો. ક્ષણવારમાં ગજના પગ બાંધવામાં વપરાતી સાંકળોના રણકારવાળા તેના શત્રુઓના ચરણ બનાવી તેણે અદ્ભુત કાર્ય કર્યું. ખરેખર ! ત્રિભુવનમાં સર્વથી મહાન વીર પાર્થે પણ આટલી ત્વરાથી તેના શત્રુઓનો સંહાર કર્યો નહતો. શત્રુની મહાન્ ગજસેના જે તેના સામે યુદ્ધમાં આવતી ને તેનાથી છોડેલાં પ્રતાપી બાણની વૃષ્ટિથી આગળ હંકાતી તે, પ્રલયસમયે ઉદ્ભવતા પવનથી અહીં અને ત્યાં સહેલાઈથી ડોલતા કુલશૈલ પર્વતોનું અનુકરણ કરતી.

(પંકિત. ૩૦) તેનો ભાઈ, ઇન્દ્રસમાન પરાક્રમી, ભૂમિ પર વિખ્યાત નૃપ, અદ્ભુત યશનું મૂળ ઇન્દ્રરાજ, તેને તેણે (ગોવિંદરાજે) આપેલા લાટેશ્વર મંડળનો રાજ્યકર્તા થયો. આજે પણ તેના ગુણના પક્ષપાતથી, જાણે કે પોતાના ગૃહમાં હોય તેવી રીતે પોતાની સહચરીની છાતી પર કર નાંખતા દેવો, કિન્નરો, સિદ્ધો, સાધ્યો અને વિદ્યાધરોના અધિપતિઓ કુંદકુસુમની શ્રીવાળા તેના યશનું ગાન કરે છે. તે એકલો હતો છતાં તેણે, શૌર્યથી શિર ઉંચું કરી, યુદ્ધમાં તૈયારી કરી આવેલા ગૂર્જરોના અધિપતિઓના નાયકને તે હરણ હોય તેમ સત્વર દૂરના દેશોમાં નસાડી મૂકયો; અને દક્ષિણના મહાસામન્તોના જૂથે ભય પામી, અને એકત્ર ન રહી તેમના વૈભવ તેમની પાસેથી શ્રી વલ્લભથી લઈ લેવાતા હોવાથી માન દેખાડી તેનું રક્ષણ મેળવ્યું.

(પંક્તિ. ૩૫) તેનો પુત્ર શ્રી કર્કરાજ સદા પરાક્રમ માટે વિખ્યાત શત્રુઓ પાસેથી બળથી લક્ષ્મી હરી લઈ કીર્તિ પ્રાપ્ત કરે છે. જેઓ તેનો આશ્રય લે છે તેમની અભિલાષ તે પૂર્ણ કરે છે અને શાસ્ત્રાર્થના જ્ઞાનથી સર્વ જનોને રક્ષે છે. તેના રાજ્યમાં ચોરનો વાસ નથી, અને વ્યાધિની ઉત્પત્તિ નાશ પામી છે, દુકાળ નથી, દુર્ભિક્ષ નથી અને વિભ્રમનું અસ્તિત્વ નથી. સર્વ દોષ અદૃશ્ય થયા છે. તેના સર્વ શત્રુઓ તેના પ્રતાપથી નમ્યા છે. અને વિદ્વાનોને દુઃખ આપવા દુષ્ટજનોમાં ક્રૂર મતિ પણ નથી. અને નીચે પાડી નાંખેલા માલવપતિના રક્ષણ માટે નિજ કરને, ગૌડ અને વંગના અધિપતિઓને જિતી ગર્વી થએલા ગુર્જરોના અધિપતિના દેશના દ્વારની સાંકળ બનાવી તેનો સ્વામિ (કરનો સ્વામિ) આમ અન્ય કરનો રાજ્યનાં સર્વ ફળ માફક ઉપભોગ કરે છે.

(પં. ૪૦) જીવિત વિદ્યુત સમાન ચંચળ છે અને ભૂમિદાન સર્વોત્તમ કાર્ય છે એવું જોઈને તેનાથી આ ધર્મદાન થયું છે

(પં. ૪૧) સર્વ મહાશબ્દ પ્રાપ્ત કરનાર, મહાસામંતોનો અધિપતિ, લાટેશ્વર સુવર્ણવર્ષ શ્રી કર્કરાજદેવ સમસ્ત રાષ્ટ્રપતિ, વિષયપતિ, ગ્રામકૂટ, અધિકારિક, મહત્તર આદિને તેમના સંબંધ અનુસાર જાહેર કરે છેઃ—

(પં. ૪૩) તમને જાહેર થાઓ કે, શ્રી સિદ્ધશમી પુરીમાં નિવાસ કરી, મારા માતપિતા અને મારા આલોકમાં તેમ જ પરલોકમાં પુણ્યની વૃદ્ધિ માટે શક નૃપના કાળ પછી સંવત ૭૩૪, વૈશાખ, પૂર્ણિમાને દિને વડપદ્રક નામનું ગામ જે અંકોટ્ટક ૮૪ ગામમાં આવેલું છે, જેની સીમા પૂર્વે જમ્બુવાવિકા ગામ, દક્ષિણે મહાસેનક સરોવર, પશ્ચિમે અંકોટ્ટક ગામ અને ઉત્તરે વદ્રાચ્છ ગામ છે તે આ ચાર સીમાવાળું ગામ ઉદ્રંગ, ઉપરિકર, ભૂતવાતપ્રત્યાય, દણ્ડની સત્તા, દશ અપરાધના દણ્ડની આવક સહિત, ઉદ્ભવતી વેઠના હક્ક સહિત, અન્ન અને સુવર્ણની આવક સહિત, રાજપુરૂષના હસ્તપ્રક્ષેપણમુક્ત, ચંદ્ર, સૂર્ય, સાગર, સરિતાઓ અને પર્વતોના અસ્તિત્વ કાળ સુધી પુત્રો, પૌત્રોના ઉપભોગ માટે પૂર્વે દેવો અને દ્વિજોને કરેલાં દાન વર્જ્ય કરી ભૂમિચ્છદ્રના ન્યાયથી, સ્નાન કરી બલિ, ચરૂ, વૈશ્વદેવ, અગ્નિહોત્ર અને અતિથિના પંચમહાયજ્ઞ અને અન્ય વિધિના અનુષ્ઠાન માટે ચતુર્વેદિ મધ્યેના શ્રી વલભીથી આવેલા, વાત્સ્યાયન ગોત્રના, માધ્યન્દિન સબ્રહ્મચારી ભટ્ટ સોમાદિત્યના પુત્ર બ્રાહ્મણ ભાનુને પાણીના અર્ઘ્યથી મેં આપ્યું છે.

(પં. ૫૪) આથી જ્યારે તે બ્રહ્મદાયના નિયમ અનુસાર તેનો ઉપભોગ કરે અથવા ઉપભોગ કરાવે અથવા અન્યને સોંપે અથવા ખેતી કરે કે ખેતી કરાવે ત્યારે કોઇએ તેને પ્રતિબંધ કરવો નહીં. અને તેથી આ મારા દાનને પોતે કરેલું દાન હોય તેમ અમારા વંશના કે અન્ય ભાવિ નૃપોએ ભૂમિદાનનું ફળ (દાનદેનારને અને રક્ષનારને) સામાન્ય છે અને લક્ષ્મી વિદ્યુત્ સમાન ચંચળ અને અનિત્ય છે અને જીવિત તૃણાગ્રે જલબિંદુ સમાન અસ્થિર છે તેમ મનમાં માની અનુમતિ આપવી અને રક્ષવું. અને જે અજ્ઞાનના ઘનતિમિરથી આવૃત્ત થએલા ચિત્તથી આ દાનને જપ્ત કરશે અથવા જપ્તિમાં અનુમતિ આપશે તે પંચ મહાપાતકનો અને અન્ય નાનાં પાપોનો દોષી થશે.

(પં. ૫૯) અને વેદ વ્યાસે કહ્યું છેઃ— ભૂમિદાન દેનાર સ્વર્ગમાં ૬૦ હજાર વર્ષ વસે છે, પણ ભૂમિદાન જપ્ત કરનાર અને તેમાં અનુમતિ આપનાર તેટલાં જ વર્ષ નરકમાં વાસ કરે છે. ખચિત ! જે ભૂમિદાન જપ્ત કરે છે તે વિંધ્યાપર્વતના નિર્જલ વનમાં શુષ્ક વૃક્ષોના કોટરમાં રહેવા કાળ સર્પો જન્મે છે. સુવર્ણ અગ્નિનું પ્રથમ બાળ છે. પૃથ્વી વિષ્ણુની છે. અને ધેનુઓ સૂર્યનાં બાળક છે. સુવર્ણ, ધેનુ અને ભૂમિ દેનારથી (અખિલ) ત્રણ ભુવન દેવાય છે. સગરથી માંડી પૃથ્વીનો બહુ નૃપોએ ઉપભોગ કર્યો છે. જે સમયે ભૂમિપતિ હશે તેને તે સમયનુ ફળ છે. ધર્મ, અર્થ અને યશની ઉત્પત્તિવાળાં ભૂમિદાન જે પૂર્વેના નૃપોથી અહીં થયાં છે તે પ્રતિમાને અર્પણ કરેલામાંથી નિર્માલ્ય સમાન છે. કયો સજ્જન તે પુન લઈ લેશે ? નૃપોમાં શ્રેષ્ઠ ઓ ભૂપ ! તારાથી કે અન્યથી અપાએલી ભૂમિનું તું કાળજીથી રક્ષણ કર. દાનનું રક્ષણ [illegible]રતાં અધિક છે. ખરેખર ! પોતાનો લાભ વિચારી અતિ નિર્મળ મનના પુરૂષોએ લક્ષ્મી [illegible] જીવિત કમળ-પત્રપરના જલબિંદુ સમાન અસ્થિર છે, એમ માની અન્યની કીર્તિનો ના[illegible] જોઈએ ! અને શ્રી રામભદ્રે કહ્યું છેઃ— રામભદ્ર વારંવાર ભાવિ સર્વ નૃપોને [illegible] કરે છે કે આ નૃપોનો ધર્મસેતુ સદા તેમનાથી રક્ષાવો જોઇએ. ”

(પં. ૬૮) આમાં દૂતક રાજપુત્ર શ્રી દન્તિવર્મા છે. આ મારા શ્રી ઇન્દ્રરાજના પુત્ર શ્રી કક્કરાજના સ્વહસ્ત છે. મહાસાંધિવિગ્રહિક કુલપુત્રક દુર્ગભટના પુત્ર નેમાદિત્યથી લખાયું છે.

(પં. ૭૦) અને એ જ ગામ અંકોટ્ટકના ચતુર્વેદીયોના મંડળને પૂર્વેના એક નૃપના પરીક્ષીએ આપ્યું હતું. તેથી પણ જ્યારે આ દાન, જેનો ઉપભોગ દુષ્ટ નૃપોના પ્રતિબંધથી તૂટયો હતો, તે સુવર્ણવર્ષ કોઇ ઉત્તમ દ્વિજની વિદ્યાનું ફળ તે થાય તેવા નિશ્ચયથી (આગામ) વટપુરના નિવાસી ભાનુભટ્ટને આપ્યું હતું. ... ... લઈને અને તાલાવારિકો આદિ જાતિને ઉદ્દેશીને તાંબુલ પર્ણના દાનપૂર્વક ઇચ્છા અનુસાર રક્ષણ થવું જોઈએ એમ કહી, અને શાસન કરી, (નૃપે કહ્યું)—“ જો કે આ નગર (પુરી) કુદરતી અને પ્રાકૃતિક દાન છે. પણ તે (દાની) જાણે છે કે મહાશંભુ ત્રિયાગેશ્વર દેવના ચરણની ભક્તિથી તેનું દાન ઉદ્ભવે છે ”

નં. ૧૨૪

ગોવિંદરાજનાં તોરખેડેનાં તામ્રપત્રો[1]

શ. સં ૭૩૫ પૌષ. સુ. ૭

મી. સી. જી. ડાસન તરફથી આ પતરાં વાંચવા માટે મળેલાં હતાં. તેણે તે ખાનદેશમાં શાહાડે તાલુકામાંનાં તોરખેડે ગામના રહીશ જાગીરદાર દેવરાવ બીન બલવન્તરાવ કદમ્બાન્ડે પાસેથી મેળવ્યાં હતાં.

પતરાં ત્રણ છે અને તેનું માપ ૧૧$\frac{૫}{૮}$"×૮$\frac{૧}{૨}$" છે. તેની કોર ટીપીને જાડી રાખેલી છે. જોકે તેના ઉપર પુષ્કળ કાટ ચડી ગયો હતો છતાં અક્ષરો બધા સ્પષ્ટ વંચાય છે. પતરાં બે કડીથી બાંધેલાં છે. એક કડી $\frac{૧}{૮}$" જાડી છે ને તેનો વ્યાસ ૨$\frac{૧}{૨}$" છે. જ્યારે બીજી $\frac{૩}{૮}$" જાડી અને લંબચોરસ હોઈ ૩$\frac{૧}{૨}$"×૨$\frac{૧}{૨}$" ના માપની છે. સીલ ઉપલબ્ધ નથી. ત્રણે પતરાંનું વજન ૪૩૪ તોલા છે અને બે કડીઓનું વજન ૧૮$\frac{૩}{૪}$ તોલા છે. અક્ષરો દક્ષિણના અક્ષરોને મળતા આવે છે. લેખના સમયના અક્ષરો જેવા જ છે. ભાષા સંસ્કૃત છે; અને છેવટના બે શ્લોકો સિવાય બધો ભાગ ગદ્યમાં છે. વ્યાકરણદોષ જુજ છે, પણ દાનવિભાગમાંનો ભાગ કિલષ્ટ છે.

લેખમાં પંક્તિ ૫ અને ૬ માં રાષ્ટ્રકૂટ રાજા પ્રભૂતવર્ષ જગત્તુંગ ગોવિંદ ૩ જાનો ઉલ્લેખ છે અને પંક્તિ ૧૨ માં તેના ભત્રિજા ગુજરાતના ગોવિંદરાજનું નામ છે. ગોવિંદરાજના તાબાના શલુકિકવંશના મહાસામન્ત બુદ્ધવરસે,[2] પોતાની માલિકીની સિહરખી અથવા સિહરમ્ખી બાર ગામમાંના ગોવટ્ટણ ગામનું દાન, કેટલાક બ્રાહ્મણોને આપ્યાની હકીકત તેમાં છે.

દાનની તિથિ શક સંવત ૭૩૫ નંદન સંવત્સર પૌષ માસ શુકલ પક્ષ સપ્તમી એટલે કે વિજયા સપ્તમી આપેલ છે. વાર આપેલ નથી. આ દિવસ ઇ. સ. ૮૧૨,૧૪ મી સપ્ટેમ્બર સાથે મળતો આવે છે.

સ્થળના નામમાં સિહરખી અગર સિહરમ્ખી તે હાલનું સેરખી લાવું જોઇએ, જે વડોદરાની પડોશમાં છે.

---

૧ એ. ઇ. વો. ૩ પા. ૫૩ ડો. જે. ફ્લીટ ૨ 'અરસ' નામને છેડે છે તે કેનેરી રાજાને માટે હોઇને એમ અટકળ થાય છે કે કેનેરી વિભાગમાંથી તે ગુજરાતમાં આવ્યો હશે.

अक्षरान्तर

पहेलुं पतरूं

१ ओं[1] शकनृपकालातीतसंवत्सरशतेषु सप्तसु पञ्चत्रं[त्रिं]शत्यधिकेषु पौषशुद्ध-
२ सप्तम्यामङ्कतोपि संवत्सरशतानि ७३५ नन्दनसम्वत्सरे पौषःशुद्ध
३ तिथिः ७ अस्यां सम्वत्सरमासपक्षदिवसपूर्व्वायां परमभट्टारक-
४ महाराजाधिराजपरमेश्वरः शरच्छशांककिरणनिर्म्मलशोंशुकावगुण्ठि-
५ तमेदिनीयुवतिभोक्ता प्रभूतवर्षः श्रीवल्लभनरेन्द्रो गोविंदराजनामा
६ जगतुंगैतुङ्गतुरगप्रवृद्धरेणूर्ध्वरुद्धरविकिरणं ग्रीष्मेपि नभो निखिलं
७ प्रावृट्कालायते स्पष्टं रक्षतां येन निःशेषं चतुरंबोधिसंयुतं राज्यं ध-
८ र्म्मेण लोकानां कृता तुष्टिः परा हृदि आर्तो तु तस्येन्द्रसमानवीर्य्यः श्रीमांन्मु
९ वि क्ष्मापतिरिन्द्रराजः शास्ता बभूवाद्भुतकीर्त्तिसूतिस्तद्दत्त लाटेश्वरमण्डलस्य
१० सूनुर्ब्बभूव खलु तस्य महानुभावश्शास्त्रार्थबोधसुखलालितचित्तवृत्तिः यो गौ-
११ णनाम परिवारमुवाह पूर्व्वं श्रीकर्क्कराजसुभग व्यय[प]देशमुच्चैः [॥] [सु] वृषस्थो-
१२ नुजस्तस्य सततं सेवितो बुधैः गोविन्दराजो भूपालः च्छंभुरिवा-
१३ परः [॥] फलोन्मुखैरापतितैर्व्विदूरतः समं समन्ताद्गुण पक्षपातिभिः

बीजुं पतरूं पहेली बाजु

१४ महाहवे दानविधौ च मार्ग्गणैर्न्न कुण्ठितं यस्य सदैव मानसं ॥
१५ तद्दत्त सींहरक्खीद्वादशके प्रभुज्यमाने शलुक्किकविकलंकवंशप्रसू-
१६ तो मूर्ध्धाभिषिक्तो दुर्व्वारवैरिवनितातुलतापहेतुरनेकदर्प्पिता
१७ रातितरुप्रभञ्जनो मातरिश्वा शरच्छशांककिरणकुन्दकुसुमस्फटिकावदात
१८ समाननिर्म्मलयशाः श्रीमणिनागपौत्रः श्रीराजादित्यसुतः परमब्रह्मण्यः
१९ समधिगताशेषमहाशब्दमहासामन्तः सोयं श्रीबुद्धवरसः सर्व्वानेव भावि
२० भूमिपालान्समनुबोधयत्यस्तुवः संविदितं यथा मया मातापित्रोरात्म-
२१ नश्च पुण्ययशोभिवृद्धये ऐहिकामुष्मिकफलावाप्त्यर्थं बलिचरुवैश्व-
२२ देवाग्निहोत्रक्रतुक्रियाद्युच्छ[त्स]र्प्पणार्त्थं बदरसिद्धि चातुर्व्विद्यसामान्य
२३ वाजसनेय माध्यन्दिनब्रह्मचारित्रिप्रवरलावायनसगोत्र ब्रा-
२४ ह्मणसोमाय सर्व्वदेवपुत्राय तथा ब्राह्मणनाहेरगौतमसगोत्रा म [हू] ए
२५ श्वरपुत्रः तथा द्रोण वार्षणेयसगोत्र शर्मपुत्रः तथा सोम कात्या
२६ यनसगोत्र बप्पुकसुतः तथा लकुटिः आग्नेय समानसगोत्रः

---

१ चिह्न रूपे छे. २ छंद आर्या जगत्तुंगने बदले छंदने माटे जगतुंग लखेल छे. ३ अनुष्टुप् श्लोक ४ इंद्रवज्रा. ५ वांचो श्रीमान्भु ६ वसन्ततिलका. ७ वंशस्थ. ८ आंही एक पंक्ति वसंततिलकामां छे. ९ आंहीथी पंक्ति ३९ सुधीनो भाग भुलभरेलो छे.

बीजुं पतरूं बीजी बाजु

२७ सर्व्वदेवसुतः तथा सर्व्वदेवमुद्गलसगोत्रः तथा[1] नेवः तथा तत्सुतो गोव तथा[2] भाउल्लः वत्ससगोत्रः

२८ तथा गोवशर्म्मः तथा अणहादित्यः तथा नासेणः तथा गोवः गौतमसगोत्रः द्रोण-

२९ सुतः तथा आदित्य पाराशरसगोत्रः तथा लिम्बादित्य आम्रेयसमानस-

३० गोत्रः तथा योगः सं[शां]डिलसगोत्रः तथा अग्निशर्म्मः तथा नेवरेवः मुद्गलसगोत्रः

३१ तथा नागः माधरसगोत्रः तथा नाणसरः तथा रेवसमः तथा भाउल्ल यौगनसगोत्रः

३२ तथा नेवादित्य भरद्वाजसगोत्रः तथा ईश्वरः कौशसगोत्रः तथा बप्पस्वामि तथा

३३ गोवशर्म्मः वार्षणेयसगोत्रः तथा शिवादित्यः तथा देवहतः तथा सीहः लावा-

३४ यण [न] सगोत्रः तथा नंन्नः[3] कात्यायनसगोत्रः तथा मातृशूरः तथा महेश्वरः

३५ आम्रेयसमानसगोत्रः तेनात्मांशो नैनदौहित्राय दत्तः तथा रुल्लः भारद्वा-

३६ जसगोत्रः तथा तस्यैव भ्राता जज्जुकः तथा दत्तः सौन्दानसगोत्रः तथा

३७ अग्निशर्म्मः आम्रेयसमानसगोत्रः तथा नेवादित्यः तथा संबौरः

३८ कौशसगोत्रः तथा जज्जुक वार्षणेयसगोत्रः तथा आदित्यः गौतमसगोत्रः

३९ तथा आदित्यचीहल्लकः सोमसुतः तथा[4]ग्निश [र्] म मुद्गलसगोत्र रेव आम्रेय-समानसगोत्र-

त्रीजुं पतरूं

४० सीहरखिद्वादशान्तर्ग्गत गोवट्टणाभिधानो ग्रामः सहिर-

४१ ण्यादानः सदण्डदशापराधः ससीमापर्य्यन्तः सतीर्थः मेषु [!] वलि-

४२ कामावेशुकः समस्तराजकीयानामहस्तप्रक्षेपणीयो भूमि-

४३ च्छिद्रन्यायेनाद्य विजयस सप्तम्यामुदकातिसर्ग्गेण प्रतिपादितः यत-

४४ स्ततोस्य न कैश्चिद्व्यासेधे प्रवर्त्तितव्यमागामि भद्रनृपतिभिरप्यानित्या

४५ न्यै[न्यै]श्वर्य्याण्यस्थिरं मानुष्यं सामान्यञ्च भूमिदानफलं तदपहरणपापं

४६ चावगच्छद्भिरयमस्मद्दायोनुमंतव्यः परिपालयितव्यश्च उक्तं च महर्षिभिः

४७ बहुभिर्व्वसुधा भुक्ता राजभिः सगरादिभिः यस्य यस्य यदा भूमिस्तस्य तस्य तदा फलं

४८ षष्टिं वर्षसहस्राणि स्वर्गे तिष्ठति भूमिदः आच्छेत्ताचानुमन्ता च तान्येव नरके वसेदिति ॥ ओं[6]

४९ लिखितं मया लेखक कृष्णेन नन्नपुत्रेण [॥]

---

१ वांचो तथा २ तथा तत्सुतो गोव એટલા શબ્દો પાછળથી ઉમેરેલા છે. ૩ વાંચો नन्नः ४ तथाग्निशर्म-मुद्गलसगोत्र એ શબ્દો પંકિતની નીચે છે, તેને કયાં મૂકવા તે માટે કાંઈ સૂચના નથી, પણ મેં મૂક્યા છે ત્યાં હોવા જોઇએ એમ હું માનું છઉં. ૫ શ્લોક અનુષ્ટુપ. ૬ ૭૦ના ચિહ્ન જેવા ચિહ્નરૂપે છે.

ભાષાન્તર (સ્રા૨૩૫)

ઓં—શક નૃપના કાલથી ૭૩૫ વર્ષ વીત્યા બાદ નંદન સંવત્સરમાં પૌષ સુદ ૭ ને દિવસે—

પં.–૩ પરમભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર પ્રભુતવર્ષ નામે ગોવિંદરાજ ત્રીજો.

પં.–૮ તેનો ભાઈ ઈંદ્રરાજ લાટ પ્રાંતનો રાજા થયો.

પં.–૧૦ તેનો દીકરો કર્કરાજ હતો.

પં.–૧૧ તેનો નાનો ભાઈ રાજ ગોવિંદરાજ.

પં.–૧૫ તેણે આપેલ સીહરખ્ખી બારગામ ભોગવતો, શાલુકિક વંશનો, મણિનાગનો પૌત્ર, શજાદિત્યનો પુત્ર બુદ્ધવર્ષ જે મહાસામન્ત હતો, પંચમહાશબ્દ જેણે મેળવ્યા હતા અને બ્રાહ્મણોમાં જે અનન્ય શ્રદ્ધાવાળો હતો તે બધા ભવિષ્યના રાજાઓને જાહેર કરે છે કે—

પં.–૨૦ તમને બધાને વિદિત થાઓ કે, મારા અને મારાં માતાપિતાના પુણ્યયશની વૃદ્ધિ માટે આ અને પરલોકમાં ફળ મેળવવા માટે બલિ ચરૂ વૈશ્વદેવ અગ્નિહોત્ર ઇત્યાદિ ધર્મકૃત્યો નભાવવા માટે, સીહરખ્ખી બારગામમાં ગોવટ્ટણુ નામનું ગામ મેધુવલ્લિકા સહિત આજે વિજયા સપ્તમી તિથિએ, ભૂમિચ્છિદ્ર ન્યાયથી સંકલ્પના જળપૂર્વક નીચેના બ્રાહ્મણોને દાનમાં આપેલ છે—વાજસનેય માધ્યંદિન શાખાના બ્રહ્મચારી બદર સિદ્ધિના ચતુરવેદી સર્વ દેવના પુત્ર ત્રિપ્રવરી અને લાવણ્ય ગોત્રના બ્રાહ્મણ સોમને, તથા ગૌતમ ગોત્રના મહેશ્વરના પુત્ર બ્રાહ્મણ નાહરને, તથા

શર્મન્	ના પુત્ર	વાર્ષણેય	ગોત્રના	દ્રોણને
તથા બપ્પુઠ	,,	કાત્યાયન	,,	સોમને
,, સર્વદેવ	,,	આગ્નેય	,,	લકુટિને
,,	—	મુદ્ગલ	,,	સર્વદેવને
,,	—	—	—	નેવને
તે ,,	—	—	—	ગોવને
,,	—	વત્સ	,,	ભાઉલ્લને
,,	—	—	—	ગોવશર્મનને
,,	—	--	—	અણુહાદિત્યને
,,	—	—	—	નાસેનને
,, દ્રોણ	ના પુત્ર	ગૌતમ	ગોત્રના	ગોવને
,, —	—	પારાશર	,,	આદિત્યને
,, —	—	આગ્નેય	,	લિમ્બાદિત્યને
,, —	--	શાણ્ડિલ	,,	યોગને

,, અગ્નિશર્મનને તથા મુદ્ગલ ગોત્રના નેવરેવને તથા માધર ગોત્રના નાગને, તથા નાણુસરને, તથા રેવસમને તથા યૌગન ગોત્રના ભાઉલ્લને, તથા ભરદ્વાજ ગોત્રના નેવાદિત્યને તથા કૌશ ગોત્રના ઈશ્વરને, તથા બપ્પસ્વામિનને તથા વાર્ષણેય ગોત્રના ગોવશર્મનને તથા શિવાદિત્યને, તથા દેવહતને તથા લાવણ્ય ગોત્રના સીહુને તથા કાત્યાયન ગોત્રના નન્નને તથા માતૃસૂરને તથા આગ્નેયસના સમાન ગોત્રના મહેશ્વરને (જેણે પોતાનો હિસ્સો દૌહિત્રા નૈનને આપી દીધો હતો) તથા ભરદ્વાજ ગોત્રના લલ્લને તથા તેના ભાઈ જજ્જુકને, તથા સૌન્દાન ગોત્રના દત્તને, તથા આગ્નેયસના સમાન ગોત્રના અગ્નિશર્મનને તથા નેવાદિત્યને, તથા કૌશ ગોત્રના શંબોરને, તથા વાર્ષણેય ગોત્રના જજ્જુકને, તથા ગૌતમ ગોત્રના આદિત્યને, તથા સોમના પુત્ર આદિત્ય ચાહલ્લકને તથા મુદ્ગલ ગોત્રના અગ્નિશર્મનને અને આગ્નેયસના સમાન ગોત્રના રેવને.

પં.–૪૩ અને ૪૬ દાન કાયમ રાખવા માટેની આજ્ઞાઓ અને મહાભારતના શિરસ્તા મુજબના શ્લોકો બહુભિઃ ... ઈત્યાદિ

પં.–૪૯ મે લખ્યું—નન્નના પુત્ર લેખક કૃષ્ણે (લખ્યું)

નં૦ ૧૨૫

ગુજરાતના રાષ્ટ્રકૂટ રાજા કર્ક્ક ૨ જાનાં નવસારીનાં તામ્રપત્રો[1]

શક સંવત્ ૭૩૮ માઘ સુદ ૧૫

આ તામ્રપત્રો મૂળ ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજી પાસે હતાં. પરંતુ મને તે બૉં. બ્રૅં. રૉ. એ. સો. ના સેક્રેટરીએ પ્રસિદ્ધ કરવા માટે આપ્યાં હતાં. પતરાં મૂળ નવસારીમાંથી મળ્યાં હતાં. આ ત્રણ પતરાં છે. તે દરેકનું માપ ૧૦" × ૬¾" છે. કાંઠા સહેજ જાડા છે. મને તે મળ્યાં ત્યારે તેમાં કડી ન હતી. પરંતુ તેની ડાબી બાજુએ કાણાં હોવાથી જણાય છે કે તે એક કડી વડે સાથે જોડેલાં હશે. એકંદરે લેખ સુરક્ષિત અને સહેલાઇથી વાંચી શકાય તેવો છે. કોતરકામ સુંદર છે. ભાષા છેવટ સુધી સંસ્કૃત છે. દાનપત્ર હંમેશના ॐ ના ચિહ્નથી શરૂ થાય છે. પણ તે પછી નિયમ પ્રમાણે "स्वस्ति" લખેલું નથી. પહેલી ૫૪ પંક્તિઓ તથા છેવટના આશીર્વચન તથા શાપના શ્લોકો પદ્યમાં છે. આ દાનપત્રના શ્લોકો અત્યાર સુધીમાં પ્રસિદ્ધ કરેલા રાષ્ટ્રકૂટોના જૂદાજૂદા લેખોમાં આવી ગયા છે. પણ કેટલાક ગુજરાત રાષ્ટ્રકૂટ રાજા ગોવિંદનાં કાવીનાં પતરાંમાં જ માલુમ પડે છે.

નીચે આપેલું દાનપત્ર રાષ્ટ્રકૂટ વંશની ગુજરાત શાખાના ઇન્દ્રનો પુત્ર કર્ક્ક, જેને 'સુવર્ણ વર્ષ' કહ્યો છે, તેનું છે. તે "ખેટક" એટલે હાલના ખેડામાં રહેતો હતો ત્યારે તેણે આ શાસન જાહેર કર્યું હતું. તારીખ શબ્દમાં આપી છે. તે, શક સંવતનાં ગત વર્ષ ૭૩૮ ના માઘ શુદ ૧૫ ની છે. આ દિવસે થયેલા ચંદ્રગ્રહણ સમયે આ દાન અપાયું હતું. તેનો હેતુ 'બલિ' આદિ પાંચ યજ્ઞક્રિયાઓ કરવાનો હતો. દાન લેનાર બાદઢિનો પુત્ર, ભારદ્વાજ ગોત્રનો અને "તૈત્તરીય" શાખાનો શિષ્ય ગોબ્બદ્દિ નામનો બ્રાહ્મણ હતો. ગુજરાતની અંદર "તૈત્તરીય" શાખા લગભગ છે જ નહીં, પરંતુ ઘણાખરા તૈલંગી બ્રાહ્મણો આ શાખાના અનુયાયી હોય છે. વળી, દાન લેનારનું નામ તેલગુ લાગે છે. એટલે તે દક્ષિણમાં વસનારો હોવો જોઇએ. તે મૂળ જ્યાં રહેતો હતો તે બાદાવી બિજાપુર ડિસ્ટ્રિકટના બાદામી તાલુકાનું હાલનું બાદામી શહેર હોવું જોઇએ. ગોબ્બદ્દિ બહુ વિદ્વાન હોવો જોઈએ, કારણ કે ચૌદ વિદ્યામાં નિપુણ હોવાને લીધે તેને "પંડિત વલ્લભરાજ" નો ઇલ્કાબ આપ્યો છે.

આ દાનપત્ર ગુજરાત શાખાના કર્ક્ક ૨ જાનાં દાનપત્રોમાં અનુક્રમે બીજું છે. પહેલું સાધારણ રીતે વડોદરાના દાનપત્ર તરીકે ઓળખાય છે અને તેની તારીખ શક સંવત ૭૩૪ ગત એટલે ચાર વર્ષ વહેલી છે. વડોદરાના દાનપત્રના શ્લોકો અત્યાર સુધી પ્રસિદ્ધ થયેલાં બીજાં કોઈ રાષ્ટ્રકૂટ દાનપત્રોમાં આપેલા નથી જોડે તે ઘણી ઉપયોગી માહિતી આપે છે. પરંતુ આપણા દાનપત્રના શ્લોકો બીજા રાષ્ટ્રકૂટ લેખોમાં આપેલા હોવાથી કંઈ નવીન જ્ઞાન આપતા નથી. તેમ છતાં આ દાનપત્રમાં આપેલી તારીખ તથા રાષ્ટ્રકૂટના મુખ્ય વંશના અમોઘવર્ષ ૧ લાના નામ ઉપરથી એક ઉપયોગી અનુમાન થઇ શકે છે. વડોદરાનું દાનપત્ર, જે શક સંવત્ ૭૩૪ ગતમાં લખાયું હતું તેમાં વંશાવલી ગોવિંદ ૩ જા સુધી જ આપેલી છે. તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે તે રાજા તે સમય સુધી રાજ્ય કરતો હતો. પણ આ દાનપત્ર, જેની તારીખ શક સંવત્ ૭૩૮ ગતની છે, તેમાં ગોવિંદ ૩જા પછી અમોઘવર્ષનું નામ આપ્યું છે. તે ઉપરથી જણાય છે કે તે

---

૧ જ. બો. બ્રા. રૉ. એ. સો. વો. ૨૦ પા. ૧૩૧ દેવદત્ત–આર–ભાંડારકર બી. એ. (આર. જી. ભાંડારકરની દેખરેખ તળે)

સમયે અમોઘવર્ષ ગાદીએ હતો. એટલે, હું ધારૂં છું કે અમોઘવર્ષ, ગત શક સંવત્ ૭૩૪ અને ૭૩૮ વચ્ચેના કોઈ પણ વર્ષમાં ગાદીએ આવ્યો હશે. આ અનુમાન સિરૂરના લેખને મળતું આવે છે.[1] તેના ઉપરથી જણાય છે કે શક સંવત ૭૩૧ (ગત) અમોઘવર્ષના રાજ્યનું પહેલું વર્ષ હતું.

'હરિવંશ' નામની એક પ્રખ્યાત જૈન કૃતિના લેખકે કહ્યું છે કે તેણે તે કૃતિ શક સંવત ૭૦૫, જયારે કૃષ્ણને પુત્ર શ્રીવલ્લભ દક્ષિણમાં અને ઇન્દ્રાયુદ્ધ ઉત્તર[2]માં રાજ્ય કરતો હતો ત્યારે સંપૂર્ણ કરી હતી. પૈઠણ તથા ગુજરાત રાષ્ટ્રકૂટનાં દાનપત્રોમાં ગોવિંદ ૨ ને વલ્લભ નામ આપ્યું છે, અને ગોવિંદ ૨ જો કૃષ્ણનો એક પુત્ર હતો. તેથી ઉપર કહેલો શ્રીવલ્લભ તેજ છે એ ચોક્કસ થાય છે. એક વિદ્વાન[3]ને એવો મત છે કે ગોવિંદ ૨ જાએ રાજ્ય કર્યું જ નહોતું, કારણ કે વાણી અને રાધનપુરના લેખોમાં કહ્યું છે કે, ધ્રુવ નિરૂપમે તેના વડિલ બંધુને ઉલ્લંઘીને રાજ્ય મેળવ્યું હતું, તથા તે પછીના કેટલાક લેખોમાં એનું નામ પણ આપ્યું નથી. એટલે શ્લોકમાં આવતું વાક્ય "कृष्णतनयं" તે ઇન્દ્રાયુદ્ધ સાથે જોડે છે અને માને છે કે શ્રીવલ્લભ ગોવિંદ ૩ જાને કહ્યો છે. હવે વાણી અને રાધનપુરના લેખો[4]નાં વાક્ય "ज्येष्ठोल्लङ्घन" નો અર્થ ઉપર કર્યો છે તેમ વડિલ બંધુને ઓળંગી ગયો એવો ખાસ નથી થતો. પણ એ ફક્ત એમ બતાવે છે કે ગોવિંદ ૨ જાને તેના ભાઈ ધ્રુવે પદભ્રષ્ટ કર્યો હોવો જોઈએ. દેવલી અને કરાડનાં પતરાં[5] જેમાં રાજ્ય ભોગવ્યા સિવાય ગુજરી ગયેલા કુંવરોનાં નામ આપ્યાં છે, તેમાં કહ્યું છે કે ગોવિંદ ૨ જાએ પોતાની વિષયી ટેવોને લીધે ધ્રુવને ગાદી પચાવી પાડવા દીધી, એ બતાવે છે કે તેણે રાજ્ય તો કર્યું જ હતું. વળી રટ્ટરાજનું ખારેપાટણ[6]નું દાનપત્ર રાજ્ય કરી ગયેલા રાષ્ટ્રકૂટોની નોંધમાં ગોવિંદ ૨ જાનું નામ બતાવે છે. છેવટે એ પણ નોંધવા યોગ્ય છે કે આ દાનપત્રમાં એક શ્લોકમાં ગોવિંદ ૨ જાના રાજ્યછત્ર[7] વિષે પણ કહ્યું છે.

આ શ્લોક ગોવિંદ બીજાના ભત્રિજા ગોવિંદ ૩ જાના પૈઠણના દાનપત્રમાં પણ આપ્યો છે. અને આ પૈઠણનું દાનપત્ર ગોવિંદ ૨ જાના મૃત્યુ પછી તરતમાં જ જાહેર થએલું હોવાથી એણે રાજ્ય કર્યું હતું, એ વાત નિર્વિવાદ સાબિત કરે છે.

આ દાનપત્રનો દૂતક ભટ્ટ શ્રી દ્રોણમ્મ હતો, તે દક્ષિણનો જણાય છે. અને દાનપત્રનો લેખક સંધિવિગ્રહનો મંત્રિ નેમાદિત્ય, કદાચ આજ રાજાના વડોદરાના દાનપત્રનો લેખક હતો. રાજાના દસ્કત દક્ષિણ હિન્દની લિપિમાં કોતરેલા છે. આ રાજાનાં તેમજ તેના પુત્ર ધ્રુવનાં વડોદરાનાં દાનપત્રોમાં પણ એ જ પ્રમાણે દસ્કત કોતરેલા છે. તે એમ બતાવે છે કે ગુજરાતના રાષ્ટ્રકૂટો પોતાના સ્વદેશની પ્રચલિત લિપિનો ઉપયોગ કરતા હતા.

દાનમાં સમીપદ્રક અને સમ્બંધી નામનાં બે ગામો આપ્યાં છે. તેમાંનું પહેલું મહી અને નર્મદા વચ્ચેના પ્રદેશમાં આવ્યું હતું અને બીજું અંકલેશ્વર ડિસ્ટ્રિકટમાં આવ્યું હતું. સમીપદ્રકનો અપભ્રંશ "સ-ઈ-ઉદ્ર" અને તેમાંથી "સ-ઉન-દર"-થયો હોવો જોઈએ. આસપાસનાં ગામડાંઓથી નક્કી કરેલા સમીપદ્રકના સ્થળે "સોંદર્ન" નામનું એક ગામ છે. તેથી તે જ સમીપદ્રક છે, એ ચોક્કસ થાય છે. આસપાસનાં ગામોમાં ચોરૂંદક હાલનું ચોરંદ, ભર્થાણક એ ભર્થાન અને ધાહદ્ધ હાલનું ધાવત છે. એ સિવાય સજ્જોડક હાલ સજોડ કહેવાય છે. અને માંડવા એ હાલના કાષ્ઠામણ્ડપનું ટુંકું રૂપ હોય. આમાનાં પહેલાં ચાર ગામો ગાયકવાડની હદમાં ભરૂચ જીલ્લા નજીકમાં છે, અને છેલ્લાં બે એ જ જીલ્લાના અંકલેશ્વર તાલુકામાં છે.

---

૧ જુઓ ઈ. એ. વો. ૧૧ પા. ૨૧૮ ૨ ઈ. એ. વો. ૧૫ પા. ૧૪૨ ૩ જુઓ. 'ડીનેસ્ટીઝ ઓ. કા. ડિસ્ટ્રીક્ટ પા. ૧૧૭, ૧૧૮, ૧૧૯ ૪ ઈ. એ. વો. ૬ પા. ૬૫ વો ૧૧, પા. ૧૫૭ ૫ જ. બો. બ્રા. રો. એ. સો. વો. ૧૮ પા. ૨૪૬ એ. ઈ. વો. ૪ પા. ૨૮૨ ૬ એ. ઈ. વો. ૩ પા. ૨૯૮ ૭ આ બાબત પહેલાં ડા. હુલ્શના ધ્યાનપર આવી હતી. જુઓ ઈ. એ. વો. ૧૪, પા ૨૦૧ નોટ ૨૩

अक्षरान्तर

पहेलुं पतरूं—प्रथम बाजु

१ ओं [॥] सवोव्याद्वेधसाधाम यन्नाभिकमलं कृतं [।] हरश्च यस्य कान्तेन्दुर्मल (।) या कमलङ्कृतं ॥ [।] आसीद्द्विषत्ति-

२ मिरमुद्यतमण्डलाग्रोध्वस्तिन्नयन्नभिमुखो रणशर्व्वरीषु [।] भूपः शुचिर्व्विधुरिवास्त-दिगन्तकीर्त्ति-

३ र्ग्गोविन्दराज इतिराजसु[रा]जसिङ्घः ॥ [२] दृष्ट्वाचमूमभिमुखीं (।) सुभटाट्टहासामुन्नामितं

४ सपदि येन रणेषु नित्यं[।] दष्टाधरेण दधताभ्रुकुटी ललाटे (।) खड्गं कुलञ्च हृदयं च निजं

५ च सत्वं ॥ [३] खैङ्गं कराग्रान्मुखतश्च शोभा मानो मनस्तःसममेव यस्य । महाहवे नाम निशम्य

६ [स]द्यस्त्रयंरिपूणां विगलत्यकाण्डे ॥ [४] [तं]स्यात्मजो जगति विश्रुतदीर्ग्घकीर्त्तिरार्त्तार्त्तिहा-

७ [रि] हरिविक्रमधामधा[री] । भूपस्त्रिविष्टपनृपानुकृति कृतज्ञः श्रीकर्कराज इति गोत्रमणिर्ब्बभू-

८ व ॥ [५] तस्य प्रभिन्नकरटच्युतदानदन्तिदन्तप्रहाररुचिरोल्लिखितांसपीठः [।] क्ष्मापः क्षितौ क्षपि-

९ तशत्रुरभूत्तनूजः सद्राष्ट्रकूटकनकाद्रिरिवेन्द्रराजः ॥ [६] तस्योपार्जितमहस-

१० स्तनयश्चतुरुदधिवलयमालिन्यों भोक्ता भुवःशतक्रतुसदृशः श्रीदन्तिदुर्ग्गराजो-भूत [॥] [७]

११ कांचीशकेरलनराधिपचोलपाण्डय (।) श्रीहर्षवज्रटवि [भे] दविधानदक्षं । का-र्ण्णाटकं बलमचि-

१२ न्त्यमजेयमन्यैर्ब्भृत्यै कियद्भिरपि यः सहसा जिगायै ॥ [८] अभ्रूविभंगम-गृहीतनि [शा] तशस्त्रम-

---

१ છંદ–અનુષ્ટુપ્ ૨ વાંચો कलया ૩ છંદ વસંતતિલકા, આ અને પછીનો શ્લોક ૪ વાંચો सिंहः ૫ વાંચો भ्रुकुटीं ૬ વાંચો सत्त्वं ૭ છંદ ‘ ઉપજાતિ ’ ૮ છંદ–વસંતતિલકા, આ અને પછીનો શ્લોક ૯ વાંચો शत्रु ૧૦ છંદ ગીતિ. ૧૧ વાંચો मालिन्याः ૧૨ છંદ વસંતતિલકા, આ અને પછીનો શ્લોક ૧૩ આ બધા શ્લોકોમાં રાષ્ટ્રકૂટનાં કાવી, બગુમરા, સામાનગઢ અને પૈઠણના દાનપત્રો કરતાં ક્રિયાપદોનો થોડો થોડો ફેરફાર છે. ૧૪ કાવી અને સામાનગઢ લેખોમાં, ડૉ. બ્યુહ્લર અને ડૉ. ફ્લીટ બન્ને આ શ્લોકનો પ્રથમ અક્ષર ‘ સ ’ વાંચે છે. જ્યારે ડૉ. કિલ્હોર્ન પૈઠણ દાનપત્રમાં તે જ વાંચન લે છે. પરંતુ તે અક્ષર ‘ અ ’ હોવાની શંકા જણાવે છે. આપણા પતરાંમાં અસ્પષ્ટ રીતે કોતરેલો છે.

१३ श्रान्तमप्रतिहताज्ञमपेतयत्नं । यो वल्लभं सपदि दण्डबलेन जित्वा [रा]जाधिराजपरमे[श्व]-

१४ रतामवाप ॥ [१] आसेतोर्व्विपुलोपलावलिलसल्लोलोर्म्मि मालाजलाबाप्राले-यकलंकिता-

१५ मलशिलाजालातुषाराचलादा पूर्व्वापरवारिराशिपुलीनप्रान्त[प्र]सिद्धा वधे-य्यैनेयं

१६ जगतीस्वविक्रमबलेनैकातपत्रीकृता ॥ [१०] तस्मिन्दिवं प्रयाते वल्लभराजे क्षतप्रजाबाधः [।]

पहेलुं पतरूं—बीजी बाजु

१७ श्रीकर्क [रा]जसूनुर्म्महीपतिः श्रीकृष्णरा[जो]भूत ॥ [॥] यस्य स्वभुज-पराक्रमनिःशेषोत्सादितारिदिक्चक्रं [।]

१८ [कृ]ष्णस्येवाकृष्णं [।] चरितं श्रीकृष्णराजस्य ॥ [१२] शुभतुङ्गतुङ्गतुरग-प्रवृद्धरेणूर्द्धरुद्धरविकिरणं । ग्री-

१९ ष्मेपि नभो निखिलं प्रावृट्कालायते स्पष्टं ॥[१३] दीनानाथप्रणयिषु यथेष्टचेष्टं(।) समीहितमज-

२० स्रं [।] तत्क्षणमकालवर्षो बर्षति सर्व्वार्तिनिर्व्वर्षणं ॥ [१४] राहप्पमात्मभु-जजातबलावलेपमा [जौ]

२१ विजित्य निशितासिलताप्रहारे पाँलिध्वजावलि (।) शुभामचिरेण यो हि राजाधिराजपरमेश्वर-

२२ तान तांने ॥ [१५] क्रोधादुत्खातखङ्गप्रसृतरुचिचयैर्भासमानं समन्तादा-जावुद्धृत्तवैरिमक-

२३ टगजघटाटोपसंक्षोभदक्षं । शौर्य्यं (।) त्यक्ता रिवर्गो भयचकितवपु ~ कापि दृष्ट्वैव स-

२४ द्यो दर्प्पाध्मातारिचक्रक्षयकरमगमद्यस्य दोर्द्दण्डरूपं ॥ [१६] पाता यश्च-तुरम्बुराशिर-

२५ शनालङ्कारभाजो भुव[स्त्र]य्याश्चापिकृताद्विजामरगुरुप्राज्याज्यपूजादरो दाता

२६ मानभृदग्रणी[र्गु]णवतां(।)यो सौ श्रियो वल्लभो भोकुं स्वर्गफलानि भूरि-तपसा स्थानं

---

१ આ શ્લોક ફક્ત બગુમરા દાનપત્રમાં નથી. २ છંદ શાર્દૂલવિક્રીડિત ૩ વાંચો र्म्मि ૪ વાંચો चलात् અને आपूर्व्वा ૫ વાંચો प्रसिद्धा ૬ આ શ્લોક ફક્ત સામાનગઢ લેખમાં જ માલુમ નથી પડતો. ૭ છંદ આર્યા અને પછીના ત્રણ શ્લોકોમાં ૮ આ શ્લોક બગુમરા દાનપત્રમાં નથી. ૯ છંદ વસંતતિલકા ૧૦ વાંચો प्रहारैः અને पालि ૧૧ વાંચો न्त ૧૨ વાંચો છંદઃ સ્રગ્ધરા ૧૩ વાંચો क्त्वा ૧૪ આ શ્લોક બગુમરા દાનપત્રમાં જણાતો નથી. ૧૫ છંદ શાર્દૂલવિક્રીડિત ૧૬ વાંચો पूजादर ૧૭ વાંચો भोक्तुं

२७ जगामामरं ॥ [१७] येनं श्वेतातपत्रप्रहरविकरव्राततापात्सलीलं जग्मे नासीर-
धूलीधवलितशि-

२८ सों वल्लभाख्यः सदाजौ । श्रीमद्गोविन्दराजो जितजगदहितस्त्रैणवैधव्यदक्षस्तस्या-
सीत्सू-

२९ नुरेकः क्षणरणदलितारातिमत्तेभ[कु]म्भः ॥ [१८]तस्यानुजः श्रीध्रुवराजनामा
महानुभावो-

३० प्रहतप्रतापः[।]प्रसाधिताशेषनरेन्द्रचक्रः क्रमेण बालार्क्कवपुर्ब्बभूव[॥] [१९]
जाते यत्र

३१ चराष्ट्रकूटतिलके सद्भूपचूडामणौ[गु]र्व्वी तुष्टिरथारिवलभ्यें जगतः सुस्वामिनि

३२ प्रत्यहं[।]सत्यं सत्यमिति प्रशासति सति क्ष्मामासमुद्रान्तिकामासीद्धर्म्मपरे गुणा

बीजुं पतरूं—प्रथम बाजु

३३ मृतनिधौ सत्यव्रताधिष्ठिते[7] ॥ [२०] हृष्टोनहं[8] (।) योर्त्थिजनाय सर्व्वं स-
र्व्वस्वमानन्दितबन्धुवर्ग्ग[9] ष्प्रादात्प्ररुष्टो हरति

३४ स्म वेगात्प्राणान्यमस्यापि नितान्तवीर्य्यः[10] ॥ [२१] रक्षता येन निःशेषं चतुर-
म्भोधिसंयुतं । राज्यं धर्म्मेण[11] लो-

३५ कानां कृताहृष्टिष्परा हृदि ॥ [२२] [12]तस्यात्मजो जगति (।)सत्प्रथितोरुकी-
र्त्तिर्ग्गोविन्दराज इति गोत्रललामभूतं[13]-

३६ स्त्यागी पराक्रमधनै[14] प्रकटप्रतापसन्तापिहितजनो जनवल्लभोभूत् ॥ [२३]
पृथ्वीवल्लभ इति च

३७ प्रथितं यस्यापरं जगति नाम [।] यश्च चतुरुदधिसीमामेको वसुधां वशे चक्रे ।
[२४]एकोप्यनेकरूपो यो द-

३८ दृशे भेदवादिभिरिवात्मा । परबलजलधिमपारन्तरन्स्वदोर्ब्भ्यांरणे रिपुभिः[15]
[२५]एको निर्हेतिरहं गृहीत-

३९ शस्त्रा इमे परे वहवो[16] यो नैवं विषमकरोच्चित्तं स्वप्नेपि किमुताजौ ॥ [२६]
[17]राज्याभिषेककलशैरभिषिच्य

४० दत्तां[18]राजाधिराजपरमेश्वरतां (।) स्वपित्रा । अन्यैर्म्महानृपतिभिर्ब्बहुभिः समेत्य
स्तम्भादिभि-

---

१ छंद स्रग्धरा २ वांचो शिरसा ३ छंद उपजाति ४ शार्दूलविक्रीडित ५ वांचो स्य ६ आ श्लोक पैठणु दानपत्रमां आवतो नथी. ७ छंद इंद्रवजा ८ वांचो न्वहं ९ वांचो वर्ग्गः अने प्रादात्प्ररुष्टो १० आ श्लोक मात्र कावी दानपत्रमां ज जणाय छे. ११ वांचो धर्म्मेण १२ छंद वसंततिलका १३ भूत अने त्यागी १४ धन १५ आ अने पछीना बे श्लोको कावी दानपत्रमां ज आवे छे. १६ बहवः १७ छंद वसंततिलका १८ वांचो जा.

के. २६

४१ र्म्मुजबला[द]वलुप्यमानां ॥ [२७] एकोनेकनरेन्द्रवृन्दसहितान्यस्तान्स- मस्तानपि प्रोत्खातासिल-

४२ ताप्रहारविधुरान्बद्धा महासंयुगे । लक्ष्मीमप्यचलांचकार विलसत्सच्चामरग्राहिणी (।) संसीद-

४३ द्गुरुविप्रसज्जनसुहृद्बन्धूपभोग्यां भुवि ॥ [२८] तत्पुत्रोत्रगते नाकमाक- म्पितरिपुव्रजे । श्रीम-

४४ हाराजशर्व्वाख्यः ख्यातो राजाभवद्गुणैः [२९]अर्त्थिषु यथार्थतां यः सम- भीष्टफलाप्तिं लब्धतो-

४५ षेषु । वृद्धिं निनाय परमाममोघवर्षाभिधानस्यै ॥ [३०] राजाभूत्तत्पितृव्यो रिपुभा[व]विम-

४६ वोद्भूत्यभावैकहेतुर्लक्ष्मीवानिन्द्रराजो गुणिनृपतिकरान्तश्चमत्कारकारी । रागाद- न्यान्व्यु-

४७ दस्य प्रकटितविनया (।) यं नृपान्सेवमाना (।) राजश्रीरेव चक्रे (।) सकल- कविजनो-

४८ द्गीततथ्यस्वभावं । [३१] निर्व्वाणावाप्तिवानासहितहितजनोपास्यमानाः सुवृत्तं वृत्तं जित्वान्य-

४९ राज्ञां चरितमुदयवान्सर्व्वतो हिंसकेभ्यः [।] एकाकी दृप्तवैरिस्खलनकृतिसह- प्रातिराज्ये-

बीजुं पतरूं—बीजी बाजु

४६ म्यां सोमदिने हस्तसमीपस्थे चन्द्रमसि गोदावरीतटसमीपस्थे कपित्थकग्रामे पट्ट-वन्धंमकोत्सवे तुलापुरुषमारुह्य

४७ ब्राह्मणेभ्यैः षट्छतान्यग्रहाराणां सुवर्णलक्षत्रयसमेतानि वंलिचरुवैश्वदेवातिथित-र्प्पणार्थं दत्वा । देवभोगार्थं च

४८ देवकुलेभ्यः खण्डस्फुटितादिनिमित्तं गन्धधूपपुष्पदीपनैवेद्याद्युपचारार्थं तपोवनस्यै सत्रोत्तरासङ्ग-

४९ दानाद्यर्थञ्च ग्रामाणामष्टशतानि सुवर्ण्णलक्षचतुष्टयं द्रम्मलक्षद्वात्रिंशतं च दत्वा-तदनन्तरं च तुलापु-

५० रुषादनुत्तरतैव मया प्रथमकरोदकोत्सर्गेण लाटदेशखेटकमण्डलान्तर्गतकावि-कामहास्थानवि-

५१ निर्गतायँ इहैव मान्यखेटे वास्तव्याय श्रीमद्वल्लभनरेन्द्रदेवपादपद्मोजीविने माठर-सगोत्रवाजिकाण्वसब्र-

५२ ह्मचारिणे महादेवव्यसुताय नागमार्याय लाटदेशान्तर्व्वर्त्तिखेटकमण्डलान्तर्गतः केवञ्जनामा ग्रामः काविकामहा-

५३ स्थाननिकटतरवर्त्ती । सवृक्षमालाकुलश्चतुः सीमापर्य्यन्तः सकर्म्मान्तः सोद्रङ्गो धान्यायहिरण्यायदण्डदोषद-

५४ शापराधादिसमस्तोत्पत्तिसहितो दत्तः । वंलिचरुवैश्वदेवातिथितर्प्पणार्थङ्ग्राम्यनि-त्यनैमित्तिककर्म्मोपयोग-

५५ निमित्तं दर्शपूर्णमासचातुर्म्मास्याष्टकाग्रयणपक्षादिश्राद्धकर्म्मेष्टिक्रियाप्रवृत्तये चरु-पुरोडाशस्थालीपाकश्रपणा-

५६ दिकर्म्मनिमित्तं होमनियमस्वाध्यायाध्ययनोपासनदानदक्षिणार्थं राजसूयवाज-पेयाग्निष्टोमादिसप्तशोमसंस्थां-

१ वांचो। सम्बध्यमान. २ वांचो। पालयता ३ वांचो। बन्धमहोत्सवे ४ वांचो। ब्राह्मणेभ्यः ५ वांचो। बलि ६ वांचो। तपोधनस्य ७ वांचो। तायैहैव ८ वांचो। सब्र ९ वांचो। बलि १० वांचो। सप्तसोम.

पतरूं त्रीजुं

५७ क्रतूपकरणार्थं[1] मित्रावरुणाध्वर्युहोतृब्राह्मणाच्छंसियावस्तुदग्नीत्प्रभृतीनामृत्विजां वस्त्रालंकारसत्कारदानदक्षिणा-

५८ दिनिमित्तं सत्रपपाप्रश्रयवृषोत्सर्गवापीकूपतडारामदेवालयादिकरणोपकरणार्थञ्च ॥ यस्य च ग्रामस्याघाटाः ।

५९ पूर्व्वतः काविकामहास्थानसीमान्तो दक्षिणतः सामगं नाम ग्रामःपश्चिमतः सीहुकग्रामः । उत्तरतोप्यस्यैव कावि-

६० कामिधानस्य स्थानस्य सम्वन्धी[3] तलसीमान्तः ॥ एवममुं चतुराघाटविशुद्धं केवञ्जनामानं ग्रामं नागमार्य्यस्य कृषतः क-

६१ र्षयतो वा भुञ्जतो भोजयतो वा न केनचिद्व्याघातः कर्त्तव्यः ॥ सामान्योयन्धर्म्मसेतुर्नृपाणां काले काले पालनीयो भव-

६२ द्भिः । सर्व्वानेतान्भाविनः पार्थिवेन्द्रान्भूयो भूयो याचते रामभद्रः ॥ [३२] आगामिभूमिपतिभिः परिरक्ष्य एष धर्म्मं प्रति

६३ प्रतिनिविष्टतमैस्तथान्यैः । लक्ष्म्यास्तडित्तुलितवुद्बुदचञ्चलायो दानं फलं परयशः प्रतिपालनं च ॥ [३३] वैहुभिर्व्वसु-

६४ धा दत्ता राजभिः सगरादिभिः । यस्य यस्य यदा भूमिमस्तस्य तस्य यदा फलम् ॥ [३४] तथा चोक्तं वेदव्यासेन ॥ ष-

६५ ष्टिं वर्षसहस्राणि स्वर्गे वसति भूमिदः । आच्छेत्ता सांनुमन्ता च तान्येव नरके वसेदिति[11] ॥ [३५] स्वदत्तां प-

६६ रदत्तां वा यो हरेत वसुन्धराम् । अपि वर्षसहस्राणि विष्ठायां जायते क्रमिः ॥ [३६] गंङ्गाधरार्य्यतनये-

६७ न कृतधिया नागवर्म्मण । लिखितम् । शासनमिदं प्रशस्तं श्रीमद्गोविन्दराजस्य ॥ [६७] मङ्गलं महाश्रीः ॥[13]

---

૧ વાંચો મૈત્રાવરુણ અને બ્રાહ્મણ ૨ વાંચો પ્રતિશ્રય અને તડાગારામ ૩ વાંચો સમ્બન્ધી ૪ છંદ શાલિની ૫ છંદ વસંતતિલકા ૬ વાંચો બુદ્બુદ ૭ છંદ અનુષ્ટુપ્ અને પછીના બે શ્લોકનો પણ તેજ. ૮ વાંચો બહુ ૯ વાંચો તદા ૧૦ વાંચો ચાનુ ૧૧ વાંચો વસેત્ ॥ ઇતિ. ૧૨ છંદ આર્યા ૧૩ આંહિ એક ફૂલની આકૃતિ છે, જેને માટે જુઓ મૂળ પતરૂં.

ભાષાન્તરમાંથી અમુક ભાગ

પં. ૪૦ પરમભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર શ્રીનિત્યવર્ષદેવના પાદનું ધ્યાન ધરનાર પ. મ. પ. શ્રીસુવર્ણવર્ષદેવ પૃથ્વીવલ્લભ શ્રીવલ્લભનરેન્દ્રદેવ કુશળ હોઈને રાષ્ટ્રપતિ વિગેરે અધિકારીઓને આજ્ઞા કરે છે કે—

તમો બધાને વિદિત થાય કે હું મંદિરો વિગેરેને આપેલાં દાન આગલા રાજાઓએ જપ્ત કરેલાં છતાં પાછાં ચાલુ કરનાર, અને પ્રતિદિન નવાં દાન ચિરકાળ ટકે તેવાં આપનાર, માન્યખેટમાં સ્થિત થઈને શક સંવત ૮૫૨ ના જ્યેષ્ઠ સુદિ ૧૦ વાર સોમ ખર સંવત્સર અને હસ્ત નક્ષત્રમાં કપિત્થ ગામમાં પટબન્ધના ઉત્સવપ્રસંગે તુલાપુરૂષમાં ચડીને નીચે મુજબ દાન આપું છું. (૧) બલિ, ચરૂ, વૈશ્વદેવ ઇત્યાદિ માટે બ્રાહ્મણોને ૬૦૦ અગ્રહાર તથા ૩ લાખ સુવર્ણ, (૨) દેવાલયોના ઉપભોગ માટે તેમ જ તેના જીર્ણોદ્ધાર, તેલ, ગન્ધ, પુષ્પ, દીપ અને બીજા પૂજોપચાર માટે, તથા અન્ન અને વસ્ત્રના સદાવ્રત માટે ૮૦૦ ગામડાંઓ, ચાર લાખ સુવર્ણ અને ૩૨ લાખ દ્રમ્મ તુલાપુરૂષ ઉપરથી ઉતર્યા પહેલાં વિશેષમાં માતાપિતાના પુણ્ય માટે લાટ દેશના ખેટક મંડલમાંના તીર્થ કાવિકામાંથી આવેલા અને માન્યખેટમાં આવીને શ્રી વલ્લભ નરેન્દ્રદેવના આશ્રયમાં રહેતા, માઠર ગોત્રના વાજિકાણ્વ શાખાના મહાદેવય્યના પુત્ર નાગમાર્યને લાટ દેશના ખેટક મંડલમાંના કેવઞ્જ ગામનું દાન કર્યું છે. તે કેવઞ્જ કાવિકાના તીર્થની પાસે આવેલું હતું. આ દાન નીચેના હેતુઓ માટે આપવામાં આવ્યું હતું. (૧) બલિ, ચરુ, વૈશ્વદેવ અને અતિથિતર્પણ માટે, (૨) કામ્ય, નિત્ય, અને નૈમિત્તિક કર્મ માટે, (૩) દર્શ, પૂર્ણમાસ, ચાતુર્માસ, અષ્ટકા, આગ્રયણ પાક્ષિક શ્રાદ્ધ વિગેરે કર્મ માટે, (૪) ઇષ્ટક્રિયાની પ્રવૃત્તિ માટે (૫) ચરુ, પુરાડોશ, સ્થાલીપાક પકાવવા માટે, (૬) હોમ, નિયમ, સ્વાધ્યાય માટે તેમ જ અધ્યયનની દાનદક્ષિણા માટે (૭) રાજસૂય, વાજપેય, અગ્નિષ્ટોમ ઇત્યાદિ સાત સોમયજ્ઞો માટે, (૮) મિત્રાવરૂણ, અધ્વર્યુ, હોતા વિગેરે ઋત્વિજોનાં વસ્ત્ર, અને અલંકારથી સત્કાર તથા દાનદક્ષિણા માટે (૯) અને સત્ર, પ્રપા, પ્રતિશ્રય, વૃષોત્સર્ગ, વાવ, કુવા, તળાવ, વાડી, દેવાલય વિગેરે કરાવવા માટે.

દાનમાં આપેલા ગામની સીમા નીચે મુજબ હતી. પૂર્વમાં કાવિકા તીર્થની સીમા; દક્ષિણમાં સામગામ નામનું ગામડું પશ્ચિમમાં સીહુક ગામડું; અને ઉત્તરમાં કાવિકા તીર્થની જમીનની સીમા.

ત્યાર બાદ બાકીના ભાગમાં શાપ દર્શાવનારા શ્લોકો છે.

શ્લો. ૩૭ ગોવિંદરાજનું આ દાનપત્ર ગંગાધરાર્યના પુત્ર નાગવર્મનથી લખાયું હતું.

નં૦ ૧૩૬

ગોવિંદ ૫ માનાં સાંગલીનાં તામ્રપત્રો[1]

શ. સં. ૮૫૫ આ. સુ. ૧૫ ગુરૂવાર (ઇ. સ. ૯૩૩–૩૪)

ઇન્દ્ર ૪ થાને બે દીકરા હોવા જોઇએ; કારણકે આ લેખમાં પંક્તિ ૨૩ માં ગોવિંદનાં વખાણ કર્યાં છે કે તેણે તેના મોટા ભાઈ તરફ નિષિદ્ધ ક્રૂરતા બતાવી નથી. આ ભાઈનું નામ આમાં કે બીજાં કોઈ પણ પ્રસિદ્ધ દાનપત્રોમાં મળી આવતું નથી, તે ઉપરથી અનુમાન થાય છે કે તે શરીરે તેમ જ બુદ્ધિમાં તે નબળો હશે, તેથી હોદ્દા વગર ગોવિંદ ૪ થાએ તેને અલગ રાખી દીધો હશે.

સાંવતવાડીના રા. બ. વામનરાવ પીતાંબર ચીટનીસના કબજામાં આ પતરાં છે. તે ઉપરથી હું આ લેખ ફરી પ્રસિદ્ધ કરૂં છું. પ્રથમ તે પતરાં સાંગલી પાસે રહેતા બ્રાહ્મણ કુટુંબના કબજામાં હતાં અને જનરલ સર જ્યોર્જ લીગ્રેન્ડ જેકબે જ. બો. બ્રે. રો. એ. સો. વો. ૪ થામાં પાને ૧૦૦ મે પ્રસિદ્ધ કર્યાં હતાં. સાંગલીની આસપાસથી તામ્રપત્રો મૂળ મળ્યાં હોવાં જોઇએ, અને તેથી તેને સાંગલીનાં તામ્રપત્રો તરીકે ઓળખાવવામાં આવે છે. પતરાં ત્રણ છે, અને દરેક ૧૩ ઇંચ લાંબુ અને ૯ ઇંચ પહોળું છે. લેખ એવી રીતે લખેલો છે કે તેનાં પતરાં અંગ્રેજી પુસ્તકનાં પાનાંની માફક ફેરવવાથી વાંચી શકાય છે. પતરાં તદ્દન સપાટ છે, જો કે કયાંક કોર પાસે જરા બેસી ગએલ છે, કારણ કે કોરને ટીપીને જાડી કરેલી નથી. લેખ બધે તદ્દન સ્પષ્ટ છે. જે કડીથી તે બાંધેલાં છે તે સાદી અને ½ ઇંચ જાડી છે અને તેનો વ્યાસ ૪½ ઇંચ છે. તેને કાપી હશે, પણ મારી પાસે પતરાં આવ્યાં તે પહેલાં ફરી રેવી દીધેલી છે. કદાચ તે કડી અસલની ન હોય, અગર તેની ઉપર સીલ કે મૂર્તિ હશે તે ઉખેડી લેવામાં આવેલ હોય, જનરલ જેકબ જોકે તે બાબત કાંઈ લખતા નથી. ત્રણે પતરાં તથા કડીનું વજન ૧૩ પા. અને ૩ આઉંસ છે. ભાષા સળંગ સંસ્કૃત છે.

રાષ્ટ્રકૂટ યદુ અથવા યાદવોના વંશના છે, એમ આ લેખમાં પહેલી જ વાર આપેલું છે. ડૉ. ભગવાનલાલના મત મુજબ આ ફેરફાર છેવટના ભાગમાં કરવામાં આવેલ છે અને સીલ ઉપરના સિંહના ચિત્રને બદલે ગરૂડનું ચિત્ર મૂક્યું, તેના કારણભૂત હોય કારણ યાદવો વિષ્ણુપંથી હતા અને ગરૂડ એ વિષ્ણુનું વાહન છે. અગાઉ નોંધ લેવાઈ છે કે જગતુંગ બીજો રણવિગ્રહની દીકરી લક્ષ્મીને પરણ્યો હતો અને તે રણવિગ્રહ ત્રિપુર અથવા તેવારના કલચુરી અથવા કલચુરી વંશના કોક્કલ અથવા કોક્કલ્લ ૧ ના દીકરો હતો. આ લેખમાંથી વળી આપણને માહિતી મળે છે કે તેનો દીકરો ઇન્દ્ર ૪ થો તે જ કોક્કલ ૧ લાના બીજા દીકરા અર્જુનના દીકરા અમ્મણની દીકરી દ્વિજામ્બાને પરણ્યો હતો. આ ઇન્દ્ર ૪ થો અને દ્વિજામ્બાના દીકરા ગોવિંદ ૫ મો અને નામ નહીં જણાએલ તેનો મોટો ભાઈ એમ બે હતા.

ગોવિંદ ૫ માના લેખમાં લખ્યું છે કે તેના રાજમહેલની ગંગા અને યમુના સેવા કરતી હતી. ગુપ્ત બાંધકામમાં દેવળના દ્વારની બન્ને બાજુ ગંગાયમુના કોતરવામાં આવતી અને ગુપ્તો પાસેથી ચાલુકયોએ પોતાના ધ્વજ ઉપર ગંગાયમુનાનાં ચિત્રો ગ્રહણ કર્યાં હતાં. ગોવિંદ ૩ જાએ પોતાના શત્રુઓને હરાવી આ બે ચિત્રો ગ્રહણ કર્યાનું લખ્યું છે. તેથી ગોવિંદ ૫ માના કિસ્સામાં ગંગાયમુનાની સેવા તે જ અર્થમાં લેવાની છે; કારણ ગોવિંદ ૫ માની રાજધાની ગંગાયમુનાથી ઘણે છેટે હતી, તેથી પ્રત્યક્ષ સેવા સંભવતી નથી.

---

૧ ઈ. એ. વો. ૧૨ પા. ૨૪૭ જે. એફ. ફ્લીટ.

આ લેખમાં ગોવિંદ ૫ માને સુવર્ણવર્ષ (બીજો) અને વલ્લભનરેન્દ્ર (બીજો) એવાં બિરૂદ આપેલાં છે, અને તેમજ ઇન્દ્ર ૪ થાને નિત્યવર્ષ (૧ લો) લખ્યો છે.

લેખની તિથિ શ. સં. ૮૫૫ (ઇ. સ. ૯૩૩–૩૪) વિજય સંવત્સર શ્રાવણ સુદિ ૧૫ ગુરૂવાર આપેલ છે. દાનમાં રામપુરી વિગેરે ૭૦૦ ગામના જથ્થામાંથી લોહગ્રામ ગામ આપેલું છે, અને તે પુણ્ડવર્ધનમાંથી પોતે અગર તેનો પિતા નીકળી આવેલ કૌશિક ગોત્રના બ્રાહ્મણ કેશવ દીક્ષિતને આપેલું છે. આ પુણ્ડવર્ધન તે હ્યુએનસેંગનું પુણ્ડ્રકૃતજ્ઞ ગામ હોય એમ સંભવે છે. તેને જનરલ કનીંગહામે બંગાળામાં ગંગાનદીના કાંઠાના પબના અથવા પુબનાની સાથે બંધ બેસારેલ, પણ પાછળથી તેને ઉત્તર બંગાળામાં બોગ્રાની ઉત્તરે ૭ માઇલ ઉપરના કારતોયા ઉપરનું મહાસ્થાન તરીકે ઓળખાવવામાં આવેલ છે.

ગોવિંદ ૫ માનો શ. સં. ૮૫૧—૫૨ (ઇ. સ. ૯૩૦—૩૧) વિકૃત સંવત્સર માઘ સુદિ પૂર્ણમાની તિથિનો બીજો લેખ ધારવાડ પ્રગણાના બંકાપુર તાલુકાના કળશ ગામમાંથી મળેલો મારી પાસે છે અને તેમાં પણ તેને ગોજ્જિજગદ્દેવ, નૃપતુંગ, વીરનારાયણ અને રત્તકંદર્પ એવાં બીરૂદો આવેલાં છે. સર વોલ્ટર ઇલીયટની માલીકીનાં, પૂર્વ તરફના ચાલુક્યનાં તામ્રપત્રમાં શક ૮૪૫ થી ૮૫૭ સુધી રાજ કરતા ભીમ ૨ જાના હાથે ગોવિંદ ૫ માની હાર થયાનું લખ્યું છે.

अक्षरान्तर[१]

पतरूं पहेलुं

१ ॐ [॥*] जयंति व[ब्र]ह्मणः सर्गे निष्पत्तिमुदितात्मनः सरस्वतीकु[?]
तानंदा मधुरास्सामगीतयः ॥ ताराचक्राब्ज[ब्ज]

२ षंडावृतगगनसरप्पद्मिनीराजहंसा- । तै[त्*]लोक्यैकाधिपत्यस्थितमदनमहाराज
शुभ्रा(भ्रा)तपत्त्रा (त्रा) त् ।

३ लावण्यक्षीरसिन्धोर्द्युतिरजतगिरेर्द्दिग्वधू दंतपत्त्रा- । द्वंशः सोमादयं यस्मि-
भुवनकमलावास-

४ सौधादुपेतः ॥ तस्माच्छ्रियः कुलगृहं भवनं महिम्नः क्रीडास्पदं स्थिति महर्द्धि-
गंभीरतानां

५ आपन्न सत्वपरिपालन लब्ध(ब्ध)कीर्त्तिर्व्वंशो व(ब)भूव भुवि सिंधुनिभो
यदूनां ॥ परिणतपरमंडलः कला-

६ वान्प्रवितत व[ब]हल यशोंशुपूरिताशः । शशधर इव दन्तिदुर्ग्गराजो यदु
कुलविमलवियत्यथो दिया-

७ य ॥ तस्याद्य नृपतेः पितृव्य उदयी श्रीवीरसिंहासनं मेरोः शृंगमिवाधिरुह्य रवि-
वच्छ्री–

८ कृष्णराजस्ततः । ध्वस्तोह[द्रि]क्तचालुक्यवंशतिमिरः पृथ्वीभृतां मस्तके
न्यस्तांघः सकलं

९ जगत्प्रविततैस्तेजोभिराक्रांतवान् ॥ तस्मद्गोविंदराजोभूदिन्दुविम्बशिलातले ?-
स्यारि-

१० प्लोषधूम्रो कः प्रशस्तिरिव लक्ष[य *]ते ॥ तस्याभवद्भुवनपालनवीरबु[बु]
द्धिरुद्धूतशत्त्रु[त्रु]कुलसंततिरिद्धतेजाः ।

११ राजानुजो निरुपमापरनामधेयो यन्मुद्रयांवु[बु]धिरपि प्रथितः समुद्रः ॥
तदनु जगत्तुंगोजनि परि-

१२ हृतनिजसकलमंडलाभोगाः गतयौवनवनिताजनकुचसदृशा यस्य वैरिनृपाः ॥
तस्मान्मा-

१३ मोघवर्षो भवदतुल व[ब]लो येन कोपादपूर्व्वैश्चालुक्याम्भूपखाद्यैर्ज्जनितरतियमः
प्रीणितो विंग-

१४ वल्लयां । वैरिंचांडोदरांतर्व्वहिरुपरितले यत्र लब्धा[ब्धा]वकाशं तोयन्याजा-
द्विशुद्धं यश इव निहितं तज्ज-

---

१ અસલ પતરાં ઉપરથી.

१५ गतुंगसिन्धौ ॥ तस्मादकालवर्षो नृपतिरभूद्यत्पराक्रमत्त्र[त्र]स्तैः सद्यः समं-
दलाग्रं खेटकमहि-

१६ तैः परित्यक्तं ॥ सहस्रार्ज्जुनवंशस्य भूषणं कोक्कलात्मजा । तस्याभवन्महादेवी
अगत्तुंग-

बीजुं पतरूं प्रथम बाजु

१७ स्ततो जनि ॥ गंभीराद्रत्ननिधेर्भूभृत्प्रतिपक्षरक्षणक्षमतः । कोक्कलसुतरणविग्रहज-
लधेर्ल्लक्ष्मीः स-

१८ मुत्पन्ना ॥ सा जायाजायताजातशत्त्रो[त्रो]स्तस्य महीभुजः भीमसेनार्ज्जुनो
पात्तयशोभूषणशालिनः ॥

१९ तस्त्र[त्र] जगत्तुंगोदयधरणीधरतः प्रतापकलितात्मा लक्ष्म्या नंदन उदितो-
जनि विजयी राजमार्त्तण्डः ॥ स्थितिच-

२० लितसकलभूभृत्पक्षच्छेदाभिमुक्तभुजवज्रः अनिमिषदर्शनयोग्यो यःसत्यमिह्नेन्द्रराज
इति ॥ यस्तस्मिन्दशकंठ-

२१ दर्प्पदलने श्रीहैहयानां कुले कोक्कलः प्रतिपादितोस्य च गुणज्ज्ये[ज्ये]ष्ठो
ज्र्जुनोभूत्सुतः । तत्पुत्त्रो[त्रो]म्मणदेवं इत्यतिव[ब]-

२२ लस्तस्मा द्वि[द *]जाम्वा[म्बा]भवत्पद्मेवांवु[बु]निधेरुमेव हिमवज्जाङ्गः
क्षमाभृत्प्रभोः ॥ श्रीन्द्रनेरन्द्रात्तस्यां सूनुरभूद्भूपतिर्द्वि-

२३ जंवा[बा]यां गोविंदराजनामा कामादि[धि]करूप सौन्दर्यः ॥ सामर्थ्ये
सति निन्दितां प्रविहिता नैवाग्रजे क्रूरता व[ब]न्धुःस्त्री-

२४ गमनादिभिः कुचरितैरावर्ज्जितं नायशः । शौचाशौचपराङ्मुखं न च भिया पैशा-
च्यमंगीकृतं त्या-

२५ गेनासमसाहसैश्च भुवने यस्साहसांको भवत् ॥ वर्षन्सुवर्ण्ण वर्षः प्रभृतवर्षोपि
कमकधा-

२६ राभिः । जगदखिलमेककांचनमयमकरोदिति जनैरुक्तः ॥ यदभिदिग्विजयावसरे-
सति प्रस-

२७ भसंभ्रमभूवन एव भूः । सपदि नृत्यति पालिमहाध्वजोच्छृतकरान्यकुनाथ विव-
र्ज्जिता ॥ सहते [न*] हि मंडलाधिपं प-

२८ रमेषोभ्युदयी समुद्धतं । इति जातभिया धियाग्रतो रविचन्द्रावपि यस्य धावते
[तः] ॥ अवनतपरमंडले-

२९ श्वरं सहाविजयशुंभिवेश्मशोभितं समहिमकरतोरणं चिरं निजसेजस्तति यस्य
राजते ॥ सह-

१ जनरल जेर्नलना पंडिते पुन्नोम्माण वांच्युं हतुं अने तेथी पोताना अनुवादमां अंगनदेव एम आप्युं. परंतु ए पाठ तेणे म्मन बदले भूलथी वांचेल छे. २ आ अनुस्वारनी भूल छे. ३ आहि विसर्ग भूलथी छे. ४ छंदमां भंग छे, परंतु अक्षरान्तर तद्दन सारु होवाथी योग्य अर्थ नीकळी शके छे.

ભાષાન્તર

ॐ । સૃષ્ટિની રચનાની પૂર્ણતાથી પ્રસન્ન થએલા આત્માવાળા બ્રહ્માનાં—સરસ્વતિને આનન્દદાયી મધુર સામ ગીતો વિજયી છે ।

(પં ૧) તારા ચક્ર જેવા કમળથી આવૃત ગગનસરવરના પદ્મિનીના રાજહંસમાંથી, ત્રિભુવનમાં મહારાજ મદનના ઉજ્જવળ શ્વેત છત્રમાંથી લાવણ્યમાં પયોદધિ સમાન, દ્યુતિમાં રૂપાના ગિરિ સમાન, દિગ્વધુનાં કુણ્ડલમાંથી, ઇન્દુમાંથી, ત્રિભુવન કમળના આવાસ સ્થાન હોવાના યશ સંપન્ન કુળ ઉદ્ભવ્યું.

(પં. ૪) તે કુળમાંથી પૃથ્વીપર સાગર સમાન, દ્યુતિના કુળગૃહ સમાન, મહિમાના ધામ સમાન, ધૈર્ય, અતિ અભ્યુદય, અને ચાતુર્યના ક્રીડાસ્થાન સમાન, આશ્રય માટે આવેલાં સર્વ પ્રાણીઓનું રક્ષણ કરી યશ પ્રાપ્ત કરનાર યદુવંશ ઉત્પન્ન થયો.

(પં. ૫) યદુવંશના નિર્મળ નભમાં શત્રુમંડળને નમાવનાર ઇન્દુ સમાન કળાવાળો, સર્વ મનોરથ વિસ્તારવાળા અને મહાન યશથી પૂર્ણ કરનાર દન્તિદુર્ગનૃપ પ્રગટયો

(પં. ૭) પછી સૂર્ય મેરૂના શિખરે ચઢે છે તેમ ઉદય પામી અને શ્રી અને વીર સિંહાસન પર આવી, સૂર્ય તિમિર દૂર કરે છે, તેમ ચૌલુકયોના બળવાન વંશનું તિમિર દૂર કરી અને સૂર્ય ગિરિનાં શિખરો પર કિરણો મૂકે છે તેમ ત્હેની અટ્ટ(આજ્ઞા) નૃપોના શિરપર મૂકી તે નૃપના પિતૃવ્યક શ્રીકૃષ્ણનૃપે અખિલ જગમાં તેની મહાન દ્યુતિ પ્રસારી.

(પં. ૯) તેનાથી ગોવિંદ નૃપ જન્મ્યો હતો. તેનું શત્રુઓને બાળવાથી થએલા ધૂમ્રનું ચિન્હ ઇન્દુ બિંબના શિલા તળ પરની પ્રશસ્તિ હોય તેમ દેખાય છે.

(પં. ૧૦) તેનો અનુજ, નિરૂપમના અપર નામવાળો, ભૂમિ રક્ષામાં વીર મતિવાળો, અરિગણને દૂર કરનાર અને જેની મુદ્રાથી જલધિ પણ ઉચિત નામથી સમુદ્ર કહેવાયો તે, ઇદ્ધતેજસ્ નૃપ હતો.

(પં. ૧૧) તે પછી જગત્તુંગ જન્મ્યો. તેના શત્રુનૃપો તેમની પાસેથી સકળ મંડળ હરી લીધાથી યૌવન વીતી ગએલી વનિતાના સ્તન માફક (નરમ અને શક્તિહિન) થઈ ગયા.

(પં. ૧૨) અને તેનાથી અતુલ બલવાન, જેનાથી અસમાન ચૌલુકયો અને આભ્યૂષખ આદિથી ઉત્પન્ન થએલો રતિનિગ્રહ કોપથી વિગવલ્લીમાં પ્રસન્ન થયો હતો અને જેનો શુદ્ધ યશ, વિરિઞ્ચિના ઇંડાની અંદર, બહાર કે ઉપરના તળ પર સમાપ્ત સ્થાન ન મળવાથી પૃથ્વીના ઉંડા સાગરમાં મૂકયો હતો તે અમોઘવર્ષ જન્મ્યો હતો.

(પં. ૧૫) તેનાથી અકાલવર્ષ નૃપ જન્મ્યો હતો. તેના પરાક્રમથી ભયભીત થઈ તેના શત્રુઓએ ઢાલ અને તરવારનો સદ્ય ત્યાગ કર્યો.

(પં. ૧૬) સહસ્રાર્જુનના વંશનું ભૂષણ, કોક્કલની પુત્રી તેની રાણી થઈ અને તેનાથી જગત્તુંગ જન્મ્યો હતો. સાગર સમો ગંભીર અને રત્નના નિધિ, અને પ્રતિપક્ષથી નૃપોનું રક્ષણ કરવા સમર્થ (જેમ સાગર પર્વતોને શત્રુઓથી રક્ષે છે તેમ) કોક્કલના પુત્ર રણવિગ્રહના સાગરમાંથી લક્ષ્મી નામે પુત્રી, સાગરમાંથી લક્ષ્મીદેવી પ્રકટી તેમ, જન્મી હતી. તે સમાન શત્રુ વિનાના, ભીમસેન અને અર્જુનના યશની પ્રાપ્તિથી અલંકારિત, તે નૃપની પત્ની થઈ.

(પં. ૧૯) જગત્તુંગ જે ઉદયગિરિ સમાન હતો. તેમાંથી ઉદય પામતો લક્ષ્મીનો પુત્ર વિજયી સૂર્ય સમાન નૃપ જન્મ્યો હતો. તેનો આત્મા તેજસ્વી હતો અને તેના વજ્ર સમાન કરથી, ઇન્દ્ર પર્વતોના પક્ષછેદન માટે વજ્ર ફેંકે તેમ સદાચારમ થી ચલિત થએલા સર્વ નૃપોના

પક્ષ વિખેરી નાંખ્યા અને અનિમિષ નયનથી દર્શન યોગ્ય (જેમ ઇન્દ્ર દેવોથી દર્શન યોગ્ય છે તેમ) તે ઇન્દ્રરાજ આ ભૂમિપર સત્ય રીતે કહેવાતો,

(પં. ૨૦) દશકંઠનો દર્પ હણનાર શ્રીહૈહયના વંશમાં કોક્કલ્લ જન્મ્યો હતો અને તેનો ગુણમાં વિખ્યાત અર્જુન પુત્ર હતો. તેને મહાબળવાન અમ્મણ દેવ પુત્ર હતો અને તેનાથી પદ્મા જેમ સાગરમાંથી અને ઉમા હિમવાન નામના ગિરીશમાંથી જેમ જન્મી હતી તેમ દ્વિજામ્બા જન્મી.

(પં. ૨૨) શ્રી ઇન્દ્ર નૃપથી તેનામાં (દ્વિજામ્બામાં) ગોવિન્દરાજ નામનો કામદેવથી અધિક રૂપ અને લાવણ્યવાળો પુત્ર જન્મ્યો. તે સમર્થ હતો છતાં નિન્દિત ક્રૂરતા અગ્રજ બન્ધુ તરફ તેણે બતાવી નહતી. બન્ધુજનની સ્ત્રીગમન આદિ કુચરિતથી તેણે દોષ કર્યો ન હતો. શૌચ અને અશૌચ પરામુખ (દુષ્કૃત્યોના કારણ રૂપ) પિશાચપણું ભયથી કદિ ધાર્યું ન હતું. તેનાં દાન અને અતુલ સાહસોથી પૃથ્વીમાં સાહસ માટે વિખ્યાત થયો. દાનવૃષ્ટિ વડે, સુવર્ણવૃષ્ટિ વરસાવી, અને અતિવૃષ્ટિથી તેણે કનકની વૃષ્ટિ કરી, અખિલ ભુવન ફક્ત કાંચનનું બનાવ્યું, એમ પ્રજા તરફથી કહેવાય છે. અતિ ભય ઉપજાવતા તેના દેશોના વિજય સમયે પૃથ્વી ખરેખર તેનાં મહાન પાલિધ્વજ રૂપે પોતાના ઉંચા કરેલા કર સહિત અને અન્ય દુષ્ટ નૃપોથી મુક્ત થઈ આનંદથી નૃત્ય કરે છે. ઉદય પામતો તે અન્ય દર્પવાળા નૃપને સહન કરતો નથી, એ વિચારથી ભયથી ભરેલા મન સહિત સૂર્ય અને ચંદ્ર (તેઓ પોતે અન્ય દર્પવાળા મંડળને સહન કરતા નથી તે) પણ તેની આગળ નાશી ગયા. તેનો સુંદર મહેલ જેમાં શત્રુ મણ્ડલેશ્વરો તેને નમન કરે છે તે વિજયથી ઉજ્જ્વલ છે અને તેના તોરણના નિયમિત ભૂષણ માટે ચન્દ્ર છે અને તે સદા તેના તેજ સંપન્ન છે તેથી (મહેલ) વિરાજે છે. ખરેખર તે શત્રુઓનાં વિશેષ ગુણવાળાં સમાન સૈન્ય સહન કરતો નથી તેથી ગંગા અને યમુના (જેઓ તેમના સમાન નદીઓ સહન કરતી નથી તે) તેના રાજમંદિરની સેવા કરે છે. જ્યારે તે નૃપ સુરાજ્ય કરતો હતો ત્યારે કોઈ પણ ભોગમાં કંઈ પણ વિમાન સ્થિતિ કદિ થતી નહીં. તેના અબદ્ધ પ્રતાપ અગ્નિની અસંખ્યા જ્વાળાનું કાજળ તે નીલ મેઘ છે, તેની અસિધારાના સ્ફુરતાં કિરણો તે ખચિત વિદ્યુત્‌ના ચમકારા જ છે. અંકુશમાં રાખવા કઠિણ અરિના ગજોનાં કુમ્ભ તે ભેદે છે ત્યારે ઝરતાં મૌક્તિક તે તારા છે; અને તેના યશનાં બિંદુપાત જે વિશ્વભરે છે તે ચન્દ્ર, પયોદધિ અને શેષ છે. તેનું ચિત્ત કંટક દૂર કરવા ઉત્સુક છે તેથી કમળનલિની તેના ભયથી જલમાંથી (લઈ લેવાય તેથી) ઉંચાં થતાં નથી, પણ લક્ષ્મી જે તેની કળીઓમાં વસે છે તે તેમનાથી ઉપહાર તરીકે દેવાઈ છે. પવનમાં ઉડતા તેના પુંજરજથી અંધકારવાળા પૃથ્વીના ઉદર–ગર્ભમાં કેતકી આશ્રય લે છે. અને ફણસનાં વૃક્ષ અને વેત્રલતા તેના દ્વારમાં પોતાના બચાવ માટે સેવક માફક ઉભાં રહે છે અને તે અચિન્ત્ય કન્દર્પનું રૂપ અને સૌંદર્ય ધારી હરના લોચનની ભસ્મ કરવાની શક્તિને ધિક્કારતાં હસતો તે ખચિત નિત્ય કન્દર્પ થયો. નિજ પ્રભુત્વ અને મંત્રશક્તિથી મહાન બનેલા ઉત્સાહથી શતમુખના મુખપર હાસ્ય કરતો તે ચાણક્યોમાં ચતુર્મુખ થયો. તેના વિખ્યાત અને અતિ પ્રસિદ્ધ પ્રતાપથી ભરેલી પૃથ્વીનું શ્રેય કરવાની ઉત્સુકતાવાળો તે પરાક્રમી વીરોમાં સાક્ષાત્ શ્રીનારાયણ થયો. (અને) તેના હસ્ત ટેવાએલા હતા તે શસ્ત્રથી શત્રુઓનાં વક્ષઃસ્થળ-ક્ષેત્ર ભેદી તે શ્રી ત્રિનેત્ર સાક્ષાત્ નૃપોમાં થયો.

(પં. ૩૯) પરમભટ્ટારક, મહારાજાધિરાજ, પરમેશ્વર, શ્રીમાન નિત્યવર્ષ દેવનો પાદાનુધ્યાત પરમભટ્ટારક, મહારાજાધિરાજ, પરમેશ્વર, અતિપૂજાપાત્ર શ્રીમાન્ સુવર્ણવર્ષદેવ પૃથ્વીવલ્લભ શ્રીમદ્ વલ્લભનરેન્દ્રદેવ કુશળ ક્ષેમ હોઈને રાષ્ટ્રપતિ, વિષયપતિ, ગ્રામકૂટ, મહત્તર, આયુક્તક, ઉપયુક્તક, અને આધિકારિકને તેમના સંબંધ અનુસાર જાહેર કરે છે.

(પં. ૪૨) તમને જાહેર થાઓ કેઃ—માન્યખેટ રાજનગરમાં સદા વસનાર, જે દેવોના ઉપભોગનાં અગ્રહાર દાન જોકે પૂર્વના નૃપોથી વિઘ્નવાળાં થતાં હતાં છતાં તેનું રક્ષણ કરનાર અને નિત્ય નમસ્ય ગ્રામોનાં અસંખ્ય શાસનપત્ર આપનાર મારાથી, મારાં માતપિતા અને મારા પુણ્ય યશની વૃદ્ધિ માટે શકનૃપના કાળ પછી આઠસો પંચાવન સંવતમાં (સંખ્યામાં) ૮૫૫ સંવતમાં શ્રાવણ પૂર્ણિમા ને ગુરૂવારે પૂર્વા-ભાદ્રપદા નક્ષત્ર નીચે ચાલુ વિજય સંવત્સરમાં રામપુરી ૭૦૦ માં આવેલું લોહાગ્રામ ગામ વૃક્ષોની હાર સહિત, અન્ન અને સુવર્ણની આવક સહિત, અપરાધ અને દશ અપરાધના દણ્ડ અને શિક્ષા સહિત, અને ભૂતોપાત પ્રત્યય સહિત, સૈનિકોના પ્રવેશમુક્ત ... ... બ્રહ્મદાયના નિયમ અનુસાર નમસ્ય દાન તરીકેના ઉપભોગ માટે, ચન્દ્ર અને સૂર્યના અસ્તિત્વ કાળસુધી પુણ્ડવર્ધન નગરથી આવેલા, દામોદર ભટ્ટના પુત્ર, કૌશિક ગોત્રના, વાજિકાણ્વ સબ્રહ્મચારી કેશવ દિક્ષિતને પાણીના અતિ અર્ઘથી અપાયું છે, તેની સીમાઃ— પૂર્વે ઘોડેગ્રામ ગામ; દક્ષિણે વાઝજુલી ગામઃ પૂર્વે વિઞ્ચ વિહરઝ (?) ગામઃ અને ઉત્તરે— સોન્નેહી ગામ.

(પં. ૫૨) જ્યારે કેશવ દીક્ષિત આ ચાર સીમાવાળું લોહગ્રામ ગામ ખેડતો હોય અથવા ખેતી કરાવતો હોય; ઉપભોગ કરતો હોય અથવા અન્યથી ઉપભોગ કરાવતો હોય, ત્યારે તેમાં તેને કોઈએ કંઈ પ્રતિબંધ કરવો નહીં. આ મારા દાનને અમારા વંશના કે અન્ય ભાવિ નૃપોએ લક્ષ્મી પવનથી ધીમે ક્ષુબ્ધ થએલાં જલના તરંગો સમાન ચંચળ છે અને જીવિત શરદ ઋતુના મેઘ સમાન અનિત્ય છે અને ભૂમિદાનનું ફળ (દેનાર અને ચાલુ રાખનારને) સામાન્ય છે, એમ માની અનુમતિ આપવી અને રક્ષણ કરવું.

(પં. ૫૫) અને રામભદ્રે કહ્યું છે કે :—"આ ધર્મી નૃપોનો સામાન્ય સેતુ સદા તારાથી રક્ષાવો જોઈએ." આમ રામભદ્ર પુનઃ પુનઃ સર્વ ભાવિ નૃપોને પ્રાર્થના કરે છે. ભૂમિદાન દેનાર સ્વર્ગમાં ૬૦ હજાર વર્ષ વસે છે, પણ તે જપ્ત કરનાર અથવા તેમાં અનુમતિ આપનાર તેટલાં જ વર્ષ નરકમાં વાસ કરે છે.

તેના પોતાનાથી અથવા અન્યથી દેવાએલી ભૂમિ જે હરી લે છે તે શ્વાનની વિષ્ટામાં ક્રીડા જન્મે છે અને તેના પૂર્વજો સહિત સંતાપમાં રંધાય છે. કંજુસાઈથી આપવાથી અને દીધેલું જપ્ત કર્યાથી જન્મથી આપેલું સર્વ અફલ થાય છે. ભૂમિદાન દેનાર બ્રહ્માના જગમાં સહસ્ર કરોડ અને શત કરોડ કલ્પ વસે છે. અખિલ જગની ઉન્નતિ થાઓ. ૐ શિવને નમન !

श्रीः

ગુજરાતના ઐતિહાસિક લેખ

ચૌલુક્ય વંશના લેખો

ચૌલુક્ય વંશના લેખો

નં૦ ૧૩૭

મૂલરાજનું દાનપત્ર[1]

વિ. સ. ૧૦૪૩ માઘ વ. ૧૫

અણહિલવાડના ચૌલુક્યોનાં અગિયાર દાનપત્રો સંબંધી ઐતિહાસિક નોંધ

રેવાકાંઠાના કામચલાઉ પોલિટીકલ એજન્ટ મેજર જે. ડબલ્યુ વોટસને થોડા સમય પહેલાં મને ખબર આપી કે ગાયકવાડના ઉત્તર મહાલના મુખ્ય ગામ કડીની ગાયકવાડી કચેરીમાં કેટલાંક જૂનાં તામ્રપત્રો પડેલાં છે. ઓનરેબલ સર ઈ. સી. બેઈલીની વિનતિ ઉપરથી ગવર્નમેંટ ઓફ ઇંડીયાના ફોરીન સેક્રેટરી ડો થોર્નટને વડોદરાના એજન્ટ મારફત ગાયકવાડના દીવાન સર. ટી. માધવરાવ ઉપર વગ ચલાવી ૨૦ પતરાં એટલે કે નં૦૧ અને નં.૩ થી ૧૧ એમ લેખો પ્રસિદ્ધિ માટે મેળવી આપ્યા. નં. ૨ પાલનપુરના પો. એ. કર્નલ શોર્ટે રાધનપુરના દરબાર પાસેથી મેળવી આપેલ.

અત્યાર સુધી[2] અણહિલવાડના ચૌલુક્ય રાજાઓનાં ત્રણ દાનપત્રો પ્રસિદ્ધ થયાં છે:
(૧) કુમારપાલનાં નાડોલનાં પતરાં[3] (૨) ભીમદેવ ૧ લાનાં કચ્છનાં પતરાં[4] (૩) ભીમદેવ બીજાનાં અમદાવાદનાં પતરાં.[5]

આટલાં સામટાં પતરાંની શોધ તેટલા માટે ગુજરાતના ઇતિહાસ માટે બહુ ઉપયોગી છે. બીજા વંશના કરતાં આ વંશની દંતકથાઓ વધુ પ્રમાણમાં જૈન પંચાયત મારફત સુરક્ષિત રહેલ છે.[6] તોપણ ઘણી ઐતિહાસિક હકીકત ઉપર હજુ વધુ અજવાળું પાડવાની જરૂર છે. આ વંશની ઉત્પત્તિ તથા મૂલરાજ કેવી રીતે ગાદીએ આવ્યો તે ચોક્કસ થયેલ નથી. રાજાઓની સંખ્યા પણ શંકાસ્પદ છે. ભીમદેવના લેખમાં ૪ થા રાજા વલ્લભને છોડી દીધો છે. મુસલમાન ગ્રંથકારોનું ગુજરાત ઉપર મહમુદ ગઝનવીની ચઢાઈનું વર્ણન જૈન ગ્રંથોની સાથે બંધ બેસતું નથી. ભીમદેવ ૨ જાના રાજ્યનો સમય અને વાઘેલા વંશની ઉત્પત્તિ સંબંધી પણ વિશેષ અજવાળું પાડવાની જરૂર છે. મી. કીનલોક ફોર્બસની રાસમાળામાં આ બાબત બહુ જ જુજ માહિતી છે. કારણકે તેને સોમેશ્વરની કીર્તિકૌમુદી, રાજશેખરનો પ્રબંધ કોશ અને હસ્તગણિનું વસ્તુ પાલચરિત ઉપલબ્ધ નહોતાં. આટલા માટે આહીં આ લેખોનાં અક્ષરાન્તર વિગેરે ઉપરાંત ઐતિહાસિક નોંધ મૂકવી જરૂરની છે.

ગુજરાતના ઘણાખરા જૈન કથાકાર લખે છે કે ગુજરાતનો પહેલો ચૌલુક્ય રાજા, કનોજની રાજધાની કલ્યાણમાં રાજકર્તા ભુવનાદિત્યના દીકરા રાજથી તથા અણહિલવાડ પાટણના છેલ્લા

---

૧ ઈ. એ. વો. ૬ પા. ૧૮૦ જી. બ્યુલર ૨ ઈ. સ. ૧૮૭૭ ૩ ટોડ રાજસ્થાન વો. ૧ પા. ૭૦૭ ૪ ફોર્બસ રાસમાળા વો. ૧ પા. ૬ ૫ કચ્છનો ઇતિહાસ આત્મારામ કે. ત્રિવેદીકૃત પા. ૧૭. ૬ અત્યાર સુધી નીચેના ગ્રંથો સુરક્ષિત છે—(૧) હેમચંદ્ર અને અભય તિલકનો દ્વયાશ્રય કોશ. લખ્યો ઈ. સ. ૧૧૬૦ સુધાર્યો ઈ. સ. ૧૨૫૫—૫૬ (૨) સોમેશ્વરની કીર્તિકૌમુદી ઈ.સ.૧૨૨૦-૩૫ (૩) કૃષ્ણ ભટ્ટની રત્નમાલા ઈ. સ. ૧૨૩૦. (૪) મેરૂતુંગની પ્રબંધ ચિંતામણિ ઈ. સ.૧૩૦૮. (૫) મેરૂતુંગની વિચારશ્રેણી ઈ. સ. ૧૩૧૦. (૬) રાજશેખરનો પ્રબંધકોશ ઈ. સ. ૧૩૪૦ (૭) હર્ષગણિનું વસ્તુપાલચરિત ઈ. સ. ૧૪૪૦—૪૧. (૮) જીનમંડનનું કુમારપાલચરિત ઈ. સ. ૧૪૩૫—૩૬ તથા તેમાંથી ગુજરાતી ઉતારો.

ચાપોત્કટ અથવા ચાવડા રાજાની બ્હેન લીલાદેવીથી ઉત્પન્ન થયો હતો. મેરૂતુંગ લખે છે કે વિ. સં. ૯૯૮ માં પોતાના બે ભાઈ સાથે રાજ સોમનાથ પાટણની યાત્રાએથી વળતાં અણહિલવાડ પાટણ રોકાયો હતો અને ઘોડેસ્વારની કવાયતની ટીકાથી તેમ જ પોતાની ઘોડેસ્વાર તરીકેની હુશીયારીથી રાજાનું ધ્યાન ખેચ્યું. તેનું કુળ જાણ્યા બાદ તેની સાથે લીલાદેવીને પરણાવી. તે પ્રસવસમયે ગુજરી ગઈ, પણ તેનુ પેટ ચીરી, મૂલરાજને જીવતો કાઢ્યો. મૂલરાજ(મૂળ નક્ષત્રમાં જન્મ્યો તેથી)ને તેના મામાએ ભણાવ્યોગણાવ્યો અને મોટો કર્યો. દારૂના નિશામાં તેને ઘણી વાર રાજગાદી આપવામાં આવતી, પણ નિશો ઉતર્યા બાદ પાછી લઈ લેવામાં આવતી. આથી કંટાળી મૂળરાજે તેનું ખૂન કરાવી ગાદી પડાવી લીધી.

મી. ફાર્બસે આ વૃત્તાન્તને થોડી ઘણી અસંબદ્ધ હકીકત કાઢી નાંખીને સ્વીકાર્યો છે અને તેણે તથા મી. એલ્ફીન્સ્ટને માન્યું છે કે મૂલરાજનો બાપ કનોજમાંથી નહીં, પણ દક્ષિણના ચૌલુક્ય વંશની રાજધાની કલ્યાણમાંથી આવેલો હતો. મેરૂતુંગ લખે છે કે સામંતસિંહે વિ. સ. ૯૯૧–થી ૯૯૮ સુધી રાજ કર્યું. તેમ જ રાજ અણહિલવાડમાં પણ ૯૯૮ માં આવ્યો એમ લખેલ છે. આ બે બનાવ વચ્ચે ઓછામાં ઓછું વીશ વર્ષનું અંતર હોવું જોઇએ, તેથી આ વૃત્તાન્ત સર્વથા ત્યાજ્ય છે. ચાપોત્કટ અને ચૌલુકય વંશને જોડવાના હેતુથી ભાટચારણોએ આ બનાવ કલ્પી કાઢ્યો હોવો જોઇએ. દ્વયાશ્રય કોશમાં આ સંબંધી કાંઈ પણ ઉલ્લેખ નથી, તેથી તેમ જ તામ્રપત્ર નં. ૧ માંની થોડી હકીકત છે તેથી ઉપરની અટકળને ટેકો મળે છે. ફાર્બસે સુચવ્યું છે તે મુજબ દ્વયાશ્રય કોશ હેમચંદ્રની જ કૃતિ નથી. વિ. સ. ૧૩૧૨ માં અભયતિલકે તેમાં સુધારોવધારો કરેલ છે અને કેટલીક અસંબદ્ધ હકીકત ઉપરથી અટકળ થાય છે કે બાકીનો ભાગ પણ માત્ર ૧૨ મી સદીના લેખકનો રચેલો નથી. તોપણ એકંદરે તે મેરૂતુંગના ગ્રંથ કરતાં વધુ પ્રમાણભૂત છે. તેમાં મૂલરાજને માત્ર ચૌલુકય લખ્યો છે. અને તેની બહાદુરી અને શક્તિનાં વખાણ કરેલ છે. આપણા લેખમાં પણ દાન દેનારની ઉત્પત્તિ સંબંધી ટૂંકું વર્ણન છે. તેને સોલંકી વંશમાં જન્મેલો અને મહારાજાધિરાજ રાજીનો દીકરો લખ્યો છે. તેણે સારસ્વત મંડલ (સરસ્વતી નદીની આસપાસનો મુલક) પોતાના બાહુબળથી મેળવ્યું. મેરૂતુંગનું વર્ણન સાચું હોય તો રજપૂતના રખડતા નાના છોકરાને મહારાજાધિરાજ લખાય નહી.

મૂલરાજના દાનપત્રની હકીકત ધ્યાનમાં લેતાં તેમ જ મૂલરાજને વંશનો સ્થાપક વર્ણવ્યો છે તે ઉપરથી અનુમાન થાય છે કે તેના પૂર્વજો ચૌલુકયના અસલ દેશના રાજા હશે અને ત્યાંથી તેના દુશ્મનોથી હાંકી કાઢવાથી અગર વધુ પ્રદેશ મેળવવાના લોભથી ગુજરાતમાં તે આવ્યો હશે. તે અસલ પ્રદેશ કયો તે સવાલ વિચારવાનો છે. ગુજરાતના ભાટો લખે છે કે વિ. સ. ૭૫૨માં કનોજમાં કલ્યાણકટકનો રાજા ભૂરાજ, ભૂયડ અગર ભૂવડ (એટલે કે ભૂપતિ) ગુજરાતમાં રાજ કરતો હતો અને જયશેખરનો નાશ કર્યો અને ત્યાર બાદ કર્ણાદિત્ય, ચંદ્રાદિત્ય, સોમાદિત્ય અને છેવટે ભુવનાદિત્ય જે રાજીનો બાપ હતો તે કલ્યાણની ગાદીએ આવ્યો. મી. ફાર્બસ મી. એલફીન્સ્ટન વિગેરેએ આ કલ્યાણને દક્ષિણ ચૌલુકયોની રાજધાની કલ્યાણ માનેલ છે અને હું પણ અમુક વખત એમ માનતો. તેના આધારમાં નીચેની બીનાઓ આપી શકાય તેમ છે: (૧) દક્ષિણનું કલ્યાણ આઠ સદી સુધી ચૌલુકયની રાજધાની હતી અને કનોજમાં આવું ગામ મળી આવતું નથી. (૨) દક્ષિણના ચૌલુકયોના લેખોમાં ગુજરાત જિત્યાનું લખે છે—(૩) ચૌલુકય રાજા વિજયરાજના શ. સ. ૩૯૪ ઇ. સ. ૪૭૨–૭૩ ના તામ્રપત્રમાં લખ્યું છે કે તે ભરૂચના પ્રદેશોનો માલિક હતો. પરંતુ બીજા મતનાં પ્રમાણ વધુ સબળ છે: (૧) દક્ષિણના રાજાઓ ચાલુકય, ચલુકય, ચલિકય અગર ચલ્કય લખે છે, જ્યારે ગુજરાતમાં ચૌલુકય લખે છે. પાટણ વંશનો સ્થાપક દક્ષિણમાંથી આવ્યો હોત તો પોતાને ચૌલુકય લખત. (૨) દક્ષિણ ચૌલુકયોના કુલદેવતા વિષ્ણુ છે

જ્યારે ગુ. ચૌલુક્યો શૈવ છે (૩) દ. ચૌ. નું લાંછન વરાહ છે જ્યારે ગુ. ચૌ. નું નંદી છે. (૪) ભૂપતિથી રાજી સુધીના રાજાઓનાં નામ દક્ષિણ વંશના લેખોમાંની વંશાવલી સાથે મળતાં નથી. (૫) મૂલરાજને દ. ચૌ. સાથે મિત્રભાવ ન હોતો. તે ગાદીએ આવ્યા બાદ તેલિંગણના તૈલપ રાજાએ બારપને હુમલો કરવા મોકલ્યો હતો. (૬) મૂલરાજે તથા તેની પછીના રાજાઓએ ગુજરાતમાં ઘણા બ્રાહ્મણોને વસાવ્યા જે ઔદિચ્ય (ઉત્તરતરફના) નામે મશહુર છે અને તે ઓને સિહોર (સિંહપુર), ખંભાત (સ્તંભતીર્થ) તેમ જ બનાસ અને સાબરમતી વચ્ચે અનેક ગામો દાનમાં આપ્યાનું પૂરવાર થાય છે. મૂલરાજ જો દક્ષિણમાંથી આવ્યો હોત તો ગુજરાત તેલિંગણ અને કર્ણાટકી બ્રાહ્મણોથી ભરપૂર હોત. આ છેલ્લી હકીકત બહુજ સબળ છે, જો કે બીજી હકીકતોનું કદાચ સમાધાન થઈ શકે; જેમ કે મૂલરાજે પોતાનું લાંછન તથા ધર્મ ગુજરાતમાં આવીને બદલ્યાં હોય. વળી કનોજમાં બીજું કલ્યાણ હોવું અસંભવિત નથી. કનોજના ઇતિહાસમાં આઠમી સદીના યશોવર્માથી માંડી દશમી સદી સુધી કાંઈ પણ પ્રકાશ પડેલ નથી. આ ખાડો ભૂપતિ અને તેના અનુયાયીઓથી પૂરાઇ શકે તેમ છે. ભૂપતિ ઈ. સ. ૬૯૫–૬ માં રાજ કરતો હતો અને મૂલરાજ ૯૪૧–૪૨ માં ગાદીએ આવ્યો. વિશેષમાં દક્ષિણના ચૌલુક્યે માને છે કે તેના પૂર્વજો ઉત્તરમાંથી આવેલા અને અયોધ્યામાં રાજ્ય કરતા હતા. નોર્થવેસ્ટ પ્રોવીન્સીઝના ગેઝેટીયરમાં લખેલ છે કે ચૌલુક્ય રજપૂતો કનોજ પ્રદેશમાં અત્યારે પણ હયાત છે. કલ્યાણ નામે ઘણાં ગામો હતાં, જેવાં કે મુંબઈ પાસેનું કલ્યાણ અને દક્ષિણનું કલ્યાણ; તેથી કનોજમાં કલ્યાણ હોવાનું અસંભવિત નથી. આ બધી હકીકત ઉપરથી હું એમ નિશ્ચય ઉપર આવું છું કે મૂલરાજ કાન્યકુબ્જમાં રાજકર્તા રાજાનો વંશજ હોવો જોઇએ અને ગુજરાત જિત્યું હોવું જોઇએ, તેમજ તેની મા ચાવડા વંશની હોઈ શકે. ભાટોને રાજવંશાવલી બાબતમાં બહુ જ ચોક્કસ માનવા જોઈએ, કારણ તે સાચવી રાખવી તે તેનો ધંધો કહેવાય.

આ લેખથી બીજી બે બાબતોને પુષ્ટિ મળે છે. લેખ નં. ૧ પં. ૨ માં મૂલરાજને त्र्यंबक इव विहिताचलाश्रयः વર્ણવ્યો છે. અણહિલવાડ પાટણની આસપાસ પચાશ માઇલ સુધીમાં ટેકરી પણ નથી, તે હકીકત ધ્યાનમાં લેતાં ઉપરનું વર્ણન ઐતિહાસિક વૃત્તાન્તને ઉદ્દેશીને છે એમ સમજવું જોઇએ. મેરૂતુંગ લખે છે કે ગાદીએ બેઠા પછી તરત મૂલરાજ ઉપર બે લશ્કરો ચઢી આવ્યાં હતાં. એક તો શાકમ્ભરી(સામ્ભર)ના રાજા સપાદલક્ષીયનું અને બીજું કલ્યાણના તૈલપના સુબા બારપનું. જેને પરિણામે તે કચ્છના વાગડ પરગણમાંના કંથકોટ(કંથાદુર્ગ)માં ભાગી ગયો હતો તેને શિવજીની કૈલાસની સ્થિતિ સાથે કવિએ સરખાવી લાગે છે. બીજી બાબત વળી વિશેષ સ્પષ્ટ છે. મેરૂતુંગ પ્રબન્ધચિંતામણિમાં લખે છે કે મૂલરાજ સોમનાથનો અનન્ય ભક્ત હતો અને દર સોમવારે સોમનાથ પાટણ (૨૫૦ માઇલની મુસાફરી કરીને) દર્શન માટે જતો. આ ભક્તિથી તુષ્ટ થઈ સોમનાથ પ્રથમ મણ્ડલી (વિરમગામ તાલુકાનું માંડલ) અને પછી અણહિલવાડ પધાર્યા. મણ્ડલીમાં મૂલરાજે મૂલેશ્વરનું મંદિર બંધાવ્યું. મૂલનાથ દેવને કમ્બોઈક ગામ દાનમાં આપવામાં આવ્યું તે આ મૂલેશ્વરનું મંદિર હોવું જોઇએ. લેખનો ઐતિહાસિક વિભાગ બહુજ ટુંકો છે અને તેમાં મૂલરાજની વામનસ્થલી(વંથળી)ના આભીર અગર યાદવો ઉપરની તેમજ લાટના રાજા ઉપરની ચઢાઈનું વર્ણન નથી. સંવત ૧૦૪૩ વિક્રમ આપ્યો છે તે મૂલરાજના રાજ્ય સમય વિ. સં. ૯૯૮–૧૦૫૩ સાથે બંધ બેસતો આવે છે.

મેરૂતુંગના વૃત્તાંત અનુસાર મૂલરાજ પછી તેનો દીકરો ચામુંડ ગાદીએ આવ્યો; જેણે તેર વર્ષ એટલે કે ૧૦૬૬ (ઇ. સ. ૧૦૦૯–૧૦) સુધી રાજ્ય કર્યું. તેના પછી તેના બે દીકરા વલ્લભરાજ અને દુર્લભરાજ ગાદીએ આવ્યા. જેમાંનો પહેલો ૬ માસ બાદ શીળીમાં મરણ પામ્યો જ્યારે બીજાએ સં. ૧૦૭૮ (ઈ. સ. ૧૦૨૧–૨૨) સુધી રાજ્ય કર્યું. તે વરસમાં તેણે પોતાની ગાદી છોડી અને પોતાના નાનાભાઈ નાગરાજના દીકરા ભીમદેવ ૧ લા ને ગાદી આપી. આ

સમય સંબંધી કાંઈ વધુ વિગત પ્રાપ્ત નથી. ચામુંડ અને દુર્લભરાજ બન્ને સ્વામી થએલા અને તેમાંથી એક કાશી ગયા ત્યારે તેમનું માળવાના રાજાએ અપમાન કર્યું તેથી માળવા સાથે વૈરભાવ ઉત્પન્ન થયો. ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૬૬ ના તામ્રપત્રમાં વલ્લભરાજનું નામ નથી, પણ આ પતરાંમાંથી નં. ૪ થી ૧૦ બધામાં તેનું નામ છે તેથી અટકળ થાય છે કે તેના ટુંકા સમયને લીધે અમુકમાં નામ નહીં લખાયું હોય.

બીજી બાબત એટલે કે ગુજરાતની દંતકથાઓ અને આઇને અકબરી વિગેરે ગ્રંથો વચ્ચે સાલનો ગડબડાટ વધારે ગંભીર છે. જો ચામુંડને ૧૦૧૦ ને બદલે ઇ. સ. ૧૦૨૪ માં મુકીએ તો ગુજરાતી ગ્રંથકારોની સાલો બધી વીંખાઇ જાય છે. મી. ફોર્બસનું તે સંબંધી પ્રકરણ બહુ ગોટાળાભરેલું છે, કારણ કે મુસલમાની અસલ ગ્રંથોનો અને ભીમદેવના લેખોનો બારીકીથી અભ્યાસ થયો નહોતો. સર એચ. ઇલીઅટના હિંદુસ્તાનના ઇતિહાસના વો. ૨ પા. ૪૨૯ મે (પુરવણીમાં) મહમુદની હિંદ ઉપરની ચઢાઇનું પૂરૂં વર્ણન આપ્યું છે. સોમનાથની ચઢાઇનું સૌથી પ્રાચીન વર્ણન ઇબ્ન આસીર પા. ૪૬૯ મે આપેલ છે. તેમાં લખેલ છે કે અણહિલવાડનો રાજા ભીમ ભાગીને અમુક કિલ્લામાં ભરાણો. પછી સોમનાથ ઉપર હબલવારા દ્વારા ચઢાઇનું અને મંદિર સર કર્યાનું વર્ણન છે. પછી મહમુદને ખબર મળી કે ભીમ કન્દહતના કિલ્લામાં ભરાણો છે તેથી તે ત્યાં ગયો. ભરતી વખ્તે ખાડી ઓળંગી અને દુશ્મનને ત્યાંથી હાંકી કાઢયો. ત્યાંથી મનસુરા જવા પાછો વળ્યો. આ વર્ણનમાં ભીમનું નામ બે વાર આવે છે. તેથી ગુજરાતી ગ્રંથકારોનાં લખાણ અનુસાર ઇ. સ. ૧૦૨૪ માં ભીમ ગાદી ઉપર હતો. વળી તેમાં મુસલમાનોની ગુજરાતમાં લાંબા વખત સુધીની સ્થિતિ અગર દાબિશ્લીમના વંશજને અણહિલવાડની ગાદી ઉપર સ્થાપ્યા બાબત સ્હેજ પણ ઇસારો નથી. તે હકીકત તેમજ ગુજરાતની અખૂટ દોલત વિગેરેનો ઉલ્લેખ મીરખોન્દના ઇતિહાસમાં પ્રથમ જોવામાં આવે છે, તેથી અનુમાન થાય છે કે પાછળના મુસલમાની ગ્રંથકારોએ તે પાછળથી ઘુસાવી દીધેલ હશે. ભીમનું કન્દહત (કંથકોટ) ભાગી જવું પણ તદ્દન સંભવિત છે; કારણ મૂલરાજ પણ ત્યાં ભાગી ગયો હતો. કંથકોટ પાસે દરિયો હોવાનું વર્ણન કાં તો તે વખ્તની સ્થિતિફેરને લીધે અગરતો મુસલમાની ગ્રંથકારોના અજ્ઞાનને લીધે હશે.

ભીમદેવના લેખો પણ ઉપરના અનુમાનને અને ગુજરાતી ગ્રંથકારોના લખાણને સમર્થન કરે છે. તેમાં લખેલ છે કે ભીમદેવ વિ. સં. ૧૦૮૬ અને ૧૦૯૩ માં એટલે કે ઇ. સ. ૧૦૨૯ અને ૧૦૩૬ માં રાજ્ય કરતો હતો. તે ઉપરથી સમજાય છે કે મહમુદની ચઢાઈ પછી તુરત તે પાછો અણહિલવાડ આવ્યો હશે. પરિણામે ગુજરાતી ગ્રંથકારો અનુસાર ભીમદેવ વિ. સં ૧૦૫૮ ઇ. સ. ૧૦૨૨માં ગાદીએ આવ્યો. મહમુદ આવ્યો ત્યારે તે રાજ્ય કરતો હતો અને ભાગીને કંથકોટ ગયો. મહમુદે તેને ત્યાંથી હાંકી કાઢયો અને મનસુરો તરફ ગયો. ભીમદેવ તરત અણહિલવાડ પાછો ફર્યો અને વધુ પચાસ વર્ષ સુધી રાજ કર્યું.

આપણા આ લેખોમાંથી ભીમદેવના છેવટના ભાગ સંબંધી તેમ જ તેના દીકરા કર્ણ ૧ લા વિ. સ. ૧૧૨૮–૫૦ (ઈ. સ. ૧૦૭૨ થી ૧૦૯૩–૯૪) સંબંધી કાંઈ પણ હકીકત મળતી નથી. માત્ર તેનું બિરૂદ ત્રૈલોક્યમલ્લ આપેલું છે. કર્ણના પુત્ર જયસિંહ સંબંધી નં. ૫ માંની વંશાવળી તેને અવન્તિનાથ અને વર્વરકજીષ્ણુ લખે છે. નં. ૩ માં તેમજ નં. ૬ થી ૧૦ સુધીનામાં આ બે બિરૂદ વચ્ચે ત્રિભુવનગંડ લખેલ છે. દ્વયાશ્રય કોશમાં બર્બરને રાક્ષસોનો નેતા લખ્યો છે અને શ્રી સ્થલ સિદ્ધપુરના બ્રાહ્મણોને તે ત્રાસ દેતો હતો. જયસિંહે તેને હરાવ્યો, પણ તેની સ્ત્રી પિંગલિકાની આજીજીથી તેને જીવતો રાખ્યો. બર્બરે જયસિંહને અનેક ભેટો આપી. મી. ફોબસે બર્બરને માલવાનો રાજા માન્યો છે તે ભૂલ અવન્તિનાથ અને વર્વરકજીષ્ણુ એ બેને ભેળાં વાંચવાથી થએલ હશે. કીર્તિકૌમુદીમાં બર્બરકને ભૂતનો ઉપરી લખ્યો છે અને તેને શ્મશાનમાં

વશ કરવાથી જયસિંહને સિદ્ધરાજ નામ પ્રાપ્ત થયું એમ પણ ઘટાવે છે. બધો ઊહાપોહ કર્યા પછી એમ સંભવે છે કે બર્બરક ઉત્તર ગુજરાતમાં રહેતી કોઇ અનાર્ય જાતિનો એટલે કે કોળી, ભીલ અગર મેહેર જાતિનો હશે.

કુમારપાલના રાજ્યના અનેક ઉપયોગી બનાવોમાંથી શાકમ્ભરીના રાજાને જિત્યા બાબતનું જ વર્ણન લેખ નં. ૩ થી ૧૦માં છે. ત્યારપછીના રાજા અજયપાલ સંબંધી જૈન ગ્રંથકારો બહુ જ જુજ લખે છે. કારણ કે તેને તે ધિક્કારતો હતો. તેને પરમમાહેશ્વર અને મહા માહેશ્વર લખ્યો છે તેથી જૈનધર્મ તરફની વિમુખતા સ્પષ્ટ થાય છે. તેણે હેમચંદ્રના શિષ્ય રામચંદ્રને જીવતો બાળી મૂક્યો અને જૈનનાં મંદિરો તેમ જ પુસ્તકોનો નાશ કર્યો. તેની પછીના મૂળરાજ બીજાના રાજ્ય સંબંધી એક જ બનાવ જૈનગ્રંથકારોએ વર્ણવ્યો છે. અને તે તેની મુસલમાન ઉપરની જિત છે. ગર્જનક તે ગઝનવીનું સંસ્કૃત રૂપ છે. મેરૂતુંગ તેઓને ગજ્જનક લખે છે. કીર્તિકૌમુદીમાં સં. ૨ શ્લો. ૫૭ માં આ મૂલરાજે તુરૂષ્કના પાદશાહને જીત્યો એમ લખેલ છે. મી. ફાર્બ્સ પણ તે જિત ખરેખરી અટકળી છે.

ત્યાર પછીના રાજા ભીમદેવ બીજાના અગર ભોળોભીમના રાજ્ય માટે લેખો બહુ ઉપયોગી છે. ગુજરાતી ગ્રંથકારો મી. ફાર્બ્સના સમયમાં જણાએલા તેમજ અત્યારે જણાએલા પણ તેના રાજ્ય માટે બહુ જ થોડું લખે છે. મેરૂતુંગ અને સોમેશ્વરને આ ભીમ માટે મમતા નહોતી. તેઓનું ધ્યાન, ગુજરાતના ભાવિ રાજાના બાપ, ધવલગૃહ અગર ધોળકાના રાણા વીરધવલ તરફ અને તેના બે જૈન મંત્રીઓ તેજપાલ અને વસ્તુપાલ તરફ ખેંચાયું હતું. મી. ફાર્બ્સે તેટલા માટે ચાંદના પૃથિરાજ રાસા ઉપર તેમ જ પાછળના મુસલમાન ગ્રંથકારો જે ભરોંસાપાત્ર નહોતા તેના ઉપર આધાર રાખેલ છે. ચાંદ ભીમને ઇ. સ. ૧૧૯૩ પહેલાં મરેલો વર્ણવે છે. મી. ફાર્બ્સ તેને ઇ. સ. ૧૨૧૫ માં મુએલો વર્ણવે છે. ઇ. સ. ૧૨૩૧ ના આબુના લેખમાં ભીમને જીવતો લખ્યો છે અને તે લેખનો ઉલ્લેખ મી. ફાર્બ્સ કરે છે. છતાં ઇ. સ. ૧૨૧૫ માં ભીમને મુએલો કેમ કલ્પ્યો તે સમજાતું નથી. મેરૂતુંગ પણ પ્રબન્ધચિંતામણિમાં લખે છે કે ભીમદેવે વિ. સં. ૧૨૩૫ પછી ૬૩ વર્ષ સુધી, એટલે કે વિ. સ. ૧૨૯૮ અગર ઇ. સ. ૧૨૪૧–૪૨ સુધી રાજ્ય કર્યું. આપણા લેખોમાં પણ ભીમદેવનું છેલ્લું દાનપત્ર વિ. સં. ૧૨૯૬નું છે અને ત્યાર પછીના ત્રિભુવનપાલનું પહેલું વિ. સં. ૧૨૯૯ નું છે. ભીમદેવના રાજ્યના ઐતિહાસિક બનાવો સંબંધી મેરૂતુંગ પ્રબન્ધચિંતામણિમાં લખે છે કે માલવાના સોહડ એટલે કે સુભટવર્મને ગુજરાત ઉપર ચઢાઇનો પ્રયત્ન કર્યો હતો અને તેના દીકરા અર્જુનદેવે ગુજરાતનો નાશ કર્યો હતો. વ્યાઘ્રપલ્લી અગર વાઘેલનો લવણપ્રસાદ જે રાણા વીરધવલનો બાપ હતો તે ભીમનો રાજ્યચિન્તાકારી હતો. ત્યાર બાદ વાઘેલાના તેમ જ તેના જૈનમંત્રીઓના વર્ણનમાં ઉતરી જાય છે. તેની વિચારશ્રેણીમાં તેણે ભીમ ૧૨૩૫ માં ગાદીએ બેઠો એટલું જ લખ્યું છે અને પછી ગજ્જનક(મુસલમાન)નું રાજ્ય થયું. સોમેશ્વરે કીર્તિકૌમુદી સ. ૨ શ્લો. ૫૯–૬૧ માં ભીમને તેથી પણ ખરાબ વર્ણવ્યો છે, અને પછી મેરૂતુંગની માફક વાઘેલાનું વર્ણન શરૂ કરે છે.

ગ્રંથકારો આમ લખે છે છતાં ભીમદેવના લેખો તેને ક્ષુદ્ર રાજા તરીકે વર્ણવતા નથી. આપણાં તામ્રપત્રોમાં તેને અભિનવ સિદ્ધરાજ નારાયણવતાર અને સપ્તમ ચક્રવર્તિન લખેલ છે. તે બિરૂદો તેનાં પોતાનાં જ તામ્રપત્રોમાં નહીં, પણ જયન્તસિંહના (નં. ૪) તેમ જ ત્રિભુવનપાલ(નં. ૧૦)-ના લેખોમાં પણ છે. લેખો ઉપરથી એમ પણ પુરવાર થાય છે કે તેના તાબામાં સાબરમતીની ઉત્તરનો ગુજરાતનો ઘણોખરો ભાગ જે મૂલરાજ ૧ લાના તાબામાં હતો તે હતો અને દક્ષિણ રજપૂતાનાના ચંદ્રાવતી અને આબુના રાજાઓ તેની સત્તા કબુલ કરતા હતા. નં. ૬–૮–૯ માં

અપાએલાં જૂદાં જૂદાં ગામો તેમ જ વીલસનના લેખો[1] નં. ૧૯ ઇ. સ. ૧૨૦૮—૯ નામાં તેમ જ નં. ૪ ઇ. સ. ૧૨૩૦-૩૧ નામાં જે વર્ણન મળે છે તે ઉપરથી તે ગુજરાત તેમજ આબુ પ્રદેશમાં લાંબા વખત સુધી સર્વોપરી સત્તા ભોગવતો હતો એમ પૂરવાર થાય છે. બીજી તરફથી લવણપ્રસાદ અને વીરધવલને મહારાજા અને મહારાજાધિરાજ લખ્યા છે. લવણપ્રસાદ સ્વતંત્ર થયાની તારીખ વસ્તુપાલના ગિરનારના લેખમાંથી મળે છે; કારણ કે તે વિ. સં. ૧૨૭૬ પછી પોતાની સીલ વાપરતો હતો. તેઓએ ધોળકા ધંધુકા ઉપરાંત ખંભાત, લાટ અને ગોધરા ચાલુકયો પાસેથી બચાવી લીધાં, એમ સોમેશ્વર લખે છે. કાઠિયાવાડ ત્યાંના સ્થાનિક સુબાના હાથમાં ગયું અને પ્રબન્ધકોશમાં વઢવાણના રાજા વીરધવલ સાથે લડતો વર્ણવ્યો છે.

ગુજરાતના બધા ગ્રંથકારો ભીમદેવથી ચાલુકયવંશ સમાપ્ત થયાનું માને છે. લેખ નં. ૧૦ માં ત્રિભુવનપાલને વિ. સં. ૧૨૯૯ માં રાજ્ય કરતો વર્ણાવ્યો છે. પણ તેના ટુંકા સમયને લીધે તેને રાજા તરીકે ગણ્યો લાગતો નથી. મેરૂતુંગે પણ વિચારશ્રેણીમાં લખ્યું છે કે વીરધવલનો દીકરો વીસલદેવ વિ. સ. ૧૩૦૦માં ચાલુકયની વાઘેલા શાખાનો પહેલો રાજા થયો.

વીસલદેવ વાઘેલાના ઇતિહાસ સંબંધી રાજશેખર અને હર્ષગણિ લખે છે કે વીરધવલ વિ. સ. ૧૨૯૫-૯૬ માં ગુજરી ગયો. તેને બે દીકરા હતા વીરમદેવ અને વીસલદેવ. મોટાએ એક વાણીયા ઉપર જુલમ કરીને પોતાના પિતાની તેમજ મંત્રી વસ્તુપાલની ઈતરાજી વ્હોરી હતી તેથી તેને વીરમગ્રામ(વીરમગામ)માં કાઢી મૂકયો હતો. પોતાના બાપની ગંભીર માંદગીની ખબર પડવાથી તે ધોલકા રાજ્ય લેવા આવ્યો; પણ વસ્તુપાલ બહુ જોરદાર હોવાથી વીસલદેવને ગાદીએ બેસાર્યો અને વીરમને ગામમાંથી નાસી જવાની ફરજ પાડી. તેણે બંડ ઉઠાવ્યું અને હાર્યો તેથી પોતાના સસરા જાબાલિના રાજા ઉદયસિંહની મદદ માગી, પણ વસ્તુપાલે તેને દગલબાજીથી મરાવી નાંખ્યો. વીસલદેવે નાગડ નામના બ્રાહ્મણને મહામંત્રી નીમ્યો અને બન્ને ભાઈઓ(વસ્તુપાલ તેજપાલ)ને નીચેની પદવી આપી. તેઓને બહુ અપમાન સહન કરવું પડયું. સોમેશ્વરે તેને બચાવી લીધો હતો. થોડા સમય પછી રાજાના મામા સિંહે વસ્તુપાલના ગુરૂ યતિને માર્યો, તેથી વસ્તુપાલે તેના રજપૂત નોકર મારફત તેનો હાથ કપાવી નાંખ્યો. આથી જેઠવાઓએ મંત્રીને સહકુટુંબ મારી નાંખવાનો ઠરાવ કર્યો. સોમેશ્વરે ફરી સમાધાન કરાવ્યું. દેવગિરિના યાદવ રાજા સિંઘણે વીરધવલ ઉપર ચઢાઈ કરી હતી (કીર્તિકૌમુદી સ. ૪). માલવાનો પૂર્ણમલ્લ પણ ચડી આવ્યો હતો. મેદપાટ[2](મેવાડ)ના રાજાને પણ સોલંકીના દુશ્મન તરીકે વર્ણવ્યો છે. કર્ણાટના રાજા એટલે કે ઘણું કરીને દ્વારસમુદ્રના બલ્લાલ યાદવની દીકરીના સ્વયંવરમાં ફત્તેહમંદ થયો હતો, એમ પણ લેખમાં વર્ણન છે. મેરૂતુંગ અનુસાર વીસલદેવે વિ. સં. ૧૩૧૮ સુધી રાજ્ય કર્યું અને તેની પછી નીચેના રાજાઓએ રાજ્ય કર્યું.

અર્જુનદેવ	...વિ. સં.	૧૩૧૮-૧૩૩૧=	ઇ. સં.	૧૨૬૧-૬૨ થી ૧૨૭૪-૭૫
સારંગદેવ	... ,,	૧૩૩૧-૧૩૫૩=	,,	૧૨૭૪-૭૫ ,, ૧૨૯૬-૯૭
કર્ણ ઘેલો	... ,,	૧૩૫૩-૧૩૬૦=	,,	૧૨૯૬-૯૭ ,, ૧૩૦૩-૪

અર્જુનદેવનો સોમનાથ પાટણનો ઇ. સ. ૧૨૬૪-૬૫ નો અને કચ્છનો વિ. સ. ૧૩૨૮= ૧૨૭૧-૭૨ લેખ મળેલા છે અને સારંગદેવનો આબુ ઉપરના વસ્તુપાલનો ઇ. સ. ૧૨૯૪ નો લેખ મળેલ છે તેથી મેરૂતુંગની તારીખોનું સમર્થન થાય છે. ઇ. સ. ૧૩૦૪ માં ગુજરાત મુસલમાનોના હાથમાં ગયું, એ નિર્વિવાદ છે.

---

૧ એસીઆટિક રીસર્ચીઝ વો. ૧૬ પા. ૨૯૯-૩૦૧ ૨ મેદ મેડ એટલે કે મેરનો મુલક.

अक्षरान्तर

पतरुं पहेलुं

પતરાંનું માપ ૭"×૧૦" લિપિ જૂની કાયસ્થ દેવનાગરી, સ્થિતિ સુરક્ષિત.

१ राजावलीपूर्व्वम् ॥ राजहंस इव विमलोभयपक्षः । कमलयोनिरि-

२ व विततकमलाश्रयः । विष्णुरिव विक्रमाक्रांतभूतलः । त्र्यम्बक इव विहिताच-

३ लाश्रयः । शतमख इव विवुधानंदजनकः । कल्पवृक्ष इव वांछितार्त्थफलप्र-

४ दः । मेरुरिव सर्व्वदा मध्यस्थः । तोयधिरिव बहुसत्वाश्रयः । जलद इव
सर्व्वसत्वा-

५ नुकंपी । सुरेंद्रद्विप इव सदा दानतोयार्द्रीकृतकरः । चौलुकिकांन्वयो महारा-

६ जाधिराजश्रीमूलराजः । महाराजाधिराजश्रीराजिसुतः । निजभुजोपार्जित सारस्व-

७ तमण्डले श्री मोढेरकीयार्द्धाष्टमेषु कम्बोइकाग्रामे समस्तराजपुरुषान् ब्राह्म-

८ णोत्तरान् तन्निवासिजनपदांश्च बोधयत्यस्तु वः संविदितं । यथा । श्रीमदणहिलपाट-

९ कस्थानावस्थितैरस्माभिः सूर्यग्रहणपर्व्वणि श्रीस्थलके प्राचीसरस्वतीवारिणि *

१० [स्नात्वा] तृदशपतिं रुद्रमहालयदेवमभ्यर्च्य संसारस्यासारतां विचिंत्य नलिनीदल-

११ गतजललवतरल प्राणितव्यमाकलय्यं । अदष्ठफलमंगीकृत्य च । मातापित्रोरात्मन-

---

१ ઈ. એ. વો. ૬ પા. ૧૯૧ જી. બ્યુલ્હર. પં. ૩ પતરાં ઉપરના અક્ષરો जननः જેવા દેખાય છે; પરંતુ હું ધારૂં છે કે માત્ર તેનું કારણ क નો જમણો લીટો ભૂસાઈ ગયો છે તેથી છે. વાંચો वृक्षः પં. ૫ का ઉપરનું અનુસ્વાર ઉડાડી નાંખો પં. ૮ त्तरान् ના त्त નીચેનો લીટો च જેવો, લાગે છે; પરંતુ હું ધારૂં છે કે તે વિરામ ચિહ્ન માટેનો હશે. પં. ૧૦ વાંચો त्रिदशपति પં. ૧૧ વાંચો तरलं; य्य ઉપરનું અનુસ્વાર ઉડાડી નાંખો. વાંચો अदृष्ट.

पतरुं बीजुं

१ श्च पुण्ययशोभिवृद्धये । उपरिलिखितग्रामोयं स्वसीमापर्यन्तः स्वकाष्ठतृणोदकोपे-
२ तः स्वगोचरसहितः सदण्डदशापराधो वर्द्धिविषये मण्डल्यां स्थापितश्रीमूलनाथदे-
३ वाय शासनेनोदकपूंर्व्वमस्माभिः प्रदत्तः । इति मत्वा । तन्निवासिजनपदैर्यथादी
४ मानभागभोगकरहिरण्यादि सर्व्वमाज्ञाश्रवणाविधेयैर्भूत्वा सर्वदाऽस्मै समुपने-
५ तव्यं । सामान्यं चैतत्पुण्यफलं बुध्वाऽस्मद्वंशजैरन्यैरपि भाविभोक्तृभिरस्मत्प्रदत्तध
६ र्म्मदायोयमनुमंतव्यः पालनीयश्च । उक्तं च भगवता व्यासेन । षष्ठिं वर्षसहस्राणि स्व-
७ र्गे तिष्ठति भूमिदः । आच्छेत्ता चानुमंता च तान्येव नरके वसेत् ॥ बहुभिर्व्व-
सुधा भुक्त्वा राज-
८ भिः सगरादिभिः । यस्य यस्य यदा भूमिस्तस्य तस्य तदा फलं ॥ यानीह दत्तानि
पुरा नरें-
९ द्रैर्दानानि धर्म्मार्त्थयशस्कराणि । निर्म्माल्यवां[तप्रति]मानि तानि को नाम
साधुः पुनराद-
१० दीत ॥ लिखितमिदं शासनं कायस्थजेज्ज सुतकांचणनेति ॥ ० ॥ सम्वत् १०४३
११ माघ वदि १५ रवौ

श्रीमूलराजस्य ॥

પં. ૩ पू ઉપરનું અનુસ્વાર ભૂંસી નાખો. પં. ६ વાંચો षष्टिं પં. ૭ વાંચો मुक्ता પં. १० વાંચો कांचणेन.

ભાષાન્તર

ૐ! રાજાવલી પહેલાં (માફક)

રાજહંસ જેમ બન્ને વિમલ પક્ષવાળો, સુખનું સ્થાન હોવાથી કમલાશ્રયી બ્રહ્મા સરખો, નિજ પ્રભાવથી પૃથ્વી પ્રાપ્ત કરી એક પગલે પૃથ્વી માપનાર વિષ્ણુ જેવો, કૈલાસનિવાસી ત્ર્યંબકને ગિરિનિવાસી હોઈ મળતો, ઇન્દ્ર જેમ વિબુધ (પ્રજ્ઞ) જનોને અનુરંજતો, કલ્પતરૂ માફક આશ્રયીઓને વાંચ્છિત ફલ આપનાર, બ્રહ્માંડમાં મેરૂ પર્વત મધ્યસ્થ છે તેમ સર્વદા મધ્યસ્થ, સાગર જેમ સત્ત્વાશ્રયી, મેઘ માફક સર્વ પ્રાણી તરફ દયાળુ, ભીંજાયેલી સૂંઢવાળા ઐરાવત માફક દાન માટે પાણીના અર્ધ્યથી ભીંજાયેલા હાથવાળો, ચૌલુક્ય કુળનો, નૃપેશ શ્રી રાજિનો પુત્ર, નૃપાધિરાજ શ્રી મૂલરાજ જેણે બાહુબલથી સરસ્વતી નદીથી સિંચન થએલો પ્રદેશ જિત્યો હતો, તે (મૂલરાજ) કંબોઈક[1] ગામમાં મોઢેરના અર્ધાષ્ટમમાં વસતા સર્વ રાજપુરૂષો અને બ્રાહ્મણોત્તર સર્વ પ્રજાને આ પ્રમાણે જાહેર કરે છેઃ—

તમને જાહેર થાઓ કે મારી રાજધાની પ્રસિદ્ધ અણહિલપાટકમાં રહી, સૂર્યગ્રહણને દિવસે શ્રીસ્થલકમાં સરસ્વતી નદીના પૂર્વ ભાગમાં સ્નાન કરી, દેવપતિ રૂદ્રમહાલયની[2] પૂજા કરી, સંસારની અસારતાનું ચિંતન કરીને, જીવન કમલપત્ર પરના જલબિંદુ જેવું અસ્થિર માનીને અને પુણ્યકર્મનું ફલ પૂર્ણ સમજીને, મારા તથા મારા માતાપિતાનાં પુણ્ય અને યશની વૃદ્ધિમાટે ઉપર જણાવેલું ગામ તેની સીમા પર્યંત, કાષ્ઠ, તૃણ અને જલ સહિત, ગોચર સહિત, અને દશ અપરાધના દંડનો હક્ક અને તેવાં કૃત્યોનો નિર્ણય કરવાની સત્તા સહિત, મેં વર્દ્ધિ[4]વિષય-(જીલ્લા)માં મણ્ડલીમાં વસતા શ્રીમૂલનાથ દેવને,[3] દાનને શાસનથી અનુમતિ આપી, પાણીના અર્ઘ્ય સાથે આપ્યું છે.

આ જાણી ત્યાં વસતી સર્વ પ્રજા, અમારી આજ્ઞાને ધ્યાનપૂર્વક પાળીને, ઉત્પન્નનો ભાગ, વેરા, સુવર્ણ આદિ સર્વ તે દેવને અર્પણ કરશે. અમારા વંશજોએ અથવા અન્ય નૃપોએ દાનનું પુણ્યફલ સર્વ નૃપોનું સામાન્ય છે તેમ માની, આ ધર્મદાનને અનુમતિ આપવી અને તેનું રક્ષણ કરવું. આને માટે ભગવત વ્યાસે કહ્યું છે કે ... ...

કાયસ્થ જેજજના પુત્ર કાંચનથી આ દાનપત્ર લખાયું છે. સંવત ૧૦૪૩, માઘ વદી ૧૫ રવિવાર, શ્રી મૂલરાજના સ્વહસ્ત.

---

૧ ગાયકવાડી ઉત્તર મહાલોમાં મોંઢેરાથી વાયવ્ય ખૂણામાં આવેલું નવું કમ્બોઈ. ૨ સિદ્ધપુરમાં મૂલરાજના ‘ રૂદ્રમાલા ’ મંદિરના હાલના નામનું આ દેખીતી રીતે મૂળ નામ છે. તેનો અર્થ રૂદ્ર એટલે શિવનો મહેલ એમ થાય છે. ૩ મંડલની મારી છેલ્લી મુલાકાતમાં આ એક વખતના સુવિખ્યાત મંદિરની શોધમાં ફોકટ ફાંફાં માર્યાં. તેમ વારંવાર દાનપત્રોમાં જણાવેલા તેની સાથેના આશ્રમની નિશાની પણ મળી નહીં. આવું મંદિર હતું તે બાબત કોઈ પણ માણસે સાંભળ્યું હોય એમ જણાતું નથી. છેવટે એક બુદ્ધિશાળી ભાટે સૂચના કરી કે મંડલને પૂર્વે બે માઈલ ઉપર મોલુ કા-કુઆ—નામનો એક કૂવો છે તેની નજીક કદાચ તે મંદિર હશે અને મોલુ એ મૂલરાજનું અપભ્રંશ નામ હશે. હું કહીશ કે તેનો અર્થ ‘ ખારાશવાળું ’ એમ થાય છે. મારી માન્યતા પ્રમાણે જે તળાવ પાસે ઘણા શિલાલેખો ઉસેલા છે તે તળાવ પાસે જ દક્ષિણ બાજુએ આ મંદરની હસ્તિ હતી. ૪ વર્દ્ધિ એ ‘વધિઆર’ ‘વઢિયાર’નો પર્યાય છે કે જે પ્રાચીન અને હાલનું નામ ઝીંઝુવાડાથી રાધનપુર વચ્ચેના કચ્છના રણની પડોશના પ્રદેશનું છે.

મૂલરાજ ૧ લાનાં બાલેરાનાં પતરાં

(વિક્રમ) સંવત ૧૦૫૧ માઘ સુદિ ૧૫

મી. એચ. એચ. ધ્રુવ અને મુન્શી દેવીપ્રસાદે આ પતરાંની નોંધ લીધેલી છે. જોધપુર સ્ટેટના સાંચોર ડિસ્ટ્રિકટમાં બાલેરાના બ્રાહ્મણ દેવરામના કબજામાં આ પતરાં છે. મી. ડી. આર. ભાંડારકરે મને આપેલી છાપો ઉપરથી હું તે પ્રસિદ્ધ કરૂં છું.

૭૨ૅ"×૫" નાં માપનાં બે પતરાં છે અને દરેક એક જ બાજુએ કોતરાએલું છે. તેમાં એકંદરે ૨૧ પંક્તિ લખેલી છે. તેમાંની ૧૦ પંક્તિઓ પહેલા, અને ૧૧ પંક્તિઓ બીજા પતરા ઉપર છે. તથા પતરાં સુરક્ષિત સ્થિતિમાં છે. તેને એક કડી વડે સાથે જોડેલાં છે. મી. ભાંડારકરને આ પતરાં મળ્યાં ત્યારે આ કડી ભાંગી ગયેલી હતી. તેના ઉપર મુદ્રા નહોતી.

ચૌલુકયોની અણહિલવાડ શાખાના સ્થાપનાર મહારાજાધિરાજ મૂલરાજ ૧ લાનો આ લેખ છે. મૂલરાજના બીજા બે લેખો પણ જાણમાં છે. જૂનામાં જૂનો[1] લેખ જેના ઉપર ઈ. સ. ૯૭૪ ના ઓગસ્ટની તા. ૨૪ ને વાર સોમને મળતી વિક્રમ–સંવત્ ૧૦૩૦ ના ભાદ્રપદ શુક્લ પક્ષ ૫ ની તિથિ લખેલી છે. તેની નોંધ મી. ધ્રુવે લીધેલી છે. બીજો લેખ, ઇ. સ. ૯૮૭ ના જાન્યુઆરીની તા. ૨ વાર રવિને મળતી વિક્રમ સંવત્ ૧૦૪૩ ના માઘ વદિ ૧૫ ની તિથિનો કડીનો છે. આપણો લેખ મૂલરાજનો છેલ્લામાં છેલ્લો છે. અને તેના ઉપર, ઈ. સ. ૯૯૫ ના જાન્યુઆરીની તા. ૧૯ મી ને વાર શનિ, જે દિવસે હિન્દુસ્તાનમાં ચંદ્રગ્રહણ દેખાયું હતું તેને લગતી સંવત્ ૧૦૫૧ ના માઘ શુક્લ પક્ષ ૧૫ મી તિથિના ચંદ્રગ્રહણની તારીખ છે. આમાંના કોઈ પણ લેખમાંથી આપણને મૂલરાજ વિષે બહુ જાણવા જેવી હકીકત મળતી નથી. કડીનાં પતરાં ઉપરથી જણાય છે કે, તે ચૌલુકયોનો વંશજ, તથા મહારાજાધિરાજ રાજીનો પુત્ર હતો, અને તેણે પોતાના બાહુબળ વડે સારસ્વત—મંડલ જિત્યું હતું. ગુજરાતના વૃત્તાન્તમાં રાજી કનૌજમાં કલ્યાણકટકનો રાજા હોવાનું લખ્યું છે, તથા તેના વિષે કેટલીક વાતો પણ આપી છે. પરંતુ આ વાતોનું પ્રમાણ લેખોમાં મળતું નથી. મૂલરાજના વંશના બીજા લેખોમાંથી તેના વિષે મળી આવતી હકીકત પણ જૂજ છે. તેને " ચૌલુકય વંશનાં કમળ— સરોવરને પ્રફુલ્લિત કરતો સૂર્ય " કહ્યો છે. (જુઓ જયંતસિંહ, ભીમદેવ, અને ત્રિભુવનપાલનાં કડીનાં પતરાં[3]). આ દાનપત્રનો હેતુ, કાન્યકુબ્જમાંથી દેશાંતર કરી આવેલા, દુર્લભાચાર્યના પુત્ર દીર્ઘાચાર્યને એક ચંદ્રગ્રહણને દિવસે આપેલું દાન નોંધવાનો છે. તેનો લેખક કાયસ્થ કાન્ચન છે. તેણે કડીનાં સંવત ૧૦૪૩ નાં પતરાં પણ લખ્યાં છે.[4] અને તેનો પુત્ર વટેશ્વર ભીમદેવનાં સંવત્ ૧૦૮૬ નાં કડીનાં પતરાંનો લેખક છે.[5] દૂતક મહત્તમ શિવરાજ છે.

દાનમાં સત્યપુર—મંડલમાં વરણક નામનું ગામ આપ્યું હતું. તેની સીમાઃ–પૂર્વે ધણાર ગામ, દક્ષિણે ગુંડાઉક ગામ, પશ્ચિમે વોઢા અને ઉત્તરે મેત્રવાલ. સત્યપુર એ જોધપુર સ્ટેટનું હાલનું સાંચોર છે. મુન્શી દેવીપ્રસાદ કહે છે કે, જયાંથી પતરાં મળ્યાં છે તે હાલનાં બાલેરા ગામનું (ઇંડીયન એટલાસ, શીટ ૨૧ એન. ડબ્લ્યુ; ૭૧° ૩૨' લાં°, ૨૪° ૪૩° લેઃ) સ્થળ વરણક છે. તેના આ મતનો આધાર હું જાણતો નથી અને વરણક માટે પૂર્વ દિશામાં ઘણે દૂર, ૭૨°૩૨" લો.અને ૨૪°૪૯" લે. માં જ્યાં ગોંડો ગામ છે, અને જે ગુંડાઉકને મળતું આવે છે, ત્યાં આપણે શોધ કરવી જોઇએ એમ વધારે સંભવિત લાગે છે. ગોંડોની ઉત્તરે મિરપુર ગામ છે. તે મેત્રવાલનું પાછળથી થયેલું રૂપ હોય, જયારે વાયવ્ય કોણમાં આવેલું બોડાણ વોઢા હોય, અને ઈશાન કોણનું દંતવારા ધણાર હોય, એ સંભવિત છે.

આ દાન અણહિલપાટક એટલે અણહિલવાડમાંથી આપ્યું હતું.

---

૧ એ. ઈ. વો. ૧૦, પા. ૭૬ પ્રો. સ્ટેનકોનો ૨ વિએના જર્નલ વો. ૫ પા. ૩૦૦ ૩ ઈ. એ. વો. ૬ પા. ૧૯૬ વિગેરે ૪ ઈ. એ. વો. ૬ પા.૧૯૨ ૫ ઈ. એ. વો. ૬ પા. ૧૯૪

अक्षरान्तर

पहेलुं पतरूं

१ ॐ[1] संवत् १०५१ माघ शुदि १५ आ[2]द्येह श्रीमदणहिलपाट-
२ के राजावली पूर्व्ववत् परमभट्टारकमहाराजाधिराज-
३ परमेश्वरश्रीमूलराजदेवः स्वभुज्यमानसत्यपुरमंड-
४ लांतःपातिवरणकग्रामे समस्तराजपुरुषान् ब्रा(ब्रा)ह्मणोत्तरां-
५ स्तन्निवासिजनपदांश्च बो(बो)धयत्यस्तु वः संविदितं यथा अ-
६ द्य सोमग्रहणपर्व्वणि चराचरगुरुं भगवंतमंबि(बि)कापति-
७ मभ्यर्च्च्य मातापित्रोरात्मनश्च पुण्ययशोभिवृद्धये उपरि-
८ लिखितवरणकग्रामोयं स्वसीमापर्यंतः सवृक्षमाला-
९ कुलः सकाष्ठतृणोदकोपेतः सदंडदशापराधः श्री-
१० क(न्)यकुब्ज(ब्ज) विनिर्ग्गताशेषविद्यापारगतपोनिधि-

बीजुं पतरूं

११ श्रीदुर्लभाचार्यसुताय श्रीदीर्घाचार्याय शास-
१२ नेनोदकपूर्व्वमस्माभिः प्रदत्तेति मत्वाअस्मद्वंशजैर-
१३ परैरपि भाविभोक्तृभिरस्मत्प्रदत्तधर्म्मदायोयमनुमं-
१४ तव्यः पालनीयश्च । अस्य च ग्रामस्य पूर्व्वस्यां दिशि धणा-
१५ रग्रामो दक्षिणस्यां गुंदाउकग्रामः पश्चिमायां वोढग्राम
१६ उत्तरस्यां मेत्रवालग्राम इति चतुराघाटोपलक्षितो-
१७ यं धाधलीकूपत्रिभागोदकेन सह दत्तः ॥ उक्तं च भगव-
१८ ता व्यासेन ॥ षष्ठिर्व्वर्षसहस्राणि स्वर्ग्गे तिष्ठति भूमिदः । आच्छे-
१९ त्ता चानुमंता च तान्येव नरकं(के) वसेत् ॥ लिखितमिदं सा(शा)सनं
२० कायस्थकांचनेन ॥ दूतोत्र महत्तमश्रीशिवराजः ॥—[3]
२१ श्रीमूलराजस्य ॥

---

१ चिह्नरूपे दर्शावेलो छे. २ 'आ' नी मात्रा भट्टारक मां मूळमां भूंसाई गयेलो लागे छे. ३ पुष्पनी आकृति चीतरेली छे.

ભાષાન્તર

ॐ ! સંવત ૧૦૫૧ માઘ શુદિ ૧૫ આજે પ્રખ્યાત અણહિલપાટકમાંથી પહેલાં પ્રમાણે રાજાવલી—પરમ ભટ્ટારક, મહારાજાધિરાજ, પરમેશ્વર શ્રી મૂલરાજદેવ, પોતાના રાજ્યના સત્યપુર મંડલનાવરણક ગ્રામમાં વસતા સમસ્ત રાજપુરૂષો અને બ્રાહ્મણાદિ સર્વ પ્રજાને શાસન કરે છે:—

"તમને જાહેર થાઓ કે આજે ચંદ્રગ્રહણસમયે જગતના સ્વામિ, અમ્બિકાના પવિત્ર સ્વામિ શિવની પૂજા કરીને ઉપર જણાવેલું વરણક ગામ તેની યોગ્ય સીમા સુધી, વૃક્ષઘટા સહિત, કાષ્ઠ, તૃણ, જલ સહિત, દશાપરાધના દંડની સત્તા સહિત, અમારા માતાપિતા અને અમારા પુણ્ય યશની વૃદ્ધિ માટે, કાન્યકુબ્જથી આવેલા, દુર્લભાચાર્યના પુત્ર, સર્વ વિદ્યાગાં નિપુણ, તપોનિધિ, શ્રીદીર્ઘાચાર્યને દાનપત્રથી પાણીના અર્ધ્ય સાથે અમોએ આપ્યું છે. આ જાણીને અમારા વંશના કે અન્ય ભાવી નૃપોએ આ અમારાં દાનને અનુમતિ આપવી અને તેનું રક્ષણ કરવું. અને એ નીચે વર્ણવેલી ચાર સીમાઓ સહિત અપાયું છે–પૂર્વે ધણાર ગામ : દક્ષિણે–ગુન્દ્રાઉક ગામ: પશ્ચિમે વોઢ ગામ: ઉત્તરે મેત્રવાલ ગામ:— આ ગામની સાથે ઘાઘલીકૂપના ત્રીજા ભાગનુ પાણી પણ અપાયું છે. અને ભગવાન વ્યાસે કહ્યું છે:– ભૂમિદેનાર ૬૦૦૦૦ વર્ષ સ્વર્ગમાં વસે છે. પણ દાન હરી લેનાર અથવા હરી લેવામાં અનુમતિ દેનાર તેટલો જ કાળ નરકમાં વસે છે. આ દાન કાયસ્થ કાઞ્ચનથી લખાયું હતું. દૂતક મહત્તમ શ્રી શિવરાજ હતો. શ્રી મૂલરાજના સ્વહસ્ત.

नं० १३९

ભીમદેવનું દાનપત્ર*

વિક્રમ સંવત્ ૧૦૮૬ કાર્તિક સુદ ૧૫

अक्षरान्तर

पतरुं पहेलुं

१ ९ विक्रम सम्वत् १०८६ कार्तिक शुदि १५ अद्येह श्रीमदणहिल-
२ पाटके समस्तराजावलीविराजितमहाराजाधिराजश्रीभी-
३ मदेवः स्वभुज्यमानकच्छमंडलांतःपातिघडहडिकाद्वादश-
४ के मसूरग्रामे समस्तराजपुरुषान् ब्राह्मणोत्तरांस्तन्निवा-
५ सिजनपदांश्च बोधयत्यस्तु वः संविदितं यथा अद्य कार्त्ति-
६ कीपर्व्वणि भगवंतं भवानीपतिमभ्यर्च्य कच्छमंडलमध्यव-
७ र्तिनवणीसकस्थानविर्ग्गताय आचार्यमंगलशिवसुता-
८ य भट्टारक आजपालाय सहिरण्यभागः संदडदसापराध
९ सर्व्वादायसमेत उपरिलिखितमसूरग्रामः शासनेनोद-
१० कपूर्व्वमस्माभिः प्रदत्तो यस्य पूर्व्वस्यां दिशि घडहडिकाग्रा-
११ मो दक्षिणस्यां ऐकयिकाग्रामः पश्चिमायां घरवद्रिकाग्राम
१२ उत्तरस्यां भझरिकाग्राम इति चतुराघाटोप-

पतरुं बीजुं

१ लक्षितं मसूरग्रामं मत्वा तन्निवासिभिर्यथादिय-
२ मानभागभोगादि सर्व्वं सर्व्वदा आज्ञाश्रवण-
३ विधेयैर्भूत्वाऽस्मै आजपालाय समुपनेतव्यं सामा-
४ न्यं चैतत्पुण्यफलं वुध्वाऽस्मद्वंशजैरन्यैरपि भाविभो-
५ क्तृभिरस्मप्रदत्तधर्म्मदायोयमनुमंतव्यः पाल-
६ नीयश्च उक्तं च भगवता व्यासेन षष्ठिं वर्षसहश्राणि
७ स्वर्गे तिष्ठति भूमिदः आच्छेत्ता चानुमंता च तान्ये-
८ व नरकं वसेत् लिखितमिदं कायस्छकांचनसुते [न]
९ वटेश्वरेण दूतकोऽत्र महासांधिविग्रहिकश्रीचंड-
१० शर्म्मा इति मंगल महाश्रीः श्रीभीमदेवस्य
११ स्वरजी .... स्थापीत

---

* ઈ. એ. વો. ૬ પા. ૧૯૩ ડૉ. બ્યુલ્હર. પતરાંનું માપ ૯''×૭'' છે. લિપિ અર્વાચીન દેવનાગરી હોઈ ઘણી જગ્યાએ ड, न, द्व, ध, स्य નાં પ્રાચીન રૂપનો ભેળસેળ છે. સ્થિતિ સુરક્ષિત છે. અક્ષરાંતર નારાયણ શાસ્ત્રીએ મારી દેખરેખ તળે તૈયાર કર્યું. પં. ૮ વાંચો दशापराधः. પં. ૧૦ ઉમેરો आघाटाः પં. ૧૧ घरवद्रिका માં द्रि સંશયવાળું છે. પં. ૪ વાંચો बुद्ध्वास्मद्वं પં. ૫ વાંચો स्मत्प्रद પં. ૬ વાંચો षष्टिं वर्षसहस्राणि પં. ૮ વાંચો नरके; પં. ૧૧ આ પંક્તિમાં અક્ષરો અર્વાચીન અને પછીથી ઉમેરેલા છે. મારી ધારણા પ્રમાણે, આ વાક્ય જેવાણીઆના કબજામાંથી આ પતરાંઓ મળ્યાં હતાં તેનેસ્રાં આ પતરાંઓ ગીરો મુકાયા સંબંધી સૂચન કરે છે. અને તેનો અર્થ 'સ્વરજી' એટલે સૂરિજી—આચાર્યે અથવા બ્રાહ્મણે (મારા ઘરમાં) સ્થાપેલાં છે—એમ થાય છે.

સારાંશ.

૧ પ્રસ્તાવના—વિક્રમ સંવત ૧૦૮૬, કાર્તિક શુદિ ૧૫ ને દિને અણહિલપાટકના મહારાજાધિરાજ ભીમદેવ કચ્છમંડલના ઘડહડિકાના દ્વાદશમાં આવેલા મસૂરાગ્રામના સમસ્ત રાજપુરૂષો અને નિવાસીઓને નીચેનું દાન જાહેર કરે છે:—

૨ દાન લેનાર પુરૂષ—કચ્છમાં આવેલા નવણીસકથી આવેલા આચાર્ય મંગલશિવનો પુત્ર ભટ્ટારક અજપાલ.[1]

૩ દાન— મસૂરા ગામ,[2] તેની સીમા:—

(અ) પૂર્વમાં ઘડહડિકા ગામ.
(બ) દક્ષિણમાં ઐકયિકા ગામ.
(ક) પશ્ચિમે ઘરવડિકા ગામ.
(ડ) ઉત્તરે પ્રઝરિકા ગામ.

૪ રાજપુરૂષો—દાન લખનાર કાયસ્થ કાંચનનો[3] પુત્ર વટેશ્વર, દૂતક મહાસાંધિવિગ્રહિક શ્રીચંડશર્મન.

---

૧ મી. ડી. ખખ્ખર મને જણાવે છે તે પ્રમાણે ભટ્ટારકના વંશજો હજુ પણ કચ્છમાં આજદિનપર્યંત હૈયાત છે.
૨ આ ગામ અથવા અન્ય દર્શાવેલાંમાંનું કોઈ પણ ગામ નકશાથી જાણી શકાતાં નથી. ૩ જુઓ દાનપત્ર નં. ૧ લું

નં૦ ૧૪૦

ભીમદેવનાં તામ્રપત્રો[1]

વિ. સં. ૧૦૮૬ વૈ. સુ. ૧૫

માહિમનો જિતનાર અને રાજા ભીમદેવ પોતાનાં આ અપ્રસિદ્ધ તામ્રપત્રો છે. પતરાં બે છે, અને બન્ને અંદરની બાજુએ કોતરેલાં છે. પહેલામાં છ અને બીજામાં પાંચ પંક્તિઓ છે. તેનું માપ ૪½"×૩½" છે. પહેલા પતરાના નીચેના ભાગમાં અને બીજા પતરાની ઉપરના ભાગમાં વચ્ચો વચ એકેક કાણું છે અને તેમાં ½" વ્યાસની નાની કડી છે. પતરાં સુરક્ષિત છે અને કોતરકામ ઘણું સુંદર અને સ્પષ્ટ છે.

अक्षरान्तरे[2]

पतरुं पहेलुं

१ ओं विक्रमसम्वत् १०८६ वैशाख शुदि १५ अद्ये-

२ ह श्रीमदणहिलपाटके समस्तराजावलीवि-

३ राजितमहाराजाधिराजश्रीभीमदेवः स्वभु-

४ ज्यमानवर्द्धिविषयांतःपातिमुंडकग्रामे स-

५ मस्तजनपदान्बोधयत्यस्तु वः संविदितं यथा

६ अद्य वैशाखी पर्वणि उदीचब्राह्मणबल्भद्र

पतरूं बीजुं

७ सुताय वासुदेवाय ग्रामस्योत्तरस्यां दि-

८ शि मुंडकग्रामेऽत्रैव भूमेहलवाहाएका १

९ शासनेनोदेकपूर्वमस्माभिः प्रदत्ता इउ [ति]

१० लिखितमिदं कायस्थकांचनसुतवटेश्वरेण

११ दूतकोऽत्र महासांधिविग्रहिकश्रीचंडशर्म्मा

इउ [ति] श्रीभीमदेवस्य ॥

ભાષાન્તર

વિ. સં. ૧૦૮૬ (ઈ. સ. ૧૦૩૦)ના વૈશાખ સુદિ ૧૫ ને દિવસે આંહી અણહિલપાટકમાં બધા રાજાઓને શોભા આપનાર મહારાજાધિરાજ શ્રીભીમદેવ પોતાના ભોગવટાના પ્રદેશમાં આવેલા મુંડક ગામમાં બધા રહેવાશીઓને જાહેર કરે છે કે—તમને માલુમ થાય કે આજે વૈશાખી પર્વણીને દિવસે ઉદીચ (ઔદિચ્ય) બ્રાહ્મણ બલભદ્રના દીકરા વાસુદેવને મુંડકગામમાં ગામની ઉત્તર દિશામાં હલવાહ[2] એક ભૂમિ શાસનના પાણી પૂર્વક અમે દાનમાં આપેલ છે. કાયસ્થ કાંચનના દીકરા વટેશ્વરે આ દાન લખ્યું; દૂતક તરીકે સંધિ વિગ્રહ ખાતાનો અધિકારી શ્રી ચંડશર્મા હતો.

શ્રી ભીમદેવની (સહી)

---

૧ જ. બો. બ્રે. રો. એ. સો. વધારાનો અંક— "મુંબઈની ઉત્પત્તિ" પા. ૪૯ જે. જી. ડા'કુન્હા ૨ અસલ પતરાં ઉપરથી એક હળથી ખેડાય તેટલી જમીન.

નં० ૧૪૧-૧૪૨

ચાલુકય કર્ણદેવના સમયનાં નવસારીમાંથી મળેલાં બે દાનપત્રો (તામ્રપત્રો જોડી બે[1])

શ. સં. ૯૯૬ માર્ગ. સુ. ૧૧

આ. સ. વે. સ. ના ૧૯૧૮ આખરના રીપોર્ટમાં જણાવ્યા અનુસાર આ તામ્રપત્રો મુંબઈ-માંની રૉ. એ. સો. ની શાખાના લાઇબ્રેરીયન મી. પી. બી. ગોથોસ્કરે સુપરીટેન્ડન્ટને મેળવી આપ્યાં હતાં. તે રીપોર્ટ ભાગ બીજામાં પા. ૩૫ મે આ પતરાં સંબંધી ટુંકી નોંધ છે. પતરાંના ફોટોગ્રાફ તથા રબિંગો પ્રસિદ્ધ કરવા ડૉ. વી. એસ. સુકથંકરને આપવામાં આવેલ, પણ તેઓ લાંબી રજા ઉપર ગયા ત્યારે મને સોંપવામાં આવ્યાં.[2] આ બે જોડીમાંથી પહેલી જોડી ' એ ' ફોટોગ્રાફ તથા રબિંગ ઉપરથી અને બીજી જોડી ' બી ' માત્ર ફોટોગ્રાફ ઉપરથી પ્રસિદ્ધ કરૂં છું. આ બધાં ઉપરાંત પતરાં સંબંધી એક ટાઇપ કરેલી નોટ કોઈ તે બાજુના લેખકે લખેલી મને સોંપવામાં આવેલ, જેમાં તેમાં લખેલાં સ્થળો ઓળખાવવાનો પ્રયત્ન કરેલો હતો.[3]

' એ ' દાનનાં ત્રણ રબિંગો છે અને એમ અનુમાન થાય છે કે પહેલું પતરૂં બન્ને બાજુ અને બીજું એકજ બાજુ કોતરેલું હશે. ' બી ' દાનનાં બે જ રબિંગ છે અને તેનાં બન્ને પતરાં એક જ બાજુ કોતરેલાં હશે. બધાં પતરાંનું માપ ૯$\frac{1}{2}$''×૬$\frac{3}{4}$'' છે. બધાં પતરાંમાં કાણાં પાડેલાં છે, પણ કડી તેમ જ સીલ માટે કાંઈ કહી શકાતું નથી. રબિંગ ઉપરથી કહી શકાય કે 'એ' દાનનાં પતરાં સંભાળપૂર્વક ઊંડાં કોતરેલાં છે, જ્યારે ' બી ' દાનનાં પતરાં બહુ જ બેદરકારીથી છીછરાં કોતરેલાં છે. બધાં પતરાં સુરક્ષિત લાગે છે. એ દાનની છેલી બે પંક્તિઓ 'બી' દાનના કોતરનારે કોતરી લાગે છે. લિપિ બન્નેમાં નાગરી છે અને અક્ષરોનું સરાસરી માપ પહેલામાં $\frac{3}{8}$ ઇંચ અને બીજામાં $\frac{1}{4}$ ઇંચ છે. ભાષા બન્નેમાં સંસ્કૃત છે. ' એ ' દાનનો ઘણો ખરો ભાગ, પંક્તિ ૪ થી ૧૧, ૨૭ થી ૨૯ અને ૩૦ થી ૩૬ બાદ કરીને, પદ્યમાં છે. જ્યારે 'બી' દાનમાં છેલ્લા બે શાપના શ્લોકો સિવાય બધો ભાગ ગદ્યમાં છે.

' એ ' દાનની શરૂવાત વાસુદેવને નમસ્કારથી તેમ જ વિષ્ણુના વરાહ અવતારની સ્તુતિથી થાય છે પં. (૧—૪). ત્યારપછી દાનની તિથિ નીચે મુજબ આપેલ છે—શક સંવત ૯૯૬ ના માર્ગશીર્ષ સુદિ ૧૧ વાર ભૌમ (પં. ૪—૫). પછી ચાલુકયોની વંશાવળી છે જેમાં મૂળરાજથી શરૂ કરી, અનુક્રમે દુર્લભરાજ ભીમદેવ અને કર્ણદેવનાં નામ આપેલ છે (પં. ૬—૯). આ કર્ણદેવના રાજ્યમાં મહામણ્ડલેશ્વર શ્રી દુર્લભરાજે દાન આપેલું છે. તેનું મથક લાટ પ્રાંતમાં નાગસારિકામાં હતું. આ દુર્લભરાજ પણ ચાલુકય વંશનો જ છે અને તે ગાંગેયનો પૌત્ર અને ચંદ્રરાજનો દીકરો હતો. (પં. ૧૦—૨૪). તેણે પંડિત મહિધરને ઘમણાચ્છ ગામ દાનમાં આપ્યાનું ત્યાર બાદ લખેલ છે (પં. ૨૫-૩૪). છેલ્લી બે પંક્તિ ૩૫ ને ૩૬ જેમાં તે ગામની ચતુઃસીમા આવે છે તે પાછળથી ઉમેરી હશે.

' બી ' દાનની શરૂવાત એકદમ વંશાવલીથી જ થાય છે અને મૂલરાજથી કર્ણદેવ સુધીની હકીકત આપેલ છે (પં. ૧—૬). આમાં મૂલરાજ અને દુર્લભરાજ વચ્ચે ચામુંડરાજનું નામ વિશેષ જોવામાં આવે છે. પછી દાનનું વર્ણન એ દાનની માફક જ આવે છે. માત્ર તિથિમાં ફેર છે; કારણ આમાં વિ. સં. ૧૩૧૧ કાર્તિક સુ. ૧૧ આપેલ છે (પં. ૭—૨૧). અંતમાં શાપના શ્લોકો તેમ જ લેખક તથા દૂતકનાં નામ છે.

---

૧ જ. બો. બ્ર. રૉ. એ. સો. વો. ૨૬ પા. ૨૫૦ જી. વી. આચાર્ય. ૨ ડૉ. સુકથંકરે ટાંચેલી કેટલીક હકીકતો તેમણે મને આપી હતી તે માટે, તેમનો ઉપકાર માનું છું. ૩ મેં આ લેખ વાંચ્યો ત્યારે ડૉ. જીવણજી. જે. મોદી એ જાહેર કર્યું કે તે નોટ તેમણે લખી છે.

આમાંનો કર્ણદેવ તે અણહિલવાડના ચાલુકય રાજા સિદ્ધરાજ જયસિંહનો બાપ છે અને તેણે ઈ. સ. ૧૦૬૪થી ૧૦૯૪ સુધી રાજ્ય કર્યું હતું. આ રાજાનો બીજો લેખ એ. ઈ. વો. ૧ પા. ૩૧૭ માં વિ. સં. ૧૧૪૮ નો પ્રસિદ્ધ થએલ છે.

'એ' દાનની તિથિ શબ્દ તેમ જ અંકમાં શક સંવત ૯૯૬ માર્ગશીર્ષ સુદિ ૧૧ વાર ભૌમ અને બી દાનની તિથિ વિ. સ. ૧૧૩૧ કાર્તિક સુદિ ૧૧ આપેલ છે. મી. કે. એન દીક્ષિતે કરેલી ગણત્રી અનુસાર તે તિથિઓ મંગળવાર તા ૨ જી ડીસેંબર ૧૦૭૪ ઈસ્વી અને રવિવાર તા. ૨ જી નવેમ્બર ૧૦૭૪ ઈસ્વી સાથે મળતી આવે છે.

'એ' દાનમાં દાન આપનાર કર્ણદેવ પોતે છે, જ્યારે 'બી' દાનમાં તેનો ખંડિયો રાજા નવ-સારિમાં રહેતો દુર્લભરાજ દાતા તરીકે છે. દાન લેનાર બન્નેમાં એક જ વ્યક્તિ છે અને તે બ્રાહ્મણ રુદ્રાદિત્યનો પુત્ર માંડવ્ય ગોત્રનો પંડિત મહીધર આપેલ છે. બી દાનમાં મહીધરના દાદા મધુસૂદન-નું નામ પણ આપેલ છે, જ્યારે 'એ' દાનમાં પંડિતનાં પાંચ પ્રવરો વર્ણવ્યાં છે. મધ્યદેશ કે જ્યાં તે રહેતો હતો ત્યાંથી પંડિત લાટદેશમાં આવેલો હતો.

દાનમાં આપેલું ગામડું ધામણાચ્છા તલભદ્રિકા છત્રીસીમાં આવેલું હતું અને તેની પૂર્વમાં કાલાગ્રામ દક્ષિણમાં તોરણગ્રામ, પશ્ચિમમાં આવલસઠિ અને ઉત્તરે કછાવલિ અથવા તો કચ્છા-વલિ ગામ હતાં. આ. સ. વે. સ. ના સુપરીટેન્ડેન્ટે આમાંનાં બે ગામો ધામણાચ્છા અને તોરણ-ગ્રામને હાલનાં ધમડાછા અને તરણગામ અગર તોરણગામ માનેલાં છે.[1] બાકીનાં સ્થળો પણ ટાઈપ કરેલી નોટના લેખકે બરોબર ઓળખાવ્યાં છે. કચ્છાવલિગ્રામ તે હાલનું કછોલી અને અવલસાઠિગ્રામ અથવા આમ્વલસાટિગ્રામ તે હાલનું બી. બી. એન્ડ સી. આઈ રેલ્વેનું અમલ-સાડ સ્ટેશન છે. કાલાગ્રામ માટે તે બહુ ચોક્કસ નથી, તો પણ સૂચવે છે કે તે કદાચ હાલનું કલવચ, અગર ખેરગામ હોય. આ સિવાય બીજાં ત્રણ સ્થળો લેખમાં આવે છે જેમાંનું નાગ-સારિકા તે હાલનું નવસારી છે. લાટદેશ તે ઉત્તર તેમ જ દક્ષિણ ગુજરાતનું જૂનું નામ છે અને મધ્યદેશ તે ગંગા અને જમનાં વચ્ચેનો પ્રદેશ છે.

આ બે તામ્રપત્રો 'એ' અને 'બી' એક જ દાન આપવા માટે શા માટે લખાયાં હશે અને તેમાંનું કયું સાચું અને કયું ખોટું તે નિશ્ચય કરવો કઠણ છે. સુપરી. આ. સ. વે. સ. તેમ જ ટાઈપ કરેલી નોટના લેખક માને છે કે 'એ' દાનપત્ર જે વધારે સારી રીતે કોતરેલું છે તે ખરૂં છે અને બીજું પાછળથી તેની નકલ તરીકે તૈયાર થએલ હશે. ટાઈપ કરેલી નોટના લેખકે એવું સમાધાન કર્યું છે કે એનો લખનાર કાયદાથી બીનવાકેફ હશે તેથી તેણે સીમા વગેરે લખેલ નહીં. 'બી'ના લેખકે પ્રથમ તે ભૂલ મૂળ એ માં જ સુધારવાનો પ્રયત્ન કર્યો, પણ પાછળથી બધું નવેસર-થી લખવાનું દુરસ્ત ધાર્યું. પરંતુ બન્ને દાનપત્રો બારીકીથી તપાસ્યા બાદ હું તેનું નીચે મુજબ સમાધાન કરવા ઇચ્છું છું. બન્ને દાનપત્રોમાં નીચે લખ્યા ફેરફાર સહજ જોવામાં આવે તેમ છે.

(૧) 'બી' દાનપત્ર બીજાં ઉત્તર ગુજરાતનાં તામ્રપત્રોની પદ્ધતિએ લેખાએલું છે, જ્યારે 'એ' દાનપત્ર દક્ષિણનાં તામ્રપત્રોની પદ્ધતિને અનુસરે છે.

(૨) 'બી'માં સાલ વિક્રમ સંવતમાં આપેલી છે, જ્યારે 'એ'માં દક્ષિણનાં તામ્રપત્રની માફક શક સંવતમાં આપેલ છે.

---

૧ આ સ. વે. સ. રીપોર્ટ ઈ. સ. ૧૯૧૮ પા. ૩૬
કે. ૫૮

(૩) ઈ. એ. વો. ૬ પા. ૧૯૪ અને ત્યાર પછીના પાનામાં પ્રસિદ્ધ થએલાં ચાલુક્ય તામ્રપત્રોની માફક 'બી' વંશાવલિ વિભાગથી શરૂ થાય છે, જ્યારે 'એ' માં મંગલાચરણના શ્લોકો તથા વરાહ અવતારની સ્તુતિ છે જે દક્ષિણનાં તામ્રપત્રોમાં જોવામાં આવે છે.

(૪) શાપ દર્શાવનારા શ્લોકો 'બી' માં છે, પણ 'એ' માં નથી.

(૫) 'બી' માં દાન લેનારાના દાદાનું નામ છે, જે 'એ' માં નથી.

(૬) 'બી' માં ચામુંડરાજનું નામ છે, જે 'એ' માં જોવામાં આવતું નથી.

(૭) સીમા વિગેરે દાનની વિગત 'બી' માં પુરેપુરી આપેલી છે, જ્યારે 'એ' માં તે ભૂલાઈ જવાઈ છે તે પાછળથી ઉમેરવાનો પ્રયત્ન કરેલો છે.

(૮) ખંડિયા રાજા દુર્લભરાજનું સ્તુતિ રૂપ વર્ણન 'એ' માં બહુ વિસ્તારથી છે, જ્યારે 'બી' માં નથી.

૯ 'બી' માં લેખક તેમ જ દૂતકનાં નામ આપેલ છે, જ્યારે 'એ' નામંજુર થયું હશે તેથી તે બધી વિગતો તેમાં પૂરી કરેલ નથી.

આ બધી વિગતો ઉપરથી એવું અનુમાન થઈ શકે છે કે 'બી' દાનપત્ર મૂલ ચાલુક્ય રાજાઓની રાજધાનીમાં લખાયું હશે અને નવસારી જીલ્લાના સુબા દુર્લભરાજને તે દાન લેનારને સોંપવા માટે મોકલ્યું હશે. પણ તેણે તે જ દાનપત્ર સોંપવાને બદલે તે દાન દક્ષિણ તામ્રપત્રોની પદ્ધતિસર નવું કોતરાવ્યું અને તે વખતે પોતાનું તેમ જ પોતાના પૂર્વજોનું પ્રશંસાત્મક વર્ણન તેમાં દાખલ કરાવ્યું. આ નવી નકલ મંજુરી માટે રજુ થઇ હશે ત્યારે તેમાંના દોષો સીમા વિગેરે ન લખવારૂપી માલુમ પડયા હશે અને તે પાછળથી છેલ્લી બે લીટીમાં ઉમેર્યા છતાં સંતોષકારક ન જણાયું તેથી અપૂર્ણ જ રહ્યું અને લેખક તેમ જ દૂતક વિગેરેનાં નામો તેમાં લખાયાં નહીં. બન્નેની તિથિ તપાસવાથી પણ ઉપરના અનુમાનને ટેકો મળે છે. 'બી' દાનમાં રવિવાર તા. ૨ જી નવંબર ૧૦૭૪ આપેલ છે, જ્યારે 'એ' માં મંગળવાર તા. ૨ જી ડીસેમ્બર ૧૦૭૪ આપેલ છે. એટલે કે 'બી' દાન બરાબર એક મહીના પહેલાં લખાયું હતું.

अक्षरान्तर 'ए'

पतरूं पहेलुं पहेली बाजु

१ ॐ नमो भगवते वासुदेवाय ॥ पायात्कर्द्दमवांच्छया भगवतः ग्राडाक्रं

२ तेः क्रीडतो यस्याङ्घिस्तृणबिंदुवत्परिगतो दष्ट्रौग्रभागैकतः ॥ अन्य

३ स्मिन्नपि रेणुवद्विलसति क्षोणी युगान्तागमे लज्जावेशविसस्थुलं–

४ स्य दधतः सूत्कारसारं वपुः ॥ स्वस्ति शकसम्वत्सरषडधिकनवत्य-

५ धिकनवसत्यों अंऽकतोपि ९९६ मार्गशिरशुदि ११ भौमे ॥ अ-

६ द्येह महाराजाधिराजपरमेश्वरश्रीमूलराजदेवपादानुध्यातपर-

७ मभट्टारकमहाराजाधिराजपरमेश्वरश्रीदुर्ल्लभराजदेवपादानु-

८ ध्यातपरमभट्टारकमहाराजाधिराजपरमेश्वरश्रीभीमदेवपादानें-

९ ध्यातपरमभट्टारकमहाराजाधिराजपरमेश्वरश्रीकर्ण्णदेवकल्या-

१० णविजयराज्ये सत्येतस्मिने काले लाटदेशान्तःपातिनागसारिका-

११ सीं तत्पादपद्मोपजीवी ॥ आसीद्वंदितपादपंकजपुराण्चौर्लुक्यरा-

१२ जान्वये सौर्योदार्यगुणान्वितो द[हर]जो गांगेयना-

१३ मा पुरा यस्याद्यापि दिवौकर्मी प्रतिगृहं गायंति सि-

१४ द्धांगनाः ॥ कीर्तिं तस्य न यांति सांप्रतमहो वर्क्तुं गु-

१५ णामाद्दशैः ॥

पतरूं पहेलुं बीजी बाजु

१६ संभोगभूमिर्भुवि लब्धकीर्तिः श्रीचंद्रराजोथ ब-

१७ भूव तस्मातें ॥ अद्यापि यस्य प्रभुतां प्रभूताः

१८ गायंति गति[१२] खलु भूभुजोपि । जातः श्रीदुर्ल्ल-

१९ भेशः क्षितिर्पतितिलकश्चंद्रराजात्प्रतापी । कीर्तिः सप्ताब्धिमध्ये वि-

२० लशति[१४] च बलाद्राजहंसीव नित्यं ॥ यस्योच्चैर्व्वाजिराजप्रसरखुर-

२१ पुटोत्खातनिर्भिन्नभूमेर्धूलीमेघावलीव प्रसरति गगने विश्वमा-

२२ च्छादयंती ॥ गतभुवनकुलानि व्याप्तदिग्मंडलानि श्रुतंतुंहि-

२३ नगिरीणि[क्रांत]तारापथानि । सरसकमलकंदच्छेदगौराणिकांम ।

१ वांचो क्रोडा २ वांचो दंष्ट्रा ३ वांचो संस्थुल ४ वांचो नवशत्यां ५ वांचो पादानु ६ वांचो तस्मिन् ७ वांचो यां ८ वांचो पुराचौलु ९ वांचो शौर्यौदा १० वांचो कसां ११ वांचो तस्मात् १२ वांचो गाने १३ वांचो क्षितिप १४ वांचो लसति १५ वांचो श्रित

२४ ममुरमरपते[र्नो]घाम्नि धामानि यस्य । स्नात्वा पुण्यमृदूदकेन विभिवो

२५ संतर्प्य देवान् पितृमँ । धर्म्मीशासनतत्परेण मनसा संपूज्य नारा-

२६ यणं । आहूयाखिलविप्रपंडितजनान् भ–मवाजा ददौ ॥ गो[प]त्यानि

पतरूं बीजुं

२७ समस्तशास्त्रविधिना दानानि चान्यानि च । निजराजावली विराजितमहा-

२८ मेडलेश्वरंश्रीदुर्लभराजः स्वनियोगस्थार्तै । मंविपुराहितसेनापत्यात्कपँ-

२९ टलिकप्रभृतीन् समाज्ञापयति ॥ चला विभूतिः जैणभंगि यौवनं कृतांतर्दें-

३० तांतरवर्ति जीवितं । त[थौघवजु]पटलजीवितमाकलय्य । मध्यदेशादा-

३१ गतसकलवेदशास्त्रा[र्थ]विदाय । मांडव्यगोत्रोत्पनार्यमांडव्यभार्ग-

३२ व्यअंगिराऊर्म्मिजमदग्निपंचप्रवरसयुताय । विप्ररुद्रा । दित्यसुत-

३३ पंडितमहीधराय । तलभद्रिकाषट्त्रिंशत्पथके । उदकेन । सवृक्षै-

३४ माकाकुलं ससीमापर्यंतं धामणाच्छाग्रामं ददौ । पूर्वस्यां दिशि का-

३५ लाग्रामः दक्षिणस्यां दिशि तोरणग्रामः पश्चिमस्यां दिशि आवल-

३६ सादिग्रामः उतर[11]स्यां दिशि कछावलीग्रामः ॥

अक्षरान्तर ‘ बी ’

पहेली बाजु

१ राजावली [पूर्व]वत् ॥ परमभट्टारकमहाराजाधिराजपरमेश्व-

२ रश्रीमूलराजदेवपादानुध्यातपरमभट्टारकमहाराजाधिराज-

३ श्रीचामुंडराजदेवपादानुध्यातपरमभट्टारकमहाराजाधिराज-

४ श्रीदुर्लभराजदेवपादानुध्यातपरमभट्टारकमहाजाधिराज-

५ श्रीभीमदेव पादानुध्यातपरमभट्टारकमहाराजाधिराजश्रीकर्ण्णदे-

६ व[स्वभुज्य]माननागसारिकाविषयप्रतिबद्धतलहदष[ट्त्रिंश]ता-

७ न्तःपातिनःसमस्तराजपुरुषान् ब्राह्मणोत्तरान् तन्निवासिज-

८ नपदां[12] बोधयत्यस्तु वः संविदितं[13] यथा श्रीविक्रमादित्योत्पादि-

९ तसवत्सरै[शते]ष्वेकादशसु एकतृंशदधिकेषु अत्रांकेतोपि सं. ११३१

१० कार्त्तिकशुदि ११ एकादशीपर्वणि चराचरगुरुमहेश्वरमभ्यर्च्य सं-

११ सारासारता विचिंत्य पित्रोरा[त्मनश्चपुण्य][17]यसोभिवृद्धये मध्यदेशा-

१ वांचो विधिना २ वांचो पितृन् ३ वांचो मंडलेश्वर ४ वांचो योगस्थान ५ वांचो पत्यक्षप ६ वांचो लाघ ७ वांचो तर्द ८ वांचो त्पन्नाय ९ वांचो संयुता १० वांचो सवृक्ष ११ वांचो उत्तरस्यां १२ वांचो पदाश्च १३ वांचो दितं १४ वांचो संवत्स– १५ वांचो त्रिंश– १६ वांचो त्रांक १७ वांचो यशो–

१२ दागताय अधीतसकलशाखाय मांडव्यगोत्राय ब्राह्मणमधुसूदनपौ-
१३ त्राय रुद्रादित्यसुताय पंडितमहीधराय ससीमापर्यंतः सहिरण्यभा-
१४ [गभो]गः सवृक्षमालाकुलः सदंडदशापराधः सोपरिकरः
१५ सर्वादायसमेतः पूर्वप्रदत्तदेवदायब्रह्मदायवर्ज्जधाम-

बीजी बाजु

१६ णाछाभिधानग्रामः शासनेनोदकपूर्वमस्याभिप्रदत्तः
१७ [त] स्य च पूर्वस्यां दिशि—राईग्रामः । दक्षिणस्यां दिशि
१८ तोरणग्रामः । पश्चिमस्यां दिशि आम्बलसाडिग्रामः उत्तरस्यां
१९ दिशि कच्छावली: इति चतुराघाटोपलक्षितग्राममेनं तन्नि-
२० वासिजनपदैर्यथादीयमानभागभोगकरहिरण्यादिसर्वदास-
२१ वैमाज्ञाश्रवणविधेयैर्भूत्वा अस्मद्वंशजैरन्यैरपि अस्माभि । प्रदत्त-
२२ मुपनेतव्यं पालनीयं च ॥ उक्तं च भगवता व्यासेनः षष्टिर्वर्षसह-
२३ स्राणि² स्वर्गे तिष्ठति भूमिदः आछेत्ता चानुमंता च तान्येव नर-
२४ कें⁴ वसेत् । विंध्याटवीष्वतोयासु शुष्ककोटरवासिनः कृष्णस-
२५ र्पाः प्रजायंते भूमिदानापहारकाः ॥ २ ॥ लिखितमिदं शासनं का·
२६ यस्थवटेश्वरसुतकेका-दूतकोत्र महासांधिविग्रहिक
२७ श्री-गादित्यइति

---

१ वांचो ब्राह्म २ वांचो स्राणि ३ वांचो आच्छेत्ता ४ वांचो के

ભાષાન્તર સંક્ષિપ્ત

‘ એ ’ જોડી

ઓં વાસુદેવને નમસ્કાર—વરાહ અવતારની સ્તુતિ. મૂલરાજના ચરણુ સેવનાર દુર્લભરાજ અને તેનાં ચરણુ સેવનાર ભીમદેવ અને તેનાં ચરણુ સેવનાર રાજા કર્ણદેવ રાજ્ય કરતો હતો તે વખતે લાટ દેશમાં નાગસારિકામાં દુર્લભરાજ સૂબો હતો. તે દુર્લભરાજ ચન્દ્રરાજનો દીકરો અને ગાંગેયનો પૌત્ર હતો. ગાંગેય તે ચાલુક્યના વંશમાં નાના ભાઈનો વંશજ હતો.

આ દુર્લભરાજે સ્નાન, પૂજા, સ્મરણુ ઇત્યાદિ કરીને શક સંવત ૯૯૬ ના માર્ગશીર્ષ સુ. ૧૧ વાર મંગળના રોજ તલભદ્રિકા છત્રીશીમાં આવેલું ધામલાચ્છા ગામ પંડિત મહિધરને દાનમાં આપ્યું. મહિધર બ્રાહ્મણુ રુદ્રાદિત્યનો દીકરો હતો અને તે વેદશાસ્ત્રપારંગત હતો અને મધ્યદેશમાંથી આવેલો હતો. તેનું ગોત્ર માંડવ્ય હતું અને માંડવ્ય, ભાર્ગવ, અંગિરા ઉર્મિ અને જામદગ્નિ, એ પાંચ પ્રવર હતાં.

તે ગામની પૂર્વે કાલા ગ્રામ, દક્ષિણે તોરણુ ગ્રામ પશ્ચિમે આમ્વલસાઢિ અને ઉત્તરે કછાવલી, એ ગામો આવેલાં હતાં.

‘ બી ’ જોડી

વંશાવલિ પહેલાંની માફક. મૂલરાજનાં ચરણુ સેવનાર ચામુંડરાજ તેનાં ચરણુ સેવનાર દુર્લભરાજ તેનાં ચરણુ સેવનાર ભીમદેવ અને તેનાં ચરણુ સેવનાર કર્ણદેવ બધા અમલદારો વગેરેને તેમ જ નાગસારિકામાં તલભદ્રિકા છત્રીશીમાં રહેતા બધા બ્રાહ્મણો તેમ જ અન્ય વર્ગને જણાવે છે કે—વિ. સ. ૧૧૩૧ ના કાર્તિક સુ. ૧૧ ને દિવસે, ધામણાચ્છા નામનું ગામડું, મધ્ય દેશમાંથી આવેલા વેદશાસ્ત્રપારંગત અને માંડવ્ય ગોત્રના મધુસૂદનના પૌત્ર અને રુદ્રાદિત્યના દીકરા પંડિત મહીધરને દાનમાં આપેલું છે. તેની પૂર્વમાં ... ... દક્ષિણે તોરણગ્રામ, પશ્ચિમે આવલસાઢી અને ઉત્તરે કછાવલી આવેલાં છે. આ દાન ચતુઃસીમા ચોકસ કરીને મેં આપ્યું છે, અને બધાંએ કબુલ રાખવાનું છે. કાયસ્થ વટેશ્વરના દીકરા કેક- ... ... આ દાન લખ્યું. દૂતક સન્ધિવિગ્રહના અધિકારી શ્રીમાન્ ... ... ગાદિત્ય હતો.

નં૦ ૧૪૩

ચૌલુકય રાજા કર્ણ ૧ લાનું સૂનકનું દાનપત્ર[1]

વિક્રમ સંવત ૧૧૪૮ વૈશાખ સુદિ ૧૫ સોમવાર

મી. એચ. કસેન્સે કૃપા કરી મોકલેલી બે ઉત્તમ છાપો પરથી નીચેનો લેખ પ્રસિદ્ધ કર્યો છે. આ લેખ બે તામ્રપત્રોના અંદરના ભાગમાં કોતરેલો છે. આ પતરાં સૂનકમાંથી મળ્યાં હતાં, જે સૂનક ગામ ઉત્તર ગુજરાતમાં પાટણના અગ્નિકોણમાં પૂર્વે આશરે ૧૫ માઈલ પર, અને ઉંઝા[2] રેલ્વેસ્ટેશનથી પશ્ચિમમાં આશરે ૫ માઈલ પર આવેલું છે. આ પતરાં હાલ પાટણના રહીશ મી. નારાયણ ભારતીના કબજામાં છે. જ્યારે મી. કસેન્સે પતરાંની નકલ લીધી ત્યારે તે એક કડી વડે જોડેલાં હતાં. તે કડી કેટલાક વખત પહેલાં ભાંગેલી હતી. બીજી કડી, જેના ઉપર કદાચ મુદ્રા હશે તે ખોવાઈ ગઈ હતી. છાપો ઉપરથી અનુમાન કરતાં પતરાં સંપૂર્ણ રીતે સુરક્ષિત જણાય છે.

લેખ સંસ્કૃત ગદ્યમાં છે. દાનપત્રની તારીખ વિક્રમ-સંવત્ ૧૧૪૮ ના વૈશાખ સુદિ ૧૫ સોમવારે થએલા ચંદ્રગ્રહણની છે. આ તારીખની ગણત્રી મી. ફ્લીટે નીચે પ્રમાણે મને કરી આપી છે:—"આ તારીખને મળતી યુરોપની તારીખ ઈ. સ. ૧૦૯૧ ના મે મહિનાની તા. ૫, સોમવારની છે. આ દિવસે ચંદ્રગ્રહણ હતું. તે ઉત્તરનું વિક્રમ-સંવત્ ૧૧૪૮ મું વર્ષ, જે પૂરૂં થયું હતું અગર દક્ષિણનું વિક્રમ-સંવત ૧૧૪૭ નું, જે ચાલતું હતું, તેના વૈશાખની પૂર્ણિમાની તિથિ હતી. મુંબઇ માટેના સૂર્યોદયના કાળ પછી ૫૦ ઘડી અને ૫૮ પળે આ તિથિનો અંત આવ્યો હતો, તેથી ગ્રહણ હિંદુસ્તાનમાં દેખાવું જોઇએ. દક્ષિણના પૂરા થયેલા વિક્રમ-સંવત ૧૧૪૮ માં તેજ તિથિએ, ઈ. સ. ૧૦૯૨ નાં એપ્રિલની ૨૪ મી તારીખે ગ્રહણ હતું. ઉત્તરના ચાલુ વિક્રમ સંવત ૧૧૪૮ માં આ તિથિએ ગ્રહણ નહોતું."

દાન આપનાર મહારાજાધિરાજ કર્ણદેવ હતો. તેનું ઉપનામ ત્રૈલોક્યમલ્લ હતું. ડૉ. બુલ્હરના મત પ્રમાણે વિક્રમ-સંવત ૧૧૨૦ થી ૧૧૫૦ સુધી રાજ્ય કરનારો ચૌલુકય રાજા કર્ણ ૧ લો આ દાનપત્રનો કર્તા છે. રાજાએ અણહિલપાટકમાંથી આ શાસન જાહેર કર્યું હતું, અને આનંદપુર મુખ્ય શહેરવાળા એક ૧૨૬ ગામના મહાલમાં વસનારાઓને સંબોધાએલું છે. દાનમાં લઘુ-ડાભી એટલે નાની ડાભીમાં એક જમીનનો ટુકડો આપ્યો હતો, જેની ઉપજમાંથી સૂનકમાં એક તળાવ ચાલુ રાખવાનું હતું. લઘુ-ડાભીમાં આપેલી જમીનની વાયવ્ય કોણમાં સંડેરા ગામ આવ્યું હતું.

અણહિલપાટક ચૌલુકયોનું મુખ્ય શહેર અણહિલવાડ છે, અને આનંદપુર હાલનું વડનગર છે. સૂનક ગામ જ્યાંથી પતરાં મળ્યાં હતાં તે હાલનું સુનક છે.

લેખના અંતમાં લેખક અને દૂતકનાં નામો તથા રાજાની સહિ આપેલી છે. લેખક કેક્કક, કાયસ્થ વટેશ્વરનો પુત્ર હતો. આ વટેશ્વર, અને ભીમ ૧ લાના વિક્રમ-સંવત ૧૦૮૬[3]ના દાનપત્રનો લેખક, કાયસ્થ કાંચનનો પુત્ર વટેશ્વર એ બન્ને એક જ લાગે છે.

આંહિ નોંધ લેવી જોઇએ કે, થોડા વખત પહેલાં મી. ફ્લીટે પ્રસિદ્ધ કરેલું ભીમદેવનું દાનપત્ર[4] ભીમ ૨ જાનું નહીં પણ ભીમ ૧ લાનું જણાય છે. કારણ કે તે આ જ વટેશ્વર, કાયસ્થ

---

૧ એ. ઈ. વો. ૧ પા. ૩૧૬ ઈ. હુલ્ઝ ૨ આ ગામ એક પછીના ચૌલુકય દાનપત્રમાં પણ આવે છે; ઈ. એ વો. ૬ પા. ૨૧૦ અને વો. ૧૮ પા. ૧૦૮. સિદ્ધપુરથી દક્ષિણે ૭ાા માઈલ પર આવેલું એક મોટું ગામ છે, અને ઘણું કરીને ગુજરાતના કડવા કુલમ્બીઓ અથવા કણબીઓનું મૂળસ્થાન ગણાય છે.—બર્જેસની ગુજરાતની મુસાફરી સંબંધી નોટ ૧૮૬૯ પા. ૫૩-૬૧. ૩ ઈ. એ. વો. ૬ પા. ૧૯૪. ૪ ઇ. એ. વો. ૧૮ પા. ૧૦૮.

કાંચનના પુત્રે લખ્યું હતું તેમ જ બન્ને દાનપત્રોનો દૂતક મહાસાંધિવિગ્રહિક શ્રી-ચણ્ડશર્મન હતો. આથી મી. ફ્લીટના લેખની તારીખ, સંવત ૯૩, સિંહ સંવતની ન હોઈ શકે પરંતુ ડૉ. બુહ્લરે ધાર્યું હતું[1] તે પ્રમાણે વિક્રમ-સંવત ૧૦૯૩ નું ટુંકુ રૂપ હશે.

છેવટના ચૌલુક્ય રાજા ભીમ ૨ જાનાં દાનપત્રોની માફક આ દાનપત્રના અંતમાં 'इति' શબ્દ ચાલુ હસ્તાક્ષરમાં અને સુશોભિત રીતે લખેલો છે. રાજાની સહીમાં પણ ચાલુ હસ્તાક્ષરની લિપિ છે. આ અક્ષરો લેખના અક્ષરો કરતાં જરા મોટા અને જુદા આકારના છે. આ સહી કર્ણદેવની ખુદ સહીની પ્રતિકૃતિની નકલ હોય એમ સ્પષ્ટ જણાય છે.

अक्षरान्तर

पतरूं पहेलुं.

१ ओं विक्रमसम्वत् ११४८ वैशाख शुदि १५ सोमे । अद्येह श्रीमदण-

२ हिलपाटके समस्तराजावलीविराजितमहाराजाधिराजश्रीम-

३ त्रैलोक्यमल्ल[:] श्रीकर्ण्णदेवः स्वभुज्यमानश्रीमदानंदपुरप्रतिवद्धष-

४ ड्शित्यधिकग्रामशतांतःपातिनः समस्तराजपुरुषान् ब्राह्म-

५ णोत्तरांस्तन्निवासिजनपदांश्च वोधयत्यस्तु वः संविदितं यथा ।

६ अद्य सोमग्रहणपर्वणि चराचरगुरुं भगवंतं भवानीपतिम-

७ भ्यर्च्य संसारासारतां विचिंत्य ऐहिकमामुष्मिकं च फलमंगीकृ-

८ त्य पित्रोरात्मनश्च पुण्ययशोभिवृद्धये सूनकग्रामे रसोवि-

९ कठक्कुरमहादेवेन कारितवाप्यै लघुडामीग्रामे कुटुं ० ज-

१० सपाल । लाला । वकुलस्वामिनां सत्कनामोपलक्षितभूमि[:] पा-

११ इलां १२ वंहंति हल ४ इति हलचतुष्टयभूमी शासनेनोद-

१२ कपूर्वमस्माभिः प्रदत्ता । अस्याश्च भूमेः पूर्वस्यां

---

૧ ઇ. એ. વો. ૬ પા. ૧૮૫ અને પા. ૨૧૩ ૨ વાંચો त्रैलोक्यमल्लः ૩ વાંચો वसुन्ती

पतरूं बीजुं

१३ दिशि भट्टारिकाक्षेत्रं । तथा ब्राह्मणरुद्र । नेहा । ला-
१४ लाक्षेत्रं च । दक्षिणस्यां महिषरामक्षेत्रं । पश्चिमायां संडेरग्रा-
१५ मसीमा । उत्तरस्यामेव संडेरग्रामसीमा ॥ इति चतुराघाटो-
१६ पलक्षितां भूमिमेनामवगम्य तन्निवासिजनपदैर्यथादी-
१७ यमानभागभोगकरहिरण्यादि सर्वमाज्ञाश्रवणविधेयै-
१८ र्भूत्वा ऽस्यै वाप्यै समुपनेतव्यं सामान्यं चैतत्पुण्यफलं मत्वा
१९ परिपंथना केनापि न कार्या । उक्तं च भगवता व्यासेन । षष्टि-
२० वर्षसहस्राणि स्वर्गे तिष्ठति भूमिदः । आच्छेत्ता चानुमंता च
२१ तान्येव नैरकं वसेत् ॥ लिखितमिदं शासनं कायस्थवटेश्वर-
२२ रसुत आक्षपटलिककेक्ककेन । दूतको ऽत्र महासांधिवि-
२३ ग्रहिकश्रीचाहिल इति [॥] श्रीकर्ण्णदेवस्य ॥

ભાષાન્તર

ॐ. વિ. સં. ૧૧૪૮ વૈશાખ શુદિ ૧૫ સોમવારે, આજે, અહીં વિખ્યાત અણહિલપાટકમાં શ્રી ત્રૈલોક્યમલ્લ ઉર્ફે શ્રી કર્ણદેવ મહારાજાધિરાજ જે સમસ્ત રાજાવલીથી વિરાજિત છે તે પોતાના ઉપભોગનાં શ્રીમદ્ આનન્દપુર વિષયમાં આવેલાં ૧૨૬ ગામ સાથેના સંબંધવાળા સમસ્ત રાજપુરૂષોને અને આ વિષયમાં વસતા બ્રાહ્મણાદિ સર્વ જનોને જાહેર કરે છેઃ—

તમને જાહેર થાઓ કે, આજે ચંદ્રગ્રહણસમયે જગતના સ્વામિ, ભવાનીના પતિ શિવની પૂજા કરીને જગતની અસારતા વિચારીને અને આ લોકમાં તેમ જ પરલોકમાં દાનનાં ફળમાં માનીને, અમે અમારા માતપિતા અને અમારા પુણ્યયશની વૃદ્ધિ અર્થે, શાસનથી, પાણીના અર્ધ્ય સહિત, રસોવિક (?) ઠક્કુર મહાદેવે સૂનક ગામમાં બંધાવેલાં સરોવરને લઘુ—ડાભી ગામમાં કુટુમ્બિન્ જસપાલ (યશઃ પાલ) લાલા, અને બકુલ સ્વામિની માલકીનાં અને તેમનાં નામ ધારી ૧૨ પાઈલાં (અથવા ૪૮ સેર[૪]) (બીજ તરીકે)લેતી ૪ હલ એટલે (શબ્દમાં) ચાર હલવાહ ભૂમિ આપી છે. આ ભૂમિની પૂર્વે— ભટ્ટારિકાનું ક્ષેત્ર અને રૂદ્ર, નેહા અને લાલા દ્વિજોનાં ક્ષેત્રો છે; દક્ષિણે—મહિષરામનું ક્ષેત્ર; પશ્ચિમે–સણ્ડેર ગામની સીમા; ઉત્તરે તે જ પ્રમાણે સણ્ડેર ગામની સીમા. આ પ્રમાણેની ચાર સીમાવાળી ભૂમિ જાણીને અને આ શાસન સાંભળીને તેનાં પાલન અર્થે આ ભૂમિમાં વસતા જનો તે સરોવર અર્થે, અત્યાર સુધી લેવાય છે તે પ્રમાણેના સર્વ ભાગ (હિસ્સા), ઉપભોગ, કરો, સુવર્ણ વગેરે આપશે. અને ધર્મ દાનનું ફળ સર્વને સામાન્ય છે તે ધ્યાનમાં રાખીને તેના માલીકને કોઈ પ્રતિબંધ કરશે નહીં. અને ભગવાન વ્યાસે કહ્યું છે કેઃ—ભૂમિ દેનાર સ્વર્ગમાં ૬૦ હજાર વર્ષ વસે છે. તે હરી લેનાર અને તેના હરણમાં અનુમતિ આપનાર તેટલોજ સમય નરકમાં વસે છે. આ શાસન કાયસ્થ વટેશ્વરના પુત્ર આક્ષપટલિક કેક્કકથી લખાયું છે. આ દાન પત્રનો દૂતક મહાસાંધિવિગ્રહિક શ્રી ચાહિલ છે. શ્રીકર્ણદેવના સ્વહસ્ત.

---

૧ વાંચો षष्टिं वर्षसहस्राणि ૨ વાંચો आक्षेप्ता અથવા आच्छेत्ता ૩ વાંચો नरके.

૪ पाइलां १२ वहंति શબ્દોની સમજુતી માટે હું ડૉ. બ્યુલ્હરને આભારી છું. ડૉ. બ્યુલ્હરે આના ઉપર ચર્ચા કરવાં કહ્યું છે કે આ શબ્દોનો અનુવાદ માત્ર પ્રયોગાર્થે છે. 'पाइलां' ગુજરાતી શબ્દ પાઈલુંનું બહુવચન છે, જે હાલની 'પાયલી' શબ્દને મળતો હું ગણું છું. 'પાયલી' નું માપ શેર (૪°૮ પૌં.) થાય છે.

નં૦ ૧૪૪

સિદ્ધરાજ જયસિંહનો ગાળાનો શિલાલેખ[1]

વિ. સં. ૧૧૯૩ વૈ. વ. ૧૪

કાઠિયાવાડમાં ઝાલાવાડ પ્રાંતમાં ધ્રાંગધરાથી આઠ માઇલ ઉપર ગાળા અને દુદાપુર ગામથી સરખે અંતરે ચન્દ્રભાગા નદીને પશ્ચિમ કાંઠે જૂના મંદિરનાં ખંડેર છે. કાઠિયાવાડ ગેઝેટીઅરમાં તેમ જ સ્વર્ગસ્થ કર્નલ જે. ડબલ્યુ. વોટસને રચેલ ધ્રાંગધરા સ્ટેટના વૃત્તાંતમાં તેના સંબંધી સ્હેજ પણ ઈસારો નથી તે ઉપરથી એમ માની શકાય કે તે મંદિર અત્યાર સુધી કોઈના પણ જાણવામાં આવ્યું નહોતું. પરિણામે મંદિર તદ્દન અરક્ષિત દશામાં પડેલું છે. પરંતુ હવે તે મંદિરની ઐતિહાસિક ઉપયોગિતા સ્ટેટને સમજાવ્યા પછી તેની પૂરતી સંભાળ લેવાશે એમ મને ખાત્રી છે. અત્યારે જેટલો ભાગ મંદિરનો હયાત છે તે ઉપરથી તે મંદિર કયા દેવનું હશે તેનું અનુમાન થઇ શકે તેમ નથી. સભામંડપમાં જવાનો માર્ગ એક નાની ચાલીના જેવો છે અને તેનું માપ ૮'–૪"×૬'–૪ છે. પરંતુ સભામંડપની પશ્ચિમ તેમ જ ઉત્તર બાજુએ નિજમંદિરનું નામ નિશાન નથી. માત્ર દક્ષિણ તરફ ઉત્તરાભિમુખ નાનું મંદિર છે અને તેમાં ગણેશની ખંડિત મૂર્તિ છે. આ મંદિરમાંના બધા લેખો ભૂખરા પત્થર ઉપર કોતરેલા હોવાથી ઘસાઈ ગએલા છે. જોકે આ એક લેખ પ્રમાણમાં સહુથી વધુ સુરક્ષિત છે. લિપિ લગભગ બારમી સદીની દેવનાગરી છે. માત્રા બધે હાલની માફક અક્ષરની ઉપર નહીં, પણ અક્ષરની પહેલાં લખેલ છે. ભાષા અશુદ્ધ સંસ્કૃત છે.

લેખ વિ. સ. ૧૧૯૩ વૈ. વ. ૧૪ ગુરૂવારની સાલનો છે અને તેમાં ચૌલુક્ય રાજા સિદ્ધરાજ જયસિંહનો ઉલ્લેખ છે. આ રાજા મૂળરાજથી સાતમો છે અને ગુજરાતમાં સધરો જયસિંગ તરીકે ઓળખાય છે. તેણે ઇ. સ. ૧૦૯૪ થી ૧૧૪૩ સુધી રાજ્ય કર્યું. સિદ્ધરાજનો આ પહેલામાં પહેલો શિલાલેખ છે.

જયસિંહદેવના બિરૂદો પૈકીનાં નીચેના ત્રણ આ લેખમાં આપેલ છેઃ ૧ સમસ્ત રાજાવલિ વિરાજિત ૨ સિદ્ધચક્રવર્તિ ૩ અવન્તિનાથ. ત્રીજી પંક્તિમાં ખજાનચી (વ્યયકરણે મહામાત્ય) અંબપ્રસાદનું નામ આપેલું છે. તે જ મંદિરમાં વિ. સં. ૧૨૧૫ ના બીજા લેખમાં બીજા અમલદાર કલ્હણપ્રસાદનું નામ પણ વાંચી શકાય છે. આ બે નામો માટે જયસિંહદેવના પ્રસિદ્ધ થએલા લેખોમાં મેં જોયું પણ ક્યાંઈ મળતાં નથી, તેથી આ લેખમાંથી તે પહેલી જ વખ્તે જાણવામાં આવ્યાં છે.

બધી પંક્તિનો શરૂવાતનો ભાગ તેમ જ મધ્યમાંનો થોડો ભાગ ઘસાઈ ગએલ છે, છતાં લેખની મતલબ સમજી શકાય છે. લેખમાંથી સમજાય છે કે અંબપ્રસાદના સંબંધીઓએ ગણેશ તેમ જ ભટ્ટારિકાનું દેવળ બંધાવ્યું છે.

સિદ્ધરાજ જયસિંહે માળવા જિત્યાની તારીખ ચોકસ રીતે હજુ જણાઈ નથી. ઉજ્જનમાંથી મળેલા તામ્રપત્રમાં પરમાર યશોવર્માને વિ. સં. ૧૧૯૧ મહારાજાધિરાજ લખેલો છે. તે ઉપરથી સમજાય છે કે વિ. સં. ૧૧૯૧ સુધી માળવા જિતાયું નહોતું. ઉજ્જનમાં બીજો શિલાલેખ વિ. સં. ૧૧૯૫ નો જડ્યો છે, જેની હકીકત આર્કે. સ. વે. સ. ના ૧૯૧૫ આખરના રીપોર્ટમાં આપેલી છે. તેમાં સિદ્ધરાજને અવન્તિનાથ લખેલો છે. આ ઉપરથી અનુમાન કરેલું કે માળવા વિ. સ. ૧૧૯૧ અને ૧૧૯૫ વચ્ચે જિતાયું હશે. પરંતુ આ ગાળાનો લેખ વિ. સં. ૧૧૯૩ નો છે અને તેમાં સિદ્ધરાજને અવન્તિનાથ લખ્યો છે તેથી માળવા ૧૧૯૧ અને ૧૧૯૩ વચ્ચે જિતાયું હોવું જોઈએ.

---

૧ જ. બો. બ્રે. રો એ. સો વો. ૨૫ પા. ૩૨૪ જી. વી. આચાર્ય.

अक्षरान्तर

१ [श्री] संवत् ११९३ वै[शा]ख वदि १४ गुराव[के]ह [स]मस्त [रा]-
जावली विराजित महा — — वि.... ....

२ अ ... [सि]द्ध चक्रवर्ति अवंतीनाथ श्रीम[ज्ज]यसिंहदेव कल्याण विजय
राज्ये इत्येतस्मिन्कालेऽ — — व .... [मा] ....

३ ... . [त्र]व्ययकरणे महामात्य श्री अंबप्रसाद प्रतिबद्ध महं [वाल्हु]
रा । पारि० श्रीकुमार । द्वि० पारि० केर ... णे ... .

४ ... . [ळी]दि पंचकुलेन द्रुमतीर्थ खान्यां श्रीभट्टारिका[स्य]
श्रीदेवतायाः .... विनायकदेव कुलिकासमे[तं] कारितं

५ .... पानंदनायति ॥ मंगलं महा श्रीः ॥ शिवम[स्तु] सर्वजगतः
॥ छ ॥ ऽत्र ... सूत्र० म[ह] ... केन.

ભાષાન્તર

પં. ૧–૨ શ્રી આંહિ આજે ગુરુવાર વૈશાખ વદિ ૧૪ સંવત ૧૧૯૩ ને દિવસે, ચક્રવર્તિ અવન્તી-નાથ શ્રીમાન જયસિંહદેવના કલ્યાણકારી અને વિજયી રાજ્યમાં ... ...

પં. ૩ ... ... મહં [વાલ્હુ]ર શ્રીમાન અંબપ્રસાદ જે ખજાનચી હતો તેના સંબંધિ ... ...શ્રીમાન કુમાર ... ...તથા બીજા સેવકો ... ...પાંચ કુળથી... ... ...

પં. ૪ ... ...બાંધવામાં આવ્યું ... ...દ્રુમતીર્થ ખાનિમાં ગણેશના મંદિર સહિત ભટ્ટારિકા દેવીનું ... ...

પં. ૫ આનંદ પમાડવા માટે ... ...મોટું મંગળ ... ... આખું જગત સુખી રહો ... ... સૂત્રધાર મહ...થી

નં૰ ૧૪૫

માંગરોળમાંની સોઢડી વાવમાંનો શિલાલેખ[1]

વિ. સં. ૧૨૦૨ આશ્વિન વદિ ૧૩

કાઠિયાવાડમાં પ્રાચીન શહેરો પૈકીના એક માંગરોળ નામે ગામમાં ગાદિ દરવાજેથી પેસતાં ડાબી બાજુની શેરીમાં એક વાવ છે. તે વાવમાં ઉતરતાં જમણી બાજુની દિવાલમાં ચણી લીધેલ એક પત્થર ઉપર આ શિલાલેખ છે. પત્થર સખ્ત કાળો છે અને તે સુરક્ષિત છે. તેનું માપ ૧૮ ઇંચ ×૧૫ ઇંચ છે અને તેમાં ૨૪॥ પંક્તિમાં દેવનાગરી લિપિમાં શ્લોકો લખેલા છે.

તેમાં લખેલ છે કે અણહિલપુરમાં કુમારપાળ રાજ્ય કરતો [illegible] શ્રી સહારનો પૌત્ર [illegible] પશ્ચિમ તેમ જ [illegible] તેણે પોતાના બાપની યાદ-ગીરિમાં સહજીગેશ્વર નામનું દેવળ બંધાવ્યું અને જકાતમાંથી કેટલીક ઉપજ તેને અર્પણ કરી. વરૂ, સહજીગનો પુત્ર ગોહિલ મુલુક નામે રાજા રાજ્ય કરતો હતો. ચોરવાડના મહાજને પણ દેશુઆ નામની વાવ મંદિરના ઉપયોગ માટે આપી. ચોરવાડથી વિસણ-વેલિ ગામ જતાં રસ્તા ઉપર આ વાવ છે.

તેમાં વિ. સ. ૧૨૦૨ સિંહ સં. ૩૨ આપેલ છે.

1 ભા. પ્રા. સં. ઈ. પા. ૧૫૮

अक्षरान्तर

१ ॥ उँ ॥ उँ नमः शिवाय ॥ मुकुटः स हरस्य पातु वः शशिपंकेरुहकंदकांक्षया ॥ गंगनादचिरेण य-

२ त्र सा सुरहंसीव पपात जान्हवी ॥ कृत्वा राज्यमुपारमन्नरपतिः श्रीसिद्धराजो- यदा दैवादुत्तम-

३ कीर्त्तिमंडितमहीपृष्ठो गरिष्ठो गुणैः ॥ आचक्राम ऋगित्य (झटित्य) चिंत्यम- हिमा तद्राज्यसिंहासनं श्रीमा-

४ नेष कुमारपालनृपतिः पुण्यप्ररूढोदयः ॥ राज्येऽमुष्य महीभुजोभवदिहै श्री- गूहिला-

५ ख्यान्वये श्रीसाहारइति प्रभूतगरिमाधारो धरामंडनं ॥ चौलुक्यांगनिगूहकः सहजिगः ख्या-

६ तस्तनुजस्ततस्तत्पुत्रा बलिनो बभूवुरवनौ सौराष्ट्ररक्षाक्षमाः ॥ एषामेकतमो वीरः सोम-

७ राज इति क्षितौ ॥ विख्यातो विदधे देवं पितुर्नाम्ना महेश्वरं ॥ श्रीसोमनाथदे- वस्य जगत्यां पू-

८ ण्यवृद्धये ॥ इंदुकुंदयशाश्चके कीर्त्तिमेरुसमाश्रितं ॥ पूजार्थमस्य देवस्य भ्राता ज्येष्ठोस्य मूलुकः ॥

९ सुराष्ट्रानायकः प्रादाच्छासनं कुलशासनं ॥ ठं० श्रीसहजिगपुत्रठ० श्रीमूलुकेन श्रीसहजिगे-

१० श्वरदेवस्यानवरतपंचोपचारपूजाहेतोः श्रीमन्मंगलपुरशुल्कमंडपिकायां दिनंप्रतिका१

११ तथा तळाराभाव्यमध्यात्‌दिनंप्रति का १ तथा बळीवर्दछाटमाणकाभाव्ये(छा)टां प्रति १ क-

१२ पभूतगडकंप्रति का ४ तथा रासभछाटां प्रति का. ॥ तथा समस्तलोकेन निः- शेषवळीकारै-

१३ श्च पत्रभरांवीडहराकेरीवाटुयाप्रभृतीनां प्रत्येकंका० ॥ तथा पत्रभृतंउटभरकं प्रतिका २ ॥

१४ तथापत्रभृतगंत्रींप्रति द्रं १ क्षेत्रंप्रतिउच्चताभाव्यंका १ तथा आगरमध्ये खुंटिनं- खराळिहासाप्रति

---

१ ग. २ ह ३ र्ति ४ तां. ५ ठाकोर ६ कार्षापण ७ द्र ८ द्रम ९ तथा
कें. ६१

१५ का ० । तथा अनयैव स्थित्या चोरुयाबाडे वलइजे च ग्रामं ॥ तथा लाठिवद्रा- पथके वहंतशुल्कमंडपि

१६ कामध्यात् दिनंप्रति ठ० श्रीमूलुकेन रूपकैकः प्रदत्तः ॥ तथा चोरूयावाडे न्यसमस्तवृहत्पुरुषैरे-

१७ कमतीभूय चतुराघाटनविशुद्धा यथा प्रसिद्धपरिभोगा सवृक्षमालाकुला बीसण- बेलीग्राममार्गस-

१८ मासन्ना देगुयावावीनामवापी राजानुमत्या श्रीसहजिगेश्वराय प्रदत्ता ॥ तथा श्रीवामनस्थल्यांशुल्क-

१९ मंडपिंडपिकायांदिनंप्रति का १ तथा द्यूतमध्ये दिनंप्रतिका १ तथापत्रकुप्यां- भराप्रतिपत्रशत १ तथावी

२० डहरा । केरी । वाडुया । प्रभृतिनां प्रत्येकं पत्र ५० तथातलाराभाव्यमध्यात् तांबुलिकहट्टं प्रति प्रतिदि

२१ नंपत्र २ मडावापूग १ देवदायं समस्तोयं समस्तैर्भाविभूमिपैः पालनीयो नुमान्यश्च दानाच्छ्रेयोनु

२२ पालनं ॥ शिवः पात्रं जनो दाता पालकः पुण्यभाक्परं । लोपकृच्च महापापी विचार्यैवं प्रपालयेत् यत

२३ उक्तं च ॥ बंहुभिर्व्वसुधा वुंक्ता राजभिः सगरादिभिः यस्य यस्य यदा भूमि- स्तस्य तस्य तदाफलं ॥ श्री मद्विक्रमसं

२४ वत् १२०२ तथा श्री सिंहसंवत् ३२ आश्विनवदि १३ सोमे ॥ प्रशस्तिरियं नि(र्मिता) ॥ कृतिरियंपरमपाशुप-

२५ ताचार्यार्यमहापंडितश्रीमसर्व्वज्ञस्य ॥

---

१ मंडपिकाया २ षू ३ यः ४ ब ५ भु

ભાષાન્તર

શિવજીને નમસ્કાર ॥ શિવજીનો મુકુટ, એટલે જટાજૂટ તમારૂં રક્ષણ કરો. જે જટાજૂટમાં ગંગા નદી આકાશથી ઉતાવળે ઉતરી, તે જાણે ચંદ્રમા રૂપી કમળના નાળની ઈચ્છાને લીધે ઉતરતી દેવલોકની હંસણી જ હોય નહીં શું ! (૧) ઉત્તમ કીર્તિ વડે શોભાવ્યું છે ભૂતળ જેણે એવો; અને ગુણોએ કરીને મોટો એવો શ્રીસિદ્ધરાજ રાજા રાજ્ય કરીને, જ્યારે દૈવયોગથી મૃત્યુ પામ્યો ત્યારે તુરત અદ્દભુત મહિમાવાળો અને પુણ્યથી રુઢતા(નિશ્ચળતા)ને પામ્યો છે હૃદય જેનો, એવો આ કુમારપાળ રાજા તેના રાજ્યનુ સિંહાસનદબાવી બેઠો (૨) આ (કુમારપાળ) રાજાના રાજ્યમા અહિં શ્રીગૂહિલ નામના વંશમાં પુષ્કળ મોટાઈનો આધાર અને પૃથ્વીનું ઘરેણું એવો શ્રી સાહાર નામ થયો. તેનો પુત્ર ચૌલુક્ય(સોલંકી)ના સૈન્યનું ગોપન કરનાર (સંતાડનાર) તથા વિખ્યાત એવો સહજિગ નામે થયો. અને તેના પુત્રો પૃથ્વીમાં બળવાન અને સૌરાષ્ટ્ર દેશની રક્ષા કરવામાં સમર્થ થયા. (૩) એઓમાંનો એક શૂરવીર સોમરાજ નામે પૃથ્વીમાં પ્રખ્યાત થયો. જેણે પોતાના પિતાને નામે (સહજિગેશ્વર) મહાદેવનું સ્થાપન કર્યું. (૪) ચંદ્ર તથા ટોલરનાં પુષ્પ સરખા યશ વાળો સોમરાજ પૃથ્વીમાં પુણ્યની વૃદ્ધિ કરવા માટે શ્રી સોમનાથ દેવની કીર્તિને મેરુ પર્વત ઉપર આરોહણ કરે (બેસે) તેવી કરી. આ સોમરાજનો મોટો ભાઈ મૂલુક સૌરાષ્ટ્રનો નાયક હતો; તેણે આ મહાદેવની અખંડ પૂજા થવા માટે પોતાના વશજોએ પાલવા લાયક વર્ષાસન કરી આપ્યું (૬) ઠ૦ (ઠાકોર) શ્રી સહજિગના પુત્ર ઠ૦ (ઠાકોર) શ્રી મૂલુકે શ્રી સહજિગેશ્વર મહાદેવની કાયમ પંચોપચાર પૂજા (સ્નાન, ચંદન, ધૂપ, દીપ, નૈવેદ્ય,) થવા માટે માંગરોળની દાણમાંડવીમાં પ્રતિદિવસ કાર્ષાપણ* ("શબ્દ સ્તોમમહાનિધિ" નામે કોષમાં લખ્યા પ્રમાણે જેનો અર્થ પણ એટલે એક કર્ષ વજનનો ૧ ત્રાંબાનો ૧ પૈસો તેમજ દ્રમ્મનો ૧/૧૬ થાય છે તે) એક તથા ખુશકી જકાતની ઉપજમાંથી પ્રતિદિવસ કાર્ષાપણ એક, તથા પોઠિયાની છાટ ઉપર કાર્ષાપણ એક, દાણા ભરેલ ગાડા ઉપર કાર્ષાપણ ચાર તથા ગર્દભની છાટ ઉપર કાર્ષાપણ અર્ધ, તથા સમસ્ત લોકોએ અને સર્વ વેલાળી (નાગરવેલને ઉછેરી તેનો વ્યાપાર કરનારાઓ) એ પાનના ભાર, જે કે બીડહરા, (બીડા) કેરી, વાટુયા, એવા નામથી જે શબ્દો તે વખતે ઓળખાતા હશે તે પ્રત્યેકે કાર્ષાપણ અર્ધ, પાન ભરેલા દરેક ઊંટના ભારે કા ૨ ॥ અઢી, તથા પાન ભરેલ ગાડી પ્રત્યેકે દ્રમ્મ એક ક્ષેત્ર;(ખેતર) માં ઉત્તમ પાક થાય ત્યારે પ્રત્યેક ક્ષેત્રે (ખેતરે) કાર્ષાપણ એક, તથા અગર(મીઠું પાકવાની જગાએ તેના કરેલા ઢગલા)માં ખુંટી, તથા ખરાળી, અને હાસા, પ્રત્યે કાર્ષાપણ એક; અને તેજ પ્રમાણે ચોરવાડ તથા બળેજમાં પણ લેવું; ને લાઠે દરા પરગણામાં શાહાદારી જકાત માંડવીમાંથી પ્રતિદિવસે ઠ૦ શ્રી મૂલુકે એક રૂપૈયો આપ્યો તથા ચોરવાડમાં બીજા તમામ મહાજનોએ એકમત થઇને ચાર સીમાડાએ શુદ્ધ અને પ્રખ્યાતિને પામેલી તથા વૃક્ષોની ઘટાએ સહિત અને વીસણવેલી ગામના માર્ગની સામે આવેલી દેગુયા વાવ નામની વાવ, રાજાના અનુમતથી શ્રીસહજિગેશ્વર મહાદેવને આપી; તેમજ શ્રીવણથલીમાં દાણ માંડવીમાં પ્રતિદિવસ કાર્ષાપણ એક. તથા જુગટામાં પ્રતિદિવસ કાર્ષાપણ એક, તથા પાનની કોટડીમાં દિન પ્રત્યે પાન શત (સો) એક, તથા વીડહરા, કેરી, વાટુયા વગેરે પ્રત્યેકે પાન ૫૦ પચાશ, તથા તળારા(વળોદરા)ના ઉત્પન્નમાંથી તંબોળીના હાટ પ્રત્યે પ્રતિદિવસે પાન બે, મડાવા (ત્રોફા) સોપારી એક, આ સઘળો દેવભાગ છે ત સર્વ ભાવિષ્યના રાજાઓએ પાળવો અને માન્ય રાખવો; કારણ કે દાન દેવાનાં કરતાં દાનનું પાલન કરવું તે શ્રેય છે. (૧) દાન લેનાર શિવરૂપ છે અને દાન આપનાર તો મનુષ્ય છે, પાળનાર પુણ્યભાગી છે અને દાનનો લોપ કરનાર મહાપાપી છે, એમ વિચારીને દાન જરૂર પાળવું. (૨) જે માટે કહેલ છે કે, સગરાદિ ઘણા રાજાઓએ પૃથ્વી ભોગવી છે; (પણ) જેની જેની જ્યારે પૃથ્વી હોય તેને તેને ત્યારે ફળ મળે છે. (૩) શ્રીમાન વિક્રમનો સંવત ૧૨૦૨ તથા શ્રીસિંહ સંવત્ ૩૨ આશ્વિન વદી ૧૩ સોમવારે આ પ્રશસ્તિ બનાવી. શ્રેષ્ઠ પાશુપતાચાર્ય ઉત્તમ મોટા પંડિત શ્રી પ્ર સર્વજ્ઞની આ પ્રશસ્તિ રચેલી છે.

---

* કાર્ષાપણ શબ્દ ૧૬ પણ તથા ૧ પણ એ બન્ને અર્થ માટે ચાલુ છે. અને પણ એટલે એક રૂપૈયા ભાર ત્રાંબાનો એક પૈસો અથવા એંશી કોડીની બરાબર છે. અને ૧૬ પણનો એક દ્રમ્મ છે. હવે આ લેખમાં કાર્ષાપણ તથા દ્રમ્મ એ બન્ને શબ્દો વપરાયા છે. માટે કાર્ષાપણ નો અર્થ સોળપણ નહિ ગણતાં એકજ પણ ગણવો યોગ્ય છે.

નં૦ ૧૪૬

ચૌલુકય રાજા કુમારપાલનો ચિતોડગઢનો શિલાલેખ[1]

વિક્રમ સંવત ૧૨૦૭

આ લેખ રાજપુતાનાના ઉદયપુર સ્ટેટમાં ચિતોડગઢમાં મોકલજિના મંદિરમાં સાચવેલી એક કાળા આરસની શિલા ઉપર કોતરેલો છે.

લેખમાં ૧'×૮'' પહોળી અને ૧'×૩'' ઉંચી જગ્યા રોકતી ૨૮ પંક્તિઓના લખાણનો સમાવેશ થાય છે. ૧ થી ૧૪ પંક્તિઓ સાધારણ રીતે સારી સ્થિતિમાં છે. પણ પાછળની પંક્તિઓમાં અમુક લખાણનો ભાગ તદ્દન ગયો છે. બરાબર જમણી બાજુએ પત્થર છોલાઈ જવાથી અને તેવા જ કારણથી ડાબી તરફ ૨૪–૨૮ પંક્તિઓમાં ઘણા અક્ષરો પણ અદૃશ્ય થયા છે. લખાણની વચ્ચે ૧૭–૨૩ પંક્તિઓમાં ભંગાણ પાડતી ૩૩/૪'' ચોરસ અલંકારિત ચિત્રાકૃતિ છે; જેમાં આશરે ૩૧/૨'' વ્યાસવાળો એક ગોળાકાર છે. આ ગોળાકારના પરિઘની પાસે અને ચોરસની વચ્ચે ઉભી અને આડી રીતે કંઈક લખાણ (શ્લોક જેવું જણાતું) જેનો મોટો ભાગ વાંચવા માટે ઘણો ઝાંખો છે તે છે. અક્ષરોનું માપ ૫/૧૬'' અને ૧/૨'' ની વચ્ચેનું છે. નાગરી લિપિ છે, ભાષા સંસ્કૃત છે અને લગભગ આખો લેખ શ્લોકમાં છે. તે સંભાળપૂર્વક લખાયેલો અને કોતરેલો છે, અને લેખન પદ્ધતિના સંબંધમાં બ્ એ વ્ ના નિશાનથી જણાવેલો છે એટલું જ કહેવું આવશ્યક છે, અને દન્તસ્થાની ઉષ્માક્ષર ઘણી વખત તાલુસ્થાની માટે અને તાલુસ્થાની ઉષ્માક્ષર દન્તસ્થાની ઉષ્માક્ષર માટે એક જ વખત વપરાયો છે.

લેખ (પંક્તિ ૨૮ માં) સં. ૧૨૦૭, વિક્રમ સંવત પ્રમાણે ઈ. સ. ૧૧૪૯–૫૦ કે ૧૧૫૦–૫૧ ને મળતી તિથિવાળો છે. અને તેનો આશય ચૌલુકય નૃપ કુમારપાલની ચિત્રકૂટ ગિરિ, હાલન ચિતોડગઢની મુલાકાત અને તે સમયે ગિરિ પર સમિદ્ધેશ્વર (શિવ) દેવના મંદિરને રાજાએ કરેલાં કેટલાંક દાનોની નોંધ લેવાનો છે. " ૐ ! નમઃ સર્વ્વજ્ઞાય " એ શબ્દો પછી લેખમાં પાંચ શ્લોક છે, જેમાંના ત્રણ શિવની શર્વ, મૃડ્ અને સમિદ્ધેશ્વરના નામથી સ્તુતિ કરે છે અને બીજા વાણીની દેવી સરસ્વતીની સહાયની આરાધના કરે છે, અને કવિઓનાં કાર્યોની સ્તુતિ કરે છે. કર્તા પછી (પં. ૫ માં) ચૌલુકયોના કુળની સ્તુતિ કરે છે. તે કુળમાં મૂલરાજ નૃપ જન્મ્યો હતો. (પં. ૬) અને તે અને તે વંશના અન્ય ઘણા નૃપો સ્વર્ગમાં ગયા હતા ત્યારે સિદ્ધરાજ નૃપાલ (પં. ૭) આવ્યો, જેની પછી કુમારપાલ (પં. ૯) આવ્યો. જ્યારે આ નૃપે શાકમ્ભરીના નૃપનો પરાજય કર્યો હતો (પં. ૧૦) અને સપાદલક્ષ મંડળ ઉજજડ કર્યું (પં. ૧૧) ત્યારે તે શાલિપુર નામે સ્થાનમાં ગયો (પં. ૧૨) અને ત્યાં પોતાની મહાન છાવણી નાંખીને તે ચિત્રકૂટ પર્વતનું મહત સૌન્દર્ય નિરખવા આવ્યો; મન્દિરો, મહેલો, સરવરો કે તડાગો, ઢોળાવ અને વનોની ૧૩–૧૯ પંક્તિઓમાં પ્રશંસા થઈ છે. કુમારપાલે ત્યાં જે જોયું તેનાથી તે પ્રસન્ન થયો હતો અને તે પર્વતના ઉત્તર તરફના ઢોળાવ પર આવેલા સમિદ્ધેશ્વર દેવના મન્દિરમાં આવીને (પં. ૨૨) તેણે દેવની અને તેની સહચરીની પૂજા કરી અને મન્દિરને એક ગામ (જેનું નામ સારી હાલતમાં નથી તે) આપ્યું (પં. ૨૬). બીજાં દાનો (ઘાણુક અથવા દીપ માટે તેલની ઘાણી વિગેરે) માટે પં. ૨૭ માં કહેવાયું છે, અને પં. ૨૮ આપણને કહે છે કે, આ પ્રશસ્તિ જયકીર્તિના શિષ્ય દિગમ્બરોના નાયક રામકીર્તિથી રચાઈ હતી અને ઉપર દર્શાવેલી તિથિ ટાંકે છે.

આ લખાણના સારાંશમાંથી જણાશે કે આ લેખ અતિ મહત્ત્વનો નથી; પણ એ એટલું તો જણાવે છે કે કુમારપાલનો રાજપુતાનામાં શાકમ્ભરી(સાંભર)ના રાજનગરવાળા સપાદપક્ષ મણ્ડળના નૃપ અર્ણોરાજ ઉપરનો વિખ્યાત વિજય વિ. સં. ૧૨૦૭ કે તે પહેલાં ઘણા ટુંકા સમયમાં થયો હોવો જોઈએ. જે શાલિપુર ગામમાં કુમારપાલે છાવણી કરી કહેવાય છે અને જે ગામ ચિત્રકૂટ પાસે હોવું જોઈએ તે ગામનું અભિજ્ઞાન કરવા હું અશક્તિમાન છું.

---

[1] એ. ઈ. વો. ૨ પા. ૪૨૧ પ્રો. કિલ્હોર્ન

अक्षरान्तर

१ ओं[1] ॥ नमः सर्व्व[ज्ञा]यैः ॥ नमो[3]....[स]द्यार्व्विद्ग्व[ग्ध]संकल्पजन्मने । शर्व्वाय परम ज्योति[र्द्ध] स्तसंकल्पजन्मने ॥ जयतात्समृडः श्रीमान्मृडा[4]....

२ दनाम्बु[म्बु]जे । यस्य कण्ठच्छवी रेजे से[शे]वालस्येव वल्लरी ॥ यदीय शिखरस्थितोल्लसदनल्पदिव्यध्वजं[5] समंडपमहो नृणामपि वि[दू-]

३ रतः पश्यतां । अनेकभवसंचितं क्षयमियर्त्ति पापं द्रुतं स पातु पदपंकजानतहरिः समिद्धेश्वरः ॥ यत्रोल्लसत्यद्भुतकारिवाचः[6] स्फुर[न्ति चि]

४ चे विदुषां सदा तत् । सारस्वतं ज्योतिरनंतमंतर्विस्फूर्ज्जतां मे क्षतजाड्यवृत्ति ॥ जयंत्यज श्र (स्र) पीयूषविंदुनिष्यंदिनोमलाः । कवीनां [सम]

५ कीर्त्ती[र्त्ती]नां वाग्विलासा महोदयाः ॥ न वैरस्यस्थितिः[8] श्रीमान जलानां[9] सभाश्रयः । रत्नराशिरपूर्व्वोस्ति चौलुक्यानामिहान्वयः ॥ तत्रो-

६ दपद्यत श्रीमान्सद्वृत्तस्तेजसां निधिः । मूलराजा(ज)महीनाथो मुक्तामणिरिवोज्व (ज्ज्व)लः ॥ वितन्वति भृशं यत्र क्षेम(मं)सर्व्वत्र सर्व्वथा । प्रजा राजन्वती नून(नं) ज

७ ज्ञेसौ चिरकालतः ॥ तस्यान्वये[10] महतिभूपतिषु क्रमेण यातेषु भूरिषु सुपर्व्व-पतेर्न्निवासं । प्रोर्ण्णुत्य वीध्रयशसा ककुभां सुखानि श्रीसिद्धरा

८ जनृपतिः प्रथितो व(ब)भूव ॥ जयश्रिया[11] समाश्लिष्टं यं विलोक्य समंततः भ्रांत्वा जगंति यत्कीर्त्तिज(र्जे)गा [हे]मरमंदिरम् ॥ तस्मिन्नमरसाम्रा-

९ जां (ज्यं) संप्राप्ते नियतेर्व्वसात्[12] । कुमारपालदेवोभूत्प्रतापाक्रांतशात्रवः स्वतेजसा प्रसह्येन न परं येन शात्रवः । पदं भूमृच्छिरस्सूच्चैः कारि-

१० तो वं (बं) धुरप्यलं ॥ आज्ञा यस्य महीनाथैश्चतुरम्वु(म्बु)धिमध्यगैः । ध्रियते मूर्द्धभिन्नम्रे(म्रै)र्देवशेषेव सन्ततम् ॥ महीभृन्निकु(कुं)जेषु[13] शाकंभरी-

११ शः प्रियापुत्रलोकं न शाकंभरीशः । अपि प्रास्तशत्रुर्भयात्कंप्रभूतः स्थितौ यस्य मत्तेभवाजिप्रभूतः[14] ॥ सपादलक्षमामर्द्य[15] नम्रीकृ-

१२ तमयानकः । [स्व]य[म]याम्महीनाथो ग्रामे शालिपुराभिधे ॥ सन्निवेश्य[16] सि(शि)विरं पृथु तत्र त्रासितासहनभूपतिचक्रम् । चित्रकू-

---

१ चिह्नरूपे दर्शावेलो छे. २ वांचो ज्ञाय. ३ छंद–श्लोक (अनुष्टुभ्) पछीना श्लोको पण तेज. ४ नाश पामेला अक्षरो नीव छे. ५ छंद–पृथ्वी. ६ छंद–उपजाति. ७ छंद–आ श्लोक तथा पछीना त्रण श्लोकोनो अनुष्टुम् छे. ८ वैरस्य स्थितिः एम विभाग करो. ९ एटले. जडानां १० छंद वसंततिलका. ११ आ अने पछीना त्रण श्लोकोनो छंद अनुष्टुभ् १२ वांचो तेर्व्वशात् १३ छंद भुजंग प्रयात. १४ असल मत्त्येभ एम कोतरेलुं हतुं. १५ छंद अनुष्टुभ् १६ छंद स्वागत.

१३ टगिरिपु[ष्क]लशोभां द्रष्टुमार नृपतिः कुतुकेन ॥ यदुच्चसुरसद्मामोपरिष्टा-
त्पतन्सदा रथं नयत्यलं मंदं मंदं मंगभयाद्रविः ॥ य-

१४ त्सौधशिखरारूढकामिनीमुखसन्निधौ । वर्त्तमानो निशानाथोलक्ष्यते लक्ष्मलेखया ॥
प्रफुल्लराजीवमनोहराननौ विवृत्तपाठीनविलोललोच-

१५ — । ³— च[भ्रूं]गावलिरोमराजयो रथांगवक्षोरुहमंडलश्रियः ॥ परिभ्रम-
त्सारसहंसनिस्वनाः सविभ्रमा हारिमृणालवा(बा)हुकाः । वृ(बृ)हन्नितंवा-
(बा)मलवारि-

१६ —⏑— मुदे सतां यत्र सदा सरोङ्गनाः ॥ स(सु)रभिकुसुमगंधाकृष्ट-
मत्तालिमालाविहितमधुररावो˝ यत्र चाधित्यकायां । स्खलिततरणिभानुः सह

१७ – –⏑– – ⏑⏑ मधिषति शशत्कामिनः कामिनीभिः ॥ शुंभे
यद्वने शाखिशाखांतराले प्रियाः क्रीडया सन्निलीना निकामं । घने [प]—

१८ ⏑– – ⏑– –⏑– [णां] [त]नूगंधसक्तालयः सूव[च]यंति ॥ प्रापै
कदापि न या हृदये शं सानुनयं समया हृदयेशं । यद्वनमेत्य सु[सं ?)-

१९ ⏑⏑– – –⏑⏑ – ⏑⏑– [र]तरागं ॥ एवमादिगुणे´ दुर्गे स्वर्गे वा
भुवि [सं]स्थिते । राजा जिष्णुः परप्रीत्या संचरन्निजलील—

२० या ॥ ति ...... [ता ?]श्चर्यसंकुलम् । ददर्शागाधगंभीरस्वच्छं स्वमिव मान-
सम् ॥ निर्म्मलं सलिलं यत्र पि-

२१ हितं प[द्मि]—⏑ — । ... जे नीलाब्ज(ब्ज)राग[भू]श्रियम् ॥
विमुच्य व्योमपातलरसा यत्र त्रिमार्ग्गगा । लोका-

२२ न् पु[नाति] ...... ⏑–⏑– ॥ [त]स्योत्तरतटेद्राक्षीन्नम्रामरसमर्च्चितं ।
श्रीसमिद्धेश्वरं देवं प्रसिद्धं

२३ जगत्ती ⏑— ॥ ... .⏑—⏑ते । त्रैसंध्य[तू]र्यनादेन कलि(लिं)
निर्भर्त्सयन्निव ॥ य [स्त ?] वस्याधिपत्येस्थात्पुरा भ-

२४ द्वारिकोत्त [मा ।].... [वि] नृपाभ्य [र्च्या ?].... ⏑–⏑— ॥ तस्याः
शिष्याभवत्साध्वी सुव्रतव्रातभूषिता । गौरदेवीति वि[ख्या] .... [ता ?]
कृतोद्यमा ॥ सु[मनो ?]....

---

१ छंद आ तथा पछीना श्लोकनो—अनुष्टुभ् २ आ अने पछीना श्लोकनो छंद वंशस्थ. ३ आंही लोप थएला अक्षरो कदाच नाः । प्रम छे. ४ आंहि लोप थएला अक्षरो कदाच राघमी छे. ५ छंद मालिनी. ६ छंद भुजंगप्रयात. ७ छंद दोधक ८ आ तथा पछीना बधा श्लोको छंदः अनुष्टुभ

२५ संसेव्या [मा ?]... यविनाशिनी। दुर्गा हि...... ⏑–⏑ [ता] ॥ वत्सपः पावनं वीक्ष्य पवीत्रीकृतसज्जनं। सस्मरुः पूर्व्वयमि.... ⏑–⏑– ॥ शिवं प्रपूज्य त[त्र]....

२६ ....[म]गमत्प्रभुः। प्रणम्य [तावुमौ ?] भक्त्या सि (शि) रसा ⏑–⏑– ॥ [तस्वां]तः पूजार्थं हरपादयोः कुमारपालदेवोदाद्ग्रामं श्री ⏑– ⏑— ॥ [1]....स्यां दिश्याराम....

२७ टा दक्षिणपूर्व्वोत्तरपश्चिमतः सरःपाली भूणादित्य.... राज .... दीपार्थं घाणकमेकं सज्जनोप्यदात् दंडनाथ.... मेतद्दानम....

२८ श्रीज(य)कीर्त्तिशिष्येण[2] दिगंव(ब)रगणेशिना। प्रशस्तिरीदृशी चक्रे .... श्रीरामकीर्त्तिना ॥

संवत् १२०७ सूत्रधा.........[3]

---

१ આહિથી તે પંક્તિ ૨૭ મીના અંત સુધીના ગદ્યભાગમાં કેટલા અક્ષરોનો લોપ થયો છે તે કહેવું અશક્ય છે ૨ છંદ શ્લોક અનુષ્ટુભ્. ૩ આ પંક્તિ પછી નીચે કેટલાક વધારે અક્ષરો સફાઈ વગરના કોતરેલા છે; પરંતુ છાપની અંદર તેઓ તદ્દન અવાચ્ય છે.

નં૰ ૧૪૭

કુમારપાલના રાજ્યની વડનગર પ્રશસ્તિ[1]

વિક્રમ સંવત ૧૨૦૮ આશ્વિન સુદિ ૫ ગુરૂવાર.

(પુનઃ લખાઈ—વિ. સં. ૧૬૮૯ ચૈત્ર સુદ ૧ ગુરૂવાર)

સાથેની વડનગર પ્રશસ્તિની આવૃત્તિ ભાવનગરના વજેશંકર. જી. ઓઝાએ મોકલેલી કાગળની છાપ તથા ઉપયોગી અક્ષરાન્તર ઉપરથી બનાવી છે. તેઓના પ્રાચીન વસ્તુઓ સંબંધી ઉત્સાહને લીધે પશ્ચિમ હિન્દના લેખોનો ઘણો મોટો ભાગ મળી શકયો છે. પ્રુફો સુધારવામાં, મી. એચ. કઝીન્સે તૈયાર કરેલી એક છાપ ડો. બર્જેસે મને આપી હતી તેનો પણ મે ઉપયોગ કર્યો છે.

મી. એચ. એચ. ધ્રુવે ઈ. એ. વો. ૧૦ પા. ૧૬૦ માં પ્રથમ ધ્યાન ઉપર આણેલો આ લેખ વડનગરમાં સામેલા તળાવ પાસે અર્જુન બારીમાં એક પત્થરના ટુકડામાં કોતરેલો છે છાપ ઉપરથી અનુમાન કરતાં તે ટુકડો ૩૫૬ ઈંચ ઉંચો અને ૩૨ ઇંચ પહોળો લાગે છે, અને ખરાબ રીતે કોતરેલી સાધારણ નાગરી લિપિની ૪૬ પંક્તિઓ છે. એકંદરે તે સુરક્ષિત છે. ફક્ત મધ્યમાં ૧૯ મી પંક્તિ પત્થરમાં ફાટ પડવાથી આખી નાશ પામી છે, અને ૧૭, ૧૮ તથા ૨૦ મી પંક્તિઓને થોડું ઘણું નુકશાન થયું છે. ૨૬ તથા ૨૭ મી પંક્તિઓના અંતના થોડા અક્ષરો નાશ પામ્યા છે. ભાષા સંસ્કૃત છે, અને પ્રસ્તાવિક પ્રાર્થના તથા અંતના ભાગ સિવાય આખો લેખ પદ્યરૂપ છે.

આ લેખમાં, ચૌલુક્ય રાજા કુમારપાલે વિક્રમ સંવત્ ૧૨૦૮ માં બંધાવેલા આનંદપુર નગરના કિલ્લા ઉપરની શ્રીપાલની પ્રશસ્તિની નકલ તથા વિક્રમ સંવત્ ૧૬૮૯ માં કરેલા જીર્ણોદ્ધાર વખતે આ નકલના બનાવનારે કરેલા બે વધારાના શ્લોકો છે. શ્રીપાલની કવિતા શિવની પ્રાર્થના તથા બ્રહ્માને સંબોધિત મંગલથી શરૂ થાય છે. (શ્લોક ૧) ત્યાર પછીના સાત શ્લોકો (૨–૮)માં ચૌલુકયોનો ઉદ્ભવ, તે વંશના મૂળ પુરુષનું નામ, તથા ગુજરાતના પહેલા આઠ ચૌલુકય રાજ્ય કર્તાઓનું વર્ણન આપ્યું છે. બીજે સ્થળેથી જણાયેલા રાજાઓની નોંધ સાથે આ નોંધ મળતી આવે છે.

૧. મૂલરાજ.
૨. તેનો પુત્ર ચામુણ્ડરાજ.
૩. તેનો પુત્ર વલ્લભરાજ.
૪. તેનો બંધુ દુર્લભરાજ.
૫. ભીમદેવ.
૬. તેનો પુત્ર કર્ણ.
૭. તેનો પુત્ર જયસિંહ—સિદ્ધરાજ.
૮. કુમારપાલ.

દરેક રાજાના નામ સાથે આપેલી ઐતિહાસિક નોંધમાં ખાસ જાણવા જેવું કંઈ નથી. પરંતુ લેખની પ્રાચીનતાને લીધે તે ઉપયોગી છે. આ લેખ જૂનામાં જૂના પ્રબંધ, હેમચંદ્રના ‘ દ્વયાશ્રય કાવ્ય ’ જેટલો પ્રાચીન છે. મૂલરાજ વિષે (શ્લોક ૫ માં) કહ્યું છે કે “ તેણે ચાપોત્કટ રાજાઓનું દ્રવ્ય, તેઓને જિતીને, વિદ્વાન, બંધુજનો, બ્રાહ્મણો, કવિઓ તથા સેવકજનોના ઉપભોગ માટે અર્પણ કર્યું. ” મૂલરાજનાં જમીનનાં દાનમાં (ઈ. એ. વો. ૬ પા. ૧૯૨) પણ ઉપર પ્રમાણે કહ્યું છે કે “ તેણે પોતાનાં બાહુબળ વડે સરસ્વતી નદીનો પ્રદેશ જિત્યો, ” અને આથી

---

૧ એ. ઈ. વો. ૧ પા. ૨૯૩ વજેશંકર જી. ઓઝા તથા જી. બ્યુલ્હર.

એમ ધારવાને એક વધુ પ્રમાણ મળે છે કે પહેલા ચૌલુકયે જિત મેળવીને ગુજરાત લીધું હતું; અને પ્રબંધમાં કહ્યું છે તેમ પોતાના નજીકના સંબંધી છેલ્લા ચાપોત્કટને દગાથી મારીને નહિં. ૬ ઠ્ઠા શ્લોકમાં ચામુંડે સિંધના રાજાને લડાઈમાં હરાવ્યાનું કહ્યું છે. આ બાબત બીજા કોઈ લેખમાં આપી નથી, પણ અસંભવિત નથી. કારણ કે ચૌલુક્યના રાજ્યની પશ્ચિમની સીમા ઉપર સિંધ આવ્યું હતું, તથા ત્યાર બાદ ભીમદેવ અને તેનો પુત્ર કર્ણ બન્નેને ત્યાંના રાજાઓ સાથે તકરાર હતી. વલ્લભરાજ વિષે લેખમાં (શ્લોક ૭) કહ્યું છે કે તેણે માળવા ઉપર ચઢાઈ કરી હતી. આ હકીકત " કીર્તિ કૌમુદી, " "સુકૃતસંકીર્તન" તથા ત્યાર પછીના 'પ્રબંધ'માં પણ આપી છે, જ્યારે હેમચંદ્રનું આ વિષે મૌન છે. જ્યાં સુધી સોમેશ્વર અને અરિસિંહની સાક્ષીને તેઓની પહેલાંનો પુરાવાનો ટેકો નહોતો મળ્યો ત્યાંસુધી આ હકીકતમાં સંશય રહેતો હતો. હવે આ દંતકથાની સચ્ચાઈ ઉપર દોષારોપણ થઈ શકે તેમ નથી; દુર્લભરાજે લાટ જિત્યો એમ કહ્યું છે. પણ આ પરાક્રમનું વર્ણન બીજે કયાંઈ આપ્યું નથી. સાધારણ રીતે મધ્ય ગુજરાતને ચૌલુકયોના રાજ્ય સાથે મૂલરાજે જોડયું, એમ ગણાય છે. આપણી પ્રશસ્તિમાં ભીમદેવે ધારા જિતવાનું લખ્યું છે તે પણ તેટલીજ જાણવા જેવી હકીકત છે. આ હકીકત પણ " કીર્તિકૌમુદી, સુકૃતસંકીર્તન " અને ત્યાર પછીના ' પ્રબંધ ' ની હકીકતને મળતી આવે છે. તેમાં લખ્યું છે કે ભીમે ભોજનો નાશ કરાવ્યો. આ બાબત હેમચંદ્રે લક્ષમાં લીધી નથી, તે વાત હવે નિરૂપયોગી છે.

દુર્ભાગ્યે જયસિંહ–સિદ્ધરાજ સંબંધી શ્લોકો (૧૧–૧૩) ભૂંસાઈ ગયા છે. ફક્ત એક જ શ્લોક આખો છે. તેમાં કહ્યું છે કે તેણે માળવાના રાજા યશોવર્માને બંદિવાન કર્યો હતો, તથા તેને પારસમણિ અગર અર્ક મળ્યો હતો તે વડે પોતાની સર્વ પ્રજાનું કરજ આપ્યું હતું. ૧૨ મા શ્લોક ઉપરથી જણાય છે કે ભૂતપ્રેત ઉપર તેની સત્તા હતી. આથી જણાય છે કે, હેમચંદ્રના દ્વયાશ્રય કાવ્યમાં છે તેમ, શ્રીપાલને પણ પોતાના સ્વામીને અલૌકિક સત્તા આપવાની જરૂર જણાઈ હતી. કુમારપાલ સંબંધી પાંચ શ્લોકો, ૧૪થી૧૮, તેણે મેળવેલી બે પ્રખ્યાત જિતની બહુ પ્રશંસા આપે છે. તેમાંની એક, ઉત્તરના, એટલે રાજપૂતાનામાં શાકંભરી–સાંભરના રાજા અર્ણોરાજ ઉપર મેળવેલી, તથા બીજી પૂર્વમાં માળવાના રાજા ઉપર મેળવેલી હતી. માળવાના રાજાએ સ્વદેશનું રક્ષણ કરતાં પોતાની જીંદગી ગુમાવી હોય એમ લાગે છે, કારણ કે ૧૫ મા શ્લોકમાં કહ્યું છે કે, તેનું મસ્તક કુમારપાલના મહેલના દ્વાર ઉપર લટકાવ્યું હતું, તથા ૧૭ મા શ્લોકમાં પણ ફરીથી તેનાં છેદાયેલા મસ્તક વિષે લખ્યું છે.

આ બન્ને લડાઈઓ બીજાં ઘણાં સ્થળે આપેલી છે. તેમ છતાં આપણી પ્રશસ્તિમાંથી જાણવું જરૂરનું છે કે, તે લડાઈઓ વિક્રમ સંવત્ ૧૨૦૮ પહેલાં બંધ થઈ હતી. અત્યાર સુધી, નાંડોલના દાનપત્રના આધારે ફક્ત એટલું જ કહી શકાતું હતું કે, અર્ણોરાજને વિક્રમ સંવત્ ૧૨૧૩ પહેલાં જિતવામાં આવ્યો હતો. હવે આપણે જાણીએ છીએ કે જયસિંહે અગાઉ ગુજરાત સાથે જોડી દીધેલા માળવામાં થયેલો બળવો પણ પાંચ વર્ષ વહેલો દાબી દીધો હતો.

શ્લોક ૧૯ થી ૨૯ માં બ્રાહ્મણોનાં પ્રાચીન રહેઠાણ નગર અથવા આનંદપુર તથા તેને ફરતા કુમારપાલે બંધાવેલા કિલ્લાનાં વખાણ, તથા તેના લાંબા આયુષ્ય માટેની ઇચ્છા દર્શાવેલ છે. આનંદપુર જેને હાલ સાધારણ રીતે વડનગર અથવા સંસ્કૃતમાં વૃદ્ધિનગર કહેવામાં આવે છે તે વડોદરા રાજ્યના કડી ડિસ્ટ્રિકટના ખેરાળુ મહાલમાં આવ્યું છે. હુએન સીઆંગના પ્રવાસ (સી-યુ-કિ, વો ૨. પા. ૨૬૮)માં તેના અસ્તિત્વની વહેલામાં વહેલી નોંધ છે. ત્યાર બાદ થોડા સમય પછી તેનું નામ વલભીનાં જમીનનાં દાનપત્રોમાં આવે છે. અને જ્યાં શીલાદિત્ય ૬ ઠ્ઠા ધ્રુભટે તેનું (ગુપ્ત)-સંવત ૪૪૭×નું શાસન કાઢયું હતું તે કદાચ આજ આનંદપુર હોય.

× ઈ એ. વો. ૭ પા. ૮૧ અને કો. ઈ ઈ. વો. ૩ પા. ૨૭૪ વગેરે

ગુજરાતના બ્રાહ્મણોમાં સૌથી અગત્યની નાગર જ્ઞાતિનું આ અસલ નિવાસસ્થાન છે, એ જાણીતું છે. આ જ્ઞાતિ ગુજરાતના રાજાઓ સાથે બહુ મોટી વગ ધરાવતી હતી એ હકીકત ૧૦ મા સૈકાથી સિદ્ધ થતી આવી છે. આ સ્થળનું પ્રાચીન મહત્ત્વ જોતાં, પ્રશસ્તિમાં કહ્યું છે તેમ જો તેની આસપાસ કુમારપાલના રાજ્ય પહેલાં કિલ્લો ન હોય તો એ આશ્ચર્યકારક છે.

શ્લોક ૩૦ માં કર્તાનું નામ આપ્યું છે. તેમાં કહ્યું છે કે, શ્રીપાલને જયસિંહ-સિદ્ધરાજે બંધુ તરીકે સ્વીકાર્યો હતો, અને તેણે "कविचक्रवर्तिन्" 'કવિઓમાં સર્વોપરિ રાજા' નો ઈલ્કાબ ધારણ કર્યો હતો. જયસિંહના રાજકવિ તરીકે "પ્રબંધો" માં શ્રીપાલનું ઘણી વાર નામ આવે છે. 'પ્રભાવક ચરિત્ર' માં તેની મુખ્ય કૃતિ તરીકે 'વૈરોચનપરાજય' આપી છે, અને કહ્યું છે કે, શ્રીસ્થલ-સિદ્ધપુરના રૂદ્રમહાલય તથા દુર્લભરાજ મેરૂ માટે તેણે પ્રશસ્તિઓ લખી હતી. 'પ્રબંધચિન્તામણિ' માં મેરૂતુંગે, અણહિલવાડ-પાટણ પાસે જયસિંહે ખોદાવેલા પ્રખ્યાત સહસ્રલિંગ તળાવની તેણે કરેલી પ્રશંસા વિષે લખ્યું છે. તેનો એક શ્લોક સારઙ્ગધરે "પદ્ધતિ" ૧૩૩, ૭ (નં૦ ૩૭૮૯, પીટર્સન)માં લીધેલો છે. આપણી પ્રશસ્તિમાંથી જણાય છે કે તેનો રાજકવિ તરીકેનો અધિકાર કુમારપાલ પાસે પણ ચાલુ રહ્યો હતો. રાજશેખરના 'પ્રબંધકોશ' પ્રમાણે, તેના પછી તેનો પુત્ર રત્નપાલ આવ્યો હતો.

આ પ્રશસ્તિનો લેખક નાગર બ્રાહ્મણ પંડિત વાલણ હતો, અને તારીખ વિ. સં. ૧૨૦૮ ના આશ્વિન સુદિ ૫ (?) ગુરૂવાર ઇ. સ. ૧૧૫૦ અને ૧૧૫૨ વચ્ચે આવવી જોઈએ. તે કદાચ ઇ. સ. ૧૧૫૧ ના સપ્ટેંબરની ૨૮ ને ગુરૂવાર હશે.

વેણી, એટલે વેણીલાલ અથવા વેણીદાસના પુત્ર નાગર જોશી વિષ્ણુજીએ ઉમેરેલા બે શ્લોકો-માંના પહેલા શ્લોકમાં કિલ્લાનો જીર્ણોદ્ધાર તથા કેટલાક ભાગોનું સમારકામ અમુક રાજાએ કે જેનું નામ વાંચી શકાતું નથી, તેણે કર્યા વિષેનું વર્ણન છે; તથા જે સ્થળેથી આ શિલા મળી આવેલ છે તે અર્જુનબારિકા, એટલે અર્જુન બારી પણ તેમાં આપેલી છે. બીજામાં તિથિ વિ. સ. ૧૯૮૯ ચૈત્ર સુદિ ૧, ગુરૂવાર આપેલી છે.

अक्षरान्तर

१ ओं ॥ ओं नमः शिवाय ॥ ब्रह्माद्वैतधिया मुमुक्षुभिरभिध्यातस्य बद्धाक्षरै रिच्छाश-
क्तिमभिष्टवीमि जगतां पत्युः श्रुतीनां निधेः । या व्यापारित-

२ संहृतैः स्वसमयं ब्रह्मांपिंडैर्नवैः । क्रीडंती मणिकंदुकैरिव स स्वच्छंदमाह्वावते॥१[॥][1]
गीर्वाणैर्व्वीतगर्वं दनुजपरिभवात्प्रार्थितस्त्रायकार्थं । वेधाः संध्या-

३ नमस्यन्नपि निजचुलुके पुण्यगंगांबुपूर्णे । सद्यो वीरं चुलुक्याह्वयमसृजदिमं येन
कीर्त्तिप्रवाहैः पूतं त्रैलोक्यमेतन्नियतमनुहरंत्स्येव हेतो फलं श्रीः ॥ २ [॥][2]

४ वंशः कोपि ततो बभूव विविधाश्चर्यैकलीलास्पदं । यस्माद्भूमिभृतोपि वीतगणिताः
प्रादुर्भवंत्यन्वहं । छायां यः प्रथितप्रतापमहतीं धे विपन्नोपि सन् । यो

५ जन्मावधि सर्वदापि जगतो विश्वस्य दत्ते फलं ॥ ३ [॥][3] वंशस्यास्य यशः
प्रकाशनविधौ निर्मूल्यमुक्तामणिः । क्षोणीपालकिरीटकल्पितपदः श्रीमूलरा-

६ ... ... जोऽभवत् । यो मूले कलि-
दावदग्धनिखिलन्यायाद्रुमोत्पादने । यो राजेव करै प्रकामशिशिरैः प्रीतिं निनाय
प्रजाः ॥ ४ [॥][4] यश्चापोत्कटराजराज्यकमलां स्व-

७ ... ... छंदवंदीकृतां विद्वद्बांधवविप्रबंदिभृतकव्यूहोपभोग्यां
व्यधात् यत्खड्गाश्रयिणीं तदा श्रियमलं युद्धस्फुरद्विक्रमक्रोताः सर्वदिगंतरक्षितिभुजां

८ ... ... लक्ष्म्यश्चिरं भेजिरे ॥ ५ [॥] सूनुस्तस्य बभूव भूपतिलक-
श्चामुंडराजाह्वयो यद्गंधद्विपदानगंधपवनाघ्राणेन दूरादपि । विभ्रस्यन्मदगंधभग्नक-

९ ... ... रिभिः श्रीसिन्धुराजस्तथा । नष्टः क्षोणीपतिर्यथास्य यशसां
गंधोपि निर्नाशित ॥ ६ [॥][5] तस्माद्वल्लभराज इत्यभिधया क्ष्मापालचूडामणि-

१० यज्ञे साहसकर्मनिमितचमत्कारक्षमामंडलो यत्कोपानलजृंभितं पिशुनया तत्संप्रयाण-
श्रुतिक्षुभ्यन्मालवभूपचक्रविकसन्मालि-

११ ... ... न्यधूमोद्गमः ॥ ७ [॥][6] श्रीमद्दुभराजनामनृपति-
र्भ्रातास्य राज्यं दधे । शृंगारेपि निषिणधीः परवधूवर्गस्य यो दुर्लभः । यस्य
क्रोधपरामृणस्य किमपि भ्रूवल्लरी भंगुरा-

१२ सद्यो दर्शयति स्म लारवसुधाभंगस्वरूपं फलं ॥ ८ [॥][7] भीमोपि द्विषतां सदा
प्रणयिणां भोग्यत्वमासेदिवान् । क्षोणीभारमिदं बभा-

---

१ श्लोक १ छंद शार्दूलविक्रीडित. वांचो स्वसमये; ब्रह्मांडपिं; सदा स्वच्छंदमा २ छंद स्रग्धरा. वांचो संध्यां; मनुहरत्येव हेतोः ३ छंद ३–२७ श्लोक शार्दूलविक्रीडित वांचो दध्रे विपन्नोपि ४ वांचो मूलं; न्यायद्रुमोत्पादने; करैः ५ वांचो क्षोणिपतेर्यथा; निर्नाशितः ६ वांचो जज्ञे; निर्मित; पिशुनयत्येतत्प्रयाण ७ वांचो श्रीमद्दुर्लभराज; निषण्ण; क्रोधपरायणस्य; लाट.

१३ … … … …र नृपति [:] श्रीभीमदेवो नृपः । धारापंचकसाधनैकचतुरै-
स्तद्वाजिभिः साधिता । क्षिप्रं मालवचक्रवर्त्तिनगरी धारेति को विस्मयः ९[॥] त-

१४ स्माद्भूमिपतिर्बभूव वसुधाकर्णावतंसस्फुरत्कीर्त्तिप्रीणितविश्वकर्णविवरः श्रीकर्णदेवा-
ह्वयः । येन ज्याप्रथितस्वनं च्युतशरं धर्मं पुर-

१५ … … … … … स्कुर्वता न्याययज्ञेन न केवलं रिपुगणः कालोपि
विद्ध [:] कलिः ॥ १० [॥][1] दप्यन्मालवभूपबंधनविधित्रस्ताखिलक्ष्मापति-
र्भक्त्यात्कृष्टवितीर्णदर्शनशिव

१६ … … … …[मू]त्प्र[भ]वोदयः । सद्य सिद्धरसानृणीकृतजग-
द्गीतापमानस्थितिर्जज्ञे श्रीजयसिंहदेवनृपतिः सिद्धाधिरजिस्ततः ॥ ११ [॥][2]
वश्या वेश्म रसा-

१७ … … … तलं च विलसद्भोगि [स्वचं प्राविशन्] । - [सं]
भोक्तुम— ि ⏑— ⏑ ⏑ ⏑— क्षत्राणि रक्षांसि च ॥ यः क्षोणीधरयागिनीं
च सुमहाभोगां सिषेवे चिरं हेला-

१८ सिद्धरसाः स [दा] क्षितिभुज-- ⏑ - - - ⏑ रे १२ [॥]- - ।तीतवितीर्ण-
दाननिवहैः संपन्नपुण्योच्चयः । क्रीडाक्रांतदिगंतराल-

१९ … …. … [सकल] - - ⏑ - - ⏑ - [।] - - - ⏑ ⏑ —
⏑ ⏑ ⏑ - - - ⏑ - - - ⏑ - [॥ १३ ॥][3] - - -

२० … … कुलभृप - ⏑ ⏑ ⏑ - - - ।वलंब ⏑ - क्रीडाक्रोड इवोद्दधार
वसुधां देवाधिदेवाज्ञया । देवः [सोथ]कुमारपालनृपतिः श्रीराज्यचूडाम-

२१ … … … … … … … णि - - र्गादवतीर्णवान् हरिरिति
ज्ञातः प्रभावाज्जनैः ॥ १४ [॥][4] अर्णोराजनराधिराजहृद[ये]क्षि[प्तै]
कवाणव्रजाश्चयोतल्लोहिततर्प-

२२ णादमदयच्चंडी भुजस्थायिनीं । द्वारालंबितमालवेश्वराशिरः पद्मेन यश्चाहरल्लीला-
पंकजसंग्रहव्यसनिनीं चौलुक्यराजान्वयः ॥ १५ [॥][5]

२३ शुद्धाचारनवावतारसरणिः संधर्मकर्मक्रमप्रादुर्भावविशारदो नयपथप्रस्थानसार्था-
धिपः । यः संप्रत्यवतारयन् क्र

२४ … … … तयुगं योगं ⏑ ` लंघयन् [म]न्ये संहरति स्म भू[मि]
वलयं कालव्यवस्थामपि ॥ १६ [॥[6]] प्रत्यू— ⏑ ⏑ खंडितांगुलिद[लै]:
पर्युल्लस [त्पल्ल]-

---

१ वांचो वसुधाकर्णावतंसः २ वांचो शिवो मूर्त्तं; सद्यः; जगद्गीतोपमान; नृपतिः; सिद्धाधिराजस्ततः कौसमां मूकेલા અક્ષરો બહુ સ્પષ્ટ નથી. ૩ શ્લો. ૧૨ અને ૧૩ની સ્થિતિ ઘણી ખરાબ હોવાથી એમાં સુધારાવધારા સૂચવવાનું હું યોગ્ય ધારતો નથી. ૪ ચોથા પાદના શરૂઆતના બે અક્ષરો કદાચ यैः स्व. હોઈ શકે. ૫ વાંચો व्रजं; चंडीं. કૌસમાં જણાવેલા અક્ષરો તદ્દન ચોક્કસ નથી. ૬ વાંચો सद्धर्म; कलेर्लंघयन

२५ .. .. वी नष्टोदीच्यनराधिपोज्झितसितछत्रैः प्रसूमोज्वलः । छिन्न-
प्राच्यनरेंद्रमालिकमलै मौष्यत्फलद्योतित छाया दूरमवर्द्धयन्निज-

२६ .... कुले यस्य प्रतापद्रुमः ॥ १७ [॥][1] आचारः किल तस्य रक्षण-
विधिविघ्नेशनिर्नाशितप्रत्यूहस्य फलावलोकिशकुनज्ञानस्य मं[त्रान्व]यः ।

२७ .... देवीमंडलखंडिताखिलरिपोर्युद्धं विनोदात्सवः ।
श्रीसोमेश्वरदत्तराज्यविभवस्याडंबरं वाहिनी ॥ १८ [॥][2] राज्ञानेन च भुज्य-⏑⏑

२८ ... . मगा विश्वंभरा विस्फूरद्रत्नद्योतितवारिराशिरशनां
शीताद्रिविंध्यस्तनीं । एता भूषयदस्थिकुंडलमिव श्रुत्याश्रयं ष्टता विभ्रा[णा] ⏑

२९ .... गराह्वयं द्विजमहास्थानं सुवर्णोदयं ॥ १९ [॥][3] आब्रह्मादि
ऋषिप्रवर्त्तितमहायज्ञक्रमोचंभितैर्यूपैर्दत्तकरावलंबनतया पादव्यपेक्षाच्युतः ।

३० धर्मोत्रैव चतुर्युगेपि कलिनानंदः परिस्पंदते तेनानंदपुरेति यस्य विबुधैर्नामांतरं निर्मि-
तं ॥ २० [॥] आश्रातद्विजवर्गवेदतुमुलैर्बाधिर्यमारापि-

३१ ... ... तः शश्वद्धोमहुताशधूमपटलैरांध्यव्यथां लंभितः ।
नानादेवनिकेतनध्वजाशिसाघातैश्च खंजीकृतो यस्मिन्नत्र कलि स्वकालविहितोत्सा-

३२ ... ... ह्यापि नोत्सर्पति ॥ २१ [॥]
सर्पद्विप्रवधूजनस्य विविधालंकाररत्नांशुभिः स्मेराः संततगीतमंगलरवैर्वाचालतां
प्रापिताः । अस्तांतोत्सवलक्ष्यमाण-

३३ ... ... विभात्कर्षप्रकाशस्थितौ मार्गा एव वदंति यत्र नृपतेः
सौराज्यसंपद्गुणं ॥ २२ [॥][4] अस्मिन्नाकराक्षमापद्विजजनस्त्राणं करोत्यध्वरै
रक्षां शांतिकपौष्टिकै वितनुते

३४ ... ... भूपस्य राष्ट्रस्य च । मा भूत्तस्य तथापि तीव्रतपसो
बाधेति भक्त्या नृपो । वप्र विप्रपुराभिरक्ष[ण]कृते निर्मापयामास सः २३ [॥][5]
अस्मिन्वप्रगुणेन तोय-

३५ ... ... निलयाः प्रीणंति लोकं जलैः कामं क्षेत्रभुवोपि वप्रकलिता-
स्तन्वंति धान्यश्रियं । एवं चेतसि संप्रधाय सकलब्रह्मोपकारेछया । चक्रे वप्र-
विभूषितं

---

१ જણેકે પ્રથમ અવાચ્ય શબ્દમાં એક પદ વધારાનું હોય એમ દેખાય છે. વાંચો पोज्झित; मौलिकम-लैः; प्रुष्यत् અથવા शुष्यत्; द्योतितच्छायां. ૨ વાંચો विधिर्वि; ज्ञानं तु; विनोदोत्सवः ૩ વાંચો भुज्यमानसुभगा; रशना; स्तनी; एषा; तिष्ठति; नगराह्वयं. ૪ વાંચો कलिता. ૫ વાંચો अश्रान्त; आरोपितः; शिखाघातैश्च; कलिः; त्साहोपि ૬ વાંચો विभवोत्कर्ष. ૭ વાંચો अस्मिन्नागर वंशजद्विज; पौष्टिकैर्वि; वप्रं.

३६ ... ... पुरमिदं चौलुक्यचूडामणिः ॥ २४ [॥][1] पादाक्रांतरसा-
तलो गिरिरिव श्लाघ्यो महाभोगतः श्रृंगारीव तरंगिणीपतिरिव स्फारोदयद्वारभूः ।

३७ स्सर्पत्कापिशीर्षको जय इव क्रव्यादनाथद्विषां नारीवर्ग रावेष्टकांत[रु]चिरः
सालोयमालोक्यते ॥ २५ [॥][2] भोगाभोगमनोहरःपणशतैरुत्तुंग-

३८ ... ... गतां धारयन् यातः कुंडलितां च यज्ञपुरुष-
स्याज्ञावशेनागतः । रत्नस्वर्णमहानिधिं पुरमिव त्रातुं स शेषास्थितः प्राकारः सुधया
सितोप-

३९ ... ... लशिराः संलक्ष्यते वृत्वान् ॥ २६ [॥][3] काम कामस-
मृद्धिपूरकरमारामाभिरामाः सदा । स्वच्छंदस्वपततरवैर्द्विजकुलैरत्यंतवाचालिताः ।

४० उत्सर्पद्गुणशालिवप्रवलयप्रीतैः प्रसन्ना जनैः । रत्रांताश्च बहिश्च संप्रति भुवः शोभा-
द्भुतं बिभ्रतिः ॥ २७ [॥] लक्ष्मीकुलं क्षोणिभुजो दधानः प्रौ-

४१ ... ... ढोदयाधिष्ठितविग्रहोयं । विभ्राजते नागरकाम्यवृष्टि वप्रश्च
चौलुक्यनराधिपश्च ॥ २८ [॥][5] यावत्पृथ्वी पृथविरचिताशेषभूभृन्निवेशा ।

४२ यावत्कीर्त्तिः सगरनृपतेर्विधते सागरोयं । तावन्नंद्याद्द्विजवरमहास्थानरक्षानिदान
श्रीचौलुक्याक्षितिपतियशः कीर्त्तनं वप्र एष ॥

४३ ... ... ॥ २९ [॥][6] एकाहनि [ष्प]
न्नमहाप्र–धः श्रीसिद्धराजप्रतिपन्नबंधुः । श्रीपालनामा कविचक्रवर्त्ती प्रशस्तिमेताम-
करोत्प्रशस्तां ॥ ३० [॥][7]

४४ संवत १२०८ वर्षे आश्विन शुदि [५] गुरौ लिखितं नागरब्राह्मणपंडितवाल-
णेन ॥[8] चौलुक्य[नाम्ना बा]धिपेन कारिता प्रतोलिका या-

४५ ... ... [र्जु]न [बा]रिकोपनत् । पुनर्नवीना कृतफहा–
त–वेगमिर्जाने ⏑ - नेन नृपेण कारिता ॥ १ [॥][9] चैत्रमासे शुभ्रे पक्षे प्रति-
पद्गुरुवासरे । नंदाष्टनृपे

४६ ... १६८९ वर्षे प्रशस्तिलिखिता पुनः ॥ २ [॥][10] नागरब्राह्मणजोशीवेणी-
सुतन विष्णुजीकेन लिखिता प्रशस्ति ॥[11] शुभं भवतु ॥ छ ॥

---

१ वांचो संप्रधाय सकलं. २ वांचो इवेष्टकातरुचिरः ३ वांचो फणशतैरुत्तुंगतां; पुरमिदं; शेषः; वृत्तवान् ४ वांचो स्वच्छंदः स्वन अथवा स्वर; अत्रांतश्च बहिश्च; बिभ्रति. ५ छंद इन्द्रवज्रा वांचो धिष्ठित; वृष्टिर्वप्रश्च ६ छंद मन्दाक्रान्ता वांचो निदानं; एषः ७ छंद उपजाति. वांचो महाप्रबन्धः ८ वांचो संवत्. कौंसमां जणावेलो अंक चोक्कस नथी, अने २ अथवा ३ होय. ९ छद वंशस्थ अने इन्द्रवंशानो उपजाति. वांचो बारिकोपगा १० छंद अनुष्टुभ बीजी पंक्तिना पहेला चरणमां एक पद ओछुं छे. वांचो प्रशस्तिर्लिखिता. ११ वांचो सुतेन; प्रशस्तिः.

ભાષાન્તર

ॐ ! ॐ ! શિવને નમસ્કાર હોજો.

(શ્લોક. ૧) હું ત્રિભુવનના સ્વામિ અને વેદના નિધિની—જેનું અદ્વૈત બ્રહ્મપેઠે શાન્તિથી મુમુક્ષુપુરૂષો ધ્યાન કરે છે તેની સંકલ્પશક્તિ જે પોતાના સમયમાં ઉત્પન્ન કરતી અને નાશ કરતી રત્નજડિત પિંડ જેમ નવાં બ્રહ્માંડપિંડો સાથે ક્રીડા કરતાં સ્વચ્છંદ મુજબ પોતે આનન્દ લે છે તે શક્તિની સ્તુતિ કરૂં છું.

(૨) દનુના પુત્રોના અપમાન સામે રક્ષક માટે દેવો વડે પ્રાર્થના થવાથી વેધસે(બ્રહ્માએ), જો કે સંધ્યાની પૂજા કરવાની તૈયારીમાં હતો છતાં તેના ગંગાના પવિત્ર જળથી ભરેલા ચુલુકમાં (ઘડામાં) સહસા પોતાના યશના પૂરથી ત્રિભુવનને પાવન કરતો ચુલુક્ય નામનો વીર સર્જ્યો. ખરે ખર હેતુની શ્રી તેનાં ફળને પોતા જેવું જ ઉત્પન્ન કરે છે.[1]

(૩) તેનામાંથી અનેક અદ્ભુત કૃત્યોની એક જ રંગભૂમિ સમાન, જેમાં અસંખ્ય નૃપો પણ નિત્ય દેખાય છે, જે તેની પડતીના સમયમાં પણ ઉજ્જ્વળ છે જે વિખ્યાત વિક્રમથી મહાન્ છે અને જે સદા અખિલ જગતમાં પ્રત્યેક જનને (સામાન્ય જનોને) સુખ આપે છે તે વંશ પ્રકટ્યો.

(૪) શ્રી મૂલરાજ, જે નૃપોના મુગટપર ચરણ મૂકતો, તે પોતાના કુળના યશની પ્રભાની વૃદ્ધિ કરવામાં અમૂલ્ય મુક્તામણિ હતો.—તે કે જે કલિયુગના દાવાનલથી ભસ્મ (દગ્ધ) થએલા ન્યાય વૃક્ષના મૂળ સમાન થયો હતો અને જેણે સાચા નૃપને ઉચિત અતિ મૃદુ કરોથી[2] પોતાની પ્રજાનો અનુરાગ પ્રાપ્ત કર્યો.

(૫) સ્વેચ્છાથી બન્ધીવાન કરેલા ચાપોત્કટ નૃપોની લક્ષ્મીને વિદ્વાન, પોતાના બન્ધુજન દ્વિજો, કવિ અને ભૃત્યોના ઉપભોગની વસ્તુ બનાવી. યુદ્ધમાં પ્રબળ પ્રતાપવાળા શૌર્યથી પરાજય પામી ને અન્ય સમસ્ત મંડળના નૃપોની દિગ્દેવીઓ તેની અસિની શ્રીને ચિરકાળ વળગી રહી.

(૬) તેને રાજાઓમાં અગ્ર અલંકાર સમાન ચામુણ્ડરાજ નામે પુત્ર હતો. ચામુણ્ડના ઉત્તમ માતંગોના મદથી સુગંધિત લહરિઓ દૂરથી પણ સુંઘીને તે મદગંધથી દબાઈ ગયેલા પોતાના માતંગો સહિત શ્રી સિન્ધુરાજ નાશી ગયો, અને એવી રીતે અદૃષ્ટ થયો કે તે રાજાના યશનાં સર્વ ચિહ્નો પણ નાશ પામ્યાં.

(૭) તેમાંથી ભૂમંડળને સાહસોથી વિસ્મય પમાડનાર વલ્લભરાજ નામે નૃપોમાં ચૂડામણિ જન્મ્યો હતો. તેના પ્રયાણના શ્રવણથી કંપિત થયેલા માલવ નૃપના રાજ્યમાંથી નીકળતો અતિ શ્યામ ધૂમ્ર તેના કોપાગ્નિનો પ્રસાર પ્રકટ કરતો.

(૮) તેના પછી તેના ભાઈ શ્રી દુર્લભરાજ રાજાએ રાજ્ય કર્યું જે અનુરાગિ હોવા છતાં પર વધૂને દુર્લભ[3] હતો. જ્યારે તે ક્રોધથી ભરાયો ત્યારે પોતાની વળેલી ભ્રમરો જરા ચઢાવી, જેથી તરત જ લાટ પ્રદેશના નાશરૂપી પરિણામ આવ્યું.

(૯) પછી પોતાના શત્રુઓને ભીમ (ભયંકર) હતો, છતાં મિત્રોને નિત્ય ઉપભોગ આપનાર, શ્રી ભીમદેવ નૃપે, ભૂપ તરીકે ભૂમિના આ ભારનું વહન કર્યું ધારા (પાંચ કદમ) સાધનામાં પરમ ચતુર તેના અશ્વોએ માલવ ચક્રવર્તિનું રાજનગર ધારા સત્વર પ્રાપ્ત કર્યું તેમાં શું આશ્ચર્ય હતું ?

---

૧ ચુલુક્યના સર્જન સબંધે, સરખાવો વિક્રમાંક દેવચરિત સર્ગ ૧ ૩૬,૩૯ વગેરે. તેનો ઉત્પત્તિ હેતુ બ્રહ્માનો ચુલુક છે, અને તે પવિત્ર હોઈ તેમાંથી માત્ર પવિત્ર વીરપુરૂષ જ ઉત્પન્ન થાય છે ૨ करैः प्रकामशिशिरैः નો અર્થ અલબત ' અતિ શીતલ કિરણોથી ' એમ થાય છે ૩ જુઓ સુકૃત સંકીર્તન પા. ૧૧ ૪ भार આદિ નપુંસકલિંગમાં વપરાયું છે. પરંતુ તે પુલ્લિંગ છે. भारं वहं આપણે લખવું જોઇએ.

(૧૦) તેમાંથી ભૂમિના કર્ણનો અલંકાર, પોતાની ઉજ્જવળ યશ(ની વાર્તાઓ)વડે વિશ્વના શ્રુતિપંથ (કર્ણ) પ્રસન્ન કરનાર શ્રી કર્ણ નૃપ ઉદ્ભવ્યો. તે ધર્મીએ ધર્મને પોતાની સમીપમાં ઢાલ જેમ મૂકી (પોતાની ધનુષ્યની) દોરીના મહાન્ રણકારથી અને શરોની વૃષ્ટિથી કેવળ શત્રુગણને નહીં પણ કલિયુગને પ્રહાર કર્યો.[૫]

(૧૧) તેમાંથી, શ્રી જયસિંહ દેવ–સિદ્ધાધિરાજ ઉત્પન્ન થયો જે મદભરેલા માલવ નૃપને બન્ધીવાન કરવાના કૃત્યથી પૃથ્વીના સર્વ નૃપને ભયભીત કરનાર હતો; જે ભક્તિથી તેના તરફ આકર્ષાએલા તરફ દર્શનમાં શુભ હતો; જે પ્રભાવ વૃદ્ધિનો અવતાર હતો અને જેનું સિદ્ધ રસથી ઋણમાંથી મુક્ત કરેલી પ્રજાથી સદા ઉપમાના પ્રમાણ સમાન ગાન થતું હતું.[૬]

(૧૪) ... ... જેણે વિષ્ણુની પેઠે વરાહ રૂપે, દેવાધિદેવની[૭] આજ્ઞાથી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો, શ્રી[૮]ના રાજ્યમાં ચૂડામણિ સરખો અને અતિ પ્રતાપથી સ્વર્ગમાંથી અવતરેલા હરિ સમાન જનોથી ગણાતો મહારાજ કુમારપાલ નૃપ હતો.

(૧૫) ચૌલુક્ય નૃપોના કુળના આ વંશજે નરાધિરાજ અર્ણોરાજના હૃદયમાં શરોની એક વૃષ્ટિ કરી. અને તેના કર પર બેઠેલી ચંડી દેવીને વહેતા રક્તથી[૯] સંતુષ્ટ કરીને મસ્ત કરી અને જ્યારે તેણીને પંકજ રૂપી રમકડાની અભિલાષ થઈ ત્યારે તેના દ્વાર પર લટકાવેલા માલવનૃપના શર પદ્મથી તેણીને વિસ્મિત કરી.

(૧૬) શુદ્ધ આચારને નવેસર ઉતરી આવવાનો માર્ગ, સદ્ધર્મનાં કર્મોનો પ્રાદુર્ભાવ કરવામાં ચતુર નયને માર્ગે જવામાં સાર્થવાહ, એવો જે રાજા હાલ કૃતયુગને પ્રવર્તાવતો અને કલિયુગને હાંકી કાઢતો કેમ જાણે કે ભૂમિમંડળને જ નહીં પણ કાલવ્યવસ્થાને પણ વશ કરે છે.

(૧૭)... કાપેલી આંગળીઓ જેનાં પલ્લવો છે. નાશ પામેલા ઉદીચ્ય નૃપનાં તજાએલાં શ્વેત છત્રો જેનાં પુષ્પો છે, પ્રાચ્ય નરેંદ્રોને કપાયેલાં મસ્તકો જેનાં ભીનાં ફળો છે એવા જેના પ્રતાપદ્રુમે પોતાની છાયા ખૂબ વિસ્તારી છે.

*(૧૮) ગણેશે જેનાં વિઘ્નોનો નાશ કર્યો છે એવા એ રાજાની રાજ્યરક્ષણની વ્યવસ્થા માત્ર બાહ્યાચાર છે; ફળ જોઈ શકનારું શકુન જ્ઞાન જેને છે એવા એ રાજાનો મંત્ર ... ... દેવીઓએ જેના બધા શત્રુઓને હણ્યા છે એવા એ રાજાને યુદ્ધ માત્ર વિનોદનો ઉત્સવ છે. શ્રી સોમેશ્વરે જેને રાજ્યવિભવ આપ્યો છે, એવા એ રાજાનું લશ્કર માત્ર ભૂષણ હતું.

(૧૯) એ રાજાથી ભોગવાવાથી સુભગ બનેલી, સ્ફુરી રહેલાં રત્નો વડે પ્રકાશિત સમુદ્ર રૂપી રશનાવાળી, હિમાચલ અને વિન્ધ્ય પર્વતો રૂપ સ્તનવાળી, આ પૃથ્વી દ્વિજનું મહાનિવાસસ્થાન, ઉત્તમ વર્ણની આબાદાનીવાળું એવા નગરને ભૂષણરૂપ અસ્થિકુંડળની માફક શ્રુતિ–આશ્રય (=૧ કર્ણમાં આશ્રય પામેલું, ૨ વેદનો આશ્રય) બનાવીને ધરી રહી છે.

(૨૦) બ્રહ્માદિક ઋષિઓએ કરેલા મહાયજ્ઞોને અવસરે ઉભા કરેલા યજ્ઞસ્તંભોએ આપેલા ટેકાને લીધે પગની ગરજ વિનાનો બનેલો[૧] ધર્મ એ નગરમાં ચારે યુગોમાં આનંદથી વિકસી રહ્યો છે, તેથી એ નગરને દેવોએ આનંદ એવું બીજું નામ આપ્યું છે.

---

૫ કવિનું તાત્પર્ય એ છે કે કર્ણે માત્ર ધર્મ્ય વિજયો જ કર્યા અને જે તેણે પવિત્ર નીતિને અનુસરવાથી કલિને ભેભગ્યો. ૬ શ્લોક ૧૨ અને ૧૩ એટલા બધ ભગ્ન છે કે તેનો અનુવાદ થઈ શકે તેમ નથી. ૭ 'શિવ' હોવાનો સંભવ છે ૮ 'શ્રીમાન રાજાઓમાં ઉત્તમ' ૯ ચંડી દેવીને હમેશાં રક્તથી—ખાસ કરીને નરરક્તથી પ્રસન્ન કરવી જોઈએ. રાજાના કર ઉપર બેઠેલી કહેવાય છે તેનું કારણ એ કે તે 'ચંડપ્રતાપ' હતો.

* આ શ્લોકનો અર્થ એ. ઈ. માં આપ્યો છે તે સ્વીકારી શકાય એવો નથી. એ ગ્રન્થમાં આ શ્લોકના બીજા ચરણમાં ज्ञानस्य ને સ્થાને ज्ञानं तु પાઠ સૂચવ્યો છે એ પણ એક ભૂલ છે. पादव्यपेक्षाच्युतः =પગની અપેક્ષાથી રહિત; એ. ઈ. માં ભાષાંતર આપ્યું છે તે અયોગ્ય લાગે છે.

(૨૧) દ્વિજવર્ગના અશ્રાન્ત વેદઘોષથી બ્હેરો બનેલો, અવિરત હોમના અગ્નિના ધુમાડાઓથી અંધાપાને પામેલો, અનેક દેવમંદિરોની ધ્વજશિખાઓના આઘાતથી લૂલો બનેલો, કલિયુગ, પોતાનો સમય હોવાથી ઉત્સાહયુક્ત હોવા છતાં, આજે એ નગરની સમીપ આવી શકતો નથી.

(૨૨) વિપ્રવનિતાઓના વિવિધ રત્નાલંકારની ફેલાઈ રહેતી પ્રભા વડે હસતા, અને સતત ગીતધ્વનિથી વાચાળ બનેલા માર્ગો જ એ નગરમાં, અવિરત ઉત્સવમાં દૃષ્ટિએ પડતા બ્હોળા વિભવને પ્રકટ કરીને, રાજાની સૌરાજ્ય-સંપત્તિને જાહેર કરે છે.

(૨૩) એ નગરમાં દ્વિજજન યજ્ઞો વડે દેવોનું પણ રક્ષણ કરે છે[1] અને શાન્તિક પૌષ્ટિક કર્મ વડે ભૂપની અને રાષ્ટ્રની પણ રક્ષા કરે છે; છતાં એના તીવ્ર તપને બાધ ન આવે એ હેતુથી એ રાજાએ વિપ્રપુરના રક્ષણ અર્થે કોટ બંધાવ્યો છે.

(૨૪) એ કોટના પ્રભાવ વડે આ નગરમાં જલાશયો જળથી લોકને તૃપ્ત કરે છે, અને એ કોટથી રક્ષાએલી ક્ષેત્રભૂમિ પણ પુષ્કળ ધાન્યસંપત્તિ ઉપજાવે છે, એ વાત મનમાં ધરીને, સકલ બ્રાહ્મણની ઉપર ઉપકાર કરવાની ઇચ્છાથી, ચૌલુકયચૂડામણિએ આ નગરને કોટથી વિભૂષિત બનાવ્યું.

(૨૫) આ દિવાલ તેના પાયા રસાતલમાં જતા હોવાથી ગિરિ સમાન છે; તે મહા આભોગથી શ્લાઘ્ય હોઈ મહાભોગથી શ્લાઘ્ય શૃંગારી સમાન છે; તે મહાન ઉન્નતિની પ્રાપ્તિનું સાધન હોવાથી સાગર સમાન છે; કપિનાં શિર તેમાંથી દેખાતાં હોવાથી રાક્ષસોના પતિ(રાવણ)ના રિપુઓના વિજય સમાન છે; ઇષ્ટિકાઅન્તથી રૂચિર હોવાથી ઈષ્ટાકાન્ત રૂચિર નારી વર્ગ સમાન છે.

(૨૬) આ ગોળ દિવાલ જેનું શિલાશિર ચુનાના લેપથી શ્વેત છે, તે, ગુંચળાંના કહથી મનોહર, શત ફણ ઉંચી કરનાર, કુંડળી રૂપમાં ગોળ વીંટાઈ જનાર, યજ્ઞપુરૂષ(વિષ્ણુ)ની આજ્ઞાથી રસાતળમાંથી આવનાર અને રત્નો(ઉચ્ચ જાતિના જનો)ના નિધિ સમાન તેના નગરની રક્ષા અર્થે અહીં વસનાર શેષ (નાગ) સમાન દેખાય છે.

(૨૭) કામની વૃદ્ધિ કરનાર લક્ષ્મી સમાન સુંદર નારીઓ વડે નિત્ય રમ્ય બની, શ્રુતિનાં ગાનપરાયણ દ્વિજોનાં મંડળથી અતિ ગર્જિત થઈ, અને પરમગુણ સંપન્ન આવૃત કરતી ઉચ્ચ દિવાલથી પ્રસન્ન થએલા જનોથી ઉજ્જ્વળ થએલી અંદર અને બહારની ભૂમિ અહીં હવે અદ્ભુત શોભા ધારે છે.

(૨૮) ચૌલુકય નૃપ અને પ્રૌઢ અંગ ધારનાર અને નાગરોને અભિલાષિત વરની વૃષ્ટિ કરનાર નૃપથી બંધાવેલા લક્ષ્મીનું ગૃહ ધારણ કરતો આ કોટ પ્રકાશે છે.

(૨૯) પૃથુથી નિર્માણ થએલા સ્થાનમાં જ્યાં સુધી સર્વ પર્વતોને ભૂમિ ધારશે, સાગર અને સગર નૃપનો યશ જ્યાં સુધી ટકશે ત્યાં સુધી દ્વિજોના ધર્મસ્થાનના રક્ષણનો પરમ હેતુ અને શ્રી ચૌલુકય નૃપના યશની પ્રતિમા સમાન આ કોટ ટકી (કાયમ) રહો.

(૩૦) કવિ ચક્રવર્ત્તિ શ્રીપાલે, જેણે આ મહાન રચના એક દિનમાં પૂર્ણ કરી અને જે સિદ્ધરાજથી ભાઈ તરીકે લેખાયો હતો તેણે, આ ઉત્તમ પ્રશસ્તિ કરી છે.

સં. ૧૨૦૮ આશ્વિન શુ. ૫ (?) ને ગુરૂવારે નાગર બ્રાહ્મણ પંડિત વાલણથી લખાયું.

---

૧ મૂળમાં नाकराक्षमाव એવો પાઠ છે અને પ્રસિદ્ધ કર્તા "नागरवंशज" એવો સુધારો સૂચવે છે, જે તદ્દન અયુક્ત છે—વર્ણ અને અર્થ ઉભયદૃષ્ટિએ. ખરી રીતે नाकसदामपि એવો જ મૂળ શુદ્ધ પાઠ હશે એ નિઃશંક છે.

ચૌલુક્ય રાજા કુમારપાલના સમયનો મારવાડમાં બાડમેરા પાસે કેરાડુ ગામનો શિલાલેખ.[1]

સંવત્ ૧૨૦૫ માઘ વદિ ૧૪ શનિવાર

મારવાડમાં બાડમેરા તાબે હાથમો નજીક કેરાડુ ગામ છે. ત્યાં ઘણાં દેવળો મકાનો વિગેરેનાં ખંડેરો છે. તેમાંના એકમાં આ લેખ એક પત્થરના થાંભલામાં કોતરેલો મળી આવ્યો હતો. આ ધોળો પત્થર છે. અને હવા તથા બીજાં કારણોથી તેને ઘણું નુકશાન થયેલું જણાય છે, એટલે તે પરનો લેખ બરાબર ઉકેલવો મુશ્કેલ થાય છે. પત્થરનું માપ ૧૭ ફૂટ×૧૭ ફૂટ છે. અને તેના ઉપર સંસ્કૃત ભાષામાં હાલની દેવનાગરી લિપિમાં ૨૦૩ પંક્તિઓ લખેલી છે. લેખની મતલબ એવી છે કે અમુક પવિત્ર દિવસોએ કોઈએ પણ વધ કરવો નહીં. છતાં આવો વધ કરનારા રાજ્યકુટુંબનો કોઈ હશે તો તેને દંડની શિક્ષા થશે, અને અન્ય કોઈ હશે તો તેને દેહાંત દંડની શિક્ષા થશે. આ હુકમ ગુજરાતની ગાદી ઉપર બેઠા પછી થોડા જ સમયમાં રાજા કુમારપાલે કાઢ્યો હતો. લેખની તારીખ સંવત્ ૧૨૦૯ ઈ. સ. ૧૧૫૩ છે.

---

૧ ભા. પ્રા. સં. ઈ. પા. ૧૭૨

अक्षरान्तर

१ संवत् १२०९ माघवदि १४ शनौअद्येहश्री…… राजाधिराजप
२ रमेश्वरउमापतिवरलब्धप्रौढप्रताप…… निर्जितसकलराज
३ भूपालश्रीमत्कुमारपालदेवविजयराज्ये…… पश्रीमहादेवे श्री
४ श्रीकरणादौ समस्तमुद्राव्यापारान् परिपं …… प्रभुप्रसादावा
५ सश्रीकिराटकूपलाटहदशिवा…… महाराजश्रीआल्हण
६ देवः शिवरात्रिचतुर्दश्यां शुचिर्दं…… पापे यशोऽति
७ वृद्धये प्राणिनामभयप्रदानंम…… राजतरावृत्ति
८ कसमस्तप्रकृतीन् संबोध्य अभय…… याशिरुभय
९ यो पक्षयोः अष्टमीएकादशीचतुर्दशी…… हश्रेयोऽनंत
१० रं एतासु तिथिषु नगरत्रयेऽपि जी(व)……जाचव्यतिक्रम्यजी
११ वानां वधं कारयति करोति वासव्यापा…… आचंद्रार्कं याव
१२ त् केनापि न लोपनीयं अपरं पुरोहितार्थं…… सैवैरपरैश्च ए
१३ षा अमारिरूढिः प्रमाणीकार्या ॥ य …… कालेन क्षीयते
१४ फलं ॥ एष (त) स्याभयदानस्य क्षयं……त्वस्य प्रदत्ताभ
१५ यदक्षिणा न तु विप्रसहस्रेभ्यो…… कोपि पापिष्ठतरो जी
१६ ववधं कुरुते तदा सपंचद्रम्मैर्दंडनीयः…… नाहराज्ञि कस्यैको
१७ द्रम्मोस्ति स्वहस्तोयं महाराजश्रीअल्हणदेवस्य…… महाराजपुत्रश्रीकेल्हण
१८ देवमतमेतत् ॥ + महाराजपुत्रसांधिविग्रहिक ठ० खेलादित्येनलि-
१९ खितमिदं ॥ श्रीनड्डलपुरवासिप्राग्वाटवंशप्रभूतशुभंकराभिधानः
श्रावकः तत्पुत्रौ क्षि
२० तितले धर्मतया विख्याता पूतिगशालिगौ ताभ्यामतिकृपापरावाराभ्यां प्राणिनाम-
भयदानशा
२१ सनं विज्ञप्य करापितं(कारित)मिति ॥ छ ॥ उत्कीर्णं गजाइलेन

---

१ ती: २ वि.

ભાષાન્તર

સંવત ૧૨૦૯ મહાવદિ ૧૪ શનિવારે આજે ... ... રાજાધિરાજ શ્રીમાન્ કુમારપાલદેવના વિજયશાલી રાજ્યમાં જેણે સર્વ નૃપોનો પરાજય કર્યો છે ... ... પાર્વતિના સ્વામી શંકરના પ્રસાદથી પ્રાપ્ત કરેલા પોતાના મહાન પ્રભાવથી ... જ્યારે શ્રીમહાદેવ શ્રીશ્રીકરણ આદિ કાર્યો કરતો ... ... શ્રી કીરાત, લાટ, હૃદ, પ્રભુના પ્રસાદથી પ્રાપ્ત કરેલાં ... ... મહારાજશ્રી આલનદેવ શિવરાત્રિ ચતુર્દશિના પવિત્ર દિને (શિવની મન માનીતી રાત્રિએ) ... ... (તેના) યશની મહા વૃદ્ધિ અર્થે પ્રાણીઓનાં જીવિતનું અભયદાન આપ્યું ... ... સર્વ કારભારીઓને તેનો મહિમા સમજાવી ... ... બન્ને પક્ષની (પખવાડીઆંની) અષ્ટમી, એકાદશી, ચતુર્દશીને દિને ... ... અને આ તિથિઓએ ત્રણ શહેરોમાં પણ ... ... જે કોઈ પશુનો વધ કરી અથવા વધ કરાવી આજ્ઞાનું ઉલ્લંઘન કરે તેને મારી નાંખવો જોઈએ ... ... સૂર્ય અને ચંદ્રના અસ્તિત્વકાળ સુધી કોઇએ આ આજ્ઞાનો લોપ કરવો નહીં ... પછી બીજા હિતાર્થે ... ... અન્ય સર્વ પ્રાણીઓના પ્રાણને માન આપવાની આ રૂઢિ અનુસરવી જોઈએ ... ... ફળ સમય જવાં નાશ પામે છે. (પણ) આ અભયદાન કદિ પણ નાશ પામશે નહીં ... ... આ સહસ્ર બ્રાહ્મણોને પણ નહીં તેવા આ પોતાનાથી થયેલા અભય દાન ... ... જો કોઈ મહા પાપી કોઈ પશુનો વધ કરે તો તેનો ૫ (પાંચ) દ્રમ્મ દંડ કરવો ... ... કહે છે. રાજવંશનો પુરુષ એક દ્રમ્મ આપશે. આ (ખંજરની નિશાની) મહારાજ શ્રી આલણદેવના સ્વહસ્ત છે. ... ... (તેનો) પુત્ર મહારાજશ્રી કેલ્હણદેવ પણ તે જ મતનો છે. તેનો પુત્ર મહારાજ ... ... મહાસાંધિવિગ્રહિક ઠકર ખેલાદિત્યથી આ લખાયું છે. શ્રીનદ્રોલપુરનિવાસી, પ્રાગ્વાટ વંશમાં જન્મેલા શ્રાવક શુભંકરના અખિલ જગમાં ધાર્મિકતા માટે વિખ્યાત અને દયાળુ પુત્રો પુતિગ અને શાલિગથી આ પ્રાણીઓનુ અભયદાન જાહેર થયું છે. ગજાઈલથી આ શાસન કોતરાયું હતું.

નં० ૧૪૯

ગિરનારના લેખો. નં. ૧૬[1]

વિ. સ. ૧૨૧૫ ચૈત્ર. સુ. ૮

(નેમિનાથના મંદિરના ઉત્તર દરવાજા તરફ ઘડી ઘડુકાના મંદિરમાં જવાના નાના દરવાજાની પાસેના ઓરડામાં પશ્ચિમ ભીંત ઉપર દક્ષિણ તરફ).

अक्षरान्तर

१ संवत १२१९ वर्षे चैत्रशुदि८ रवावद्येह श्रीमदुज्जयंततीर्थे
जगतीसमस्तदेवकुलिकासत्कछाजाकुवालिसंवि-

२ रणसंघविठ. सालवाहणप्रतिपत्या सू० जसहडउ० सावदेवेन
परिपूर्णा कृता ॥ तथा ठ. भरथसुत ठ. पंडि[त] सालि

३ वाहणेन नागजरिसिरायापरितः कारित [भाग] चत्वारि बिंबीकृत

४ कुंडकर्मांतर तदधिष्ठात्री श्रीअंबिकादेवीप्रतिमा
देवकुलिका च निष्पादिता ॥

ભાષાન્તર

"સ્વસ્તિ શ્રી સંવત ૧૨૧૫, ચૈત્ર શુદિ ૮ રવિવારે."

"આજે અહીં શ્રીમદ્ ઉજ્જયન્ત તીર્થસ્થાને સંઘવી ઠાકુર સાલિવાહનની અનુમતિથી શિલ્પિ જસહદ અને સાવદેવે સમસ્ત જૈન દેવની પ્રતિમાઓ પરિપૂર્ણ કરી છે. તથા ભરથના પુત્ર પંડિત સાલિવાહને 'નાગજરિસિરા' અથવા હાથીકુંડ દિવાલથી ઘેરી લીધેલ છે. જેમાં ચાર પ્રતિમાઓ મૂકી છે. ઉપરના કહેલા કુણ્ડ પછી તેના પર શ્રીઅંબિકા દેવીની પ્રતિમા અને મૂર્તિઓનું મંડળ ઉભાં કર્યાં છે.

---

૧ રી. લી. એ. બો. પા. ૩૫૬.
   કે. ૬૬

નં૦ ૧૫૦

ગ્વાલીયરમાં ઉદયપુરમાંથી મળેલા ત્રણ લેખો.[1]

મી. ફલીટે મને આપેલાં રબિંગ્સ ઉપરથી નીચેના લેખો પ્રસિદ્ધ કરૂં છું. તેમને જનરલ સર એ. કનિંગહામે તે રબિંગ્સ આપ્યાં હતાં. અસલ લેખો ગ્વાલીઅર સ્ટેટમાં આવેલું ઉદયપુર નામનું નાનું શહેર છે, જે પ્રથમ માલવાના રાજ્યનો ભાગ હતો તેમાં છે. આ શહેર ઈંડીયન એટ-લાસ કવાર્ટર શીટ નં. ૫૨, લે. ૨૩° ૫૪' ઉત્તર; લાં ૭૮°૭' પૂર્વ, ઉપર છે. ' એ ' અને ' સી' લેખો મહત્ત્વના છે. કારણ કે, તે ઉપરથી જણાય છે કે અણહિલવાડના ચૌલુક્ય રાજાઓએ માલ-વાના રાજાઓને વારંવાર હરાવ્યાની બડાઈ ખોટી નથી. તથા ' બી ' લેખ તેની તારીખ, તથા ' સી ' માં બતાવેલા એક ભાગનું નામ તેમાં આવતું હોવાથી ઉપયોગી છે. ઉદયપુરમાં એક બીજો પણ લેખ છે એ અહિં જણાવવું જોઈએ. તેની ૩ જી પંક્તિમાં તે લેખ જયસિંહના રાજયના સમયમાં લખાયો હોવાનું જણાવ્યું છે. લેખ ' એ ' માં બતાવેલા કુમારપાલની પહેલાં આ જય-સિંહ થયો હતો. રબિંગની ખરાબ સ્થિતિ ને લીધે તે લેખ હાલ પ્રસિદ્ધ થઈ શકે તેમ નથી. તે રબિંગના ઉપર પેન્સીલથી લખેલી હકીકત ઉપરથી જણાય છે કે આ લેખ તે શહેરના મોટા મંદિરના પ્રવેશદ્વારની બહાર છે, અને આશરે ૨' ૮" પોહોળી × ૧'૫" ઉંચી જેટલી જગ્યામાં તેના ઉપર ૧૨ પંક્તિઓ લખેલી છે.

' એ '—કુમારપાલદેવનો શિલાલેખ.[2]

(વિક્રમનું વર્ષ ૧૨૨૦ ?)

શહેરના મોટા મંદિરના પૂર્વ તરફના પ્રવેશદ્વારની અંદર આ લેખ હોવાનું જણાવ્યું છે. તેના ઉપર આશરે ૧' પોહોળી×૧'૧૧" ઉંચી જગ્યામાં ૨૦ પંક્તિઓ લખેલી છે. પરંતુ આ લેખ અત્યારે અધુરો છે, કારણ કે, દરેક પંકિતની શરૂઆતમાં આઠથી દશ અક્ષરો નાશ પામ્યા છે, જે અક્ષરોએ હાલ જાળવેલાં લખાણની બરાબર જમણી બાજુમાં ઉપરથી છેડા સુધી આશરે ૮ ઇંચ પોહોળાઈની જગ્યા રોકી હશે. અક્ષરોનું કદ ૧" થી ૧⅜" વચ્ચે છે. લિપિ નાગરી અને ભાષા સંસ્કૃત છે. બાકી રહેલા ભાગ ઉપરથી અનુમાન થાય છે કે આખો લેખ ગદ્યમાં હતો. એકંદરે લખાણ સુરક્ષિત સ્થિતિમાં છે, પરંતુ નીચેના ભાગનું રબિંગ કેટલેક સ્થળે ઝાંખું હોવાથી તથા લેખ અધુરો હોવાથી, લેખના હેતુ વિષે હું એટલું જ કહી શકું છું કે, ઉદયપુરમાં ઉદલેશ્વર ભગ-વાનના મંદિરને વસંતપાલ નામના માણસે આપેલાં કેટલાંક દાનોની નોંધ માટે આ લેખ હશે. આ માણસના વંશનું નામ ૯ મી પંકિતમાં આપ્યું છે. પરંતુ તે હું ચોક્કસ વાંચી શકતો નથી.

ઐતિહાસિક દૃષ્ટિએ ઉપયોગી ભાગ લેખમાં ૧–૮ પંક્તિઓમાં છે. તેમાંથી જણાય છે કે ઉપરનાં દાનો અણ[હિલપાટક]ના રાજા કુમારપાલદેવના સમયમાં અપાયાં હતાં. તેણે શાકંભરીના રાજા તથા અવન્તીનાથ (એટલે માલવાના રાજા) એ બન્નેને હરાવ્યા હતા. તે વખતે યશો-ધવલ મુખ્ય-મંત્રિ હતો અને કોઈ રાજ્યપાલ જેને ' મહા-સાધનિક '[3] કહ્યો છે તથા જેને કુમારપાલ દેવે નિમ્યો હતો તે ઉદયપુરમાં રાજ્ય કરતો હતો. આ હકીકત ઉપરથી ચોક્કસ થાય છે કે જ્યારે દાનો અપાયાં હતાં ત્યારે ઉદયપુર, અને તેની આસપાસના ભાગનો અણહિલવાડ-ના રાજ્યમાં સમાવેશ થતો હતો.

---

૧ તથા ૨ ઈ. એ. વો. ૧૮ પા. ૩૪૧ પ્રો. એફ્ કિલ્હૉર્ન ૩ આ હોદ્દેદાર ધારાના વાક્પતિરાજના દાનપત્રમાં પણ દર્શાવેલો છે.—ઇ. એ. વો. ૧૪ પા. ૧૬૦.

લેખની તારીખ પહેલી પંક્તિની શરૂઆતમાં સંપૂર્ણ આપી હતી. પણ અત્યારે ફક્ત " શ-સુદિ ૧૫ ગુરો " એટલા જ અક્ષરો બાકી રહ્યા છે. તેનો અર્થ ' કોઈ મહિનો ' જેનો છેલ્લો અક્ષર 'શ' (કદાચ, 'ષ') હોવો જોઈએ, તેની સુદ ૧૫ ને ગુરૂવારે ' એવો છે, તેમ છતાં, ૧૧ મી પંક્તિમાં કહ્યું છે કે, આ દાનો ચંદ્રગ્રહણ સમયે અપાયાં હતાં, તે ઉપરથી ચોક્કસ તારીખની ગણત્રી કરી શકાય તથા પહેલી પંક્તિનો નાશ પામેલો ભાગ આપી શકાય એમ મને લાગે છે.

નીચે આપેલા 'સી' લેખ ઉપરથી જણાય છે કે, કુમારપાલ દેવનું રાજ્ય ઇ. સ. ૧૧૭૩ ના એપ્રિલમાં પૂરૂં થયું હતું, અને બીજાં સ્થળોમાંથી[1] જણાય છે કે તે લગભગ ઇ. સ. ૧૧૪૩-૪૪ માં ગાદીએ આવ્યો હતો. આપણા લેખની તારીખ નક્કી કરવાના પ્રયાસમાં આપણે પહેલું એ જ ચોક્કસ કરવું જોઈએ કે, આશરે ઇ. સ. ૧૧૪૧ થી એપ્રીલ ૧૧૭૩ સુધીમાં કેટલાં ચંદ્ર-ગ્રહણો ગુરૂવારે થયાં હતાં, અને આવા ગુરૂવારોએ કઈ હિંદુ તિથિઓ આવી હતી. આ પ્રમાણે ગણત્રીનું પરિણામ નીચે મુજબ આવે છેઃ—

ગુરૂવાર—તા. ૧૨ ફેબ્રુવારી., ઈ. સ. ૧૧૪૨,=ફાલ્ગુન સુદિ ૧૫;
તા. ૧૬ જુન, ઈ. સ. ૧૧૫૫=આષાઢ સુદિ ૧૫;
તા. ૯ ઓકટોબર, ઇ. સ. ૧૧૫૮=આશ્વિન સુદિ ૧૫;
તા. ૧૮ ઓગષ્ટ, ઇ. સ. ૧૧૬૦=ભાદ્રપદ સુદિ ૧૫;
તા. ૧ ફેબ્રુવારી, ઇ. સ. ૧૧૬૨,=માઘ સુદિ ૧૫;
તા. ૧૨ ડિસેંબર, ઇ. સ. ૧૧૬૩=વિક્રમ ૧૨૨૦ પૂરૂં થયું, પૌષ. સુદિ ૧૫;
તા. ૨૭ મે, ઇ. સ. ૧૧૬૫,=જ્યેષ્ઠ સુદિ ૧૫;
તા. ૬ એપ્રિલ, ઇ. સ. ૧૧૬૭,=ચૈત્ર સુદિ ૧૫;
તા. ૧૯ સપ્ટેંબર, ઈ. સ. ૧૧૬૮,=આશ્વિન સુદિ ૧૫;
તા. ૧૩ જાન્યુવારી, ઇ. સ. ૧૧૭૨,=માઘ સુદિ ૧૫;

આ પ્રમાણેના ગુરૂવારોએ ચંદ્રગ્રહણો હતાં. ઉપરનાં નિવેદન ઉપરથી જણાય છે કે, કુમારપાલદેવના આખા રાજ્યસમયમાં છેલ્લો અક્ષર 'ષ' આવતો હોય એવા હિંદુ મહિનાના ગુરૂવારે ચંદ્રગ્રહણ થયું નહોતું, અને તે જ સમયમાં, એક હિંદુ મહિનો જેનો છેલ્લો અક્ષર 'ષ' છે. તેના એક ગુરૂવાર તા. ૧૨ મી ડિસેંબર, ઇ. સ. ૧૯૬૩ ને દિવસે એક ચંદ્રગ્રહણ થયું હતું. એટલે ગુરૂવાર, ૧૨ મી ડિસેંબર, ઈ. સ. ૧૧૬૩=વિક્રમ ૧૨૨૦ પૂરા થયેલાના પૌષ સુદિ ૧૧ નો દિવસ આપણા લેખની તારીખ હોવી જોઈએ. અને પહેલી પંક્તિની શરૂવાતમાં સંપૂર્ણ તારીખ " સંવત ૧૨૨૦ વર્ષે પૌષ સુદિ ૧૫ ગુરૌ " હોવી જોઈએ અને આ પરિણામ સાથે, મેં " રિપોર્ટ ઓન ધી સર્ચ ફોર સંસ્કૃત મેન્યુસ્ક્રિપ્ટસ્ " ૧૮૮૦-૮, પા ૧૦ માં પ્રસિદ્ધ કરેલ " કલ્પચૂર્ણી " ની હસ્તલિખિત પ્રતને અંતે આપેલી હકીકત બરોબર મળતી આવે છે. જેમાં આ લેખમાં કહેલો મુખ્ય મંત્રિ યશોધવલ " સંવત ૧૨૧૮ વર્ષે દ્વિ. આષાઢ-સુદિ ૫ ગુરૌ, "=ગુરૂવાર તા. ૨૯ મી જુન, ઇ. સ. ૧૧૬૧, એટલે આ લેખની મેં તારીખ નક્કી કરી છે તેનાં અઢી વર્ષમાં કુમારપાલ-દેવ પાસે મુખ્ય મંત્રિનાજ અધિકાર ઉપર હતો.

---

૧ ઈ. એ. વો. ૬ પા. ૨૧૩.

अक्षरान्तर

१ ...र्षे[1] सुदि १५ गुरौ ॥ अद्येह श्रीमदण-[2]
२ ...(ज्) आवलीविराजितपरमभट्टारक महा-[3]
३ ...तिवरलब्ध(ब्ध)प्रौढप्रतापनिजभुज- [विक्र]-[4]
४ ...सा(शा)कंभरीभूपालश्रीदेवंतीनाथ श्रीमत्कु-
५ ... तन्नियुक्तमहामात्यश्रीजसोधव·
६ ...[स्त] मुद्राव्यापारान्परिपंथयति त्येत-[8]
७ ...(जा)विराज श्री कुमारपालदेवेन निज-
८ ...ले तन्नियुक्तमहासा(ध)निक श्रीरा [ज्य]
९ ...[ब्ब (ब्ध) ?] श्री उदयपुर(रे) [स्थारों ?]वकान्वयमहारा[ज]-
१० ...महाराजपुत्र श्री वसंतपाल[केनात्र अनु- ?]
११ ...रुच्य[ते][9] यथा ॥ अद्य सोमग्रहणपर्व्वणि
१२ ...[स्वर्ण्ण ?] समाहृततीर्थोदकैः स्नात्वा जगद् [गु]-
१३ ...[स्व]पुण्यजसोतिवृधये[1] उदयपुरे कारि-
१४ ...गृहोपेत [-] देवगृहा[वा] सन पानीय [को]-
१५ ...जा[दि] गृहोपेतं सिंघ [द्रौ ?] तुर २[गाबाष्टौ ?]
१६ ...मोपेतं श्रीउब्दलेस्व(श्व)रदेवाय स (त्त्र) म-
१७ ...सा(शा)सनेन प्रदत्ता [-] तथा से(श्रे)ष्ठोद [कुक ?]-
१८ ...कोडावो १ एका प्रदत्ता [॥*] अस्मत्प्रद-
१९ ...वंस(श)जैः पालनीयं [॥*] अस्यार्थे [या अन्यलो ?]-
२० ...मंगलं महाश्री [:*] ॥[3]

---

१ આ પંક્તિની શરૂઆત મારી માન્યતા પ્રમાણે આ હશેઃ—ॐ संवत् १२२० वर्षे पौष सुदि १५ गुरौ २ એટલે—अणहिलपाटके समस्तराजावली ३ महाराजाधिराजपरमेश्वरो मापतिवरलब्ध અથવા એ પ્રમાણે ના કોઈ શબ્દો ४ विक्रमरणांगणविनिर्जित—આ પ્રમાણે સમાસની ધારણા રાખી શકાય. ५ श्रीद વાંચન અસલ શિલાલેખમાં હશે; પરંતુ રબિંગમાં બે અક્ષરો ભૂસી નાંખી આગળનો ल નો का કર્યો હોય એમ જણાય છે, જેનાથી भूपालावन्तीनाथએ પ્રમાણેનું વાચન સૂચવાય છે. ६ कुमारपालदेवकल्याणविजयराज्ये. ७ यशोधवले श्रीश्रीकरणादौ समस्तमुद्राव्यापारान् ८ एतस्मिन्काले प्रवर्तमाने महाराजाधिराज ९ निजप्रतापोपार्जित એ સમાસ જોડે કોઈ પ્રાન્ત અથવા ડિસ્ટ્રિક્ટનું નામ બતાવતો શબ્દ અને તે પછી, मण्डले એવો બીજો શબ્દ હશે એમ હું ધારું છું. १० लिख्यते ११ આંહિ અને કેટલીક જગ્યાએ નીચેના ભાગમાં અક્ષરો એટલા બધા અસ્પષ્ટ છે કે, ચોક્કસ વાંચન આપી શકાતું બને તેમ નથી. વાંચો पुण्ययशोभिवृद्धये १३ આ પછી એક વધારાની પંક્તિ લખેલી છે જે કોઈ જુદી જ લીપિમાં છે અને તેને આગલી પંક્તિ સાથે કંઈ પણ સંબંધ હોય એમ દિસતું નથી.

ગ્વાલિયરમાં ઉદયપુરના ત્રણ લેખો[1]

* બી—(વિક્રમ) સંવત્ ૧૨૨૨ નો સ્થંભ ઉપરનો શિલાલેખ.

શહેરના મોટા મંદિરના પૂર્વતરફના પ્રવેશ દ્વારની દક્ષિણે એક સ્થંભમાં આ લેખ છે. તેમાં પાંચ પંક્તિઓ છે. આશરે ૧' ૩" પોહોળી અને ૬½" ઉંચી જગ્યા લખાણથી રોકાયેલી છે. તે સુરક્ષિત જણાય છે. અક્ષરોનું કદ ⅜" અને ⅝" વચ્ચે છે. લિપિ નાગરી અને ભાષા સંસ્કૃત છે. આખો લેખ ગદ્યમાં છે.

શ્રી ચાહડ[2] ઠકુરે, પોતાનાં માતપિતા[3]ના પુણ્યની વૃદ્ધિ અર્થે (જ્યાં લેખ મૂકવામાં આવ્યો હતો તે મંદિરને) ઉદયપુરમાં ભ્રિંગારી–ચતુષ્ઠિ, એટલે ભૃંગારી નામના ૧૪ ગામડાંઓના સમૂહ-માં આવેલા સાંગવટ્ટા ગામનો અર્ધ ભાગ આપ્યો હતો. લેખ ખાસ કરીને ૧–૨ પંક્તિમાં આપેલી હકીકતને લીધે જાણવાલાયક છે. તેમાંથી જણાય છે કે, સંવત્ ૧૨૨૨ ના વૈશાખ સુદ ૩ સોમવારે, અક્ષય તૃતીયાને દિવસે આ દાન આપ્યું હતું.

વિક્રમ સંવતમાં આ દિવસ જોવાથી વૈશાખ સુદ ૩ માટે નીચે પ્રમાણે તેને મળતા દિવસો આવે છેઃ—

ઉત્તરનાં વર્ષ ૧૨૨૨ ચાલુ, જેમાં અધિક વૈશાખ માસ હતો, તે પ્રથમ વૈશાખ માટે શુક્રવાર, ૨૭ માર્ચ ઈ. સ. ૧૧૬૪ દ્વિતીય વૈશાખ માટે રવિવાર, ૨૬ એપ્રિલ ઇ. સ. ૧૧૬૪ ઉત્તરનાં વર્ષ ૧૨૨૨ પૂરાં થતાં, અથવા દક્ષિણનાં ચાલુ વર્ષ માટે ગુરૂવાર, ૧૫ એપ્રિલ ઇ. સ. ૧૧૬૫ દક્ષિણનાં વર્ષ ૧૨૨૨ પૂરાં થયેલ માટે સોમવાર, ૪ થી એપ્રિલ ઈ. સ. ૧૧૬૬, જ્યારે શુક્લ પક્ષની ૩ સૂર્યોદય પછી ૨૧ ક. ૩૫ મિ. એ પૂરી થઈ. એટલે ખરી તારીખ સોમવાર, ૪ થી એપ્રિલ ઇ. સ. ૧૧૬૬ છે, અને વર્ષ ૧૨૨૨ એ દક્ષિણનું પૂરૂં થયેલું વિક્રમ સંવત છે.

સાંગવટ્ટા અને ભૃંગારી, જે હવે પછીના 'સી' લેખમાં પણ આવે છે, તે સ્થળો હું ઓળખા-વી શકતો નથી.

अक्षरान्तरं

१ ॐ[4] संवत् १२२२ वर्षे वैशाखशुदि ३ सोमेऽद्येह उद-

२ यपुरे अक्षयतृतीयापर्वाणि अवोंटी [ग्] ो पा [ल]- [पुण्य ?]- स् [ौ- (सौ)]-

३ [चधर्म्मा] य ठा.[5] श्री चाहडेन उदकपूर्वकं आचंद्रकालि-

४ कं भृंगारीचतु [:*] षष्ठौ (ष्टौ) सांगवट्टा ग्रामार्ध्धं प्रदत्तं ॥

५ यो न पालयति स महापंचपापभागी भवतु ॥

ઈ. એ. વો. ૧૮ પા. ૩૪૩ પ્રો. કિલ્હોર્ન. ૧ 'બી' લેખ સંબંધી ચર્ચા માટે જુઓ—'એ'–કુમારપાલ દેવ-નો શિલાલેખ 'સાથેનું' ગ્વાલિયરમાં ઉદપુરના ત્રણ લેખોના મથાળા વળેનું વિવેચન ઇ. એ. વો. ૧૮ પા. ૩૪૧ ૨ ચાહડ એ કુમારપાલ દેવના સેનાપતિઓમાંનો કેઈ એક હશે એમ લાગે છે. જુઓ. ઇ. એ. વો. ૪ પા. ૨૬૭. ૩ અસલ લેખમાં આ ભાગ શંકાસ્પદ છે.

૪ રૂબિમગ ઉપરથી ૫ ચિહ્નરૂપે દર્શાવેલ છે. ૬ આહિથી તે ધર્મા્ય સુધીનું બધું લખાણ રૂબિમગ-માં અસ્પષ્ટ છે, અને કેટલાક અક્ષરો જુદી જ રીતે વાંચવાના કદાચ હોય. ૭ 'એટર્વે' ક[illegible]

નં० ૧૫૨

ગિરનાર લેખો—નં. ૨૭[1]

વિ. સં. ૧૨૨૨

(ખબુત્રીખાણુ ઉપર અને સુવાવડી પરબ નીચે રસ્તાની ઉત્તર બાજુની દિવાલ ઉપર)

अक्षरान्तर

संवत् १२२२ श्रीमालज्ञाती-

यमहं. श्रीराणिगसुतमहं

श्रीआंबाकेन पद्या कारिता

ભાષાન્તર

"સંવત ૧૨૨૨, શ્રીમાળ જ્ઞાતિના રાણિગના પુત્ર આંબાકથી આ પવિત્ર પગથીયાં કરાવાયાં છે.

નં० ૧૫૩

ગિરનારના લેખો—નં. ૩૦[2]

સં. ૧૨૨૩

(ખબુત્રીખાણુમાં આવેલો છે.)

अक्षरान्तर

सं. १२२३ महं. श्रीराणिगसुत[महं] श्रीआबाकेन पद्या कारिता.

ભાષાન્તર

સંવત ૧૨૨૩ રાણિગના પુત્ર શ્રીઆબાકથી આ પગથીયાં કરાવાયાં છે.

---

૧ રી. ઑ. એ. ઓ. પા. ૩૫૯ ૨ રી. એ. રી. ઓ. પા. ૩૫૯

નં० ૧૫૪

જૂનાગઢમાં ભૂતનાથના મંદિરમાં રાજા કુમારપાલના સમયનો શિલાલેખ.[1]

વલ્લભી સંવત ૮૫૦

(વિ. સં. ૧૨૨૫ ઇ. સ. ૧૧૬૯)

આ લેખ રંગે કાળા પત્થર ઉપર કોતરેલો છે. તેની સપાટીનું માપ ૨૦ ફુટ×૧૨ ફુટ છે. જૂનાગઢના પ્રતિષ્ઠિત નાગર બ્રાહ્મણ મી. નૃસિંહપ્રસાદ હરિપ્રસાદે બંધાવેલા ભૂતનાથના શિવમંદિરમાં તે હાલ રાખ્યો છે. પરંતુ તેમાં લખ્યું છે કે, ધવલની પત્નિએ બે શિવમંદિરો બંધાવ્યાં હતાં અને તેના પોષણ માટે એક ગામ દાનમાં આપ્યું હતું. આ ધવલ, કદાચ આગળના લેખમાં જણાવેલો, કુમારપાલ રાજાનો મંત્રિ યશોધવલ હશે. લેખનો મધ્ય ભાગ ઘણોખરો નાશ પામ્યો છે અને તે ભાગના અક્ષરો તદ્દન ભૂંસાઈ ગયા છે તેમાં એકંદરે હાલની દેવનાગરી લિપિમાં લખેલી સંસ્કૃતની ૩૪ પંક્તિઓ છે. તેમાં આપેલી તારીખ જાણવા જેવી છે કારણકે તેમાં બે જૂદા સંવતો આપ્યા છે એક, વલ્લભી અને બીજો સિંહ. પહેલા સંવતનુ વર્ષ ૮૫૦ બીજાના વર્ષ ૬૦ ને મળતું આવે છે, અને બન્ને ઈ. સ. ૧૧૬૯ ને મળતાં આવે છે.

---

૧ પ્રા. સં. ઈ. પા. ૧૮૪

अक्षरान्तर

१ उँस्वस्तिजयोभ्युदयश्च ॥ अजेषुणात्रिशूलेन कंदर्पत्रिपुरांधकान् योवधीत् सोध्वर-
ध्वंसी भवैर्षा

२ न्यैर्धिनोतु (वः) ॥ १ प्राक्श्रीमत्यणहिल्लपाटकपुरे श्रीमूलराजः प्रभुश्चौलुक्यो-
दयकृद्बभूव न

३ पतिश्चामु......... द्वौ नरपती भीमोनु भूमिपतिः कर्णोस्माज्जयसिं

४ हदेवनपति......... दस्यकुमारपालनृपतिः प्रत्यक्षलक्ष्मीपतिः

५ रतस्मा......... गयेमुनात्र देवनगरे श्रीकीर्त्तिवास

६ ध्वजः म......... द्रिमान् ॥ २ धान्यामेवंविधेकाले शिवा

७ लयवि......... तारस्योभ्यते च यः ॥ ४ ॥ श्रीमदानंदनगरे

८ य......... विपश्चितां ॥ ५ ॥ शुचित्वं भट्टपुत्रत्वं ये

९ नमासू......... क्ष्मीपतेः ॥ ६ ॥ सेवार्थं धावतस्तस्य

१० जम......... रुत्तमा ॥ ७ ॥ (सानुराधुः) पिता यस्या

११ राधु......... खिसाजणिः ॥ ८ ॥ स्तया (स्मात्) सोमदेवोभू

१२ त् पुत्रदेव......... ॥ ९ ॥ निजानुनानथामृष्यतात-

१३ राणि......... त्रिणा ॥ १० ॥ यद्दैवदक्षिणादेशे पित्रा

१४ न......... ॥ ११ ॥ श्रीसोमेशः सोमदेवो दे

१५ वनृवीर......... र ॥ १२ ॥ प्रौढाद्यस्य द

१६ ढामतिः......... ॥ १३ ॥ प्रागस्मिन्नणहिल्लपाटकपुरे धारा

१७ पुरीसुंदरे......... जारविभूदमात्यधवलः प्र

१८ ख्यातमेधातिथिः......... द्वेपत्ये प्रबभूवतुः प्रियत

१९ मेप्रापा......... मूर्तिपूर्णावनीः कोष्टागारनियो

२० गपंचकमि......... का निः कल्मषाकेतुका ॥ १५ ॥

२१ प्रौढ्यारि......... विनायकौ पुत्रावधानकार्यताम् ॥ १६

२२ वेशे दशे......... रूपितः पुण्यकलायत् १७

२३ अत्युच्चवि......... विंशोपकद्वयं ॥ १८ ॥ धामा

२४ ... पर्या......... कुमारानां कृता स्थितिः ॥ १९ ॥

२५ निर्माय......... नंदनः स्वयमर्पिते ॥ २० ॥

२६ ... ज्वलय......... र्गकाग्रामं देवयोरनयोरदात् ॥ २१

२७ ... प्रतिष्ठि......... यातं प्रमुषयोगयुक् ॥ २२ ॥

२८ निषेविता......... ॥ २३ ॥ प्रासा

२९ दद्विज……… बभूव ध्रुवं ॥ २४ ॥ श्रीद्विक्रम
३० संवद्दंतर……… दिने नंदा… नृप… मिताः…
३१ ………… प्रशस्ति मितां ॥ २५ ॥
३२ शक्तो……… मंगलं माश्री ॥
३३ वलभी……… कीकाकेन समुत्कीर्णा सूत्रधारस्य सूनुना ॥ २६ ॥
३४ वलभीसंवत् ८५० श्रीसिंहसंवत् १० वर्षे सूत्र० आलादित्यसुतकीकाकेनो-
त्कीर्णा ॥ ॥ ॥

ભાષાન્તર

સ્વસ્તિ અને અભ્યુદય થાઓ. કામદેવ, ત્રિપુરાસુર, અને અન્ધકાસુરને વિષ્ણુ ચાપ સમાન શરોથી અને ત્રિશૂળથી હણનાર; અને (દક્ષ પ્રજાપતિ)નો યજ્ઞ અટકાવનાર શંકર તમને અર્થ અને અન્નથી તૃપ્ત કરો.

એક સમયે ચૌલુક્ય વંશનો ઉદય કરનાર મૂલરાજ નૃપ અણહિલપુરમાં થઈ ગયો. (પછી આવ્યા) બે નૃપો ભૂમિપતિ ભીમ અને કર્ણરાજા આવ્યા. તેનાથી જયસિંહદેવ નૃપ હતો … … …તેનો પુત્ર લક્ષ્મીપતિ સાક્ષાત્ કુમારપાલ નૃપ હતો.

આ પછી લેખ ઘણો ઘસાઈ ગયો છે અને તે વાંચવો અશક્ય છે. પણ જે વંચાય છે તેમાંથી નીચેની હકીકત માલુમ પડે છે. તેણે આનન્દનગર(વડનગર)માં શિવાલય બંધાવ્યું. ધારાપુરી સમાન ભવ્ય અણહિલપુરપાટણનો નિવાસી સચિવ, ધવલ, મેધાતિથિ રૂષિ જેવો હતો. તેને બે અતિપ્રિય બાળક હતાં. તેમની માતા નિર્દોષ હતી. તેણીએ બે મંદિર બંધાવ્યાં. અને તેમાનાં બે દેવના પાલન માટે એક ગામ વલભી સંવત ૮૫૦ અને સિંહ સંવત ૧૦ માં દાન આપ્યું.

આ લેખ સૂત્રધાર આલાદિત્યના પુત્ર વલ્લભીનિવાસી કીકાકે કોતર્યો હતો.

નં૦ ૧૫૫

પ્રભાસપાટણમાં ભદ્રકાળીના મંદિરમાં રાજા કુમારપાલના સમયનો શિલાલેખ*

વલ્લભી સંવત ૮૫૦ આષાઢ

(વિ. સં. ૧૨૨૫)

પ્રભાસ પાટણ, જેને સોમનાથના પ્રખ્યાત મંદિરને લીધે સોમનાથ પાટણ પણ કહેવામાં આવે છે, તે કાઠિયાવાડના નૈઋત્ય કાંઠા ઉપર આવેલું જૂનાગઢ તાબે એક ન્હાનું શહેર છે. ત્યાં દેવી ભદ્રકાલીનું એક મંદિર છે. તેના પ્રવેશદ્વારની જમણી બાજુએ આ શિલા પડેલી છે. તે ૨૮ ઈંચx૧૮ ઈંચ ની સપાટીવાળી એક મોટી કાળી શિલા છે. અને તેના ઉપર પાસે પાસે કોતરેલી ૫૪ પંક્તિઓ છે. શિલાનો નીચેનો ભાગ ત્રુટી ફુટી જવાથી લેખનો કેટલોક ભાગ નાશ પામ્યો છે. અક્ષરો ઉંડા કોતરેલા નથી, તેથી તેની સારી નકલ લેવાનું મુશ્કેલ પડે એ. તેમાં લખ્યું છે કે, રાજા કુમારપાલે, પોતાના ધર્મગુરૂ ભાવ બૃહસ્પતિના લાગવગથી શિવ અને અંબિકાનાં કેટલાંક મંદિરો બંધાવ્યાં તથા સમરાવ્યા હતાં, અને એક વાવ ખોદાવી હતી, તથા વિદ્વાન બ્રાહ્મણોને જમીનનાં દાનો આપ્યાં હતાં. તેના ઉપર ઈ. સ.૧૧૬૯ ને મળતું વલ્લભી સંવતનું વર્ષ ૮૫૦ લખેલું છે. લેખ સંસ્કૃત પદ્યમાં છે, અને લિપિ દેવનાગરી છે.

* ભા. પ્રા. સં. ઈ. પા. ૧૮૬

अक्षरान्तर

१ ॐनमः शिवाय येनाहं भवतः सहे सुरधुनीमंतर्जटानामतः कर्णे कालयसि क्रमेण

कियचोरसंगेऽपि तांधास्यसि इत्यद्रेः सुतया सकोप

२ (मुखयो) क्तोवोचदार्ये अवोर्भूषेयं गुरुगंडकीर्चिरिति वः सोव्यादुमानीमियः १

श्रीविघ्नराजविजयस्वनमोऽस्तु तुभ्यं वाग्देवते त्वज नमोऽधिकवि

३ धिं यतोहं जिह्वे समुल्लस सखि प्रकरोमि यावत् सर्वेश्वरस्मरगंडगुणप्रशस्ति २

सोमः सोस्तु जयी समरांगदहनो यं निर्म्मलं निर्म्ममे गौर्याः श्राप

४ (बलेन वै) कृतयुगेऽदृश्यत्व मोपेयुषां प्रादात्पाशुपतार्थसाधुसुधियां यः स्थानमे-

तत्स्वयं कृत्वा स्वामथ पद्धतिं शशिभृतो देवस्य तस्याज्ञया

५ ३ कलौ किंचिद्व्यतिक्रान्ते स्थानकं वीक्ष्य विप्लुतं तदुद्धारकृते शंभुर्नंदीश्वरम-

न्वादिशत् ४ । अस्ति श्रीमतिकान्यकुब्जविषये वाराणसी विश्रु

६ (ता) पुर्यस्यामधिदेवताकुलमहं धर्म्मस्य मोक्षस्य च तस्यामीश्वरशासनादुद्वि-

जपतेर्गेहे स्वजन्मगृहं चक्रे पाशुपतव्रतं च विदधे नंदीश्वरः

७ (सर्ववि) त् ५ तीर्थविधानाय भूभुजां दक्षिणाय च स्थानानां रक्षणार्थाय निर्य-

यौ स तपोनिधिः ६ श्रीमद्भावबृहस्पतिः समभव

८ (सद्वि) द्यविश्वार्चितो नानातीर्थकरोपमानपदवीमासाद्य धारां पुरीं संप्राप्ते नकु-

लीशसन्निभतनुः संपूजितस्तापसैः कंदर्प्पप्रतिमश्च

९ (शाख) मखिलस्वीयागमोद्घाटनं ७ यद्यन्मालवकान्यकुब्जविषयेऽपरं सुतप

तपो नीता शिष्यपदं प्रमारपतयः सम्यक्पठाः पार्थिवाः

१० प्रीतः श्रीजयसिंहदेवनृपतिर्भ्रातृत्वमात्यंतिकं तेनैवास्य जगत्प्रबोधरसिकस्यापि

बीजूंभितं ८ संसारावतरस्य कारण-

११ मसौ संस्मारितः शंभुना स्थानोद्धारनिबंधनं मति मतिं चक्रे पवित्राशयः तस्मिन्नेव

दिने कृतांजलिपुटः श्रीसिद्धराजः स्वयंचक्रेऽ

१२ मुष्यमहत्तरत्वमसमंचार्थत्वमत्यादरात् ९ तस्मिन्नाकमुपेयुषि क्षितिपतौ तेजोविशेषो-

दयी श्रीमद्वीरकुमारपालनृ

१३ पतिस्तद्राज्यसिंहासनं आचक्राम प्रतिप्रमर्दिन्नयमहिमाबलादयारातिः श्रीमज्जां-

गलभूपकुंजरशिरः संचारपंचाननः १० एवं

१ आक्रोधेयुषां २ शुभ्र

१४ राज्यमनारत विदधति श्रीवीरसिंहासने श्रीमद्वीरकुमारपालनृपतौ त्रैलोक्यकल्पद्रुमे गंडो भावबृहस्पतिः स्मररिपोरुद्वीक्ष्य

१५ देवालयं जीर्णं भूपतिमाह देवसदनं प्रोद्धर्तुमेतद्वचः ११ आदेशात् स्मरशासनस्य सुबृहत्प्रासादनिष्पादकं चातुर्जातकसंमतं स्थिर

१६ धियं गार्गेयवंशोद्भवं श्रीमद्भावबृहस्पतिं नरपतिः सर्वेशगंडेश्वरं चक्रे तं च सुगो-श्रमण्डलतया ख्यातं धरित्रीतले १२ दत्वालंकरणं क

१७ रेण तु गले व्यालंब्य मुक्त्या प्रणम्याग्रतः उत्सार्यात्ममहत्तमं निजतमामुच्छिद्य मुद्रामदात् स्थानं भव्य

१८ पुराणपद्धतियुतं निस्तन्त्रभक्तव्ययं १३ प्रासादं यदकारयत् स्मररिपोः कैलास-शैलोपमं भूपालस्तदतीव हर्षमगमत् प्रोवाच चेदं वचः श्री

१९ मद्गंडमहामतिं प्रति मया गंडत्वमेतत्तव मत्त संप्रतिपुत्रपौत्रसहितायाचंद्रतारारुणं १४ सौवर्णं सोमराजो रजतमयमथो रावणोदार

२० वीर्यः कृष्णश्रीभीमदेवो रुचिरतरमहाग्रावभी रत्नकूटं तं कालाज्जीर्णमेष क्षितिप-तितिलको मेरुसंज्ञं चकार प्रासादं सप्रभावः सकल

२१ गुणनिधेर्गंडसर्वेश्वरस्य १५ पश्चाद्गुर्जरमंडलक्षितिभुजासंतोषहृष्टात्मना दत्तो ब्रह्म-पुरीति नामविदितो ग्रामः सवृक्षोदकः कृत्वा

२२ त्रैपुटता(प्र) शासनविधिं श्रीमण्डलीसन्निधौ त्वत्पुत्रैस्तदनुप्रतैः स्वकुलजैः संभुज्यतां स्वेछया १६ उद्धृत्य स्थानकं यस्मात्कृतं सोमव्यवस्थयाप्रहस्प

२३ तिसमो गण्डो नाभून्न भविता परः १७ बहुकुमतिजगंडैर्द्रव्यलोभाभिभूतैर्नृपकुस-चिवबृंदैर्नाशितं स्थानमेतत् सपदि तु गुरुगंडेनोद्धृतं दंत

२४ कोटीस्थितधरणिवराहस्पर्द्धया लीलयैव १८ के के नैव विडंबिता नरपतेरग्रे विपक्ष-व्रजाः केषां नैव मुखं कृतं सुमलिनं केषां न दर्प्पो हृतः

२५ केषां नापहृतं पदं दृढतया दत्वा पदं मस्तके के वानेन विरोधिनो न बलिना-भिक्षाव्रतं ग्राहिताः १९ सुस्थामभिर्भैहिरिदं बहुभिर्यदीयैर्गाढं गुणै

२६ र्नियमितं यदि नाभविष्यत् नूनं तदंतरखिलं सुभृतं यशोभिर्ब्रह्मांडभाण्डकमणु स्फुट-मस्फुटिष्यत् २० यद्रूपेक्षणवांछया शतमखो धत्ते सहस्रं

२७ दृशां यन्निःसीमगुणस्तुतौ कृतधियो धातुश्चतुर्वक्त्रता यन्माहात्म्यमराचलेति वसुधा गोत्राचलैः कीलिता यत्कीर्तिर्न भुवि प्रयास्यति ततो नूनं त्रिलोकीकृता

२८ २१ उद्धृत्य वृत्तयो येन सबाह्याभ्यंतरास्थिताः चातुर्जातककोकेभ्यः संप्रदत्ता यशो-
र्थिना २२ स्वमर्यादां विनिर्म्माय स्थानकोद्धा

२९ रहेतवे पंचोत्तरां पंचशतीमार्याणां योभ्यपूजयत् २३ देवस्य दक्षिणे भागे उत्तर-
स्यां तथा दिशि विधाय विषमं दुर्गं प्रावर्द्धयत यः पुरं २४ गौ

३० र्यां भीमेश्वरस्याथ तथा देवकपर्द्दिनः सिद्धेश्वरादिदेवानां यो हेमकलशान् ददौ २५
नृपशालां च यश्चक्रे सरस्वत्याश्च कूपिकां महानसस्य

३१ शुद्ध्यर्थं सुस्नापनजलाय च २६ कपर्दिनः पुरोभागे सुस्तंभां पट्टशालिकां रौप्य-
प्रणालं देवस्य मण्डुकासनमेवच २७ पापमोचनदेवस्य प्रासादं जी

३२ र्णमुद्धृतं तत्र त्रीन् पुरुषांश्चक्रे नद्यां सोपानमेव च २८ युग्मं येना क्रियंत बहुशो
ब्राह्मणानां महागृहाः विष्णुपूजनवृत्तीनां यः प्रोद्धारमचीकरत् २९

३३ नवीननगरस्यांतः सोमनाथस्य चाध्वनि निर्मिते वापिके द्वे च तत्रैवापरचंडिका
३० गंडेनाकृतवापिकेयममला स्फारप्रमाणामृतप्रख्या स्वादुजला

३४ सहेलविलसद्युत्कारकोलाहलैः भ्राम्यद्भूरितरारघट्टघटिका मुक्तांबुधाराशतैर्या पीतं घट-
योनिनापि हसतीवांभोनिधिं लक्ष्यते ३१ शशि

३५ भूषणदेवस्य चंडिकां सन्निधिस्थितां यो नवीनां पुनश्चक्रे स्वश्रेयोराशिलिप्सया ३२
सूर्याचंद्रमसोर्ग्रहे प्रतिपदं येनाश्रिताः साधवः सर्वज्ञा प

३६ रिपूजिताद्विजवरादानैः समस्तैरपि तद्वत्संचसु पर्वसु क्षितितलख्यातैश्च दानकर्मैर्येन
क्ष्मा परितोषिता गुणनिधिः क(स्तत्समोन्यः पुमान् ३३)

३७ भक्तिः स्मरद्विषि रतिः परमात्मदृष्टौ श्रद्धा श्रुतौ व्यसनिता च परोपकारे क्षांतौ
मतिः सुचरितेषु कृतिश्च यस्य विश्वंभरेऽपि च नुतिः सुतरां सुखाय ३४

३८ एतस्याभवदिंदुसुंदरमुखी पत्नी प्रसिद्धान्वया गौरीवत्रिपुरद्विषो विजयिनी लक्ष्मीर्मुरा
रेरिव श्रीगंगेव सरस्वतीव यमुने वेदाग्रकीर्त्त्या गिरा कांत्या

३९ सोढलसंभवाभुवि महादेवीति या विश्रुता ३५ लावण्यं नवचंपकोद्गतिरथो बाहुः
शिरीषावली दृष्टिः क्रौंच...

४० नहासः कुंदममंदरोप्रकुसुमान्युच्चा कपोलस्थली यस्या मन्मथशिल्पिना विरचितं
सर्वर्तुलक्ष्म्या वपुः ३६ ....

४१ सिद्धाश्चत्वारस्ते दशरथसमेनास्य पुत्रोपमानाः आद्यस्तेषामभवदपरादित्यनामा
ततोभूद्बलावि त्य... .... (अे)

४२ (न्यः) सोमेश्वर इति कृती भास्करश्चापरोभूदेते रामादिभिरूपमिता सत्वसौभ्रात्र-
युक्ताः नि.... ....

४३ द्रवविनिहिताबाहवः श्रीमुरारेः १८ धन्या सा जननी नूनं स पिता विश्वशेखरं
यावज्जी... ...

४४ दलोपरि लुठत्पानीयबिंदूपमा लक्ष्मीः संभृतबाजिचामरमवाविशुद्धिलक्ष्य आ...

४५ येन गुणिना कीर्तिः परं संचिता ४० सत्वेनाथ शिबिदधीचिरथवा तीमाह्रया रा
(वण)... ...

४६ युधिष्ठिरः क्षितिपतिः किं वा बहु ब्रूमहे इत्येतेऽभिधया बृहस्पतितया सर्वेपि....

४७ कुमारपालस्य भागिनेयो महाबलः ४२ प्रेमलदेव्यास्तनयो भोजः .... श्रीसोम

४८ नाथपूजां यच्छशांकग्रहणक्षणे कारितो गंडराजेन तेन प्रीतिमगा... ....

४९ यथाक्रमं ४६ हिरण्यतटिनीतीरे पापमोचनसन्निधौ गंडत्रि ....

५० (ददौ) तस्मै माहेश्वरनृपाग्रणीः ४७ शासनीकृत्य ददता ग्राम ....

५१ (वंशप्र) भवैः पुत्रपौत्रकैः भोक्तव्यं प्रमदाभिश्च यावचंद्रा ....

५२ (गंडगु) णप्रशस्तिं चकार यः शीघ्रकविः सुकाव्यैः ५० ....

५३ (५१) लक्ष्मीधरसुतेनेयं लिखिता रुद्रसूरिणा ... .

५४ वलभीसंवत ८५० आषा ....

ભાષાન્તર

(૧) શિવને નમસ્કાર હોજો. ભવાનીપ્રિય શંકરને તેની કોપિત સહચરીએ "તમારી જટામાં હું ગંગાની હાજરી સહન કરૂં છું તેથી ઓ શઠ! તમે તમારા કર્ણમાં તેની લીલા કરશો એ અને ક્રમે તમે તેને તમારા અંકમાં લીધી છે." એમ ઉદ્દેશ્યા ત્યારે શ્રીશંકરે કહ્યું કે નારીઓમાં શ્રેષ્ઠ! શુરૂ ગંડની આ કીર્તિ મારી ભ્રમરનું ભૂષણ માત્ર છે તે (શંકર) તમારી રક્ષા કરો.

(૨) વિઘ્નરાજ ગણપતિ જય પામો. હું તમને નમન કરૂં છું. સંત ગંડના ગુણોની પ્રશસ્તિનું કાર્ય કરૂં ત્યાં સુધી મારો વાણી પ્રવાહ ચાલુ રહે તે માટે સરસ્વતિ મને નવોક્તિની શક્તિની પ્રસાદી અર્પો.

(૩) કામદેવના અંગને ભસ્મ કરનાર શંકરથી પવિત્ર થએલો, અને તેને શિર પર ધારનાર દેવની આજ્ઞાથી પોતે જ પ્રસારેલી આ પદ્ધતિ સત્યુગમાં પાર્વતી શાપથી અદૃશ્ય થએલા પશુપત મતના બુદ્ધિમાન અનુયાયીઓને આપી દેનાર શશિનો વિજય થાઓ.

(૪) જ્યારે કલિયુગનો થોડો સમય વહી ગયો ત્યારે શંકરે મંદિરને જીર્ણ હાલતમાં જોઇ નન્દીશ્વરને તેનો ઉદ્ધાર કરવા આજ્ઞા કરી.

(૫) શ્રી કાન્યકુબ્જ વિષયમાં વારાણસી નગરીમાં જે દેવતાનું, ધર્મનું અને મોક્ષનું સ્થાન હતું તે વિખ્યાત પુરીમાં દ્વિજવરના ઘરમાં શિવની આજ્ઞાથી નન્દીશ્વરે જન્મ લીધો અને પશુપતિનું વ્રત કર્યું.

(૬) તે તપનો નિધિ યાત્રાઓ માટે, નૃપોને દીક્ષા આપવા માટે અને પશુપતિનાં સ્થાનોની રક્ષા કરવા માટે નીકળ્યો.

(૭) અતિ વિદ્વાન, અખિલ જગથી પૂજિત, વિવિધ યાત્રા કરનારાઓના ઉપમાનની પદવી પ્રાપ્ત કરનાર, નકુલિશ સમાન દેહવાળો, મુનિઓથી પૂજાતો, કામદેવ સમાન, અને તેનો પોતાનો આગમ સ્પષ્ટ કરતાં એકત્ર મૂકેલાં શાસ્ત્રો સમાન, ભાવ બૃહસ્પતિ ધારાપુરી ગયો.

(૮) માલવા અને કાન્યકુબ્જ અને ઉજ્જનમાં કરેલાં તપથી, પરમારોને તેના શિષ્ય બનાવી, મઠોનું સુરક્ષણ કરીને અને તેની સાથે અતિ પ્રસન્ન થએલા જયસિંહદેવ નૃપનો ભ્રાતૃભાવ પ્રાપ્ત કરીને, ત્રિભુવનમાં ભાવબૃહસ્પતિની મતિ સર્વથી ઉજ્જવળ ભાસે છે.

(૯) આ જગમાં તેના જન્મનું કારણ શંભુએ સ્મરણ કરાવ્યાથી, પવિત્ર મનના ભાવ બૃહસ્પતિએ મંદિરનો ઉદ્ધાર કરવા વિચાર કર્યો તે દિવસે સિદ્ધરાજે અંજલિ કરીને તેને સર્વથી શ્રેષ્ઠ માન આપ્યું અને અતિશ્રદ્ધાથી તેની સેવા કરી.

(૧૦) જ્યારે તે નૃપ સ્વર્ગમાં ગયો ત્યારે અચિંત્ય મહિમાવાળો, ભલ્લાદેશ અને ધાર નગરીનો સ્વામી જાંગલના ધનવાન નગરના ગજ સમાન રાજાઓનાં શિરપર તરાપ મારતો સિંહ સમાન અને પોતાના શૌર્યથી તેજસ્વી એવો કુમારપાલ રાજા ગાદી પર આવ્યો.

(૧૧) ત્રિભુવનમાં કલ્પતરૂ સમાન શ્રી કુમારપાલ રાજા રમ્ય અને વિજયી સિંહાસન પર રાજ્ય ચલાવતો ત્યારે ગંડ ભાવ બૃહસ્પતિએ શિવનું મંદિર જીર્ણ સ્થિતિમાં જોઈ તે દેવનું મંદિર ઉદ્ધરવા રાજાને કહ્યું.

(૧૨) શંકરના શાસનથી મહાન્ મંદિર બંધાવનાર, ચાર વર્ણોથી માન પામેલા, દૃઢ મનના, ગાર્ગેય ગોત્રમાં જન્મેલા શ્રી બૃહસ્પતિને પૃથ્વીપર ગંડેશ્વરના નામથી વિખ્યાત, ગોત્ર મંડલમાં શ્રેષ્ઠ હોઈ સર્વનો સ્વામિ કુમારપાલે બનાવ્યો.

(૧૩) તેણે (કુમારપાલે) તેના સ્વહસ્તથી તેને અલંકાર કર્યો. તેના કંઠપર મૌક્તિક માળા મૂકી, એ ચરણને ચંદનનો લેપ કર્યો, આદરથી શિષ તેની આગળ નમાવ્યું, મમતા મૂકી તેને પોતાની મુદ્રા આપી, અને પુરાણ ધર્મનું પાલન થતું, અને નિત્ય અન્ન વહેંચાતું તે સ્થાનનું દાન કર્યું.

(૧૪) કૈલાસ પર્વત સમાન શંકરનું દેવાલય બનેલું જોઈ નૃપે અતિ પ્રસન્ન થઈ મહામતિવાળા શ્રીમદ્ ગંડને આ પ્રમાણે કહ્યું.—"હું તમને ગંડનું પદ તમારા પુત્રો પૌત્રોને શશિ, તારા અને સૂર્યના અસ્તિત્વ કાળ સુધી અર્પણ કરું છું.

(૧૫) સર્વનો સ્વામી અને ગુણનો નિધિ તેવા ગંડનું મંદિર સોમરાજે સુવર્ણથી બનાવ્યું; રાવણ સમાન બલવાન કૃષ્ણે રૂપાનું બનાવ્યું અને શ્રી ભીમદેવે મોટા સરસ પત્થર અને ઘણાં રત્નોથી જડિત બનાવ્યું. સમય જતાં તે જીર્ણ થવાથી તેનો ઉદ્ધાર શ્રેષ્ઠ અને મહાન વિખ્યાત નૃપથી થયો અને મેરૂ નામ અપાયું.

(૧૬) અતિ પ્રસન્ન થયેલા ગુર્જર દેશના નૃપે વૃક્ષ, જળ વગેરે સહિત બ્રહ્મપુરી નામનું ગામ આખી સભા સમક્ષ ત્રાંબાના પતરા ઉપર લેખિત શાસનથી પુત્રો, પૌત્રો અને વંશજોને પ્રતિબંધ વિના ઉપભોગ માટે આપ્યું.

(૧૭) બૃહસ્પતિ સમાન આ ગંડે સોમની વ્યવસ્થાથી(સહાયથી) મંદિર પુનઃ બાંધ્યું. એથી સ્પષ્ટ થાય છે કે પૂર્વે કદિ આવો પુરૂષ થયો નથી અને ભાવિમાં થશે નહિ.

(૧૮) આ મંદિરનો નાશ રાજાઓના દુષ્ટ, કુમતિ, અને લોભથી અંધ થએલા સચિવોથી થયો હતો! તેનો ઉદ્ધાર ભૂમિને દાંતપર ધારણ કરનાર મહાન્ વરાહ ભગવાનની સ્પર્ધા કરવા હોય તેવી રીતે લીલા માત્રમાં ગુરૂ ગંડે કર્યો.

(૧૯) તે પ્રતાપીથી નૃપની સમક્ષ કયા શત્રુઓ અજિત રહ્યા હતા? કોનાં મુખ કલંક વિનાનાં રહ્યાં હતાં? કોનો દર્પ ઉતર્યો ન હતો? કોની સ્થિતિ તેમનાં મસ્તકો પર તેનો ચરણ મૂકીને બલથી તેણે હલાવી ન હતી? અને કયા શત્રુઓ ભિક્ષુક થયા ન હતા?

(૨૦) આ વિશ્વનો કુંભ બાહ્ય ભાગમાં તેના સદ્ગુણોથી સારી રીતે દબાયો ન હોત તો જરૂર તે તેની અંદરના મહાન્ યશથી ફૂટી જાત.

(૨૧) ખરે ખર! ઇન્દ્રે તેનું રૂપ નિહાળવા સહસ્ર ચક્ષુ ધારણ કર્યાં છે, બ્રહ્માને તેના અસંખ્ય ગુણનું ગાન કરવાના નિશ્ચયથી ચાર મુખ ધારવાં પડ્યાં છે. તેના મહિમાથી ધ્રૂજેલી પૃથ્વી પર્વતોથી સ્થાનમાં રખાઈ છે. અને પૃથ્વી ન સમાવી શકે તે યશ સમાવવા ત્રણ ભુવન સર્જેલાં ભાસે છે.

(૨૨) યશની પ્રાપ્તિના અભિલાષથી તેણે ચાર વર્ણનાં ચાર બાહ્ય અને ચાર અભ્યંતર કર્મોનો ઉદ્ધાર કરીને પ્રત્યેક વર્ણને એક એક આપ્યાં.

(૨૩) મર્યાદા નિર્માણ કરીને દેવાલયના યોગ્ય સ્થાનના ઉદ્ધાર માટે તેણે પાંચસો પંચાવન (૫૫૫) સંતોની પૂજા કરી.

(૨૪) મંદિરની દક્ષિણમાં અને ઉત્તરમાં મજબૂત દુર્ગ બંધાવી નગરનો વિસ્તાર કર્યો.

(૨૫) ગૌરી, ભીમેશ્વર, કપર્દિ (શિવ), સિદ્ધેશ્વર વગેરે દેવો(નાં મંદિરો)પર તેણે સુવર્ણના કળશો મૂકયા.

(૨૬) નૃપોને એકત્ર ભેગા મળવા માટે દરબાર બનાવ્યો. રસોડાં અને સ્નાન માટે શુદ્ધ જળ માટે સરસ્વતિનો વાપી બંધાવ્યો.

(૨૭) શંકરના મંદિરના અગ્ર સ્થાનમાં સુંદર સ્તંભના આધારવાળો એક ઓરડો બનાવ્યો અને રૂપાના જલમાર્ગવાળું મંડૂકના આકારનું શિવનું આસન બનાવ્યું.

(૨૮) પાપમોચન દેવના મંદિરનો ઉદ્ધાર કરાવ્યો, [1]માણસની ત્રણ પ્રતિમા કરી અને નદીમાં પગથીઆં બંધાવ્યાં.

(૨૯) દ્વિજો માટે વિશાળ ગૃહો બંધાવ્યાં અને વિષ્ણુની પૂજાને સહાય કરી.

(૩૦) સોમનાથના માર્ગ ઉપર નવા નગરમાં બે વાપી કરાવ્યા અને અપર ચંડિકાની ત્યાં સ્થાપના કરી.

(૩૧) ગંડથી કરાવેલી આ વાપી વિસ્તારવાળી છે અને તેનું જળ મધુર છે અને અમૃત કહેવાય છે. આ વાપી જે રમ્ય તરંગોનો ધ્વનિ કરે છે અને જેના જળનું પાન અનેક પીતળની ડોલથી થાય છે તે ઘટ્ટમાંથી પ્રકટેલા અગસ્ત્ય રૂષિથી પાન થએલા જળવાળા સાગરને હાસ્ય કરતો ભાસે છે.

(૩૨) તે શ્રેય પ્રાપ્ત કરવાનો અભિલાષી હતો. તેણે ઇન્દુથી ભૂષિત શિવ ભગવાનની સમીપમાં પુનઃ નવી ચંડિકા કરી.

(૩૩) સૂર્ય અને ચંદ્રના ગ્રહણના દિને તેની પાસે આવતા વિદ્વાન અને ગુણી દ્વિજોને સર્વ દાન આપી પૂજા કરનાર, અને ભૂતલ ઉપર વિખ્યાત પાંચ પર્વમાં નિયમિત દાન કરીને ભૂમિને પ્રસન્ન કરનાર આ ગુણનિધિની સ્પર્ધા કોણ કરી શકે ?

(૩૪) તે કામદેવના રિપુ(શંકર)ની ભક્તિમાં પરાયણ છે, બ્રહ્મના જ્ઞાનમાં આનંદ લે છે, શ્રુતિમાં શ્રદ્ધાવાળો છે, દાનનો શોખી છે, ક્ષમાવાળી મતિનો છે, સુચરિતવાળો છે, અને શાશ્વત શ્રેય માટે શંકરની આરાધના કરે છે.

(૩૫) તેની પત્ની પૃથ્વીપર મહાદેવી નામથી વિખ્યાત, ઇન્દુ સમાન રમ્ય મુખવાળી, વિખ્યાત કુળની, ત્રિપુર દૈત્યના શત્રુ શંકરને પાર્વતી સમાન, વિષ્ણુને શ્રીલક્ષ્મી સમાન, સોઢલના સંભવની; યશ વાણી અને સૌંદર્યમાં ગંગા, સરસ્વતિ અને યમુનાને અનુક્રમે સમાન હતી.

(૩૬) તેનું લાવણ્ય ચંપાના પુષ્પ જેવું હતું. કામમાં રથ સમાન તેના કર હતા, નયન શિરિષ કુસુમની શ્રેણી સમાન હતાં ... ... તેનું હાસ્ય મોગરાનું ફૂલ સરખું હતું, તેનાં કપોળપૂર્ણ વિકસેલાં લોધ્ર કુસુમ સમાન હતાં તેથી એમ દેખાતું કે કામદેવ શિલ્પિએ સર્વ ઋતુના સૌંદર્યવાળું તેનું અંગ બનાવ્યું હતું.

(૩૭–૩૮) તે દશરથ સમાન હતો ... ... તેને દશરથના ચાર પુત્રો સમાન આ ચાર સિદ્ધો પુત્રો તરીકે હતા. તેમાંનો પ્રથમ અપરાદિત્ય, બીજો (તેનાથી) રત્નાદિત્ય ... ત્રીજો સર્વ નિપુણ સોમેશ્વર, અને ચોથો ભાસ્કર કહેવાતો હતો. તેઓ રામ માફક પરસ્પર પરાયણ અને સત્ય હતા. ... ...રસમાં ડૂબી ગયેલા વિષ્ણુ શ્રી મુરારિના કરો ... ...

(૩૯–૪૦) ખરેખર ધન્ય છે વિશ્વ શિખર સમાન તેનાં માતા પિતાને; જીવનના અંત સુધી તે અને ... ... અને અશ્વો, ચૌરિઓ અને ગજોના સમાવેશવાળી લક્ષ્મી પર્ણ ઉપર ગબડતા જલબિંદુ સમાન છે ... ... વિદ્યુતના ચમકારાનો ... ... તે જે ગુણિ હતો તેણે મહા યશ પ્રાપ્ત કર્યો.

(૪૧–૪૨) ભલાઈમાં શિબિ નૃપ અથવા દધિચિ ઋષિ તે હતો તીવ્ર આજ્ઞા દેવામાં રાવણ સરખો હતો ... ... યુધિષ્ઠિર સમાન હતો ... ... આપણે વધારે શું કહી શકીએ ? તે બૃહસ્પતિ સમાન હતો. તેઓ સર્વે ... ... કુમારપાલની બ્હેનનો પુત્ર, મહાબલ.

[1] ત્રણ માણસોની ઉંચાઈ સરખી એમ આનો અર્થ હોઈ શકે ?

(૪૩-૪૫) પ્રેમલ્લદેવીનો પુત્ર ભોજ ... ... ચંદ્રગ્રહણના સમયે સોમનાથની પૂજા ગંડરાજે કરી તેથી તે અતિ પ્રસન્ન થયો ... ... અનુક્રમે.

(૪૬-૪૭) ગંડ ... ... હિરણ્યા નદીના તટપર પાપમોચન સમીપમાં ... ... જે સર્વ મહાન માહેશ્વર નૃપોમાં અગ્ર હતો. તેને અર્પ્યું.

(૪૮-૫૦) શાસનથી દાનપત્ર વડે એક ગામ આપ્યું ... ... પુત્રો, પૌત્રો અને વંશમાં જન્મેલી પ્રમદાના સૂર્ય, ચંદ્રના અસ્તિત્વ કાળસુધી ઉપભોગ માટે ... ... શીઘ્ર કવિએ ગંડના ગુણોની આ પ્રશસ્તિ રચી છે.

(૫૧) ... ... લક્ષ્મીધરના પુત્ર રૂપસુરિએ આ લખ્યું ... ... વલ્લભી સંવત ૮૫૦ અષા(ઢ) ... ...

નં૦ ૧૫૯

ગ્વાલિયરમાં ઉદયપૂરના ત્રણ લેખો[1]

સી[2]-અજયપાલદેવનો શિલાલેખ

(વિક્રમ) સંવત્ ૧૨૨૯

આ લેખ ડૉ. એફ્. ઈ. હૉલને ઉદયાદિત્યના ભવ્ય શિવમંદિરમાં મળ્યો હતો. તેણે જ. બૉ. એ. સો. વો. ૩૧ પા. ૧૨૫ માં તે પ્રથમ પ્રસિદ્ધ કર્યો હતો. ડૉ. હૉલના કહેવા મુજબ તે એક મૂળ સ્થાનમાંથી ઉખેડેલા જાડા પથ્થરના ટુકડા ઉપર લખેલો છે. તે પથ્થરનો નીચેનો ભાગ ભાંગેલો અગર નુકશાન પામેલો છે. તેથી લેખની ૨૨ મી પંક્તિ, જે છેવટની જણાય છે, તે લગભગ આખી જ નાશ પામી છે, અને ૨૧ મી પંક્તિના થોડાક છેવટના અક્ષરો પણ નાશ પામ્યા છે. તે સિવાય બાકીનો લેખ સુરક્ષિત છે. ફક્ત આઠમી પંક્તિના બે અક્ષરો અને ૧૨ મી અને ૨૧ મી પંક્તિમાં દરેકમાં એક એક અક્ષર સિવાય લેખમાં કોઈ પણ સ્થળે વાસ્તવિક પાઠ વિષે શંકા રહેતી નથી.

જેટલું લખાણ અસ્તિત્વમાં છે તેટલું ૧'૯" પોહોળી અને ૧'૧૧$\frac{3}{4}$" ઉંચી જગ્યાનું રોકાણ કરે છે. અક્ષરોનું કદ $\frac{3}{8}$" અને $\frac{5}{8}$" વચ્ચે છે. લિપિ નાગરી અને ભાષા સંસ્કૃત છે, અને ૧૪-૧૯ પંક્તિમાં આશીર્વાદ તથા શાપના ત્રણ શ્લોકો સિવાય લેખ ગદ્યમાં છે, શુદ્ધ જોડણી વિષે કંઈ કહેવાનું રહેતું નથી. અને વ્યાકરણ વિષે એટલું જ કહેવું બસ છે કે, ' ग्राम ' શબ્દ બધે નાન્યતર જાતિમાં વાપર્યો છે.

લેખમાં, ' ॐ, ॐ नमः शिवाय ' શબ્દો તથા નીચે ચર્ચેલી તારીખ, પછી અણહિલ પાટકના (ચૌલુક્ય) રાજા અજયપાલદેવના રાજ્યનું તથા તેના તે સમયના મુખ્ય મંત્રિ[3] સોમેશ્વરનું નિવેદન છે. તે સમયે, રાજાએ પોતાના બળ વડે[4] મેળવેલા ભૈલ્લસ્વામી મહાદ્વાદશક મંડલ એટલે ભૈલ્લ સ્વામિ નામના બારના મોટા જુથમાં આવેલા ઉદયપૂરમાં સત્તા ચલાવવા રાજાએ નિમેલા[5] શ્રી લૂણપસાકએ, 'યુગાદિ' જે અક્ષય-તૃતીયાને દિવસે આવે છે, તે પ્રસંગે ઉમરથા નામનું ગામ આપ્યું હતું. આ ગામ ભૃંગારિકા-ચતુઃષષ્ઠિ નામના પથક, એટલે " ભૃંગારિકા નામના ચોસઠ ગામના સમૂહમાં આવ્યું હતું. તે ઉદયપૂરમાં ભગવાન વૈદ્યનાથ(શિવ)ને આપ્યું હતું. ગુહિલૌધ (?) વંશના રાજપુત્ર શ્રી વીલ્હણદેવના પુત્ર સદગત શ્રી સોલણદેવરાજનાં શ્રેયાભિવૃદ્ધિ માટે તે આપ્યું હતું. ઉમરથાની સીમાઃ—પૂર્વે નાહુગામ; દક્ષિણે વહિઠાઉ (ઠા) ગામ; પશ્ચિમે દેઉલી ગામ; અને ઉત્તરે લખણાપડા ગામ. ૧૪-૧૯ મી પંક્તિઓમાં ત્રણ આશીર્વાદના અને શાપના શ્લોકો તથા ઉપરનું દાન ચાલુ રાખવાની સૂચના આપેલાં છે. ૨૦-૨૧ મી પંક્તિઓમાં કહ્યું છે કે, આ દાન પરમ નૈષ્ઠિક, પૂજ્ય અને પવિત્ર નીલકંઠ સ્વામિએ (उपार्जितम् ; " ભગવાનને બદલે; " હું અર્થ કરૂં છું) લીધું હતું. છેલ્લી પંક્તિમાં આ દાનમાં દખલગિરિ કરનાર ને કંઈ શાપ દીધો હોય એમ જણાય છે.

---

૧ ઈ. એ. વો. ૧૮ પા. ૩૪૪ પ્રો. કિલ્હૉર્ન. ૨ 'સી' લેખની ચર્ચા માટે જુઓ 'એ' લેખ સાથે જોડેલું ચર્ચાપત્ર-' ગ્વાલિયરમાં ઉદયપૂરના ત્રણ લેખો ઈ. એ. વો. ૧૮ પા. ૩૪૧. ૩ આંહિ વાપરેલો પારિભાષિક શબ્દ नियुक्तमहादण्ड છે. જે પ્રો. ભાંડારકરના ૧૮૮૨-૮૩ ના રીપોર્ટ પા. ૨૨૩ પં ૨૧ માં ફરી વાર આવે છે અને જેને બદલે પ્રો. પીટર્સનના ૧૮૮૪-૮૬ ના રીપોર્ટમાં निरूपितदण्ड આપણે વાંચીએ છીએ. સરખાવો नियुक्तमहासाधनिक-લેખ 'એ' પંક્તિ ૮ મી અજયપાલના પૂર્વજોને કબજે ૪ ઉદયપૂર પહેલેથી જ હતું એમ ધારીએ તો ઉપરના લખાણ અક્ષરશઃ લાગુ જ થઈ શકાય. ૫ જુઓ આગળનું પાનું.

જયસિંહ અને કુમારપાલદેવનાં અણહિલવાડ રાજ્યમાં ઉદયપૂર પ્રથમથી જ આવ્યું હતું, એ આગળના લેખ ઉપરથી આપણે જાણતા હોવાથી આ લેખનું ઐતિહાસિક મહત્ત્વ એટલું જ છે કે, તેઓના પછી ગાદીએ આવનાર અજયપાલદેવની સાબીત થઈ શકે તેવી તારીખ, આપી છે.

આ લેખની તારીક, ૧ લી પંક્તિમાં, આંકડાઓમાં જ "સંવત ૧૨૨૯ માં, વૈશાખ શુકલ પક્ષ ૩ ને સોમવારે" આપી છે. અને ૭ મી પંકિત પ્રમાણે, જે દાન લેખમાં આપ્યું છે તે અક્ષય તૃતીયાને દિવસે 'યુગાદિ'ના પ્રસંગ ઉપર એક સદ્‌ગત પુરુષ(કદાચ દાતાના પિતામહ)ના શ્રેય માટે અપાયું હતું.

એટલે અજયપાલદેવના રાજ્યની ભરોસાપાત્ર મળેલી ત્રીજી તારીખ, સોમવાર, તા. ૧૧ મી. એપ્રિલ, ઇ. સ. ૧૧૭૩, દેશી દક્ષિણનાં પુરાં થયેલા વર્ષ ૧૨૨૯ અથવા દક્ષિણનાં ચાલુ વર્ષ ૧૨૩૦ ના વૈશાખ શુદિ ૨, છે. અને તેણે પૌષ સુદિ ૧૨ ને દિવસે રાજ્ય શરુ કરી ત્રણ વર્ષ સુધી રાજ્ય કર્યું હતું એવી ચાલુ કથા જો સત્ય હોય, તો અજયપાલનો રાજ્યારોહણનો દિવસ ૨૮ મી ડિસેંબર ઈ. સ. ૧૧૭૨ નો=વિક્રમ ૧૨૨૯ પુરાં થએલા અથવા ૧૨૩૦ ચાલુના પૌષ સુદિ ૧૨ નો હોવો જોઈએ.

દાન આપનાર શ્રી લૂણપસાક એ સંસ્કૃત "लवणप्रसाद"નાં પ્રાકૃત રૂપ "लोणपसाय"નો અપભ્રંશ છે એ ચોખ્ખું છે. આજ નામનું બીજું રૂપ "लूणपसाज" છે. તે, અગાઉ પ્રસિદ્ધ કરેલાં વો. ૬ પા. ૨૧૦ માં વિક્રમ સંવત ૧૩૧૭ નાં તામ્રપત્ર દાનની ૧૩ મી પંક્તિમાં આવે છે. ત્યાં લૂણપસાજદેવનું વર્ણન 'રાણક' તથા તે લેખમાં આપેલાં દાનના દાતાના દાદા તરીકે કરેલું છે. અને, જો કે પિતામહ અને પૌત્ર વચ્ચેનો ૮૮ વર્ષનો સમય જરા લાંબો લાગે તો પણ તે આપણા દાનનો લૂણપસાક હોય એ હું અસંભવિત માનતો નથી.

આ લેખમાં બતાવેલાં સ્થળોમાં, ભૈલ્લસ્વામિન એ ઉદયપૂરની દક્ષિણે ૩૪ માઇલ ઉપર બેટવા નદીના પૂર્વ કાંઠા ઉપરનું હાલનું ભેલ્સા શહેર હોવાનું ચોક્કસ થઈ ચૂક્યું છે. બીજાં ગામો તથા ભૃંગારિકા, જે 'બી' લેખમાં પણ આપ્યું છે, તેઓ હજી ઓળખાયાં નથી.

---

* પ્રો. બ્યુલ્હર મને જણાવે છે કે 'વિચારશ્રેણી પ્રમાણે અજયપાલનો પૂર્વજ કુમારપાલ વિક્રમ સંવત ૧૨૨૯ પૌષ સુદ ૧૧ ને રોજ ગુજરી ગયો; અન્ય પ્રબંધો પ્રમાણે તે તારીખ વિક્રમ સવત ૧૨૩૦, પાષ સુદ ૧૨ હતી મી. કાથવટે કીર્તિકૌમુદીની પ્રસ્તાવનામાં પા. ૧૩ માં '૧૨૩૨' દ્વાદશી- ફાલ્ગુન સુદિ 'એમ ઉતારો કરે છે, જે રાજ્યારોહણની તારીખ ખોટી જ હોવી જોઈએ. અને જે તેના મૃત્યુની ચાલતી આવેલી તિથિ કદાચ હશે. ધર્મસાગરના પ્રવચન પરીક્ષા 'માં—ततः१२१० अजयपालराज्यं वर्ष ૩ એ પ્રમાણે છે. જુઓ, પ્રો. ભાંડારકરનો ૧૮૮૩–૮૪નો રીપોર્ટ પાનું ૪૫૭ * જ. બૉ, એસ. સો, વો, ૩૧ પા, ૧૧૧ અને ૧૨૭

अक्षरान्तर[1]

१ ॐ ॥ ॐ नमः शिवाय ॥ संवत् १२२९ वर्षे ।[3] वैशाख सुदि ३[4] सोमे ॥
अद्येह श्री[ ]-

२ मदणहिल[पा]टके समस्तराजावलीविराजितमहारा[जा]धिराजपरमेश्वर-

३ परममाहेश्वरश्रीअजय[पा]लदेवकल्याणविजयराज्ये तत्पादपद्मोपजीवी[वि]म-

४ हामात्य श्रीसोमेश्वरे श्रीश्रीकरणादौ समस्तमुद्राव्यापारान् परिपंथयती-

५ त्येवं काले प्रवर्त्तमाने निजप्रतापोपार्जित श्रीभाइलस्वामिमहाद्वादशक[मं]-

६ डलप्रभुज्यमाने[5] अद्येह श्रीउदयपुरे तेनैव प्रभुणा नियुक्तदंडश्रीलूणप-

७ साकेन धौतवाससी परिधा[य] परमधार्म्मिकेण[भू]त्वा अक्षयतृतीयायुगादि-

८ पर्व्वणि [मु]हिलै[न्ध् ?] आन्वये राजपुत्र श्रीवीरुहणदेवपुत्र परमलो-
कांतस्तिरा-

९ जश्रीसोलणदेव श्रेयसे अत्रत्यदेव श्रीवैद्यनाथाय भृंगारिकाचतुःषष्ठि [ष्टि]-

१० पथके पंचोपचारपूजानिमित्तं सवृक्षमालाकुलं तृण[ज]लाशयोपेतं

११ चतुराघाटसमन्वितं उथरथा ग्रामं शासनेन प्रदत्तं ॥ आघाटां [य]था ।

१२ अस्य ग्रामस्य पूर्व्वतो नाहग्रामं दक्षिणतो वहिडाउ[ठा] ग्रामं पश्चिमता

१३ देउली ग्रामं उत्तरतो लखगौडा ग्राममेवं हि चतुःकंकटे वि[शु]द्धं ग्रा-
[मं] [॥*]

१४ व[ब]हुभिर्व्वसुधा भुक्ता राजभिः सगरादिभिः । यस्य यस्य यदा भूमिस्[त]-

---

૧ નિમગ ઉપરથી ૨ ચિહ્નરૂપે દર્શાવેલ છે. ૩ આ વિરામચિહ્નની કાંઈ જરૂર નથી. અસલમાં ભૂંસી નાંખવામાં આવ્યું છે. ૪ સંખ્યા ૩ માટેનો આંકડો નિખાગમાં તદ્દન સ્પષ્ટ છે; પરંતુ તેની પહેલાં વિરામચિહ્ન જેના એક સીધી લીટી છે જે અક્ષરોનાં માથાં ઉપર લંબાવી છે અને ૩ ના આંકડા પછી અને તેને થોડું ઢાંકી દેતું વિસર્ગનું ચિહ્ન છે. ૫ અસલ प, ફેરફાર पा ૬ હું આનો અર્થ નીચે પ્રમાણે કરૂં છું:—भाइलस्वामिमहाद्वादशकमण्डले (लाणपसाकेन) प्रभुज्यमाने श्री उदयपुरे—એટલે ભાઇલ્લ સ્વામિ દ્વાદશ મંડલમાં આવેલું અને લાણપસાકથી ઉપભોગ કરાતું શ્રી ઉદયપુરમાં '— ૭ કૌંસમાં બતાવેલ વ્યંજન 'न्ध' જ છે તે હું ખાત્રીથી કહી શકતો નથી; પરંતુ 'आ' સ્વરની નિશાની જે રીતે વ્યંજન સાથે જોડેલી છે તે ઉપરથી એમ જણાય છે કે અક્ષરની અંદર 'ध' વ્યંજન ચોક્કસ પણે રહેલો છે. ૮ ग्राम શબ્દ નપુંસકલિંગમાં આદિ તથા નીચે વાપરેલો છે ૯ अस्य ग्रामस्याघाटा यथा पूर्व्वतो એમ વાંચનની ધારણા રાખી શકાય. ૧૦ વાંચો चतुष्कंकट ૧૧ છંદ શ્લોક અનુષ્ટુભ. ૧૨ છંદ શાર્દૂલવિક્રીડિત— આ શ્લોક માટે જુઓ હૉલ—જ. એં. એસ. સો. વો. ૩૦ પા. ૨૦૩ અને ભાંડારકર—સો. સી. પા. ૨૨૫. આપણાં અક્ષરાન્તરમાં ત્રીજા પાદને અંત यावद्भवा भूपतिः નો કાંઈ અર્થ થતો નથી. ભાંડારકર यावद् भवान् भूपते વાંચે છે. જ્યારે હૉલ यावन्त एवा भवन् વાંચે છે

१५ स्य तस्य तदा फलं ॥ च ॥ स्वदत्तां परादत्तां वा यो हरेत वसुंधरां। षष्ठि[ष्टि]व

१६ र्षसहस्राणि अमेध्ये जायते कृमिः ॥ च ॥ मांधाता सुमहीपातिः कृतयु-

१७ गेऽलंकारभूतो गतः सेतुर्येन महोदधौ विरचितः क्वासौ ड[द]शास्यां-

१८ तकृत् । अन्ये चापि युधिष्ठिरप्रभृतयो यावद्भ[व्]आ भूपतिर्नैकेनापि-

१९ समं गता क[व]सुमती मन्ये त्वया यास्यति ॥ च ॥ इत्यादि परिभाव्य

२० शासनमिदं पालनीयम् ॥ च ॥ परमनैष्ठिक महाभट्टारक श्री[नू]ई-

२१ लकंठ[स्व्]आमिना [उ]पार्जितमिदं ॥ च ॥ यद्दः कश्चिदत्र .... रक्षो भवति ते-

२२ ... .

---

१ અહિ આશરે પાંચ અક્ષરો બિલકુલ અવાચ્ય છે અને તદ્દન નાશ પામ્યા છે.
२ આ પંક્તિમાનું લખાણ સદંતર નાશ પામ્યું છે. અને ફક્ત થોડાએક અક્ષરનાં માથાં રખિયગમાં નજરે પડે છે.

નં૦ ૧૫૭

અજયપાલનાં તામ્રપત્રો*

વિ. સ. ૧૨૩૧ કા. સુ. ૧૧

આ પતરાં એપ્રિલ ૧૮૮૩ માં મુંબઈ સેક્રેટેરીએટમાંથી જોવા મળ્યાં હતાં તે ઉપરથી આંહી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તે ક્યાંથી મળ્યાં અને કેની માલિકીનાં છે તે માલુમ નથી.

પતરાં બે છે અને અંદરની બાજુએ કોતરાયાં છે. તેનું માપ ૧૪૩/૪ ઇંચ×૯૫/૮ ઇંચ છે. કોરો વાળેલી છે અને તેથી લખાણ સુરક્ષિત અને સ્પષ્ટ છે. પહેલા પતરાની નીચેની બાજુએ અને બીજા પતરાની ઉપરની બાજુએ બે કડી માટે કાણાં છે પણ એક જ કડી હયાત છે, જે ૩/૪ ઇંચ જાડી અને ૨૩/૪ વ્યાસવાળી છે. સીલનું નામનિશાન નથી. બીજા પતરામાં ડાબી બાજુએ લખાણની અંતે સૂર્ય, ચંદ્ર અને બેઠેલા દેવનાં ચિત્ર છે. દેવને ચાર હાથ અને ચાર માથાં છે અને કમળ ઉપર બેઠેલા છે તેથી બ્રહ્મા હશે એમ અનુમાન થાય છે. પતરાંનું વજન ૧૦ પા. ૧ આઉંસ છે અને કડીનું ૩ આઉંસ છે. લિપિ લેખના સમય અને સ્થળમાં ચાલતી નાગરી છે. પતરાં જાડાં છે અને કોતરકામ સારી રીતે કરવામાં આવેલ છે. ભાષા સંસ્કૃત છે; પ્રસ્તાવના તેમ જ અંતના શ્લોકો સિવાય લેખનો બધો ભાગ ગદ્યમાં છે.

લેખ ચાલુક્ય રાજા અજયપાલના રાજ્યને લગતો છે, પણ દાન આપનાર ચાહુમાન ચાહુયાન વંશના મહામંડલેશ્વર વૈજલ્લદેવનું નામ પંક્તિ ૧૭ માં આપેલ છે. તે નર્મદાના કાંઠા ઉપરના પ્રદેશનો રાજા હતો અને બ્રાહ્મણ પાટકમાંથી દાન આપવામાં આવ્યું હતું. દાનમાં એક સત્રાગારને બ્રાહ્મણોને ભોજન માટે ગામ આપવામાં આવેલ છે.

લેખમાં સ્થળોનાં નામ નીચે મુજબ છે. અજયપાલની રાજધાની અણહિલપાટક, વૈજલદેવનું ગામ બ્રાહ્મણપાટક, દાનમાં અપાએલું ગામ આલવિડગામ્વ જે પૂર્ણ પથકમાંના માખુલ ગામ નજીક આવેલું હતું તે અને ખંડોહક ગામ જેમાં સત્રાગાર આવેલું હતું. અણહિલપાટક વિ. સ. ૮૦૨ માં સ્થપાયું હતું અને અત્યારે પાટણ નામે પ્રસિદ્ધ છે. બીજાં સ્થળો ઓળખી શકાયાં નથી.

લેખમાં બે તિથિઓ આપેલી છે. પં. ૧૧ માં વિ. સ. ૧૨૩૧ કા. સુ. ૧૧ સોમવાર આપેલ છે તે દિવસે દાન આપેલ હોવું જોઈએ. પંક્તિ ૩૧ માં ઘણું કરીને દાનપત્ર લખાયાની તારીખ વિ. સ. ૧૨૩૧ કા. સુ. ૧૩ બુધવાર આપેલ છે. આ સંવત બરોબર ઇસ્વી સન ૧૧૭૩–૭૪ થાય છે. પ્રો. કે. એલ. છત્રેનાં પત્રક અનુસાર કાર્તિક સુ. ૧૧ ને ૧૩ ને દિવસે સોમવાર અને બુધવારે સં. ૧૨૩૧ કે ૧૨૩૨ માં આવતા નથી, પણ ૧૧૩૩ માં આવે છે તેથી સાલમાં ભૂલ થએલી લાગે છે અને ૧૧૩૨ ને બદલે ૧૧૩૧ ગત વર્ષ લખાયું લાગે છે. તામ્રપત્ર બનાવટી માનવાનું કાંઈ સબળ કારણ નથી તેથી ભૂલ થઈ હશે એમ જ માનવું જોઇએ મી. એ. બી. દીક્ષિત તેમ જ પ્રોફેસર કીલ્હોર્ન પણ તે જ મતના છે.

* ઈ. એ. વો. ૧૮ પા. ૮૦ જે. એફ. ફ્લીટ.

अक्षरान्तर

१ ॐ[1] स्वस्ति ॥ जयोभ्युदयश्च ॥ जैयति व्योमकेशोसौ यः सर्गाय वि[बि]भर्त्ति तां । ऐंदवीं शिरसा लेखां जगद्बीजांकुरा-

२ कृतिम् ॥ तन्वंतु वः स्मरारातेः कल्याणमनिशं जटाः । कल्पांतसमयोद्दामतडिद्वलयपिंगल[।*]ः ॥ श्रीम्रा (ब्रा)ह्मणपाटकात् [।*]श्री अ-

३ णहिलपाटकाधिष्ठित समस्तराजावलीविराजितमहाराजाधिराजपरमेस्व[श्व]र-परमभट्टारकवर्वरकजिष्णु श्रीजयसिंहदेव-

४ पादानुध्यात उमापतिवरलव्ध[ब्ध]प्रसाद प्रौढप्रतापनिजभुजविक्रमरणाङ्गणविनिर्ज्जितशाकंभरीभूपाल परमभट्टा-

५ रकमहाराजाधिराजपरमेश्वर श्रीकुमारपालदेवपादानुध्यातपरमभट्टारक महाराजाधिराजपरमेश्वरं श्री

६ मैदजयपालदेवकल्याणविजयराज्ये [। *] तत्पादपद्मोपजीविनि महामात्यश्रीसोमेश्वरे श्री श्रीकरणादौ समस्तमुद्रा-

७ व्यापारान्परिपंथयति सतीत्येतस्मिन्काले प्रवर्त्तमाने [।*] समधिगतपंचमहाशव्दा[ब्दा]लंकारोपेतसमस्तप्रक्रियाविराजमान महा-

८ मंडलेश्वर श्रीवैजल्लदेवः श्रीमदजयपालदेवेन प्रसादीकृत्य नर्म्मदातटमण्डलमनुशासन् विजयोदयी ॥ पूर्ण्ण पथकप्र-

९ तिव [ब]द्धपाखुलगाम्बग्रामद्विचत्वारिंशत् ग्रामाणां मध्यात् आलविडगाम्बग्रामे समस्तदंडनायकदेशठक्[क्]उराधिष्ठानककर-

१० णपुरुषशय्यापालभट्टपुत्रप्रभृतिनियुक्तराजपुरुषान् व्रा[ब्रा]ह्मणोत्तरान् प्रतिनिवासि विशधिकपट्टाकिलजनपदांश्च

११ वो(बो)धयत्यस्तु वः संविदितं यथा ॥ अस्माभिः श्रीव्रा(ब्रा)ह्मणपाटकस्थितै(:*) नृपविक्रमकालादर्व्वाकेकत्रिंशदधिकद्वादशश-

१२ तसंवत्सरांतर्वर्त्तिनि कार्त्तिके मासि शुक्लपक्षे एकादश्यां सोमदिने उपोष्य कार्त्तिकोध्यापनपर्व्वणि चराचरगुरुं भगवं-

१३ तं भवानीपतिं पुरुषोत्तमं च लक्ष्मीपतिं समभ्यर्च्य संसारस्यासारतां परिज्ञाय नलिनीगतजललवतरलतरं जीवि-

---

१ અસલ પતરાં ઉપરથી ૨ ચિહ્નરૂપે દર્શાવેલ છે. ૩ છંદ શ્લોક અનુષ્ટુભ્ ૪ આ રાજકુટુંબનાં અન્ય દાનપત્રોમાં જણાવ્યા મુજબ, વાંચો महाराजाधिराज परमेश्वरपरममाहेश्वर. (દાખલા તરીકે જુઓ ઇ. એ. વૉ. ૬ પા. ૧૯૪ નં ૩ પં. ૮) ૫ રારથી શરૂ થતા નામ પહેલાં શ્રી ને બદલે શ્રીમત્ નો ઉપયોગ બરાબર કર્યો છે. પરંતુ વિક્રમ સંવત્ ૧૨૮૦(ઇ. એ. વૉ. ૬ પા. ૧૯૫ પં ૧૩)માં તેમજ આ દાનપત્રની પંક્તિ ૨ જીના અંતમાં શ્રી શબ્દ વાપરેલો છે પણ તેની પછી સંધિ કરવાને બદલે એક આડો લીટો મૂક્યો છે. ૬ વાંચો द्विचत्वारिंशद्ग्रामाणां

१४ तमाकलय्य मदविवासी[शी]कृतकरिकर्ण्णतालतरलां श्रीयमनुचि[-*]त्य च ॥
तथा हि [।*]वाताभ्रविभ्रममिदं वसुधाधिपत्यमातापं-

१५ मात्रमधुरो विषयोपभोगः[:] प्राणास्तृणाग्रजल विन्दुसमा नराणां धर्म्माः सखा
परमहो परलोकयाने ॥ अपि च [।*]भ्र-

१६ मत्संसारचक्राग्रधारारामिमां श्रियां प्राप्य ये न ददुस्तेषां पश्चात्[त् ×]आपः
परं फलं ॥ इति जगतो विनश्वरं स्वरूपमाक-

१७ लय्य दृष्टादृष्टफलमंगीकृत्य च मातापित्रोरात्मनश्च पुण्ययशोभिवृद्धये चाहुयाणान्व-
ये[न*] महामंडले-

पतरुं बीजुं

१८ श्वर श्री जल्लदेवेन खंडोहके दक्षिणदिग्विभागे अपूर्वपंचाशत् ब्रा[ब्रा]ह्मणानां
भोजन[ा*]र्थं उपरिलिखित आल-

१९ विडगाम्नग्रामः सवृक्षमालाकुलश्चतुः कंकटविशुद्धः सन्याकरनिधिनिक्षेपस-
हित[:*] तलभेद्याघाणकमलक-

२० वुंघकदंडदोषप्रासादाय[:*]अभिनवमार्ग्गणकप्रभृतिसर्व्वादायरुपेतः सर्व्वाभ्यन्त-
रसिद्धा देव ब्रा[ब्रा]ह्मणभुक्तिवर्जं

२१ आचंद्रार्क्कयावत्शासनंकृत्य खंडोहकेत्यशत्रागारार्थं उदकपूर्व्वकत्वेन प्रदत्ताः ।
[॥]तदस्मिन् ग्रामे समुत्पद्यमानभा-

२२ गभोगकरहिरण्यादिकमाज्ञाश्रवणविधेयैर्भूत्वा भवद्भिरस्मै समुपनेतव्यं । सामान्यं
चैतत्पुण्यफलं वु[बु]द्ध्वा अस्मद्वंश-

२३ जैरन्यैरपि भाविभोक्तृभिरस्मत्प्रदत्तधर्म्मा[र्म्म]दायोयमनुमंतव्यः । पालनीयश्च ।
[॥]उक्तं च ॥ बहुभिर्व्वसुधा भुक्ताराजभिः स

२४ गरादिभिः । यस्य यस्य यदा भूमिस्तस्य तस्य तदा फलं । [॥] येनीह दत्ता-
नि पुरा नरेन्द्रैर्दानानि धर्म्मार्थयशस्कराणि । निर्म्माल्यवां-

२५ ति[त]प्रतिमानि तानि को नाम साधु[:*] पुनराददीत । [॥]अस्य कुल-
क्रममुदारमुदाहरद्भिरन्यैश्च दाम[न]मिदमप्यनुमोदनीयम् । लक्ष्म्या-

२६ स्तडिद्वलयबुद्बुदचंचलाया एवं फलं परयशः परिपालनं च ॥ सर्व्वानेतान् भाविनः
पार्थिवेन्द्रान् भूयो भूयो

૧ છંદ: વસંતતિલકા ૨ વાંચો अपाता ૩ છંદ: શ્લોક અનુષ્ટુભ્ ૪ વાંચો क्षमाम् ૫ પંક્તિ ૧૧ મીમાં अस्माभिः વાપર્યા પછી આ તૃતિયા વિભક્તિ એક વચનની જરૂર કાંઈ રહેતી નથી. ૬ વાંચો पंचाशद्—ब्रा(ब्रा)ह्मणानां ૭ વાંચો सत्रागाराय ૮ છંદ શ્લોક અનુષ્ટુભ્ ૯ છંદ ઇન્દ્રવજ્રા ૧૦ છંદ વસંતતિલકા આહિં છંદોભંગ છે; તેથી આપણે अस्य ને બદલે एषाम् નો સુધારો કરવો જોઈએ. ૧૧ છંદ શાલિની

२७ यास्यते रामभद्रः । सामान्योयं धर्म्मसेतुर्नृपाणां कालेकाले पालनीयो भवद्भिः ।
[॥]स्वदत्तां परदत्तां वा यो हरेत

२८ वसुंधरां षष्टिवर्षसहस्राणि विष्टायां जयते कृमिः । [॥] इह हि जलदलीलाचं-
चले जीवलोके तृणलवल-

२९ घुसार सर्व्वसंसारसौख्ये । अपहरतु दुराशः शासनं देवतानां नरकगहनगर्त्ताव-
र्त पातोत्सुको यः । [॥]इति

३० कमलदलाम्बु[म्बु]विन्दुलोलां श्रियमनुचि[न्त्*]त्य मनुष्यजीवितं च सकलमि-
दमुदाहृतं च बुद्धा न हि पुरुषैः पर-

३१ कीर्त्तयो विलोप्या इति ॥ संवत् १२३१ वर्षे कार्त्तिक शुदि १३ बु[बु]धे ॥
मंगलं महाश्रीः ॥ दूं प्रती

३२ हारशोभनदेवः ॥ स्वहस्तोयं महामंडलेश्वर श्री वैजलदेवस्य ॥ उपरो रि वामदेवः ॥

---

૧ ૭૬—શ્લોક (અનુષ્ટુભ્) ૨ છંદ માલિની ૩ છંદ પુષ્પિતાગ્રા ૪ વાંચો बुद्ध्वा ૫ એટલે सूनवः ૬ અને ૨૪ આ ટૂંકાં રૂપો કયા હોદ્દા દર્શાવેલા છે તે માલુમ પડી શકતું નથી. કદાચ બન્ને શબ્દો એક શબ્દ ' उपरि ' ને બદલે ભૂલથી લખાયો હશે. અને જો તેમ હોય તો उपरिकों ને માટે વપરાયા હોય.

ભાષાન્તર-સાર રૂપે

શિવની વ્યોમકેશ (પંક્તિ. ૧) અને સ્મરારાતિ (૧,૨) નામથી સ્તુતિના બે શ્લોક પછી, લેખ નીચેની વંશાવળી આપે છેઃ—મહારાજાધિરાજ, પરમેશ્વર અને પરમભટ્ટારક, શ્રીમાન્ જયસિંહદેવ (૧,૩) જે પ્રસિદ્ધ અણહિલ્લપાટકમાં (૧,૨) અધિષ્ઠિત હતો અને જેણે વર્વરકોને જિત્યા હતા. તેના પાદાનુધ્યાત શાકંભરીના રાજાનો પરાજય કરનાર મ. પ. પ. શ્રીમાન્ કુમારપાલદેવ (૧,૫) જેને ઉમાપતિ શિવે વરદાન આપ્યું હતું તે હતો. તેનો પાદાનુધ્યાત શિવનો મહાન ભક્ત (૧,૫) મ. પ. પ. શ્રીમાન્ અજયપાલદેવ (૧,૬) હતો.

અજયપાલદેવ રાજા હતો (૧,૬) અને તેનો પાદાપદ્મોપજીવિન મહામાત્ય શ્રીસોમેશ્વર (૧,૬) રાજમુદ્રાને લગતાં સર્વ કાર્યો તથા બીજાં ખાતાંની દેખરેખ રાખતો તે સમયે બ્રાહ્મણપાટક શહેરમાંથી (૧,૨). પંચમહાશબ્દ પ્રાપ્ત કરનાર શ્રીમાન્ અજયપાલદેવની પ્રસાદીથી નર્મદા નદીના તટ ઉપરના પ્રદેશ પર રાજ્ય અમલ કરનાર (૧,૮) મહામણ્ડલેશ્વર શ્રીમાન્ વૈજલ્લદેવ (૧,૭), પૂર્ણ પથક તાબાનાં (૧,૮) માખુલ ગામ ૪૨ મધ્યે આલવીડ ગામના (૧,૯) દણ્ડનાયક, દેશઠક્કુર, અધિષ્ઠાનક, કરણ પુરૂષ, શય્યાપાલ, ભટ્ટપુત્ર અને અન્ય સમસ્ત રાજપુરૂષો અને નજીક વસતા વિશાયિકો, પટ્ટકિલા અને બ્રાહ્મણોત્તર પ્રજાજનોને જાહેર કરે છે કેઃ—

તમને જાહેર થાઓ કે (૧,૧૧):— અમારો બ્રાહ્મણપાટકમાં (૧,૧૧) મુકામ છે ત્યારે વિક્રમકાળ પછી સંવત ૧૨૩૧ ના કાર્તિક શુદિ ૧૧ ને સોમવારે ઉપવાસ કરી, ધર્મવૃદ્ધિ તથા અમારાં માતપિતાના અને અમારા યશની વૃદ્ધિ માટે (૧,૧૭) જડ અને ચેતનના પિતા શિવ તથા પુરુષોત્તમની (૧,૧૩) પૂજા કરી (૧,૧૩) અમે ચાહુયાણ વંશના (૧,૧૭) મહામણ્ડલેશ્વર શ્રીમાન્ વૈજલ્લદેવ (૧,૧૮), અપૂર્વ[1] ૫૦ બ્રાહ્મણના ભોજન માટે ખણ્ડોહક (૧,૧૮) ગામના દક્ષિણ વિભાગમાં ઉપર કહેલું આલવીડગામ, દેવ અને બ્રાહ્મણોના ભક્તિના હક્ક વર્જ કરી આ દાનપત્રમાં નક્કી કરી જણાવેલા હક્કો સાથે, ખણ્ડોહકના (૧,૨૧) ધર્માદા સત્રાગારને આ દાનપત્રથી આપીએ છીએ.

"[૨૧ થી ૩૧ પંક્તિમાં દાન દેનાર ભાવિ રાજાઓને આ દાન ચાલુ રાખવા આજ્ઞા કરે છે. અને ચાલુ આશીર્વાદાત્મક અને શાપ આપનારા ૭ શ્લોક ટાંકે છે. તે વચન ૩૧ મી પંક્તિમાં 'ઇતિ' શબ્દથી સમાપ્ત થાય છે]" ૩૧ મી પંક્તિમાં "૧૨૩૧, કાર્તિક, શુકલપક્ષ, ૧૩, બુધવારે" છે તે દાનપત્ર લખાયાનો અથવા અપાયાનો દિવસ જણાવે છે.

'દૂતક પ્રતીહાર શોભનદેવનું' નામ અને તેની પછી 'મહામણ્ડલેશ્વર શ્રીમાન વૈજલ્લદેવના સ્વહસ્ત આ છે' એવા શબ્દો, અને જેનો હોદ્દો અને દાન સાથેનો સંબંધ અસ્પષ્ટ છે એવા વામદેવ નામે રાજપુરૂષનું નામ આપીને લેખ સમાપ્ત થાય છે.

---

૧ અપૂર્વ શબ્દનો યથાર્થ ઉપયોગ કહી શકાતો નથી. પરન્તુ તે એમ દર્શાવવા માટે હોય કે પશ્ચાત નવા બ્રાહ્મણો જેઓને પ્રથમ કોઈ વાર ભોજન ન કરાવ્યું હોય અને જેઓ તે જ વખતે તુરતમાં જ ગામમાં વસવાટ કરી રહ્યા હોય અથવા સત્રાગારમાં વસેલા હોય.

નં० ૧૫૮

રાજા ભીમદેવ ૨ બીજાનું તામ્રપત્ર ઉપર લખેલું દાનપત્ર[1]

વિક્રમ સંવત ૧૨૫૬ ભાદ્રપદ વદિ અમાવાસ્યા મંગળવાર

પાટણના ડૉ. બાલાભાઈ એમ. નાણાવટીની કૃપાથી આ પતરાં મને થોડા સમય માટે મળ્યાં હતાં તેના ઉપરથી આ સાથે આપેલા ફોટો લિથોગ્રાફની નકલો છપાવી હતી. આ પતરાં પાટણ કચેરીમાં જૂના કચરામાંથી કાઢયાં હતાં, પરંતુ ઘણી જ સુરક્ષિત સ્થિતિમાં હતાં.

अक्षरान्तर

पतरूं पहेलुं

१ स्वस्ति राजाबली पूर्व्ववत् समस्तराजावलीविराजित परमभट्टारक महारा-
२ जाधिराज परमेश्वर श्रीमूलराजदेवपादानुध्यात परमभट्टारक महाराजा-
३ धिराज परमेश्वर श्रीचामुंडराजदेवपादानुध्यात परमभट्टारक महाराजा-
४ धिराज परमेश्वर श्रीदुर्लभराजदेवपादानुध्यात परमभट्टारक महाराजा-
५ धिराज परमेश्वर श्रीभीमदेवपादानुध्यात परमभट्टारक महाराजाधिराज
६ परमेश्वर त्रैलोक्यमल्ल श्रीकर्णदेवपादानुध्यात परमभट्टारकमहाराजा-
७ धिराज परमेश्वरावंतीनाथ त्रिभुवनगंड वर्व्वरकजिष्णु सिद्धचक्रवर्त्ति श्रीज-
८ यसिंहदेवपादानुध्यात परमभट्टारक महाराजाधिराज परमेश्वर प्रो[प्रौ]ढ-
९ प्रताप उमापतिवरलब्धप्रसाद स्वभुजविक्रमरणांगणविनिर्जितशाकं-
१० भरीभूपाल श्रीकुमारपालदेवपादानुध्यात परमभट्टारक महाराजाधि-
११ राज परमेश्वर परममाहेश्वर प्रबलबाहुदंडदर्परूपकंदर्पकलिकाल-
१२ निष्कलंकावतारितरामराज्यकरदीकृतसपादलक्षक्ष्मापाल श्रीअजय-
१३ पालदेव पादानुध्यात परमभट्टारक महाराजाधिराज परमेश्वराहव-
१४ पराभूतदुर्ज्जयगर्ज्जनकाधिराज श्रीमूलराजदेवपादानुध्यात परमभट्टा-
१५ रक महाराजाधिराज परमेश्वराभिनवसिद्धराज श्रीमद्भीमदेवः स्वभुज्य-
१६ मानदंडाहीपथकान्तःपातिनः समस्तराजपुरुषान् ब्राह्मणोत्तरांस्तन्नियु-
१७ क्ताधिकारिणो जनपदांश्च बोधयत्यस्तु वः संविदितं यथा ॥ श्रीमद्विक्रमादि-
त्योत्पादित-
१८ संवत्सरशतेषु द्वादशसु षट्पंचाशदुत्तरेषु भाद्रपदमास-
१९ कृष्णपक्षामावास्यायां भो[भौ]मवारेऽत्रांकतोऽपि संवत् १२५६ लौ० भाद्रपद
२० वदि १५ भौमेऽस्यां संवत्सरमासपक्षवारपूर्व्विकायां तिथावद्येह श्रीम-
२१ दणहिलपाटकेऽमावास्यापर्वणि स्नात्वा चराचरगुरुं भगवन्तं भवानी-

---

[1] ઈ. એ. વૉ. ૧૧ પા. ૭૧ એમ. એચ. ધ્રુવ.

पतरूं बीजुं

२२ पतिमभ्यर्च्य संसारासारतां विचिन्त्य नलिनीदलगतजललवतरलतरं प्रा-
२३ णितव्यमाकलय्यैहिकमामुष्मिकं च फलमंगीकृत्य पित्रोरात्मनश्च पुण्य-
२४ यशोभिवृद्धये कडाग्रामे पूर्व्वदिग्भागे महिसाणाग्रामीयश्रीआनलेश्वरदे-
२५ वसक्तभूमीसंलग्नपाश्व[?श्व]उलिग्राममार्गवामपक्षे भूमि वि ९ नवविंशेपेकै[?]र्जा-
२६ तहल ४ चतुर्णां हलानां भूमी स्वसीमापर्य्यन्ता सवृक्षमालाकुला सहिरण्यभा-
२७ गभोगा काष्ठतृणोदकोपेता सर्वादायसमेता रायकवालज्ञातीयब्राह्मण-
२८ ज्योतिसोढलसुतआसधराय शासनेनोदकपूर्व्वमस्माभिः प्रदत्ता ॥ अ-
२९ स्या भूमेराघाटा यथा ॥ पूर्वतो बारडवलयोः क्षेत्रेषु सीमा । दक्षिणतो रा-
३० जमार्गः । पश्चिमतः श्रीआनलेश्वरदेवक्षेत्रेषु सीमा । उत्तरतो वाऊंयवि-
३१ शेपेक त्रा० गांगासक्तडोहलिकाग्रामयोः सीमा । एवममीभिराघाटैरु-
३२ पलक्षिता भूमिमेनामवगम्य एतद्ग्रामनिवासिजनपदैर्यथादीयमानभा-
३३ गभोगकरहिरण्यादिसर्व्वं सर्व्वदाज्ञाश्रवणविधेयैर्भूत्वाऽमुष्मै ब्राह्मणाय
३४ समुपेनतव्यं । सामान्यमेतत्पुण्यफलं मत्वाऽस्मद्वंशजैरन्यैरपि भाविभोक्तृ-
३५ भिरस्मत्प्रदत्तधर्मदायोऽयमनुमंतव्यः पालनीयश्च ॥ उक्तं भगवता व्या-
३६ सेन । षष्टिवर्षसहस्राणि स्वर्ग्गे तिष्ठति भूमिदः । आच्छेत्ता चानुमंता च तान्येव
३७ नरके वसेत् । १ [॥*]यानीह दत्तानि पुरानरैन्द्रैर्दानानि धर्मार्थयशस्कराणि निर्म्मा-
३८ ल्यतानि प्रतिमानि तानि को नाम साधुः पुनराददीत ॥ २ [॥*]बहुभिर्वसुधा भुक्ता रा-
३९ जभिः सगरादिभिः यस्य यस्य यदा भूमिस्तस्य तस्य तदा फलं । ३ [॥*] दत्त्वा भूमिं भाविनः
४० पार्थिवेन्द्रान् भूयो भूयो याचते रामभद्रः । सामान्योऽयं दानधर्मो नृपाणां स्वे स्वे
४१ काले पालनीयो भवाद्भिः । ४ [॥*]लिखितमिदं शासनं मोढान्वयप्रसूतमहाक्षपट-
४२ लिक ठ० वैजलसुत ठ० श्रीकुंयरेण ॥ दूतकोऽत्र महासांधिविग्रहिक ठ० श्री-
४३ भीमाक इ[ति*] ७ ॥ श्रीभीमदेवस्य ।

ભાષાન્તર—સાર રૂપે

૧-પ્રસ્તાવના—(અ) " પ્રૌઢ પ્રતાપ " એમ પંક્તિ ૮-૯ માં ઉમાપતિ-વર-લબ્ધ-પ્રસાદ પહેલાં અહીં છે તે વિક્રમ સંવત ૧૨૬૩ ના નં. ૩ માં તેની પાછળ છે તે અપવાદ સિવાય, વંશાવલી ડૉ. બુહ્લરના અણહિલવાડના ચૌલુક્ય દાનપત્રો નં. ૩ સાથે શબ્દે શબ્દ મળતી આવે છે. અન્તના ભગવાન વ્યાસના શ્લોકો પણ તે જ છે. ફક્ત નં. ૩ નો શ્લોક. ૩. પડતો મૂક્યો છે.

(બ) અણહિલપાટકમાં રાજા ભીમદેવ. ૨. દંડાહિપથકના રાજપુરૂષો અને પ્રજાને વિક્રમ સંવત ૧૨૫૬ (ઈ. સ. ૧૨૦૦) ભાદ્રપદ, અમાસ ને મંગળવારે નીચેનું દાન જાહેર કરે છેઃ—

૨-દાનનું પાત્ર—રાયકવાલ બ્રાહ્મણ જ્ઞાતિના જ્યોતિ સોઢલનો પુત્ર આસધર.

૩-દાનની વસ્તુ-કડાગ્રામમાં પૂર્વ ભાગે, મહીસાણા ગામના આનલેશ્વરદેવની ભૂમિની પડોશની અને ડાબી તરફ ઉલિગ્રામ જતા માર્ગ વાળી ચાર (૪) હલવાહ ભૂમિ જેની સીમાઃ—

પૂર્વે-આરડ અને બલનાં ક્ષેત્રો.
દક્ષિણે- રાજમાર્ગ
પશ્ચિમે-આનલેશ્વરદેવનાં ક્ષેત્રો.
ઉત્તરે-ગાંગાસઠત નેવાંઊય આદિ નજીક ડાહલિકાગામની સીમા.

૪-રાજપુરૂષો—લેખક, વૈજલનો પુત્ર મહાક્ષપટલિક કુંયર

દૂતક, મહાસાંધિવિગ્રહિક ઠકર ભીમાક.

આ રાજાનો આજદિન સુધી સર્વથી પહેલાં પ્રકટ થએલો લેખ તેનું રાજ્ય વિક્રમ સંવત ૧૨૬૩ માં આણે છે, અને છેલ્લામાં છેલ્લો પ્રસિદ્ધ થએલો લેખ તેના રાજ્યનો અંત વિક્રમ સંવત ૧૨૯૮ માં નક્કી કરે છે. આમ હોવાથી, આ લેખ ઘણો જ અગત્યનો છે, કારણ કે તેનાથી આપણે આ રાજાનું રાજ્ય વિ. સં. ૧૨૫૬ (ઈ. સ. ૧૨૦૦) સુધી પાછળ લઈ જઈ શકીએ છીએ.

નં૰ ૧૫૯

ચૌલુક્ય રાજા ભીમદેવ ૨ જાનું

તામ્રપત્ર ઉપરનું દાનપત્ર[1]

સિંહ સંવત ૯૩

પહેલાં પ્રસિદ્ધ નહિ થએલો આ લેખ બો. બ્રે. રો. એ. સો. ની લાયબ્રેરીમાંથી ઇ. સ. ૧૮૭૮ માં મને તપાસવા મળેલાં અસલ પતરાં ઉપરથી હું પ્રસિદ્ધ કરૂં છું. કયાંથી આ પતરાં મળી આવ્યાં હતાં એ વિષે મને ખબર નથી. આ લેખનો લિથોગ્રાફ હવે પછી ઇન્ડિયન ઇન્સ્ક્રિપશન્સ, નં. ૧૭ માં પ્રસિદ્ધ થશે.

પતરાં બે છે. તે દરેકનું માપ ૯½”×૬½” નું છે, અને તે બન્ને એક જ બાજુએ કોતરેલાં છે. લખાણના રક્ષણ માટે કાંઠા સહેજ વાળેલા છે, અને જોકે પતરાંની સપાટી કાટને લીધે બહુ ખરાબ થઈ ગઈ છે તોપણ આખો લેખ કોઈ પણ સ્થળે શંકા થયા સિવાય વાંચી શકાય તેવો છે. પહેલા પતરાની નીચેના અને બીજાના ઉપરના ભાગમાં બે કડીઓ માટે કાણાં છે. કડીઓ સાદી ત્રાંબાની છે. અને તે દરેક ⅓” જાડી તથા ૨¾” વ્યાસની છે. મને પતરાં મળ્યાં ત્યારે તે બન્ને કાપેલાં હતાં. એક પણ ઉપર મુદ્રા હોવાનું અથવા કાઢી લીધેલી હોવાનું નિશાન નથી. અને આ દાનપત્રની જો મુદ્રા હોય તો તે ઉપલબ્ધ નથી. લેખમાં જણાવેલા સમય અને સ્થળને યોગ્ય ઢબની નાગરી લિપિ છે; કોતરકામ બહાર પડતું અને સારૂં છે. ભાષા સંસ્કૃત છે. અને એક આશીર્વાદ તથા શાપના પં. ૧૩-૧૪ માં આપેલા શ્લોકો સિવાય આખો લેખ ગદ્યમાં છે.

આ લેખ અણહિલવાડના ચૌલુક્ય રાજા ભીમદેવ ૨ જાના લેખો પૈકીનો એક છે. તે સાંપ્રદાયિક નથી; તેનો હેતુ અમુક ભૂમિનું દાન એક બ્રાહ્મણને આપ્યુ હતું તેની નોંધ લેવાનો છે.

લેખમાં નીચેનાં સ્થળોની નોંધ છે : **અણહિલપાટક** શહેર, જ્યાં આ દાન જાહેર કરતી વેળા ભીમદેવ ૨ જો હતો; **સહસચાણા**–આ ગામમાં દાનમાં આપેલી જમીન હતી; **વેકરિયા** દાનની જમીનની સીમામાં બતાવેલું ગામ; અને **પ્રસન્નપુર** દાન લેનારનું કુટુંબ જયાંથી આવ્યું હતું તે શહેર. પ્રસ્તાવનામાં કહ્યું છે તે પ્રમાણે, **સહસચાણા** અને **વેકરિયા** માટે કચ્છ મણ્ડલ અથવા કચ્છપ્રાંત જે કંઈક અંશે હાલના કચ્છ સ્ટેટને મળતા હોવા જોઈએ, તેમાં જોવું જોઈએ. અને જે પ્રાંતનો લેખમા જણાવ્યા મુજબ ભીમદેવ પોતે જ પોતાની ખાનગી મિલ્કત હોય તેવી રીતે રાજ્યની સામાન્ય ઉપજમાંથી તેની ઉપજ જૂદી રાખી ઉપભોગ કરતો હતો.

લેખની તારીખ વિષે, ૧ લી પંક્તિમાં દશાંશ સંખ્યામાં આપેલું વર્ષ ૯૩, (સંવત આપ્યો નથી) માસ ચૈત્ર, શુકલ પક્ષ, ૧૧ મી તિથિ અને રવિવાર—એ પ્રમાણે આપ્યું છે. અને ૫ મી પંક્તિમાંથી જણાય છે કે, આ દાન, સંક્રાન્તિના પર્વને દિવસે, એટલે કે મેષ સંક્રાન્તિ અથવા જે દિવસે, સૂર્ય મેશ રાશિમાં દાખલ થાય છે, તે દિવસે અપાયું હતું, સંવત સિંહનો છે. જે અણહિલવાડના અર્જુનદેવના વલભી સંવત ૯૪૫ ના વેરાવળના લેખમાં તથા ભીમદેવ ૨ જાના વિક્રમ સંવત ૧૨૬૬ અને સિંહ સંવત ૯૬ ના લેખમાં પણ આપ્યો છે. આ સંવતનો ચોક્કસ સમય,

---

[1] ઈ. એ. વો. ૧૮ પા. ૧૦૮—૧૦૯ જે. એફ. ફ્લીટ.

તેની વર્ષ ગણવાની રીત, તથા તેની ઐતિહાસિક શરૂવાત વિગેરે બાબતો હજી બરાબર વિચારાયેલી નથી. આ બાબતો માટે બીજે કોઈ સમયે વિચાર થશે. ત્યાં સુધી એટલું જ કહેવું બસ થશે કે, સિંહ સંવત ૯૩ ના ચૈત્ર માસને વિક્રમ–સંવત્ ૧૨૬૨ અથવા ૧૨૬૩ સાથે જોડવો જોઈએ અને આપેલી તારીખની અંગ્રેજી તારીખ ઇ. સ. ૧૨૦૪, ૧૨૦૫, ૧૨૦૬ અથવા ૧૨૦૭ માં વિક્રમ સંવત, ઉત્તરનું અથવા દક્ષિણનું, ચાલુ અથવા ગત જે પ્રમાણે લઈએ તે ઉપર આધાર રાખી, આવે છે.

આ દિવસ, રવિવાર, ૨૫ મી માર્ચ, ઈ. સ. ૧૨૦૭ નો જ ધારેલો છે એમાં શંકા નથી. પરંતુ આ દિવસે આશરે ૫૫ ઘડી, અને ૫૮ પળે પૂરી થતી તિથિ, આ સ્થાન અને સમયને યોગ્ય अमान्त ગણત્રી પ્રમાણે ચૈત્ર કૃષ્ણ પક્ષ ૧૧ મી તિથિ હતી. અને પરિણામોનો વિરોધ દૂર કરવા માટે, નોંધ તૈયાર કરવામાં જ સાચી ભૂલ હતી એવું આપણે માની લેવું જોઈએ, અને જોકે 'શુ' 'શુકલ પક્ષ' એ ચોકખો પાઠ છે તોપણ, તેને 'ब' "કૃષ્ણપક્ષ" માં ફેરવી નાંખવો જોઈએ.

अक्षरान्तर[1]

पतरूं पहेलुं

१ ॐ[2] राजावली पूर्व्ववत् ॥ संवत् ९३ चैत्र शुदि ११ रवौ अद्येह श्रीमद्-
२ णहिलपाटके समस्तराजावलीविराजितमहाराजाधिराजश्री-
३ भीमदेवः श्व(स्व) भुज्यमानकच्छमण्डलांतःपाति समस्तराजपुरुषा-
४ न् ब्रा(ब्रा)ह्मणोत्तरान् तं(न्)निवाशि(सि)जनपदा(ं*)श्च बो(बो)धयत्यस्तु वः संविदित
५ यथा ॥ अद्य संक्रांतिपर्व्वणि चराचरगुरुं भगवन्तं भवानीपतिमभ्य-
६ र्च्य संसारस्यासारतां विचिंत्य प्रसंन्नपुरस्थान[3] विनिर्गतायाँ[4] वच्छ(त्स) स-
७ गोत्राय दामोदरसुतगोविंदाय सहमचाणाग्रामे[5] वापीपुटके भूमिहलवाह[।*] १
८ एका शुल्केन महा(ह)शासने प्रदत्ता[॥*]अस्याश्च पूर्व्वतो ब्रा(ब्रा)ह्मणदामो-
९ दरसत्कवापी दक्षिणतो वेंकरिया क्षेत्र(ं*)पश्चिमे महं[6] केशे-
१० वसत्कवापी उत्तरतो मार्गः इति चतुराघाटोपलक्षितां[7] ॥ भू-
११ मि* मेनामवगम्य अस्मदु[द्]वंशजैरन्यैरपि भाविभोक्तृभिः अ-
१२ स्मत्प्रदत्तां[8] व(ध)र्मदायो (य*)मनुमंतव्यः पालनीयश्च ॥ उक्तं च भगव-
१३ ता व्यासेन [।*] षष्टिंवर्ष्वं[9] सहश्रा[स्रा]णि श्व[स्व]र्गे तिष्ट[ष्ठ]तिभूमिदः आच्छेत्ता
१४ चानुमंता च तांन्येवं[10] नच[र]कं वसेत् ॥ लिखितमिदं
१५ कांचनसुत वटेश्वरेण ॥ दूतकोत्र न[म]हासांधिविग्रहिक श्री-
१६ चंडशर्म्मः [र्म्मा] ॥ श्रीभीमदेवेस्य[11] ॥

१ અસલ પતરાં ઉપરથી २ ચિહ્નરૂપે દર્શાવેલ છે. ३ વાંચો प्रसन्न ४ વાંચો विनिर्गताय ५ આ શબ્દ 'सहसचाणाग्रामे' આ જગ્યાએ ભૂલાઈ ગયો હતો અને તેથી તે પં. ९ મીની નીચે કોતરેલો છે. પરંતુ આંહિ તથા તે બીજી જગ્યાએ તેનું યોગ્ય સ્થાન બતાવવા માટે ચિહ્નો કરેલાં છે. ६ એટલે– महत्तर અથવા महत्तम અનુસ્વારને બદલે मह० એટલો જ શબ્દ લખ્યો હોત તો વધારે વ્યાજબી હતું. ७ વાંચો आघाटा उपलक्षिताः ८ વાંચો प्रदत्तो ९ છંદ શ્લોક (અનુષ્ટુભ્) १० षष्टिवर्ष ११ વાંચો तान्य १२ स्वहस्तोयं એ શબ્દો અધ્યાહાર છે.

ભાષાન્તર—સાર રૂપે.

"પૂર્વ પ્રમાણે રાજાવલી" એમ પૂર્ણ વંશાવલી ભીમદેવ ૨ જાના વિક્રમ સંવત ૧૨૬૬ ના દાનપત્રમાં આપી છે તેનો ઉલ્લેખ કરીને લેખ આગળ જણાવે છે કેઃ—

—૯૩ મા વર્ષના (પંક્તિ ૧) ચૈત્ર, શુકલપક્ષ ૧૧ ને રવિવારે આજે અહીં પ્રસિદ્ધ અણ-હિલ્લ પાટક શહેરમાં મહારાજાધિરાજ, શ્રીમાન્ ભીમદેવ બીજો (૧,૩) કચ્છ મણ્ડલ, જેનો તે ઉપભોગ કરે છે ત્યાંના સમસ્ત રાજપુરૂષો અને બ્રાહ્મણોત્તર સમસ્ત પ્રજાને જાહેર કરે છે કેઃ—

"તમને જાહેર થાઓ કે આજે સંક્રાન્તિના ઉત્સવમાં (૧,૫) ભગવાન્ ભવાનીપતિ શિવની, જડ અને ચેતનના એ પિતાની પૂજા કરીને સહુસથાણા (૧,૭) ગામમાં વાપીપુટકમાં પોલાણુ-વાળી ભૂમિમાંથી એક હલવાહા ભૂમિ આ દાનપત્રથી પ્રસન્નપુર સ્થાનથી આવેલા વત્સગોત્ર-ના દામોદરના પુત્ર ગોવિંદને આપી છે.

"આ ભૂમિની સીમા (૧,૮):— પૂર્વમાં બ્રાહ્મણ દામોદરના ઠખજાનો વાપી પુટક; દક્ષિણે વેકરિયા ગામનાં ખેતરો; પશ્ચિમે મહત્તર કે મહત્તમ કેશવની માલિકીનો વાપી અને ઉત્તરે એક માર્ગ છે.

"[૧૧ થી ૧૪ પંક્તિમાં દેનાર ભાવિરાજાઓને દાન ચાલુ રાખવા આજ્ઞા કરે છે. અને ભગ-વાન્ વ્યાસની કૃતિના ચાલુ આશીર્વાદાત્મક અને શાપ આપનારા શ્લોકમાંથી એક શ્લોક ટાંકે છે; જેની સમાપ્તિ ૧૪ પંક્તિમાં 'ઈતિ' શબ્દથી થાય છે.]"

૧૪થી૧૬ પંક્તિઓ આપે છે કે દાનપત્ર કાંચનના પુત્ર કાયસ્થ વટેશ્વરથી લખાયું હતું. અને દૂતક મહાસાંધિવિગ્રહિક ચણ્ડશર્મા હતો.

લેખ "શ્રીમાન ભીમ દેવના" એવા તે રાજાના સ્વહસ્તને લગતા શબ્દોથી સમાપ્ત થાય છે.

ન૦ ૧૬૦

ભીમદેવનું દાનપત્ર[1]

અણહિલવાડ ચૌલુકયોનાં અગીયાર દાનપત્રો પૈકી નં. ૩

વિક્રમ સંવત ૧૨૬૩ શ્રાવણ સુદિ ૨ રવિવાર

अक्षरान्तर

पतरुं पहेलुं

१ स्वस्ति राजावलीपूर्व्ववस्समस्तराजावलीं[विरा]जितपरमभट्टारकमहाराजाधिराज-
परमेश्वरश्री-

२ मूलराजदेवपादानुध्यातपरमभट्टारकमहाराजाधिराजपरमेश्वरश्रीचामुंडराजदेवपादानु-
ध्यातपर-

३ मभट्टारकमहाराजाधिराजपरमेश्वरश्रीदुर्लभराजदेवपादानुध्यातपरमभट्टारकमहाराजा-
धिराज-

४ परमेश्वरश्रीभीमदेवपादानुध्यातपरमभट्टारकमहाराजाधिराजपरमेश्वरत्रैलोक्यमल्लश्री-
कर्ण्ण-

५ देवपादानुध्यातपरमभट्टारकमहाराजाधिराजपरमेश्वरावन्तीनाथत्रिभुवनगंडवर्ब्बरक-
जिष्णुसिद्धच-

६ क्रवर्त्तिश्रीजयसिंहदेवपादानुध्यातपरमभट्टारकमहाराजाधिराजपरमेश्वरउमापतिवरलब्धप्र

७ सादप्रौढप्रतापस्वभुजविक्रमरणांगणविनिर्जितशाकंभरीभूपालश्रीकुमारपालदेवपादा-

८ नुध्यातपरमभट्टारकमहाराजाधिराजपरमेश्वरपरममाहेश्वरप्रबलबाहुदंडदर्प्परुपकंदर्प्प

९ कलिकालनिष्कलंकावतारितरामराज्यकरदीकृतसपादलक्षक्ष्मापालश्रीअजयपालदेव-

१० पादानुध्यातपरमभट्टारकमहाराजाधिराजपरमेश्वराहवपराभूतदुर्ज्जयगर्ज्जनकाधिरा-

११ जश्रीमूलराजदेवपादानुध्यातपरमभट्टारकमहाराजाधिराजपरमेश्वराभिनवसिद्धराज-

१२ श्रीमद्भीमदेवः स्वभुज्यमानगंभूतापथकान्तः पतिनः समस्तराजपुरुषान् ब्राह्मणोत्त-
रास्तथि-

---

૧ ઇ. એ. વો. ૬ પા. ૧૯૪ જી. બ્યુલ્હર.

પતરાંનું માપ ૧૧"×૧૨½" લિપિ જૈન—દેવનાગરી, સ્થિતિ સુરક્ષિત. મારા કબજામાં આવ્યા પહેલાં પતરાં કાટ દૂર કરવા માટે તપાવવામાં આવ્યાં હતાં આ પતરાં તથા તેનાં પછીનાં દાનપત્રોનું અક્ષરાન્તર મારી તથા વામનાચાર્ય ઝાલિકકરની દેખરેખ તળે નારાયણ શાસ્ત્રીએ તૈયાર કર્યું છે. આ દાનપત્રમાં અને બીજાં દાનપત્રોમાં આવતી સંધિની ભૂલો પ્રમાણમાં અસંખ્ય હોવાથી નોટમાં સુધારેલો નથી. પં. ૮ વાંચો रूपकं પં. ૧૨ કદાચ नार्गं भूत्वा અથવા भूवा; અક્ષરો અર્ધા નાશ પામ્યા છે.

१३ युक्ताधिकारिणो जनपदांश्च बोधयत्यस्तु वः संविदितं यथा श्रीमद्विक्रमादित्यो-
त्पादितसंव-

१४ त्सरशतेषु द्वादशसु तृषष्टि उत्तरेषु लौ० श्रावणमासशुक्लपक्षाद्वितीयायां रविवारे
ऽत्रांकतो-

१५ पि संवत् [१२] ६३ श्रावणशुदि २ रवावस्यां संवत्सरमासपक्षवारपूर्व्विकायां
तिथावद्येह श्रीमद् *

१६ [णहिलपाट] केऽद्यैव व्यतीपातपार्व्वणि स्नात्वा चराचरगुरुं भगवंतं भवानीप-
तिमभ्यर्च्यसंसा-

१७ रासारतां विचिंत्य नलिनीदलगतजललवतरलतरं प्राणितव्यमाकलय्यैहिकमामुष्मिकं

१८ च फलमंगीकृत्य पित्रोरात्मनश्च पुण्ययशोऽभिवृद्धये इंदिलाग्रामः स्वसीमापर्यन्तः स-

१९ वृक्षमालाकुलः सहिरण्यभागभोगः सदंडदशापराधः काष्टतृणोदकोपेतः सर्व्वादा-

पतरूं बीजुं

१ यसमेतः पूर्व्वप्रदत्तदेवदायब्रह्मदायवर्ज्जं चाहु० राण० समरसीहसुताराज्ञीश्रीलीला-

२ देव्या करीराग्राममालकंतरिग्रामयोरंतराले निष्पादितलीलापुरे कारितश्रीभीमेश्वर-

३ देवश्रीलीलेश्वरदेवप्रपासत्रागारेभ्यः शासनेनोदक पूर्व्वमस्माभिः प्रदत्तः ॥
ग्रामस्या-

४ स्याघाटा यथा ॥ पूर्व्वस्यां दिशि देउलवाडा ग्रामसीमा । दक्षिणस्यां दिशि
काल्हरीग्रामसीमा । प-

५ श्चिमायां दिशि शेषदेवतिग्रामसीमा । उत्तरस्यां दिशि घारीयावलिग्रामसीमा ॥
एवममी-

६ भिराघाटैरुपलक्षितं ग्राममेनमवगम्य तान्निवासिजनपदैर्यथादीयमानभागभो-

७ गकरहिरण्यादि सर्व्वं सर्वदाज्ञाश्रवणविधेयैर्भूत्वा एभ्यः श्रीभीमेश्वरदेवश्रीलीले-

८ श्वरदेवप्रपासत्रागारेभ्यः समुपनेतव्यं । सामान्यं चैतत्पुण्यफलं मत्वाऽस्मद्वंशजैर-

९ न्यैरपि भाविभोक्तृभिरस्मत्प्रदत्तधर्म्मदायोऽयमनुमंतव्यः पालनीयश्च ॥ उक्तं
च भग-

१० वता व्यासेन ॥ षष्ठिं वर्षसहस्राणि स्वर्गे तिष्ठति भूमिदः ॥ आच्छेत्ता चानुमंता
च तान्येव न-

पं. १४ वांचो त्रिषष्टि पं. १५ तिथिना प्रथम ॥ अक्षरो '१२' नाश पाम्या छे. पं. १६ वांचो पर्वणि पं. १७ वांचो कामुष्मिकं. पं. १८ वांचो काष्ठ पं. १० वांचो सहस्राणि.

११ रके वसेत् १ यानीह दत्तानि पुरा नेरंद्रैर्दानानि धर्म्मार्थयशस्कराणि । निर्माल्यवा-

१२ निप्रतिमानि तानि को नाम साधुः पुनराददीत । २ [स्वदत्तां प]रदत्तां वा
यो हरेत वसुधरां ।

१३ स विष्टायां कृमिर्भूत्वा [पितृभिः सह मज्जति] । ३ बहुभिर्वसुधा भुक्ता
राजभिः सगरादि-

१४ भिः । यस्य यस्य यदा भूमी तस्य तस्य तदा फलं ॥ ४ दत्वा भूमिं भाविनः
पार्थिवेंद्रान् भूयो-

१५ भूयो याचते रामभद्रः । सामान्योऽयं दानधर्म्मो नृपाणां स्वे स्वे काले पालनीयो
भवद्भिः ।

१६ लिखितमिदं शासनं कायस्छान्वयप्रसूतमहाक्षपटलिक ठ० श्रीकुमरसुत ठ०
वोसरिणा

१७ दूतकोऽत्र महासांधिविग्रहिक ठ० श्रीसू .... इति श्रीभीमदेवस्य ॥

पं. ११ वांचो निर्माल्यवा. प. १२ वांचो तप्रातमानि; वसुंधरां. पं. १७ आ अने भीमना अन्य लेखो
नी अन्ते इति शब्द अक्षरोनुं प्राचीन रूप बतावे छे.

નં૦ ૩—નો સારાંશ.

૧. પ્રસ્તાવના—(અ) વંશાવલી.‡

૧. મૂલરાજ ૧ (પહેલો).

૨. ચામુણ્ડરાજ

૩. દુર્લભરાજ

૪. ભીમદેવ. ૧

૫. કર્ણદેવ, ત્રૈલોકયમલ્લ.

૬. જયસિંહદેવ–અવન્તિપતિ, ત્રિભુવનગણ્ડ અને વર્વરકપર વિજય મેળવનાર અને સિદ્ધ ચક્રવર્તિ. (સિદ્ધોનો ચક્રવર્તિ)

૭. કુમારપાલદેવ–શાકંભરીના રાજાને યુદ્ધમાં જિતનાર.

૮. અજયપાલદેવ–શિવનો પરમ ભક્ત અને સપાદલક્ષના રાજાને નમાવનાર.

૯. મૂલરાજ. ૨ (બીજો) ગર્જ્જનકના રાજાનો યુદ્ધમાં પરાજય કરનાર

૧૦. ભીમદેવ–અભિનવ (બીજો) સિદ્ધરાજ

(બ) અણહિલપાટકમાં રાજ્ય કરતો ભીમદેવ, અગંભૂતા અથવા ગંભૂતાના રાજપુરૂષો અને નિવાસીઓને વિક્રમ સંવત ૧૨૬૩, શ્રાવણ સુદી ૨ ને રવિવારે નીચેનું દાન જાહેર કરે છે.

૨ દાન ઈંદિલા ગામ. તેની સીમા—

(અ) પૂર્વમાં દેઉલવાડા ગામ.

(બ) દક્ષિણે કાલ્હરી ગામ.§

(ક) પશ્ચિમે શેષદેવતિ ગામ.

(ડ) ઉત્તરે ધારીયાવલિ ગામ.

૩ દાનનાં પાત્ર—રાણા સમરસિંહ ચહુમાનની પુત્રી રાણી લીલાદેવીએ કરીરા અને માલકવરી ગામો વચ્ચે લીલાપુરમાં બંધાવેલાં ભીમેશ્વર અને લીલેશ્વરનાં મંદિરો અને તે જ સ્થળનાં પ્રપા અને સત્રાગાર.

૪ રાજપુરૂષો—દાનનો લેખક કાયસ્થ, ઠાકુર કુમારનો પુત્ર (એટલે ચીફ રજીસ્ટ્રાર) મહાક્ષપટલિકા ઠાકુર વોસરિ‖ (૨) દૂતક મહાસાંધિવિગ્રહિક ઠાકુર સૂધ(?)

‡ અહિં દર્શાવેલા બધા રાજાઓ આ દાનપત્રમાં અને પછીનાંમાં મહારાજાધિરાજ પરમેશ્વર અને પરમભટ્ટારકના ઈલકાબો ધારણ કરે છે, જેથી તેઓ ઉચ્ચ ગુણવાન્ અને શિવના ઉપાસકો હતા, એમ જણાઈ આવે છે. † વિરમગામથી પાટણના રસ્તામાં આવેલું કાલરી ગામ કદાચ હોય. ‖ ‘ કેસરીન ’ને બદલે ભૂલ હશે.

નં૦ ૧૬૧

ભીમદેવ ૨ જાના રાજ્યસમયનો આબુનો લેખ[1]

વિ. સં. ૧૨૬૫ વૈશાખ સુ. ૧૫ મંગળવાર

પ્રોફેસર એચ. એચ. વિલ્સને નીચે આપેલા લેખનું એક અધુરૂં ભાષાંતર એ. રી. વો. ૧૬ પા. ૨૯૯–૩૦૧ માં આપ્યું છે. હવે પ્રસિદ્ધ થયેલો પ્રતિલેખ, પ્રો. જી. બુલ્હરની મદદથી ડૉ. બર્જેસે લીધેલી પ્રતિકૃતિ પ્રમાણે તૈયાર કર્યો છે.

લેખ સંભાળપૂર્વક રાખેલો છે. પહેલી અને બીજી પંક્તિને અંતે થોડો ઘસારો લાગેલો છે, અને લેખના છેલ્લા અક્ષરો નાશ પામ્યા છે. લિપિ ૧૨ અને ૧૩ મી સદીની સાધારણ જૈન–દેવનાગરી છે.

આ લેખ ઉજ્જૈનના શિવમઠના મહંત કેદારરાશિએ કોતરાવ્યો હતો. તે ચપલ અથવા ચપલીય જાતિનો હતો. લેખનો હેતુ, તેણે અચલગઢમાં કનખલના તીર્થમાં કરેલાં બાંધકામોનું સ્મારક રાખવાનો છે. પવિત્ર આબુ પર્વતના ઇશ્વર શિવની સ્તુતિથી તે શરૂ થાય છે, અને ઉજ્જૈનનાં વખાણ પછી, જેમ રાજાઓ પોતાનાં દાનોમાં વંશાવલિ આપે છે તેમ, કેદારરાશિના આધ્યાત્મિક પૂર્વજોનાં નામો આપ્યાં છે. પહેલો સાધુ તાપસ છે. તે નૂતન–મઠમાંથી આવ્યો હતો અને ચણ્ડિકાશ્રમનો મહંત હતો. તેના પછી વાકલરાશિ, જ્યેષ્ઠજરાશિ, યોગેશ્વરરાશિ, મૌનિરાશિ અને યાગેશ્વરી–એક સાધ્વી, દુર્વાસરાશિ, અને છેવટે કેદારરાશિ આવે છે.

કનખલના દેવો માટે કેદારરાશિએ ઘણાં બાંધકામ કરાવ્યાં હશે એમ લેખ ઉપરથી જણાય છે. પહેલું, તેણે કનખલમાં કોટેશ્વરના મંદિરનો પુનરૂદ્ધાર કરાવ્યો, બીજું, તીર્થની અંદરનો બધો ભાગ પત્થરની મોટી લાદીઓથી જડાવ્યો, અને આસપાસ ઉંચી ભીંત ચણાવી હતી; ત્રીજું, અતુલનાથનાં મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો હતો; ચોથું, શૂલપાણિનાં બે નવાં મંદિરો બંધાવ્યાં, અને કનખલ શંભુના મણ્ડલમાં કાળા પત્થરના સ્થંભોની હાર ઉભી કરીને તે મંદિરની શોભા વધારી હતી. તેની બેન મોક્ષેશ્વરીએ પણ એક શિવમંદિર બંધાવ્યું હતું.

આ બાબતો પ્રાચીન વસ્તુઓના અભ્યાસીને રસપડે એવી છે, પરંતુ ઐતિહાસિક દૃષ્ટિએ આ લેખનું મહત્ત્વ તેની તાજાકલમમાં છે. તેમાં કહ્યું છે કે, અણહિલવાડનો ભીમદેવ ૨ જો આબુનો મહારાજાધિરાજ હતો, અને ચંદ્રાવતીના મણ્ડલિક ધારાવર્ષ તેનું સર્વોપરિપણું સ્વીકાર્યું હતું, સંવત્ એટલે વિક્રમ સંવત્ ૧૨૬૫, અથવા ઈ. સ. ૧૨૦૮–૯.

---

૧ ઈ. એ. વો. ૧૧ પા. ૨૨૦ ડબ્લ્યુ કાર્ટેલીરી વિએના.

अक्षरान्तर

१ ओं स्वास्ति ॥ यः पुंसां द्वैतभावं विघटयितुमिव ज्ञानहीनेक्षणाना—मर्द्धं स्वीयं विहायार्द्धमपि मुररिपोरेकभावात्मरूपः । — — —

२ रोदजन्मा प्रळयजलधरश्यामलः कंठनाले भाले यस्यार्द्धलेखा स्फुरति शशभृतः पातु वः स त्रिनेत्रः ॥ १[1] अवंती भूलोकं निज[भु]-

३ जभृतां सौर्यपैटलैः पुनंती विप्राणां श्रुतिविहितमार्गानुगमिनां । सदाचारैस्तारैः स्मरसरसयूनां परिमलैरवंती हर्षंती जय-

४ ति धनिनां क्षेत्रधरणी ॥ २[4] एतस्यां पुरि नूतनाभिधमठात् संपन्नविद्यातपा धी-रात्मा चपलीयगोत्रविभवो निर्वाणमार्गानुगः । एका-

५ ग्रेण तु चेतसा प्रतिदिनं चंडीशपूजारतः संजातः स च चंडिकाश्रमगुरुस्तेजोमय-स्तापसः ॥ ३ शिष्यो मुनेरस्य महातपस्वी

६ विवेकविद्याविनयाकरो यः । गुरूरुभक्तिव्यसनानिरिक्तो वभौ मुनिर्वाकलराासिनाम ॥ ४[5] जज्ञे ततो ज्येष्टजराशिरस्मा-

७ देकांतरी शांतमनास्तपस्वी । त्रिलोचनाराधनतत्परात्मा वभूव यागेश्वरराशिनाम ॥ ५ तस्मादाविरभूदहस्कर इव प्रव्य-

८ क्तलोकद्वयः कोषध्वांतविनाशनैकनिपुणः श्रीमौनिराशिर्मुनिः । शान्तिक्षान्तिद-यादिभिः परिकरैः शूलेश्वरीसन्निभा

९ शिष्या तस्य तपस्विनी विजयिनी योगेश्वरी प्राभवत् ॥ ६[8] दुर्वासराशिरेतस्याः शिष्यो दुर्वाससा समः । मुनीनां स वभूवो-

१० ग्रस्तपसा महसापि च ॥ ७ ॥[9] व्रतनियमकलाभिर्यामिनीनाथमूर्त्तिर्निजचरितवि-तानैर्दिक्षु विख्यातकीर्त्तिः । अमलचप-

११ लगोत्रप्रोन्नतानां मुनीनामजनि तिलकरूपस्तस्य केदारराशिः ॥ ८[10] जीर्ण्णोद्धारं विशालं त्रिदिवपतिगुरोरत्र को-

१२ टेश्वरस्य व्यूढं चोत्तानपट्टं सकलकनखले श्रद्धया० यश्चकार । अत्युच्चैर्भित्तिभागै-र्दिवि दिवसपतिस्यंदनं वा वि-

---

१ છંદ સ્રગ્ધરા २ પં. ३ વાંચો शौर्यपटलैः ३ વાંચો मार्गानुगामिनां ४ છંદ શિખરિણી ५ છંદ શાર્દૂલવિક્રીડિત ६ છંદ ઉપજાતિ પં. ६ વાંચો भक्तिर्व्यस; बभौ; राशिनामा. પં. ७ વાંચો बभूव; राशि-नामा. પં. ८ વાંચો क्रोध. પં. ९ વાંચો बभूवो. ७ છંદ ઉપજાતિ ८ છંદ શાર્દૂલવિક્રીડિત ९ છંદ અનુષ્ટુભ १० છંદ માલિની.

१३ गृंह्नन् येनेहाकारि कोटः कालिविहगचलचित्तवित्रासपासैः ॥ ९ [1]अभिनवनिजकी-
र्त्तेर्मूर्त्तिरुच्चैरिवादः स-

१४ दनमतुलनाथस्योद्धृतं येन जीर्ण्णं । इह कनखलनाथस्याग्रतो येन चक्रे नवनिवि-
डविशाले सद्मनी

१५ शूलपाणेः ॥ १०[2] यदीया भगिनी शांता ब्रह्मचर्यपरायणा शिवस्यायतनं रम्यं
चक्रे मोक्षेश्वरी भुवि ॥ ११ ॥[3] प्रथम-

१६ विहितकीर्त्तिप्रौढयज्ञक्रियासु प्रतिकृतिमिव नव्यां मंडपे यूपरुपां । इह कनखलशंभोः
सद्मनि स्तंभ-

१७ मालाममलकषणपाषाणस्य स व्याततान ॥ १२[4] यावदर्वुदनागोयं हेलया नंदि-
वर्द्धनं[5] वहति पृष्ठतो लो-

१८ के तावन्नंदतु कीर्त्तनं ॥ १३[6] यावत् क्षीरं वहति सुरभी शस्यजातं धरित्री या-
वत् क्षोणी कपटकमठो यावदा-

१९ दित्यचंद्रौ । यावद्वाणी प्रथमसुकवेर्व्यासभाषा च यावत् श्रीमल्लक्ष्मीधरविरचिता
तावदस्तु प्रशस्ति ॥ १४[7]

२० संवत् १२६९ वर्षे वैशाख शु १३ भौमे चौलुक्योद्धरणपरमभट्टारकमहाराजा-
धिराजश्रीमद्भीमदेवप्रवर्द्ध-

२१ मानविजयराज्ये श्रीकरणे महामुद्रामत्यमहं० ठाभूप्रभृति समस्तपंचकुले परिपंथय-
ति । चंद्रावतीनाथमांड-

२२ लिकासुरशंभुश्रीधारावर्षदेवे एकातपत्रवाहकत्वेन भुवं पालयति । षट्दर्शनअवलं-
बनस्तंभसकलकलाकोविद-

२३ कुमारगुरुश्रीप्रल्हादनदेवे[9] यौवराज्ये सति इत्येवं काले केदारराशिना निष्पादित
मिदं कीर्त्तिनं । सूत्र पाल्हण ह

२४ केन [उत्कीर्ण्णं]

---

१ पं. १४ वांचो गृह्णन्; पाशः; मूर्त्ति. पं. १५ वांचो ब्रह्म, २ छंद स्रग्धरा. ३ छंद मालिनी
४ छंद अनुष्टुभ् ५ छंद मालिनी ६ पं. १७ वांचो दर्बुद. पं. १९ वांचो प्रशास्तिः ७ छंद अनुष्टुभ्
८ छंद मंदाक्रान्ता ९ पं. २२ वांचो दर्शनावलंबन अ नी ઉપર બે લીટા છે જે બતાવે છે કે અ ને ભૂસી નાખો
पं. २३ वांचो प्रह्लादन.

ભાષાન્તર

ૐ ! સ્વસ્તિ !

(૧) જ્ઞાનહીન જનોનો દ્વૈતભાવ નાશ કરવા, જેણે પોતાનું અર્ધું અંગ ત્યાગ કર્યું છે અને બીજું અર્ધું વિષ્ણુના રૂપ જેવું જ કર્યું છે, જે ... ... નો જન્મ, જેનો કંઠ પ્રલય કાળના શ્યામ વાદળ સરખો છે અને જેના ભાલપર ચંદ્રની અર્ધલેખા સ્ફુરે છે તે–ત્રણ લોચનવાળા દેવ (શિવ) તમારૂં રક્ષણ કરો.

(૨) અવન્તી નગરીનો જય હો !–જે નગરી ધનિકોનું સ્થાન છે, જે તેના રાજાઓના શૌર્યથી જગતનું રક્ષણ કરે છે અને શ્રુતિવિહિત માર્ગનું અનુગમન કરતા દ્વિજોનાં પવિત્ર અને ઉજ્જવળ જીવિતથી જે જગતને શુદ્ધ કરે છે અને જે સ્મરના આવેશથી શોભતા યુવાનોની ક્રીડાના પરિમલથી જગતને આલ્હાદ આપે છે.

(૩) આ શહેરમાં નૂતન મઠમાંથી તાપસ પ્રકટ્યો જે વિદ્યા અને તપ સંપન્ન, ધીરાત્મા ચપલીય ગોત્રનું ભૂષણ, નિર્વાણ માર્ગને અનુસરતો, અને જે પ્રતિદિન ચંડીશ(શિવ)ની પૂજા ખરા મનથી કરતો તે ચંડિકાશ્રમનો શ્રી ગુરૂપતિ થયો.

(૪) આ મુનિના શિષ્ય મહાતપસ્વી, વિદ્યા, વિવેક, અને વિનયના ભંડારરૂપ, અને ગુરૂઓની ભક્તિ કરનાર, વ્યસન રહિત વાકલરાશિ નામે ઋષિ હતા.

(૫) તેના પછી જ્યેષ્ટજ રાશિ આવ્યો. અને તેના પછી ત્રિલોચન (શિવ)ની પૂજામાં એકચિત્ત અને શાંત મનનો તપસ્વી યોગેશ્વરરાશિ નામે હતો.

તેના પછી બન્ને લોકને પ્રકાશતા સૂર્ય સમાન, ક્રોધનું તિમિર હણવામાં અતુલ શ્રીમૌનિરાશિ, પ્રકટ્યો. આ સાધુની શિષ્યા તપસ્વીની અને વિજયશાલી યોગેશ્વરી ઉત્પન્ન થઈ, જે સાધ્વી, શાન્તિ, ક્ષાન્તિ અને દયા વગેરે ગુણોથી શૂલેશ્વરી સમાન હતી.

(૭) તેનો શિષ્ય દુર્વાસરાશિ, દુર્વાસા સમાન હતો; તે ઉગ્ર તપથી તથા પ્રતાપથી મુનિઓમાં અગ્રણી ગણાયો.

(૮) મલ રહિત ચપલ ગોત્રના મુનિઓનો અલંકાર સમાન તેનો શિષ્ય કેદારરાશિ ઉત્પન્ન થયો જે કલાથી વૃદ્ધિ પામનાર ઇન્દુ સમાન તેનાં વ્રત અને નિયમ પાલનથી હતો અને જેના સદાચારવાળા જીવિતનો યશ અખિલ જગમાં વિખ્યાત હતો.

(૯) જે કેદારરાશિએ ઇન્દ્રના ગુરૂ કોટેશ્વરના (શિવના) મંદિરનો વિશાલ જીર્ણોદ્ધાર કરાવ્યો અને આખા કનખલમાં ફરસબંધી ભવ્ય કામ શ્રદ્ધાથી કરાવ્યું. જેણે આ સ્થાનમાં કોટ બંધાવ્યો હતો, જે કોટ તેની ઉંચી દિવાલોથી નભમાં સૂર્યનો રથ કદાચ અટકાવશે એવો લાગતો હતો અને જે કલિના પક્ષિસમાન ચલાયમાન ચિત્તને ભયભીત કરનારી જાળ જેવો લાગતો હતો.

(૧૦) જેણે અતુલનાથનું જૂનું નિવાસસ્થાનનું સમારકામ કરાવ્યું હતું, અને પોતાના યશની એક ઉચ્ચ પ્રતિમા સમાન કનખલનાથના અગ્ર સ્થાનમાં બે નવાં શૂલપાણિનાં ભવ્ય મંદિરો બંધાવ્યાં હતાં.

(૧૧) જેની ભગિની મોક્ષેશ્વરીએ જે પૃથ્વીપર શાન્ત અને બ્રહ્મચર્યપરાયણ હતી, તેણે શિવનું રમ્ય મંદિર બાંધ્યું.

(૧૨) કેદારરાશિએ કનખલશંભુના મંડપમાં, પ્રાચીન બૃહત્કીર્તિવાળા યજ્ઞોની ક્રિયામાં કરેલા યજ્ઞસ્થમ્ભના અનુકરણ જેવા શુદ્ધ શ્યામ પત્થરના સ્થંભની હાર બંધાવી.

(૧૩) જ્યાંસુધી અર્બુદ નાગ શ્રમ વિના નન્હિવર્ધનને પોતાની પીઠ પર ધારે ત્યાંસુધી આ કીર્તન જગમાં રહેશે.

(૧૪) વિખ્યાત લક્ષ્મીધરથી આ રચાએલી પ્રશસ્તિ, જ્યાંસુધી ઈશમાંથી પ્રકટ થતી ગંગાનાં સર્વોત્તમ જળનું વહન ભૂમિ કરે, જ્યાંસુધી વિષ્ણુ કૂર્મના રૂપમાં પૃથ્વીનું ધારણ કરે, જ્યાંસુધી ચંદ્રસૂરજનું અસ્તિત્વ રહે અને જ્યાંસુધી* આદિ કવિવરની વાણી અને વ્યાસની વાણી રહે ત્યાંસુધી ટકી રહો.

સંવત ૧૨૬૫, વૈશાખ સુદિ ૧૫ ને મંગળવારે; ચૌલુકય વંશના ઉદ્ધારક પરમભટ્ટારક, મહારાજાધિરાજ શ્રીભીમદેવના વિજયીરાજ્યમાં: જ્યારે મહં ઠાભૂ (?) શ્રીશ્રીકરણાદિ સમસ્તમુદ્રા અને પંચકુલનું કાર્ય કરે છે, જ્યારે ચન્દ્રાવતીનો નાથ માંડલિકોનો સ્વામી શ્રી ધારાવર્ષદેવ પૃથ્વીની રક્ષા કરે છે; જ્યારે શ્રીકુંપ્રહ્લાદનદેવ–સર્વકલા અને શાસ્ત્રોમાં નિપુણ ને અતિ પૂજનીય કુમાર–યુવરાજ હતો તે સમયે કેદારરાશિએ આ કીર્તનની રચના કરી. (કોતરાયું) સૂત્ર પાલ્હણ કડીઆથી.

* વાલ્મીકિની રામાયણ ‍ ‍ ‍ ‍ § ધારાવર્ષનો ન્હાનો ભ્રાતા પ્રહ્લાદનદેવ કવિ હતો અને તેણે ઘણાં સંસ્કૃત નાટકો લખ્યાં હતાં. જુઓ પ્રી. ઑન સર્ચ ફોર સંસ્કૃત મેન્યુ. મુંબઈ. ૧૮૭૨–૭૩ પા. ૪

નં૦ ૧૬૨

અણુહિલવાડના ચૌલુકય રાજા

ભીમદેવ ૨ જાનું દાનપત્ર[1]

વિક્રમ સંવત ૧૨૬૬ અને સિંહ સંવત ૯૬

આ લેખ પણ, રાયલ એસિયાટિક સોસાયટિની લાયબ્રેરીમાંથી ૧૮૭૯ માં તપાસવા માટે મને મળેલાં અસલ પતરાં ઉપરથી હું પ્રસિદ્ધ કરૂં છું. આ લેખ અગાઉ પ્રસિદ્ધ થયો નથી. આ પતરાં કયાંથી મળ્યાં તે હું જાણતો નથી. આ લેખનો લિથોગ્રાફ હવે પછી ઇંડિયન ઇન્સ્ક્રિપશન્સ, નં. ૧૧ માં પ્રસિદ્ધ થશે.

આ ત્રણ પતરાં છે. તેમાં પહેલું અને બીજું એક જ બાજુએ કોતરેલું છે. દરેક પતરૂં લગભગ ૧૧$\frac{૩}{૧૬}$"×૭$\frac{૫}{૮}$" માપનું છે. તે તદ્દન લીસાં છે. તેના કાંઠા જાડા અથવા વાળેલા પણ નથી. પરંતુ સુરક્ષિત સ્થિતિમાં છે, અને આખું લખાણ સહેલાઇથી વાંચી શકાય છે. પહેલા અને ત્રીજા પતરાના માર્જીનમાં લખાણની નીચે, તથા બીજા પતરાની પાછળની બાજુએ તેના અનુક્રમે અંકો લખ્યા છે. પહેલા પતરાના નીચેના ભાગમાં અને બીજાં બેના ઉપરના ભાગમાં તેને જોડવા માટે એક કડીનાં કાણાંઓ છે. કડી ત્રાંબાની અને સાદી છે. અને તે $\frac{૫}{૧૬}$" જાડી તથા ૨$\frac{૧}{૨}$" વ્યાસની છે. મને પતરાં મળ્યાં ત્યારે એ કડી કાપેલી હતી તેની ઉપર મુદ્રા લગાડેલી અથવા કાઢી લીધેલી હોવાની નિશાની નથી. આ દાનપત્રની જો મુદ્રા હોય તો તે ઉપલબ્ધ નથી. પતરાંના સ્થળ અને સમયને યોગ્ય લિપિ છે. તેમાં ૨ થી ૨૯ પંક્તિઓમાં અને પતરાંના અનુક્રમમાં ૧ થી ૬ સુધીના તથા ૯ માટેના દશાંશ આંકડા આપ્યા છે. અક્ષરોનું સરાસરી કદ $\frac{૧}{૮}$" છે, પરંતુ આ કદ એક સરખું જાળવેલું નથી. કોતરકામ સારૂં અને ચોખ્ખું છે, ભાષા સંસ્કૃત છે, અને એક આશીર્વાદ તથા શાપનો શ્લોક જે ૪૭–૪૮ પંક્તિમાં આપ્યો છે, તે સિવાય આખો લેખ ગદ્યમાં છે. તેમાં ભૂલો ઘણી છે; પરંતુ, ૧૭ મી પંક્તિમાં કાવીના રાજા નાગાર્જુનનો સંતોષકારક પાઠ, જે આ વંશનાં અન્ય કોઈ પ્રસિદ્ધ થયેલાં દાનપત્રોમાંથી મળતો નહોતો, તે આમાંથી મળે છે, એ વિચિત્ર છે.

આ લેખ અણહિલવાડના ચૌલુકય રાજા ભીમદેવ ૨ જાના સમયનો હોવાનું લખ્યું છે. પરંતુ તેમાં લખેલું દાન કોઈ ઉતરતા દરજ્જાના માણસોએ કંઈ ગોઠવણ કર્યાનું કહે છે. લેખ સાંપ્રદાયિક નથી. તેનો હેતુ એક ખેતી માટેનો કૂવો તથા તે સાથેના હવાડાના પોષણ માટે આપેલાં જમીનનાં દાનોની નોંધ લેવાનો છે.

અણહિલપાટક, અથવા આ અને બીજા લેખોમાં લખ્યું છે તેમ, અણહિલ્લપાટક જે શહેરમાં લેખ લખવામાં આવ્યો હતો તે સિવાયનાં બીજાં સ્થળો નીચે મુજબ દર્શાવેલાં છેઃ—ઘાટેલાણા, જે ગામમાં તે કુવો તથા હવાડો હતાં; આકવલીયા, ભૂહરડા, સાકલી, સમડીયા, સીવાલીયા, અને વરડી ગામો, તથા સોષડી નદી જે દાનની વિગતમાં આપી છે; બ્રહ્મપુરીનું ગામ અથવા ગામડું, જે સાક્ષીઓની યાદીમાં આપ્યું છે; અને ધર્મવહિકા– શહેર અથવા ગામડા જેવું લાગે છે—જે સ્થળે દૂતકે દાનપત્ર દાન લેનાર પુરૂષને, સ્વાધીન કર્યું હતું તથા તામ્રપત્રો ઉપર કોતરાયું હતું.

---

[1] ઈ. એ. વો. ૧૮ પા. ૧૧૦–૧૧ જે. એફ. ફ્લીટ

પ્રસ્તાવનામાં કહ્યું છે તે મુજબ આ સ્થળો, હાલના કાઠિઆવાડમાં સુરાષ્ટ્ર મણ્ડલ(હાલનો સોરઠ પ્રાન્ત)ની તથા વામનસ્થલી જે કાઠિઆવાડમાં જુનાગઢ સ્ટેટમાં હાલનું વંથળી છે, તેની નજીકમાં છે. પરંતુ ધર્મવહિકા એ કદાચ અણહિલવાડનું જ બીજું નામ હશે. વંશાવળીમાં આપેલાં સ્થળોમાં અવન્તી એ માળવામાં ઉજ્જયિનીનું બીજું નામ છે. શાકંભરી એ રાજપૂતાનામાં જયપુર સ્ટેટનું સંભર અથવા સાંભર માનવામાં આવે છે. (ઇ. એ. વો. ૮ પા. ૫૯, નોટ ૬; અને વો. ૧૦ પા. ૧૬૧). સપાદલક્ષ પ્રદેશ એ ડૉ. ભગવાનલાલ ઇંદ્રજીએ પંજાબમાં સિવાલિક પર્વતોની હારનો પ્રદેશ કહ્યો છે. ઈ. એ. વો. ૧૦, પા. ૩૪૫; અને કાવી એ ભરૂચ ડિસ્ટ્રિકટનું હાલનું કાવી જણાય છે.

આ લેખની તારીખ ૧ થી ૪ પંક્તિમાં શબ્દ અને દશાંશ સંખ્યાઓમાં આપી છે, તેની વિગતઃ—વિક્રમ-સંવત ૧૨૬૬,-ચાલુ અથવા પૂરૂં થયેલું તે ચોકખું બતાવ્યું નથી,-અને સિંહ-સંવત ૯૬; માસ માર્ગ એટલે માર્ગશીર્ષ શુકલ પક્ષ; તિથિ ૧૪ તથા ગુરુવાર. તેની બરોબર અંગ્રેજી તારીખ ઈ. સ. ૧૨૦૮ અથવા ૧૨૦૯ માં, આપેલું વિક્રમ સંવત ઉત્તરનું અથવા દક્ષિણનું લઈ ચાલુ અથવા ગત જે પ્રમાણે લઈએ તે ઉપર આધાર રાખી, આવે છે. પ્રોફેસર કે. એલ. છત્રેનાં ટેબલ ઉપરથી નીચે પ્રમાણે આવે છે.

દક્ષિણ(અને ઉત્તર)નાં વિક્રમ સંવત ૧૨૬૬, ચાલુમાં માર્ગશીર્ષ શુદ ૧૪, ૨૩ મી નવેંબર ઈ. સ. ૧૨૦૮ રવિવારે અણહિલવાડ માટે સૂર્યોદય પછી ૫ ઘડી અને ૫૮ પળે પૂરી થઈ. અને દક્ષિણનાં (અને ઉત્તરનાં) ચાલુ વિક્રમ સંવત ૧૨૬૭(૧૨૬૬ ગત)માં માર્ગશીર્ષ શુદ ૧૪-જે તિથિ જોઇએ છે તે મુજબ, ઈ. સ. ૧૨૦૯ ના નવેંબર તા. ૧૨ તે ગુરૂવારે આશરે ૨૨ ઘડી અને ૩૧ પળે પૂરી થઇ એટલે લેખમાં આપેલી તારીખની બરોબર આ યોગ્ય અંગ્રેજી તારીખ છે.

अक्षरान्तर[1]

पतरूं पहेलुं.

१ ॐ स्वस्ति श्रीमद्विक्रमनृपकालातीत संवत्सरैं शतेषु द्वादशसु षटषष्ट्यधिके

२ षु लौकिकें मार्ग्गमासस्य शुक्लपक्षचतुर्दश्यां गुरुदिने अत्रांकतोः पि[2] श्री-

३ विक्रमसंवत् १२६६ वर्षे सिंहसंवत् ९६ वर्षे लौकि० मार्ग्ग शुदि १४ गुराव-

४ स्यां संवत्सरमासपक्ष द्रिनवारपूर्वायां तिथावद्येह श्रीमदणहिलुपाटके सम-

५ स्त राजावली विराजित परमभट्टारक महाराजाधिराज परमेश्वरश्रीमूलराज-

६ देवपादानुध्यात परमभट्टारक महाराजाधिराज परमेश्वर श्रीचामु(ं*)डराजदेव-

७ पादानुध्यात परमभट्टारक महाराजाधिराज परमेश्वर श्रीदुर्लभराजदेव पादा-

८ नुध्यात परमभट्टारक महाराजाधिराज परमेश्वर श्रीभीमदेवपादानुध्यात प-

९ रमभट्टारक महाराजाधिराजपरमेश्वर त्रैलोक्यमल्ल श्रीकर्ण्णदेवपादानु-

१० ध्यात परमभट्टारक महाराजाधिराज परमेश्वरावंतीनाथ वर्वरकजिष्णु सिद्धच-

११ क्रवर्त्ति श्रीमज्(ज् *)यसिंहदेव पादानुध्यात परमभट्टारक महाराजाधिराज परमे-

१२ श्वर प्रौढप्रतापचतुर्भुजविक्रमरणांगणविजित णकंररीभूपाल श्री-

१३ कुम(ा×)रपालदेव पादानुध्यात परमभट्टारक महाराजाधिराज परमेश्व-

१४ र कलिकालनिक्ष(ष्क)लंकावतारित रान्व(म)राज्यप्रासा(ड)करदी कृत सपा-

पतरूं बीजुं—प्रथम बाजु

१५ दलक्ष लक्ष्मापाल श्रीमदजयपालदेव पादानुध्यात परम भ-

१६ ट्टारक महाराजाधिराज परमेश्वर परमट्टारकं आहवे परा-

१७ भूत दुर्जय नागार्जुन काविरोज श्रीमूलराजदेव पादानुध्या-

१८ त परमभट्टारक महाराजाधिराज परमेश्वराभिनव सिद्धराज-

---

१ અસલ પતરાં ઉપરથી ૨ ચિહ્નરૂપે દર્શાવેલ છે. તે જ પ્રમાણે લેખને છેડે; પરંતુ ચિહ્ન આહિના જેવું નથી. ૩ આ ૨ શબ્દ પ્રથમ ભુલાઈ ગયો હતો અને પાછળથી ઉમેરવામાં આવ્યો છે. ૪ વાંચો षट्षष्ट्य० ૫ અહીં લઘુરૂપની નિશાની કદાચ એમ બતાવતી હોય કે આ શબ્દને બદલે लौकिक गणनया એવો કોઈ શબ્દ હશે. ૬ आंकतोपि ૭ વાંચો श्री ૮ આંહિ વાપરેલ ૬્ નું રૂપ સામાન્ય રીતે ધ્ ને માટે વપરાય છે. ૯ વાંચો शाकंभरी ૧૦ આ ટાઇટલ આગળ આવી ગયો છે અને નકામો ફરી વાપરેલો છે. ૧૧ વાંચો भट्टारकाबह ૧૨ વિક્રમ સંવત્ ૧૨૬૩ નાં દાનપત્રમાં (ઇં. એ. વો. ૬ પા. ૧૯૪ પં. ૧૦–૧૧) અને અન્ય સ્થળે ડો. બ્યુલ્હરે गर्ज्जनकाधिराज પાઠ તથા તરજુમો 'ગર્જનકોના રાજા' પ્રસિદ્ધ કરેલ છે. પરતુ આ દાનપત્રમાં મેં આપેલું વાંચન તદ્દન સ્પષ્ટ છે.

१९ देव बोलै नारायणावतार श्रीभीमदेवकल्याणविजयराज्ये[।*]

२० तत्पादपद्मोपजीविनि महामात्य श्रीरतनपाले श्री श्रीकरणा-

२१ दौ समस्तमुद्राव्यापारानुपरिपंथयतीत्येवं काले प्रवर्त्तमाने

२२ अस्य प्रभोः प्रसादावाप्तपत्तलयाँ भुज्यमान श्रीसुराष्ट्रमंडले

२३ महाँ० प्रति० श्रीसोमराजदेवे कृ(त)नियुक्त वामनस्थली श्रीक-

२४ र्णे महँ० श्री सो(शो)भनदेव प्रभृतिपंचकुलप्रतिपत्तौ शासनम-

२५ भिलिख्यते यथा । प्राग्वात् ज्ञातीय महं० वाल्हरासुत महं०-

पतरूं बीजुं—बीजी बाजु.

२६ महिपालेन घंटेलाणा ग्रामे दक्षिण दिशु(शा)भागे कारापित् (।+) वापी तथा

२७ प्रपायां च संजातभरितायां तिथौ नागरज्ञातीय दु०पारास(श)रसुत दु०-

२८ माधवाय घंटेलाणा ग्रामे वापी प्रतिव(ब)द्ध क्षेत्रं भूमिपाश वृसंख्या-

२९ यां पाश ५० पंचाशत(त्) पाशा(:+) । अस्याघाटा [यथा ÷] । पूर्वतो ज्यो०[8] सुमचंड क्षेत्र(÷×) ।

३० तथा सोषडीनाम नदी सीमा[।÷] दक्षिणतोपि सोषडीनाम नदी सीमा । पश्चिम-

३१ तो रौ०[9] वेदगर्भसक्त(त्क) क्षेत्र(÷+) सीमा । उत्तरतो राजमार्ग्ग(:+) सीमा । (॥)तथा प्रपाक्षे-

३२ त्रं द्वितीयं तथा ग्रामे उत(त्÷)रादिशायां वा(य+)व्य कोणश्रितभूमिपाशवृसंख्या-

३३ यां पाश १०० शतमेकं । अस्य च आघाटा यथा । पूर्वतो राजकीय भूमीशीमा[10] ।

३४ दक्षिणतो मेह० सोलूयौ क्षेत्र भूमी सीमा । पश्चिमतो भूह्गडाग्रामसीमा

३५ यां सीमा । उत(त् ÷)रतो वहणि सीमायां सीमा । (॥) तथा आकवलीया ग्रामे ग्रामात्-

३६ उत(त्)र दिशि(शा)भागे भूमिखंड १ संख्यायां वृ० पाश १०० शतमेकं । अस्य च

३७ आघाटा [यथा+] । पूर्व्वतो साकलीग्रामसीमायां सीमा । दक्षिणतो वरडी सीमा । प-

३८ श्चिमतो घंटेलाणाग्रामस्योपरि गच्छमान मार्ग्ग[:÷]सीमा । उत(त्)रतो व-हणीसीमा [।+]

---

१ बाल ने બદલે વાપરેલુ वाल એમ સુધારો કરવો જોઇએ. वा નો वो કોતરનારની ભૂલથી થયો જણાય છે. ૨ કદાચ આપણે આ પાઠનો સુધારો पत्तलायां એમ કરવો ઘટે છે. પરંતુ એમ પણ સંભવ છે કે તે શબ્દ કોઇ બીજા અર્થમાં વપરાયો હોય તેને અંગે તૃતીયા વિભક્તિ સાચી હોય. ૩ એક જ હોદ્દો જેવો કે મહાપ્રતિહાર બતાવવાનું ટૂંકું રૂપ આ છે કે બે જૂદા જૂદા હોદ્દા જેવા કે ' મહામાત્ય—પ્રતિહાર ' બતાવે છે તે કહી શકાતું નથી. ૪ એટલે महत्तर અથવા महत्तम ५ વાંચો प्राग्वाड् ज्ञातीय ६ આ ટૂંકું રૂપ શા માટે છે તે કહેવા હું અસમર્થ છું. ૭ એટલે वृत्तिः અથવા वृत्तम् ८ કદાચ ज्योतिष ९ रौत १० વાંચો भूमी सीमा ११ मेहरनो સંભવ છે.

३९ तथा भूहडा ग्रामो[मे]पि भूमिख[ं ×]ड १ संख्यायां वृ० पाश १०० शतमेकं । अस्य

पतरूं त्रीजुं

४० च आघाटा[यथा] पूर्वतो घांटेलाणाग्रामसीमायां सीमा । दक्षिणतो समडीया ग्राम सी-

४१ माय् [आ]म् [सीमा ÷] । पश्चिमतो तथा ग्रामीयवहणिसीमायां सीमा । उत[त्]रतो सीवलीया-

४२ वहणिसीमाया [ं]सीमा । एवं चतुराघाटविशुद्धा भूमि स्वसीमापर्यंत [ं÷]थ-

४३ थाप्रसिद्धपरिभोज्या गृहाणा [ं +]पल्लडीकासमेता खलकक [च् ÷]छक भूमी

४४ सहितोः[1] अकरा निर्मला गोपथगोप्रचारसमेता उदकपूर्वधर्म्मेण पद-

४५ त्ता । [॥]एषा वापी तथा प्रपाच दु० माधवेन सदैव भरणीया । वापी[ं+] तथा प्रपा[ं÷] च-

४६ दु० माधवेन भरमाणेन सता एपा भूमी ष[खं]डचतुष्टयसंख्याका आचं-

४७ द्रार्ककालं यावत[त्] संतानपरंपरया भोक्तव्या भोक्तारणीयाश्च[2] ॥ जानीहिदत्तानि[3]

४८ पुरा नरैंद्रै दानानि[4] धर्म्मार्थयस[श]स्कराणि । निमाल्यवंते[5] प्रतिमानि तानि को नाम

४९ साधु[:×]पुनारा[6] ददीत ॥ अत्रार्थे[7] साक्षि ॥ वामें श्रीसोमनाथदेवीयस्थाना[8]० दुर्वासु ॥ श्री·

५० विसढेश्वरदेवमाछि[ढे]त्यस्थाना[न]पति विम्वलज श्री केदारमठेत्यस्थाना० त्र(ब्र)ह्मजा । दे-

५१ वी श्री कपालेश्वरीस्ता[स्था]नीया स्थाना० क्षदजा स्थाना०यो[9]० लाशासुतयो० वेदा ई[?]क्षा आ-

५२ लासुत ई[?]क्षा सावदेव । त्र(ब्र)ह्मपुरीय ई[?]क्षा । दिसिकेसिसुत०-ई[?]क्षीं[10]० छे डा । तथा त्रा[ब्रा]ह्मण-

५३ मद[धु]सूदनसुतपंडित० सोमरवि महाजनमोढ श्रेष्टि[11]० नानसुत० श्रेष्टि० सूपा । कल्य० श्रे-

५४ ष्टि०खेता । प्राग्वा[12]० श्रेष्टिधरणिग श्रेष्टि०कुदासुत० गांदेव । गूर्ज[13]० महाजन श्र् [े +]ष्टि-

५५ यजके ॥ कूपं खलकं कस्थ[च्छ]कं गोपथं गोप्रचारं भोक्तव्यं च ॥ दूतकेः[14] स्वयं ॥ धर्मवहि-

५६ कायां संचरितं चाज्ञातं ॥ छ ॥ श्रीः ॥ ॐ ॥

---

१ वांचो सहिता २ आंहि शो पाठ छे ते जणातुं नथी. ३ छंद इन्द्रवज्रा हमेशनुं वांचन यानीह छे. ४ वांचो नरेन्द्रैर्दानानि ५ वांचो निर्माल्यवान्त० ६ पहेलां न कोतर्यो हतो अने पछी तेमांथी त नो सुधारो कर्यो छे ७ वामानस्थली ने बदले लघु रुप वामें वपरायुं छे. ८ एटले स्थानाधिकारि अथवा स्थानापति (स्थानपति ने बदले) तेना पछीना पंक्तिमां छे तेम. ९ एटले कदाच योगिन् १० लघु रूपनो निशा॥ भूलथी लखाई जणाय छे. ११ आंहि अने नीचे ज्यां आवे छे त्यां वांचो श्रेष्ठि १२ एटले प्राग्वाट्. १३ एटले गूर्जर अथवा वधारे संभवित गुर्जर १४ आ विसर्ग अधुरो कोतरेलो छे; मात्र तेनो नीचेनो भाग बराबर कोतरेलो छे.

ભાષાન્તર–સારરૂપે

१४ णां वंशे शाखाविशेषकः । अर्णोराज इति ख्यातो जातस्तेजोमयः पुमान् ॥ २५ तस्मादनंतरमनंतरितप्रतापः प्रापक्षितिं क्षतरिपुर्लवणप्रसादः । स्वर्गापगाजलवलक्षितशंखशुभ्राबभ्राम यस्यलवणब्धिमतीत्य कीर्त्तिः

१५ ॥ २६ सुतस्तस्मादासीद्दशरथककुस्थ[1]प्रतिकृतेः प्रतिक्ष्मापालानां कवलितबलो वीरधवलः । यशः पुरे यस्य प्रसरति रतिक्रांतमनसामसाध्वीनां भग्नाऽभिसरणकलायां कुशलता ॥ २७ चौलुक्यः सुकृती स वीरधवलः क- ।

१६ र्णेजपाना जपं य कर्णेपि चकार न प्रलपतामुद्दिश्य यौ मंत्रिणौ । आभ्यामभ्युदयातिरेकरुचिरं राज्यं स्वभर्त्तुः कृतं वाहानां निवहा घटाः करटिनां बद्धाश्च सौधांगणे ॥ २८ तेन मंत्रिद्वयेनायं जाने जानुप्रवर्त्तिना । वि-

१७ भुर्भुजद्वयेनेव सुखमाश्लिष्यति श्रियं ॥ २९ इतश्च गौरीवरश्वशुरभूधरसंभवोऽयमस्त्यर्बुदः ककुदमद्रिकदंबकस्य । मंदाकिनी घनजटेदधदुत्तमां [गे] यः श्यालकः शशिभृतोऽभिनयं करोति ॥ ३० कन्विदिह विहरंतीर्व्वी- ।

१८ क्षमाणस्य रामाः प्रसरति रतिरंतर्मोक्षमाकांक्षतोऽपि । क्वचन मुनिभिरर्थ्यां पश्यतस्तीर्थवीथीं भवति भवविरक्ता धीरधीरात्मनोऽपि ॥ ३१ श्रेयः श्रेष्ठवशिष्ठहोमहुतभुक्कुंडान्मृतंडात्मजप्रद्योताधिकदेहदीधितिभ-

१९ रः कोप्याविरासीन्नरः । तं मत्वा परमारणैकरसिकं स व्याजहार श्रुतेराधारः परमारइत्यजनि तन्नामाऽथ तस्यान्वयः ॥ ३२ श्रीधुमराजः प्रथमं बभूव भूवासवस्तत्र नरेंद्रवंशे । भूमीभृतो यः कृतवानभिज्ञान् पक्षद्वयोच्छे-

१ वांचो ककुत्स्थः

२० दनवेदनासु ॥ ३३ धंधुकध्रुवभटादयस्ततस्ते रिपुद्विपघटाजितोऽभवन् । यत्कुलेऽ-
जनि पुमान्मनोरमो रामदेव इति कामदेवजित् ॥ ३४ रोदः कंदरवर्त्तिकीर्त्तिल-
हरीलिप्तामृतांशुद्युतेरप्रद्युम्नवशो यशोधवल इ-

२१ त्यासीत्तनुजस्ततः । यश्चौलुक्यकुमारपालनृपतिप्रत्यर्थितामागतं मत्वा सत्वरमेव
मालवपतिं बल्लालमालब्धवान् ॥ ३५ शत्रुश्रेणीगलविदलनोन्निद्रनिस्त्रिंशधारो धा-
रावर्षः समजनि सुतस्तस्य विश्वप्रशस्यः । क्रोधाक्रांतप्र- ।

२२ धनवसुधानिश्चले यत्र जाताश्च्योतन्नेत्रोत्पलजलकणाः कौंकणाधीशपत्न्यः ॥ ३६
सोयं पुनर्दाशरथिः पृथिव्यामव्याहतौजाः स्फुटमुज्जगाम । मारीचवैराद्विव योऽ-
धुनापि[मृ]गव्यमव्यग्रमतिः करोति ॥ ३७ सामं-

२३ तसिंहसमितिक्षितिविक्षतौजः श्रीगूर्ज्जरक्षितिपरक्षणदक्षिणासिः । प्रह्लादनस्तदनुजो
दनुजोत्तमारिचारित्रमत्र पुनरुज्वलयांचकार ॥३८देवी सरोजासनसंभवा किं कामप्रदा
किं सुरसौरभेयी प्रह्लादनाकारधरा

२४ धरायां मायातवत्येष न निश्चयो मे ॥३९ धारावर्षसुतोऽयं जयति श्रीसोमसिंहदे-
वो यः । पितृतः शौर्यं विद्यां पितृव्यकाद्दानमुभयतो जगृहे ॥४० मुक्त्वा विप्रक-
रानरातिनिकरान्निर्ज्जित्य तत्किंचन प्रापत्संप्रति सोम-

२५ सिंहनृपतिः सोमप्रकाशं यशः । येनोर्व्वीतलमुज्वलं रचयताप्युत्ताम्यतामीर्ष्यया
सर्व्वेषामिह विद्विषां न हि मुखान्मालिन्यमुन्मूलितं ॥ ४१ वसुदेवस्येव सुतः
श्रीकृष्णः कृष्णराजदेवोऽस्य । मात्राधिकप्रतापो यशोद-

२६ यासंश्रितो जयति ॥ ४२ इतश्च अन्वयेन विनयेन विद्यया विक्रमेण सुकृतक-
मेण च । क्वापि कोपि न पुमानुपैति मे वस्तुपालसदृशो दृशोः पथि ॥ ४३ दयिता
ललितादेवीतनयमवीतनयमापसचिवेंद्रात् । नाम्नाजयंत- ।

२७ सिंहं जयंतमिंद्रात्पुलोमपुत्रीव ॥ ४४ यः शैशवे विनयवैरिणि बोधवंध्ये धत्ते नयं
च विनयं च गुणोदयं च । सोयं मनोभवपराभवजागरूकरूपो न कं मनसि
चुंबति जैत्रसिंहः ॥ ४५ श्रीवस्तुपालपुत्रः कल्पायुरयं जयं-

२८ तसिंहोऽस्तु । कामादधिकं रूपं निरूप्यते यस्य दानं च ॥ ४६ स श्रीतेजः
पालः सचिवश्चिरकालमस्तु तेजस्वी । येन जना निश्चिंताश्चिंतामणिनेव नंदति
॥ ४७ यच्चाणक्यामरगुरुद्वयाधिशुक्रादिकानां प्रागुत्पादं व्यधित भुवने

૧ बाल्यम् વાંચન હોવાનો સંભવ છે. ૨ વાંચો निस्त्रिंश ૩ पुनरुज्ज्वल ૪ વાંચો लमुज्ज्वलं.

२९ मंत्रिणां बुद्धिधाम्नां । चक्रेऽभ्यासः स खलु विधिना नूनमेनं विधातुं तेजःपालः
कथमितरथाधिक्यमापैष तेषु ॥ ४८ अस्ति स्वस्तिनिकेतनं तनुभृतां श्रीवस्तुपा-
लानुजस्तेजःपाल इति स्थितिं बलिकृतामुर्व्वीतले पालयन् । आत्मीयं ब-

३० हु मन्यते न हि गुणग्रामं च कामंदाकश्चाणक्योपि चमत्करोति न हृदि प्रेक्षास्पदं
प्रेक्ष्य यं ॥ ४९ इतश्च ॥ महं श्रीतेजःपालस्य पत्न्याः श्रीअनुपमदेव्याः पितृ-
वंशवर्णनं ॥ प्राग्वाटान्वयमंडनैकमुकुटं श्रीसांद्रचंद्रावतीवास्तव्यः स्त-

३१ वनीयकीर्त्तिलहरिप्रक्षालितक्ष्मातलः। श्रीगागाभिधयासुधीरजनि यद्वृत्तानुरागाद्भूत्को
नासप्रमदो नदोलिताशिरा नोद्धृतरोमा पुमान् ॥ ५० अनुसृतसज्जनसरणिर्धरणि-
गनामा बभूव तत्तनयः । स्वप्रभुहृदये ।

३२ गुणिना हारेणेव स्थितं येन ॥ ५१ त्रिभुवनदेवी तस्य त्रिभुवनविख्यातशीलसं-
पन्ना । दयिताऽभूदनयोः पुनरंगं द्वेधामनस्त्वेकं ॥ ५२ अनुपमदेवी देवी साक्षा-
द्दाक्षायणीव शीलेन । तद्दुहिता सहिता श्रीतेजःपालेन

३३ पत्याऽभूत् ॥ ५३ इयमनुपमदेवी दिव्यवृत्तप्रसूनव्रततिरजनि तेजःपालमंत्री-
शपत्नी । नयविनयविवेकौचित्यदाक्षिण्यदानप्रमुखगुणगणेंदुद्योतिताशेषगोत्रा ॥ ५४
लावण्यसिंहस्तनयस्तयोरयं रयं जयन्नि- ।

३४ [द्र]यदुष्टवाजिनां । लब्ध्वापि मीनध्वजमंगलं वयः प्रयाति धर्म्मैकविधायिनाऽ-
ध्वना ॥ ५५ श्रीतेजःपालतनयस्य गुणानमुष्यश्रीलूणसिंह कृतिनः कति न स्तुवं-
ति । श्रीबंधनोद्धुरतरैरपि यः समंतादुद्दामता । त्रिजगति क्रि-

३५ यते स्मकीर्त्तिः ॥ ५६ गुणधननिधानकलशः प्रकटोऽयमवेष्टितश्च खलसर्प्पैः ।
उपचयमयते सततं सुजनैरुपजीव्यमानोऽपि ॥ ५७ मल्लदेवसचिवस्य नंदनः पूर्ण-
सिंह इति लीलुकासुतः । तस्य नंदति सुतोयमल्हणा-

३६ देविभूः सुकृतवेश्म पेथडः ॥ ५८ अभूदनुपमा पत्नी तेजःपालस्य मंत्रिणः ।
लावण्यसिंहनामायमायुष्मानेतयोः सुतः ॥ ५९ तेजःपालेन पुण्यार्थं तयोः पुत्रकल-
त्रयोः । हर्म्म्यं श्रीनेमिनाथस्य तेने तेनेदमर्बुदे ।

३७ ॥ ६० तेजः पाल इति क्षितींदुसचिवः शंखोज्वलाभिः शिलाश्रेणीभिः स्फुरदिं
दुकुंदरुचिरं नेमिप्रभोर्मंदिरं । उच्चैर्मंडपमग्रतो जिन[वरा]वासद्विपंचाशतं तत्पा-
र्श्वेषु बलानैकं च पुरतो निष्पादयामासिवान् ॥ ६१ श्रीमच्चंड-

३८ [प]संभवः[सम]भवच्चंडप्रसादस्ततः सोमस्तत्प्रभवोऽश्वराज इति तत्पुत्राः
पवित्राशयाः । श्रीमल्लूणिगमल्लदेवसचिवश्रीवस्तुपालाह्वयास्तेजः पालसमन्विता
जिनमताराामोन्नमन्नीरदाः॥ ६२ *श्रीमंत्रीश्वरवस्तुपालतनयः श्रीजै-*

---

१ वांचो। शंखोज्ज्वलाभिः २ वांचो। बलानकं

३९ त्रसिंहाह्वयस्तेजःपालसुतश्च विश्रुतमतिर्लावण्यसिंहाभिधः । एतेषां दशमूर्त्तयः करिवधूस्कंधाधिरूढाश्चिरं राजंते जिनदर्शनार्थमयतां दिग्नायकानामिव ॥६३मूर्त्ती-नामिह पृष्ठतः करिवधू पृष्ठप्रतिष्ठाजुषांतन्मूर्त्तीर्बिम-

४० लाश्मखत्तकगताः कांतासमेता दश । चौलुक्यक्षितिपालवीरधवलस्याद्वैतबंधुः सुधीस्तेजःपाल इति व्यधापयदयं श्रीवस्तुपालानुजः ॥ ६४ तेजःपालः सकलप्रजोपजीव्यस्य वस्तुपालस्य । सविधे विभाति सफलः

४१ सरोवरस्येव सहकारः ॥ ६५ तेन भ्रातृयुगेन याप्रतिपुरग्रामाध्वशैलस्थलं वापी-कूपनिपानकाननसरः प्रासादसत्रादिका । धर्म्मस्थानपरंपरा नवतरा चक्रेऽथ जी-र्णोद्धृता तत्संख्यापि न बुध्यते यदि परं तद्वेदि- ।

४२ नी मेदिनी ॥ ६६ शंभोः श्वासगतागतानि गणयेद्यः सन्मतिर्योऽथ वा नेत्रोन्मी-लनमीलनानि कलयेन्मर्कंडनाम्नो मुनेः । संख्यातुं सचिवद्वयीविरचितामेतामपेतापर-व्यापारः सुकृतानुकीर्त्तनततिं सोप्युज्जिहीते यदि ।

४३ ॥ ६७ सर्व्वत्र वर्त्ततां कीर्त्तिरर्ब्बुदराजस्य शाश्वती । सुकर्त्तुमुपकर्त्तुं च जानीते यस्य संततिः ॥ ६८ आसीच्चंडपमंडितान्वयगुरुर्न्नागेंद्रगच्छश्रियश्चूडारत्नमयत्नसिद्धम-हिमा सूरिर्म्महेंद्राभिधः । तस्माद्विस्मयनीयचारुचरितः श्रीशांति-

४४ [सूरिस्त]तोप्यानंदामरसूरियुग्ममुदयचन्द्रार्क्कदीप्रद्युति ॥ ६९ श्रीजैनशासनवनीन-वनीरवाहः श्रीमांस्ततोऽप्यघहरो हरिभद्रसूरिः । विद्यामदोन्मदगदेष्वनवद्यवैद्यः ख्यातस्ततो विजयसेनमुनीश्वरोऽयं ॥ ७० गुरो[स्त]-

४५ स्या [[श]षां पात्रं सूरिरस्त्युदयप्रभः । मौक्तिकानीव सूक्तानि भांति यत्प्रतिभां-बुधेः ॥ ७१ एतद्धर्म्मस्थानं धर्म्मस्थानस्य चास्य यः कर्त्ता । तावद्द्वयमिदमदिया-दुदयत्ययमर्बुदो यावत् ॥ ७२ श्रीसोमेश्वरदेवश्चुलुक्यनरदेवसेवितांह्रि-

४६ युगः । रचयांचकार रुचिरां धर्म्मस्थानप्रशस्तिमिमां ॥ ७३ श्रीनेमेरम्बिकायाश्च प्रसादादर्बुदाचले । वस्तुपालान्वयस्यास्तु प्रशस्तिः स्वस्तिशालिनी ॥ ७४ सूत्रं केल्हणसुतधांधलपुत्रेण चंडेश्वरेण प्रशस्तिरियमुत्कीर्णा । [।]

४७ श्रीविक्रम [संवत् १२८७ व]र्षे[फाल्गु]ण वदि ३ रवौ श्री[नागेंद्रग]च्छे [श्रीविजय]सेनसूरिभिः प्रतिष्ठा कृता ॥

१ વાંચો સत्रादिका.

ભાષાન્તર

(શ્લોક. ૧) ૐ. દેવી સરસ્વતી જે કવિઓનાં મનમાં પ્રવેશ કરે છે અને જેનું હંસ-વાહન[2] છે તેની હું આરાધના કરૂં છું.

(શ્લો. ૨) શિવનો પુત્ર[3] (ગણેશ) જે શાંત હોવા છતાં ક્રોધથી રક્ત છે. શાન્ત છતાં કામના નિગ્રહ માટે બળે છે અને ચક્ષુ બંધ હોવા છતાં જે સર્વ જુએ છે તે તમારૂં કલ્યાણ કરો.

(શ્લો. ૩) પ્રજાસુખનું સ્થાન, અજ, રજિ અને રઘુ[4] સરખા ચુલુકયથી રક્ષિત અણહિલપુર શહેર છે—જ્યાં શુકલ પક્ષને અંતે ચિરકાળ સુધી અતિ સુંદર રમણીઓનાં શશી જેવાં મુખથી અંધકાર મન્દ થાય છે.

(શ્લો. ૪) તે શહેરમાં, કુટજકુસુમ જેવા શુભ્ર યશવાળો, કલ્પતરુથી દાન દેવામાં અધિક, પ્રાગ્વાટ અન્વયનો મુગટ ચણ્ડપ હતો.

(શ્લો. ૫) તેના સત્કર્મના ફળ રૂપે, તેના મહેલ ઉપર કીર્તિધ્વજ ફરકતા સુવર્ણ દણ્ડ જેવો, ચણ્ડપ્રસાદ નામે પુત્ર જન્મ્યો હતો.

(શ્લો. ૬) તેને, કે જે વિશાળ મનનો હતો અને જે દુગ્ધોદધિ (દૂધનો સાગર) જેવો હતો તેને સોમ ઉદ્‌ભવ્યો,-જે સદ્‌ગુણોથી સજ્જનોને, મધ્યમાં ઉંડા એવા દુગ્ધોદધિમાંથી ઉદ્‌ભવેલા ઇન્દુનાં કિરણો માફક આનંદ દેતો.

(શ્લો. ૭) તેને જિનાધિનાથની ભક્તિ હૃદયમાં નિત્ય ધારનાર અશ્વરાજ પુત્ર હતો. તેને ત્રિપુરરિપુની પત્ની અને કુમારની માતા દેવી પાર્વતી જેવી કુમારદેવી પત્ની હતી.

(શ્લો. ૮) તેમનો પ્રથમ પુત્ર લૂણીગ નામનો મંત્રી હતો. પણ દૈવવશાત્ તે બાલ્યાવસ્થામાં જ મૃત્યુ પામ્યો હતો.

(શ્લો. ૯) એ વિશુદ્ધ મનનો મંત્રી લૂણીગ, જેની મતિ બૃહસ્પતિના જ્ઞાનની પણ અવગણના કરતી, તે'

(શ્લો. ૧૦) તેનો નાનો ભાઈ શ્રી મલ્લદેવ હતો જે જિતેન્દ્રિય હોઈને પરસ્ત્રીની લાલસાવાળો ન હોતો.

(શ્લો. ૧૧) ધર્મવિધાનમાં (અનુષ્ઠાનમાં), પ્રજાનાં છિદ્ર ઢાંકવામાં અને વિભિન્નનું (ત્રૂટેલું) અનુસંધાન કરવામાં વિધાતાએ મલ્લદેવનો સ્પર્ધી સર્જ્યો નહતો.

(શ્લો. ૧૨) કાળાં વાદળાંના સમૂહમાંથી મુક્ત થએલાં ચંદ્રનાં કિરણોની હરીફાઈ કરતા મલ્લદેવના યશે હસ્તિમલ્લના દાંતનાં કિરણોને ગળેથી પકડ્યાં (મતલબ કે ઇન્દ્રના હાથી ઐરાવતના દશનનાં શુભ્ર કિરણો જ્યાં પ્રસરતાં હતાં ત્યાં સુધી તેનો યશ પહોંચ્યો એટલે દિગન્ત પર્યંત કીર્તિ વ્યાપી.)

(શ્લો. ૧૩) ઇન્દ્રિયો પર વિજય મેળવનાર એ પુરૂષનો અનુજ શ્રીમાન વસ્તુપાલ હતો, જે કાવ્યના અમૃતથી અદ્‌ભુત હર્ષની વૃષ્ટિ કરતો અને જેણે વિદ્વાનોના લલાટ પરથી આપદ્ શબ્દ ભૂસી નાંખ્યો હતો.

(શ્લો. ૧૪) ચુલુકયના સચિવોમાં અને કવિઓમાં અગ્ર વસ્તુપાલ પૈસા મેળવવામાં કે કાવ્યકૃતિમાં પારકાના અર્થનું હરણ કદાપિ કરતો નહીં.

(શ્લો. ૧૫) તેનો ન્હાનો ભાઈ મંત્રિરાજ તેજપાલ હતો જે સ્વામીના તેજનું પાલન કરનારો હતો અને જેનો દુષ્ટોને ડર હતો, જેની કીર્તિ ચારે દિશામાં પ્રસરી હતી.

(શ્લો. ૧૬) તેજપાલ તથા વિષ્ણુનાં સ્વરૂપનું નિરૂપણ કોણ કરી શકે? કારણ કે પ્રથમના ઉદરકંદરમાં ત્રણે જગતનાં નીતિનાં સૂત્રો રહેલાં હતાં જ્યારે બીજાનાં (વિષ્ણુના) ઉદર કંદરમાં ત્રણે જગત્ વિંટળાઇ રહેલાં છે.

(શ્લો. ૧૭) આ ભાઇઓને અનુક્રમે જાલ્હ્, માઊ, સાઊ, ધનદેવી, સોહગા, વયજુકા અને પદ્મલદેવી સાત બહેનો હતી.

(શ્લો. ૧૮) ખરેખર, અશ્વરાજના આ પુત્રો એક જ ઉદરમાં રહેવાના લોભે પૃથ્વી પર ફરી આવેલા દશરથ રાજાના ચાર પુત્રો જ હતા.

(શ્લો. ૧૯) અનુજ (ન્હાના ભાઇ) તેજપાલના સાથવાળો વસ્તુપાલ, મધુ માસ પછી આવતા માધવ માસની માફક સર્વનું હૃદય રંજતો નથી ?

(શ્લો. ૨૦) 'એકલા કદિ માર્ગમાં જવું નહીં એ સ્મૃતિ વચન ધ્યાનમાં રાખી તે બે ભાઈઓ મોહ રૂપી ચોરના ભયવાળા સદ્‌ગુણોના પંથ ઉપર સાથે ચાલે છે.

(શ્લો. ૨૧) યુગ જેટલા લાંબા બાહુવાળા આ બે ભાઇઓની જોડીનો ઉદય થાઓ; જે જોડીએ ચોથા યુગમાં પણ કૃતયુગનું આગમન ફરી કરાવ્યું હતું.

(શ્લો. ૨૨) જેઓની કીર્તિથી ભૂમિમંડલ મુક્તામય ભાસે છે તે બન્ને ભાઈઓનાં શરીર ચિરકાળ સુધી રોગથી મુક્ત રહો.

(શ્લો. ૨૩) એક જ દેહમાંથી બન્ને બાહુ નીકળે છે છતાં તેમાં એક વામ (ડાબો-ખરાબ) છે. પણ આ બે બાન્ધવોમાંથી (એક જ પિતાથી થએલા હોવા છતાં) એક પણ તેવો (વામ) નથી, કારણકે બન્ને પ્રામાણિક (દક્ષિણ) હતા.

(શ્લો. ૨૪) આ બન્ને ભ્રાતાઓએ ધર્મસ્થાનોથી પૃથ્વી અંકિતકરીને કલિયુગના કંઠપર બલથી પોતાનો પગ મૂકયો હતો.

(શ્લો. ૨૫) ચૌલુકય વીરોના વંશમાં તે શાખાના અલંકાર તેજસ્વી પુરુષ અર્ણોરાજ જન્મ્યો હતો.

(શ્લો. ૨૬) તેના પછી લવણપ્રસાદે પૃથ્વી પ્રાપ્ત કરી; જેનો પ્રતાપ ઢાંકયો ન હતો, જેણે શત્રુસંહાર કર્યો હતો અને જેનો ગંગાના જલથી ધોવાએલા શંખ જેવો શુભ્ર યશ ખારા સમુદ્રથી પહેલે પાર પહોંચ્યો.

(શ્લો. ૨૭) દશરથ અને કકુત્સ્થની પ્રતિમા જેવા આ નૃપને વીરધવલ નામનો શત્રુના દળને હણનારો પુત્ર થયો. જ્યારે આ પુરુષનો યશ પૂર માફક પ્રસરતો હતો ત્યારે, કામથી પીડિત મનવાળી અસાધ્વી સ્ત્રીઓની અભિસરણકલામાં કુશળતા નિષ્ફળ નીવડતી.

(શ્લો. ૨૮) આ પ્રજ્ઞ વીરધવલ ચૌલુકય જ્યારે નિન્દાખોર લોકો તે બે સચિવોની નિન્દા કરતા તે બિલકુલ સાંભળતો નહીં. અને આ સચિવોએ તેમના સ્વામિનું રાજ્ય અતિ ઉન્નતિથી શોભાવ્યું અને ગજસેનાઓ અને ઘોડાનાં યુથો તેના મહેલનાં આંગણાંમાં બંધાવ્યાં.

(શ્લો. ૨૯) આ બન્ને સચિવો સહિત તે રાજા ઘુંટણ સુધી લાંબા બે હાથથી શ્રીને સુખથી એટલે સહેલાઇથી ભેટે છે, એમ મને લાગે છે.

(શ્લો. ૩૦) શિવનો શ્વસુર હિમાલયનો પુત્ર ગિરિસમૂહની ટોચ અર્બુદગિરિ છે, જે મન્દાકિનીને વાદળથી ઘેરાએલા શિખરપર ધારણ કરી રહેલો હોઈ ઘટ જટાવાળા મસ્તકપર ગંગા ધારણ કરનાર શિવનું (જેનો તે સાળો છે) અનુકરણ કરે છે.

(શ્લો. ૩૧) આ પર્વત પર કોઈ સ્થળે રમ્ય લલનાઓને વિહાર કરતી જોઈને મોક્ષની આંકાક્ષાવાળાને પણ રતિ ઉત્પન્ન થાય છે, જ્યારે કોઈ સ્થાનમાં મુનિઓને માટે બાંધેલાં તીર્થ સ્થાનોની હાર જોઈ અસ્થિર મનના માણસને પણ જગતથી વિરક્તિ પ્રાપ્ત થાય છે.

(શ્લો. ૩૨) શ્રેયને લઈને શ્રેષ્ઠ વસિષ્ઠના હોમના અગ્નિ કુંડમાંથી મૃતંડના પુત્ર-સૂર્ય-થી અધિક જ્યોતિવાળો પુરુષ પ્રકટ થયો. તે શત્રુસંહારમાં આનન્દ પામશે એમ માનીને તે શ્રુતિ-જ્ઞાનીએ તેને પરમાર એવું નામ આપ્યું; તે સમયથી તેના કુળનું નામ તે પડયું.

(શ્લો. ૩૩) તે નૃપોના વંશમાં પ્રથમ શ્રીધૂમરાજ થયો. તે પૃથ્વીપર ઇન્દ્ર સરખો હતો કારણ કે ઇન્દ્રે પર્વતોને, પાંખોનું છેદન કરી, વેદનાનો અનુભવ આપ્યો હતો તેમ આ નૃપે રાજાઓને, બન્ને પક્ષ છેદી, વેદનાનું જ્ઞાન કરાવ્યું હતું.

(શ્લો. ૩૪) ધંધુક, ધ્રુવભટાદિ અરિની ગજસેનાનો પરાજય કરનાર ઉત્પન્ન થયા; તેમના કુલમાં કામદેવને જિતનાર મનોરમ ' રામદેવ ' જન્મ્યો હતો.

(શ્લો. ૩૫) પૃથ્વીથી સ્વર્ગ પર્યંત ભરેલા જેના યશઃસાગરનાં મોજાંથી ચંદ્રનાં કિરણો લેપાઈ જતાં એવા આ નૃપને યશોધવલ નામે પુત્ર જે કામદેવને વશ ન હતો તે પ્રકટ્યો અને માલવાનો સ્વામિ બલ્લાલ, ચૌલુક્ય નૃપ કુમારપાલ તરફ શત્રુભાવ રાખતો થયો છે તેમ જાણી તેણે તેનો સત્વર નાશ કર્યો.

(શ્લો. ૩૬) તેને વિશ્વમાં પ્રશંસા પામેલો, શત્રુગણનાં ગળાં છેદવામાં અપ્રતિહત અસિધારાવાળો ધારાવર્ષ પુત્ર થયો. જ્યારે તે ક્રોધથી પ્રદીપ્ત થઈ રણક્ષેત્ર પર નિશ્ચલ રહેતો ત્યારે કૈંકણનાથની પત્નીઓનાં નેત્રકમળમાંથી આંસુ પડતાં હતાં.

(શ્લો. ૩૭) ખરેખર તે અવ્યાહત બલવાળો પૃથ્વી પર ફરી અવતરેલો દશરથનો પુત્ર રામજ હતો; જે મારીચ માટે વૈરથી આ સમયમાં પણ મૃગયા ખેલવામાં આસક્ત મતિવાળો હતો.

(શ્લો. ૩૮) તેનો અનુજ પ્રહ્લાદન હતો. તેણે સામંતસિંહ સાથે રણભૂમિમાં ક્ષીણ થયેલા બળવાળા શ્રીમાન્ ગુર્જર નૃપનું દક્ષતાભરેલી તરવારથી રક્ષણ કર્યું હતું; અને દનુવંશના સર્વથી મહાન શત્રુ વિષ્ણુનું ચારિત્ર પુનઃ ભૂમિ પર ઉજ્જવળ કર્યું.

(શ્લો. ૩૯) હું નિર્ણય કરી શકતો નથી કે બ્રહ્મામાંથી ઉત્પન્ન થયેલી સરસ્વતી દેવીએ અથવા અભિલાષ પૂર્ણ કરનારી દેવોની કામધેનુએ પ્રહ્લાદનનું રૂપ ધારણ કરી પુનઃ પૃથ્વી પર જન્મ લીધેલો છે.

(શ્લો. ૪૦) ધારાવર્ષનો આ પુત્ર શ્રી સોમસિંહદેવનો જય થાઓ ! જેણે પિતાનું શૌર્ય, કાકાની વિદ્યા અને બન્નેની દાનશક્તિ પ્રાપ્ત કરેલી હતી.

(શ્લો. ૪૧) બ્રાહ્મણોના કર માફ કરીને અને શત્રુગણનો વિજય કરીને સોમસિંહ નૃપે ઇન્દુના પ્રકાશ જેવો યશ પ્રાપ્ત કર્યો; જે યશે પૃથ્વીને અજવાળતો છતાં ઇર્ષાથી મોહ પામતા શત્રુઓનાં મુખ પરથી મલીનતાનું હરણ કર્યું નહી.

(શ્લો. ૪૨) તેના પુત્ર કૃષ્ણ રાજદેવનો જય હો !; જે કૃષ્ણરાજનો પ્રતાપ અમાપ છે, અને જે યશ અને દયાથી આભૂષિત થયો હોવાથી, યશોદાથી અનુરક્ત વસુદેવના પુત્ર અને માતાથી અધિક પ્રતાપ વાળા શ્રીકૃષ્ણના સરખો લાગતો હતો.

(શ્લો. ૪૩) વળી કુળમાં, વિનયમાં વિદ્યામાં, શૌર્યમાં, નિત્યદાનમાં વસ્તુપાલ જેવો બીજો કોઈ માણસ કોઈ પણ જગ્યાએ મારા દૃષ્ટિપથમાં આવતો નથી.

(શ્લો. ૪૪) આ શ્રેષ્ઠ સચિવથી, તેની પ્રિયતમા લલિતાદેવીને, પુલોમનની પુત્રીને ઇન્દ્રથી જયન્ત પ્રાપ્ત થયો હતો તેમ, વિનયસંપન્ન જયન્તસિંહદેવ પુત્ર થયો.

(શ્લો. ૪૫) આ જૈત્રસિંહ, જેનું રૂપ કામદેવને જિતવા તલસે છે, અને જે વિનય અને જ્ઞાનથી વિમુખ બાલપણમાં પણ વિનય અને સદ્‌ગુણોનો આવિર્ભાવ કરે છે, તે કોનું હૃદય નથી આકર્ષતો ?

(શ્લો. ૪૬) શ્રી વસ્તુપાલનો પુત્ર જયન્તસિંહ–જે રૂપમાં કામદેવથી અધિક છે અને જે યાચકોને પ્રાર્થના કરતાં અધિક દાન આપે છે, તે એક કલ્પાયુષી થાઓ !

(શ્લો. ૪૭) શ્રીમાન્ તેજપાલ મંત્રિ જેનાથી ચિંતામણિ માફક પ્રજા નિશ્ચિન્ત આનન્દ કરે છે તે ચિર કાળ સત્તાનો ઉપભોગ કરો.

(શ્લો. ૪૮) ચાણક્ય, બૃહસ્પતિ, મરૂદ્વયાધિ શુક્ર આદિ બુદ્ધિધામ મંત્રિઓને પહેલાં પૃથ્વી પર વિધાતાએ આ મંત્રિ(તેજપાલ)ને ઉત્પન્ન કરવાના અભ્યાસ માટે જ ખરેખર સર્જ્યાં હતા નહીં તો તેજપાલ તેમના કરતાં અધિકતર કયાંથી હોય ?

(શ્લો. ૪૯) સમસ્ત પ્રાણીઓનો અભ્યુદય, નિવાસ, બલિએ સ્થાપેલી સ્થિતિનું પાલન કરતો, શ્રી વસ્તુપાલનો અનુજ તેજપાલ હતો. આ જોવાલાયક તેજપાલને જોઈ કામન્દકિ પોતાના ગુણગ્રામનો અધિક ખ્યાલ રાખતો નથી અને ચાણક્ય પણ પોતાની મતિ માટે વિસ્મય પમાડતો નથી. વળી મહં૦ શ્રી તેજપાલની પત્ની શ્રીમતી અનુપમ દેવીના પિતૃવંશનું વર્ણનઃ—

(શ્લો. ૫૦) પ્રાગ્વાટ અન્વયનો મુગટ, લક્ષ્મીથી ભરપૂર ચન્દ્રાવતીનો નિવાસી, જેણે ભૂમિ તલનું પ્રશંસનીય કીર્તિથી પ્રક્ષાલન કર્યું હતું તે ધીરપુરૂષ શ્રી ગાગા જન્મ્યો હતો; જેના સદા-ચારના અનુરાગથી કોણ આનન્દિત થયો નથી કે કોણે મસ્તક ડોલાવ્યું નથી કે કોનાં રોમાંચ ઉદ્દ્ભૂત થયાં નથી ?

(શ્લો. ૫૧) તેને સજ્જનોના પંથને અનુસરવાવાળો ધરણીગ નામનો પુત્ર જન્મ્યો; જેણે ગુણસંપન્ન હોઈ, પોતાના સ્વામિના હૃદયમાં હારની પેઠે સ્થાન પ્રાપ્ત કર્યું.

(શ્લો. ૫૨) તેને ત્રિભુવનમાં વિખ્યાત શિલવાળી ત્રિભુવનદેવી દયિતા હતી. આ બન્નેના દેહ જૂદા હતા પણ મન એક જ હતું.

(શ્લો. ૫૩) શીલમાં સાક્ષાત્ દક્ષની પુત્રી પાર્વતી જેવી તેમની પુત્રી અનુપમદેવીનું શ્રીતેજપાલ સાથે લગ્ન થયું હતું.

(શ્લો. ૫૪) સદાચાર રૂપી દિવ્ય કુસમ ધારતી લતા, આ અનુપમદેવી જે પોતાના કુળને નય, વિનય, વિવેક, ઔચિત્ય, દાક્ષિણ્ય, દાન આદિથી ઇન્દુ સમાન ગુણગણથી પોતાનાં સકલ કુલને પ્રકાશ આપતી હતી. તે શ્રેષ્ઠ મંત્રી તેજપાલની પત્ની થઈ.

(શ્લો. ૫૫) તેમનો પુત્ર લાવણ્યસિંહ, ઇન્દ્રિયોરૂપી દુષ્ટ અશ્વો પર અંકુશ રાખતો અનેશ મદનપ્રિય યૌવન પ્રાપ્ત કર્યો છતાં પણ ફક્ત સદ્ધર્મને રસ્તે ચાલે છે.

(શ્લો. ૫૬) શ્રીમાન્ તેજપાલના પવિત્ર પુત્ર શ્રીલુણસિંહના ગુણોની સ્તુતિ કોણ નથી કરતું ; જે લક્ષ્મીના બંધનમાં ઉત્સુક હોવા છતાં ત્રણે જગમાં કીર્તિ પૂર્ણ પ્રસારી હતી.

(શ્લો. ૫૭) ગુણરુપી ધન નિધાનથી ભરેલો આ કળશ (લૂણસિંહ) ઢકાએલો નથી, તેમ જ ખલરૂપી સર્પોથી ઘેરાએલો નથી; અને સત્પુરૂષોથી ઉપભોગ થતો હોવા છતાં હમ્મેશાં વૃદ્ધિ જ પામે છે.

(શ્લો. ૫૮) મલ્લદેવ મંત્રીને લીલુકાથી થએલો પૂર્ણસિંહ નામે પુત્ર હતો. તેને અહ્લણા-દેવીથી ગુણોના નિવાસ સરખો આબાદી ભોગવનો પેથડ નામે પુત્ર હતો.

(શ્લો. ૫૯) તેજપાલ મંત્રીની પત્ની અનુપમા હતી. લાવણ્યસિંહ તેમનો આયુષ્ય-માન પુત્ર હતો.

(શ્લો. ૬૦) તે પુત્ર અને તે પત્નીના ધર્માર્થે આ તેજપાલે અર્બુદ ગિરિપર નેમી-નાથનું પવિત્ર મંદિર બંધાવ્યું.

(શ્લો. ૬૧) પૃથ્વીપર ઇન્દુ જેવા તેજપાલ મંત્રિએ શંખ જેવા ઉજ્જવળ શિલાઓની હારથી ચંદ્ર અને કુન્દ પુષ્પોના જેવું રૂચિર, આગળ મણ્ડપવાળું, બાજુમાં ઉત્તમ જિનોના પર (બાવન) મંદિરોવાળું અને અગ્રે બલાનકવાળું તે નેમીનાથનું મંદિર બંધાવ્યું હતું.

(શ્લો. ૬૨) શ્રીમાન્ ચણ્ડપનો પુત્ર ચણ્ડપ્રસાદ હતો. તેને સોમપુત્ર હતો. તેને અશ્વ-રાજ નામે પુત્ર હતો તેને પવિત્ર આશયવાળા, જિનશાસનના ઉદ્યાનમાં ચઢતા મેઘ (વાદળ) જેવા શ્રીલૂણીગ, મંત્રિ મલ્લદેવ, શ્રીવસ્તુપાલ અને તેજપાલ નામના પુત્રો થયા.

(શ્લો. ૬૩) મંત્રીવર વસ્તુપાલને શ્રીજૈત્રસિંહ પુત્ર હતા અને તેજપાલને વિખ્યાત મતિવાળો લાવણ્યસિંહ પુત્ર હતો. આ દશ પુરુષોની હાથણીઓના સ્કંધ ઉપર વિરાજતી મૂર્તિઓ જિન દર્શન માટે જતા દિઙ્નાયકોની પ્રતિમાઓ પેઠે ચિરકાળ સુધી શોભા પામશે.

(શ્લો. ૬૪) હાથણીઓની પીઠપર મૂકાએલી મૂર્તિઓ પાછળ, આ ચૌલુક્ય નૃપ વીરધવલના અસ્પર્ધિત મિત્ર અને શ્રીવસ્તુપાલના અનુજ પ્રજ્ઞ તેજપાલે ઉપર જણાવેલાં માણસોની તેમની પત્નિઓ સહિત નિર્મળ પત્થરનાં ખત્તક પર ૧૦ (દશ) મૂર્તિઓ કરાવી.

(શ્લો. ૬૫) સકલ પ્રજા જેના પર ઉપજીવિકા ચલાવે છે તેવા વસ્તુપાલની બાજુપર, સરોવરની પાળે સફળ આમ્રવૃક્ષ જે સર્વ પ્રાણીઓનું જીવન ચલાવે છે તેવો જ, સફલ તેજપાલ દેખાય છે.

(શ્લો. ૬૬) સરોવર, કૂવા, કુઆરા, ઘટા, તડાગ, મંદિર, સત્ર આદિ ધર્મસ્થાનોની પરંપરા જે તે ભાઈ ઓએ દરેક શહેર, ગામમાં, દરેક માર્ગપર અને પર્વતના શિખરપર નવાં બાંધેલાં અથવા સમારકામ કરેલાં તેની પૃથ્વી સિવાય અન્ય કોઈ સંખ્યા જાણતું પણ નથી.

(શ્લો. ૬૭) જે સારી મતિવાળો પુરુષ શંભુના શ્વાસોચ્છ્વાસ ગણી શકે અથવા માર્કંડ મુનિની આંખના મટકારા ગણી શકે તે જ પુરુષ સર્વ કાર્યોનો ત્યાગ કરીને આ બે મંત્રઓની ધર્મસ્થાનપ્રશસ્તિની સંખ્યા પણ ગણી શકે.

(શ્લો. ૬૮) અશ્વરાજની કીર્તિ સદૈવ સર્વ દિશામાં પ્રસરો, જે અશ્વરાજની સંતતિ દાન અને ઉપકારનાં કાર્યો કેમ કરવાં તે જાણી શકે છે.

(શ્લો. ૬૯) ચણ્ડપથી આભૂષિત થએલા કુળનો ગુરૂ, નાગેન્દ્ર ગચ્છની સંપદનો ચુડામણિ, જેણે વગર યત્ને મહિમા પ્રાપ્ત કર્યો હતો તે મહેન્દ્રસુરિ હતો. તેના પછી પ્રશંસનીય સદાચારી શ્રીશાન્તિસૂરિ હતો. તેના પછી આનંદસૂરિ અને અમરસૂરિની જોડી થઈ; જેની પ્રભા ઉદય થતા ઇન્દુ અથવા સૂર્ય જેવી ઉજ્જવળ હતી.

(શ્લો. ૭૦) તેમના પછી પાપ વિશુદ્ધિ કરનાર અને જૈન શાસનના ઉદ્યાનમાં નવા વાદળ સરખો હરિભદ્રસૂરિ હતો. તેના પછી પ્રસિદ્ધ મુનિવર જે વિદ્યાના મદથી ઉન્મત્ત થએલાના રોગોને માટે સર્વોત્તમ વૈદ્ય હતો તે વિજયસેન થયો.

(શ્લો. ૭૧) તે ગુરૂની આશિષનું પાત્ર ઉદયપ્રભસૂરિ હતો. તે પ્રતિભાના સાગરનાં મૌક્તિક જેવાં સુંદર સૂક્તો શોભે છે.

(શ્લો. ૭૨) આ ધર્મસ્થાન અને ધર્મસ્થાન સ્થાપનાર આ બે જણ અર્બુદગિરિ જેટલી વૃદ્ધિ પામો.

(શ્લો. ૭૩) શ્રીસોમેશ્વરદેવ જેના ચરણનું સેવન ચુલુક્ય નૃપ કરે છે તેણે આ સુંદર, ધર્મસ્થાનની પ્રશસ્તિ રચેલી છે.

(શ્લો. ૭૪) શ્રી નેમી અને અર્બુદગિરિપરની અંબિકાના પ્રસાદથી આ પ્રશસ્તિ વસ્તુપાલના કુળને અમાપ સુખ આપો.

(પંક્તિ ૪૬) આ પ્રશસ્તિ કેલ્હણના પુત્ર, ધાન્ધલના પુત્ર, ચણ્ડેશ્વરથી કોતરાઈ છે.

(પંકિત ૪૭) વિક્રમ સંવત ૧૨૮૭, ફાલ્ગુણ, વદિ ૩ રવિવારે; અને પ્રતિષ્ઠા શ્રીનાગેન્દ્ર ગચ્છના શ્રીવિજયસેનસૂરિથી થએલી હતી.

નં० ૧૬૮

આબુગિરિના જૈન લેખો લેખ[1] નં. ૨

વિક્રમ સંવત્ ૧૨૮૭ ફાલ્ગુન વદિ ૩ રવિવાર

લેખ નં ૦૨ ની ફક્ત થોડી હકીકત એચ. એચ. વિલ્સને એશિયાટિક રિસાર્ચેઝ વૉ. ૧૬ પા. ૩૦૯ માં પ્રસિદ્ધ કરી હતી. પ્રોફેસર અબાજી વિષ્ણુ કાથવટેએ પોતાની 'કીર્તિકૌમુદી' ની આવૃત્તિમાં એપેન્ડિક્સ 'બી' માં તે સંપૂર્ણ પ્રસિદ્ધ કર્યો હતો. આશરે ૨'૧૧" પહોળી×૧'૧૦' ઉંચી જગ્યામાં લખાણ છે. અક્ષરોનું કદ ૩/૪" છે. ૧-૨ પંક્તિઓની શરૂવાતમાં તથા અંતમાં તથા ૩-૪ પંક્તિઓને અંતે, પત્થર કાપી નાંખવાથી અથવા ભાંગી જવાથી, લેખ નાશ પામ્યો છે. લીપિ નં. ૧ ના લેખના જેવી જ છે.

લેખ સંસ્કૃત ભાષામાં છે. અને પંક્તિ ૩૦ માં એક શ્લોક સિવાય આખો ગદ્યમાં છે.

લેખમાં નેમિનાથનું મંદિર બંધાવવાની સત્તાવાર હકીકત આપી છે. તેના સંબંધના ઉત્સવો તથા તેના સંરક્ષણ વિગેરે માટે નિયમો પણ તેમાં છે.

૧-૫ પંક્તિઓમાં કહ્યું છે કે, આજે રવિવારે [વિક્રમ] સંવત ૧૨૮૭ ના સામાન્ય ફાલ્ગુનનાં કૃષ્ણ પક્ષ ૩ જને દિને જ્યારે સમૃદ્ધિવાળા અણહિલપાટકમાં મહારાજાધિરાજ ભી(મદેવ) ચૌલુક્ય વંશના કમલનો રાજહંસ, અને સમસ્ત રાજાવલીથી અલંકૃત, રાજ્ય કરે છે, ... જ્યારે મહામણ્ડલેશ્વર રાજકુલ, શ્રી સોમસિંહદેવ, શ્રી વસિષ્ઠના કુંડમાંથી જન્મેલા શ્રી ધૂમરાજદેવના કુટુંબમાં જન્મેલો, રાજ્ય કરે છે" ત્યારે તેજપાલે દેઉલવાલ ગામમાં પવિત્ર અર્બુદ પર્વત ઉપર લૂણસિંહવસહિકા નામનું, પવિત્ર નેમિનાથ મંદિર બંધાવ્યું. તેને દેવકુલિકાઓથી શણગાર્યું, અને એક મહાન્ હસ્તિશાલાથી શોભાવ્યું હતું. તે મંદિર તેણે પોતાની શ્રી અનુપમદેવી અને પુત્ર લૂણસિંહના યશ અને ગુણની વૃદ્ધિ અર્થે બંધાવ્યું હતું. આ લેખમાં પણ નં. ૧ ના લેખ મુજબ તેજપાલની વંશાવલી આપી છે. તે ઉપરાંત અહિં તેનું વર્ણન આ પ્રમાણે આપ્યું છે: " મહામણ્ડલેશ્વર રાણક શ્રી વીરધવલદેવનો જે ... ...રાત્રા નામના મણ્ડલ(પ્રાંત)માં ચૌલુક્ય વંશના શ્રી લવણપ્રસાદદેવનો પુત્ર હતો, તેનો સમસ્ત મુદ્રાવ્યાપાર ઉપર કહેલા મહારાજાધિરાજ શ્રી ભીમદેવના અનુગ્રહથી તે (તેજપાલ) કરતો હતો."

આ વર્ણન ખાસ ઉપયોગી હોવાનું કારણ એ છે કે, તેમાં ભીમદેવ ૨ જા અને વાઘેલા વંશનો કેવી જાતનો સંબંધ હતો તે દેખાય છે. સોમેશ્વર દેવના વર્ણનમાં આ સંબંધ બરોબર દેખાતો નથી. લેખ ઉપરથી ચોક્કસ થાય છે કે, ભીમદેવ ૨ જો મહારાજાધિરાજ ગણાતો હતો અને લવણપ્રસાદ તથા વીરધવલ મહામણ્ડલેશ્વરની પદવી અને રાણકના ઇલ્કાબથી સંતુષ્ટ હતા. દૈવયોગે વીરધવલ રાજ્ય કરતો હતો તે પ્રાંતનું નામ છેલ્લા બે અક્ષરો– 'રાત્રા'–સિવાય નાશ પામ્યું છે, અને તે હું અટકળવા અશક્ત છું.

ચન્દ્રાવતીના પરમારો વિષે લેખમાં કહ્યું છે કે, ઇ. સ. ૧૨૩૦ માં સોમસિંહ રાજ્ય કરતો હતો, અને નં. ૧ ના લેખ ઉપરથી અનુમાન થાય છે તે મુજબ કૃષ્ણરાજ નહીં. વળી નં. ૧ ના લેખમાં પરમારની ગાથા કહી છે તે અહિં ધૂમરાજને લાગુ પાડી છે.

---

૧ એ. ઈ. વૉ. ૮ પા. ૨૦૪-૭ પ્રો. એચ. લ્યુડર્સ.

ઉપર કહ્યા મુજબ, તારીખ રવિવાર, ૩ જી માર્ચ ઇ. સ. ૧૨૩૦ ને મળતી આવે છે. લેખમાં બતાવેલાં દેવકુલિકા તથા હસ્તિશાલા, અને નં. ૧ ના લેખમાં શ્લોક ૬૧—૬૪ માં લખેલાં બાવન મંદિરો તથા તેજપાલનાં કુટુંબીઓનાં પૂતળાં માટેનો ઓરડો, એ એક જ છે.

મંદિરના બાંધકામના વર્ણન પછી વિજયસેનસૂરીએ સમર્પણ કર્યાની હકીકત આવે છે. તેની વંશાવલી પ્રથમના લેખ પ્રમાણે જ છે. હરિભદ્રસૂરિને "શ્રી આણંદસૂરિ તથા શ્રીઅમરચંદ્ર સૂરીએ पट्टालंकरणप्रभु" કહ્યો છે. આથી એમ જણાય છે કે તેનો પટ્ટાભિષેક આ બે સૂરિઓના હસ્તે થયો હશે.

ત્યાર પછીના ભાગ(પં. ૬–૯)નો આશય "અને આ મંદિર માટે નિમેલા શ્રાવક ટ્રસ્ટીઓનાં નામ નીચે પ્રમાણે છે " એ મથાળા ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે. આંહી કહ્યું છે કે, આ મંદિરમાં સ્નાન, પૂજા, વિગેરે હંમેશને માટે મહ્લદેવ, વસ્તુપાલ, અને તેજપાલ, એ ભાઈઓએ, તથા તેઓના વંશજોએ, તથા લૂણસિંહની માતા અનુપમદેવીના સર્વ પુરૂષ વંશજો તથા તેઓના વંશજોએ કરવાં. આ સ્થળે અનુપમદેવીનું કુટુમ્બ જે ચન્દ્રાવતીમાં રહેતું હતું અને પ્રાગ્વાટ જ્ઞાતિનું હતું, તેની વંશાવલી દાખલ કરી છે.

તે પછીના ભાગ(પં. ૯—૨૫)માં મંદિરના સમર્પણનો સાંવત્સરિક ઉત્સવ ઉજવવાના નિયમો આપ્યા છે. તે ઉત્સવ દેવોને પવિત્ર ચૈત્ર માસના કૃષ્ણ પક્ષ તૃતીયાને દિને શરૂ થઈને આઠ દિવસ સુધી ચાલવો જોઈએ. આ ઉત્સવમાં સ્નાન, પૂજા વિગેરે ક્રિયાઓ ચન્દ્રાવતી પ્રદેશના શ્રાવકોએ કરવાની હતી. દરેક દિવસ તે સ્થળની અમુક જ્ઞાતિ માટે મુકરર કરેલો હતો. લેખમાં આવા ઘણા શ્રાવકોનાં નામ તેઓના પિતા અને જ્ઞાતિનાં નામો સાથે આપેલાં છે. તેઓમાંના આશરે અર્ધા પ્રાગ્વાટો હતા; બાકીના ઊએસવાલ, અથવા ઓઈસવાલ, શ્રીમાલ અને થોડા ઘણા ધર્કટો હતા. તેઓનાં નિવાસસ્થાનો ઉમ્બરણીકી, સરઉલી અને કાસહૃદ,[1] બ્રહ્માણ, ધઉલી, મહાન તીર્થ મુણ્ડસ્થલ, ફીલિણિ, હુણ્ડાઉદ્રા, ડવાણી, ગડાહુડા, સાહિલવાડા નામનાં ગામડાં હતાં.

તે પછીના ભાગમાં (પં. ૨૫-૨૬) ઠરાવ્યું છે કે, નેમિનાથદેવનાં પાંચ કલ્યાણિકો,[2] દર વર્ષે મુકરર કરેલ દિવસે દેઉલવાડામાં વસતા સર્વ શ્રાવકોએ પવિત્ર અર્બુદ પર્વત ઉપર ઉજવવાં.

જેઓને મંદિરની સંભાળ રાખવાનું સોંપવામાં આવ્યું હતું તેઓનાં નામ, તે પછીના ભાગમાં (પં. ૨૬–૩૦) આપ્યાં છેઃ— આ પ્રમાણે ઠરાવ્યું છેઃ ચન્દ્રાવતીનો સ્વામિ શ્રીરાજકુલ સોમેશ્વરદેવ; તેનો પુત્ર શ્રીરાજ (કુલ) કાન્હડદેવ, અને બીજા રાજાઓ, ચન્દ્રાવતીના સ્થાનપતિ ભટ્ટારકો કવિલાસ[3] ગુગલી બ્રાહ્મણો, બધા વેપારી ટ્રસ્ટીઓ; સર્વ મનુષ્યો જેવા કે, સ્થાનપતિઓ, સાધુઓ ગુગલી બ્રાહ્મણો રાઠિયો અને બીજાઓ જેઓ અર્બુદ પર્વત ઉપરનાં અચલેશ્વર અને વસિષ્ઠનાં પવિત્ર મંદિરોમાં તથા પાડોશનાં ગામડાં જેવાંકે દેઉલવાડા, શ્રીમાતામહબુ, આબુય, ઓરાસા, ઊતરછ, સિહર, સાલ, હેઠાઉજી, આખી અને કોટડી જે સાધુ ધાંધલેશ્વરદેવનું છે, તે અને બીજાં–બધાં મળી બાર ગામડાંઓમાં નિવાસ કરી રહ્યા છે તેઓ;—વળી બાલિભાડામાં વસતા સર્વ પ્રતીહારોના વંશજ રાજપુત્રો વિગેરેએ નેમિનાથદેવનાં પવિત્ર મંદિરના ઓરડામાં એક પછી એક બેસીને દરેકે પોતાની ઇચ્છા અને આનંદ સહિત, મહં(ત) શ્રી તેજપાલ પાસેથી, આ પવિત્ર લૂણસીહવસહિકા નામના મંદિરની સંભાળનો ભાર ઉપાડી લીધો છે, તેથી તેઓના આ વચનને અનુસરીને તે સર્વે તેમ જ તેઓના વંશજો એ યાવત્ ચંદ્ર દિવાકર આ મંદિરની સંભાળ રાખવાની છે. કારણ—

---

૧ ફાર્બસની રાસમાળા પા. ૬૪ પ્રમાણે કાસહૃદ હાલનું 'કાસિદ્ર—પાલડી' અમદાવાદ પાસે આવેલું ગામ છે. જુઓ બ્યુલ્હર, એ. ઇ. વો. ૧ પા. ૨૨૯ ૨ પાંચ કલ્યાણિક—નેમિનાથ દેવનું ગર્ભમાં આવવું, જન્મ, દીક્ષા ધારણ કરવી, જ્ઞાન પ્રાપ્ત થવું અને મુક્તિ થવાની સંવત્સરીઓના દિવસો. ૩ કવિલાસ કદાચ વિશેષ નામ હોવાનો સંભવ હોય.

"(જ્યારે) ઉન્નત મનવાળાઓ આ વ્રત કરે પછી કપાલ, કમંડલ, વલ્કલ, સિત અને રકત જટા વિગેરેની શું જરૂર છે ?"

૨૬ મી પંક્તિમાં કહેલો રાજા કાન્હડદેવ એ આગલા લેખમાં બતાવેલો પરમાર કૃષ્ણરાજદેવ જ છે.

છેલ્લી પંક્તિ (૩૧)માં કહ્યું છે કે, મહારાજ કુલશ્રી સોમસિંહદેવે આ પવિત્ર લૂણસિંહવસહિકામાં એક શાસન વડે પવિત્ર નેમિનાથદેવને વાહિરહદીમાં ડવાણી ગામ તે દેવની પૂજા તથા અઙ્ગભોગ માટે આપ્યું. છેવટે લેખમાં ભવિષ્યના પરમાર વંશના રાજાઓને આ દાન યાવચ્ચંદ્ર-દિવાકરૌ રાખવા માટે સોમસિંહદેવની વિનંતી છે.

લેખમાં આપેલાં સ્થળોમાંથી નીચેનાં હું ઓળખાવી શકયો છું:—

અર્બુદ પર્વત ઉપરનું દેઉલવાડાગામ ઈન્ડિયન એટલાસમાં લે. ૨૪°૩૬ ઉત્તર; લો. ૭૨°૪૩ પૂર્વ ઉપર આવેલું દિલ્વારા છે. ઉમ્બરણીકી નકશામાં દિલ્વારાની દક્ષિણમાં—અગ્નિકોણમાં ૭ માઈલ ઉપર આવેલું ઉમ્રની છે. ધઉલી ગામ દિલ્વારાની પશ્ચિમ–નૈરૂત્ય કોણમાં ૮½ માઈલ ઉપરનું ધૌલી છે. મુણ્ડસ્થલનું મહાન્ તીર્થ કદાચ નકશામાં દિલ્વારાની અગ્નિ કોણમાં ૮½ માઈલ ઉપરનું મુર્થલ હશે. ગડાહડ ગામ નકશામાં દિલ્વારાની દક્ષિણ–નૈરુત્ય કોણમાં ૧૧ માઈલ ઉપરનું ગદર, જો ગડાર (ગડાહ)ને બદલે લખેલું માનીએ તો હોય. સાહિલવાડા એ દિલ્વારાની પશ્ચિમે વાયવ્યમાં ૮½ માઈલ ઉપર આવેલું સેલ્વારા છે. અર્બુદ પર્વતની નજીકમાં જણાવેલાં ગામોમાં, આબુય નકશામાં દિલ્વારાની અગ્નિકોણમાં ૧½ માઈલ ઉપરનું આબુ છે. ઊતરછ દિલ્વારાની ઈશાન કોણમાં ૫½ માઈલ ઉપરનું ઉત્રજ છે. હેઠઉંજી દિલ્વારાની દક્ષિણે ૨ માઈલ ઉપરનું હેતંજી છે. સિહર દિલ્વારાની ઈશાનમાં ૮ માઈલ ઉપરનું સેર છે. કોટડી કદાચ નકશામાં દિલ્વારાની પૂર્વમાં ૭ માઈલ ઉપર બતાવેલું કોત્રા હોય. સાલ કદાચ દિલ્વારાની પૂર્વ–અગ્નિ કોણમાં ૧ માઈલ પરનું સલગામ હોય. ઓરાસા દિલ્વારાની ઈશાનમાં ૩ માઈલ ઉપર ઓરિઆ નામના ગામને મળતું આવે છે. પરંતુ બન્ને એક જ છે, એમ માનવા માટે નકશામાં આપેલું નામ ખોટું છે, એમ માનવું જોઈએ.

લેખની છેલ્લી બે પંક્તિઓ, જે ઉપર કહ્યું છે તેમ પાછળથી ઉમેરી છે, તેમાં પવિત્ર કૃષ્ણ રુષિના વંશજ ન્યાયચન્દ્રસૂરિએ બે શ્લોકમાં રચેલી આબુ પર્વતની પ્રશસ્તિ, તથા કોઈ યાત્રાળુ આ મંદિરની યાત્રાએ આવ્યો હતો તેની એક ટૂંકી નોંધ આપી છે.

નં. ૩–૩૨ સુધીના નાના લેખો, જે બધા હાલ પહેલી વાર પ્રસિદ્ધ કર્યા છે, તે જૈન પદ્ધતિની નાગરી લિપિમાં અને સંસ્કૃત ભાષામાં લખેલા છે, જો કે, વિશેષ નામો ઘણાં ખરાં પ્રાકૃત રૂપમાં આવે છે. એક વાર, નં૦ ૪ માં 'ચંડપ'માં 'ડ'ને, બુહ્લરના "ઈન્ડીયન પેલીઓગ્રાફી"માં પ્લેટ ૫ કોલ. ૧૬ પં. ૨૨ માં, ભીમદેવ ૧ લાના એક લેખમાંથી આપેલો ખાસ આકાર આપ્યો છે.

अक्षरान्तर[1]

१ ओं[2] ॥ ओं नम .... [संव]त् १२८७ वर्षे लौकिकफाल्गुनवदि ३
रवौ अद्येह श्रीमदणहिलपाटके चौलुक्यकुलकमलराजहंससमस्तराजावलीसमलंकृ-
तमहाराजाधिराजश्रीभ- ....[3]

२ विजयिराज्ये त .... ।श्रीवशिष्टे[4] कुंडयजनानलोद्भूतश्रीमद्धूमराजदेव-
कुलोत्पन्नमहामंडलेश्वरराजकुलश्रीसोमसिंहदेवविजयिराज्ये तस्यैव महाराजाधिरा-
जश्रीभीमदेवस्य प्रसा[द] ....

३ रात्रामंडले श्रीचौलुक्यकुलोत्पन्नमहामंडलेश्वरराणकश्रीलवणप्रसाददेवसुतमहामंड-
लेश्वरराणकश्री वीरधवलदेवसत्कसमस्तमुद्राव्यापारिणा श्रीमदणहिलपुरवास्तव्यश्री-
प्राग्वाटज्ञातीयठ° श्रीचंड[प] ... ...[5]

४ चंडप्रसादात्मजमहं° श्रीसोमतनुजठ° श्रीआसराजभार्याठ° श्रीकुमारदेव्योः पुत्रमहं°
श्रीमल्लदेवसंघपतिमहं° श्रीवस्तुपालयोरनुजसहोदरभ्रातृमहं° श्रीतेजःपालेन स्वकीय-
भार्यामहं° श्रीअनुपमदेव्यास्तत्कुक्षि[सं] ....[6]

५ वित्रपुत्रमहं° श्रीलूणसिंहस्य च पुण्ययशोभिवृद्धये श्रीमदर्वुदाचलोपरि[7] दउलवाडा-
ग्रामे समस्तदेवकुलिकालंकृतं विशालहस्तिशालोपशोभितं श्रीलूणसिंहवसहि-
काभिधानश्रीनेमिनाथदेवचैत्यमिदं कारितं ॥ छ [॥]

६ प्रतिष्टितं[8] श्रीनागेंद्रगच्छे श्रीमहेंद्रसूरिसंताने श्रीशांतिसूरिशिष्यश्रीआणंदसू-
रिश्रीअमरचंद्रसूरिपट्टालंकरणप्रभुश्रीहरिभद्रसूरिशिष्यैः श्रीविजयसेनसूरिभिः ॥ छ ॥
अत्र च धर्म्मस्थाने कृतश्रावकगोष्ठिकानां नामा-

७ नि यथा ॥ महं° श्रीमल्लदेवमहं° श्रीवस्तुपालमहं° श्रीतेजःपालप्रभृतिभ्रातृत्रयसंतान-
परंपरया तथा महं° श्रीलूणसिंहसत्कमातृकुलपक्षे[9] श्रीचंद्रावतीवास्तव्यप्राग्वाटज्ञाती-
यठ° श्रीसावदेवसुतठ° श्रीशालिगतनुजठ°

८ श्रीसागरतनयठ° श्रीगागापुत्रठ° श्रीधरणिगभ्रातृमहं° श्रीराणिगमहं° श्रीलीलातथाठ°
श्रीधरणिगभार्याठ° श्रीतिहुणदेविकुक्षिसंभूतमहं° श्रीअनुपमदेविसहोदरभ्रातृठ°
श्रीखीम्वसीहठ° श्रीआम्वसीहठ° श्रीअदलं[10]

९ तथा महं° श्रीलीलासुतमहं° श्रीलूणसीह तथा भ्रातृठ° जगसीहठ° रत्नसिंहानां सम-
स्तकुटुम्वेनै[11] एतदीयसंतानपरंपरया च एतस्मिन्धर्म्मस्थाने सकलमपि स्नपनपूजा-
साराद्रिकं सदैव करणीयं निर्वाहणीयं च ॥ तथा ।

---

१ ઓશરીમાં ખૂણામાં ચણેલ સફેદ શિલા ઉપર છે. મી. કઝીન્સના લીસ્ટનો નં. ૧૭૪૧
२ ચિહ્નરૂપે છે ૩ પૂર્તિ કરો— श्रीभीमदेव ૪ વાંચો वशिष्ठ. ૫ પૂર્તિ કરો— श्रीचंडपसुतठ श्री—
૬ પૂર્તિ કરો— संभूतप– ૭ વાંચો श्रीमदर्बुदा ૮ વાંચો प्रतिष्ठितं ૯ પક્ષે નો प ध માંથી સુધાર્યો છે
૧૦ વાંચો श्रीखीम्बसीहठ श्रीआम्बसीह ૧૧ વાંચો कुटुम्बेन.

१० श्रीचंद्रावत्याः सत्कसमस्तमहाजनसकलजिनचैत्यगोष्टिकप्रभृतिश्रावकसमुदायं ॥
तथा उंवरणीकीसरउलीग्रामीयप्राग्वाट्ज्ञा श्रे॰ रासलउ॰ आसघर तथाज्ञा॰ माणि-
भद्रउ॰ श्रे॰ आल्हण तथाज्ञा॰ श्रे॰ देल्हणउ॰ खीम्वसी-[3]

११ ह धर्कटज्ञातीयश्रे॰ नेहाउ॰ साल्हा तथाज्ञा॰ धउलिगउ॰ आसचंद्र तथाज्ञा॰ श्रे॰ बहु
देवउ॰ सोम प्राग्वाटज्ञा॰ श्रे॰ सावडउ॰ श्रीपाल तथाज्ञा॰ श्रे॰ जींदाउ॰ पाल्हण धर्क-
टज्ञा॰ श्रे॰ पासुउ॰ साद्दा प्राग्वाटज्ञातीयपूनाउ॰ सा-

१२ ल्हा तथा श्रीमालज्ञा॰ पूनाउ॰ साल्हाप्रभृतिगोष्टिकाः । अमीभिः श्रीनेमिनाथदेवप्र-
तिष्टावर्षग्रंथियात्राष्टाहिकायां देवकीयचैत्रवदि ३ तृतीयादिनेस्नपनपूजाद्युत्सवः
कार्यः ॥ तथा कासहृदग्रामीयउएसवालज्ञा-

१३ तीयश्रे॰ सोहिउ पाल्हण तथाज्ञा॰ श्रे॰ सलखणउ॰ वालण प्राग्वाटज्ञा॰ श्रे॰ सांतुयउ॰
देल्हुय तथाज्ञा॰ श्रे॰ गोसलउ॰ आल्हा तथाज्ञा॰ श्रे॰ कोलाउ॰ आम्बा तथाज्ञा॰ श्रे॰
पासचंद्रउ॰ पूनचंद्र तथाज्ञा॰ श्रे॰ जसवीरउ॰ ज-

१४ गा तथाज्ञा॰ ब्रैह्मदेव उ॰ राल्हा श्रीमालज्ञा॰ कडुयराउ॰ कुलधरप्रभृतिगोष्टिकाः ।
अमीभिस्तथा ४ चतुर्थीदिने श्रीनेमिनाथदेवस्य द्वितीयाष्टाहिकामहोत्सवः कार्यः
तथा ब्रैह्माणवास्तव्यप्राग्वाटज्ञातीयमहाजनि॰

१५ आभिगउ॰ पूनउ ऊएसवालज्ञा मह॰ घांघाउ॰ सागर तथाज्ञा॰ मह॰ साटाउ॰ वरदेव
प्राग्वाटज्ञा॰ मह॰ पाल्हणउ॰ उदयपाल ओइसवालज्ञा॰ मह॰ आवोधनउ॰ जगसीह
श्रीमालज्ञा॰ मह॰ वीसलउ॰ पासदेव प्रा-

१६ ग्वाटज्ञा॰ मह॰ वीरदेवउ॰ अरसीह तथाज्ञा॰ श्रे॰ धणचंद्रउ॰ रामचंद्रप्रभृतिगोष्टिकाः ।
अमीभिस्तथा ५ पंचमीदिने श्रीनेमिनाथदेवस्य तृतीयाष्टाहिकामहोत्सवः कार्यः ॥
तथा धउलीग्रामीयप्राग्वाटज्ञातीयश्रे॰ सा-

१७ जणउ॰ पासवीर तथाज्ञा॰ श्रे॰ वाहडिउ॰ पूना तथाज्ञा॰ श्रे॰ जसडुयउ॰ जेगण तथा-
ज्ञातीयश्रे॰ साजनउ॰ भोला तथाज्ञा॰ शासिलउ॰ पूनुय तथाज्ञा॰ श्रे॰ राजुयउ॰ सावदेव
तथाज्ञा॰ दूगसरणउ॰ साहणीय ओइसवाल-

१८ ज्ञा॰ श्रे॰ सलखणउ॰ मह॰ जोगा तथाज्ञा॰ श्रे॰ [*]देवकुंयारउ॰ आसदेवप्रभृतिगो-
ष्टिकाः । अमीभिस्तथा ६ षष्टीदिने श्रीनेमिनाथदेवस्य चतुर्थाष्टाहिकामहोत्सवः
कार्यः ॥ तथा मुंडस्थलमहातीर्थवास्तव्यप्राग्वाटज्ञातीय-

---

१ वांचो गोष्ठिक २ वांचो संवरणीकी ३ वांचो खीम्बसी ४ वांचो गोष्ठिकाः ५ वांचो प्रतिष्ठा ६ वांचो आम्बा ७ वांचो ब्रह्मदेव ८ वांचो गोष्ठिकाः ९ वांचो ब्रह्माण १० वांचो गोष्ठिकाः, ११ वांचो गोष्ठिकाः १२ वांचो षष्ठीदिने.

१९ श्रे॰ संधीरणउ॰ गुणचंद्रपाह्मा तथा श्रे॰ सोहियउ॰ आस्वेसर तथा श्रे॰ जेजाउ॰ खांखण तथा फीलिणिग्रामवास्तव्यश्रीमालज्ञा॰ बापलगाजणप्रमुखगोष्टिको[1]: अमी-भिस्तथा सप्तमीदिने श्रीनेमिनाथदेवस्य पंचमाष्टाह्निकाम-

२० होत्सवः कार्यः ॥ तथा हंडाउद्राग्रामडबाणीग्रामवास्तव्यश्रीमालज्ञातीयश्रे॰ आम्बु[2]-यउ॰ उसरा तथाज्ञा॰ श्रे॰[*]लखमणउ॰ आसू तथाज्ञा॰ श्रे॰ आसलउ॰ जगदेव तथाज्ञा॰ श्रे॰ सूमिगउ॰ धणदेव तथाज्ञा॰ श्रे॰ जिणदेवउ॰ जाला

२१ प्राग्वाटज्ञा॰ श्रे॰ आसलउ॰ सादा श्रीमालज्ञा॰ श्रे॰ देदाउ॰ वीसल तथाज्ञा॰ श्रे॰ आसधरउ॰ आसलतथाज्ञा॰ श्रे॰ थिरदेवउ॰ वीरुय तथाज्ञा॰ श्रे॰ गुणचंद्रउ॰ देवधर तथाज्ञा॰ श्रे॰ हरियाउ॰ हेमा प्राग्वाटज्ञा॰ श्रे॰ लखमण-

२२ उ॰ कडुयाप्रभृतिगोष्टिको[3]: । अमीभिस्तथा ८ अष्टमीदिने श्रीनेमिनाथदेवस्य षष्टो[4]-ष्टाह्निकामहोत्सवः कार्यः ॥ तथा [ग] डाहडवास्तव्यप्राग्वाटज्ञातीय श्रे॰ देसलउ॰ ब्रह्मसरणु तथाज्ञा॰ जसकरउ॰ श्रे॰ धणिया तथाज्ञा॰ [*]श्रे॰

२३ वेल्हाणउ॰ आल्हा तथाज्ञा॰ श्रे॰ वालाउ॰ पद्मसीह तथाज्ञा॰ श्रे॰ आंबुयउ[6]॰ बोहडि तथाज्ञा॰ श्रे॰ बोसरिउ॰ पूनदेव तथाज्ञा॰[*] श्रे॰ वीरुयउ॰ साजणं[7] तथाज्ञा॰ श्रे॰ पाहुयउ॰ जिणदेवप्रभृतिगोष्टिको[8]: । अमीभिस्तथा ९ नवमीदिने

२४ श्रीनेमिनाथदेवस्य सप्तमाष्टाह्निकामहोत्सवः कार्यः ॥ तथा साहिलवाडावास्तव्य-ओइसवालज्ञातीय श्रे॰ देल्हाउ॰ आल्हण श्रे॰ नागदेवउ॰ आम्बदेव[9] श्रे॰ काल्हणउ॰ आसल श्रे॰ बोहिथउ॰ लाखण श्रे॰ जसदेवउ॰ बाहड श्रे॰

२५ सीलणउ॰ देल्हण श्रे॰ बहुदा श्रे॰ महधराउ॰ धणपाल श्रे॰ पूनिगउ॰ बाधा श्रे॰ गोसलउ॰ वहडाप्रभृतिगोष्टिको[10]: । अमीभिस्तथा १० दशमीदिने श्रीनेमिनाथदेवस्य अष्टमाष्टाह्निकामहोत्सवः कार्यः ॥ तथा श्रीअर्बुदो[11]परि देउलवा-

२६ डावास्तव्यसमस्तश्रावकैः । श्रीनेमिनाथदेवस्य पंचापि कल्याणिकानि यथा-दिनं प्रतिवर्षं कर्त्तव्यानि ॥ एवमियं व्यवस्था श्रीचंद्रावतीपतिराजकुलश्रीसोम-सिंहदेवेन तथा तत्पुत्रराज॰ श्रीकान्हडदेवप्रमुखकुंमरैः[12] समस्तराजलोकैस्त-

२७ था श्रीचंद्रावतीयस्थानपतिभट्टारकप्रभृतिकविलास तथा गूगुलीब्राह्मण[13]समस्तमहा-जनगोष्टिकैश्चे[14] तथा अर्बुदा[15]चलोपरि श्रीअचलेश्वरश्रीवशिष्ठ तथा संनिहिते[16]। ग्राम-देउलवाडाग्रामश्रीश्रीमातामहबुग्रामआवुयग्रामओरासाग्रामउं[17]-

---

१ વાંચો गोष्ठिकाः २ વાંચો आम्बुय ३ વાંચો गोष्ठिकाः ४ વાંચો षष्ठाष्टा ५ વાંચો पद्म. ६ વાંચો आबुय ७ વાંચો साजण (?) ८ વાંચો गोष्ठिकाः ९ વાંચો आम्र १० વાંચો गोष्ठिकाः ११ વાંચો अर्बुदो १२ વાંચો कुमारैः १३ વાંચો ब्राह्मण १४ વાંચો गोष्ठिकैश्च १५ વાંચો अर्बुदा १६ વાંચો संनिहितग्राम १७ વાંચો आबुय.

के. ८८

२८ तरछग्राम सिहरग्रापसालग्रामहेठउंजीग्रामआलीग्रामश्रीधांधलेश्वरदेवीयकोटडीप्रभृतिद्वादशग्रामेषु [1]संतिष्टमानस्थानपतितपोधनगूगुलीब्राह्मणराठियप्रभृतिसमस्तलोकैस्तथा भालिभाडाप्रभृतिग्रामेषु संतिष्ठमानश्रीप्रतीहा-

२९ रवंशीयसर्व्वराजपुत्रैश्च आत्मीयात्मीयस्वेच्छया श्रीनेमिनाथदेवस्य मंडपे समुपविश्योपविश्य महं० श्रीतेजःपालपार्श्वात् स्वीयस्वीयप्रमोदपूर्व्वकं श्रीलूणसीहवसहिकाभिधानस्यास्य धर्म्मस्थानस्य सर्व्वोपि रक्षापभारः स्वीकृतः । तदेतदा-

३० त्मीयवचनं प्रमाणीकुर्व्वभिरेतैः [2] सर्व्वैरपि तथा एतदीयसंतानपरंपरया च धर्म्मस्थानमिदमाचंद्रार्कं यावत् परिरक्षणीयं ॥ यतः ॥ किमिह कपालकमंडलुवल्कलसितरक्तपटजटापटलैः । व्रतमिदमुज्ज्वलमुन्नतमनसां प्रतिपन्ननिर्व्वहणं ॥ छ ॥

३१ तथा महाराजकुलश्रीसोमसिंहदेवेन अस्यां श्रीलूणसिंहवसहिकायां श्रीनेमिनाथदेवाय पूजांगभोगार्त्थे वाहिरहद्यां डवाणीग्रामः शासनेन प्रदत्तः ॥ स च श्रीसोमसिंहदेवाभ्यर्त्थनया प्रमारान्वयिभिराचंद्रार्कं यावत् प्रतिपाल्यैः ॥

३२ ॥ सिद्धिक्षेत्रमिति प्रसिद्धमहिमाश्रीपुंडरिको गिरिः श्रीमान् रैवतकोपि विश्वविदितः क्षेत्रं विमुक्तेरिति । नूनं क्षेत्रमिदं द्वयोरपि तयोः श्रीअर्बुदस्तत्प्रभू भेजाते कथमन्यथा सममिमं श्रीआदिनेमी स्वयं ॥ १ संसारसर्व्वस्वमिहैव मुक्तिस-

३३ ॥ र्व्वस्वमप्यत्र जिनेश दृष्टं । त्रिलोक्यामाने भवने तवास्मिन् पूर्व्वं परंच त्वयिदृष्टिपांथे ॥ २ श्रीकृष्णर्षीयश्रीनयचंद्रसूरेरिमे ॥ सं० सरवणपुत्रसं० सिंहराजसाधुसाजणसंसहसासाइदेपुत्री सुनथव प्रणमति ॥ शुभं ॥[4]

---

१ वांचो संतिष्ठमान अने ब्राह्मण. २ वांचो कुर्व्वद्भिरेतैः ३ पंक्तिने छेडे એક चिह्न छे. ४ આ पंक्तिने छेडे पंक्ति ३१ मां छे तेवुं જ चिह्न छे.

નં० ૧૬૯

આબુગિરિના જૈન લેખો[1]

લેખ નં. ૩[2]

વિક્રમ સંવત્ ૧૨૮૭ ફાગણુ સુદિ ૩ સોમવાર

નં० ૩ નો લેખ મુખ્ય મંદિરના દ્વારના ઓતરંગ પર કોતરેલો છે. તેમાં લખ્યું છે કે તેજપાલે પોતાના પુત્ર લૂણુસિંહના પુણ્ય માટે આ લૂણુવસહિકામાં પવિત્ર નેમિનાથનું આ મહાતીર્થ સોમવારે, રાજા વિક્રમનાં વર્ષ ૧૨૮૭ ના ફાગુણ (ફાલ્ગુન)ના શુકલ પક્ષના ૩ ને દિને " બંધાવ્યું. પ્રોફેસર કિલ્હૉર્નએ આ તથા નીચેની તારીખો મારે માટે કૃપા કરીને ગણી હતી; એમના કહેવા મુજબ આ તારીખ વિ. ૧૨૮૭ ગત, અને વિ. ૧૨૮૭ ચાલુ બન્ને માટે ખોટી છે. વિ. ૧૨૮૭ ગત માટે શુક્રવાર, ૭ મી ફેબ્રુવારી ઈ. સ. ૧૨૩૧ અને વિ. ૧૨૮૭ ચાલુ માટે રવિવાર, ૧૭ મી ફે વારી ઈ. સ. ૧૨૩૦ સાથે તે તારીખ મળતી આવે છે.

अक्षरान्तर

१ ओं[3] ॥ नृपमिक्रमसंवत् १२८७ वर्षे फागुणसुदि ३ सोमे अद्येह श्रीअर्वुदाचले श्रीमदणहिलपु-

२ रवास्त° प्राग्वाटज्ञातीयश्रीचंडपश्रीचंडप्रसादमहं° श्रीसोमान्वये महं° श्रीआसरासु- तमहं° मालदेव

३ वमहं° श्रीवस्तुपालयोरनुजभ्रातृमहं° श्रीतेजपालेन स्वकीयभार्यामहं° श्रीअनुपमदे- विकुक्षि-

४ संभूतसुतमहं° श्रीलूणसीहपुण्यार्थं अस्यां श्रीलूणवसहिकायां श्रीनेमिनाथमहातीर्थं कारितं ॥ छ ॥ छ ॥

---

૧ મુખ્ય મંદિરના દરવાજાના બારશાખ ઉપર મી. કઝીન્સના લીસ્ટ નં. ૧૭૪૨. ૨ એ. ઇ. વો. ૮ પા. ૨૩૩ પ્રો. એચ. લ્યુડર્સ ૩ ચિન્હરૂપે દર્શાવેલ છે. ૪ વાંચો [illegible].

નં० ૧૭૦

ભીમદેવ ૨ જાનું દાનપત્ર[1]

વિક્રમ સંવત ૧૨૮૭ આષાઢ સુદ ૮ શુક્રવાર

अक्षरान्तर

पतरूं पहेलुं

१ ০। । स्वस्ति राजावलीपूर्व्ववत्समस्तराजावलीविराजितमहाराजाधिराजपरमेश्वर-परमभट्टारकचौलुक्यकु-

२ लकमलविकासनैकमार्तंडश्रीमूलराजदेवपादानुध्यातमहाराजाधिराजश्रीचामुंडराजदे-वपादानु-

३ ध्यातमहाराजाधिराजश्रीवल्लभराजदेवपादानुध्यातमहाराजाधिराजश्रीदुर्ल्लभराजदेव-पादानुध्यातम-

४ हाराजाधिराजश्रीभीमदेवपादानुध्यातमहाराजाधिराजत्रैलोक्यमल्लश्रीकर्ण्णदेवपादा-नुध्यातमहा-

५ राजाधिराजपरमेश्वरपरमपरमभट्टारकावंतीनाथत्रिभुवनगंडवर्व्वरकजिष्णुसिद्धचक्रव-र्त्तिश्रीज-†

६ यसिंहदेवपादानुध्यातमहाराजाधिराजपरमेश्वरपरमभट्टारकस्वभुजाविक्रमरणांगण-विनिर्ज्जित-

७ शाकंभ[री]भूपाक श्रीकुमारपालदेवपादानुध्यातपरमेश्वरपरमभट्टारकमहाराजाधि-राजपरपमाहे-

८ श्वरहेलाकरदीकृतसपादलक्षक्ष्मापाल श्रीअजयपालदेवपादानुध्यातमहाराजाधिरा-जाहवपराभूत-

९ दुर्ज्जयगर्ज्जनकाधिराजश्रीमूलराजदेवपादानुध्यातमहाजाधिराजपरमेश्वरपरम-भट्टारकाभि-

१० नवसिद्धराजसप्तमचक्रवर्तिश्रीमद्भीमदेवः स्वभुज्यमानवर्द्धिपथकांतवर्त्तिनः समस्त-राजपुरुषान्

११ ब्राह्मणोत्तरांस्तन्नियुक्ताधिकारिणो जनपदांश्च बोधयत्यस्तु वः संविदितं यथा ॥ श्रीमत्विक्रमादित्योत्पा-

---

१ ઈ. એ. વો. ૬ પા. ૨૦૧ પતરાંનું માપ–૧૪"×૧૫." લીપિ–જૈન દેવનાગરી. સ્થિતિ–ઘણી જ નાશ પામેલી છે. † પં. ૫ भट्टारक પહેલાં એક परम ભૂસી નાંખો.

१२ वितसंवत्सरशतेषु द्वादशसु सप्ताशीत्युत्तरेषु आषाढमासीयशुक्लाष्टम्यां शुक्रवारे-
ऽत्रांकतोऽपि सं-

१३ वत् १२८७ वर्षे आषाढशुदि ८ शुक्रेऽस्यां संवत्सरमासपक्षवारपूर्व्विकायां तिथा-
वद्येह श्रीमदणहिल-

१४ पाटके स्नात्वा चराचरगुरुं भगवंतं भवानीपतिमभ्यर्च्च्य संसारासारतां विचिंत्य
नलिनीदलगतजल-

१५ लवतरलतरं प्राणितव्यमाकलिज्य ऐहिकामुष्मिकं फलमंगीकृत्य पित्रोरात्मनश्च
पुण्ययशोऽभि-

१६ वृद्धये देवाऊग्राम- स्वसीमापर्यंत सवृक्षमालाकुलकाष्ठतृणोदकोपेत सहिरण्य-
भागभो-

१७ गसदंडो दशापराधसर्व्वादायसमेतो नवनिधानसहित पूर्व्वप्रदत्तदेवदायब्रह्म-
दायवर्ज्जं तथा ... .

१८ मानपत्रकु ... . तिपत्रभराप्रति द्र १ दाणीयां पलश तथा मूलमं-
डिस्यां ... का .... प्रति द्र १ तथा

१९ मूलगंडी .... प्रति द्र १ भाट्टयकं प्रति द्र० ॥ दाणीयां पत्रशतं० ॥
उष्ट्रभरा प्रतिद्र १ दाणीयां पत्र-

२० शत १ मूली .... भरा प्रति द्र १ दाणीयां पत्रशत १ जलद्भरा प्रति
द्र १ दाणीयां पत्रशत १ एवमेत-

२१ त् सलखणपुरे सोलुं० राणा० आनाऊ लूणापसाकेन कारितश्री आनलेश्वर देव-
श्रीसलखणेश्वरदे-

२२ वयोर्नित्यनैमित्तिकादिपूजार्थं तथा सत्रागारे ब्राह्मणानां भोजनार्थं च मंडल्यां
श्रीमूलेश्वरदेवम-

२३ ठेत्यस्थानपतिवेदगर्भराशये शासनोदकपूर्व्वमस्माभिः प्रदत्तं ॥ ग्रामस्यास्याघाटा
यथा ॥ पूर्व्वस्यां

२४ हांसलपुरग्रामसीमायां सीमा । दक्षिणस्यां फींचडीग्रामपोद्र गृहाणां सन्निधो
संतिष्टमानग्राम-

२५ स्यास्य सीमायां तथाहानीयाणीग्रामसीमायां च सीमा ॥ पश्चिमायां मेढेराग्राम-
सीमायां सीमा ।

२६ उत्तरस्यां सूरयजग्रामसांपावाडाग्रामयोः सीमायां सीमा ॥ एवममीभिराघाटै
रुपलक्षितं ग्रा-

पं. १५ वांचो माकलय्य. पं. १६ देवाऊ संशयवाळुं छे. वांचो पर्यंतः; काष्ठ; એક दंडो भूसी नांखो
पं. १७ वांचो सर्व्वाय; सहितः पं. २४ वांचो संतिष्ठमान.

२७ ममेनमस्मद्वंश्य तन्निवासिजनपदैर्यथादीयमानं[दानी]भागप्रभृतिकं सदाज्ञाश्रवण-विधेयैर्भूत्वाऽ-

२८ मुष्मै [तपोधनाय] समुपनेतव्यं । सामान्यं चैतत् पुण्यफलं मत्वाऽस्मद्वंश-जैरन्यैरपि

२९ भाविभोक्तृभिरस्मत्प्रदत्तधर्म्मदायोऽयमनुमंतव्यः । पालनीयश्च ॥ उक्तं च भगवता व्या-

पतरूं बीजुं

१ सेन ॥ षष्ठिं वर्षसहश्राणि स्वर्गे तिष्टति भूमिदः । आच्छेत्ता चानुमंता च तान्येव नरकं ‡

२ वसेत् ॥ १ स्वदत्तां परदत्तां वा यो हरेच वसुं[धरां] स विष्टायां क्रमिर्भूत्वा पितृभिः सह मज्जति ॥ २ ।

३ वंध्याटवीष्वतोयासु शुष्ककोटरवासिनः । कृष्णसर्प्पाः प्रजायंते भूमिदानापहार-काः ।३ बहुभिर्वसु-

४ धा भुक्ता [राजभिः स]गरादिभिः । यस्य यस्य यदा भूमी तस्य तस्य तदाफलं ॥ ४ दत्वा भूमिं भाविनः पार्थिवें-

५ द्रान् भूयो भूयो याचते रामभद्रः । सामान्योऽयं दानधर्म्मो नृपाणां स्वे स्वे का पालनीयो भवद्भिः ।५।

६ लिखितमिदं शासनं कायस्थान्वयप्रसूत ठ० सातिकुमारसुत महाक्षपटलिक ठ० श्रीसोमसिंहेन ॥

७ दूतकोऽत्र महासांधि ठ० श्रीबहुदेव इति श्रीभीमदेवस्य ।

८ तथा सलखण[पुरी]वास्तव्यः वणिक्व्यहारिय ... ... प्रभृति ... लोकस्य ... ... हट्टकरण-

९ शुक्लमंडपिकाप्रौढ ... ... अरिशतपथकेषु सलखणपुरीयमठ ... वीठिकया काण ... ... सं-

१० चरतः संजातः ... ... यथा ॥ समस्तकणानाभूतचेटिय ... ... तिशुद्धपुणय ... ...

११ भूतचाऊर्यां ... ... प्रति तथा दानी ... ... द्र २ भूततैलभृत् वे .... तथा-

‡ पं. १ वांचो षष्टिं; सहस्राणि; तिष्ठति; नरके. पं. ३ विंध्या.

१२ भृतचा ... . क .... ति तथा दानेद्र ४ तथा कणचोपट भृतवाहनमध्ये ....

१३ क ४ त ... . य ॥ आजम्बा मेथि आमला बेहेडावा ....

१४ सिका ... ... दानं न ग्राह्यं ॥ तथा कणभृत ... ... ६ वरवली ...

१५ श्रीसेटप्रति द्र १२ तथा कणभृतपत्र ... ... तथा ... तभृतपत्राणि ... ...

१६ द्र १ तथा सेडसरसश्रीपथकयोः समस्त ... ...रे... वणभृतवेठीयावा ... प्रतिकू ... रा दा-

१७ ने द्र १ तथा भृतचात्रयावा ... तं प्रति तथा दाने ... तथा मांजिष्ठ । त्रपुक हिंग भारं प्रति वृद्धदाने द्र १

१८ पट्टसूत्र । हिंगुळ । प्रवालक । श्रीखंड । कर्पूर । कस्तूरी । हंगु । कुंकुम । अगुरु । त ... ...त

१९ मालपत्र । जाइफल । जाइवत्री । ळमसी । कापड । नांलिकेर । हरडां बेहेडां — — — — कन्म ॥

२० खांड । गुल । साकर । मरिच । दांत । मरुमांसि । महुवस । सवाहीं कासी .... । ताम्या । का-

२१ श्यालोह । वथलोह । साकुरुड । मीण । ज । चीत्राहल । खज्जुर । खारिक । वस्त .... [प्र]भृतिस-

२२ मसुक्तयाणकागांध्रुवमुखेन मूलेकास्येदपाटीप्रमाणेन पूर्णदानात् दानस्य धर्म्म प्रति मु-

२३ क्ति द्र १ अनया रीत्या दानं माह्यं ॥ संजातधुरादाभपट्टकस्य पथकोत्तारपरी-स्थापने पदकं प्र-

२४ ति द्र १६४ मार्गे । द्विठियकप्रातीसारक ... भिरधिकं किमपि न ग्राह्यं । राजः वीसलसत्क-

२५ कणाय ... प्रभृतचाउयावाहन १ वेडीयावाहन १ उपरितनरीत्या क्षेपायां क्षेपायां

२६ प्रसादेन भोक्तव्यं । इमां छेदपाटीं व्यतिक्रम्य यः कोऽपि वर्णसंकरं कुरुते तस्मात् छित्तिर्ग्राह्या ॥ यस्याः । स्वे ... प्रमाणेन पालनीयः भोक्तव्यं च ॥

સારાંશ

૧ પ્રસ્તાવના—(અ) વંશાવલી, જયસિંહનું વર્ણન વિક્રમ સંવત ૧૨૬૩ ના નં. ૩ પ્રમાણે છે તે સિવાય, વિક્રમ સંવત ૧૨૮૩ ના નં ૫ પ્રમાણે જ છે.

(બ) અણહિલપાટકનો ભીમદેવ ૨ વર્ધિપથકના રાજપુરુષો અને નિવાસીઓને વિક્રમ સંવત ૧૨૮૭, આષાઢ સુદિ ૮ શુક્રવારે નીચેનું દાન જાહેર કરે છે.

૨ દાન—દેવાઉ(?)[૧] ગામ તેની સીમાઃ—

(અ) પૂર્વમાં હાંસલપૂર ગામ

(બ) દક્ષિણમાં ફીંચડી અને હાનીયાની ગામો

(ક) પશ્ચિમે મેઠુરા ગામ

(ડ) ઉત્તરે સૂરયજ અને સાપાવાડા ગામો.

(ર) અને ભૂમિમાં અને પૈસામાં જૂદા જૂદા કરો (વિવિધ વેરા).

૩ દાનપાત્ર—સોલુંકી રાણા આના ઠ(કુર) લૂણપસાકે સલખણપુરમાં બાંધેલાં આનલેશ્વર અને સલખણેશ્વરના મંદિર; મન્દિરનાં પૂજાખર્ચ અને બ્રહ્મભોજનાર્થે ટ્રસ્ટી મણ્ડલીમાં મૂલેશ્વરદેવના મઠનો સ્થાનપતિ.

૪ રાજપુરુષો—લેખક અને દૂતક નં. ૫ મામાં હતા તેજ છે.

૫ અનુલેખ—(તા. ક.) અનુલેખ ઘણો ઘસાઈ ગયો છે. પણ તે સલખણપુરના વાણીઆએ આપવાના કરને લગતું વધારેનાં શાસનના ભાગવાળું છે. હું દિલગીર છું કે તેમાં જે પ્રાચીન ગુજરાતીના શબ્દો આવે છે તે સર્વનો અર્થ કરવાનાં સાધન મારી પાસે નથી.

---

૧ ક્વૉર્ટર માસ્ટર જનરલના નકશામાંથી આ ગામ મળી શકતું નથી. વિરમગામ તાલુકાના વાયવ્ય ખુણામાં હાંસલાપુર નામનું એક ગામ છે. ઉત્તરે દાનપત્રનું ગામ સૂરયજ, સૂરજ ગામ છે. નૈરૃત્યમાં પુંથર ગામ મને મળે છે જેને હું ફીંચડી સાથે સરખાવું છું.

નં૦ ૧૭૧-૧૮૫

આબુગિરિના જૈન લેખો

લેખ નં. ૪ થી ૧૮[1]

(વિક્રમ સં. ૧૨૮૮ (લેખ નં ૪ થી ૧૮)

નં૦ ૪ થી ૩૨ ના લેખો ઉપરથી જણાય છે કે પછીનાં વર્ષોમાં પણ તેજપાલે મંદિરને વધારવાનું તથા શણગારવાનું કાર્ય ચાલુ રાખ્યું હતું. આ લેખો મંદિરની ઓસરીનાં કેટલાંક ન્હાનાં ભોંયરામાંના મંદિરોનાં ઓતરંગો ઉપર કોતરેલા છે. તેમાં લખ્યું છે કે, તેજપાલે પોતાના કુટુમ્બનાં કેટલાંક માણસોના પુણ્યને અર્થે આ ન્હાનાં મંદિરો અને જીનો તથા તીર્થંકરોની મૂર્તિઓ ઉભાં કરાવ્યાં હતાં.

તેમાં આવતા ઇલ્કાબો સામાન્ય રીતે જાણવા યોગ્ય છે. ' महम्, ' ' महन्त 'નું ટૂંકું રૂપ સૌથી વધારે વપરાયું છે. તે ઇલ્કાબ તેજપાલે તથા તેનાં ઘણાં ખરાં કુટુમ્બીઓએ ધારણ કરેલો છે. પરંતુ લેખ નં૦ ૨૪ અને ૨૬-૩૧ માં આવતી વંશાવલીમાં તેજપાલના પૂર્વજો ચણ્ડપ અને ચણ્ડપ્રસાદ, તેનો પિતા અશ્વરાજ અથવા આસરાજ અને તેની માતા કુમારદેવી, એઓને ' ठ ' નો ઇલ્કાબ આપ્યો છે, જે ' ठक्कुर 'ને બદલે છે, જ્યારે ચણ્ડપ્રસાદના પુત્ર અને અશ્વરાજના પિતા સોમને દરેક વેળા ' महम ' કહેવામાં આવે છે. આથી સ્પષ્ટ જણાય છે કે આ બે ઇલ્કાબો વચ્ચે કંઇક તફાવત હોવો જોઇએ, જોકે આ તફાવત બહુ મોટો નહીં હોય, કારણકે, ચણ્ડપ અને અશ્વરાજને લેખ નં૦ ૩ થી ૮, ૧૦-૧૮, ૨૧-૨૩, અને ૩૨ માં ' महम ' પણ કહ્યા છે. લેખ નં૦ ૩૨ માં તેજપાલની બીજી સ્ત્રી સુહડાદેવીની માતા સંતોષાને ठक्कुराज्ञीનો ઇલ્કાબ આપ્યો છે. સુહડાદેવીના માતામહ અને પ્રમાતામહને ' ठ ' કહ્યા છે. લેખ નં૦ ૨૬-૨૭ અને ૩૦ ઉપરથી જણાય છે કે તેજપાલનો વડિલ બંધુ વસ્તુપાલ ' संघपति 'નો ઇલ્કાબ ધારણ કરતો હતો. " કીર્તિકૌમુદી "ના ૯ મા સર્ગ ઉપરથી જણાય છે કે તેને આ ઇલ્કાબ શત્રુંજય, રૈવતક, અને પ્રભાસનાં મોટાં તીર્થોની મહાયાત્રાની વ્યવસ્થા કરી આગેવાની લીધી હતી તે બદલ મળ્યો હતો. આ ઇલ્કાબ સર્ગ ૯ શ્લોક ૧૨ માં આવે છે. તેમાં કહ્યું છે કે; " બીજાં સર્વ જમ્યા પછી તે જમતો, જ્યારે બીજાં સર્વ યાત્રાળુઓ ભર ઉંઘમાં આવી જતાં ત્યારે તે ઉંઘતો. નિદ્રામાંથી જાગવામાં તે સૌથી પહેલો હતો. આ રીતે તેણે ' સંઘપતિ 'નું વ્રત પાળ્યું. તેજઃપાલનાં સ્ત્રી—સંબંધીઓને સાત વાર बाईનો ઇલ્કાબ લગાડ્યો છે. (લેખ નં૦ ૪,૧૧,૨૬,૨૭,૨૯-૩૧)

નં૦ ૩૨ માં તેજપાલની બીજી સ્ત્રી સુહડાદેવીનું કુટુંબ જે શાખાનું હતું તે પટ્ટનમાં મોઢ જ્ઞાતિનું હોવાનું આપ્યું છે.

જે સાધુઓની મૂર્તિઓ મૂકેલી છે તે આ છેઃ—જિન સુપાર્શ્વ, (નં૦ ૧૨), મુનિ સુવ્રત (નં૦ ૨૧), વારિસેણુ (નં૦ ૨૪), ચન્દ્રાનન (નં૦ ૨૫), શાશ્વત્ જિન ઋષભ (નં૦ ૩૦) શાશ્વત્ જિન વર્ધમાન (ન ૩૧), અને તીર્થંકરો[2] —સીમંધર સ્વામિન્ (નં૦ ૨૬) જિન યુગંધર સ્વામિન્ (નં૦ ૨૭) જિન બાહુ (નં૦ ૨૮), અને સુબાહુ (નં૦ ૨૯)

લેખ નં૦ ૪-૧૮ માં વિક્રમ સંવત્ ૧૨૮૮ છે; નં૦ ૧૯-૨૩ માં વિક્રમ સંવત ૧૨૯૦ છેઃ લેખ નં૦ ૨૪-૨૫ માં વિક્રમ સંવત્ ૧૨૯૩ ના ચૈત્ર કૃષ્ણપક્ષ ૭ ની તિથિ છે. નં૦ ૨૬-૩૧ માં વિક્રમ ૧૨૯૩ ના ચૈત્ર કૃષ્ણપક્ષ ૮ ને શુક્રવાર છે. આ વર્ષ કાર્તિકાદિ વિ. ૧૨૯૩ ગત, અને ' પૂર્ણિમાન્ત ' ચૈત્ર માટે શુક્રવાર, ૨૦ મી ફેબ્રુવારી ઇ. સ. ૧૨૩૭ ની બરોબર થાય છે. નં૦ ૩૨ માં વિક્રમ સં. ૧૨૯૭ વૈશાખ વદ ૧૪ ગુરૂવાર છે, ને કાર્તિકાદિ વિ. ૧૨૯૭ ગત અને પૂર્ણિમાન્ત વૈશાખ માટે ગુરૂવાર ૧૧ એપ્રિલ ઇ. સ. ૧૨૪૧ ના બરોબર થાય છે.

---

૧ એ. ઈ. વો ૮ પા. ૨૨૩ થી ૨૨૯ પ્રો. એચ. લ્યુડર્સ. ૨ આ ચાર તીર્થંકરોને ' વિહરમાણ ' એવું વિશેષણ લગાડ્યું છે.

अक्षरान्तर

लेख नं. ४[1]

१ ओं[2] ॥ श्रीनृपविक्रमसंवत् १२८८ वर्षे प्राग्वाटज्ञातीयश्रीचंडपश्रीचंडप्रसादमहं° श्रीसोममहं° श्रीआसरान्वये महं° श्रीमालदेवसुताबाईश्रीसदमलश्रेयो-
२ ऽर्थं महं° श्रीतेजपालेन देवकुलिका कारिता ॥ छ ॥

लेख नं. ५[4]

१ ओं[3] ॥ श्रीनृपविक्रमसंवत् १२८८ वर्षे प्राग्वाटज्ञातीयश्रीचंडपश्रीचंडप्रसादमहं° श्रीसोममहं° श्रीआसरान्वये महं° श्रीमालदेवसुतमहं° श्रीपुंनसीहीयभा-
२ र्यामहं° श्रीआल्हणदेविश्रेयोऽर्थं महं° श्रीतेजपालेन देवकुलिका कारिता ॥ छ ॥

लेख नं. ६[5]

१ ओं[3] ॥ श्रीनृपविक्रमसंवत् १२८८ वर्पे प्राग्वाटज्ञातीयश्रीचंडपश्रीचंडप्रसादमहं° श्रीसोमाम्वये[7] महं° श्रीआसरासुतमहं° श्रीमालदेवीयभार्यामहं [°*] श्रीपातूश्रे-
योऽर्थं महं श्रीतेजपालेन देवकुलि-
२ का कारिता । [।]

लेख नं. ७[8]

१ ओं[3] ॥ श्रीनृपविकमसंवत् १२८८ वर्षे प्राग्वाटज्ञातीयश्रीचंडपश्रीचंडप्रसादमहं° श्रीसोमान्वये महं° श्रीआसरासुतमहं° श्रीमालदेवीयभार्यामहं° श्रीलीलूश्रेयोऽर्थं महं° श्री-
२ तेजपालेन देवकुलिका कारिता । [।] छ ॥

लेख नं. ८[10]

१ ओं ॥ श्रीनृपविकमसंवत् १२८८ वर्षे प्राग्वाटवंशीयश्रीचंडपश्रीचंडप्रसादमहं° श्रीसोममहं° श्रीआसरामहं° श्रीमालदेवान्वये महं° श्रीपूनसीहसुतमहं° श्रीपेथड-
श्रेयाऽर्थं महं श्रीते-
२ जपालेन देवकुलिका कारिता ॥

---

